॥ मनुस्मृति. ॥

ગુજરાતી સરલાર્થ.

॥ ओ३म् ॥

॥ मनुस्मृति ॥

ગુજરાતી સરલાર્થ.

કર્તા.

શાસ્ત્રી પ્રાણશંકરાત્મજ મણિશંકર શર્મા.
મુ. ગણદેવી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
પા૦ નારણલાલ કૃષ્ણલાલ ગુપ્ત
મુકામ નાવલી તા. આણંદ

પ્રથમ આવૃત્તિ. પ્રત ૧૫૦૦

અમદાવાદ પાનકોરના નાકે મનહુર પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપી.

સંવત ૧૯૭૦ ઈ૦ સ૦ ૧૯૧૪

મુલ્ય રૂ. ૧—૮—૦

ओ३म्



શ્રીમાન પંડિત મણીશંકર શર્મા

ઉપદેશક મુંબઈ પ્રદેશ આર્ય પ્રતિનીધી સભા

ओ३म्.

અર્પણ પત્રિકા.

સંમાનનીય શિરછત્ર વૈદ્યરાજ હરિકૃષ્ણભાઈ ! નમસ્તે
મારી બાલ્યાવસ્થાથી આરંભીને આજ પર્યંત મારૂં ઐહિક
તેમજ પારલૌકિક હિત કરવા માટે વારંવાર આપે
ધૈર્યતા યુકત સદ્બોધ આપીને સુમાર્ગ દર્શાવ્યો, તેમજ
મારાં કુટુંબ પરત્વે પણ આપની તેટલીજ લાગણી
રાખી મારી સંતતીના અભ્યુદય માટે આપ હુંમેશાં
નિઃસ્વાર્થ કાળજી રાખો છો, એટલુંજ નહિં
પરંતુ મારા તરફ એક કનિષ્ઠ સહોદર
તરીકે હુંમેશાં વર્તાવ રાખો છો જેથી
હું એક આપનો લઘુ ભ્રાતા આપના
તરફની મારી પુજ્ય બુદ્ધિથી આક-
ર્ષાઈને આ મનુસ્મૃતિના સરલ
ગુજરાતી અર્થ રૂપ નિવા
પાંજલિ આપને સમર્પું
છું જે સ્વીકારી શુભા-
શિર્વાદ આપશો.
લી. ભવદીય
મણિશંકર
શર્મા

ओरेम्.

પ્રસ્તાવના.

સાંપ્રત વિદ્યાવૃદ્ધિના સમયમાં વૈદિક સિદ્ધાંન્તના ઉચ્ચતર આશય યુક્ત તથા સૃષ્ટિ નિયમાનુકૂલ ધર્મશાસ્ત્રના રહસ્યને સરલતાથી સમજવાને કોણુ સજ્જન પુરૂષ આશા નહિં રાખે? જેનાથી શારીરિક, માનસિક, આત્મિક, સામાજીક તેમજ વ્યાવહારિક ઉન્નતિ સાથે ઐહિક તથા પારલૌકિક સુખ પ્રાપ્ત થાય એવા મનુસ્મૃતિ જેવા ધર્મશાસ્ત્રના ગ્રંથનું અવલોકન કરવાને કોણુ જીજ્ઞાસુ આતૂર ન હોય ?

આવા પ્રકારની માનસિક અભિલાષા પૂર્ણ કરવા માટે સુરત જીલ્લાનું ગામ ગણુદેવીના રેહેવાસી **શ્રીમાન્ શાસ્ત્રીજી મણિશંકર પ્રાણશંકર શર્મા**એ મારા વિચારને પુષ્ટિ આપતાં મનુસ્મૃતિના ગુજરાતીમાં સરલ અર્થ કરી આપવાની આશા આપી જેથી તેમનો, તથા તંને છપાવવામા ખચ વિગેરે માટે મારા પૂજ્ય પિતાશ્રી **પટેલ કૃષ્ણદાસ મુળજીભાઈ**ની સંમતિ લેતાં તેઓએ અતિશય આનંદની સાથે શુભાશિર્વાદ પૂર્વક આજ્ઞા આપી જેથી તેમનો અત્યંત આભારી તેમજ ઋણી છું.

આ ગુજરાતી સરલાર્થમા પ્રાચીન કુલ્લુકભટ્ટાદિ મનુસ્મૃતિના ટીકાકારોનો લગભગ ઘણો આશય લઇને તથા અર્વાચીન ટીકાકારોનો પણ કોઇ કોઇ જગ્યાએ આશય લઇને તેમજ ધ્યાનમા રાખીને તથા પ્રાચીન મનુસ્મૃતિમાં કટલોએક અર્વાચીન વધારો કે જે વૈદિક સિદ્ધાન્ત તેમજ સૃષ્ટિ નિંયમ વિરુદ્ધ માલમ પડે છે ત્યાં ત્યાં યુક્તિયુક્ત (   ) આવાં ચિન્હમાં અભિપ્રાય ટાકીને વૈદિક સિદ્ધાન્ત યુકત મહર્ષિ મનુ મહારાજના આશયને સ્પષ્ટ પ્રકાશમા લાવવાનીજ ફકત ઇચ્છા રાખી છે.

જેજે શ્લોકો અર્વાચીન તથા અસંબદ્ધ જણાય છે તેતે શ્લોકો આગળ “ ” આવાં ચિન્હો કરવામાં આવ્યાં છે.

આ ભાષાન્તરમા જે કાંઈ ભૂલ સુજ્ઞ સજ્જનોને માલમ પડે તો તે કૃપા કરી પત્રદ્વારા જણાવશે તો બીજી આવૃત્તિમા બનતો ફેરફાર કરવા જેવો હશે તે કરવામા આવશે. તેમજ કેટલાંએક કારણુસર પ્રુફ સુધારવામાં જે ભૂલો રહી ગઇ છે ત પણ બીજી આવૃત્તિમાં સુધારવામાં આવશે માટે સજ્જન સભ્ય ગણ ક્ષમા કરશે.

આ પુસ્તક છપાવવાનાં કાર્યમાં મારા જેજે વડિલો તથા મિત્રોએ મને યોગ્ય મદદ તથા ઉપયોગી સલાહ આપી છે તે માટે તેઓનો આભાર માનવાની આ તકે રજા લઉં છું. ઇત્યોમ્.

ભવદીય કૃપાકાંક્ષી.

પા૦ નારણદાસ કૃષ્ણદાસ ગુપ્ત
તાલુકા આણંદ મુ. નાવલી.

ओ३म्

मनुस्मृति.

વિષયાનુક્રમણિકા.

પ્રથમોધ્યાય.

દ્વિતીયોઽધ્યાય.

તૃતીયોઽધ્યાય.

ચતુર્થોઽધ્યાય.

પંચમોઽધ્યાય.

ષષ્ઠોઽધ્યાય.

સપ્તમોધ્યાય.

અષ્ટમોઽધ્યાય.

નવમોધ્યાય.

દશમોઽધ્યાય.

એકાદશોઽધ્યાય.

દ્વાદશોઽધ્યાય.

સમાપ્ત.

॥ ओ३म् ॥

॥ तत्सत्परमात्मने नमः ॥

मनुस्मृति-गुजराती.

मनुमेकाग्रमासीनमभिगम्य महर्षयः । प्रतिपूज्य यथान्यायमिदं वचनमब्रुवन् ॥ १ ॥ भगवन्सर्ववर्णानां यथावदनुपूर्वशः । अन्तरप्रभवाणां च धर्मान्नो वक्तुमर्हसि ॥ २ ॥ त्वमेको ह्यस्य सर्वस्य विधानस्य स्वयंभुवः । अचिन्त्यस्याप्रमेयस्य कार्यतत्त्वार्थवित्प्रभो ॥३॥ स तैःपृष्टस्तथा सम्यगमितौजा महात्मभिः । प्रत्युवाचार्च्यतान् सर्वान्महर्षीञ्छ्रूयतामिति ॥ ४ ॥

એકાન્તમાં બેઠેલા મનુજીની પાસે મહર્ષિ લોકો જઈને તેમનું યથાયોગ્ય પ્રણામાદિ નિયમાનુસાર પૂજન કરીને આ વચન બોલ્યા કે—૧ હે ભગવન્ અમને સર્વ બ્રાહ્મણાદિ વર્ણ તથા વર્ણસંકરોના ધર્મોનો ક્રમપૂર્વક ઉપદેશ કરવાને આપ યોગ્ય છો-૨ કારણ કે, આ સર્વ અચિન્ત્ય, અપ્રમેય, અપૌરુષેય, પરમેશ્વર રચિત વેદ તથા તેના નિત્યકર્મ, જ્યોતિષ્ટોમાદિકાર્યને તથા જગતને સારી રીતે જાણવાવાળા તમે એકજ છો-૩ તે મહાત્માઓએ અપરિમિત ઓજસવાળા મહાત્મા મનુજીને એ પ્રમાણે જ્યારે પ્રશ્ન પૂછ્યો ત્યારે મનુજીએ તે સર્વ મહર્ષિઓનો સત્કાર કરીને કહ્યું, સાંભળો-૪

आसीदिदं तमोभूत मप्रज्ञातमलक्षणम् । अप्रतर्क्यमविज्ञेयं प्रसुप्तमिव सर्वतः ॥ ५ ॥ ततःस्वयंभूर्भगवानऽव्यक्तोव्यञ्जयन्निदम् । महाभूतादिवृत्तौजाःप्रादुरासीत्तमोनुदः ॥ ६ ॥ योसावतीन्द्रियग्राह्यः सूक्ष्मोऽव्यक्तः सनातनः । सर्वभूतमयोऽचिन्त्यः सएवस्वयमुद्बभौ ॥ ७ ॥ सोऽभिध्याय शरीरात्स्वात्सिसृक्षुर्विविधाः प्रजाः । अपएव ससर्जादौ तासु बीजमवासृजत् ॥ ८ ॥

આ કાર્યજગત્, સૃષ્ટિ રચનાની પૂર્વે મહાપ્રલય કાલમાં પ્રકાશક સૂર્યાદિ ન હોવાથી અંધકારયુકત, અજ્ઞાત લક્ષણવાળું, તર્ક તથા સંકેતથી પણ જાણવાને અયોગ્ય, ગાઢ નિદ્રામાં સુતેલાની પેઠે હતું (આ ઠેકાણે કોઇ એમ તર્ક કરે, કે મહર્ષિઓએ બ્રાહ્મણાદિ સર્વે વર્ણોના ધર્મ પૂછ્યા હતા, અને મનુજી તો પ્રલયાવસ્થાના વર્ણન પૂર્વક સૃષ્ટિની ઉત્પતિ કહેવા લાગ્યા! પરન્તુ સમાધાન એનું એટલુંજ છે, કે ત્રીજા શ્લોકમાં વેદ અને જગતના તત્ત્વને તમે સારી રીતે જાણો છો એ પ્રકારે કહેવાથી વેદઅને જગતની ઉત્પત્તિનો પ્રશ્ન પણ આવી જાય છે. ચારે વર્ણનું ક્રમશઃ વર્ણન કરવા માટે સૃષ્ટિની ઉત્પત્તિથીજ આરંભ કરવો તેજ સાંગોપાંગ ધર્મનું વર્ણન કહેવાય છે.) ૫. પ્રલયની પછી સૃષ્ટિના આરંભમાં ઉત્પત્તિ રહિત—ઇન્દ્રિયાતીત, આકૃત્યાદિથી રહિત, પ્રલય–દશાના અંધકારને નાશ કરનાર, મહત્તત્ત્વ આકાશાદિ પ્રકૃતિ પર્યંત કાર્ય કારણમાં યુક્ત બલવાળા પરમાત્મા આ પ્રત્યક્ષ કાર્યજગતને ઉત્પન્ન કરતાં પ્રાદુર્ભૂત થયા. (આ ઠેકાણે સૃષ્ટિ રચના તરફ પ્રવૃત્ત થવું, તેમજ લોકોને પોતાનું જ્ઞાન કરાવવું તેજ તેની પ્રકટતા છે; કાંઇ શરીર ધારણાદિ તાત્પર્ય નથી.) ૬. તે પરોક્ષ પરમાત્મા કે જેનાથી અધિક વા તુલ્ય કોઇ વસ્તુ નથી, ઇન્દ્રિયોથી જણાય નહિ, અવ્યક્ત, સનાતન, સર્વ ભૂતમાં વ્યાપ્ત, તેમજ અચિન્ત્ય છે, તે પોતે પ્રકટ થયા. ૭. તે પરમાત્માએ પોતાના પૃથિવ્યાદિ જગતના કારણ રૂપ શરીરથી નાના પ્રકારની પ્રજા બનાવવાની ઇચ્છા વડે સર્વેથી પ્રથમ જલતત્ત્વ ઉત્પન્ન કર્યું, અને તેમાં બીજારોપણ કર્યું. (પં. ભીમસેન શર્મા આમાંથી એવો અભિપ્રાય પણ કાઢે છે, કે સર્વેથી પ્રથમ સૂક્ષ્મ વ્યોમ સ્ત્રી શક્તિને પ્રકટ કરી અથવા આગળ સૃષ્ટિક્રમ ચલાવવાની યોગ્યતાવાળી બનાવી, અને તેમાં પુરૂષ શક્તિ રૂપ બીજને ઉત્પન્ન થવાની યોગ્યતાવાળું કરીને વાવ્યું.) ૮

तदण्डमभवद्धैमं सहस्रांशुसमप्रभम् । तस्मिञ्जज्ञे स्वयंब्रह्मा सर्वलोकपितामः ॥ ९ ॥ आपो नारा इति प्रोक्ता आपो वै नरसूनवः । ता यदस्यायनं पूर्वं तेन नारायणः स्मृतः ॥ १० ॥ यत्तत्कारणमव्यक्तं नित्यं सदसदात्मकम् । तद्विसृष्टः स पुरुषो लोके ब्रह्मेति कीर्त्यते ॥ ११ ॥ तस्मिन्नण्डेस भगवानुषित्वा परिवत्सरम् । स्वयमेवात्मनोध्यानात्तदण्डमकरोद् द्विधा ॥ १२ ॥

તે બીજ સૂર્યની સમાન તથા સુવર્ણની સમાન તેજવાળું અંડાકાર બનાવ્યું; તેમાં સર્વ લોકના પિતાના પણ પિતા પોતે પરમાત્મા પ્રકટ થયા. અર્થાત્ આ સૃષ્ટિના પ્રથમ ઉપાદાન કારણનો એક તેજસ્વી ગોળો થયો. ૯ નર એટલે પરમાત્માથી પ્રથમ 'અપ્'ઉત્પન્ન થયું છે, માટે 'આપ્' ને 'નારા' કહેવાય છે; અને તે 'નારા' પ્રથમ સ્થાન હોવાથી પરમાત્માને 'નારાયણ' કહેવામાં આવે છે. ૧૦ સંપૂર્ણ જગત્નું ઉપાદાન કારણ કે જે નેત્રાદિથી જોવામાં નથી આવતું; જે નિત્ય છે; સૂક્ષ્મબુદ્ધિથી જેની સત્તાઓ નિશ્ચય હોવાથી સત્, અને બાહ્ય સ્થૂલ ઇન્દ્રિયોથી ગ્રહણ કરવા યોગ્ય ન હોવાનાં કારણથી અસત્ રૂપ પ્રકૃતિથી પૃથક્ અર્થાત્ ઉપાદેય ઉપાદાન રૂપ કાર્ય–કારણ જડ વસ્તુથી ભિન્ન જે પરમાત્મા તેને લોકમાં 'બ્રહ્મા' એ નામ કહેવામાં આવે છે. ૧૧ તે સર્વ ઐશ્વર્યના સ્વામી બ્રહ્મા નામ પરમેશ્વરે તે અંડમાં બ્રાહ્મ દિનના પ્રમાણથી એક વર્ષ પર્યન્ત સ્થિત થઇને પોતાના ધ્યાન વડે સ્વભાવથીજ તે અંડના બે ભાગ કર્યા. ૧૨.

ताभ्यां स शकलाभ्यां च दिवंभूमिंचनिर्ममे ॥ मध्येव्योम दिशश्चाष्टावपांस्थानंचशाश्वतम् ॥ १३ ॥ उद्बबर्हात्मनश्चैव मनः सदसदात्मकम् । मनसश्चाप्यहंकारमभिमन्तारमीश्वरम् ॥ १४ ॥ महान्तमेव चात्मानं सर्वाणि त्रिगुणानि च । विषयाणां ग्रहीतॄणि शनैः पञ्चेन्द्रियाणि च ॥ १५ ॥ तेषां त्ववयवान्सूक्ष्मान्षण्णामप्यमितौजसाम् । सन्निवेश्यात्ममात्रासु सर्वभूतानिनिर्ममे ॥ १६ ॥

તે બન્ને ટુકડામાંથી દ્યુલોક અને ભૂમિ નિર્માણ કરી; તથા વચમાં આકાશ, આઠ દિશાઓ ને જલનું શાશ્વત સ્થાન અંતરિક્ષ બનાવ્યું. ૧૩ અને તે પરમાત્માએ સર્વત્ર નિરન્તર પોતામાં વ્યાપ્ત રહેલી પ્રકૃતિથી સંકલ્પ વિકલ્પાત્મક મન, અને મન રૂપ મહત્તત્વથી અભિમાની તથા સર્વ કર્મની પ્રવૃત્તિમાં સમર્થ કારણ રૂપ અહંકાર તત્વ ઉત્પન્ન કર્યું. ૧૪ પછી ક્રમે કરીને મહાન્ આત્મા; સત્વ, રજ અને તમ, તથા વિષયોને ગ્રહણ કરનારી ઇન્દ્રિયો ધીમે ધીમે ઉત્પન્ન કરી. ૧૫. અત્યંત સામર્થ્યવાળા તે છ, એટલે પાંચ ઇન્દ્રિયો તથા એક અહંકારના સૂક્ષ્મ અવયવોને પોતપોતાની માત્રામાં સંનિવેશ કરાવીને સર્વ પ્રાણીઓને બનાવ્યા. ૧૬

१६ यन्मूर्त्यवयवाःसूक्ष्मास्तस्येमान्याश्रयन्तिषट् ।तस्माच्छरीरमित्याहुस्तस्य मूर्तिंमनीषिणः ॥ १७ तदाविशन्तिभूतानि महान्तिसह

कर्मभिः । मनश्चावयवैःसूक्ष्मैः सर्वभूतकृदव्ययम् । १८ । तेषामिदं तु सप्तानां पुरुषाणांमहौजसाम् । सूक्ष्माभ्यो मूर्तिमात्राभ्यः संभवत्यव्ययाद्व्ययम् ॥ १९ ॥ आद्याद्यस्य गुणं त्वेषामवाप्नोति परः परः । योयो यावतिथश्चैषां स स तावद्गुणः स्मृतः ॥ २० ॥

સ્થૂલ પૃથિવ્યાદિ તત્ત્વોના પંચ તન્માત્રાદિ સૂક્ષ્મ તથા મહત્તત્ત્વ એ ૭ અવયવ સર્વે કાર્યના હેતુ રૂપ થઇ તે પરમાત્માના આશ્રયમાં રહે છે. એટલા માટે આ સ્થૂલ સર્વ જગત્ પરમેશ્વરનું શરીર છે, એમ વિદ્વાનો કહે છે. ૧૭. ત્યાર પછી પોત પોતાનાં કર્મો સહિત પૃથિવ્યાદિ પંચ મહાભૂત તથા સર્વનો કર્તા અને અવિનાશી મન તે જગત્ રૂપ શરીરમાં પોતપોતાના ગુણો તથા અવયવો સાથે પ્રવેશ કરે છે. ૧૮. અતુલ શકિતવાળા શરીરાશ્રિત તે સાત, એટલે કે મહત્તત્ત્વ, અહંકાર, અને પચ મહાભૂત એઓના સ્થૂલ બનવાને લાયક એવા સૂક્ષ્મ અંશોથી, તથા અવિનાશી પરમાત્માથી નાશવાન્ કાર્ય રૂપ જગત્ ઉત્પન્ન થાય છે. ૧૯. એ પંચમહાભૂતોમાંથી પૂર્વ પૂર્વના ગુણોને પર પરના મહાભૂતો પ્રાપ્ત થાય છે અર્થાત્ આકાશનો ગુણ શબ્દ તે વાયુમાં વ્યાપ્ત થાય છે; ઇત્યાદિ સર્વમાંજાણવું. તેમજ એ આકાશાદિ-જેટલા ગુણોની સંખ્યાથી યુકત હોય છે, તેટલા તેટલા ગુણવાળા તે કહેવાય છે. ૨૦.

सर्वेषां तु स नामानि कर्माणि च पृथक् पृथक् । वेदशब्देभ्यएवादौ पृथक्संस्थाश्च निर्ममे ॥२१॥ कर्मात्मनां च देवानां सोऽसृजत्प्राणिनां प्रभुः । साध्यानां च गणं सूक्ष्मं यज्ञं चैव सनातनम् ॥ २२ ॥ अग्निवायुरविभ्यस्तु त्रयं ब्रह्म सनातनम् । दुदोह यज्ञसिद्ध्यर्थमृग्यजुःसामलक्षणम् ॥ २३ ॥ कालं कालविभक्तीश्च नक्षत्राणि ग्रहांस्तथा । सरितः सागरान् शैलान् समानि विषमाणि च ॥ २४ ॥

તે પરમાત્માએ સર્વનાં જુદાં જુદાં નામો, તથા કર્મો; તેમજ તેઓની જુદી જુદી વ્યવસ્થા પ્રથમથીજ વેદ વડે નિર્માણ કરી છે. ૨૧. તે પ્રાણીઓના સ્વામી પરમાત્માએ કર્મ સ્વભાવવાળા અગ્ન્યાદિ દેવો, તથા સાધારણ અને વિશેષ મનુષ્યાદિ પ્રાણીઓના સૂક્ષ્મ સમુદાય, અને સનાતન જ્યોતિષ્ટોમાદિ યજ્ઞને રચ્યા. ૨૨ યજ્ઞાદિની સિદ્ધિને માટે ઋક્, યજુઃ, અને સામ લક્ષણ-

વાળા સનાતન ત્રણ વેદોને અગ્નિ, વાયુ, ને આદિત્યથી રચ્યા. ૨૩. પછી વર્ષમાસાદિ સમય તથા સમયનો વિભાગ, નક્ષત્રો, ગ્રહો, નદી, સમુદ્રો, પર્વતો, ઉંચી, નીચી જમીન અને સરખી પૃથ્વી રચી. ૨૪.

तपो वाचं रतिं चैव कामं च क्रोधमेव च । सृष्टिं ससर्ज चैवेमांस्स्रष्टुमिच्छन्निमाः प्रजाः ॥ २५ ॥ कर्मणां च विवेकार्थं धर्माधर्मौ व्यवेचयत् । द्वन्द्वैरयोजयच्चेमाः सुखदुःखादिभिः प्रजाः ॥२६॥ अण्व्यो मात्राविनाशिन्यो दशार्द्धानां तु याः स्मृताः । ताभिः सार्द्धमिदं सर्वं संभवत्यनु पूर्वशः ॥ २७ ॥ यं तु कर्मणि यस्मिन्स न्ययुङ्क्त प्रथमंप्रभुः । सतदेव स्वयंभेजे सृज्यमानः पुनः पुनः ॥ २८ ॥

એ પ્રજાને રચવાની ઇચ્છા કરનાર પરમાત્માએ તપ, વાણી, કામસુખ, કામભોગની ઇચ્છા, ક્રોધ, અને તેના સહયોગી એવી આ સૃષ્ટી ઉત્પન્ન કરી. ૨૫ કર્મોના વિવેકને માટે ધર્મ અને અધર્મ જણાવ્યા. તેમજ સુખ દુઃખાદિ દ્વંદ્વો વડે આ પ્રજાની યોજના કરી, ૨૬. દશમાંથી અર્ધ વિનાશવાળી એવી સૂક્ષ્મ પંચ તન્માત્રા જે કહી છે, તેની સાથે આ સર્વ જગત્ ક્રમ પૂર્વક ઉત્પન્ન થયું છે. ૨૭. તે પરમાત્માએ જે કર્મમાં જેની પ્રથમ યોજના કરી તે વારવાર જ્યારે જ્યારે ઉત્પન્ન થાય, ત્યારે પોતે પોતાની મેળેજ સ્વાભાવિક કર્મ પોત પોતાનું કર્યાજ કરે. ૨૮.

हिंस्राहिंस्रे मृदु क्रूरे धर्माधर्मावृतानृते । यद्यस्य सोऽदधात्सर्गे तत्तस्य स्वयमाविशत् ॥ २९ ॥ यथर्तुलिङ्गान्यृतवः स्वयमेवर्तुपर्यये । स्वानि स्वान्यभिपद्यन्ते तथा कर्माणि देहिनः ॥ ३० ॥ लोकानां तु विवृद्ध्यर्थं मुखबाहूरुपादतः । ब्राह्मणं क्षत्रियं वैश्यं शूद्रं च निरवर्तयत् ॥३१॥ द्विधा कृत्वात्मनोदेहमर्धेन पुरुषोऽभवत् । अर्धेन नारी तस्यां स विराजमसृजत्प्रभुः ॥ ३२ ॥

હિંસ્ર, અને અહિંસ્ર, મૃદુ, અને ક્રૂર, ધર્મ, અને અધર્મ; સત્ય, અને અસત્ય એ પૂર્વ કલ્પના અતમાં જેમાં જે પ્રવિષ્ટ હતું, તે તે સૃષ્ટિના આરંભ સમયમાં તેને ધારણ કરાવ્યું ૨૯ જેવી રીતે પાછળની ઋતુની સમાપ્તિ પછી વસન્તાદિ ઋતુઓ પોત પોતાના ઋતુ ચિન્હોને પ્રાપ્ત થાય છે, તેજ પ્રમાણે મનુષ્યાદિ પણ પોત પોતાના પૂર્વ સંચિત કર્મોને

સ્વયમેવ પ્રાપ્ત થાય છે. ૩૦. લોકોની વૃદ્ધિને માટે મુખ, બાહુ, ઉરૂ, અને પાદથી બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શૂદ્રો નિયત કર્યા (આ ઠેકાણે રૂપક અલંકારથી એક વિરાટનું વર્ણન છે.) ૩૧ તે પરમાત્માએ પોતાના જગત્ રૂપી શરીરના બે ભાગ કર્યા. તેમાં અર્ધ ભાગે કરીને પુરૂષ, અને અર્ધ ભાગે કરીને સ્ત્રી. તે ક્ષેત્ર રૂપ સ્ત્રી ભાગમાં સર્વે જગત્ રૂપ એક વિરાટ્‌ને ઉત્પન્ન કર્યો. ૩૨.

" तपस्तप्त्वासृजद्यंतु सस्वयंपुरुषोविराट् । तंमांवित्तास्य सर्वस्य स्रष्टारं द्विजसत्तमाः ॥३३॥ अहंप्रजाः सिसृक्षुस्तु तपस्तप्त्वा सुदुश्चरम्। पतीन्प्रजानामसृजं महर्षीनादितोदश ॥ ३४ ॥ मरीचिमत्र्यङ्गिरसौ पुलस्त्यंपुलहंक्रतुम् । प्रचेतसंवसिष्ठंच भृगुंनारदमेवच ॥ ३५ ॥ एतेमनूंस्तुसप्तान्यानसृजन्भूरितेजसः । देवान्देवनिकायांश्च महर्षींश्चा-मितौजसः॥ ३६॥

" હે દ્વિજ સત્તમો ? તે વિરાટ્ પુરૂષે પોતે તપ કરીને જેને ઉત્પન્ન કર્યું, તે સર્વેનો ઉત્પન્ન કરનાર મને જાણો. ૩૩ પ્રજા ઉત્પન્ન કરવાની ઇચ્છાથી મેં ઉગ્ર તપ કરીને પ્રજાઓના સ્વામી એવા દશ મહર્ષિઓને પ્રથમ ઉત્પન્ન કર્યા. ૩૪ મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, પ્રચેતસ, વસિષ્ઠ, ભૃગુ, અને નારદ. ૩૫ એ મહા સામર્થ્યવાળા દશ મહર્ષિઓએ બીજા સાત મનુ, દેવતાઓ, તથા દેવતાના સ્થાનો, અને મહાપ્રકાશવાળા બ્રહ્મર્ષિઓ ઉત્પન્ન કર્યા. ૩૬

यक्षरक्षःपिशाचांश्च गन्धर्वाप्सरसोऽसुरान् । नागान्सर्पान्सुपर्णां-श्च पितृणांश्च पृथग्गणान् ॥ ३७ ॥ विद्युतोऽशनिमेघांश्च रोहितेन्द्रधनूं-षिच। उल्कानिर्घातकेतूंश्च ज्योतींष्युच्चावचानिच ॥ ३८ ॥ किन्न-रान्वानरान्मत्स्यान्विविधांश्चविहंगमान्। पशून्मृगान्मनुष्यांश्चव्यालांश्चो भयतोदतः ॥३९॥ कृमिकीटपतङ्गांश्च यूका मक्षिकमत्कुणं । सर्वंच दंश-मशकं स्थावरंचपृथग्विधम् ॥ ४० ॥

યક્ષ, રાક્ષસ, પિશાચ, ગંધર્વ, અપ્સરાઓ, અસુરો, નાગ વાસુકી આદિ, સર્પો, સુપર્ણ, પિતૃઓના જુદા જુદા સમુદાય, ૩૭ વિદ્યુત, અશનિ કે જે વૃક્ષાદિનો નાશ કરે તે વીજળી, મેઘ, નાના પ્રકારના રંગવાળા

ઇન્દ્રધનુષ્યો, ઉલ્કા એટલે રેખાકાર નીચે પડનારી જ્યોતિ, ઉત્પાત શબ્દ, પુંછડીઆ તારાઓ અને બીજા ઉંચા નીચા તારાઓ, ૩૮ કિન્નર એટલે ઘોડાના જેવાં મુખવાળી જાતિ, વાનરો, મત્સ્યો, નાના પ્રકારના પક્ષીઓ, પશુઓ, મૃગો, મનુષ્યો તથા સિંહવ્યાઘ્રાદિકો તથા બન્ને તરફ દાંતવાળા પ્રાણીઓ, ૩૯ કૃમી, કીડાઓ, પતંગો. જૂ, માખી, માંકડ, સર્વ પ્રકારે દંશ કરનારા પ્રાણીઓ, મસીયાં તથા નાના પ્રકારના સર્વ સ્થાવરો, ૪૦

एवमेतैरिदंसर्वं मन्नियोगान्महात्मभिः । यथाकर्मतपोयोगात्सृष्टं स्थावरजङ्गमम् ॥ ४१ ॥" येषां तु यादृशं कर्म भुतानामिह कीर्तितम् तत्तथा वोभिधास्यामि क्रमयोगं च जन्मनि ॥ ४२ ॥ पशवश्च मृगाश्चैव व्यालाश्चोभयतोदतः । रक्षांसि च पिशाचाश्च मनुष्याश्चजरायुजाः ॥ ४३ ॥ अण्डजाः पक्षिणः सर्पा नक्रामत्स्याश्चकच्छपाः । यानिचैवं-प्रकाराणि स्थलजान्यौदकानिच ॥ ४४ ॥

એ પ્રમાણે એ સર્વ મહાત્માઓએ મારી યોજનાથી તથા પોત પોતાનાંકર્મ અને તપના પ્રભાવથી આ સર્વ સ્થાવર અને જંગમ રચ્યુ." ૪૧. (વિચારણીય વાત એ છે, કે પ્રથમ સૃષ્ટિના આરંભમાં સર્વ ચલાચલ જગતને પરમાત્માએ રચ્યુ, અને આ સ્થળે તો પરમાત્મા, વિરાટ્, મનુ, અને મરીચ્યાદિ એમ ચાર જગત્કર્તા થયા. વળી મરીચ્યાદિઓએ પાછા સાત મનુ ઉત્પન્ન કર્યા અને તે બધાએ મળીને સૃષ્ટિ કરી. જ્યારે ૩૩ મા શ્લોકમાં ફક્ત મનુએ સૃષ્ટિ બનાવવાનુ લખ્યુ છે. ઇત્યાદિ પરસ્પર વિરોધ હોવાથી આ નવ શ્લોકો પ્રક્ષિપ્ત સ્પષ્ટ જણાય છે. તેમજ ૩૩ મા શ્લોકની સાથે ૪૨મા શ્લોકનો સંબધ પણ ઠીક બેસે છે.)

આ જગતમાં જે પ્રાણીઓના જેવાં કર્મ પરમાત્માએ વેદોમાં કહ્યાં છે, તે વેદાનુકૂલ કર્મને તથા જન્મમાં ક્રમ યોગને પણ હું કહીશ. ૪૨ **પશુઓ, મૃગો, બન્ને બાજુ દાંતવાળા વ્યાઘ્રસિંહાદિ, રાક્ષસ, પિશાચ અને મનુષ્યો એ સર્વ જરાયુ એટલે ગર્ભથી ઉત્પન્ન થનારાં છે, માટે તે 'જરાયુજ' કહેવાય છે. ૪૩ પક્ષી, સર્પ, મગર, મત્સ્ય, કાચબા, અને બીજાં એ પ્રકારે સ્થલમાં તથા ઉદકમાં ઇંડાથી ઉત્પન્ન થનારા છે, માટે એ સર્વે અંડજ કહેવાય છે. ૪૪.**

स्वेदजं दंशमशकं यूकामक्षिकमत्कुणम् । उष्मणश्चोपजायन्ते यच्चान्यत्किंचिदीदृशम् ॥ ४५ ॥ उद्भिज्जाः स्थावराः सर्वे बीज काण्डप्ररोहिणः । ओषध्यः फलपाकान्ता बहुपुष्पफलोपगाः ॥४६॥ अपुष्पाः फलवन्तो ये ते वनस्पतयः स्मृताः । पुष्पिणः फलिनश्चैव वृक्षास्तूभयतः स्मृताः ॥ ४७ ॥ गुच्छं गुल्मं तु विविधं तथैव तृण· जातयः । बीजकाण्डरुहाण्येव प्रतानावल्ल्यएवच ॥ ४८ ॥

ડાંસ. મસીયાં, જૂ, માખી, માંકડ તથા અન્ય એ પ્રકારે ગરમીથી ઉત્પન્ન થનારાં કીડી, વીંછી, આદિ એ સર્વે 'સ્વેદજ' કહેવાય છે. ૪૫ બીજ અથવા તો ડાંખળું કાપીને જમીનમાં ઘાલવાથી ઊગવાવાળા અને બને પ્રકારના વૃક્ષાદિ સ્થાવર પૃથ્વીને ફાડીને નીકળે છે, માટે તેઓ 'ઉદ્ભિજ' કહેવાય છે. તેમાં જેને ઘણાં પુષ્પ અને ફલ આવે છે તથા ફલ પાકના અંતમાં મરી જાય છે, તે 'ઔષધિ' કહેવાય છે ૪૬ જેને પુષ્પ આવતાં નથી. અને ફક્ત ફલજ આવે છે. તે 'વનસ્પતિ' કહેવાય છે, અને જેને પુષ્પ તથા ફલ બન્ને આવે છે. તે 'વૃક્ષ' કહેવાય છે ૪૭ જડથીજ એક સાથે ઘણી વેલીઓ જેમાથી નીકળે અને વધારે વધે નહિ તે 'ગુચ્છ;' એક સાથે ઘણા અંકૂર નીકળીને અનેક પ્રકારે ઉંચે વધે તે વાંસાદિ 'ગુલ્મ' એક અંકૂરમાંથી અનેક શાખા પથરાતી ફૂટે તે 'પ્રતાન,' અને અનેક શાખાઓ વડે વૃક્ષાદિ પર ફલાય તે 'વલ્લી' કહેવાય છે. ૪૮

तमसा बहुरूपेण वेष्टिताः कर्महेतुना । अन्तःसंज्ञा भवन्त्येते सुखदुःखसमन्विताः ॥ ४९ ॥ एतदन्तास्तु गतयो ब्रह्माद्याः समुदाहृताः । घोरेऽस्मिन्भूतसंसारे नित्यं सततयायिनि ॥ ५० ॥ एवं सर्वं स सृष्ट्वेदं मां चाचिन्त्यपराक्रमः । आत्मन्यन्तर्दधेभूयः कालं कालेन पीडयन् ॥ ५१ ॥ यदा स देवो जागर्ति तदेदं चेष्टते जगत् । यदा स्वपिति शान्तात्मा तदा सर्वं निमीलति ॥ ५२ ॥

કર્મના હેતુ રૂપ અનેક પ્રકારના તમો ગુણ વડે વેષ્ટિત થયેલા તે સ્થાવર વૃક્ષાદિ સુખ દુઃખ યુક્ત અંદર જ્ઞાનવાળા હોય છે. (આ ઠેકાણે પંડિત તુલસીરામ સ્વામી એવો અભિપ્રાય કાઢે છે, કે જે પ્રકારે જલાદિ ન

મળવાથી મનુષ્યાદિ મરી જાય છે, તેજ પ્રમાણે વૃક્ષાદિ પણ મરણાદિનું દુઃખ ભોગવે છે. ૪૯. હમેશાં ચલાયમાન આ ભયંકર સંસારમાં બ્રહ્માથી લઇને સ્થાવર પર્યંતની ગતિઓ કહી. ૫૦ તે અચિન્ત્ય પરાક્રમવાળા પરમાત્મા એ પ્રમાણે સર્વ સૃષ્ટિ અને મને (એટલે મનુને) ઉત્પન્ન કરીને વારંવાર સૃષ્ટિકાલનો પ્રલયકાલ વડે વિનાશ કરીને પોતાનામાં છુપાવી લે છે. ૫૧ જ્યારે તે પ્રજાપતિ પરમાત્મા જાગે છે;. અર્થાત્ સ્વનિયમાનુસાર સૃષ્ટિ રચનાની ઇચ્છા કરે છે, ત્યારે આ સંપૂર્ણ જગત્ ચેષ્ટાયુક્ત થાય છે; અને જ્યારે નિયમાનુકૂલ સૃષ્ટિપ્રલય રૂપ નિવૃત્તિની ઇચ્છા થાય છે, ત્યારે સંપૂર્ણ જગત્ લય પામે છે. (સંપૂર્ણ જગતનુ ઉત્પન્ન થવું તથા લય પામવું એજ પરમાત્માનું જાગવું અને સુવું કહેવાય છે. વસ્તુગત્યા ચેતનસ્વરૂપ પરમાત્માને જાગવા ઊંઘવા જેવું કંઇજ નથી. ૫૨.)

तस्मिन् स्वपति तु स्वस्थे कर्मात्मानः शरीरिणः ॥ स्वकर्मभ्यो-निवर्तन्तेमनश्चग्लानिमृच्छति ॥ ५३ ॥ युगपत्तुप्रलीयन्तेयदातस्मिन्म-हात्मनि । तदायं सर्वभूतात्मा सुखं स्वपिति निर्वृतः ॥५४ ॥ तमोऽयं तु समाश्रित्य चिरं तिष्ठति सेन्द्रियः । न च स्वं कुरुते कर्म तदोत्क्रा-मतिमूर्तितः ॥ ५५ ॥ यदाणुमात्रिकोभूत्वा बीजं स्थास्नुचरिष्णुच । समाविशति संसृष्टस्तदामूर्तिंविमुञ्चति ॥५६ ॥

તે સૃષ્ટિ–કર્તા સ્વસ્થતા પૂર્વક સૂઇ જાય છે. ત્યારે પોત પોતાના કર્મ વડે લિપ્ત શરીરધારી આત્મા પોત પોતાનાં કર્મથી નિવૃત થઇ જાય છે; અને સંકલ્પ વિકલ્પ કરનારૂ મન પણ લીન થઇ જાય છે. ૫૩. જ્યારે સંપૂર્ણ જગત્ તે પરમાત્મામાં એક સાથે લીન થઇ જાય છે, ત્યારે તે સર્વ ભૂતાત્મા સુખપૂર્વક નિવૃત થઇ સૂઇ જાય છે, એમ કહેવાય છે. ૫૪. જ્યારે એ જીવાત્મા ઇન્દ્રિયો સાથે ઘણા કાલ પર્યંત તમ (સુષુપ્તિ) નો આશ્રય કરીને રહે છે, તે વખતે તે કાંઇ કર્મ કરતા નથી, તેમજ શરીર-ધારી પણ રહેતા નથી. ૫૫. જ્યારે જીવાત્મા અણુમાત્રિક એટલે લિંગ શરીરની સાથે સૂક્ષ્મ થઇને સ્થાવર જંગમ બીજ રૂપ કારણમાં પ્રવેશ કરે છે, ત્યારે પ્રાણાદિકની સાથે સંયુક્ત થઇને સ્થૂલ શરીર ધારણ કરે છે. ૫૬.

एवं स जाग्रत्स्वप्नाभ्यामिदं सर्वं चराचरम् । संजीवयति चाजस्रं प्रमापयति चाव्ययः ॥ ५७ ॥ " इदं शास्त्रं तु कृत्वासौ मामेव

स्वयंमादि : । विधिव-ग्राहयामास मरीच्यादींस्त्वहं मुनीन् ॥५८॥ " " एतद्वोऽयं भृगुः शास्त्रं श्रावयिष्यत्यशेषतः । एतद्धिमत्तोऽधिजगे सर्वमेषोऽखिलं मुनिः ॥ ५९ ॥ ततस्तथा स तेनोक्तो महर्षिर्म- नाभृगुः। तामब्रवीदृषीन्सर्वान्प्रीतात्मा श्रूयतामिति ॥ ६० ॥ "

એ પ્રમાણે તે અવિનાશી પરમાત્મા જાગૃત અને શયનથી નિરંતર આ ચરાચર જગતને ઉત્પન્ન કરે છે, અને લય કરે છે. ૫૭ "એ બ્રહ્માએ આ શાસ્ત્ર રચીને પ્રથમ મને ઉપદેશ કર્યો અને પછી મેં મરીચ્યાદિ મુનિઓને વિધિવત્ એ શાસ્ત્રનો ઉપદેશ કર્યો. ૫૮. મારી પાસેથી જે આ સર્વ શાસ્ત્રનું જ્ઞાન મેળવ્યુ છે, એવા ભૃગુ મુનિ તમને સમગ્ર શાસ્ત્ર શ્રવણ કરાવશે. ૫૯. પછી તે મનુની આજ્ઞાથી પ્રસન્નાત્મા મહર્ષિ ભૃગુએ સર્વ ઋષિ પ્રત્યે કહ્યું, કે તમે સાંભળો. ૬૦.

" स्वायंभुवस्यास्य मनोः षड्वंश्यामनवोऽपरे । सृष्टवन्तः प्रजाः स्वाः स्वा महात्मानोम तैजसः ॥६१॥ स्वारोचिषश्चौत्तमश्च तामसो- रैवतस्तथा । चाक्षुषश्च महातेजा विवस्वत्सुत एव च ॥ ६२ ॥ " " स्वायंभुवाद्याःसप्तैते मनवोभूरितेजसः। स्वेस्वे ऽन्तरेसर्वमिदमुत्पाद्या- पुश्चराच : ॥ ६३ ॥ " निमेषा दश चाष्टौ च काष्ठा त्रिंशत्तु ताः कला । त्रिंशत्कला मुहूर्तः स्यादहोरात्रं तु तावतः ॥ ६४ ॥

સ્વાયંભુવ મનુના વંશમાં આ બીજા ૭ મનુઓ છે. તે મહાતેજવાન્ આત્માઓએ પોતપોતાની સૃષ્ટિ ઉત્પન્ન કરી. ૬૧. તે મહાતેજવા ૭ મનુઓ સ્વારોચિષ, ઔત્તમ, તામસ, રૈવત, ચાક્ષુપ, અને વૈવસ્વત એ નામે કહેવાય છે. ૬૨. એ મહા સામર્થ્યવાળા સ્વાયભુવાદિ સાત મનુઓએ પોત પોતાના નામના મન્વન્તરના સમયમાં ચરાચર જગતને ઉત્પન્ન કરીને રક્ષણ કર્યું. ૬૩ " (બ્રહ્મા એ નામ પરમાત્માનું છે, જેનું વર્ણન આગળ આવી ગયું છે. હવે પરમાત્માએ તો ફકત વેદજ રચેલા છે, તો પછી પરમાત્માએ આ શાસ્ત્ર રચીને મને ઉપદેશ કર્યો એમ મનુ મહારાજ કેમ કહી શકે ? વળી કહે છે, કે એ શાસ્ત્ર મેં મરીચ્યાદિઓને ગ્રહણ કરાવ્યું; અને તે હવે ભૃગુ તમને સંભળાવશે. અહીં સુધી તો ઋષિઓ સાથે મનુનો સંવાદ ચાલે છે. એતાવતા આ શ્લોક બનાવનારે આ મનુસ્મૃતિ પણ અપૌરૂષેય

સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. વળી કહે છે, કે સ્વાયંભુવ મનુના વંશમાં બીજા ૭ મનુ થયા હતા; તેણે સૃષ્ટિ રચી અને પાળી હતી; ઇત્યાદિ ભૂતકાળના પ્રયોગથી જણાય છે, કે આ શ્લોક બનાવવાવાળાના જમાનામાં ૭ મનુઓ થઇ ગયેલા હતા. તો ૭ મન્વન્તર વીત્યા બાદ ભૃગુને ઉપદેશ કરવા સ્વાયંભુવ મનુ ક્યાંથી આવ્યા ? ઇત્યાદિ સંશય હોવાથી એ શ્લોકો પ્રક્ષિપ્ત જણાય છે.)

અઢાર નિમેષની એક કાષ્ઠા કહેવાય છે; ત્રીશ કાષ્ઠાની એક કલા કહેવાય છે; ત્રીશ કલાનું એક મુહૂર્ત કહેવાય છે; અને ત્રીશ મુહૂર્તનો એક અહોરાત્ર કહેવાય છે. (આંખની એક પલક પડે તેનું નામ નિમેષ કહેવાય છે.) ૬૪

अहोरात्रे विभजते सूर्यो मानुषदैविके । रात्रिःस्वप्नाय भूतानां चेष्टायै कर्मणामहः ॥ ६५ ॥ पित्र्ये रात्र्यहनी मासः प्रविभागस्तु पक्षयोः । कर्मचेष्टास्वहः कृष्णः शुक्लःस्वप्नाय शर्वरी ॥ ६६ ॥ दैवे-रात्र्यहनीवर्षं प्रविभागस्तयोः पुनः । अहस्तत्रोदगयनं रात्रिः स्याद्दक्षिणायनम् ॥ ६७ ॥ ब्राह्मस्य तु क्षपाहस्य यत्प्रमाणं समासतः । एकैकशो युगानां तु क्रमशस्तन्निबोधत ॥ ६८ ॥

સૂર્ય, મનુષ્ય અને દેવ સંબંધી રાત્રિ દિવસના વિભાગ કરે છે. તેમાં મનુષ્યાદિ પ્રાણીઓના શયનના વખતને રાત્રિ કહેવાય છે, અને કર્મ કરવાના સમયને દિવસ કહેવાય છે. ૬૫. એક માસ એ પિતૃઓનાં રાત્રિ દિવસ કહેવાય છે. તેના બે પક્ષમાં કૃષ્ણપક્ષનો ભાગ તે કર્મ કરવા માટે દિવસ કહેવાય છે, અને શુકલપક્ષનો ભાગ તે શયનને માટે રાત્રિ કહેવાય છે. ૬૬. મનુષ્યોનું એક વર્ષ તે દેવતાઓનો રાત્રિદિવસ કહેવાય છે. તેમાં ઉત્તરાયણ એ દેવોનો દિવસ, અને દક્ષિણાયન તે દેવોની રાત્રિ કહેવાય છે. (આ ઠેકાણે 'પિતૃલોક' શબ્દથી 'ચંદ્રલોકનુ' ગ્રહણ કરવાનું છે. અને તે સર્વ શાસ્ત્રોપનિષદનુકૂલ સિદ્ધ છે. પિતૃલોકમાં જવાના પ્રસંગની વાતમાં ઉપનિષદોમાં ચન્દ્રનું ગ્રહણ કરેલું સ્પષ્ટછે. પં. તુલસીરામસ્વામી પોતાની ટીકામાં જણાવે છે, કે પિતરોની દિન રાત્રીનું તાત્પર્ય ચન્દ્રલોકસ્થ લોકોની દિન રાત્રિ છે. ઉપનિષદોમાં પિત્ર્યગતિને ચન્દ્રલોકની ગતિ, અને દેવલોકની ગતિને સૂર્યલોકની ગતિ કહી છે. ઇત્યાદિ.) ૬૭. હવે બ્રાહ્મરાત્રિ દિવસનું, અને એક એક યુગનું પ્રમાણ ક્રમપૂર્વક કહું છું, તે જાણો અથવા સાંભળો. ૬૮

चत्वार्याहुः सहस्राणि वर्षाणां तत्कृतं युगम्। तस्य तावच्छती संध्या संध्यांशश्च तथा विधः ॥ ६९ ॥ इतरेषु ससंध्येषुससंध्यांशेषु च त्रिषु। एकापायेन वर्त्तन्ते सहस्राणि शतानि च ॥ ७० ॥ यदेतत्परिसंख्यातमादावेव चतुर्युगम्। एतद्द्वादशसाहस्रं देवानां युगमुच्यते ॥ ७१ ॥ दैविकानां युगानां तु सहस्रं परिसंख्यया। ब्राह्ममेकमहर्ज्ञेयं तावतीं रात्रिमेव च ॥ ७२ ॥

દૈવી ચાર હજાર વર્ષનો એક કૃતયુગ કે સત્યયુગ કહેવાય છે; અને તે યુગની સંધ્યા એટલે પ્રથમના સંધિના તેટલા સો એટલે ચારસો દેવ વર્ષ; અને સંધ્યાંશ એટલે યુગના પાછળના સંધિના તેટલા સો એટલે ચારસો દેવ વર્ષ મળી એકંદર ૪,૮૦૦ ચાર હજાર આઠસો દેવ-વર્ષનો એક સત્યયુગ કહેવાય છે. (મનુષ્યના ૩૬૦ વર્ષનું એક દેવવર્ષ કહેવાય છે.) ૬૯ બીજા ત્રેતા, દ્વાપર અને કલિ એ ત્રણ યુગમાં, તથા ત્રણેના સંધ્યમાં, અને સંધ્યાંશમાં હજારની તથા સોની એકેક સંખ્યા ઘટાડવાથી ત્રણે યુગનું પ્રમાણ બરોબર આવી રહે છે. જેમકે સત્યયુગનાં સંધ્યનાં અને સંધ્યાંશનાં મળીને દેવવર્ષ ૪,૮૦૦ એટલે મનુષ્યનાં ૧૭૨૮,૦૦૦ વર્ષ થાય છે. તેમાં દેવવર્ષના ચાર હજારમાંથી હજારની એક સંખ્યા, અને સંધ્ય તથા સંધ્યાંશનાં ચારસો ચારસો વર્ષમાંથી સોની એક એક સંખ્યા બાદ કરવી એટલે ત્રેતાનાં દેવવર્ષ ૩૬૦૦; અને મનુષ્યનાં વર્ષ ૧૨૯૬૦૦૦ થશે. એજ પ્રમાણે દ્વાપરનાં દેવવર્ષ ૨૪૦૦, એટલે મનુષ્યનાં વર્ષ ૮૬૪૦૦૦ થશે; અને કલિનાં દેવવર્ષ ૧૨૦૦ એટલે મનુષ્યનાં ૪૩૨૦૦૦ થશે. ૭૦ જે આ પ્રથમ ચતુર્યુગની વર્ષ-સંખ્યા બતાવી તેનો એકંદર આંકડો દેવતાનાં ૧૨૦૦૦ વર્ષ બરાબર થાય છે; અને તેનું નામ એક ‘દૈવયુગ’ કહેવાય છે. ૭૧ એવાં દૈવી સહસ્રયુગની બ્રહ્માની એક રાત્રિ, તથા એવાં દૈવી સહસ્ર યુગનો બ્રહ્માનો એક દિવસ કહેવાય છે. ૭૨

तद्वैयुगसहस्रान्तं ब्राह्मं पुण्य महर्विदुः। रात्रिं च तावतीमेव तेऽहोरात्रविदो जनाः ॥ ७३ ॥ तस्य सोहर्निशस्यान्ते प्रसुप्तः प्रतिबुध्यते। प्रतिबुद्धश्च सृजति मनः सदसदात्मकम् ॥ ७४ ॥ मनः सृष्टिं विकुरुते चोद्यमानं सिसृक्षया। आकाशं जायते तस्मात्तस्य शब्दगुणं

विदुः ॥ ७५ ॥ आकाशात्तु वि. र्वाणात्सर्वगन्धवहः शुचिः । बलवान् जायतेवायुः स वै स्पर्शगुणोमतः ॥ ७६ ॥

બ્રહ્માના અહોરાત્રને જાણનારા મનુષ્યો હજાર યુગ વડે સમાપ્તી છે જેની, તેને બ્રહ્માનો પુણ્ય દિવસ જાણે છે; અને તેટલુંજ પ્રમાણ રાત્રિનું જાણે છે. ૭૩ તે બ્રહ્મા તે દિવસના અને રાત્રિના અંતમાં સુવે છે અને જાગે છે. જાગે છે ત્યારે સદસદાત્મક મનને ઉત્પન્ન કરે છે. ૭૪ સૃષ્ટિ રચવા માટે ઉદ્યત થયેલું મન સૃષ્ટિને વિકૃત કરે છે; એટલે ઉપાદાન કારણનાં કાર્ય બનાવે છે. એ કાર્ય બનાવવામાં તે મનથી આકાશ ઉત્પન્ન થાય છે. એ આકાશનો ગુણ શબ્દ છે. ૭૫ વિકાર પામેલા આકાશથી સર્વ પ્રકારના ગંધને વહન કરનાર, શુદ્ધ, બલવાન્ વાયુ ઉત્પન્ન થાય છે. એનો ગુણ સ્પર્શ છે. ૭૬

वायोरपि विकुर्वाणाद्विरोचिष्णु तमोनुदम् । ज्योतिरुत्पद्यते भास्वत्तद्रूपगुणमुच्यते ॥ ७७ ॥ ज्योतिषश्चविकुर्वाणादापोरसगुणाः स्मृताः । अद्भ्यो गन्धगुणा भूमिरित्येषा सृष्टिरादितः ७८ यत्प्राग्द्वादशसाहस्रमुदितं दैविकं युगम् । तदेकसप्ततिगुणं मन्वन्तरमिहोच्यते ॥ ९० ॥ मन्वन्तराण्यसंख्यानि सर्गः संहार एव च । क्रीडन्निवैतत्कुरुते परमेष्ठी पुनः पुनः ॥ ८० ॥

વિકાર પામેલા વાયુથી સ્વયં પ્રકાશશીલ અંધકારનાશક, અન્ય વસ્તુને દર્શાવનાર તેજસ્વી અગ્નિ ઉત્પન્ન થાય છે. તેનો ગુણ રૂપ છે. ૭૭ વિકાર પામેલા અગ્નિથી જલ ઉત્પન્ન થાય છે. તેનો ગુણ રસ છે- એ જલથી ગંધ ગુણવાળી પૃથ્વી ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે પ્રથમ સૃષ્ટિનો ક્રમ છે. ૭૮ પ્રથમ બાર હજાર દૈવી વર્ષનો એક દેવયુગ કહ્યો છે, તેવા એકોતેર યુગનો એક મન્વન્તર કહેવાય છે. ૭૯ એવા મન્વન્તરો અસંખ્ય છે. સૃષ્ટિની ઉત્પત્તિ અને સંહાર પણ અસંખ્ય છે. એ સર્વને પ્રજાપતિ પરમાત્મા વારંવાર ક્રીડાની પેઠે અર્થાત્ વિના શ્રમે સ્વાભાવિક નિયમાનુસાર કરે છે. ૮૦

“ चतुष्पात्सकलोधर्मः सत्यंचैवकृतेयुगे । नाधर्मेणागमःकश्चिन्मनुष्यान्प्रतिवर्तते ॥ ८१ ॥ इतरेष्वागमाद्धर्मः पादशस्त्ववरोपितः । चौरिकानृतमायाभिर्धर्मश्चापैतिपादशः ॥८२॥” “अरोगाःसर्वसिद्धार्थाश्चतुर्वर्षशतायुषः । कृतेत्रेतादिषुह्येषामायुर्ह्रसतिपादशः ॥ ८३ ॥

यदोक्तमा मर्त्यानामा श्चैव कर्मणाम् । फलन्त्यनुयुगं लोके प्रभावाश्च शरीरिणाम् ॥८४॥"

"કૃતયુગમાં સંપૂર્ણ ચાર ભાગવાળો ધર્મ અને સત્ય હોય છે. તે વખતે અધર્મે વડે મનુષ્યને ધન પ્રાપ્ત થતું નથી. ૮૧ બીજા ત્રણ યુગમાં શાસ્ત્રથી એક એક પાદ ધર્મ ઘટે છે. તેમજ ચોરી, અસત્ય અને છલકપટથી એક એક પાદ ધર્મ નષ્ટ થાય છે. ૮૨ કૃતયુગમાં સર્વે મનુષ્યાદિ રોગ રહિત તથા સંપૂર્ણ અર્થની સિદ્ધિવાળા તેમજ ચારસો વર્ષની આયુવાળા હોય છે. ત્રેતાદિ ત્રણ યુગમાં ક્રમે કરીને આયુનો એક એક ભાગ ઘટે છે. ૮૩ મનુષ્યોની વેદાનુકૂલ આયુ, કર્મની અભીષ્ટ ફલ સિદ્ધિ, અને શરીરધારીઓના વિદ્યા અને બુદ્ધિ સંબંધી પ્રભાવ, એ સર્વ લોકોમાં યુગાનુકૂલ ન્યૂનાધિક ફલીભૂત થાય છે. ૮૪

"अन्येकृतयुगेधर्मास्त्रेतायांद्वापरेऽपरे । अन्येकलियुगेनृणां युगह्रासा- रूपतः ॥८५॥ तपःपरंकृतयुगे त्रेतायांज्ञानमुच्यते । द्वापरेयज्ञमेवाहुर्दानमेकंकलौयुगे ॥८६॥" सर्वस्यास्य तु सर्गस्य गुप्त्यर्थं स महाद्युतिः। मुखबाहूरुपज्जानां पृथक्कर्माण्यकल्पयत् ॥८७॥ अध्यापनमध्ययनं यजनं याजनं तथा । दानं प्रतिग्रहं चैव ब्राह्मणानामकल्पयत् ॥८८॥

યુગોની હીનતાનુસાર મનુષ્યોના કૃતયુગના ધર્મો જુદા, ત્રેતા ને દ્વાપરમાં વળી જુદા જુદા, અને કલિયુગમાં જુદા ધર્મ હોય છે. ૮૫ કૃત (સત્ય) યુગમાં તપ શ્રેષ્ઠ કહેવાય છે; ત્રેતામાં જ્ઞાન શ્રેષ્ઠ કહેવાય છે; દ્વાપરમાં યજ્ઞ શ્રેષ્ઠ કહેવાય છે; અને કલિયુગમાં દાન ઉત્તમ કહેવાય છે ૮૬. (વેદમાં કોઈ પણ જગાએ ધર્મના ચાર ભાગનું વર્ણન, અને તેમાં યુગ યુગમાં એક એક પાદનું ધર્મનું ઘટવું, વગેરે કાંઈ પણ વાત નથી. તેમજ અમુક યુગમાં આટલુ આટલું આયુષ્ય થાય છે, તેનું પણ વર્ણન નથી. વેદમાં તો '**शतं जीवेम शरदः**' તેમજ **त्र्यायुषं जमदग्नेः** એ દરેકમાં સમાન આયુ બોધક વચનો છે. તો પછી મનુ મહારાજ જેવા મહાત્મા વેદથી વિરુદ્ધ અસત્ય લખે એમ કેમ માની શકાય ? ? શું સત્ય યુગમાં ચાર પાદ ધર્મ હતો અને સત્યજ હતું ? તેમજ તપ પ્રધાન હતું તો તે વખતે દૈવી અને આસુરી સંપત્તિજ નહતી એમ મનાય ખરૂં- કે ?

ઇતિહાસ ઉપરથી તો એમ ચોખ્ખું જણાય છે, કે દરેક યુગમાં કર્મ પ્રમાણે પુણ્યાત્મા અને પાપાત્મા, દેવ અને અસુર થયાજ કરે છે. વળી મનુ મહારાજના શ્લોક ૨૬ માં "સૃષ્ટિના આરંભમાં ધર્મ, અધર્મ; સુખ દુઃખ આદિથી પ્રજાની યોજના કરી" એ વાકય સાથે તથા શ્લોક ૨૯ સાથે પણ પરસ્પર વિરોધ આવવાથી એ છ શ્લોકો મનુના નથી કિન્તુ કોઇ અન્યના પ્રક્ષિપ્ત છે. તેમજ ૮૦ શ્લોકની સાથે શ્લોક ૮૭ નો સંબંધ પણ મળતો આવતો હોવાથી એ શ્લોકો પાછળથી ઉમેરેલા સ્પષ્ટ જણાય છે.) તે મહાકાંતિવાળા પરમાત્માએ આ સર્વ સૃષ્ટિની રક્ષાને માટે મુખ, બાહુ, ઉરૂ, અને પાદસ્થાનીય બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોનાં જુદાં જુદાં કર્મોની કલ્પના કરી. અર્થાત્ વેદ દ્વારા સર્વના ભિન્ન ભિન્ન કર્મ નિયત કર્યાં. ૮૭ ભણવું ભણાવવું, યજ્ઞ કરવો ને કરાવવો, દાન આપવું અને દાન લેવું એ પ્રમાણે બ્રાહ્મણોનાં છ કર્મ કહ્યાં ૮૮

प्रजानां रक्षणं दानमिज्याध्ययनमेव च । विषयेष्वप्रसक्तिश्च क्षत्रियस्य समासतः ॥८९॥ पशूनां रक्षणं दानमिज्याध्ययनमेव च । वणिक्पथं कुसीदं च वैश्यस्य कृषिमेव च ॥९०॥ एकमेव तु शूद्रस्य प्रभुः कर्म समादिशत् । एतेषामेव वर्णानां शुश्रूषामनसूयया ॥९१॥ ऊर्ध्वं नाभेर्मेध्यतरः पुरुषः परिकीर्तितः । तस्मान्मेध्यतमं त्वस्य मुखमुक्तं स्वयंभुवा ॥९२॥

પ્રજાનું રક્ષણ કરવું, દાન આપવું, યજ્ઞ કરવા, અધ્યયન કરવું, વિષયોમાં આસક્તિ ન રાખવી એટલાં ક્ષત્રિયનાં કર્મ જાણવાં. ૮૯ પશુઓનું રક્ષણ કરવું, દાન આપવું, યજ્ઞ કરવો, અધ્યયન કરવું, વ્યાપાર કરવો વ્યાજ લેવું અને ખેતી કરવી એટલાં વૈશ્યના કર્મ કહ્યાં. ૯૦ ઇર્ષ્યા રહિત થઇને એ ત્રણે વર્ણોની સેવા કરવી એટલું એકજ કર્મ શૂદ્રનું સૃષ્ટિ કર્તા પ્રભુએ ઉપદેશ્યું છે. ૯૧ પુરૂષ નાભિથી ઉપરના ભાગમાં અતિશય પવિત્ર કહેવાય છે; તેમાં પણ સ્વયંભુ પરમાત્માએ મુખ અત્યંત ઉત્તમ કહ્યું છે ૯૨

उत्तमाङ्गोद्भवाज्ज्यैष्ठ्याद्ब्रह्मणश्चैव धारणात् । सर्वस्यैवास्य सर्गस्य धर्मतो ब्राह्मणः प्रभुः ॥९३॥ तं हि स्वयंभूः स्वादास्यात्तपस्तप्त्वादितोऽसृजत् । हव्यकव्याभिवाह्याय सर्वस्यास्य च गुप्तये ॥९४॥ यस्यास्ये

**सदाश्नन्ति हव्यानित्रिदिवौकसः । कव्यानिचैवपितरः किंभूतमधिकं-
ततः ॥ ९५ ॥ भूतानां प्राणिनः श्रेष्ठाः प्राणीनां बुद्धिजीविनः ।
बुद्धिमत्सुनराःश्रेष्ठा नरेषु ब्राह्मणाः स्मृताः ॥९६॥**

ઉત્તમાંગ હોવાથી, વિદ્યાથી, મોટાપણું હોવાથી, અને વેદ ધારણ કરવાથી આ સર્વ જગતનો ધર્મથી બ્રાહ્મણ પ્રભુ છે. ૯૩ બ્રહ્માએ તપ કરીને દેવતાના હવ્ય ભાગ તથા પિતરોના કવ્ય ભાગ પહોંચાડવાને માટે, અને ધર્મપૂર્વક સર્વની રક્ષા માટે, બ્રાહ્મણોનેજ પ્રથમ મુખથી રચ્યા. ૯૪ દેવતાઓ જેના મુખ વડે હવ્ય પદાર્થ હમેશાં ભક્ષણ કરે છે, અને પિતૃલોક હમેશા જે દ્વારાએ કવ્ય પદાર્થ પામે છે, તેનાથી અધિક પ્રતિષ્ઠાને પાત્ર બીજો કયો પ્રાણી હોઇ શકે? કોઇજ નહિ ૯૫ (પંડિત ભીમસેન શર્મા માનવધર્મ મીમાંસામાં શ્લોક ૯૪–૯૫ ને માટે પોતાનો અભિપ્રાય એવો દર્શાવે છે કે—"એજ અધ્યાયના શ્લોક ૩૧–૯૩ સાથે એ શ્લોક પુનરૂક્ત થાય છે. તેમજ અન્યના મુખથી અન્યને ભોગ મળે એ અસંભવ છે;" ઇત્યાદિ કારણોથી એ બંને શ્લોકો પ્રક્ષિપ્ત છે, એ બુદ્ધિમાનોએ વિચાર કરવો જોઇએ.) સર્વ ભૂતોમાં પ્રાણીઓ કે જે શ્વાસપ્રશ્વાસાદિ લે છે, તથા ચેષ્ટા કરે છે, તે શ્રેષ્ઠ છે, અને પશ્વાદિમાં પણ મનુષ્યો શ્રેષ્ઠ છે, ને મનુષ્યમાં પણ બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. ૯૬

**ब्राह्मणेषु च विद्वांसोविद्वत्सु कृतबुद्धयः । कृतबुद्धिषु कर्तारः
कर्तृषु ब्रह्मवेदिनः ॥९७॥ उत्पत्तिरेव विप्रस्य मूर्तिर्धर्मस्य शाश्वती ।
स हि धर्मार्थमुत्पन्नो ब्रह्मभूयाय कल्पते ॥९८॥ ब्राह्मणोजायमानोहि-
पृथिव्यामधिजायते । ईश्वरःसर्वभूतानां धर्मकोशस्य गुप्तये ॥ ९९ ॥
सर्वं स्वं ब्राह्मणस्येदं यत्किंचिज्जगतीगतम् । श्रैष्ठ्येनाभिजनेनेदं
सर्वं वै ब्राह्मणोऽर्हति ॥१००॥**

બ્રાહ્મણોમાં પણ વિદ્વાનો શ્રેષ્ઠ છે. વિદ્વાનોમાં પણ આનુભવિક બુદ્ધિવાળા શ્રેષ્ઠ છે; આનુભવિક બુદ્ધિવાળાઓમાં પણ શસ્ત્રાનુકૂલ બુદ્ધિપૂર્વક આચરણ કરનાર શ્રેષ્ઠ છે; અને તે શુભાચરણ રૂપ કર્મ કરનારાઓમાં પણ બ્રહ્મજ્ઞાની શ્રેષ્ઠ છે. ૯૭ સંસ્કારી બ્રાહ્મણનું ઉત્પન્ન થવું તેજ ધર્મની સનાતન મૂર્તિ છે. કેમકે તે ધર્મને માટેજ ઉત્પન્ન થાય છે, માટે ધર્મની છેક અન્તિમ દશાને પ્રાપ્ત થઇ મુક્ત દશાને યોગ્ય થાય છે. ૯૮ (તે ઉત્પન્ન

થનાર બ્રાહ્મણ પૃથ્વીમાં સર્વોપરિ કહેવાય છે. (આ ઠેકાણે ગુણકર્મ સ્વભાવયુક્ત વિદ્યાસંપન્ન બ્રાહ્મણનું તાત્પર્ય છે, એમ સમજવું. પરન્તુ કેવલ બ્રહ્મ યોનિમાં ઉત્પન્ન માત્રનું તાત્પર્ય નથી.) તેમજ સર્વ પ્રાણીઓના ધર્મ રૂપ ભંડાર એટલે વેદની રક્ષા માટે તે પ્રભુ છે—પૂજ્ય છે. ૯૯ જે કાંઇ કાંઇ જગતમાં ધનાદિ પદાર્થો છે, તે સર્વ બ્રાહ્મણનાજ છે; કારણ કે સર્વ કરતાં શ્રેષ્ઠ અને શુદ્ધ ઉત્પત્તિ હોવાથી એ સર્વ જગતની વસ્તુને બ્રાહ્મણ યોગ્ય છે. ૧૦૦

स्वमेव ब्राह्मणो भुङ्क्ते स्वं वस्ते स्वं ददाति च । आनृशंस्याद्ब्राह्मणस्य भुञ्जते हीतरे जनाः ॥ १०१ ॥ " तस्यकर्म विवेकार्थं शेषाणामनुपूर्वशः । स्वायंभुवोमनुर्धीमानिदंशास्त्रमकल्पयत् ॥ १०२ ॥ विदुषाब्राह्मणेनेदमध्येतव्यंप्रयत्नतः । शिष्येभ्यश्चप्रवक्तव्यं सम्यङ्नान्येनकेनचित् ॥१०३ ॥ इदंशास्त्रमधीयानोब्राह्मणः शंसितव्रतः । मनोवाग्देहजैर्नित्यं कर्मदोषैर्नलिप्यते ॥ १०४ "

યદ્યાપિ બ્રાહ્મણ દાન લઇને ભોજન કરે, વસ્ત્ર પહેરે, અથવા તેમાંથી બીજાને દાન આપે તો તે સર્વ પોતાનુંજ છે, એમ સમજવુ, અને બીજા મનુષ્યો જે પોતાના ધનાદિનો ભોગ કરે છે, તે ફક્ત બ્રાહ્મણની કૃપાથીજ ભોગવે છે. ૧૦૧ (આ ચાર શ્લોક કેવળ બ્રાહ્મણોની અતિ પ્રશંસાનાજ જણાય છે, માટે તે ચિન્તનીય છે. પ. ભીમસેનજી માનવધર્મ મીમાંસામાં જણાવે છે, કે એ ચાર શ્લોકોમાં પુનરૂક્તિ દોષ, અસબંદ્ધ, કોઈ પણ પ્રકારના પક્ષપાતથી યુક્ત બ્રાહ્મણ વર્ણની પ્રશસા માત્ર હોવાથી તે પ્રક્ષિપ્ત છે. પં. તુલસીરામજી લખે છે, કે " એ પ્રશસા તે બ્રાહ્મણની છે, કે જે બ્રાહ્મણ સપૂર્ણ હોઇ સર્વને પોતાના જેવું જાણે છે. પરન્તુ બ્રાહ્મણે એમ ન સમજવું જોઇએ કે હું પારકા ધનની ચોરી કરી લઉ, કેમકે બ્રાહ્મણોને પણ ચોરી માટે દંડ આગળ લખવામાં આવ્યો છે. " વળી આગળ ચાલતાં જણાવે છે, કે " આ પ્રશંસા જન્મ માત્રના બ્રાહ્મણબ્રુવ એટલે કેવળ કહેવાતા બ્રાહ્મણોની નથી." ઇત્યાદિ.)"તે બ્રાહ્મણના તથા બીજા ક્ષત્રિયાદિના કર્મના વિવેક માટે બુદ્ધિમાન્ સ્વાયભુવ મનુએ આ શાસ્ત્ર કર્યું. ૧૦૨ વિદ્વાન બ્રાહ્મણે એ શાસ્ત્રને પયત્ન વડે ભણવુ, અને શિષ્યોને ભણાવવું. પણ બીજાએ કોઇએ નહિ. ૧૦૩ આ ધર્મશાસ્ત્રનું અધ્યયન કરેલો, તથા શાસ્ત્રાનુકૂલ નિયમોની સાથે શુભ કર્મ કરનાર બ્રાહ્મણ મન, વાણી અને દેહથી ઉત્પન્ન થયેલાં કર્મદોષ વડે લિપ્ત થતો નથી. ૧૦૪

" [illegible]त्वेषांक्तिंवंश्यांश्च सप्तसप्तपरावरान् । पृथिवीमपिचैवेमां कृत्स्नामेकोऽपिसोऽर्हति ॥ १०५ ॥ इदंस्वस्त्ययनंश्रेष्ठमिदं बुद्धिविवर्धनम् । इदंयशस्यमायुष्यमिदंनिःश्रेयसंपरम् ॥ १०६ ॥ अस्मिन्धर्मोऽखिलेनोक्तो गुणदोषौचकर्मणाम् । चतुर्णामपिवर्णानामाचारश्चैवशाश्वतः ॥१०७॥" आचारः परमो धर्मः श्रुत्युक्तः स्मार्तएव च। तस्मादस्मिन्सदा युक्तो नित्यं स्यादात्मवान् द्विजः ॥१०८ ॥

આ ધર્મશાસ્ત્રને જાણનાર તે એક બ્રાહ્મણ પણ આખી પંક્તિને, તેમજ સાત આગળના વશજોને અને સાત પાછળના વશજોને પવિત્ર કરે છે. એટલુંજ નહિ પણ સમગ્ર આ પૃથ્વીને પવિત્ર કરે છે. ૧૦૫ આ ધર્મશાસ્ત્ર કલ્યાણ કરવાવાળું, શ્રેષ્ઠ, બુદ્ધિને વધારનારૂ, યશ આપનારૂ, આયુષ્ય વધારનારૂ અને આખરે મોક્ષ આપનારૂ છે. ૧૦૬ આ ધર્મશાસ્ત્રમાં સમગ્ર ધર્મનું વર્ણન કર્યું છે, કર્મના ગુણ દોષોનુ વર્ણન કર્યુ છે; અને ચારે વર્ણના નિરંતરના ચાલતા આવેલા આચારનુ વર્ણન કર્યું છે. ૧૦૭' (આ શ્લોકો આ પુસ્તકના સંપાદક પાછળથી ઉમેરેલા હોય એમ જણાય છે. એમાં બ્રાહ્મણો માટે પક્ષપાત ખુલ્લો દેખાય છે. શુ એ સંભવ છે, કે આ ધર્મશાસ્ત્ર બ્રાહ્મણે ભણવું અને બીજાએ ન ભણવું? વળી એ શાસ્ત્ર ભણવા માત્રથીજ મન આદિના સર્વ દોષોથી નિર્લેપ થવાય છે, તો પછી કર્મ કરવાની શી આવશ્યકતા રહી? વળી એ ધર્મશાસ્ત્ર ભણેલો બ્રાહ્મણ આખી પંક્તિને પાવન કરે; પછી તેમાં બસેને અશુભ કર્મ કરનારા પણ હોય! વળી થઇ ગયેલી સાત પેઢી, અને થનારી સાત પેઢીને પણ પાવન કરે! શુ આ અતિશયોક્તિ નથી? વળી આ ધર્મશાસ્ત્ર અધ્યયન માત્રથી કલ્યાણાદિ કરનારૂ છે; ઇત્યાદિ સૂચક આ શ્લોકો અતિ પ્રશંસા વિધાયક હોવાથી પ્રક્ષિપ્ત કહેવાય તો તે યોગ્યજ છે; અને શ્લોક ૧૦૭ મો તો સૂચી દર્શક હોવાથી ગ્રંથ સંપાદકે લખ્યો હોય તો તે અસંભવિત ગણાય એમ નથી.) શ્રુતિ એટલે વેદમાં અને સ્મૃતિમાં કહેલો આચાર એ પરમ ધર્મ છે. તેટલા માટે આત્માનું કલ્યાણ ઇચ્છનાર દ્વિજે હમેશાં તે આચાર પ્રમાણે ચાલવું. ૧૦૮

आचाराद्विच्युतोविप्रो न वेदफलमश्नुते । आचारेण तु संयुक्तः सम्पूर्णफलभाग्भवेत् ॥ १०९ ॥ एवमाचारतोदृष्ट्वा धर्मस्य मुन-

वागीतिः । सर्वस्य तपसो मूलमाचारं जगृहुः परम् ॥ ११० ॥" जगतश्चसमुत्पत्तिं संस्कार विधिमेवच । व्रतचर्योपचारं च स्नानस्यच परंविधिम् ॥१११॥ दाराधिगमनंचैव विवाहानांचलक्षणम् । महायज्ञविधानंचश्राद्धकल्पश्चशाश्वतः ॥ ११२ ॥"

આચારથી ભ્રષ્ટ થયેલો વિપ્ર વેદના ફલને પામતો નથી; અને આચાર યુક્ત વિપ્ર સંપૂર્ણ વેદના ફલને પ્રાપ્ત કરે છે. ૧૦૯ મુનિઓએ આચાર થકી એ પ્રમાણે ધર્મની ગતિ જાણીને સર્વ તપનું મૂલ ઉત્તમ આચાર છે, તેનું ગ્રહણ કર્યું. ૧૧૦ (હવે આ સમગ્ર ગ્રંથમાં પ્રતિપાદન કરેલા વિષયોની ક્રમથી ગણના કરે છે) "આ શાસ્ત્રમાં મહર્ષિ મનુજીએ પ્રથમાધ્યાયમાં જગતની ઉત્પત્તિ બીજા અધ્યાયમા ગર્ભાધાનાદિ સંસ્કારોનું વિધાન, તથા બ્રહ્મચારીઓના વ્રતધારણ, નિયમાદિ પાલન વગેરેનો વિધિ. ૧૧૧ ત્રીજા અધ્યાયમાં ગુરૂ પાસેથી વિદ્યાભ્યાસ કરી સમાવર્તન સંસ્કારનું વિધાન, કેવી કન્યા સાથે વિવાહ કરવો તેનો વિચાર, બ્રાહ્માદિ આઠ વિવાહના લક્ષણ, પંચ મહાયજ્ઞોનું વિધાન, અને સનાતન શ્રાદ્ધનું વિધાન. ૧૧૨

" वृत्तीनांलक्षणंचैव स्नातकस्यव्रतानिच । भक्ष्याभक्ष्यंचशौचंच द्रव्याणांशुद्धिमेवच ॥ ११३ ॥ स्त्रीधर्मयोगंतापस्यं मोक्षंसंन्यासमेवच । राज्ञश्चधर्ममखिलं कार्याणांचविनिर्णयः ॥ ११४ ॥ साक्षिप्रश्नविधानंच धर्मस्त्रीपुंसयोरपि । विभागधर्मंद्यूतंच कण्टकानांचशोधनम् ॥ ११५ ॥ वैश्यशूद्रोपचारंच संकीर्णानांच सम्भवम् । आपद्धर्मंचवर्णानां प्रायश्चितविधिंतथा ॥ ११६ ॥"

ચતુર્થાધ્યાયમાં જે જે પ્રકારે ગૃહસ્થ બ્રાહ્મણની જીવિકાનું વર્ણન અને બ્રહ્મચર્યથી નિયમાનુસાર ગૃહાશ્રમમા આવેલા સ્નાતકનુ વર્ણન. પાંચમા અધ્યાયમાં ભક્ષ્યાભક્ષ્યનો વિચાર, શૌચ અને દ્રવ્યશુદ્ધિ; ૧૧૩ તથા સ્ત્રી ધર્મનું વર્ણન. છઠ્ઠા અધ્યાયમાં વાનપ્રસ્થનું કર્તવ્ય; તપનુ વર્ણન; અને મોક્ષ તથા સંન્યાસનું વર્ણન. સાતમા અધ્યાયમાં રાજાના સંપૂર્ણ ધર્મ. આઠમા અધ્યાયમાં રાજકાર્યોનો નિર્ણય; ૧૧૪ અને સાક્ષીને પૂછવાના પ્રશ્નનુ વિધાન. નવમા અધ્યાયમાં સ્ત્રી પુરૂષના ધર્મ, દાય ભાગનો વિચાર, જુગાર આદિનો નિષેધ: ડાકુ લુટારા વગેરે રાજપ્રજાના કંટકોનું શોધન, ૧૧૫ અને વૈશ્ય તથા શૂદ્રોના વિશેષ કર્તવ્યનું વર્ણન.

दशमा अध्यायमा वर्णसंकरोनी उत्पत्ति; अने आपत्कालमां ब्राह्मणादि वर्णोना धर्म. अगीआरमा अध्यायमां प्रायश्चित्त विधिनुं वर्णन. ११६

" संसारगमनंचैव त्रिविधं कर्मसम्भवम् । निःश्रेयसंकर्मणांच गुणदोषपरीक्षणम् ॥ ११७॥ देशधर्माञ्जातिधर्मान् कुलधर्मांश्चशाश्वतान् । पाषण्डगणधर्मांश्चशास्त्रेऽस्मिन्नुक्तवान्मनुः ॥ ११८ ॥ यथेदमुक्तवाञ्छास्त्रं पुरापृष्टोमनुर्मया । तथेदंयूयमप्यद्य मत्सकाशान्निबोधत ॥ ११९ ॥ "

इति मानवे धर्मशास्त्रे प्रथमोऽध्यायः ॥ १ ॥

बारमा अध्यायमां सत्वादि त्रण प्रकारना कर्मो वडे संसारमां नाना प्रकारनी योनियोमां गमनागमन; मुक्ति वर्णन; कर्मोनी गुणदोष परीक्षा; ११७ देशधर्म जेवा के जे प्रचार जे देशमां चालतो आवतो होय ते, जातिधर्म के जे धर्म जातिमां चालतो होय ते; हमेशानो कुलधर्म के जे वंशपरंपराथी चालतो आव्यो होय ते; तेमज पाखंडधर्म ने गणधर्मनु आ शास्त्रमां वर्णन कर्युं छे. ११८ जे प्रकारे महर्षि मनुमहाराजने पूर्वमें पृछ्युं, अने तेमणे जे आ शास्त्र मने कह्युं ते प्रमाणे तमे पण हमणा मारी पासेथी जाणो. ११९ (श्लोक १११ थी श्लोक ११८ सुधी आखुं सूचीपत्र ग्रंथ संपादक तरफनुं होय एम मानी शकाय तेम छे. श्लोक ११९ मो पण संपादक तरफनोज छे; कारण के संपादक मनुजीनो समकालीन होवानो तो असंभव छे; परन्तु मानवधर्मशास्त्र जे सूची रूप तेना परथी आशय लइने पछी मनुथी 'सांभळ्युं'–'समज्युं' कहे अथवा लखे तो चाली शके खरूं. अर्थात् ए श्लोको पाछळथी उमेरायेला होय एम मानवाने कारण मळे छे.)

मनुस्मृति सरल गुजराती टीकानो प्रथम अध्याय समाप्त.

ओ३म्

अथ मनुस्मृतिद्वितीयोऽध्यायः

विद्वद्भिःसेवितःसद्भिर्नित्यमद्वेषरागिभिः। हृदयेनाभ्यनुज्ञातोयो धर्मस्तं निबोधत ॥ १ ॥ कामात्मता न प्रशस्ता न चैवेहास्त्यकामता । काम्यो हि वेदाधिगमः कर्मयोगश्च वैदिकः ॥ २ ॥ संकल्पमूलःकामो वै यज्ञाःसंकल्पसंभवाः। व्रतानियमधर्माश्च सर्वे संकल्पजाः स्मृताः ॥ ३ ॥ अकामस्यक्रियाकाचिद् दृश्यते नेहकर्हिचित् । यद्यद्धि कुरुते किञ्चित्तत्तत्कामस्य चेष्टितम् ॥ ४ ॥

રાગદ્વેષ રહિત વિદ્વાન્ સત્પુરૂષો વડે હમેશાં સેવાયલો તેમજ ખાસ હૃદયથી નિશ્ચિત થયેલોજે ધર્મ તેને તમે હવે સાંભળો. ૧ કામાત્માપણું રાખવું તે ઠીક નથી તેમજ કેવલ નિષ્કામના રાખવી પણ ઠીક નથી કેમકે વેદનુ અર્થ પૂર્વક જાણવું અને વૈદિક કર્મયોગ એ બને કામના કરવા યોગ્યજ છે. ૨ સંકલ્પ મૂલક કામ હોય છે અને વિધિયજ્ઞ, સ્વાધ્યાયયજ્ઞાદિ પણ સંકલ્પથીજ ઉત્પન્ન થાય છે–કરાય છે. સર્વ પ્રકારના સત્યાચરણાદિ વ્રતો, નિયમો અને ધર્મ એ સર્વ સંકલ્પથીજ થાય છે. ૩ આ જગતમાં કદાપિ કોઇ પણ ક્રિયા ઇચ્છા રહિત પુરૂષની જણાતી નથી. મનુષ્ય જેજે કાંઇ કર્મ કરે છે તે તે સર્વ સકામનીજ ચેષ્ટા છે. ૪

तेषु सम्यग्वर्तमानो गच्छत्यमरलोकताम् । यथासंकल्पितांश्चेह सर्वान्कामान्समश्नुते ॥५ ॥ वेदोऽखिलोधर्ममूलं स्मृतिशीले च तद्विदाम् । आचारश्चैव साधूनामात्मनस्तुष्टिरेव च । ६ । यःकश्चित्कस्यचिद्धर्मो मनुनापरिकीर्तितः । ससर्वोऽभिहितोवेदे सर्वज्ञानमयो हिसः ॥ ७ ॥ सर्वं तु समवेक्ष्येदं निखिलं ज्ञानचक्षुषा । श्रुतिप्रामाण्यतो विद्वान्स्वधर्मे निविशेत वै ॥ ८ ॥

તે શાસ્ત્રોક્ત કર્મોમાં સારી રીતે વર્તનાર પુરૂષ જન્મ મરણ રહિત મુક્ત દશાને પામે છે. અને આ સંસારમાં પોતાના શુભ સંકલ્પાનુસાર સર્વ કામનો ભોગ કરે છે. ૫ સમગ્ર વેદ એ ધર્મનુ મૂલ છે અને તે સમગ્ર વેદ જાણનારાઓની સ્મૃતિ તથા આચરણ પણ ધર્મ મૂલક છે. તેજ પ્રમાણે

સત્પુરુષોનો આચાર તથા આત્માનો સંતોષ પણ ધર્મ મૂલજ છે. ૬ બ્રા-
હ્મણથી લઇને કોઇ પણ મનુષ્યોનો જે ધર્મ મનુએ કહ્યો છે તે સર્વ વેદાનુકૂલ
છે એમ જાણવું. કારણ કે તે વેદ સર્વ જ્ઞાનનો ભંડાર છે. ૭ વિદ્વાન્ મ-
નુષ્યે વેદના પ્રમાણથી નિશ્ચય કરીને તથા સદસદાત્મક વિવેક રૂપ જ્ઞાનચક્ષુ
વડે સર્વ સાંગોપાંગ વેદને જોઇને સ્વધર્મમાં પ્રવેશ કરવો. ૮

श्रुतिस्मृत्युदितं धर्ममनुतिष्ठन् हि मानवः। इहकीर्तिमवाप्नोति प्रेत्य चानुत्तमंसुखम् ॥ ९ ॥ श्रुतिस्तुवेदोविज्ञेयो धर्मशास्त्रं तु वै स्मृतिः। ते सर्वार्थेष्वमीमांस्ये ताभ्यां धर्मोहि निर्बभौ ॥ १० ॥ योऽवमन्येत ते मूले हेतुशास्त्राश्रयाद्द्विजः। ससाधुभिर्बहिष्कार्यो नास्तिको वेदनिन्दकः ॥ ११ ॥ वेदःस्मृतिः सदाचारः स्वस्य च प्रियमात्मनः। एतच्चतुर्विधं प्राहुः साक्षाद्धर्मस्य लक्षणम् ॥ १२ ॥

જે મનુષ્ય શ્રુતિ અને સ્મૃતિમાં કહેલા ધર્મનુ સેવન કરે તે આ સંસારમાં કીર્તિ પ્રાપ્ત કરે છે અને પરલોકમાં અત્યુત્તમ સુખને પ્રાપ્ત થાય છે. ૯ શ્રુતિ એટલે વેદ જાણવા અને ધર્મ શાસ્ત્રને સ્મૃતિ કહેવાય છે. તે બંને સંપૂર્ણ અર્થમાં નિર્વિવાદ છે; કેમકે તે બંને વડેજ ધર્મ પ્રકાશેછે. ૧૦ જે દ્વિજ તર્ક શાસ્ત્રના આશ્રયથી અર્થાત કુતર્કાદિથી એ ધર્મ મૂલક શ્રુતિ સ્મૃતિનું અપમાન કરે છે, અર્થાત્ તે તરફ તિરસ્કાર બતાવે છે તે, સત્પુરુષોએ ત્યાગવા યોગ્ય છે; કારણ કે તે વેદનિન્દક નાસ્તિક કહેવાય છે. ૧૧ વેદ, સ્મૃતિ, સદાચાર, અને પોતાના આત્માને પ્રિય એટલે આત્મ સંતોષ, એમ ચાર પ્રકારનુ સાક્ષાત્ ધર્મનું લક્ષણ મુનિયો કહે છે. ૧૨

अर्थकामेष्वसक्तानां धर्मज्ञानं विधीयते। धर्मं जिज्ञासमानानां प्रमाणं परमं श्रुतिः ॥ १३ ॥ श्रुतिद्वैधं तु यत्र स्यात्तत्र धर्मावुभौ स्मृतौ। उभावपि हि तौ धर्मौ सम्यगुक्तौ मनीषिभिः ॥ १४ ॥ उदितेऽनुदिते चैव समयाध्युषिते तथा। सर्वथा वर्त्तते यज्ञ इतीयं वैदिकीश्रुतिः ॥ १५ ॥ निषेकादिश्मशानान्तो मन्त्रैर्यस्योदितो विधिः। तस्य शास्त्रेऽधिकारोस्मिन् ज्ञेयोनान्यस्यकस्यचित् ॥१६ ॥

અર્થ અને કામનામાં આસક્તિ રહિત પુરૂષને ધર્મ જ્ઞાનનું વિધાન થાય છે અને ધર્મ જાણવાની ઇચ્છાવાળાઓને વેદ પરમ પ્રમાણ છે. ૧૩

જે ઠેકાણે બે પ્રકારની શ્રુતિ હોય ત્યાં તે બને પ્રકારના ધર્મ જાણુંવા. અને તે બને પ્રકારના ધર્મોને પણ વિદ્વાન્ ઋષિયોએ કહ્યા છે. ૧૪ સૂર્ય ઉદય પામ્યો હોય અથવા નહિ ઉદય પામ્યો હોય ત્યારે તથા સૂર્ય અને નક્ષત્ર રહિત સમયે પણ યજ્ઞ સર્વથા થાય છે એ પ્રમાણે વૈદિક શ્રુતિ છે. અર્થાત્ કોઇ પણ સમયે યજ્ઞ વેદ મલક છે એમ જાણવું. ૧૫ ગર્ભાધાનથી લઇને અંત્યેષ્ટિ સંસ્કાર પર્યંત જે દ્વિજાતિના કર્મનો વિધિ વૈદિક મંત્રો વડે કહ્યો છે તેનો આ શાસ્ત્રોક્ત કર્મમાં અધિકાર છે એમ જાણવું. અન્ય કોઇનો અધિકાર એમાં નથી. ૧૬

सरस्वतीदृषद्वत्योर्देवनद्योर्यदन्तरम् । तं देवनिर्मितं देशं ब्रह्मावर्त्तंप्रचक्षते ॥ १७ ॥ तस्मिन्देशे य आचारः पारम्पर्य क्रमागतः । वर्णानां सान्तरालानां स सदाचार उच्यते ॥ १८ ॥ कुरुक्षेत्रं च मत्स्याश्च पञ्चालाः शूरसेनकाः। एष ब्रह्मर्षिदेशोवै ब्रह्मावर्त्तादनन्तरः ॥१९॥ एतद्देशप्रसूतस्य सकाशादग्रजन्मनः । स्वं स्वं चरित्रं शिक्षेरन् पृथिव्यां सर्वमानवाः ॥ २० ॥

સરસ્વતી અને દૃષદ્વતી નામે જે દેવનદિયોનું મધ્ય ભાગ તે દેવ નિર્મિત બ્રહ્માવર્ત દેશ કહેવાય છે ૧૭ તે દેશમા વર્ણસંકરો સહિત બ્રાહ્મણાદિ વર્ણોનો પરંપરાથી ક્રમ પૂર્વક ચાલુ આવેલો જે આચાર તે સદાચાર કહેવાય છે. ૧૮ તે બ્રહ્માવર્તની પાસે કુરુક્ષેત્ર, મત્સ્યદેશ, પાંચાલદેશ, અને શૂરસેનક એ બ્રહ્મર્ષિ દેશ કહેવાય છે. ૧૯ આ દેશમા ઉત્પન્ન થયેલા બ્રાહ્મણની પાસેથી પૃથ્વિમાં સર્વ મનુષ્યોએ પોત પોતાના દેશકાલાનુકૂલ ધર્મોપદેશનું શિક્ષણ લીધુ. ૨૦

हिमवद्विन्ध्ययोर्मध्ये यत्प्राग्विनशनादपि । प्रत्यगेव प्रयागाच्च मध्यदेशः प्रकीर्तितः ॥ २१ ॥ आसमुद्रात्तु वै पूर्वादासमुद्रात्तु पश्चिमात् । तयोरेवान्तरं गिर्योरार्यावर्त्तं विदुर्बुधाः ॥ २२ ॥ कृष्णसारस्तु चरति मृगो यत्र स्वभावतः। स ज्ञेयो यज्ञियो देशो म्लेच्छदेशस्त्वतः परः ॥ २३ ॥ एतान् द्विजातयो देशान् संश्रयेरन् प्रयत्नतः । शूद्रस्तु यस्मिन्कस्मिन्वा निवसेद्वृत्तिकर्शितः ॥ २४ ॥

હિમાલય અને વિન્ધ્યાચલની વચ્ચેનાં તથા કુરુક્ષેત્રની પૂર્વે અને પ્ર-

યાગની પશ્ચિમના દેશને મધ્યદેશ કેહેવાય છે. ૨૧ પૂર્વ સમુદ્રથી લઈને પશ્ચિમ સમુદ્ર સુધી અને તે હિમાલય તથા વિન્ધ્યાચલની મધ્યનો જે ભાગ તેને વિદ્વાન્ પુરૂષો આર્યાવર્ત્ત કહે છે. ૨૨ જે દેશમાં કૃષ્ણસાર મૃગ પોતાના સ્વભાવથી સ્વતંત્રતા પૂર્વક ગમન કરે તે યજ્ઞ કરવા યોગ્ય દેશ જાણવો. અને તેનાથી ઇતર મ્લેચ્છ દેશ જાણવો. ૨૩ દ્વિજાતિયે એવા દેશોનો પ્રયત્નથી આશ્રય કરવો. અને વૃત્તિ=જીવિકાથી પીડિત થયેલા શૂદ્રે તો ગમે તે દેશમાં રહેવું. ૨૪

एषा धर्मस्य वो योनिः समासेन प्रकीर्तिता । संभवश्चास्य सर्वस्य वर्णधर्मान्निबोधत ॥ २५ ॥ वैदिकैःकर्मभिः पुण्यैर्निषेकादिर्द्विजन्मनाम् । कार्यःशरीरसंस्कारः पावनः प्रेत्य चेह च ॥ २६ ॥ गार्भैर्होमैर्जातकर्मचौडमौञ्जीनिबन्धनैः। बैजिकं गार्भिकं चैनो द्विजानामपमृज्यते ॥ २७ ॥ स्वाध्यायेन व्रतैर्होमैस्त्रैविद्येनेज्यया सुतैः । महायज्ञैश्च यज्ञैश्च ब्राह्मीयं क्रियते तनुः ॥ २८ ॥

એમ પ્રમાણે ધર્મનુ કારણ સક્ષેપથી સમગ્ર કહ્યુ તથા આ સર્વ જગતની ઉત્પત્તિ કહી. હવે વર્ણોના ધર્મ કહુ છું તે સાંભળો—જાણો. ૨૫ બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈસ્યનો આ જન્મ અને જન્માન્તરને પવિત્ર કરનાર ગર્ભાધાનાદિ શરીરના સંસ્કાર પુણ્ય એવાં વૈદિક .કર્મો વડે કરવો. ૨૬ ગર્ભાધાનથી સીમન્તોનયન સુધીના સસ્કારમાં થતા હોમ, તથા જાત કર્મ, ચુડા કર્મ, અને યજ્ઞોપવિત તથા વેદારભાદિ સસ્કાર વિધિ પ્રમાણે કરવાથી દ્વિજાતિયોના પિતાના બીજ સબધી તથા માતાના રૂધિર સબધિ દોષનુ નિવારણ થાય છે. ૨૭ વેદત્રયીના સ્વાધ્યાય વડે, વ્રતો વડે, હોમ વડે, અગ્નિષ્ટોમાદિ યજ્ઞો વડે, ધર્માનુસાર સંતાનોત્પત્તિવડે, પચમહા યજ્ઞો વડે, તપયોગાદિ યજ્ઞો વડે, આ શરીર બ્રહ્મભક્તિ પરાયણ કરી શકાય છે. ૨૮

प्राङ्नाभिवर्धनात्पुंसो जातकर्म विधीयते । मन्त्रवत्प्राशनंचास्य हिरण्यमधुसर्पिषाम् ॥ २९ ॥ नामधेयं दशम्यां तु द्वादश्यां वास्य कारयेत् । पुण्ये तिथौ मुहूर्ते वा नक्षत्रे वा गुणान्विते ॥ ३० ॥ मङ्गल्यं ब्राह्मणस्य स्यात्क्षत्रियस्य बलान्वितम् । वैश्यस्य धनसंयुक्तं शूद्रस्य तु जुगुप्सितम् । ॥ ३१ ॥ शर्मवद्ब्राह्मणस्य स्याद्राज्ञो रक्षासमन्वितम् । वैश्यस्य पुष्टिसंयुक्तं शूद्रस्य प्रेष्यसंयुतम् ॥ ३२ ॥

નાલ છેદનની પહેલાં પુરૂષનો જાત કર્મ સંસ્કાર કરવો. અને તેને ગૃહ્યોક્ત વિધિ વડે સુવર્ણ શલાકા વડે મધ અને ઘી ચટાડવું. ૨૯ દશમે અથવા બારમે દિવસે નામ કરણ સંસ્કાર કરવો. અથવા શુભતિથી, નક્ષત્ર, મુહૂર્ત ઇત્યાદિ ગુણ યુકત દિવસે નામ કરણ સંસ્કાર કરવો. (શુભ તિથિ નક્ષત્ર વિગેરેથી સારા સારા દિવસ સાથે તાત્પર્ય છે. એટલે કે વાદળ અથવા અંધારી જે દિવસે ન હોય તે. દિવસ લેવો.) ૩૦ મંગલસૂચક બ્રાહ્મણનું નામ બલયુક્ત ક્ષત્રિયનું નામ, ધનયુક્ત વૈશ્યનું નામ અને દાસ યુક્ત શૂદ્રનું નામ હોવું જોઇયે. ૩૧ બ્રાહ્મણનુ નામ શર્માયુક્ત, ક્ષત્રિયનું નામ રક્ષણયુક્ત વર્માદિ, વૈશ્યનું નામ પુષ્ટિયુક્ત ગુપ્તાદિ, અને શૂદ્રનું નામ દાસયુકત રાખવું. ૩૨.

स्त्रीणांसुखोद्यमक्रूरं विस्पष्टार्थमनोहरम् । मङ्गल्यंदीर्घवर्णान्तमाशीर्वादाभिधानवत् ॥ ३३ ॥ चतुर्थे मासि कर्तव्यं शिशोर्निष्क्रमणं गृहात् । षष्ठेऽन्नप्राशनं मासि यद्वेष्टं मङ्गलं कुले ॥ ३४ ॥ चूडाकर्म द्विजातीनां सर्वेषामेव धर्मतः । प्रथमेऽब्दे तृतीये वा कर्तव्यं श्रुतिचोदनात् ॥ ३५ ॥ गर्भाष्टमेऽब्दे कुर्वीत ब्राह्मणस्योपनायनम् । गर्भादेकादशे राज्ञो गर्भात्तु द्वादशे विशः ॥ ३६ ॥

સ્ત્રીઓનું જે નામ પાડવું તે સુખવડે બોલી શકાય તેવુ, ક્રૂર ન હોય, સ્પષ્ટ અર્થવાળુ, સુંદર, મગલ સૂચક, દીર્ઘવર્ણ અંતમાં આવે તેવું, અને આશિર્વાદ કથનારૂ હોવું જોઇયે. ૩૩ બાલકનો ચોથા માસમાં ઘરથી બહાર કાઢવાનો નિષ્ક્રમણ સસ્કાર કરવો. છઠ્ઠા માસે અન્ન પ્રાશન સંસ્કાર કરવો, અથવા પોતાનાં કુલમાં જ્યારે ઇષ્ટ મંગલ હોય ત્યારે કરવો. ૩૪ સર્વદ્વિ જાતિઓનો ચૂડાકર્મ સસ્કાર પ્રથમ વર્ષમાં અથવા તૃતીય વર્ષમાં શ્રુતીની પ્રેરણાથી ધર્મ પૂર્વક કરવો. ૩૫ ગર્ભથી આઠમે વર્ષે બ્રાહ્મણને ઉપનયન સંસ્કાર કરવો, ગર્ભથી અગિઆરમે વરસે ક્ષત્રિયને, ગર્ભથી બારમે વરસે વૈશ્યને ઉપનયન સંસ્કાર કરવો. ૩૬.

ब्रह्मवर्चसकामस्य कार्यं विप्रस्य पञ्चमे । राज्ञो बलार्थिनःषष्ठे वैश्यस्येहार्थिनोऽष्टमे ॥ ३७ ॥ आषोडशाद्ब्राह्मणस्य सावित्री नातिवर्तते । आद्वाविंशात्क्षत्रबन्धोराचतुर्विंशतेर्विशः ॥ ३८ ॥ अत ऊर्ध्वं त्रयोऽप्येते यथाकालमसंस्कृताः । सावित्रीपतिता व्रात्याभवन्त्या-

यर्बिन्[illegible]ताः ॥ ३९ ॥ नैतैरपूतैर्विधिवदापद्यपिहि कर्हिचित् । ब्राह्मान्यौनांश्चसंबन्धानाचरेद्ब्राह्मणः सह ॥ ४० ॥

બ્રહ્મવર્ચસની ઇચ્છાવાળા વિપ્રનો પાંચમે વરસે, બલની ઇચ્છા રાખનાર ક્ષત્રિયનો છઠ્ઠે વરસે, અને કૃષિઆદિની ઇચ્છા રાખનાર વૈશ્યનો આઠમે વર્ષે ઉપનયન સંસ્કાર કરવો. ૩૭ સોળ વર્ષ પર્યંત બ્રાહ્મણની, બાવીસ વર્ષ પર્યંત ક્ષત્રિયની અને ચોવીસ વર્ષ પર્યંત વૈશ્યની સાવિત્રી જતી નથી. અર્થાત્ આપત્ કાલમાં ઉપનયન સંસ્કાર માટે એટલે સુધી અવધિ છે. ૩૮ એ અવધિથી ઉપર એ બ્રાહ્મણાદિ ત્રણે વર્ણો યથા સમયે સંસ્કાર ન કરે તો તે સાવિત્રી પતિત વ્રાત્ય કહેવાય છે, અને આર્ય એટલે શ્રેષ્ઠ પુરૂષોમાં નિન્દાપાત્ર થાય છે. ૩૯ કોઇ પણ બ્રાહ્મણે આપત્કાલમાં પણ તે અપવિત્ર વ્રાત્યો સાથે વેદાધ્યપન સંબંધ તથા યોની સંબંધ વિધિ પ્રમાણે કરવો નહિં. ૪૦

कार्ष्णरौरवबास्तानि चर्माणि ब्रह्मचारिणः । वसीरन्नानुपूर्व्येण श[illegible]नि च ॥ ४१ ॥ मौञ्जी त्रिवृत्समा श्लक्ष्णा कार्या विप्रस्य मेखला । क्षत्रियस्य तु मौर्विज्या वैश्यस्य शणतान्तवी ४२ [illegible]ञ्जालाभे तु कर्तव्याः कुशाश्मन्तकबल्बजैः । त्रिवृता ग्रन्थिनैकेन त्रिभिः पञ्चभिरेव वा ॥ ४३ ॥ कार्पासमुपवितं स्याद्विप्रस्योर्ध्ववृतं त्रिवृत् । शणसूत्रमयं राज्ञो वैश्यस्याविकसौत्रिकम् ॥ ४४ ॥

ત્રણે વર્ણના બ્રહ્મચારીએ ક્રમપૂર્વક કૃષ્ણ મૃગ, રૂરૂમૃગ (રોઝ) અને જંગલી અજા એનાં ચર્મના આસન રાખવાં, અને ક્રમ પૂર્વક શણ, અલસી તથા ઉનનાં વસ્ત્ર રાખવાં. ૪૧ ત્રેવડી, ચીકણી અને સુખ પૂર્વક ધારણ કરી શકાય તેવી મુંજની મેખલા બ્રાહ્મણે ધારણ કરવી, ક્ષત્રિયે પ્રત્યંચા એટલે ધનુષની દોરીની અને વૈશ્યે ઉનની મેખલા ધારણ કરવી. ૪૨ મુંજઆદિ ન હોય તો દર્ભની મેખલા બ્રાહ્મણને માટે, અશ્મન્તક એટલે આવળની મેખલા ક્ષત્રિયને માટે, અને બલ્વજ નામના ઘાસની મેખલા વૈશ્યને માટે બનાવવી. અને તેને તેવડી કરીને એક, ત્રણ અથવા પાંચ ગાંઠ વાળવી જોઇયે. ૪૩ પ્રથમ ત્રણ ગણું કરીને ડાબા હાથપર રાખીને જમણે હાથે વણેલું, પાછું તેને ત્રણ ગણું કરીને વણેલું એ પ્રકારે નવ તંતુવાળું કપાસનું ઉપવિત બ્રાહ્મણે, શણના સુતરનું ક્ષત્રિયે અને ઉનનું વૈશ્યે ધારણ કરવું. ૪૪.

ब्राह्मणो बैल्वपालाशौ क्षत्रियो वाटखादिरौ । पैप्पलौदुम्बरौ वैश्यावर्दण्डानर्हन्ति धर्मतः ४५ केशान्तिकोब्राह्मणस्यदण्डः कार्यः प्रमाणतः । ललाटसंमितोरा[ज्ञ]ः स्यात्तु नासान्तिको विशः ॥ ४६ ॥ ऋजवस्ते तु सर्वे स्युरव्रणाः सौम्यदर्शनाः । अनुद्वेगकरा नृणां सत्वचोऽनग्निदूषिताः ॥ ४७ ॥ प्रतिगृह्येप्सितं दण्ड मुपस्थाय च भास्करम् । प्रदक्षिणं परीत्याग्निं चरेद्भैक्षं यथाविधि ॥ ४८ ॥

ધર્મથી બ્રાહ્મણે બિલ્વ અથવા પાલાશ (ખાખરા) નો, ક્ષત્રિયે વડ અથવા બોરનો અને વૈશ્યે પિપળાનો અથવા ઉમરાનો દંડ ધારણ કરવો યોગ્ય છે. ૪૫. પગના અંગુઠાથી શિખાના અંતભાગ સુધી બ્રાહ્મણે દંડ લાંબો રાખવો. ક્ષત્રિયે લલાટ સુધી અને વૈશ્યે નાકના અગ્ર ભાગ સુધી લાંબો રાખવો. ૪૬ તે સર્વે દંડો સીધા, છીદ્ર રહિત, સારા દેખાવડા, મનુષ્યોને ઉદ્વેગ ન કરે તેવા, છાલવાળા અને અગ્નિથી બળેલા ન હોવા જોઇયે. ૪૭ પોત પોતાના ઇષ્ટ દંડને ગ્રહણ કરીને સૂર્ય સન્મુખ ઉભા રહી પરમાત્માની ઉપાસના કરી, તથા અગ્નિની પ્રદક્ષિણા કરીને યથાવિધિ ભિક્ષા ગ્રહણ કરવી. ૪૮.

भवत्पूर्वं चरेद्भैक्षमुपनीतो द्विजोत्तमः । भवन्मध्यं तु राजन्यो वैश्यस्तु भवदुत्तरम् ॥ ४९ ॥ मातरं वा स्वसारं वा मातुर्वा भगिनीं निजाम् । भिक्षेत भिक्षां प्रथमं या चैनं नावमानयेत् ॥ ५० ॥ समाहृत्य तु तद्भैक्षं यावदन्नममायया । निवेद्य गुरवेऽश्नीयादाचम्य प्राङ्मुखः शुचिः ॥ ५१ ॥ "आयुष्यं प्राङ्मुखो भुङ्क्ते यशस्यं दक्षिणामुखः । श्रियं प्रत्यङ्मुखो भुङ्क्ते ऋतं भुङ्क्ते ह्युदङ्मुखः ॥५२ ॥"

ઉપનયન સંસ્કાર કરેલા બ્રાહ્મણ બ્રહ્મચારી એ ભિક્ષા માંગતાં भवत् શબ્દનો પ્રથમ ઉચ્ચાર કરવો, ક્ષત્રિય બ્રહ્મચારીએ भवत् શબ્દનો મધ્યમાં ઉચ્ચાર કરવો અને વૈશ્ય બ્રહ્મચારીએ भवत् શબ્દનો અંતમાં ઉચ્ચાર કરવો. ૪૯ બ્રહ્મચારીએ પ્રથમ માતા, પોતાની સગી બહેન અથવા માતાની સગી બહેન પાસે ભિક્ષા માંગવી. અને જે બ્રહ્મચારીનું અપમાન ન કરે તેની પાસે ભિક્ષા માગે. ૫૦ તે ભિક્ષા લાવીને મનમાં કપટ રાખ્યા શિવાય જ્યાં સુધી ગુરૂની તૃપ્તિ થાય ત્યાં સુધી ગુરૂને તેમાંથી નિવેદન કરી

પછી પોતે આચમન કરી શુદ્ધતા પુર્વક પૂર્વાભિમુખ બેસી ભિક્ષાન્નભોજન કરવું. ૫૧ "જે મનુષ્ય પૂર્વ તરફ મુખ રાખી ભોજન કરે તે આયુ વર્ધક છે, દક્ષિણ તરફ મુખ રાખી ભોજન કરવાથી યશ વર્ધક છે, પશ્ચિમ તરફ મુખ રાખી ભોજન કરવાથી લક્ષ્મીવાન થાય છે, અને ઉત્તર તરફ મુખ રાખી ભોજન કરવાથી સત્ય પ્રાપ્ત થાય છે." ૫૨.

उपस्पृश्याद्द्विजोनित्यमन्नमद्यात्समाहितः। भुक्त्वाचोपस्पृशेत्सम्यगद्भिःखानि च संस्पृशेत् ॥ ५३ ॥ पूजयेदशनं नित्यमद्याच्चैतदकुत्सयन्। दृष्ट्वा हृष्येत्प्रसीदेच्च प्रतिनन्देच्च सर्वशः ॥ ५४ ॥ पूजितं ह्यशनं नित्यं बलमूर्जं च यच्छति। अपूजितं तु तद्भुक्तमुभयं नाशयेदिदम् ॥ ५५ ॥ नोच्छिष्टं कस्यचिद्दद्यान्नाद्याच्चैवतथान्तरा। न चैवात्यशनं कुर्यान्न चोच्छिष्टःक्वचिद् व्रजेत् ॥ ५६ ॥

(દિશાઓનો ગુણ આયુવર્ધકાદિ હોઇ શકતોજ નથી. જો દક્ષિણતરફ મુખ રાખી ફક્ત ભોજન કરવાથીજ યશસ્વી થવાનું હોય તો પછી લોકો શુભ કામ કરી યશસ્વી થવાને પ્રયાસજ શા માટે કરે ? પશ્ચિમ તરફ મુખ રાખીને ભોજન માત્ર કરવાથીજ લક્ષ્મી મળતી હોય તો પછી સંસારમાં ઉદ્યમ કરવાની કાંઇજ જરૂર ન રહી ? તેમજ ઉત્તર દિશા તરફ જોઇને કરેલું ભોજનજ સત્યનું નિમિત્ત હોય તો દરેકે સત્યવાદી થવું સુલભ થઇ પડે છે. પરંતુ દિશાઓમાં એવા ગુણોના નિમિત્તનો સંભવ ન હોવાથી કોઇ અન્યનો મેળવેલો આ શ્લોક જણાય છે. માટે પ્રક્ષિપ્ત છે.) દ્વિજે હંમેશાં સાવધાનતાપૂર્વક આચમનાદિ કરી અન્નનું ભોજન કરવું, અને ખાઇને પછી આચમન કરીને પાણિવડે ચક્ષુઆદિ ઇંદ્રિયોનો સ્પર્શ કરવો. ૫૩ ભોજનનો હંમેશાં સંસ્કાર કરવો અને તે અન્નની નિંદા ન કરતાં ભક્ષણ કરવું, તેને જોઇને પ્રસન્ન થવું અને સર્વથાતેની પ્રશંસા કરવી. ૫૪ હંમેશાં સંસ્કાર કરેલું અન્ન બલ અને વીર્યને વધારે છે, અને સંસ્કાર કર્યા વિનાનું અન્ન ભક્ષણ કરવામાં આવે તો બલ અને વીર્ય બંનેનો નાશ કરે છે. ૫૫ કોઇને પણ પોતાનું ખાતાં વધેલું ઉચ્છિષ્ટ અન્ન ખાવાને આપવું નહિં, તેમજ વચમાં રહિ રહીને ભોજન ન કરવું, અધિક ભોજન ન કરવું, અને ઉચ્છિષ્ટ હાથ મુખવાળા કોઇ જગ્યાએ જવું નહિં. ૫૬.

अनारोग्यमनायुष्यमस्वर्ग्यं चातिभोजनम्। अपुण्यं लोकविद्विष्टं तस्मात्तत्परिवर्जयेत् ॥ ५७ ॥ ब्राह्मेण विप्रस्तीर्थेन नित्यकालमुपस्पृ-

शेत् । कायत्रैदशिकाभ्यांवा नपित्र्येणकदाचन ॥ ५८ ॥ अङ्गुष्ठमूलस्य तले ब्राह्मं तीर्थं प्रचक्षते । कायमङ्गुलिमूलेऽग्रेदैवं पित्र्यं तयोरधः ॥ ५९ ॥ त्रिराचामेदपः पूर्वंद्विः प्रमृज्यात्ततो मुखम् । खानि चैव स्पृशेदद्भिरात्मानं शिर एव च ॥ ६० ॥

અતિ ભોજન કરવું તે રોગકારક, આયુષ્ય નાશક, દુઃખ આપનાર, પાપકારી અને નિન્દિત હોવાથી ત્યાગ કરવું. ૫૭ વિપ્રે હંમેશાં બ્રાહ્મતીર્થ વડે આચમન કરવું, પ્રજાપત્ય તીર્થવડે અથવા દેવતીર્થવડે આચમન કરવું પરંતુ પિતૃતીર્થવડે કદાપિ આચમન કરવું નહિં. ૫૮ અંગુઠાના મૂલના તલમાં એટલે હાથના કાંડાની પાસેનું બ્રાહ્મતીર્થ જાણવું, કનિષ્ઠિકા આંગલીના મૂલ પાસે જે રેખા છે તે પ્રાજાપત્ય તીર્થ જાણવું, અને તે અંગુલીના અગ્ર ભાગમાં દેવ તીર્થ જાણવું, તથા અંગુઠો અને તર્જની આંગળીના મધ્ય ભાગમાં પિતૃતીર્થ જાણવું. ૫૯ પ્રથમ ત્રણવાર જલનું આચમન કરવું અને ત્યાર પછી બે વખત મુખ પ્રક્ષાલન કરવું. પછી જલવડે દરેક ઇન્દ્રિયોનો, શિરનો અને હૃદયનો સ્પર્શ કરવો. ૬૦.

अनुष्णाभिरफेनाभिरद्भिस्तीर्थेन धर्मवित्। शौचेप्सुःसर्वदाचामेदेकान्तेप्रागुदङ्मुखः ॥ ६१ ॥ हृद्गाभिःपूयतेविप्रःकण्ठगाभिस्तु भूमिपः । वैश्योऽद्भिः प्राशिताभिस्तु शूद्रःस्पृष्टाभिरन्ततः ॥ ६२ ॥ उद्धृतेदक्षिणे पाणावुपवी-युच्यते द्विजः । सव्ये प्राचीन आवीती निवीती कण्ठसज्जने ॥ ६३ ॥ मेखलामजिनं दण्डमुपवीतं कमण्डलुम्। अप्सु प्रास्य विनष्टानि गृह्णीतान्यानि मन्त्रवत् ६४

ધર્મને જાણનાર તથા શુદ્ધિને ઇચ્છનાર પુરૂષે સર્વદા પૂર્વાભિમુખ રાખી અથવા ઉત્તર તરફ મુખ રાખી ફિણ વિનાનાં તથા શિતલ જલ વડે એકાંતમાં આચમન કરવું. ૬૧ હૃદય સુધી જલ પહોંચે એવાં આચમનથી બ્રાહ્મણ પવિત્ર થાય છે, કંઠ સુધી જલ પહોંચે એવાં આચમનથી ક્ષત્રિય પવિત્ર થાય છે, અને જલનું મુખમાં પ્રાશન માત્ર કરવાથી વૈશ્ય અને જલનો સ્પર્શ માત્ર કરવાથી શુદ્ર પવિત્ર થાય છે. ૬૨ યજ્ઞોપવિતમાંથી જમણો હાથ બહાર હોય ત્યારે ઉપવીતી કહેવાય છે, ડાબો હાથ બહાર કહાડી જમણા ખભાપર યજ્ઞોપવીત હોય ત્યારે પ્રાચીનાવીતી કહેવાય છે,

અને કંઠ માત્રમાં યજ્ઞોપવીત રાખવાથી નિવીતી કહેવાય છે. ૬૩ ફરી મેખલા મૃગાદિચર્મ, દંડ, યજ્ઞોપવીત, કમંડલુ, એટલાં જે ચિન્હ બ્રહ્મચારી એ ધારણ કરેલાં હોય તેમાંથી જેનો નાશ થાય અર્થાત્ ફુટી તુટી જાયતો તેને જલમાં ફેંકી દઇને મંત્ર ભણીને પાછું તે નવીન ધારણ કરવું. ૬૪.

केशान्तः षोडशे वर्षे ब्राह्मणस्य विधीयते । राजन्यबन्धोर्द्वाविंशे वैश्यस्य द्व्यधिके ततः ॥ ६५ ॥ " अमन्त्रिका तु कार्येयं स्त्रीणामावृदशेषतः । संस्कारार्थं शरीरस्य यथाकालं यथाक्रमम् " ॥ ६६ ॥ " वैवाहिको विधिः स्त्रीणां संस्कारो वैदिकः स्मृतः । पतिसेवा गुरौ वासो गृहार्थोऽग्निपरिक्रिया" ॥ ६७ ॥ एष प्रोक्तो द्विजातीनामौपनायनिको विधिः । उत्पत्तिव्यञ्जकः पुण्यः कर्मयोगं निबोधत ॥ ६८ ॥

બ્રાહ્મણને કેશાંત સંસ્કાર સોળમે વર્ષ, ક્ષત્રિયને બાવીસમે વર્ષ અને વૈશ્યને ચોવીસમે વર્ષ કરવો. ૬૫ " સ્ત્રીઓને જાતકર્માદિ સમગ્ર ક્રિયા મંત્ર રહિત કરવી, તેમજ શરીરના એ સસ્કાર માટે કાલ અને ક્રમ ઉપર જણાવ્યો છે તેજ જાણવો. ૬૬ સ્ત્રીઓનો વિવાહ સંસ્કાર વૈદિક મંત્રથી કરવો. તેમજ પતિસેવા, ગુરૂકુલવાસ, ગૃહકૃત્ય તથા સાયંપ્રાતર્હોમ એ પણ વૈદિક મંત્રોવડે કરવું. ૬૭ " (દ્વિજાતી ત્રણ વર્ણના સંસ્કાર લખ્યા છે તેમાં સ્ત્રી અને પુરૂષ બંને આવી જાય છે. પછી સ્ત્રીઓને માટે આ નવીન વિધિ નિરર્થક છે. વળી વિવાહની પહેલાનાં દરેક સંસ્કાર સ્ત્રીઓને મંત્ર રહિત કરવા એ પણ પક્ષપાત યુક્ત છે. કારણ કે દરેક સંસ્કાર દ્વિજોના પુત્ર અને કન્યા એ બંનેના છે. એમાં વકતાનું તાત્પર્ય વર્ણને માટે છે. જેમ કે " જે કોઇ પુરૂષ આ બગીચાના ઝાડ પાન ફલ ફુલને તોડશે તે શિક્ષાપાત્ર થશે. " આમ કહેવાથી પુરૂષજ શિક્ષા યોગ્ય છે. અને સ્ત્રી નથી એમ ન કેહવાય. તેમજ આ શાસ્ત્રમાં વર્ણ માટે વિધિ છે એટલે તે તે વર્ણના પુત્ર અને કન્યા બંનેને માટેજ સમજવાનાં છે. પછી સ્ત્રીઓને માટે આ જુદું સંસ્કાર સંબંધી વિધાન વ્યર્થ છે. એટલે એ બે શ્લોકો પાછળથી વધેલા જણાય છે.) એ પ્રમાણે દ્વિજાતીઓનો ઉત્પત્તિ સૂચક અને પવિત્ર યજ્ઞોપવીત સંબંધી વિધિ કહયો હવે કર્મ યોગ કહું છું તે સાંભળો. ૬૮.

उपनीय गुरुः शिष्यं शिक्षयेच्छौचमादितः । आचारमग्निकार्यं च संध्योपासनमेव च ॥ ६९ ॥ अध्येष्यमाणस्त्वाचान्तो यथाशास्त्रमुदङ्-

मुखः । ब्रह्माञ्जलिकृतोऽध्याप्यो लघुवासाजितेन्द्रियः ॥७०॥ ब्रह्मा-रम्भेऽवसाने च पादौग्राह्यौगुरोः सदा । संहत्य हस्तावध्येयं स हि ब्रह्माञ्जलिः स्मृतः ॥ ७१ ॥ व्यत्यस्त पाणिना कार्यमुपसंग्रहणं गुरोः सव्येन सव्यः स्प्रष्टव्यो दक्षिणेन च दक्षिणः ॥ ७२ ॥

ગુરૂએ શિષ્યને યજ્ઞોપવીત સંસ્કાર કરીને પછી પ્રથમ શૌચવિધિ, આચાર, સાયંપ્રાતર્હોમ સંબંધી અગ્નિકાર્ય અને સંધ્યોપાસન શિખવવું જોઈયે. ૬૯ અધ્યયન કરવાની ઇચ્છાવાળા શિષ્યે યથા શાસ્ત્ર આચમન કરી, ઉત્તરાભિમુખરાખી, બંને હાથ જોડી, સામાન્ય સાદાં વસ્ત્ર પેહેરી, અને જીતેન્દ્રિય રહી ગુરૂ પાસે અધ્યયન કરવું. ૭૦ વેદાધ્યયનની આરંભ વખતે અને નિત્ય સમાપ્તિ વખતે ગુરૂના હંમેશાં પગને અડકવું. અને બંને હાથજોડીને અધ્યયન કરવું; એનુ નામ બ્રહ્માંજલી કેહેવાય છે. ૭૧ જુદા જુદા હાથ વડે ગુરૂના પગનો સ્પર્શ કરવો. ડાબા હાથે ડાબો અને જમણા હાથે જમણા પગનો સ્પર્શ કરવો. ૭૨.

अध्येष्यमाणं तु गुरुर्नित्यकालमतन्द्रितः। अधीष्वभो इति ब्रूया-द्विरामोऽस्त्विति चारमेत् ॥ ७३ ॥ ब्रह्मणः प्रणवं कुर्यादादावन्ते च सर्वदा । स्रवत्यनोंकृतं पूर्वं पुरस्ताच्च विशीर्यति ॥ ७४ ॥ प्राकूलान् पर्युपासीनः पवित्रैश्चैव पावितः। प्राणायामैस्त्रिभिः पूतस्तत ओङ्कारमर्हति ॥ ७५ ॥ अकारं चाप्युकारं च मकारंच प्रजापतिः । वेदत्रयान्निरदु-हद्भूर्भुवः स्वरितीति च ॥ ७६ ॥

આળસ્ય રહિત ગુરૂએ હંમેશાં વિદ્યાધ્યયન કરનાર શિષ્યને પ્રથમ ભણવાની વખતે કહેવું કે " હે શિષ્ય ! ભણ. " અને ભણી રેહેતાં " હવે બસ કરો. " એમ કહે ત્યારે ભણતાં બંધ રહેવું. ૭૩ વેદાધ્યયનનાં આરંભમાં અને અંતમાં ओ३म् એ પ્રણવનો ઉચ્ચાર કરવો. જો આરભમા તેનો ઉચ્ચાર ન કરે તો મનમાં વેદાધ્યયન બરોબર બેસતું નથી અને અંતમાં તેનો ઉચ્ચાર ન કરવામાં આવે તો અધ્યયન કરેલુ સર્વ ભૂલી જાય છે. ૭૪ દર્ભાસનપર બેઠો હોય, સ્નાનશૌચાદિવડે તથા માર્જનાદિવડે પવિત્ર હોય અને ત્રણ પ્રાણાયામવડે શુદ્ધ થયો હોય ત્યારે ઓંકાર બોલવાને યોગ્ય થાય છે. ૭૫ પ્રજાપતિએ અકાર, ઉકાર અને મકાર તથા ભૂર્ભુવઃસ્વઃ એ ત્રણ વ્યાહૃતિ ત્રણ વેદોમાંથી દોહન કરી સારભૂત કહાડી છે. ૭૬.

त्रिभ्यएव तु वेदेभ्यःपादं पादमदूदुहत्। तदित्यृचोऽस्याः सावि-त्र्याः परमेष्ठी प्रजापतिः ॥ ७७ ॥ एतदक्षरमेतां च जपन् व्याहृति-पूर्विकाम् । संध्ययोर्वेदविद्विप्रो वेदपुण्येनयुज्यते ॥ ७८ ॥ सहस्र कृत्वस्त्वभ्यस्य बहिरेतत्त्रिकंद्विजः । महतोप्येनसो मासात्त्वचेवाहिर्वि मुच्यते ॥ ७९ ॥ एतयर्चा विसंयुक्तः काले च क्रियया स्वया । ब्रह्मक्षत्रियविट्योनिर्गर्हणां याति साधुषु ॥ ८० ॥

તે પ્રજાપતિ બ્રહ્માએ આ સાવિત્રી ઋચાના ત્રણ પાદ ત્રણે વેદમાંથી એક એક પાદ કરીને કહાડી છે. ૭૭ બને સંધ્યા વખતે વેદ જાણનાર વિપ્ર જો એ ઓંકાર રૂપ અક્ષર અને વ્યાહૃતિ પૂર્વક ગાયત્રીનો જપ કરે તો સમગ્ર વેદ પઠનના ફલને પ્રાપ્ત થાય છે. ૭૮ કોઇ દ્વિજ ગામથી બહાર એ ત્રિક એટલે પ્રણવ, વ્યાહૃતિ અને ત્રિપદા ગાયત્રિનો એક હજાર વખત દરરોજ માસ પર્યંત જપ કરે તો જેમ સર્પ કાંચળીથી મુક્ત થાય તેમ મહા પાપથી તે મુક્ત થાય છે ૭૯ બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય એમાંનો કોઇ પણ એ ઋચા એટલે ગાયત્રી મંત્રથી રહિત હોય તથા સમયપર ઉપન-યનાદિ ક્રિયાથી રહિત હોય તો તે સજ્જન પુરૂષોમાં નિન્દાપાત્ર થાય છે. ૮૦.

ओङ्कारपूर्विकास्तिस्त्रोमहाव्याहृतयोऽव्ययाः । त्रिपदा चैव सा-वित्री विज्ञेयं ब्रह्मणो मुखम् ॥ ८१ ॥ योऽधीतेऽहन्यहन्येतांस्त्रीणि वर्षाण्यतन्द्रितः । स ब्रह्म परमभ्येति वायुभूतः खमूर्तिमा ॥ ८२ ॥ एकाक्षरं परं ब्रह्म प्राणायामः परंतपः ।सावित्र्यास्तु परं नास्ति मौना-त्सत्यं विशिष्यते ॥८३ ॥ क्षरन्ति सर्वा वैदिक्यो जुहोतियजति-क्रियाः । अक्षरं दुष्करं ज्ञेयं ब्रह्म चैव प्रजापतिः ॥ ८४ ॥

ઓંકાર પૂર્વક અવિનાશિની એવી ત્રણ મહા વ્યાહૃતિયો અને ત્રિપદા એટલે ત્રણ પાદવાળી ગાયત્રી એ વેદનુ મુખ જાણવું. ૮૧ જે દ્વિજ આ-લસ્ય રહિત થઇ દરરોજ એનું ત્રણ વરસ સુધી અધ્યયન કરે એટલે જપ કરે તો તે વાયુની પેઠે સ્વતંત્ર ચારી થઇ તથા શરીર બંધનથી મુક્ત થઇ પરબ્રહ્મને પ્રાપ્ત થાય છે. ૮૨ **ओइम्** એ એકાક્ષર પરબ્રહ્મ છે, પ્રાણાયામ એ પરમ તપ છે, ગાયત્રી કરતાં બીજો ઉત્કૃષ્ટ મંત્ર નથી અને મૌન કરતાં સત્ય વિશેષ ઉત્કૃષ્ટ છે. ૮૩ હોમ કરવાની તથા યજન કરવાની સર્વ વૈદિક્રિયાઓ નાશવાળી છે પરંતુ પ્રજાપતિ ઓંકાર અક્ષર રૂપ બ્રહ્મ અવિનાશીછે એમ જાણવું. ૮૪

विधियज्ञाज्जपयज्ञो विशिष्टोदशभिर्गुणैः । उपांशुःस्याच्छतगुणः साहस्रो मानसःस्मृतः ॥ ८५ ॥ ये पाकयज्ञाश्चत्वारो विधियज्ञसमन्विताः । सर्वे ते जपयज्ञस्य कलां नार्हन्ति षोडशीम् ॥ ८६ ॥ जप्येनैवतुसंसिध्येद् ब्राह्मणोनात्रसंशयः । कुर्यादन्यन्नवाकुर्यान् मैत्रो ब्राह्मण उच्यते ॥ ८७ ॥ इन्द्रियाणांविचरतां विषयेष्वपहारिषु । संयमे यत्नमातिष्ठेद्विद्वान्यन्तेव वाजिनाम् ॥ ८८ ॥

વિધિ યજ્ઞ કરતાં જપ યજ્ઞ દશ ગણો વધારે છે. અને વળી તે જો કોઇ પણ ન સાંભળે તેમ ધીમે ધીમે કરે તો સો ગણો વધારે સમજવો. અને તે યજ્ઞ મનમાંજ કરવામાં આવે તો હજારગણો વધારે જાણવો. ૮૫ વિધિયજ્ઞ યુક્ત ચારપાકયજ્ઞો જેવા કે અગ્નિ હોત્ર, વૈશ્વદેવ, નિત્યશ્રાદ્ધ, અતિથિપૂજન તે સવ જપયજ્ઞની સોળમી કલાને પણ યોગ્ય નથી. ૮૬ બ્રાહ્મણ જપ કરવાથીજ નિઃસશય સિદ્ધિને પ્રાપ્ત થાય છે. પછી તે બીજું કાંઇ કરે અથવા ન કરે તો પણ તે પ્રિય કહેવાય છે. ૮૭ પોતાની તરફ ખેંચનારા વિષયોમાં ગમન કરનારી ઇન્દ્રિયોને-સમયમમાં રાખવામાં વિદ્વાન્ મનુષ્યે જેની રીતે ઘોડાઓને નિયમમા રાખવામાં સારથી યત્ન કરે છે તેમ યત્ન કરવો. ૮૮

एकादशेन्द्रियाण्याहुर्यानिपूर्वेमनीषिणः । तानि सम्यक् प्रवक्ष्यामियथावदनुपूर्वशः ॥ ८९ ॥ श्रोत्रं त्वक्चक्षुषी जिह्वा नासिका चैवपञ्चमी । पायूपस्थंहस्तपादं वाक् चैव दशमीं स्मृता ॥ ९० ॥ बुद्धीन्द्रियाणि पञ्चैषां श्रोत्रादीन्यनुपूर्वशः । कर्मेन्द्रियाणि पञ्चैषां पाय्वादीनि प्रचक्षते ॥ ९१ ॥ एकादशंमनोज्ञेयं स्वगुणेनोभयात्मकम् । यस्मिन् जिते जितावेतौ भवतः पञ्चकौगणौ ॥ ९२ ॥

પૂર્વના જીતેન્દ્રિય વિદ્વાનોએ જે અગિઆર ઇન્દ્રિયો કહી છે તે સર્વ સારી રીતે યથાવત્ અનુક્રમથી હુ તમને કહું છું. ૮૯ કાન, ત્વચા, ચક્ષુ, જીહ્વા, અને પાંચમી નાસિકા, તેમજ ગુદા, ઉપસ્થ (શિશ્ન), હાથ, પગ અને દશમી વાણી કહેવાય છે. ૯૦ એમાં અનુક્રમે કરીને કાન આદિ પાંચ ઇન્દ્રિયોને જ્ઞાનેન્દ્રિય કહેવાય છે. અને ગુદા આદિ પાંચને કર્મેન્દ્રિય કહેવાય છે. ૯૧ પોતાના સંકલ્પવિકલ્પથી જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય બંને

રૂપ અગિઆરમું મનજાણવું. ૯૨ એક મનને જીતવાથી એ બને પંચ સમુદાય જીતાય છે. ૯૨.

इन्द्रियाणां प्रसङ्गेन दोषमृच्छत्यसंशयम् । सन्नियम्य तु तान्येव ततःसिद्धिंनियच्छति ॥ ९३ ॥ न जातु कामःकामानामुपभोगेन शाम्यति । हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥ ९४ ॥ यश्चैतान्प्राप्नुयात्सर्वान्यश्चैतान्केवलांस्त्यजेत् । प्रापणात्सर्वकामानां परित्यागो विशिष्यते ॥ ९५ ॥ न तथैतानि शक्यन्ते संनियन्तुमसेवया । विषयेषुप्रजुष्टानि यथाज्ञानेन नित्यशः ॥ ९६ ॥

ઇન્દ્રિયોના પ્રસંગ વડે અર્થાત્ ઇન્દ્રિયોમાં ફસવાથી નિઃસંશય દોષ પ્રાપ્ત થાય છે. તે ઇન્દ્રિયોને સારી રીતે નિયમમાં રાખીનેજ સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે. ૯૩ વિષય ભોગની ઇચ્છા વિષયોનો ભોગ કરવાથી શાંત થતી નથી. એમ કરવાથી તો જેમ ઘી વડે અગ્નિ વધે છે તેમ ઉલટી વિષયમા વિશેષ લપટ થવાય છે. ૯૪ જે પુરૂષ એ વિષયોને સંપૂર્ણ ભોગવે, અને જે પુરૂષ એ સંપૂર્ણ વિષયોનો ત્યાગ કરે, તેમા સર્વ વિષયોને ભોગવનાર કરતાં તેને ત્યાગ કરનાર વિશેષ કહેવાય છે. ૯૫ વિષયોમા ફસેલી ઇન્દ્રિયોને વિષયના સેવન વિના પણ રોકી શકાતી નથી, પરંતુ વિષયોથી આવતી આપત્તિ તથા થતાં દુઃખનુ વારવાર જ્ઞાન થવાથી રોકી શકાય છે. ૯૬.

वेदास्त्यागश्च यज्ञाश्च नियमाश्च तपांसिच । नविप्रदुष्टभावस्य सिद्धिंगच्छन्तिकर्हिंचित् ९७ श्रुत्वास्पृष्ट्वाचदृष्ट्वा चभुक्त्वाघ्रात्वाच योनरः । न हृष्यति ग्लायति वा सविज्ञेयोजितेन्द्रियः ९८ ॥ इन्द्रियाणांतुसर्वेषां यद्येकंक्षरतीन्द्रियम् । तेनास्यक्षरतिप्रज्ञा दृतेः पात्रादिवोदकम् ९९ वशेकृत्वेन्द्रियग्रामं संयम्य च मनस्तथा । सर्वान्संसाधयेदर्थानक्षिण्वन्योगतस्तनुम् ॥ १००

વેદાધ્યયન, યજ્ઞો, નિયમો, તપ એ સર્વ અતિશય દુષ્ટસ્વભાવવાળાને કદાપિ સિદ્ધ થતા નથી. ૯૭ જે પુરૂષ સારૂં અથવા નબળું શ્રવણ કરીને, સ્પર્શ કરીને, જોઇને, ભોજન કરીને, સુંઘીને પ્રસન્ન ન થતો હોય, તેમ ગ્લાની પણ પામતો ન હોય, તે જીતેન્દ્રિય જાણવો. ૯૮ સર્વ ઇન્દ્રિયોમાંથી યદિ એક ઇન્દ્રિય પણ જો વિષય તરફ ઢળી ગઇ તો છિદ્રવાળાં પાત્રમાંથી

જેમ જલ નીકળી જાય છે તેમ તેવી એક ઇન્દ્રિય વડે પુરૂષની બુદ્ધિ નષ્ટ થાય છે. ૯૦ ઇન્દ્રિયના ગ્રામને વશ કરીને તેપ્રમાણે મનને સંયમન કરીને યુક્તિથી શરીરને દુઃખ ન આપતાં સવ અર્થોને સાધ્ય કરવા. ૧૦૦.

पूर्वां संध्यांजपंस्तिष्ठेत्सावित्रीमार्कदर्शनात् । पश्चिमां तु समासीनःसम्यगृक्षविभावनात् ॥ १०१ ॥ पूर्वां संध्यां जपंस्तिष्ठन्नैशमेनोव्यपोहति । पश्चिमांतुसमासीनोमलंहन्तिदिवाकृतम् ॥ १०२ ॥ नतिष्ठतितुयःपूर्वां नोपास्तेयश्चपश्चिमाम् । स शूद्रवद्बहिष्कार्यः सर्वस्माद्द्विजकर्मणः ॥ १०३ ॥ अपां समीपे नियतो नैत्यकं विधिमास्थितः । सावित्रीमप्यधीयीत गत्वारण्यं समाहितः ॥ १०४ ॥

પ્રાતઃકાલની સંધ્યા સૂર્ય દર્શન સુધી ગાયત્રી જપ કરતાં અને સાયંકાલની સંધ્યા નક્ષત્ર દર્શન સુધી ગાયત્રી જપ કરતાં બેસીને કરવી. ૧૦૧ પ્રાતઃસંધ્યાના જપ કરતાં રાત્રીભરનું પાપ નાશ પામે છે અને સાયંસંધ્યાના જપથી દિવસે કરેલું પાપ નાશ પામે છે. ૧૦૨ જે પુરૂષ પ્રાતઃકાળે સંધ્યા કરવા બેસતો નથી અને જે સાયસંધ્યાની પણ ઉપાસના કરતો નથી તે પુરૂષ સર્વ પ્રકારના દ્વિજના કર્મથી શૂદ્રની પેઠે ત્યાગ કરવાયોગ્ય છે. ૧૦૩ જલાશયની પાસે જઇને અથવા એકાંતસ્થળમાં જઇને સાવધાન થઇ સંધ્યાવંદનાદિ નિત્યકર્મ કરવું અને ગાયત્રીનો જપ પણ કરવો. ૧૦૪.

वेदोपकरणे चैव स्वाध्याये चैव नैत्यके । नानुरोधोस्त्यनध्याये होममन्त्रेषु चैव हि ॥ १०५ ॥ नैत्यके नास्त्यनध्यायो ब्रह्मसत्रं हि तत्स्मृतम् । ब्रह्माहुतिहुतं पुण्य मनध्यायवषट्कृतम् ॥ १०६ ॥ यः स्वाध्यायमधीतेऽब्दं विधिना नियतःशुचिः । तस्य नित्यं क्षरत्येष पयो दधि घृतं मधु ॥ १०७ ॥ अग्नीन्धनं भैक्षचर्यामधः शय्यांगुरोर्हितम् । आसमावर्तनात्कुर्यात्कृतोपनयनोद्विजः १०८

વેદના ઉપકરણ જે શિક્ષાદિ તેને ભણવામાં તેમજ નિત્યના સ્વાધ્યાયમાં અને હોમ મંત્રમાં અનધ્યાયના દિવસોમાં પણ અનુરોધ આવતો નથી. ૧૦૫ નિત્ય કર્મમાં અનધ્યાય ગણવો ન જોઇએ, કારણ કે તે બ્રહ્મ યજ્ઞ કહેવાય છે—અને તેમાં વેદનીઆહુતીનો હોમ છે તે પુણ્ય કર્મ છે. અને અનધ્યાયમાં પણ વષટ્ એટલે સમાપ્તિ સૂચક શબ્દ કરવાને કાંઇ બાધ

નથી. ૧૦૬ જે પુરૂષ હંમેશાં શુદ્ધ થઇ વિધિવડે એક વર્ષ પર્યંત સ્વાધ્યાય કરે તેને તે સ્વાધ્યાય હંમેશાં દુધ, દહિં, મધ અને ઘીને વરસાવે છે. (અર્થાત્ તે સર્વ પ્રકારે સુખી રહે છે. કાંઇ ઘી દધની વૃષ્ટિ થતી નથી.) ૧૦૭ ઉપનયન સંસ્કાર કરાયલા દ્વિજે સમાવર્તન સંસ્કારથતાં સુધી સાયંપ્રાતર્હોમ, ભિક્ષા ચરણ, જમીનપર સવું, અને હંમેશાં ગુરૂનું જેમ હિત થાય તેમ કરવું. ૧૦૮.

आचार्य पुत्रः शुश्रूषुर्ज्ञानदो धार्मिकः शुचिः। आप्तः शक्तोऽर्थदः साधुः स्वोऽध्याप्या दश धर्मतः ॥ १०९ ॥ नापृष्टः कस्यचिद्ब्रूयान्न चान्यायेन पृच्छतः । जानन्नपिहि मेधावी जडवल्लोक आचरेत् ११० अधर्मेण च यः प्राह यश्चाधर्मेण पृच्छति । तयोरन्यतरः प्रैति विद्वेषं वाधिगच्छति ॥ १११ धर्मार्थौ यत्र न स्यातां शुश्रूषा वाऽपि तद्विधा । तत्र विद्या नवक्तव्या शुभं बीजमिवोषरे ॥ ११२ ॥

આચાર્ય પુત્ર, સેવક, બીજા પ્રકારના જ્ઞાનને આપનાર, ધાર્મિક, પવિત્ર, આપ્ત, શક્તિવાન, ધન આપનાર, સજ્જન, અને સ્વજ્ઞાતિ પુરૂષ, એટલા દશ અધ્યયન કરાવવા યોગ્ય છે. ૧૦૯ કોઇને પણ પુછ્યા શિવાય તેમજ અન્યાય વડે પુછનારને ધર્મોપદેશ કરવો નહિ. બુદ્ધિમાન્ પુરૂષે જ્ઞાતા હોવા છતાં પણ એવા લોકસાથે જડની પેઠે આચરણ કરવું. ૧૧૦ જે કોઇ પુછવા અથવા જાણવા માગતો નથી તેને પણ જે ધર્મોપદેશ કરે છે, અથવા જે અધર્મથી પ્રશ્ન પુછે છે તો તે બેમાંથી એકનું મૃત્યુ થાય છે, અથવા તો દ્વેષી બની જાય છે. ૧૧૧ જે શિષ્યનામાં ધર્મનો અંકૂર નહોય, તેમજ આગળ પર સુખની સંભાવના પણ ન હોય, અથવા ધર્મ તથા સુખને ધારનારી સેવા પણ જેનામાં નહોય તેવા શિષ્યમાં જેમ ઉપર જમીનમાં સારૂં બીજ વવાતું નથી તેમ વિદ્યાવાવવી નહિં; અર્થાત્ તેવા શિષ્યને વિદ્યા ભણાવવી નહિં. ૧૧૨.

विद्ययैव समं कामं मर्तव्यं ब्रह्मवादिना । आपद्यपि हि घोरायां नत्वेनामिरिणे वपेत् ॥ ११३ ॥ विद्या ब्राह्मणमेत्याह शेवधिस्तेऽस्मि रक्षमाम् । असूयकाय मां मादास्तथा स्यां वीर्यवत्तमा ॥ ११४ ॥ यमेव तु शुचिं विद्यान्नियतब्रह्मचारिणम् । तस्मै मां ब्रूहि विप्राय

निधिषायाऽमसूयकाय... ॥ ११५ ॥ ब्रह्मयस्त्वननुज्ञातमधीयानादवाप्नुयात् । स ब्रह्मस्तेयसंयुक्तो नरकं प्रतिपद्यते ॥ ११६ ॥

બ્રહ્મવાદી પુરૂષે મથેષ્ટ વિદ્યા સાથેજ એટલે કે કોઇને પણ શિખવ્યા શિવાય મરવું પરન્તુ ઘોર આપત્તિમાં પણ શૂન્યહૃદયવાળા શિષ્યમાં વિદ્યાવાવવી નહિ. અર્થાત્ ભણાવવો નહિ. ૧૧૩ વિદ્યા બ્રાહ્મણને પ્રાપ્ત થઇને કહે છે કે હું તારો ભંડાર છું, તું મારૂં રક્ષણ કર. પરંતુ નિન્દકને મને આપ નહિ, તો હું અતિશય બલવાન્ થાઉં. અર્થાત્ તારાં કાય સાધવામાં સમર્થ થાઉં ૧૧૪ જે બહાર અને અંદરથી શુદ્ધ, ઇંદ્રિયોને વશમાં રાખનાર, બ્રહ્મચારી અર્થાત્ વ્યભિચારાદિ દોષ રહિત હોય એવો જેને જાણે, તેવા પ્રમાદ રહિત, વિદ્યારૂપભંડારના રક્ષક વિપ્રને તું મને ભણાવ; અર્થાત તેવાને વિદ્યા ભણાવવી. ૧૧૫. જે પુરૂષનો ગુરૂએ વિદ્યાભણાવવા માટે સ્વીકાર ન કર્યો હોય છતાં બીજા વિદ્યાર્થિયોને ભણતાં સાંભળીને વેદ પ્રાપ્ત કરે તો તે વેદની ચોરી કરનારો દુઃખી થાય છે. ૧૧૬.

लौकिकंवैदिकंवापि तथाध्यात्मिकमेवच। आददीत यतोज्ञानंतं पूर्वमभिवादयेत् ॥११७॥ सावित्रीमात्रसारोपि वरं विप्रः सुयन्त्रितः । नायन्त्रितस्त्रिवेदोऽपि सर्वाशी सर्वविक्रयी ॥ ११८ ॥ शय्यासनेऽध्याचरिते श्रेयसानसमाविशेत् । शय्यासनस्थश्चैवैनं प्रत्युत्थायाभिवादयेत् ॥ ११९॥ ऊर्ध्वं प्राणाह्युत्क्रामन्ति यूनः स्थविर आयति । प्रत्युत्थानाभिवादाभ्यांपुनस्तान्प्रतिपद्यते ॥ १२० ॥

જેની પાસેથી લોક સંબંધી, વેદ સંબંધી તેમ અધ્યાત્મ સંબંધી જ્ઞાન ગ્રહણ કર્યું હોય તે ગુરૂને પ્રથમ અભિવંદન કરવું. ૧૧૭ જે વિપ્ર ફકત ગાયત્રી માત્રને જાણનાર હોય અને જીતેન્દ્રિય હોય તો તે શ્રેષ્ટ જાણવો પરંતુ ઇંદ્રિયોના વિષયોમાં ફસેલો, સર્વ ભક્ષણ કરનાર, સવ વિક્રયકરનાર ત્રણ વેદ જાણતો હોય તોપણ તે નિંદ્ય છે. અર્થાત્ શ્રેષ્ટ નથી, ૧૧૮ ગુરૂના શય્યા અને આસન પર પરોક્ષ અથવા પ્રત્યક્ષ કદાપિ બેસવું નહિ. અને પોતાની શય્યા તથા આસનપર બેઠા હોઇએ અને ગુરૂ આવે તો તે પરથી ઉઠીને અભિવંદન કરવું. ૧૧૯ પોતાનાથી વિદ્યાદિ ગુણોમા વૃદ્ધ, ગુરૂ આદિ પુરૂષ આવે તે સમયે યુવાન્ પુરૂષોના પ્રાણ બહાર નિકળવા જેવા થાય છે. પછી જ્યારે તે યુવા પુરૂષ તે વૃદ્ધને પ્રત્યુત્થાન તથા અભિવાદનથી સત્કાર કરે તેજ ફરીને પાછા પ્રાણ પ્રાપ્ત થાય છે. ૧૨૦

अभिवादनशीलस्य नित्यं वृद्धोपसेविनः । चत्वारि तस्य वर्धन्ते आयुर्विद्यायशोबलम् ॥ १२१ ॥ अभिवादात्परंविप्रोज्यायांसमभिवादयन् । असौ नामाहमस्मीति स्वं नामपरिकीर्तयेत् ॥१२२॥ नामधेयस्य ये केचिदभिवादं न जानते । तान्प्राज्ञोऽहमितिब्रूयात् स्त्रियः सर्वास्तथैव च ॥ १२३॥ भोः शब्दं कीर्तयेदन्ते स्वस्य नाम्नोभिवादने। नाम्नांस्वरूपभावोहि भोभाव ऋषिभिः स्मृतः ॥ १२४ ॥

ગુરૂ આદિ વૃદ્ધોની સેવા કરનાર તથા અભિવાદન કરવાના સ્વભાવવાળો જે પુરૂષ, તેનું આયુષ્ય, બુદ્ધિ, યશ અને બલ એ ચાર વૃદ્ધિ પામે છે. ૧૨૧ દ્વિજે વૃદ્ધને અભિવંદન કરતાં અભિવદન કર્યા પછી “હું અમુકનામવાળો તમને અભિવદન કરૂ છું” એવી રીતે પોતાનુ નામ કહેવું. ૧૨૨ જે કોઇ સ્વનામોચ્ચારણ પૂર્વક અભિવંદનની રીત જાણતા ન હોય તો બુદ્ધિમાન્ પુરૂષે “હુ આપને અભિવંદન કરૂં છુ.” એવું કહેવું. અને સર્વ પૂજ્યસ્ત્રાઓને પણ તેમજ કરવું ૧૨૩ અભિવંદન કર્મમાં પોતાના નામની અંતમાં “भोः” શબ્દનો ઉચ્ચાર કરવો. કેમકે અભિવાધના નામનો જે સ્વરૂપભાવ તેજ “ભો” શબ્દોચ્ચારણનો અભિપ્રાય છે એમ ઋષિયોએ માન્યું છે. ૧૨૪

आयुष्मान्भव सौम्येति वाच्यो विप्रोभिवादने । अकारश्चास्य नाम्नोन्ते वाच्यः पूर्वाक्षरः प्लुतः ॥ १२५ ॥ यो न वेत्त्यभिवादस्य विप्रःप्रत्यभिवादनम्। नाभिवाद्यः सविदुषा यथाशूद्रस्तथैवसः॥ १२६॥ ब्राह्मणं कुशलं पृच्छेत्क्षत्रबन्धुमनामयम् । वैश्यं क्षेमं समागम्य शूद्रमारोग्यमेवच ॥ १२७ ॥ अवाच्यो दीक्षितो नाम्ना यवीयानपियो भवेत् । भोभवत्पूर्वकं त्वेनमभिभाषेत धर्मवित् ॥ १२८ ॥

અભિવંદનમાં “आयुष्यमान् भवसौम्य” એ પ્રમાણે બ્રાહ્મણને કહેવું. અને નામના અંતમાં પૂર્વાક્ષર એટલે શર્મન્ એવા ન કારાદિ વ્યંજન થી પૂર્વાક્ષર જે અકારાદિ તેને પ્લુત બોલવો. ૧૨૫ જે બ્રાહ્મણાદિ દ્વિજ અભિવંદનના પ્રત્યભિવાદનને જાણનો નથી તેને વિદ્વાન માણસે અભિવંદન કરવું નહિ. કારણકે જેવો શૂદ્ર હોય છે તેવો તે છે. ૧૨૬ અભિવંદન પછી સમાગમ વખતે બ્રાહ્મણને “કુશલ” પુછવું, ક્ષત્રિયને “અનામય”

वैश्यने "क्षेम" अने शूद्रने "आरोग्य" पुछवुं. १२७ धर्मज्ञपुरुषे जे पुरुष पोतानाथी नानो होय तथापि विद्या यज्ञादिवडे दीक्षित होय तो तेना नामवडे तेने बोलाववो नहि किंतु तेने "भो" अथवा "भवान्" ए शब्द पूर्वक दीक्षित शब्द वडे बोलाववा. १२८.

परपत्नीतुया स्त्री स्यादसंबन्धा चयोनितः । तां ब्रूयाद्भवतीत्येवं सुभगे भगिनीतिच ॥ १२९ ॥ मातुलांश्च पितृव्यांश्च श्वशुरानृत्विजो गुरून् । असावहमिति ब्रूयात्प्रत्युत्थाय यवीयसः ॥ १३० ॥ मातृष्वसा मातुलानी श्वश्रूरथ पितृष्वसा । संपूज्या गुरुपत्नीवत् समास्ता गुरुभार्यया ॥ १३१ ॥ भ्रातुर्भार्योपसंग्राह्या सवर्णाऽहन्यहन्यपि। विप्रोष्य तूपसंग्राह्या ज्ञातिसंबन्धियोषितः ॥ १३२ ॥

जे स्त्री योनी सबंध रहित होय अने ते पर स्त्री होय तो तेने भवती कहीने अथवा सुभगे तेमज भगिनी कहीने बोलाववी. १२९ मामा, काका, ससरा, ऋत्विज, गुरु एटला आयुमां पोतानाथी नाना होय तो पण तेने आवता जोइने, उठीने **अमुक शर्माऽहम्** एटलु कहीने अभिवंदन करवु. १३० मातानी बेहेन, मामी, सासु, पितानी बेहेन, ते सर्व गुरु पत्नी तुल्य छे. माटे गुरु पत्नी पेठ तेनो पण आसनादिथी सत्कार करवो. १३१ सवर्णा एवी पोताना मोटा भाइनी स्त्री पण हमेशां अभिवंदन करवा योग्य छे. अने देशान्तरथी आवीने ज्ञाति अने संबंधियोनी स्त्रीओनो पण अभिवदन सत्कार करवो. परतु तेओनो हमेशां तेवो सत्कार करवानो विधि नथी. १३२.

पितुर्भगिन्यांमातुश्च ज्यायस्यांचस्वसर्यपि । मातृवद्वृत्तिमातिष्ठेन्माताताभ्योगरीयसी ॥ १३३ ॥ दशाब्दाख्यंपौरसख्यं पञ्चाब्दाख्यं कलाभृताम् । त्र्यब्दपूर्वं श्रोत्रियाणांस्वल्पेनापिस्वयोनिषु ॥१३४॥ ब्राह्मणंदशवर्षंतु शतवर्षंतुभूमिपम् । पितापुत्रौ विजानीयात् ब्राह्मणस्तु तयोः पिता ॥ १३५ ॥ वित्तं बन्धुर्वयः कर्म विद्या भवति पञ्चमी । एतानि मान्यस्थानानि गरीयो यद्युदुत्तरम् ॥ १३६ ॥

पितानी बेहेन अने पोतानी मोटी बेहेन अने मातानी बेहेनने विषे पण माताना जेवी वृत्ति राखवी, अर्थात् माता तुल्य तेनो सत्कार

કરવો. પરંતુ તે સર્વથી માતા અધિક છે એમ જાણવું. ૧૩૩ એક નગરમાં રહેવાવાળાઓમાં બરાબરની મિત્રતાનો વ્યવહાર દશ વર્ષનાં નાના મોટા સુધી હોય છે, શિલ્પાદિગુણવાળાઓમાં પાંચ વર્ષ ન્યુનાધિક હોવા સુધી, વેદ ભણવાવાળાઓમાં ત્રણ વર્ષ ન્યુનાધિક સુધી અને પોતાના કુટુંબમાં થોડા મહિનાની ન્યુનાધિકતા સુધીમાં મિત્રતાનો વ્યવહાર થાય છે. એનાથી અધિક ન્યુનાધિક હોય તો આયુથી જ્યેષ્ઠ અને કનિષ્ઠનો વ્યવહાર કરવો જોઇએ. ૧૩૪ દશ વર્ષનો બ્રાહ્મણ અને સો વર્ષનો ક્ષત્રિય એ બન્નેને પિતા પુત્ર જાણવા; તેમાં બ્રાહ્મણને પિતા સમજવો અને ક્ષત્રિયને પુત્ર સમજવો. ૧૩૫ ન્યાયોપાર્જીત દ્રવ્ય, વય, કર્મ, અને પાંચમી વિદ્યા એ પાંચ માન્ય સ્થાન છે તેમાં ઉત્તરોત્તર એક એક કરતાં એક એક મોટું છે. ૧૩૬.

पञ्चानांत्रिषु वर्णेषु भूयांसि गुणवन्तिच । यत्रस्युः सोत्रमानार्हः शूद्रोपि दशमींगतः ॥ १३७ ॥ चक्रिणोदशमीस्थस्य रोगिणो भारिणः स्त्रियाः । स्नातकस्य च राज्ञश्च पन्था देयोवरस्य च ॥ १३८ ॥ तेषांतु समवेतानां मान्यौस्नातकपार्थिवौ । राजस्नातकयोश्चैव स्नातको नृपमानभाक् ॥ १३९ ॥ उपनीय तु यः शिष्यं वेदमध्यापयेद्द्विजः । सकल्पं सरहस्यं च तमाचार्यं प्रचक्षते ॥ १४० ॥

ત્રણ વર્ણોમાં જેનામાં એ પાંચગુણોમાંથી અધિક ગુણ હોય, તે માન આપવા યોગ્ય છે- ૧૩૭ રથપર સ્વાર થયેલાને, સો વર્ષની અવસ્થાવાળા વૃદ્ધને, રોગીને, ભાર વાહકને, સ્ત્રીઓને, સ્નાતકને, રાજાને, અને જે વિવાહિત થઇને આવતો હોય એવા વરને જવાનો માર્ગ આપવો. અર્થાત્ માગમાં એટલા આપણી સામા મળે તો આપણે દૂર થઇને પણ તેઓને જવાનો માર્ગ આપવો. ૧૩૮ અને તે બધા જો એકઠા થયા હોય તો તેમાં સ્નાતક અને રાજા એ બેને પ્રથમ માનનીય ગણવા. તેમજ રાજા અને સ્નાતક એ બંનેમાં રાજાએ સ્નાતકને માન આપવું જોઇએ. ૧૩૯ જે દ્વિજ શિષ્યને ઉપનયન સસ્કાર કરીને કલ્પ અને રહસ્ય સહિત વેદાધ્યયન કરાવે તેને આચાર્ય કહેવાય છે. ૧૪૦

एकदेशं तु वेदस्य वेदाङ्गान्यपि वा पुनः । योध्यापयति वृत्त्यर्थमुपाध्यायः स उच्यते ॥ १४१ ॥ निषेकादीनि कर्माणि यःकरोति

यथाविधि । संभावयति चान्नेन स विप्रो गुरुरुच्यते ॥ १४२ ॥ अग्न्याधेयं पाकयज्ञानग्निष्टोमादिकान्मखान् । यः करोति वृतायस्य स तस्यर्त्विगिहोच्यते ॥ १४३ ॥ यआवृणोत्यवितथंब्रह्मणाश्रवणावुभौ । स माता सपिता ज्ञेय स्तंनद्रुह्येत्कदाचन ॥ १४४ ॥

જે ફક્ત આ જીવિકાને માટે વેદનો એકદેશ અથવા વેદના અંગોને માત્ર ભણાવે તે ઉપાધ્યાય કહેવાય છે. ૧૪૧ જે ગર્ભાધાનાદિથી લઈને સર્વ કર્મ યથાવિધિ કરે અને અન્ન વડે પોષણ કરે તે બ્રાહ્મણ ગુરૂ કહેવાય છે. ૧૪૨ જે અગ્ન્યાધાન એટલે આહવનીયાદિ અગ્નિમાં જે કર્મ કરાય છે તે, તથા વૈશ્વદેવાદિ પાક યજ્ઞ, અને અગ્નિષ્ટોમાદિક યજ્ઞો કરે, તેમજ યજમાન પાસે કરાવે તે ઋત્વિક્ કહેવાય છે. ૧૪૩ જે આચાર્ય સત્યસ્વરૂપ, પવિત્રવેદ ભણાવીને બને કાન ભરી દે છે, અર્થાત્ પવિત્ર વેદના ગૂઢાશયોને કાનદ્વારા મન અને આત્મામાં બોધ આપે તે માતા અને તેજ પિતા જાણવો અને તેનો દ્રોહ કદાપિ કરવો નહિ. ૧૪૪.

उपाध्यायान्दशाचार्य आचार्याणांशतंपिता। सहस्रंतुपितॄन्माता गौरवेणातिरिच्यते ॥ १४५ ॥ उत्पादकब्रह्मदात्रोर्गरीयान्ब्रह्मदः पिता ब्रह्मजन्म हि विप्रस्य प्रेत्य चेह च शाश्वतम् ॥ १४६ ॥ कामान्मातापिता चैनंयदुत्पादयतोमिथः । संभूतिंतस्यतांविद्याद्यद्योनावभिजायते ॥ १४७ ॥ आचार्यस्त्वस्ययांजातिंविधिवद्वेदपारगः । उत्पादयतिसा विद्यासासत्यासाऽजराऽमरा ॥ १४८ ॥

દશ ઉપાધ્યાય કરતાં એક આચાર્ય, સો આચાર્ય કરતાં પિતા અને હજાર પિતા કરતાં એક માતાનુ ગૌરવ વધારે છે. અર્થાત્ માનનીય છે. ૧૪૫ જન્મ આપનાર અને વેદ વિદ્યા ભણાવનાર એ બેમાં વેદ આપનાર પિતા માનનીય અર્થાત્ મોટો છે. કેમકે વિપ્રનો બ્રહ્મ જન્મ એટલે વેદ જન્મ છે તેજ આ લોક અને પરલોકમાં શાશ્વત સુખ આપનાર છે. ૧૪૬ માતા અને પિતા એ બંને પરસ્પર કામાસક્ત થઈને જે આ સંતાનને ઉત્પન્ન કરે છે તો તે સંતાનની તે ઉત્પત્તિ ફક્ત જરા મરણ યુક્ત જાણવી. તેમજ જે માતાના ઉદરમાં તે બાળકનું શરીર બને છે તે શરીરના સ્વામી, ફક્ત તે માતા પિતા છે. ૧૪૭ પરંતુ સંપૂર્ણ વેદને જાણનાર આચાર્ય

એ બાળકની જે જાતીને યથાવિધિ ગાયત્રી ઉપદેશદ્વારા ઉત્પન્ન કરે છે, તે જાતી સત્ય, અજર અને અમર જાણવી. કારણ કે તેનાથીજ બ્રહ્મપ્રાપ્તિ થાય છે. (આ ઠેકાણે પં૦ ભીમસેનશર્મા એવો અભિપ્રાય જણાવે છે કે. પિતાથી ઉત્પન્ન થયેલું શરીર જરા મરણ યુક્ત અલ્પ કાળ સ્થાયી હોવાથી અસત્ય છે અર્થાત્ વિનાશી છે તથા જન્માન્તરમાં પણ અવિનાશી વિદ્યા જન્મ નિત્ય અથવા સત્ય છે.) ૧૪૮.

अल्पंवा बहु वा यस्यश्रुतस्योपकरोति यः। तमपीहगुरुं विद्या-च्छ्रुतोपक्रिययातया ॥ १४९ ॥ ब्राह्मस्य जन्मनः कर्तास्वधर्मस्य च शासिता।बालोपि विप्रो वृद्धस्य पिता भवति धर्मतः ॥ १५० ॥ " अध्यापयामासपितॄन्शिशुराङ्गिरसःकविः। पुत्रकाइतिहोवाच ज्ञानेन परिगृह्यतान् ॥ १५१ ॥ तेतमर्थमपृच्छन्त देवानागतमन्यवः। देवाश्चै-तान्समेत्योचुर्न्याय्यं वः शिशुरुक्तवान् ॥ १५२ ॥ "

જે અધ્યાપક જેના ઉપર થોડો અથવા ઘણો વેદાધ્યયનનો ઉપકાર કરે છે તો તે વેદાધ્યયન રૂપ ઉપકારના હેતુ બદલ તેને પણ ગુરૂ સમજવો. અને માન આપવું. ૧૪૯ વેદાધ્યયન રૂપ જન્મ આપનાર અને સ્વધર્મનુ શિક્ષણ આપનાર વિપ્ર અવસ્થામાં બાલક હોય તો પણ વૃદ્ધનો તે ધર્મથી પિતા કહેવાય છે. ૧૫૦ " અંગિરા ઋષિના ગોત્રમા ઉત્પન્ન થયેલાં કવિ નામના બાલકે પોતાના કાકા વિગેરેને વેદાધ્યયન કરાવ્યુ હતું અને વિદ્યાથી તેને પુત્ર ભાવ તરીકે સ્વીકારીને બોલાવતી વખતે " હે પુત્રો ? ,, કરીને બોલ્ર-તા હતા. ૧૫૧ એ ઉપરથી તેઓને ક્રોધ પ્રાપ્ત થયો, જેથી દેવોની પાસે પુત્ર શબ્દનો અથ પુછવા ગયા, ત્યારે બધા દેવોએ મળીને તેઓને કહ્યું કે તમને ને બાલકે જે " હે પુત્રો ? ,, એમ કહ્યુ તે ન્યાયસરજ છે." ૧૫૨.

अज्ञो भवति वै बालः पिता भवति मन्त्रदः। अज्ञंहि बालमि-त्याहुः पितेत्येव तु मन्त्रदम् ॥ १५३ ॥ न हायनैर्न पलितैर्न वित्तेन न बन्धुभिः। ऋषयश्चक्रिरेधर्मं योनूचानःसनोमहान् ॥ १५४ ॥ वि-प्राणां ज्ञानतो ज्यैष्ठ्यं क्षत्रियाणां तु वीर्यतः। वैश्यानां धान्यधनतः शूद्राणामेव जन्मतः ॥ १५५ ॥ न तेन वृद्धो भवति येनास्य पलितं-शिरः। योवै युवाप्यधीयानस्तं देवाः स्थविरंविदुः १५६ ॥

(આ બે શ્લોકો ગ્રંથ સંપાદકે મેળવેલા હોય એમ જણાય છે કારણ કે આંગિરસ ગોત્રોત્પન્ન કવિ નામનો બાલક મનુની પાછળ હોવો જોઇએ. અને આ શ્લોકોમાં પરોક્ષ ભૂતકાલની ક્રિયા છે તે અસંબદ્ધ હોવાથી એ બે શ્લોકો પ્રક્ષિપ્ત માલમ પડે છે.) વેદ વિદ્યાને જાણનાર ચાહે તેટલો વૃદ્ધ હોય તો પણ તે બાલક જાણવો અને વેદ મંત્રો આપનાર અર્થાત્ વેદાધ્યયન કરાવનાર ચાહે તેટલો વયમાં બાલક હોય તોંપણ તે પિતા તુલ્ય હોય છે. ઋષિયો અજ્ઞને બાળક કહે છે અને અને વેદાદિ મંત્ર આપનારને પિતા કહે છે. ૧૫૩ ઘણા વર્ષો વડે, અથવા માથે ધોળા વાળ આવ્યા હોય તેથી કરીને, વિત્ત વડે અથવા બંધુઓ વડે એટલે બહોળાં કુટુંબવડે પુરૂષ વિદ્વાન કરતાં અધિક માન આપવા યોગ્ય નથી. પણ જે વિદ્વાન મનુષ્યોમાં સમસ્ત વેદને સાર્થક જાણનાર તેમજ ભણાવનાર હોય તે માનનીય ગણાય છે. એ પ્રમાણે ઋષિયોએ ધર્મની વ્યવસ્થા કરી છે. ૧૫૪ બ્રાહ્મણોનું જ્ઞાનથી મોટાપણું જાણવું, ક્ષત્રિયોનું બલ-પરાક્રમથી મોટાપણું, ધન અને ધાન્યથી વૈશ્યનું મોટાપણું અને શૂદ્રોનું વય વધારે હોય તે વડે મોટાપણું જાણવું. ૧૫૫ જે વયવડે તેના માથે શ્વેત વાળ આવી ગયા હોય તેણે કરીને એનું વૃદ્ધપણું કહેવાતું નથી પરંતુ જે જુવાન હોય તથાપિ વિદ્યાધ્યયન સંપન્ન હોય તેને જ્ઞાની પુરૂષો વૃદ્ધ કહે છે. ૧૫૬.

यथा काष्ठमयो हस्ती यथा चर्ममयो मृगः । यश्चविप्रोनधीया-
नस्त्रयस्तेनाम बिभ्रति ॥ १५७ ॥ यथाषण्ढोऽफलःस्त्रीषु यथा गौ-
र्गविचाफला । यथा चाज्ञेऽफलंदानंतथाविप्रोनृचोऽफलम् ॥ १५८ ॥
अहिंसयैवभूतानां कार्यंश्रेयोऽनुशासनम् । वाक्चैवमधुराश्लक्ष्णा प्रयो-
ज्याधर्ममिच्छता ॥ १५९ ॥ यस्य वाङ्मनसी शुद्धे सम्यग्गुप्ते च
सर्वदा । स वै सर्वमवाप्नोति वेदान्तोपगतं फलम् ॥ १६० ॥

જે પ્રમાણે લાકડાંનો હાથી, ચામડાંનો મૃગ, તેજપ્રમાણે વેદાધ્યયન વિનાનો વિપ્ર એ ત્રણે નામ માત્રના ધારણ કરનારા છે. ૧૫૭ જે પ્રમાણે નપુસંક પુરૂષ સ્રીયોમાં સંતાનોત્પત્તિ કરવામાં નિષ્ફલ હોય છે, ગાય ગાયમાં નિષ્ફલ હોય છે, મૂર્ખ માણસવિષે દાન નિષ્ફલ હોય છે. તે પ્રમાણે વેદ રહિત વિપ્ર નિષ્ફલ જાણવો. ૧૫૮ ધર્મને ઇચ્છનાર ગુરૂએ સ્રી, પુત્ર, શિષ્યાદિને કલ્યાણકારી શિક્ષણ, ક્રોધાદિ તેમજ તાડનાદિ રહિત થઇને આપવું. તેમજ શિક્ષણ આપતાં મધુર અને કોમલ વાણીનો ઉપયોગ કરવો. ૧૫૯

જેનાં વાણી અને મન શુદ્ધ હોય અને બીજા બાહ્ય વિષયોથી હંમેશાં સુરક્ષિત હોય એટલે કે વિષયો દ્વારા જેનું મન મલીન ન થયું હોય, તે પુરૂષ સર્વ વેદાન્તનું ફલ પ્રાપ્ત કરી શકે છે. ૧૬૦

नारुंतुदः स्यादार्तोऽपि न परद्रोहकर्मधीः । ययास्योद्विजते वाचा नालोक्यां तामुदीरयेत् ॥ १६१ ॥ संमानाद्ब्राह्मणो नित्यमुद्विजेत विषादिव । अमृतस्येव चाकाङ्क्षेदवमानस्य सर्वदा ॥ १६२ ॥ सुखं ह्यवमतः शेते सुखं च प्रतिबुध्यते । सुखं चरति लोकेऽस्मिन्नवमन्ता विनश्यति ॥ १६३ ॥ अनेन क्रमयोगेन संस्कृतात्मा द्विजः शनैः । गुरौ वसन्संचिनुयाद्ब्रह्माधिगमिकं तपः १६४ ॥

કોઈ કઠોર વાણીથી દુઃખીત થયો હોય તો પણ પોતે કઠોર શબ્દ બોલવાવાળા થવું નહિ; તેમજ બીજાનો દ્રોહ કરવા રૂપ કર્મમાં બુદ્ધિ ન ચલાવવી. ધર્મેચ્છુ પુરૂષની વાણીવડે કોઇને પણ ઉદ્વેગ ન થવો જોઇએ. અને તેવી ન ગ્રહણ કરવા યોગ્ય વાણી મુખથી બોલવી પણ નહિ. ૧૬૧ ધર્મના રક્ષક બ્રાહ્મણે વિષથી જેમ ઉદ્વેગ થાય છે તેમ સન્માન તથા પ્રતિષ્ઠાથી ડરતા રહેવું. અને હંમેશાં અપમાનને અમૃતની પેઠે ચાહવું. ૧૬૨ બીજાથી અપમાન થયાં છતાં પણ ખેદ ન કરનાર પુરૂષ સુખથી સુવે છે. અને સુખ પૂર્વક જાગે છે. વળી આ લોકમાં સુખ પૂર્વક ફરે છે. અને અપમાન કરનાર નાશ પામે છે. ૧૬૩ ગર્ભાધાનાદિ સંસ્કારથી સંસ્કૃત થયેલા આત્માવાળા અને ગુરૂની પાસે વસતા દ્વિજે આ ક્રમયોગવડે શુભાશુભ કર્મના વિધિનિષેધાનુસાર વેદના તત્વાર્થનું જ્ઞાન થાય તેવું તપ ધીમે ધીમે સંચય કરવું. ૧૬૪.

तपोविशेषैर्विविधैर्व्रतैश्च विधिचोदितैः । वेदः कृत्स्नोऽधिगन्तव्यः सरहस्यो द्विजन्मना ॥ १६५ ॥ वेदमेव सदाभ्यस्येत्तपस्तप्स्यन्द्विजोत्तमः । वेदाभ्यासो हि विप्रस्य तपः परमिहोच्यते ॥ १६६ ॥ आ हैव स नखाग्रेभ्यः परमं तप्यते तपः । यः स्रग्व्यपि द्विजोऽधीते स्वाध्यायं शक्तितोऽन्वहम् ॥ १६७ ॥ योऽनधीत्य द्विजो वेदमन्यत्र कुरुते श्रमम् । स जीवन्नेव शूद्रत्वमाशु गच्छति सान्वयः ॥ १६८ ॥

દ્વિજાતિએ અનેક પ્રકારના તપ વિશેષે કરીને, શાસ્ત્રમાં વિધાન કરેલાં વ્રતો વડે રહસ્ય સાથે સમગ્ર વેદનું અધ્યયન કરવું. ૧૬૫ દ્વિજોત્તમે તપ કુ-

રતાં કરતાં સદા વેદનોજ અભ્યાસ કરવો. વિપ્રનું વેદાભ્યાસ છે તેજ આ શાસ્ત્રમાં પરમ તપ કહેવાય છે, ૧૬૬ જેદ્વિજ પુષ્પમાલા ધારણ કરેલો હોય તો પણ શક્તિને અનુસાર હંમેશાં વેદાધ્યયન કરે છે તે નખપર્યંત સંપૂર્ણ શરીરથી પરમ તપશ્ચર્યાજ કરે છે. ૧૬૭ જેદ્વિજ વેદાધ્યયન છોડીને વેદથી ભિન્ન ગ્રંથો ભણવામાં પરિશ્રમ કરે છે તે, જીવતાંછતાં પોતાનાં કુટુંબ સાથે શીઘ્ર શૂદ્રતાને પ્રાપ્ત થાય છે. ૧૬૮

मातुरग्रेधिजननं द्वितीयं मौञ्जिबन्धने । तृतीयं यज्ञदीक्षायां द्विजस्य श्रुतिचोदनात् ॥ १६९ ॥ तत्र यद्ब्रह्मजन्मास्य मौञ्जीबन्धन चिन्हितम् । तत्रास्यमातासावित्री पिता त्वाचार्य उच्यते ॥ १७० ॥ वेदप्रदानादाचार्यं पितरं परिचक्षते । नह्यस्मिन्युज्यतेकर्म किंचिदा-मौञ्जिबन्धनात् ॥ १७१ ॥ नाभिव्याहारयेद्ब्रह्म स्वधानिनयनादृते । शूद्रेण हि समस्तावद्यावद्वेदे न जायते ॥ १७२ ॥

શ્રુતિના વિધાનથી દ્વિજનું પ્રથમ જન્મ માતાથી થાય છે, મૌંજીબંધન વખતે બીજો જન્મ અને યજ્ઞની દીક્ષા વખતે ત્રીજો જન્મ થયો એમ કહેવાય છે. ૧૬૯ તેમાં તેનું મૌંજીબંધનના ચિન્હવાળું જે બ્રહ્મજન્મ છે, તેમાં તેના માતા સાવિત્રી અને આચાર્ય પિતા કહેવાય છે. ૧૭૦ વેદનું પ્રદાન કરે છે માટે આચાર્યને પિતા કહેવાય છે. મૌંજી બંધનથી પહેલાં અર્થાત્ વેદારંભ પહેલાં એ બાલકમાં કાંઇપણ કર્મ યોજાતુ નથી. ૧૭૧ પિતા આદિના દાહાદિ કર્મ શિવાય વેદારંભ સંસ્કાર થયા પહેલાં બાલકને વેદકદાપિ ભણાવવા નહિ. અને જ્યાં સુધી તે બાલકનો વેદારંભ સંસ્કાર થાય નહિ ત્યાં સુધી તેને શૂદ્ર સમાન જાણવો. ૧૭૨

कृतोपनयनस्यास्य व्रतादेशनमिष्यते । ब्रह्मणो ग्रहणं चैवक्रमश विधिपूर्वकम् ॥ १७३ ॥ यद्यस्य विहितं चर्म यत्सूत्रं या च मेखला। यो दण्डो यच्च वसनं तत्तदस्य व्रतेष्वपि ॥ १७४ ॥ सेवेतेमांस्तु-नियमान्ब्रह्मचारीगुरौ वसन् । सन्नियम्येन्द्रियग्रामं तपोवृद्धयर्थमात्मनः ॥ १७५ ॥ नित्यं स्नात्वा शुचिः कुर्याद्देवर्षिपितृतर्पणम् । देवताभ्य-र्चनं चैव समिदाधानमेव च ॥ १७६ ॥

ઉપનયન કરેલા બાલકને બ્રહ્મચર્યાવસ્થામાં કેવાં આચરણ રાખવાં તેનો ઉપદેશ કરવો; પછી વિધિપૂર્વક ક્રમે કરીને વેદાધ્યયન કરાવવું એ ઇષ્ટ છે. ૧૭૩ એ બ્રહ્મચારી બાલકને શાસ્ત્ર વિહિત જે ચર્મ, સૂત્ર, મેખલા, દંડ અને વસ્ત્ર હોય તે તેના વ્રતમાં પણ જાણવું—રાખવું. ૧૭૪ આત્માના તપની વૃદ્ધિને માટે ઇંદ્રિયોના ગ્રામને નિયમમાં રાખીને ગુરુની પાસે વસતા બ્રહ્મચારીએ નીચે દર્શાવેલા નિયમોનું સેવન કરવું. ૧૭૫ હંમેશાં સ્નાન કરી શુદ્ધ થઇ દેવ, ઋષિ અને પિતૃનું તર્પણ એટલે તૃપ્તિ કરવી- વેદોક્ત અગ્ન્યાદિ દેવતાનું અર્ચન કરવું, એટલેકે સાયંપ્રાતઃ હોમ કરવો, અને મંત્ર પૂર્વક અગ્નિમાં સમિદાધાન કરવું. ૧૭૬.

वर्जयेन्मधुमांसंचगन्धंमाल्यंरसान्स्त्रियः । शुक्तानियानिसर्वाणि प्राणिनांचैवहिंसनम् ॥ १७७ ॥ अभ्यङ्गमञ्जनं चाक्ष्णोरुपानच्छत्रधारणम् । कामंक्रोधंच लोभं च नर्तनं गीतवादनम् ॥ १७८ ॥ द्यूतं च जनवादं च परिवादं तथानृतम् । स्त्रीणांचप्रेक्षणालम्भमुपघातं परस्य च ॥ १७९ ॥ एकः शयीत सर्वत्र न रेतः स्कन्दयेत्क्वचित् । कामाद्धि स्कन्दयन्रेतो हिनस्ति व्रतमात्मनः ॥ १८० ॥

બ્રહ્મચારીએ બ્રહ્મચર્ય વિઘાતક મધ, માંસ, કેસરાદિ સુગંધી દ્રવ્યનું સેવન, પુષ્પમાલાધારણ, કટુતિક્તાદિરસો, સ્ત્રી સહવાસ, અને જે ઘણો વખત રહેવાથી વિકારવાળું થાય તે સર્વ, અને પ્રાણિયોની હિંસા, એટલું ત્યાગ કરવું. ૧૭૭ તેલ મર્દન, આંખે અંજન, જોડા પહેરવા, છત્રધારણકરવું, કામ, ક્રોધ, લોભ, નાચવું, ગાવું, બજાવવું, એ સર્વ ત્યાગ કરવું. ૧૭૮ જુગાર ખેલવો, મનુષ્યો સાથે વાદવિવાદ કરવો, કોઇની નિંદા કરવી, અસત્ય બોલવું, સ્ત્રીઓને જોવી, બીજાના ઉપર ઘા કરવો, એ સર્વ ત્યાગ કરવું. ૧૭૯ એકલા શયન કરવું. કદાપિ વીર્યસ્ખલિત થવા ન દેવું, કામ વશથી જો વીર્ય સ્ખલન થાય તો પોતાના વ્રતનો નાશ કરે છે એમ જાણવું. ૧૮૦

स्वप्ने सिक्त्वाब्रह्मचारीद्विजः शुक्रमकामतः । स्नात्वार्कमर्चयित्वा त्रिः पुनर्मामित्यृचं जपेत् १८१ उदकुम्भं सुमनसो गोशकृन्मृत्तिकाकुशान् । आहरेद्यावदर्थानि भैक्षं चाहरहश्चरेत् ॥ १८२ ॥ वेदयज्ञैरहीनानां प्रशस्तानां स्वकर्मसु । ब्रह्मचार्याहरेद्भैक्षं गृहेभ्यः

प्रयतोऽन्वहम् ॥ १८३ ॥ गुरोः कुले न भिक्षेत न ज्ञातिकुलबन्धुषु। अलाभे त्वन्यगेहानां पूर्वं पूर्वं विवर्जयेत् ॥ १८४ ॥

વગર ઇચ્છાએ સ્વપ્નમાં પણ જો દ્વિજ બ્રહ્મચારીનું વાર્ય સ્ખલન થાય તો સ્નાન કરીને સવિતા પરમાત્માની ઉપાસના કરીને " **पुनर्मा मेत्विन्द्रियम्०** " એ ઋચાનો ત્રણવાર જપ કરવો. ૧૮૧ ગુરૂને માટે તથા પોતાને પીવા માટે પાણીનો ઘડો, ગુરૂને માટે સુગંધી પુષ્પો, ગાયનું છાણ, માટી, અને દર્ભ એટલી ચીજ જેટલી જરૂર હોય તેટલી લાવવી. અને ભિક્ષા દરરોજ લાવવી. ૧૮૨ પોતાનાં કર્મોમાં પ્રશસ્ત અને વૈદિક યજ્ઞો કરનારાઓના ગૃહોમાંથી બ્રહ્મચારીએ દરરોજ ભિક્ષા લાવવી. ૧૮૩ ગુરૂના કુલમાં ભિક્ષા ન માંગવી, પોતાની જ્ઞાતિ, કુલ અને બંધુઓમાં ભિક્ષા ન માંગવી. જો ભિક્ષા કોઈ પણ ઠેકાણેથી ન મળી હોય તો પૂર્વ પૂર્વના સ્થાન છોડીને ભિક્ષા ગ્રહણ કરવી. અર્થાત્ અન્ય ઘરથી ભિક્ષા નહિંજ મળી હોય તો બંધુને ત્યાંથી લેવી, ઇત્યાદિ. ૧૮૪.

सर्वंवापिचरेद्ग्रामं पूर्वोक्तानामसंभवे । नियम्यप्रयतोवाचमभिशस्तांस्तु वर्जयत् ॥ १८५ ॥ दूरादाहृत्य समिधः संनिदध्याद्विहायसि। सायं प्रातश्च जुहुयात्ताभिरग्निमतन्द्रितः ॥ १८६ ॥ अकृत्वा भैक्षचरणमसमिध्य च पावकम् । अनातुरः सप्तरात्रमवकीर्णिव्रतं चरेत् ॥ १८७ ॥ भैक्षेण वर्त्तयेन्नित्यं नैकान्नादोभवेद्व्रती । भैक्षेग व्रतिनो वृत्तिरुपवाससमा स्मृता ॥ १८८ ॥

પૂર્વોક્ત વૈદિક યજ્ઞાદિ તથા કર્મ કરનારાઓના ઘરનો અસંભવ હોય તો આખા ગામમાથી જોઇયે તેટલી ભિક્ષા માંગવી, અને તેમાં વાણીને પ્રયત્ન પૂર્વક નિયમમાં રાખીને માગવી, તથા જે પોતાના કાંઈ કર્મ વિશેષ વડે અતિનીચ મહાપાતકી હોય તેવાનાં ઘરથી ભિક્ષા માગવી નહિ. ૧૮૫ દૂરથી સમિધાઓ લાવીને કાંઈ અદ્ધર લટકાવેલાં શીકા વિગેરેમાં રાખવી એટલે તેમાં જીવ જંતુનો પ્રવેશ ન થાય, તથા તે સમિધાઓ વડે સાયંકાલે અને પ્રાતઃકાલે અગ્નિમાં હોમ કરવો. ૧૮૫ કોઈ પણ પ્રકારનો રોગ અથવા આપત્કાલ ન હોય છતાં પણ બ્રહ્મચારી સાત રાત્રી સુધી ભિક્ષા ન માંગે અને સાયંપ્રાતર્હોમ ન કરે તો તેણે અગિઆરમાં અધ્યાયમાં જણાવ્યા પ્રમાણે અવકીર્ણ વ્રત કરવું, જેથી તે શુદ્ધ થાય છે. ૧૮૭ વ્રતી

બ્રહ્મચારીએ હંમેશાં ભિક્ષા માંગીને ખાવી પરંતુ કોઇ એક ગૃહસ્થના અન્નનું ભક્ષણ કરનાર ન થવું. ભિક્ષા ચરણ કરવાથી બ્રહ્મચારીની વૃત્તિ, ઉપવાસ કરવાથી જેવી હોય છે તેવી થાય છે. ૧૮૮.

व्रतवद्देवदैवत्ये पित्र्येकर्मण्यथर्षिवत् । काममभ्यर्थितोऽश्नीयाद् व्रतमस्य न लुप्यते ॥ ॥ १८९ ॥ ब्राह्मणस्यैव कर्मैतदुपदिष्टं मनीषिभिः । राजन्यवैश्ययोस्त्वेवं नैतत्कर्म विधीयते ॥ १९० ॥ चोदितो गुरुणा नित्यमप्रचोदितएव वा । कुर्यादध्ययने यत्नमाचार्यस्य हितेषु च ॥ १९१ ॥ शरीरं चैव वाचं च बुद्धीन्द्रियमनांसि च । नियम्य प्राञ्जलिस्तिष्ठेद्वीक्षमाणोगुरोर्मुखम् ॥ १९२ ॥

પરંતુ દેવતાના ઉદ્દેશથી એટલે દશ પૌણ માસ્યાદિ યજ્ઞમાં યદિ બ્રહ્મચારીને ભોજનનું આમંત્રણ આવે અને તેમાં વ્રતની પેઠે સાત્વિકાન્ન ભોજન કરે તો તેમાં વ્રતનો લોપ થતો નથી, તેમજ જીવિત પિતૃકાદિના શ્રાદ્ધમાં ઋષિની પેઠે મુન્યન્નનું ભોજન કરે તો તેના વ્રતોનો લોપ થતો નથી. ૧૮૯ મનનશીલપૂર્વના વેદજ્ઞાતાઓએ એ પ્રમાણેનું ભોજન કર્મ ફક્ત બ્રાહ્મણને માટેજ કહ્યું છે. ક્ષત્રિય અને વૈશ્યબ્રહ્મચારી માટે એ કર્મનું વિધાન નથી. ૧૯૦ ગુરૂએ આજ્ઞા કરી હોય અથવા ન કરી હોય તોપણ વેદાધ્યયનમાં પ્રયત્ન કરવો અને આચાર્યના હિત કામોમા પ્રયત્ન કરવો. ૧૯૧ શરીર, વાણી, બુદ્ધિ, ઇન્દ્રિય અને મન એટલાંને નિયમમાં રાખીને તથા બે હાથ જોડીને ગુરૂનું મુખદર્શન કરતાં ઉભા રહેવું. ૧૯૨.

नित्यमुद्धृतपाणिः स्यात्साध्वाचारः सुसंयतः । आस्यतामिति चोक्तः सन्नासीताभिमुखं गुरोः ॥ १९३ ॥ हीनान्नवस्त्रवेषः स्यात्सर्वदागुरुसन्निधौ । उत्तिष्ठेत्प्रथमंचास्य चरमं चैवसंविशेत् १९४ प्रतिश्रवणसंभाषे शयानो न समाचरेत् । नासीनो न च भुञ्जानो न तिष्ठन्न पराङ्मुखः ॥ १९५ ॥ आसीनस्य स्थितः कुर्यादभिगच्छंस्तुतिष्ठतः । प्रत्युद्गम्यत्वाव्रजतः पश्चाद्धावंस्तुधावतः ॥ १९६ ॥

નિરન્તર પોતાના પેહેરેલાં વસ્ત્રમાંથી જમણો હાથ બહાર રાખવો, વાણિ તથા ઇન્દ્રિયોવડે સત્પુરૂષના જેવો આચાર રાખવો, સંયમી ગુરૂ જ્યારે કહે કે "બેસો,, ત્યારે ગુરૂની સન્મુખ મુખ રાખી બેસવું. ૧૯૩

હંમેશાં ગુરૂનાં કરતાં પોતાનાં અન્ન વસ્ત્ર હલકાં રાખવાં, ગુરૂની પાસે રહેવું, ગુરૂના પહેલાં પ્રાતઃકાલમાં ઉઠવું અને રાત્રિએ ગુરૂના શયન કર્યા પછી શયન કરવું. ૧૯૪ શયન કરતાં, બેસતાં, ભોજન કરતાં તથા બીજી બાજુ મુખ કરીને ઉભા રહી ગુરૂની આજ્ઞાનો ઉત્તર ન આપવો. તથા સંભાષણ ન કરવું. ૧૯૫ ગુરૂ બેઠેલા હોય અને તે કાંઈ આજ્ઞા કરે તો ઉભા રહીને તે કાર્ય કરવું, ગુરૂ ઉભા હોય તો તેની સામે જઈને તથા ગુરૂ જો આપણી તરફ આવતા હોય તો જલદી તેમની સન્મુખ જઈને અને ગુરૂ જો ચાલતા હોય તો શિષ્યે પણ તેમની પાછળ ચાલતાં ચાલતાં સંભાષણાદિ કરવું. ૧૯૬.

पराङ्मुखस्याभिमुखो दूरस्थस्यैत्य चान्तिकम् । प्रणम्य तु शयानस्य निदेशे चैव तिष्ठतः ॥ १९७ ॥ नीचं शय्यासनं चास्य सर्वदा गुरुसन्निधौ । गुरोस्तु चक्षुर्विषये न यथेष्टासनोभवेत्१९८ नोदाहरेदस्य नाम परोक्षमपि केवलम् । न चैवास्यानुकुर्वीत गतिभाषित चेष्टितम् ॥ १९९ ॥ गुरोर्यत्र परीवादो निन्दा वापि प्रवर्तते । कर्णौ तत्र पिधातव्यौ गन्तव्यं वा ततोऽन्यतः ॥ २०० ॥

ગુરૂનું બીજી બાજુ તરફ મુખ હોય તો પોતે તેની સન્મુખ જવું, ગુરૂ દૂર ઉભા હોય તો પોતે તેની પાસે જવું, અને ગુરૂ સુતેલા હોય અથવા ઉભા હોય તો તેની પાસે જઈને પ્રણામ કરીને તેની જે આજ્ઞા હોય તે પ્રમાણે કરવું. ૧૯૭ ગુરૂના સમીપમાં હંમેશાં શિષ્યની શય્યા અને આસન નીચું રાખવું, ગુરૂ આપણને જોતા હોય ત્યારે અથવા ગુરૂના દેખતાં પોતાની ઇચ્છા પ્રમાણે બેસવું નહિ. ૧૯૮ પરોક્ષમાં પણ ગુરૂના કેવલ નામનો ઉચ્ચાર ન કરવો. તેની ચાલ, તથા ભાષણ અને તેની ચેષ્ટાનું અનુકરણ ન કરવું. અર્થાત્ તેની નકલ ન કરવી. ૧૯૯ જે ઠેકાણે ગુરૂના દોષ બોલાતા હોય અથવા ગુરૂની નિન્દા થતી હોય, તે ઠેકાણે શિષ્યે પોતાના કાન બંધ કરી લેવા અથવા ત્યાંથી બીજી જગ્યાએ ચાલ્યા જવું. ૨૦૦.

परीवादात्खरोभवति श्वा वै भवति निन्दकः । परिभोक्ता कृमिर्भवति कीटोभवतिमत्सरी ॥ २०१ ॥ दूरस्थोनार्चयेदेनं न क्रुद्धोनान्तिके स्त्रियाः । यानासनस्थश्चैवैनमवरुह्याभिवादयेत् ॥ २०२ ॥

प्रतिवातेऽनुवाते च नासीत गुरुणासह। असंश्रवेचैव गुरोर्नकिञ्चिदपि कीर्तयेत् ॥ २०३ ॥ गोऽश्वोष्ट्रयानप्रासादस्रस्तरेषु कटेषु च । आसीत गुरुणा सार्धं शिलाफलकनौषु च ॥ २०४ ॥

જે શિષ્ય ઇચ્છા પૂર્વક ગુરૂના દોષ સાંભળે અથવા તેમાં એટલે દોષ કહેવામાં સહાયક થાય તો તે બીજા જન્મમાં ગધેડો થાય છે. ગુરૂની નિન્દા કરનાર કુતરો થાય છે, ગુરૂથી ગુપ્ત રીતે ગુરૂની વસ્તુનો ઉપભોગ કરનાર કૃમિ થાય છે અને ગુરૂની ઉન્નતિ નહિ સહન કરનાર જન્માન્તરમાં કીડો થાય છે. ૨૦૧ શિષ્યએ ગુરૂથી દૂર ઉભા રહીને પ્રણામાદિ સત્કાર ન કરવો, ક્રોધયુક્ત થઇને ન કરવો, ગુરૂ પોતાની ધર્મપત્ની પાસે હોય ત્યારે ન કરવો, કોઈ પ્રકારના વાહન અથવા આસનપર બેઠા હોઇયે તો ત્યાંથી ઉતરીને તેમજ ઉભા થઇને પ્રણામાદિ સત્કાર કરવો ૨૦૨ ગુરૂની તરફથી શિષ્યની તરફ પવન આવતો હોય અથવા શિષ્યની તરફથી ગુરૂની તરફ પવન આવતો હોય એવી રીતે ગુરૂની સાથે બેસવું નહિ. ગુરૂનાં સાંભળવામાં ન આવે એવી રીતે પણ સર્વથા કાંઈ પણ અનુચિત ભાષણ ન કરવું. ૨૦૩ બળદ, ઘોડા, ઉંટ જેમાં જોડેલા હોય એવા વાહનોમાં, મેહેલોની અટારીઓમાં, સાદડીઓના બિછાનાપર, મોટા પત્થરોના આસનપર અને હોડી વહાણ આદિમાં ગુરૂની સાથે શિષ્ય બેસે તો કાંઈ હરકત નહિ. ૨૦૪.

गुरोर्गुरौ सन्निहिते गुरुवद्वृत्तिमाचरेत् । नचानिसृष्टोगुरुणा स्वान्गुरूनभिवादयेत् ॥ २०५ ॥ विद्यागुरुष्वेतदेव नित्या वृत्तिः स्वयोनिषु । प्रतिषेधत्सु चाधर्मान्हितं चोपदिशत्स्वपि ॥ २०६ ॥ श्रेयःसु गुरुवद्वृत्तिं नित्यमेव समाचरेत् । गुरुपुत्रेषु चार्येषु गुरोश्चैव स्वबन्धुषु ॥ २०७ ॥ बालः समानजन्मा वा शिष्यो वा यज्ञकर्मणि । अध्यापयन्गुरुसुतो गुरुवन्मानमर्हति ॥ २०८ ॥

ગુરૂના ગુરૂ જો પાસે હોય તો તેનો પણ ગુરૂની પેઠેજ સત્કાર કરવો. ગુરૂની આજ્ઞા લીધા શિવાય પોતાના માતા, પિતા આદિને અભિવાદન ન કરવું. ૨૦૫ જે જે સામાન્ય વિદ્યાગુરુઓ જેવા કે ઉપાધ્યાયાદિકોમાં તથા પિતૃવ્યકાદિકોમા તથા અધર્માચરણથી રોકનારાઓમાં અને આપણને જે હિતકારી ઉપદેશો આપે તેઓમાં પણ હંમેશાં ગુરૂ તુલ્ય વૃત્તિ રાખવી. અર્થાત્ એટલાઓ સાથે ગુરૂની સમાન વર્તાવ રાખવો. ૨૦૬ હંમેશાં કલ્યાણ આ-

ર્મમાં આશ્રયવાળા તથા અસાંવવાવાળાઓમાં, ગુરૂના પુત્રોમાં, બ્રહ્માચરણવાળા પુરૂષોમાં અને ગુરૂના પોતાના ભાઈઓમાં પણ હંમેશાં ગુરૂની પેઠે વર્તાવ રાખવો. ૨૦૭ આપણાથી નાની અવસ્થાવાળા અથવા સમાન આયુષ્યવાળા અથવા યજ્ઞ કર્મમાં આપણો શિષ્ય હોય પરંતુ ગુરૂ બીજે ઠેકાણે ગયા હોય તે વખતે આપણને વેદાધ્યયન કરાવ્યુ હોય એવા ગુરૂના પુત્રને પણ ગુરૂની સમાન માન આપવુ જોઈયે. અર્થાત્ તે ગુરૂ તુલ્ય માન યોગ્ય છે. ૨૦૮.

उत्सादनं च गात्राणां स्नापनोच्छिष्टभोजने । नकुर्याद्गुरुपुत्रस्य पादयोश्चावनेजनम् ॥ २०९ ॥ गुरुवत्प्रतिपूज्याः स्युः सवर्णा गुरुयोषितः । असवर्णास्तु संपूज्याः प्रत्युत्थानाभिवादनैः ॥ २१० ॥ अभ्यञ्जनं स्नापनं च गात्रोत्सादनमेव च । गुरुपत्न्या न कार्याणि केशानां च प्रसाधनम् ॥ २११ ॥ गुरुपत्नी तु युवतिर्नाभिवाद्येह पादयोः । पूर्णविंशतिवर्षेण गुणदोषौ विजानता ॥ २१२ ॥

પૂર્વોક્ત પ્રકારે ગુરૂપુત્રને ગુરૂની સમાન માન આપવું પરંતુ તેનું શરીર ડબાવવું, તેના ભોજન કર્યા પછી ભોજન કરવુ, તથા તેના પગ ધોવા, એટલાં કામ ગુરૂપુત્રના કરવાં નહિ. એટલાં કામ ખાસ ગુરૂનાજ કરવાં. ૨૦૯ ગુરૂની સ્ત્રી સવર્ણા હોય તો ગુરૂની પેઠેજ સત્કાર કરવા યોગ્ય છે. અને અસમાન વર્ણવાળી ગુરૂ પત્ની હોય તો ફક્ત તેને દૂરથીજ સામે આવે તો ઉભા થવુ અને અભિવંદન કરવુ. ૨૧૦ શરીરે તેલ આદિ મસળવું, સ્નાન કરાવવુ, શરીર, હાથ, પગ દબાવવા અને મસ્તકના વાળ ધોવા અથવા તેલઘાલી પાટા બાંધવા વિગેરે કામ ગુરૂપત્ની પૂજ્ય છે તો પણ ન કરવુ. ૨૧૧ ગુણ અને દોષને જાણનાર સંપૂર્ણ વીશ વરસના જુવાન બ્રહ્મચારીએ જુવાન ગુરૂપત્નીને પાદસ્પર્શપૂર્વક અભિવાદન ન કરવુ કિંતુ એકલુ અભિવંદન કરવું. ૨૧૨.

स्वभाव एष नारीणां नराणामिह दूषणम् । अतोऽर्थान्न प्रमाद्यन्ति प्रमदासु विपश्चितः ॥ २१३ ॥ अविद्वांसमलं लोके विद्वांसमपि वा पुनः । प्रमदा ह्युत्पथं नेतुं कामक्रोधवशानुगम् ॥ २१४ ॥ मात्रा स्वस्रा दुहित्रा वा न विविक्तासनो भवेत् । बलवानिन्द्रियग्रामो विद्वां-

सर्मपि कर्षति ॥ २१५ ॥ कामं तु गुरुपत्नीनां युवतीनां युवा भुवि । विधिवद्वन्दनं कुर्यादसावहमिति ब्रुवन् ॥ २१६ ॥

સ્ત્રીઓનો જે સામાન્ય સ્વભાવ છે, તેજ પુરૂષોને દૂષિત કરનાર છે. અર્થાત્ સ્ત્રીઓને જોઇને પુરૂષો મોહિત થઈ જાય છે, એટલા માટે વિદ્વાન્ ડાહ્યા પુરૂષો પ્રમાદ ઉત્પન્ન કરનારી પ્રમદાઓમાં ફસાતા નથી.—મોહિત થઈ જતા નથી. ૨૧૩ જગતમાં પુરૂષોને પ્રમત્ત કરનારી સ્ત્રીઓ અજ્ઞાની પુરૂષને મોહિત કરી નાંખવાને સમર્થ હોય છે. તેમજ કામ ક્રોધને વશ થયેલા વિદ્વાન્ પુરૂષને પણ મોહિત કરવાને સમર્થ છે. ૨૧૪ એટલાજ માટે માતા, બહેન, અને પોતાની પુત્રી સાથે પણ એકાન્તમાં બેસવું નહિ તેમજ નિવાસ કરવો નહિ; કારણ કે ઇંદ્રિયગ્રામ એવો બલવાન્ છે કે તે વિદ્વાન્ મનુષ્યને પણ પોતાના વિષય તરફ ખેંચે છે. ૨૧૫ જુવાન ગુરૂ પત્નીઓને જુવાન બ્રહ્મચારીએ "**अमुकशर्माऽहम्भो**" એમ કહીને યથેષ્ટ ગુરૂપત્નીની સન્મુખ પૃથ્વીપર પડીને યથાવિધિ અભિવંદન કરવું પરંતુ તેના પાદને સ્પર્શ ન કરવો. ૨૧૬

विप्रोष्य पादग्रहणमन्वहं चाभिवादनम् । गुरुदारेषु कुर्वीत सतां धर्ममनुस्मरन् ॥ २१७ ॥ यथा खनन्खनित्रेण नरो वार्यधिगच्छति । तथा गुरुगतां विद्यां शुश्रूषुरधिगच्छति ॥ २१८ ॥ मुण्डो वा जटिलो वास्यादथवास्याच्छिखाजटः । नैनंग्रामेऽभिनिम्लोचेत्सूर्योनाभ्युदियात्क्वचित् ॥ २१९ ॥ तं चेदभ्युदियात्सूर्यः शयानं कामचारतः । निम्लोचेद्वाप्यविज्ञानाज्जपन्नुपवसेद्दिनम् ॥ २२० ॥

વિદેશથી આવીને જુવાન બ્રહ્મચારી હોય તોપણ અને યુવતી ગુરૂપત્ની હોય તોપણ તે બ્રહ્મચારીએ તેના પાદસ્પર્શ પૂર્વક અભિવંદન કરવું. અને હંમેશાં સત્ય પુરૂષોના ધર્મને સ્મરણ કરતાં ગુરૂની સ્ત્રીઓને ભૂમિપર અભિવાદન કરવું. ૨૧૭ જે પ્રમાણે કોદાળીથી ખોદતાં ખોદતાં પુરૂષ પાણી મેળવી શકે છે, તેજ પ્રમાણે ગુરૂની સેવા કરનાર શિષ્ય ગુરૂ પાસેથી વિદ્યા મેળવી શકે છે. ૨૧૮ બ્રહ્મચારીએ મુંડિત રહેવું અથવા જટાધારી રહેવું અથવા શિખા માત્ર રાખી સર્વ મુંડન કરાવવું; એ બ્રહ્મચારીને ગામમાં કદાપિ સૂર્યાસ્ત ન થવો જોઇયે, તેમજ ગામમાં સૂર્યોદય પણ ન થવો જોઇયે. અર્થાત્

સૂર્યાસ્ત થવા પેહેલાં ગામથી બહાર જઈ નિવાસ કરવો અને સૂર્યોદય થયા પછીગામમાં આવવું. ૨૧૯ જોતે બ્રહ્મચારીને નિત્ય સંધ્યાદિ કર્મની ચિંતા છોડીને ગામમાં શયન કરતાં સૂર્યોદય થઈ જાય, અથવા વિસ્મરણ અથવા પ્રમાદથી ગામમાંજ સૂર્યાસ્ત થાય તો એક દિવસ આખો ગાયત્રીનો જપ કરતાં ઉપવાસ કરે, ત્યારે શુદ્ધ થાય છે. ૨૨૦

सूर्येण ह्यभिनिर्मुक्तः शयानोऽभ्युदितंश्च यः। प्रायश्चित्तमकुर्वाणो युक्तः स्यान्महतैनसा ॥ २२१ ॥ आचम्य प्रयतो नित्यमुभे सन्ध्ये समाहितः। शुचौदेशे जपञ्जप्यमुपासीतयथाविधि ॥ २२२ ॥ यद्स्त्री यद्यवरजः श्रेयः किंचित्समाचरेत् । तत्सर्वमाचरेद्युक्तो यत्र वास्य रमेन्मनः ॥ २२३ ॥ धर्मार्थावुच्यते श्रेयः कामार्थौ धर्म एव च। अर्थ एवेह वा श्रेयस्त्रिवर्ग इति तु स्थितिः ॥ २२४ ॥

સાયંકાલની સંધ્યા ન કરી હોય અને સૂર્યાસ્ત થઈ ગયો હોય, તેમજ શયન કરતાં કરતાં નિદ્રાવશ અવસ્થામાંજ સૂર્યઉદય થઈ ગયો અને પછી જાગે, એટલેકે સૂર્યોદય પેહેલાં પ્રાતઃસંધ્યા ન થઈ હોય અને તેનુ પ્રાયશ્ચિત્ત ન કરે તો તે મહાપાપભાગી થાય છે. ૨૨૧ પ્રયત્ન પૂર્વક બંને સંધ્યા વખતે આચમન કરીને સાવધાન ચિત્તે શુદ્ધ પવિત્ર દેશમાં– સ્થાનમાં બેગી પ્રણવ અને વ્યાહૃતિસાથે ગાયત્રીનો જપ કરતાં પરમાત્માની યથાવિધિ ઉપાસના કરવી. ૨૨૨ જો કોઈ સ્ત્રી અથવા જે કોઈ આપણાથી નાનો અથવા શૂદ્ર, કાંઈપણ કલ્યાણકારી ધર્મયુક્ત આચરણ કરે તે સર્વને તથા જે સત્કાર્યમાં પોતાનું મન સંતુષ્ટ થાય તે કાર્યમાં યુક્ત થઈ આચરણ કરવું. ૨૨૩ આ જગતમાં કોઇ વિધિનિષેધ રૂપ ધર્મ અને પૃથ્વિસુવર્ણાદિ ધનને કલ્યાણકારક માને છે, કોઈ સ્ત્રીસમાગમ અને દ્રવ્યને ધર્મ એટલે સુખનો હેતુ માને છે. પરંતુ પરસ્પર અવિરૂદ્ધ ધર્મ તથા ધર્માનુકૂલ અર્થ અને કામ એ ત્રણે જગતમા સુખના હેતુ છે. ૨૨૪

आचार्यश्च पिता चैव माता भ्राता च पूर्वजः। नार्तेनाप्यवमन्तव्या ब्राह्मणेनविशेषतः ॥ २२५॥ आचार्योब्रह्मणोमूर्तिः पिता मूर्तिः प्रजापतेः । मातापृथिव्यामूर्तिस्तुभ्रातास्वोमूर्तिरात्मनः॥२२६॥ यंमातापितरौक्लेशं सहेतेसंभवेनृणाम् । नतस्यनिष्कृतिः शक्या कर्तुं

वर्षशतैरपि ॥ २२७ ॥ तयोर्नित्यं प्रियं कुर्यादाचार्यस्य च सर्वदा। तेष्वेव त्रिषु तुष्टेषु तपः सर्वं समाप्यते ॥ २२८ ॥

આચાર્ય, પિતા, માતા, જ્યેષ્ઠભાઈ, એટલાથી આપણે દુઃખી થયા હોઈયે તોપણ વિશેષે કરીને બ્રાહ્મણે એટલાનો તિરસ્કાર કિંવા અપમાન કરવું નહિં. ૨૨૫ આચાર્ય સાક્ષાત્ વેદની મૂર્તિ રૂપ છે, પિતા પ્રજાપતિની મૂર્તિ રૂપ છે. માતા પૃથ્વિની મૂર્તિ છે અને ભાઈ પોતાની મૂર્તિ રૂપ છે. ૨૨૬ સંતાનોની ઉત્પત્તિ તથા પાલનાદિના સમયે જે કલેશ માતા અને પિતા સહન કરે છે તે ઉપકારનો બદલો સો વરસે પણ વાળવાને શક્ય નથી ૧૨૭ તે માતા પિતાનું તથા આચાર્યનું હંમેશાં પ્રિય આચરણ કરવું. અર્થાત્ તેની શુશ્રૂષાપાલનાદિવડે તેને પ્રસન્ન રાખવાં. તે ત્રણે પ્રસન્ન થાય તેમાંજ સર્વ તપની સમાપ્તિ થાય છે. અર્થાત્ તે ત્રણેને સંતોષ આપી પ્રસન્ન રાખવાં તેજ સંપૂર્ણ તપ કહેવાય છે. ૨૨૮

तेषां त्रयाणां शुश्रूषा परमं तप उच्यते। न तैरभ्यननुज्ञातो धर्ममन्यं समाचरेत् ॥ २२९ ॥ त एव हि त्रयो लोकास्त एव त्रय आश्रमाः। त एव हि त्रयो वेदास्त एवोक्तास्त्रयोऽग्नयः ॥ २३० ॥ पिता वै गार्हपत्योऽग्निर्माताग्निर्दक्षिणः स्मृतः। गुरुराहवनीयस्तु साग्नित्रेता गरीयसी ॥२३१ ॥ त्रिष्वप्रमाद्यन्नेतेषु त्रींल्लोकान्विजयेद्गृही। दीप्यमानः स्ववपुषा देववद्दिवि मोदते ॥ २३२ ॥

તે માતા આદિ ત્રણના યથાવત્ સેવા કરવી એજ પરમ તપશ્ચર્યા કહેવાય છે. તેઓની આજ્ઞા શિવાય તેની સેવાથી અન્ય ધર્મનું આચરણ કદાપિ ન કરવું. ૨૨૯ તેઓજ ત્રણ લોક છે, તેજ ત્રણે આશ્રમ છે, તેજ ત્રણે વેદ છે અને ત્રણે આહ્વનીયાદિ અગ્નિ સ્વરૂપ છે. ૨૩૦ પિતા ગાર્હપત્ય અગ્નિ, માતા દક્ષિણાગ્નિ અને ગુરૂ આહ્વનીય અગ્નિ કહેવાય છે. તે ગાર્હપત્યાદિ અગ્નિના અપેક્ષાએ તે માતાપિતા ગુરૂ રૂપ એ ત્રણે અગ્નિ અતિ શ્રેષ્ઠ છે. ૨૩૧ તે માતાદિ ત્રણમાં જે ગૃહસ્થાશ્રમી આલસ્ય રહિત રહે છે, અર્થાત્ તે ત્રણેની સેવામાં જે પુરૂષ આલસ્ય રહિત રહે છે, તે ત્રણ લોકનો વિજય કરે છે. અને પોતાના શરીર વડે પ્રકાશિત થઈ દેવની પેઠે ઐશ્વર્ય યુક્ત સ્થાનમાં સુખ ભોગવે છે. ૨૩૨

इमं लोकं मातृभक्त्या पितृभक्त्यातु मध्यमम्। गुरुशुश्रूषयात्वेवं ब्रह्मलोकं समश्नुते ॥ २३३ ॥ सर्वे तस्यादृता धर्मा यस्यैते त्रय आदृताः। अनादृतास्तु यस्यैते सर्वास्तस्याऽफलाः क्रियाः ॥ २३४ ॥ यावत्त्रयस्ते जीवेयुस्तावन्नान्यं समाचरेत्। तेष्वेव नित्यं शुश्रूषां कुर्यात्प्रियहिते रतः ॥ २३५ ॥ तेषामनुपरोधेन पारत्र्यं यद्यदाचरेत्। तत्तन्निवेदयेत्तेभ्यो मनोवचनकर्मभिः ॥ २३६ ॥

માતાના સેવા કર્યાથી આ લોક, પિતાની ભક્તિ કર્યાથી અંતરિક્ષ લોક અને ગુરૂની સેવા કરવાથી બ્રહ્મલોકનું સુખ ભોગવે છે. ૨૩૩ જે પુરૂષે ઉપરોક્ત ત્રણનો યથાશાસ્ત્રવિધિ આદર સત્કાર કર્યો હોય તો જાણો કે તેણે સર્વ ધર્મોનો આદર કર્યો છે. અને જે પુરૂષને તે ત્રણ માતાદિ અનાદરણીય હોય છે તેની સર્વ ક્રિયા નિષ્ફલ થાય છે. ૨૩૪ જ્યાં સુધી તે માતા આદિ ત્રણ જીવે છે ત્યાં સુધી તેઓની સેવા શિવાય તેમજ તેઓની આજ્ઞા શિવાય બીજું કાંઇ આચરણ કરવું નહિ. (આથી નિત્ય કર્મમાં બાધ આવતો નથી એટલેકે તેની શુશ્રુષા પૂર્વક નિત્યકર્મ તો હંમેશાં કરવું જ.) તેઓનાંજ પ્રિય અને હિત કર્મમાં તત્પર રહી હમેશાં તેઓની સેવા કરવી. ૨૩૫ તેઓની આજ્ઞા વડે જે જે પરમાર્થ અથવા પરલોક સંબંધિકર્મ કરે તો તે મન, વચન અને કર્મવડે તેઓને નિવેદન કરવું. ૨૩૬

त्रिष्वेतेष्वितिकृत्यं हि पुरुषस्य समाप्यते। एष धर्मः परः साक्षादुपधर्मोऽन्य उच्यते ॥ २३७ ॥ श्रद्दधानः शुभां विद्यामाददीतावरादपि। अन्त्यादपि परं धर्मं स्त्रीरत्नं दुष्कुलादपि ॥ २३८ ॥ विषादप्यमृतं ग्राह्यं बालादपि सुभाषितम्। अमित्रादपि सद्वृत्तममेध्यादपि काञ्चनम् ॥ २३९ ॥ स्त्रियोरत्नान्यथो विद्या धर्मः शौचं सुभाषितम्। विविधानि च शिल्पानि समादेयानि सर्वतः ॥ २४० ॥

માતા, પિતા અને ગુરૂ એ ત્રણની સેવામાંજ પુરૂષના સર્વકર્મ સમાપ્ત થાય છે એજ સાક્ષાત ઉત્કૃષ્ટ ધર્મ છે અને એ શિવાયના બીજા ઉપધર્મો કહેવાય છે. ૨૩૭ શ્રદ્ધા યુક્ત થઇને શૂદ્રની પાસેથી પણ ઉત્તમ શુભવિદ્યાનું ગ્રહણ કરવું, અંત્યજ પાસેથી પરમ શુભધર્મ હોય તો તે ગ્રહણ કરવો અને દુષ્ટ કુલમાંથી પણ સ્ત્રીરત્ન ગ્રહણ કરવું. ૨૩૮ વિષયકી

પણ અમૃત મળતું હોય તો તે ગ્રહણ કરવું, બાલક પાસેથી પણ સુભાષિત ગ્રહણ કરવું, શત્રુ પાસેથી પણ સદાચરણ હોય તે લેવું અને અપવિત્ર વસ્તુ માંથી પણ સુવર્ણ હોય તો ગ્રહણ કરવું. ૨૩૯ સ્ત્રી, રત્નો, વિદ્યા, ધર્મ, પવિત્રતા, સુભાષિત, અને નાના પ્રકારની શિલ્પકલા એ સર્વ પાસેથી ગ્રહણ કરવા યોગ્ય છે. ૨૪૦

अब्राह्मणादध्ययनमापत्काले विधीयते । अनुव्रज्या च शुश्रूषा यावदध्ययनं गुरोः ॥ २४१ ॥ नाऽब्राह्मणे गुरौ शिष्यो वासमात्यन्तिकं वसेत् । ब्राह्मणे चाननूचाने काङ्क्षन्गतिमनुत्तमाम् ॥ २४२ ॥ यदि त्वात्यन्तिकं वासं रोचयेत गुरोःकुले । युक्तः परिचरेदेनमा-शरीरविमोक्षणात् ॥ २४३ ॥ आसमाप्तेः शरीरस्य यस्तु शुश्रूषते गुरुम् । स गच्छत्यञ्जसा विप्रो ब्रह्मणः सद्म शाश्वतम् ॥ २४४ ॥

આપત્કાલમાં બ્રાહ્મણ રહિત ક્ષત્રિય અને વૈશ્ય પાસેથી પણ વિદ્યાધ્યયન કરવું. અને તે ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલવું, અને જ્યાં સુધી અધ્યયન કરે ત્યાં સુધી તે ગુરૂની સેવા કરવી. ૨૪૧ બ્રાહ્મણ ભિન્ન ગુરૂની પાસે શિષ્યે ગુરૂકુલવાસ ન કરવો. અને ઉત્તમ ગતિને ઇચ્છનાર શિષ્યે સાંગોપાંગ વેદનું અધ્યયન ન કરાવનાર બ્રાહ્મણ પાસે પણ ન રહેવું. ૨૪૨ જો ગુરૂકુલમાં વાસ કરવાને રૂચિ હોય તો સાવધાનતાથી જ્યાં સુધી શરીર રહે ત્યાં સુધી ગુરૂની સેવા કરતા રહેવું. ૨૪૩. જ્યાં સુધી ગુરૂનુ શરીર છૂટી જાય ત્યા સુધી જે ગુરૂની સેવા કરે છે, તે વિપ્ર અનાયાસે એટલે મેહેનત વિના બ્રહ્મ લોકને પ્રાપ્ત થાય છે. ૨૪૪

न पूर्वं गुरवे किंचिदुपकुर्वीत धर्मवित् । स्नास्यंस्तु गुरुणाज्ञप्तः शक्त्या गुर्वर्थमाहरेत् ॥ २४५ ॥ क्षेत्रं हिरण्यं गामश्वं छत्रोपानहमा-सनम् । धान्यं शाकं च वासांसि गुरवे प्रीतिमावहेत् ॥ २४६ ॥ आचा-र्येतु खल्वुपेते गुरुपुत्रे गुणान्विते । गुरुदारे सपिण्डे वा गुरुवद्वृत्तिमा-चरेत् ॥ २४७ ॥ हतेष्वविद्यमानेषु स्नानासनविहारवान् । प्रयुञ्जा-नोऽग्निशुश्रूषां साधयेद्देहमात्मनः ॥ २४८ ॥

બ્રહ્મચર્ય અવસ્થામાં એટલેકે સમાવર્તન સંસ્કારની પેહેલા ધર્મને જાણનાર બ્રહ્મચારીએ સેવા શિવાય અન્યધનાદિ કાંઇપણ ગુરૂને માટે લાવીને

અર્પણ કરવું નહિ. પછી સમાવર્તન સંસ્કાર કરીને ગુરૂની આજ્ઞાથી યથાશક્તિ ગુરૂને માટે ધનાદિ લાવી આપવું. ૨૪૫ ક્ષેત્ર, દ્રવ્ય, ગાય, અશ્વ, છત્ર, જોડા, આસન, ધાન્ય, શાક અને વસ્ત્રો એટલી ચીજો ગુરૂને પ્રીતિપૂર્વક અર્પણ કરવી. ૨૪૬ આચાર્ય એટલે ગુરૂ મરણ પામ્યા હોય અને તેનો ગુણવાન્ પુત્ર હોય તેમાં તથા ગુણયુક્ત ગુરૂપત્નીમા, તથા ગુણયુક્ત ગુરૂની સાત પેઢી સુધીમા જે હોય તેમા ગુરૂ તુલ્ય વૃત્તિ રાખવી. ૨૪૭ એટલામાંથી કોઇપણ વિદ્યમાન ન હોય તો ગુરૂના સ્થાન તથા આસનમાં રહી નિયમ પૂર્વક અગ્નિહોત્ર કરતા પોતાના આત્મા અને દેહ પવિત્ર થાય તેવાં કર્મ કરે. ૨૪૮.

एवं चरति यो विप्रो ब्रह्मचर्यमविप्लुतः । स गच्छत्युत्तमंस्थानं न चेहाजायते पुनः ॥ २४९ ॥

इतिमानवे धर्मशास्त्रे द्वितीयोऽध्यायः

એ પ્રમાણે અસ્ખલિત બ્રહ્મચર્યનું જે વિપ્ર સેવન કરે તે મોક્ષ મેળવે છે. પછી આ પૃથ્વિમા જન્મ ધારણ કરતો નથી. ૨૪૯

મનુસ્મૃતિ સરલ ગુજરાતી ટીકાનો દ્વિતીયાધ્યાય સમાપ્ત.

ओ३म्

अथ तृतीयोऽध्यायः

षट्त्रिंशदाब्दिकं चर्यं गुरौ त्रैवेदिकं व्रतम् । तदर्धिकं पादिकं वा ग्रहणान्तिकमेव वा ॥ १ ॥ वेदानधीत्य वेदौ वा वेदं वापि यथाक्रमम् । अविप्लुतब्रह्मचर्यो गृहस्थाश्रममाविशेत् ॥ २ ॥ तं प्रतीतं स्वधर्मेण ब्रह्मदायहरं पितुः । स्रग्विणं तल्पआसीन मर्हयेत्प्रथमं गवा ॥ ३ ॥ गुरुणानुमतः स्नात्वा समावृत्तो यथाविधि । उद्वहेत द्विजो भार्यां सवर्णां लक्षणान्विताम् ॥ ४ ॥

એ પ્રમાણે બ્રહ્મચારીએ ગુરૂની પાસે રહીને વિષયત્રય રૂપ જે વેદ તેના અધ્યયન રૂપ વ્રતઆચરણ કરવું અથવા તેનાથી અર્ધ અથવા એક ચતુર્થાંશ અથવા જેટલા સમયમાં વેદનું ગ્રહણ કરી શકે તેટલા વખત પર્યંત બ્રહ્મચર્ય વ્રતાચરણ કરવું. ૧ વેદોનો અથવા બે વેદનો અથવા એક વેદનો યથાક્રમ અભ્યાસ કરીને અસ્ખલિત બ્રહ્મચર્ય વ્રતધારણ કરતાં ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો. ૨ સ્વધર્માનુસાર પિતારૂપ આચાર્ય પાસેથી વેદરૂપ દાયભાગ લાવનાર, પુષ્પમાલા ધારણ કરનાર અને શય્યા તથા આસનપર બેસનાર એવા તે બ્રહ્મચારીને ગુરૂકુલથી આવતા પ્રથમ ગૌના દૂધ, દહિ વિગેરેથી પિતાએ અથવા કોઇ અન્ય ગૃહસ્થે સત્કાર કરવો. ૩ ગુરૂની આજ્ઞાનુસાર સ્નાન કરીને યથાવિધિ સમાવર્તન સંસ્કાર કરી દ્વિજે શુભ લક્ષણ યુક્ત સવર્ણા સ્ત્રી સાથે વિવાહ કરવો. ૪

असपिण्डा च या मातुरसगोत्रा च या पितुः । साप्रशस्ताद्विजातीनां दारकर्मणि मैथुने ॥ ५ ॥ महान्त्यपि समृद्धानि गोजाविधन धान्यतः । स्त्रीसम्बन्धे दशैतानि कुलानि परिवर्जयेत् ॥ ६ ॥ हीनक्रियं निष्पुरुषं निश्छन्दोरोमशार्शसम् । क्षय्यामयाव्यपस्मारि श्वित्रिकुष्ठिकुलानिच ॥ ७ ॥ नोद्वहेत्कपिलांकन्यां नाधिकाङ्गीं न रोगिणीम् । नालोमिकांनातिलोमां न वाचाटां न पिङ्गलाम् ॥ ८ ॥

માતાથી પાંચમી અથવા સાતમી પેઢીમાં ન હોય અને પિતાનાં ગોત્રમાં ઉત્પન્ન થયેલી ન હોય તો તેવી સ્ત્રી દ્વિજાતિયોને દારકર્મમાં તેમજ મૈથુનમાં પ્રશંસનીય જાણવી. ૫ જે કુલો ગાયો, બકરીઆદિ પશુ તથા ધનધાન્યવડે મોટાં સમૃદ્ધ હોય તો પણ સ્ત્રીસંબંધ કરવામાં નીચે જણાવેલાં આ દશ કુલ ત્યાગ કરવાં; ૬ જેવાં કે જાતકર્માદિસંસ્કારરહિત અથવા નિરૂદ્યમી, જેમાં પુરૂષ કોઇ ન હોય, વેદરહિત, બહુ લોભવાળા, અર્શરોગવાળાં, ક્ષયરોગવાળાં, મંદાગ્નિવાળાં, અપસ્મારરોગવાળા, શ્વેત કોઢવાળાં તથા ગલિતકોઢ એટલે રક્તપિત્તવાળા, એટલાં દશકુલો ત્યાગ કરવા. ૭ ભૂરાકેશવાળી, અધિક અંગવાળી, રોગવાળી, લોમવિનાની તેમજ અતિશય લોમવાળી, કઠોર બોલનારી અને બિલાડા જેવી આંખવાળી કન્યા સાથે વિવાહ કરવો નહિ. ૮

नर्क्षवृक्षनदीनाम्नीं नान्त्यपर्वतनामिकाम् । न पक्ष्यहिप्रेष्यनाम्नीं न च भीषणनामिकाम् ॥ ९ ॥ अव्यङ्गाङ्गीं सौम्यनाम्नीं हंसवारणगामिनीम् । तनुलोमकेशदशनां मृद्वङ्गीमुद्वहेत्स्त्रियम् ॥ १० ॥ यस्यास्तु न भवेद् भ्राता न विज्ञायेत वा पिता । नोपयच्छेत तां प्राज्ञः पुत्रिका धर्मशङ्कया ॥ ११ ॥ " सवर्णाग्रे द्विजातीनां प्रशस्ता दारकर्मणि । कामतस्तु प्रवृत्तानामिमाः स्युः क्रमशो वराः ॥ १२ ॥ "

નક્ષત્ર તેમજ વૃક્ષ તથા નદીના નામવાળી ન હોય, અંત્યજ તથા પર્વતના નામવાળી ન હોય, પક્ષી, સર્પ તેમજ શૂદ્ર જેવાં નામવાળી ન હોય, તેમજ ભયકર નામવાળી ન હોય એવી કન્યા સાથે વિવાહ કરવો. ૯ સરલ. સુંદર અંગવાળી, સૌમ્યનામવાળી, હંસ અને હાથીના જેવી ચાલવાળી, સૂક્ષ્મલોમ તથા પાતળા કેશ તથા ઝીણાં દાંત વાળી અને કોમળ અંગવાળી સાથે વિવાહ કરવો. ૧૦ જે કન્યાનો ભાઇ ન હોય, અને પિતા ન હોય તેવી કન્યા સાથે પુત્રિકા ધર્મની શંકાએ કરીને વિવાહ ન કરવો. (પુત્રિકા ધર્મ તેને કહેવાય છે કે જે તે કન્યામા પ્રથમ પુત્ર થાય તો તે પુત્રના આજાની પેઢીએ ખોળે આપવો પડે તે.) ૧૧ " દ્વિજાતીઓને દારકર્મ કરવામાં એટલે લગ્ન કરવામાં સવર્ણા સ્ત્રી શ્રેષ્ઠ છે. કામાધીન વિવાહ કરે તો ક્રમથી ઉત્તરોત્તર ક્ષત્રિયાદિની પણ શ્રેષ્ઠ જાણવી.૧૨

" शूद्रैव भार्या शूद्रस्य सा च स्वा च विशः स्मृते । ते च स्वा चैव राज्ञश्च

ताश्चस्वाचाग्रजन्मनः ॥ १३ ॥ " न ब्राह्मणक्षत्रिययोरापद्यपि हि तिष्ठतोः । कस्मिंश्चिदपि वृत्तान्ते शूद्रा भार्योपदिश्यते ॥ १४ ॥ हीन जातिस्त्रियंमोहादुद्वहन्तो द्विजातयः । । कुलान्येव नयन्त्याशु ससन्तानानि शूद्रताम् ॥ १५ ॥ शूद्रावेदी पतत्यत्रे रुतथ्यतनयस्यच । शौनकस्यसुतोत्पत्त्या तदपत्यतया भृगोः ॥ १६ ॥

શદ્રની શદ્રાજ સ્ત્રી હોય તથા વૈશ્યની શદ્રાતથા વૈશ્યા સ્ત્રી થાય અને ક્ષત્રિય, ક્ષત્રિય વૈશ્ય અને શદ્રની કન્યા સાથે લગ્ન કરે અને બ્રાહ્મણ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શદ્રની કન્યા સાથે લગ્ન કરે." ૧૩ (આ એ લોકો ૧૪ થી ૧૯ સુધીના શ્લોકો સાથે વિરૂદ્ધ હોવાથી મનુ પ્રોક્ત જણાતા નથી.) બ્રાહ્મણ અને ક્ષત્રિય એ બંન્ને આપત્કાલમાં આવ્યા હોય તો પણ તે બંને ને શદ્રા ભાર્યા કોઇપણ વૃત્તાનમાં બનાવી નથી. ૧૪ જે દ્વિજાતિયો મોહવશ થઇ પોતાનાથી હીન જાતિવાળી સ્ત્રી સાથે લગ્ન કરે છે તેના કુલો સતાનો સાથે શીઘ્ર શદ્રપણાને પ્રાપ્ત થાય છે. ૧૫ શદ્રા સાથે લગ્ન કરનાર પતિત થાય છે એમ અત્રિ અને ઉતથ્યના પુત્રનો અભિપ્રાય છે. અને શદ્રાથી સંતાનોત્પત્તિ કરવાથા પતિત થાય છે એમ શૌનકનો મત છે અને તેના સંતાનથી સંતાનોત્પત્તિ કરવાથી પતિત થાય છે એ ભૃગુનો મત છે. ૧૬

शूद्रांशयनमारोप्य ब्राह्मणोयात्यधोगतिम् । जनयित्वा सुतं तस्यां ब्राह्मण्यादेव हीयते ॥ १७ ॥ दैवपित्र्यातिथेयानि तत्प्रधानानि यस्य तु । नाश्नन्ति पितृदेवास्तन्न च स्वर्गं स गच्छति ॥ १८ ॥ वृषलीफेनपीतस्य निःश्वासोपहतस्य च । तस्यां चैव प्रसूतस्य निष्कृतिर्न विधीयते ॥ १९ ॥ चतुर्णामपि वर्णानां प्रेत्य चेह हिताऽहितान् । अष्टाविमान्समासेन स्त्रीविवाहान्निबोधत ॥ २० ॥

શદ્રા સ્ત્રીને શય્યાપર આરોપણ કરવાથી બ્રાહ્મણ અધોગતિને પ્રાપ્ત થાય છે, અને તેમાં જો સંતાનોત્પત્તિ કરે તો બ્રાહ્મણપણાંથી ત્યાગ થાય છે. જે બ્રાહ્મણનું દેવ, પિતૃ, અને અતિથી સંબધિ કર્મ તે શદ્રા સ્ત્રીના અધિકાર વડે થાય છે તે અન્નાદિને દેવતા અને પિતૃસંજ્ઞકો ગ્રહણ કરતા નથી અને તે પુરૂષ સુખનું ફલ ભોગવતો નથી. ૧૮ સ્વતંત્ર ફરવાવાળી અથવા શદ્ર સ્ત્રીનું જેણે ચુંબન કર્યું હોય તેમજ તેના મુખનો શ્વાસો

જૂવાસ જેણે લીધો હોય તેની તથા તે શૂદ્ર સ્ત્રીમાં ઉત્પન્ન થયેલાં સંતાનની પ્રાયશ્ચિત્તથી પણ શુદ્ધિ થતી નથી. ૧૯ આ સંસારમાં અને પરલોકમાં ચારે વર્ણોને હિતકારી તેમજ અહિતકારી એવા આઠ પ્રકારના વિવાહોને સંક્ષેપથી કહું છું તે સાંભળો. ૨૦

ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यस्तथासुरः । गान्धर्वो राक्षसश्चैव पैशाचश्चाष्टमोऽधमः ॥ २१ ॥ " योयस्यधर्मोवर्णस्य गुणदोषौचयस्ययौ । तद्वः सर्वं प्रवक्ष्यामि प्रसवेचगुणाऽगुणान् ॥ २२ ॥ " " षडानुपूर्व्याविप्रस्य क्षत्रस्यचतुरोवरान् । विट्शूद्रयोस्तुतानेव विद्याद्धर्म्यानराक्षसान् । ॥ २३ ॥ चतुरोब्राह्मणस्याद्यान्प्रशस्तान्कवयोविदुः । राक्षसंक्षत्रियस्यैकमासुरंवैश्यशूद्रयोः ॥ २४ ॥ "

બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાન્ધર્વ, રાક્ષસ, અને અતિ અધમ પિશાચ, એમ આઠ પ્રકારના વિવાહ જાણવા ૨૧ " જે વિવાહ જે બ્રાહ્મણાદિવર્ણને ધર્માનુકૂલ છે તે તથા જે વિવાહના ગુણ દોષો છે તે અને તેના સંતાનોત્પત્તિમાં જે ગુણ દોષ છે તે સર્વ તમને કહુ છું. ૨૨ અનુક્રમે કરીને છ વિવાહ બ્રાહ્મણને કરવા યોગ્ય છે. અને બીજા ચાર ક્ષત્રિયને કરવા યોગ્ય છે. તેમજ વૈશ્ય અને શૂદ્રને તો તે ચારમાંના રાક્ષસ વિવાહને છોડીને ત્રણ પ્રકારમાંથી કોઇ પણ પ્રકારે વિવાહ કરવો તે ધર્માનુકૂલ છે. ૨૩ જ્ઞાની પુરૂષો બ્રાહ્મણને પ્રથમના ચાર વિવાહજ પ્રશંસનીય જણાવે છે અને ક્ષત્રિયને ફક્ત એક રાક્ષસ વિવાહ અને વૈશ્ય તથા શૂદ્રને એક આસુર વિવાહ પ્રશસ્ત કહે છે. ૨૪

" पञ्चानांतुत्रयोधर्म्या द्वावधर्मौस्मृताविह । पैशाचश्चासुरश्चैव नकर्त्तव्यौकदाचन ॥ २५ ॥ पृथक्पृथग्वामिश्रौवा विवाहौ पूर्वचोदितौ । गान्धर्वोराक्षसश्चैव धर्म्यौक्षत्रस्यतौस्मृतौ ॥२६॥ " आच्छाद्य चार्चयित्वा च श्रुतिशीलवते स्वयम् । आहूय दानं कन्याया ब्राह्मो धर्मः प्रकीर्तितः ॥ २७ ॥ यज्ञे तु वितते सम्यगृत्विजे कर्म कुर्वते । अलंकृत्य सुतादानं दैवं धर्मं प्रचक्षते ॥ २८ ॥

પ્રાજાપત્યાદિ પાંચ વિવાહોમા પ્રથમના ત્રણ એટલે પ્રાજાપત્ય, ગાન્ધર્વ અને રાક્ષસ જે ત્રણ ધર્માનુકૂલ છે તે કરવા અને આ ધર્મશાસ્ત્રમાં પૈશાચ

અને આસુર એ બે અધર્માનુકૂલ છે. માટે તે વિવાહ કદાપિ કરવા નહિં. ૨૫ જુદા જુદા અથવા મિશ્રપણાથી જે પ્રથમ ગાંધર્વ અને રાક્ષસ વિવાહ કહ્યા છે તે ક્ષત્રિયોને કરવા યોગ્ય છે. ૨૬" (શ્લોક ૨૨ થી ૨૬ સુધીનાં આપત્કાલના વિવાહ સંબંધિ હોય એવો ભાસ થાય છે.) વિદ્યા યુક્ત સારા આચરણવાળા વરને બોલાવીને વસ્ત્રાભૂષણાદિથી સત્કાર કરીને કન્યાનું દાન કરવું તે બ્રાહ્મ વિવાહ કહેવાય છે ૨૭ યજ્ઞકાર્યમાં સારી રીતે કર્મ કરનાર ઋત્વિજને અલંકાર પહેરાવી કન્યાદાન કરે તેને દૈવ વિવાહ કહેવાય છે. ૨૮

एकं गोमिथुनंद्वेवा वरादादाय धर्मतः । कन्याप्रदानं विधिवदार्षो धर्मः स उच्यते ॥ २९ ॥सहोभौ चरतां धर्ममिति वाचानुभाष्य च । कन्याप्रदानमभ्यर्च्य प्राजापत्यो विधिः स्मृतः ॥ ३० ॥ ज्ञातिभ्यो द्रविणं दत्वा कन्यायै चैव शक्तितः। कन्याप्रदानं स्वाच्छन्द्यादासुरो धर्म उच्यते॥ ३१ ॥ इच्छयान्योन्यसंयोगः कन्यायाश्चवरस्य च। गान्धर्वःस तु विज्ञेयो मैथुन्यःकामसंभवः ॥ ३२ ॥

ધર્મ પૂર્વક વરની પાસેથી એક અથવા બે ગાયનું જોડું લઈને કન્યાનું પ્રદાન કરે તે વિધિને આર્ષ વિવાહ જાણવો. ૨૯ "તમે બંને સાથે ધર્માચરણ કરો." એમ વાણી વડે કહીને તથા સત્કાર કરીને કન્યાનું પ્રદાન કરે તે વિવાહનું નામ પ્રાજાપત્ય કહેવાય છે. ૩૦ કન્યાના માતા પિતા આદિને તથા કન્યાને યથાશક્તિ દ્રવ્ય આપીને જે ઈચ્છાપૂર્વક કન્યાદાન કરે છે તે આસુર વિવાહ કહેવાય છે ૩૧ કન્યા અને વરની ઈચ્છા વડે એક બીજાનો સંયોગ થયો હોય તે કામસંભવવાળો મૈથુનસંબંધિ ગાંધર્વ વિવાહ કહેવાય છે. ૩૨

हत्वा छित्त्वा च भित्त्वा च क्रोशन्तींरुदतींगृहात् । प्रसह्यकन्या हरणंराक्षसो विधिरुच्यते ॥ ३३ ॥ सुप्तां मत्तां प्रमत्तां वा रहोयत्रोपगच्छति । स पापिष्ठो विवाहानां पैशाचश्चाष्टमोऽधमः ॥ ३४ ॥ अद्भिरेव द्विजाग्र्याणां कन्यादानं विशिष्यते । इतरेषां तु वर्णानामितरेतरकाम्यया ॥ ३५ ॥ योयस्यैषांविवाहानां मनुनाकीर्त्तितोगुणः । सर्वं शृणुततंविप्राः सर्वं कीर्तयतो मम ॥ ३६ ॥

બુમો પાડતી અને રડતી કન્યાને માર મારીને અથવા હાથ પગ છેદન કરીને તથા ઘર વિગેરે ભાંગીને જે કન્યાનુ હરણ કરે, તે વિધિને રાક્ષસ વિવાહ કહેવાય છે. ૩૩ સુતેલી, મદોન્મત થયેલી, અથવા કાંઇ કેફી ચિજના ઘેનમાં નાંખેલી કન્યાનો એકાંતમાં વિષયભોગ કરે તે વિવાહોમાં અતિ પાપિષ્ઠ, અતિ નીચ. પિશાચ વિવાહ કહેવાય છે. ૩૪ બ્રાહ્મણોને જલ વડે કન્યાદાન આપવું શ્રેષ્ઠ છે, અને બીજા વર્ણોને તો પરસ્પરની જેમ ઇચ્છા હોય તેમ કન્યાદાન આપવું. ૩૫ જેના વિવાહોનો જે ગુણ મનુએ કહ્યો છે તે હુ સર્વ કહુ છું તે હે વિપ્રો ! તમે સર્વ સાભળો. ૩૬.

दश पूर्वान्परान्वंश्यानात्मानं चैकविंशकम् । ब्राह्मीपुत्रःसुकृतकृन्मोचयेदेनसःपितॄन् ॥ ३७॥ दैवोढाजःसुतश्चैव सप्त सप्त परावरान्। आर्षोढाजः सुतस्त्रींस्त्रीन्षट्षट्कायोढजः सुतः ॥ ३८ ॥ ब्राह्मादिषु विवाहेषु चतुर्ष्वेवानुपूर्वशः । ब्रह्मवर्चस्विनः पुत्रा जायन्ते शिष्टसंमताः ॥ ३९ ॥ रूपसत्त्वगुणोपेता धनवन्तोयशस्विनः । पर्याप्तभोगा धर्मिष्ठा जीवन्ति च शतं समाः ॥ ४० ॥

બ્રાહ્મ વિવાહથી ઉત્પન્ન થયેલો પુત્ર દશ પ્રથમની, દશ પછીની અને પોતાની સાથે એકવીસ પેઢીના પિતરોને તે સુકૃત કરનાર પુત્ર પાપથી છોડાવે છે ૩૭ દૈવ વિવાહથી ઉત્પન્ન થયેલો પુત્ર આગળ પાછળની સાત સાત પેઢીના પિતરોને, આર્ષ વિવાહથી ઉત્પન્ન થયેલો પુત્ર આગળ પાછળની ત્રણ ત્રણ પેઢીના પિતરોને તથા પ્રાજાપત્ય વિવાહથી ઉત્પન્ન થયેલો પુત્ર આગળ પાછળની છ છ પેઢીના પિતરોને પાપથી છોડાવે છે. ૩૮ બ્રાહ્માદિ ચાર વિવાહોમાં અનુક્રમે બ્રહ્મવર્ચસ્વી પુત્રો ઉત્પન્ન થાય છે એમ શિષ્ટપુરૂષોનો મત છે. ૩૯ અને તે રૂપ ગુણ વડે સંપન્ન, ધનવાન, યશવાળા, પર્યાપ્ત ભોગવાળા, ધર્મિષ્ઠ અને સો વરસ પર્યંત જીવનારા થાય છે. ૪૦

इतरेषु तु शिष्टेषु नृशंसानृतवादिनः । जायन्ते दुर्विवाहेषु ब्रह्मधर्मद्विषः सुताः ॥ ४१ ॥ अनिन्दितैः स्त्रीविवाहैरनिन्द्या भवति प्रजा । निन्दितैर्निन्दिता नृणां तस्मान्निन्द्यान्विवर्जयेत् ॥ ४२ ॥ पाणिग्रहणसंस्कारःसवर्णासूपदिश्यते असवर्णास्त्वयं ज्ञेयोविधिरुद्वाह-

कर्मणि ॥ ४३ ॥ शरः क्षत्रियया ग्राह्यः प्रतोदो वैश्यकन्यया । वसनस्य दशा ग्राह्या शूद्रयोत्कृष्टवेदने ॥ ४४ ॥

બાકી રહેલા બીજા દુષ્ટ વિવાહોમાં નિર્લજ્જ, ક્રૂર, અસત્ય બોલનાર, તથા વેદ અને ધર્મનો દ્વેષકરનાર પુત્રો ઉત્પન્ન થાય છે. ૪૧ મનુષ્યોને સારા સ્ત્રીવિવાહો વડે સારી અને નિન્દિત સ્ત્રીવિવાહો વડે નિન્દિત પ્રજા ઉત્પન્ન થાય છે માટે નિન્દ્ય વિવાહોનો ત્યાગ કરવો. ૪૨ સવર્ણા સ્ત્રીઓમાં પાણિ ગ્રહણ સંસ્કાર કહેવાયો હવે અસવર્ણા સ્ત્રીઓમાં વિવાહ સંસ્કારનો વિધિ આગળ બતાવ્યા પ્રમાણે જાણવો ૪૩ પોતાનાથી ઉતમ વર્ણની સાથે વિવાહ કરવામાં ક્ષત્રિય કન્યાએ બાણ, વૈશ્ય કન્યાએ પરાણો, અને શૂદ્ર કન્યાએ કપડાંના એક છેડા પકડીને વિવાહ કરવો. ૪૪.

ऋतुकालाभिगामी स्यात्स्वदारनिरतः सदा ॥ पर्ववर्जं व्रजेच्चैनां तद्व्रतो रतिकाम्यया ॥ ४५ ॥ ऋतुः स्वाभाविकः स्त्रीणां रात्रयः षोडश स्मृताः । चतुर्भिरितरैः सार्धमहोभिः सद्विगर्हितैः ॥ ४६ ॥ तासामाद्याश्चतस्रस्तु निन्दितैकादशी च या । त्रयोदशी च शेषास्तु प्रशस्ता दश रात्रयः ॥ ४७ ॥ युग्मासु पुत्रा जायन्ते स्त्रियोऽयुग्मासु रात्रिषु । तस्माद्युग्मासु पुत्रार्थी संविशेदार्तवे स्त्रियम् ॥ ४८ ॥

પોતાની સ્ત્રીમાં પ્રીતિ રાખી હમેશા ઋતુ સમયેજ સ્ત્રીની પાસે જવું. અમાવાસ્યાદિપર્વનો ત્યાગ કરી એકપત્નીવ્રત રાખનાર પુરૂષે કામની ઇચ્છા વડે સ્ત્રી પાસે જવું. ૪૫ સ્ત્રીઓને સ્વાભાવિક સોળ રાત્રિનો ઋતુ હોય છે. તેમા નિન્દિત એવા પ્રથમના ચાર દિવસો સાથે જાણવા. ૪૬ તે રાત્રીઓમા પ્રથમની ચાર રાત્રિ, અગિયારમી અને તેરમી એ છ રાત્રિ નિન્દિત જાણવી અને બાકીની દશ રાત્રિ સ્ત્રીસમાગમ માટે ઉત્તમ જાણવી. ૪૭ યુગ્મ રાત્રિમાં સ્ત્રી સમાગમ કરવાથી પુત્રો અને એકવડી રાત્રિમાં સ્ત્રી સમાગમ કરવાથી કન્યા ઉત્પન્ન થાય છે. માટે પુત્રની ઇચ્છાવાળાએ ઋતુ સમયે યુગ્મરાત્રિઓમાં સ્ત્રી પાસે જવું. ૪૮.

पुमान्पुंसोऽधिके शुक्रे स्त्री भवत्यधिके स्त्रियाः । समेऽपुमान्पुंस्त्रियौ वा क्षीणेऽल्पे च विपर्ययः ॥४९॥ निन्द्यास्वष्टासु चान्यासु स्त्रियो रात्रिषु वर्जयन् । ब्रह्मचार्येव भवति यत्र तत्राश्रमे वसन् ॥५०॥ न कन्यायाः

पिता विद्वान् गृह्णीयाच्छुल्कमण्वपि । गृह्णंश्छुल्कं हि लोभेन स्यान्नरोऽपत्यविक्रयी ॥ ५१ ॥ स्त्रीधनानि तु ये मोहादुपजीवन्ति बान्धवाः । नारीयानानि वस्त्रं वा ते पापायान्त्यधोगतिम् ॥ ५२ ॥

પુરૂષનું વીર્ય અધિક હોય તો પુરૂષ અને સ્ત્રીનું રેતસ અધિક હોય તો કન્યા અને બંનેનું રજવીર્ય સમાન હોય તો નપુંસક ઉત્પન્ન થાય છે. અને રોગાદિકારણથી તેમજ રજવીર્ય ક્ષીણ હોવાથી કાંઇ પણ વખતે ન થાય. ૪૯ નિંદ્ય એવી આઠ રાત્રિ જેવી કે પ્રથમની ચાર રાત્રિ, અગિઆરમી તથા તેરમી રાત્રી અને અમાવાસ્યા આદિ બે પર્વની રાત્રિ એમ આઠ રાત્રિનો ત્યાગ કરી સ્ત્રી સમાગમ કરનાર જે આશ્રમમાં રહે તે આશ્રમમાં રહેતાં છતાં બ્રહ્મચારીજ કહેવાય છે. ૫૦ વિદ્વાન પિતાએ કન્યાનુ કાંઇપણ દ્રવ્ય લેવું નહિં. જો લોભ વશ થઇ કાંઇ દ્રવ્ય ગ્રહણ કરે તો તે પિતા સંતાન વેચનાર કહેવાય છે. ૫૧ જે સગાં સંબંધી ભાઇઓ વિગેરે મોહથી કન્યાના ધન ઉપર આજીવિકા ચલાવતા હોય એટલે કે કન્યા જેને ત્યા આપી હોય તેને ત્યાંનું જે દ્રવ્ય, તેના ઉપર પણ તે કન્યાનું સ્વત્વ હોવાથી તે તેનું સ્ત્રી ધન કહેવાય છે. અને તે સ્ત્રી ધન ઉપર આજીવિકા ચલાવનાર બંધુઓ વિગેરે તથા તેના વાહનો, વસ્ત્ર વિગેરેનો જે બધુઆદિ ઉપભોગ કરે છે તે પાપીઓ નીચ ગતિને પ્રાપ્ત થાય છે. ૫૨.

आर्षे गोमिथुनं शुल्कं केचिदाहुर्मृषैवतत् । अल्पोऽप्येवं महान्वापि विक्रयस्तावदेव सः ॥ ५३ ॥ यासां नाददते शुल्कं ज्ञातयो न स विक्रयः । अर्हणं तत्कुमारीणामानृशंस्यं च केवलम् ॥ ५४ ॥ पितृभिर्भ्रातृभिश्चैताः पतिभिर्देवरैस्तथा । पूज्या भूषयितव्याश्च बहुकल्याणमीप्सुभिः ॥ ५५ ॥ यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः । यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राऽफलाः क्रियाः ॥ ५६ ॥

આર્ષ વિવાહમાં જે કન્યાના પિતાએ વર પાસેથી ગોમિથુન લેવાનું કહ્યુ છે તે મિથ્યાજ છે. કારણ કે થોડું દ્રવ્ય લેવું અથવા ઘણું લેવું તે પણ એક પ્રકારનો વિક્રયજ કહેવાય છે. ૫૩ જે કન્યાના વિવાહમાં બંધુ આદિ જ્ઞાતિઓ કાંઇ પણ દ્રવ્ય ન લે, તો પછી તે કન્યાનો વિક્રય કહેવાતો નથી. કેવલ દયાયુક્ત કુમારીઓનું તે પૂજનજ જાણવું. ૫૪ બહુ કલ્યાણને ઇચ્છનાર પિતા, ભાઇઓ, પતિ તથા દેવરો વડે તે વસ્ત્રાલંકારાદિવડે

સત્કાર કરવા યોગ્ય છે. ૫૫ જે ગૃહાશ્રમમાં સ્ત્રીઓનો સત્કાર થાય છે ત્યાં દેવતાઓ રમણ કરે છે. અને જ્યાં સ્ત્રીઓનો સત્કાર થતો નથી, ત્યાં ગૃહાદિની શુદ્ધિ માટે કરાયલી અગ્નિહોત્રાદિ સર્વ ક્રિયાઓ નિષ્ફલ થાય છે. ૫૬

शोचन्ति जामयोयत्र विनश्यत्याशु तत्कुलम्। न शोचन्ति तु-यत्रैता वर्धते तद्धि सर्वदा ॥ ५७॥ जामयोयानि गेहानि शपन्त्यप्रतिपूजिताः। तानि कृत्याहतानीव विनश्यन्ति समन्ततः ॥ ५८ ॥ तस्मादेताः सदा पूज्या भूषणाच्छादनाशनैः। भूतिकामैर्नरैर्नित्यं सत्कारेषूत्सवेषु च ॥ ५९ ॥ संतुष्टोभार्यया भर्त्ता भर्त्रा भार्या तथैवच। [illegible] व कुले नित्यं कल्याणं तत्र वैध्रुवम् ॥ ६० ॥

જે ગૃહાશ્રમમાં સ્ત્રીયો દુઃખી થઈ શોક કરે છે તે કુલ જલદી નાશ પામે છે અને જ્યા કન્યા, બેહેન, પુત્રવધુ, માતા આદિ સ્ત્રીયો શોક કરતી નથી તે કુલ જલદી વૃદ્ધિ પામે છે. ૫૭ સત્કાર નહિં પામનારી ઉપરોક્ત સ્ત્રીઓ જે ઘરોને શાપ આપે છે તે ઘરોનો ચારે બાજુથી વિષાદિ પ્રયોગથી નાશ થતાં હોય તેમ જલદી નાશ પામે છે. ૫૮ એટલા માટે કુલની સર્વ પ્રકારે સમૃદ્ધિ ઇચ્છનારા પુરૂષોએ સત્કારોમાં અને ઉત્સવોમા વસ્ત્ર, આભૂષણ અને ભોજનાદિ વડે હંમેશાં સત્કાર કરવો. ૫૯ જે કુલમાં સ્ત્રી વડે સ્વામી પ્રસન્ન હોય અને સ્વામીવડે સ્ત્રી પ્રસન્ન રહેતી હોય ત્યાં હંમેશા નિશ્ચયપૂર્વક કલ્યાણજ થાય છે.

यदिहि स्त्री न रोचेत पुमांसं नप्रमोदयेत्। अप्रमोदा[illegible]नः पुंसः प्रजनं न प्रवर्तते ॥ ६१ ॥ स्त्रियां तु रोचमानायां सर्वं तद्रोचते कुलम्। तस्यां त्वरोचमानायां सर्वमे[illegible] न रोचते ॥ ६२ ॥ कुविवाहैः क्रियालोपैर्वेदानध्ययनेनच ॥ ६३ ॥ शिल्पेन व्यवहारेण शूद्रापत्यैश्च केवलैः। गोभिरश्वैश्च यानैश्च कृष्या राजोपसेवया ॥ ६४ ॥

જો સ્ત્રી સુંદર ન હોય તો પુરૂષને પ્રસન્ન કરી શકતી નથી અને પુરૂષઅપ્રસન્ન રેહેવાથી સંતાનોત્પત્તિ થતી નથી- ૬૧ સ્ત્રી જો વસ્ત્રાલંકારાદિવડે પ્રસન્ન હોય તો તે આખું કુલ શોભે છે. અને તે પ્રીતિ ઉત્પન્ન કરનારી ન હોય તો આખું કુલ ઉદાસીન, મલીન અથવા અપ્રીતિવાળું લાગે છે. ૬૨

ખરાબ વિવાહોથી, ક્રિયાના લોપથી, વેદના અધ્યયન ન કરવાથી અને બ્રાહ્મણની આજ્ઞા ઉલ્લંઘન કરવાથી સારા કુલો નીચતાને પ્રાપ્ત થાય છે. ૬૩ શિલ્પવડે, વાણિજ્યાદિ વ્યવહાર વડે, કેવલ શૂદ્રસંતતિઓવડે, ગોવડે, અશ્વ અને વાહનો વડે, કૃષિવડે, રાજાની સેવા વડે. ૬૪

अयाज्ययाजनैश्चैव नास्तिक्येनचकर्मणाम् । कुलान्याशुविनश्यन्ति यानि हीनानि मन्त्रतः ॥ ६५ ॥ मन्त्रतस्तुसमृद्धानि कुलान्यल्पधनान्यपि । कुलसंख्यां च गच्छन्ति कर्षन्ति च महद्यशः॥६६॥ वैवाहिकेऽग्नौ कुर्वीत गृह्यं कर्म यथाविधि । पञ्चयज्ञविधानं च पक्तिं चान्वाहिकीं गृही ॥ ६७ ॥ पञ्चसूना गृहस्थस्य चुल्ली पेषण्युपस्करः । कण्डनी चोदकुम्भश्च बध्यते यास्तु वाहयन् ॥ ६८ ॥

નહિં પૂજન કરવા યોગ્યનું પૂજન કરવાથી, કર્મોમાં નાસ્તિક ભાવ રાખવાથી તથા સંધ્યોપાસનાદિ મંત્રથી રહિત કુલોનો જલદી નાશ થાય છે. ૬૫ સંધ્યોપાસનાદિ વેદમંત્રો તથા કર્મવડે સમૃદ્ધ કુલ અલ્પ ધનવાળાં હોય તોપણ તે કુલવાનની ગણતીમા ગણાય છે. અને મોટું યશ પ્રાપ્ત કરે છે ૬૬ વૈવાહિક અગ્નિમાં યથાવિધિ ગૃહ્યોક્ત કર્મ કરવું, તેમજ પંચમહાયજ્ઞનું વિધાન તેમજ હંમેશાની પાકક્રિયા પણ ગૃહસ્થાશ્રમીએ તેમાં જ કરવી ૬૭ ચૂલો, ઘંટી, ખાંડણીયું, સાવરણી અને પાણીયારૂં, એ પાંચ, ગૃહસ્થ પુરૂષને હિંસાના સ્થાનો છે એટલાથી કામ લેનાર ગૃહસ્થ પાપ વડે લિપ્ત થાય છે ૬૮

तासां क्रमेण सर्वासां निष्कृत्यर्थं महर्षिभिः । पञ्चक्लृप्ता महायज्ञाः प्रत्यहं गृहमेधिनाम् ॥ ६९ ॥ अध्यापनं ब्रह्मयज्ञः पितृयज्ञस्तु तर्पणम् । होमो दैवोबलीर्भौतोनृयज्ञोऽतिथिपूजनम् ॥ ७० ॥ पञ्चैतान्यो महायज्ञान्न हापयति शक्तितः । स गृहेऽपि वसन्नित्यं सूनादोषैर्न लिप्यते ॥ ७१ ॥ देवतातिथिभृत्यानां पितॄणामात्मनश्च यः । न निर्वपति पञ्चानामुच्छ्वसन्न स जीवति ॥ ७२ ॥

મહર્ષિયોએ તે સર્વ ક્રિયાની શુદ્ધિ માટે ક્રમે કરીને દર રોજ કરવાના ગૃહસ્થાશ્રમીઓને માટે પાંચ મહાયજ્ઞો કહ્યા છે. ૬૯ વેદનું ભણવું

ભણાવવું તે બ્રહ્મયજ્ઞ, માતા પિતા આદિની અન્ન જલાદિવડે તૃપ્તિ કરવી તે પિતૃયજ્ઞ, સાયંપ્રાતઃ હોમ કરવો તે દેવયજ્ઞ, બલિવૈશ્વદેવ કરવો તે ભૂત યજ્ઞ અને અતિથિનો અન્નાદિ વડે સત્કાર કરવો તે નૃયજ્ઞ કેહેવાય છે. ૭૦ જે ગૃહસ્થાશ્રમી પોતાની શક્તિ પ્રમાણે એ પાંચ મહાયજ્ઞોનો ત્યાગ ન કરે, તે હંમેશાં ઘેર રેહેતાં છતાં પણ ઉપરોકત ચૂલા આદિના દોષથી લિપ્ત થતો નથી. ૭૧ અગ્નિઆદિ દેવતાઓ, અતિથિ તથા ભૂતોની તૃપ્તિને માટે તેમજ માતા, પિતા, આચાર્ય આદિ પિતરોની તૃપ્તિ માટે તેમજ પોતાના આત્માની તૃપ્તિને માટે જે પંચ મહા યજ્ઞો કરતો નથી, તે શ્વાસ લેતાં છતા મરેલો સમજવો. ૭૨

अहुतं च हुतं चैव तथा प्रहुतमेव च । ब्राह्म्यं हुतं प्राशितं च पञ्चयज्ञान्प्रचक्षते ॥ ७३ ॥ जपोऽहुतो हुतो होमः प्रहुतो भौतिको बलिः । ब्राह्म्यं हुतं द्विजाग्र्यार्चा प्राशितं पितृतर्पणम् ॥ ७४ ॥ स्वाध्याये नित्ययुक्तः स्याद्दैवे चैवेह कर्मणि । दैवकर्मणि युक्तो हि बिभर्तीदं चराचरम् ॥ ७५ ॥ अग्नौ प्रास्ताहुतिः सम्यगादित्यमुपतिष्ठते । आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्नं ततः प्रजाः ॥ ७६ ॥

અહુત, હુત, પ્રહુત, બ્રાહ્મહુત અને પ્રાશિત એ બીજા પાંચ નામ પાંચ મહાયજ્ઞોના કેહેવાય છે. ૭૩ ગાયત્રી જપનું નામ અહુત યજ્ઞ, સાયંપ્રાતઃ હોમનું નામ હુત યજ્ઞ, બલિ વૈશ્વ દેવનું નામ પ્રહુત યજ્ઞ, બ્રાહ્મણાદિ અતિથિનો સત્કાર કરવો તેનું નામ બ્રાહ્મહુત યજ્ઞ અને માતાપિતા આદિ પિતરોની અન્ન જલાદિવડે તૃપ્તિ કરવી તેનું નામ પ્રાશિતયજ્ઞ કેહેવાય છે. ૭૪ યદિ કોઇ ગૃહાશ્રમી કોઈ પણ પ્રકારે એ પાંચે યજ્ઞો ઠીક ઠીક ન કરી શકે તો તેણે વેદાધ્યયન તથા ગાયત્રી જપ તેમજ સાયંપ્રાતરગ્નિહોત્ર રૂપ દેવકર્મમાં હંમેશાં તત્પર રહેવું. જે પુરૂષ દેવકર્મમાં યુકત હોય છે તે આ સર્વ ચરાચરનું પોષણ કરે છે એમ સમજવું, ૭૫ કારણ કે અગ્નિમાં સારી રીતે વિધિપૂર્વક આપેલી આહુતી આદિત્ય મંડલ પર્યન્ત જાય છે. અને આદિત્યની શુદ્ધ ઉષ્ણતાથી વૃષ્ટિ ઉત્પન્ન થાય છે, વૃષ્ટિથી અન્ન પેદા થાય છે અને અન્નથી પ્રજોત્પત્તિ તથા પાલનાદિ થાય છે. ૭૬

यथा वायुं समाश्रित्य वर्तन्ते सर्वजन्तवः । तथा गृहस्थमाश्रित्य वर्तन्ते सर्व आश्रमाः ॥ ७७ ॥ यस्मात्त्रयोऽप्याश्रमिणो [illegible] न्नेन

चान्वहम् । गृहस्थेनैव धार्यन्ते तस्माज्ज्येष्ठाश्रमो गृही ॥ ७८ स संधार्यः प्रयत्नेन स्वर्गमक्षयमिच्छता । सुखं चेहेच्छता नित्यं योऽधार्यो दुर्बलेन्द्रियैः ॥ ७९ ॥ ऋषयः पितरो देवा भूतान्यतिथयस्तथा । आशासते कुटुम्बिभ्यस्तेभ्यः कार्यं विजानता ॥ ८० ॥

જે પ્રમાણે વાયુનો આશ્રય કરીને સર્વ જંતુઓ રહે છે તેજ પ્રમાણે ગૃહસ્થાશ્રમનો આશ્રય લઈને સર્વ આશ્રમો રહે છે. ૭૭ જેનાથી ત્રણે આશ્રમવાળાઓ હંમેશાં જ્ઞાન અને અન્નથી ગૃહાશ્રમીથીજ ધારણ કરી શકાય છે. માટે સર્વ આશ્રમીઓ કરતાં ગૃહાશ્રમી મોટો કહેવાય છે. ૭૮ અક્ષય સુખ એટલે મોક્ષને ઇચ્છનાર તેમજ આ સંસારમાં સુખ ઇચ્છનાર પુરૂષે પ્રયત્નથી ગૃહાશ્રમ ધારણ કરવા યોગ્ય છે. કે જે ગૃહાશ્રમ દુર્બલેન્દ્રિયવાળાઓ વડે ધારણ કરવા યોગ્ય નથી. ૭૯ કેમકે ઋષિયો, પિતરો, દેવો, મહાભુતો, અને અતિથિઓ એ સર્વ, કુટુંબવાળાઓ પાસેથી તૃપ્તિની આશા રાખે છે માટે, એવા જાણનાર પુરૂષે હંમેશાં પંચમહાયજ્ઞ કરવા જોઇએ. ૮૦

स्वाध्यायेनार्चयेतर्षीन्होमैर्देवान्यथाविधि । पितॄन्श्राद्धैश्च नॄनन्नैर्भूतानि बलिकर्मणा ॥ ८१ ॥ कुर्यादहरहः श्राद्धमन्नाद्येनोदकेन वा पयोमूलफलैर्वापि पितृभ्यः प्रीतिमावहन् ॥ ८२ ॥ एकमप्याशयेद्विप्रं पित्रर्थे पाञ्चयज्ञिके । न चैवात्राशयेत्किंचिद्वैश्वदेवं प्रति द्विजम् ॥८३॥ वैश्वदेवस्य सिद्धस्य गृह्येऽग्नौ विधिपूर्वकम् । आभ्यः कुर्याद्देवताभ्यो ब्राह्मणो होममन्वहम् ॥ ८४ ॥

સ્વાધ્યાયવડે ઋષિયોનો, યથાવિધિ હોમવડે દેવોનો, શ્રદ્ધાયુકત અન્ન પાનાદિવડે પિતરોનો, અન્નવડે મનુષ્યોનો અને બલિવૈશ્વદેવકર્મવડે મહા ભૂતોનો સત્કાર કરવો. ૮૧ પિતરોની પ્રીતિ ચાહનાર પુરૂષે અન્નાદિવડે, જલવડે તેમજ દુધ, મૂલ, ફલાદિવડે દરરોજ શ્રાધ્ધ કરવું. ૮૨ પંચ મહા યજ્ઞ સંબંધિ પિતૃયજ્ઞ નિમિત્ત એક બ્રાહ્મણને પણ ભોજન કરાવવું પરતુ બલિવૈશ્વદેવનિમિત્ત બ્રાહ્મણને ભોજન કરાવવું નહિ ૮૩ ગૃહ્યાગ્નિમાં વિધિપૂર્વક વૈશ્વદેવને માટે જે સિધ્ધ અન્ન થયું હોય તેમાંથી દેવતા આદિને માટે બ્રાહ્મણે હંમેશાં હોમાદિ કરવું. ૮૪

अग्नेः सोमस्य चैवादौ तयोश्चैव समस्तयोः । विश्वेभ्यश्चैव दे-

भ्योवे धन्वन्तरयएव च ॥ ८५ ॥ कुह्वै चैवानुमत्यै च प्रजापतय एव च । सह द्यावापृथिव्योश्च तथा स्विष्टकृतेऽन्ततः ॥ ८६ ॥ एवं सम्यग्घविर्हुत्वा सर्वदिक्षुमदक्षिणम् । इन्द्रान्तकाप्पतीन्दुभ्यः सानुगेभ्यो बलिं हरेत् ॥८७॥ मरुद्भ्य इति तु द्वारि क्षिपेदप्स्वद्भ्य इत्यपि। वनस्पतिभ्यइत्येवं मुसलोलूखले हरेत् ॥ ८८ ॥

અગ્નિ અને સોમને પહેલા આહુની આપવી, અને પછી સમુદાય અગ્નિસોમને આહુતી આપવી. પછી વિશ્વદેવાને અને ધન્વન્તરિને ઉદ્દેશીને આહુની આપવી. ૮૫ પછી કુહુ, અનુમનિ, પ્રજાપનિ, દ્યાવાપૃથિવી અને સ્વિષ્ટકૃનને ઉદ્દેશીને આહુનિયો આપવી. ૮૬ એ પ્રકારે સારીરીને હોમ કરીને તથા સર્વ દિશાઓમા પ્રદક્ષિણ ક્રમે કરીને સાનુગ વરૂણ, અને સાનુગ સોમ એટલાને માટે બલિદાન આપવું ૮૭ **मरुद्भ्यः स्वाहा** એમ કહી દારમાં, **अद्भ्यः** એમ કહીને પાણીમા **वनस्पतिभ्य** એમ કરીને ઉલખલ અને મુસલનિમિત્ત બલિદાન આપવું ૮૮

उच्छीर्षकेश्रियैकुर्याद्भद्रकाल्यैचपादतः । ब्रह्मवास्तोष्पतिभ्यांतु वास्तुमध्ये बलिं हरेत् ॥ ८९ ॥ विश्वेभ्यश्चैवदेवेभ्यो बलिमाकाशउत्क्षिपेत्। दिवाचरेभ्यो भूतेभ्यो नक्तंचारिभ्य एव च ॥ ९०॥ पृष्ठवास्तुनि कुर्वीत बलिं सर्वात्मभूतये । पितृभ्यो बलिशेषं तु सर्वं दक्षिणतो हरेत् ॥ ९१ ॥ शुनां च पतितानां च श्वपचां पापरोगिणाम् । वायसानां कृमीणां च शनकैर्निर्वपेद्भुवि ॥ ९२ ॥

ઘરના શિરોભાગ એટલે છાત ઉપર **श्रीयै** એમ કહીને, મકાનની જમીનપર **भद्रकाल्यै** એમ કહી તથા ઘરના મધ્ય ભાગમા **ब्रह्मवास्तो ष्पतिभ्यां** એમ કહીને બલિદાન આપવુ. ૮૯ વિશ્વેદેવાઓને માટે આકાશમાં બલિદાન ફેંકવુ. તેમજ દિવાચર, ભૂત અને નક્તંચરને માટે પણ આકાશમાં બલિદાન ફેંકવુ ૯૦ ઘરના પાછળના ભાગમાં સર્વાત્મભૂતિને માટે બલિદાન આપવુ તથા દક્ષિણ દિશા તરફ સર્વ શેષ રહેલું બલિદાનનું અન્ન પિતરોને માટે બલિદાનમા આપવુ. ૯૧ કૂતરાં, પતિત, ચાંડાલ, પાપરોગી, કાગડા અને કીડાઓ એમને ધીમે રહીને પૃથ્વિપર અન્ન આપવું. ૯૨

एवं यः सर्वभूतानि ब्राह्मणो नित्यमर्चति । सगच्छति परं स्था-

नं तेजोमूर्तिः पथर्जुना ॥ ९३ ॥ कृत्वैतद्बलिकर्मैवमतिथिं पूर्वमाशयेत् । भिक्षां च भिक्षवे दद्याद्विधिवद्ब्रह्मचारिणे ॥ ९४ ॥ यत्पुण्यफलमाप्नोति गांदत्वाविधिवद्गुरोः । तत्पुण्यफलमाप्नोति भिक्षांदत्वा द्विजोगृही ॥ ९५ ॥ भिक्षामप्युदपात्रं वा सत्कृत्य विधिपूर्वकम् । वेदतत्त्वार्थविदुषे ब्राह्मणायोपपादयेत् ॥ ९६ ॥

એ પ્રમાણે જે બ્રાહ્મણાદિ, નિત્ય સર્વ પ્રાણિયોનો સત્કાર કરે છે તે શુદ્ધ નિષ્પાપ થઈ સરલ સુખ યુક્ત માર્ગ વડે ચાલતાં સર્વોત્તમ સુખદાયક મોક્ષ સ્થાનને પ્રાપ્ત થાય છે. ૯૩ એ પ્રમાણે બલિવૈશ્વદેવનું કર્મ કરીને પછી પ્રથમ અતિથિને ભોજન કરાવવું અને બ્રહ્મચારી ભિક્ષુ હોય તો તેને માટે વિધિ પ્રમાણે ભિક્ષા આપવી ૯૪ વિધિ પૂર્વક ગુરૂને ગાયનું દાન આપ્યાથી જે પુણ્યનું ફલ પ્રાપ્ત થાય છે તેજ પુણ્યનું ફલ ગૃહાશ્રમીદ્વિજને બ્રહ્મચારીને ભિક્ષા પ્રદાન કરવાથી થાય છે. ૯૫ વિધિપૂર્વક આદર સન્માન આપીને ભિક્ષા તથા ઉદકપાત્ર વેદનાતત્ત્વાર્થને જાણનારા બ્રાહ્મણને આપવું. ૯૬

नश्यन्ति हव्यकव्यानि नराणामविजानताम् । भस्मीभूतेषु विप्रेषु मोहाद्दत्तानि दातृभिः ॥ ९७ ॥ विद्यातपःसमृद्धेषु हुतं विप्रमुखाग्निषु । निस्तारयति दुर्गाच्च महतश्चैव किल्बिषात् ॥ ९८ ॥ संप्राप्ताय त्वतिथये प्रदद्यादासनोदके । अन्नं चैव यथाशक्ति सत्कृत्य विधिपूर्वकम् ॥ ९९ ॥ शिलानप्युञ्छतो नित्यं पञ्चाग्नीनपिजुह्वतः । सर्वं सुकृतमादत्ते ब्राह्मणोऽनर्चितो वसन् ॥ १०० ॥

દાતા લોકોએ પોતાના અજ્ઞાનથી વેદોક્ત ધર્મ કર્મના ત્યાગ વડે ભસ્મીભૂત અર્થાત્ નામ માત્ર ધારણ કરનારા વિપ્રોમાં, સુપાત્ર તથા કુપાત્રને નહિ જાણનારા પુરૂષોનાં આપેલાં હવ્યકવ્યો નાશ પામે છે. ૯૭ વિદ્યા અને તપ વડે સમૃદ્ધ એવાં બ્રાહ્મણોના મુખરૂપ અગ્નિમાં આહુતિ આપી હોય, તે મહાકષ્ટથી તથા મહાપાપથી તારે છે—બચાવે છે. ૯૮ અતિથિ આપણે ત્યાં આવે કે તુરત તેને માટે આસન અને પાણી, તથા યથાશક્તિ ભોજનને માટે અન્ન વિધિપૂર્વક સત્કાર કરીને આપવું. ૯૯ આવતાં છતા આદરસત્કાર નહિ કરાયલો અતિથિબ્રાહ્મણ હંમેશા બારણે શિલોઞ્છન

એટલે કે ખેડુત પોતાના ખેતરમાં પાકેલું અન્ન લઇ જાય અને પાછળથી ખેતરમાં પડેલા જે છુટા છુટા દાણા તેને વીણીને આજીવિકા ચલાવનારનાં તથા હંમેશાં પંચાગ્નિમાં હોમ કરનારનાં પણ સર્વ પુણ્યને, બ્રહ્મણ હરી જાય છે. ૧૦૦

[illegible] भूमिरुदकं वाक्चतुर्थी च सूनृता । [illegible]ान्यपि सतां
[illegible] ॥ १०१ ॥ एकरात्रंतु निवसन्नतिथिर्ब्राह्मण
स्मृतः । अनित्यं हि स्थितोयस्मात्तस्मादतिथिरुच्यत ॥ १०२ ॥ नै-
कग्रामीणमतिथिं विप्रं साङ्गतिकं तथा । उपस्थितंगृहेविद्याद्भार्या यत्रा
ग्नयोऽपिवा ॥ १०३ ॥ उपासते ये गृहस्थाः परपाकम बुद्धयः ।
तेन ते प्रेत्य पशुतां व्रजन्त्यन्नादिदायिनाम् ॥ १०४ ॥

દર્ભાદિનું આસન, બેસવાને માટે સ્થાન, પીવાને માટે પાણી અને સારી વાણી, એ ચાર વાત તો સત્પુરૂષોના ઘરમાં કદાપિ નાશ પામતીજ નથી. ૧૦૧ એક રાત્રિ વસનાર બ્રાહ્મણ અતિથિ કહેવાય છે, કેમકે એનું આંવવું અને રહેવું નિત્ય નથી તેથી અતિથિ કહેવાય છે. ૧૦૨ એકજ ગામનો રેહેનાર, તથા નાના પ્રકારના ઇતિહાસાદિ સંભળાવનાર વિપ્ર, કદાપિ બહારથી આવે તો પણ તેને અતિથિ ન જાણવો. સ્ત્રી અને અગ્નિ યુક્ત હોય એવો પુરૂષ ગૃહસ્થને ઘેર આવે તો તેને પણ અતિથિ ન જાણવો. ૧૦૩ જે બુદ્ધિહિન ગૃહસ્થાશ્રમીઓ બીજાનાં પાકની ઉપાસના કરે છે. અર્થાત્ પારકાં ભોજનની ઇચ્છા રાખે છે તો તેનાથી અન્નાદિને આપનારાઓના તેઓ જન્માન્તરમાં પશુ થાય છે. ૧૦૪

अप्रणोद्योऽतिथिः सायं सूर्योढो गृहमेधिना । काले प्राप्तस्त्व
कालेवा नास्यानश्नन्गृहेवसन् ॥ १०५ ॥ न वै स्वयं तदश्नीयादतिथिं
यन्नभोजयेत् । धन्यं यशस्यमायुष्यं स्वर्ग्यंवाऽतिथिपूजनम् ॥ १०६ ॥
आसनावसथौशय्यामनुव्रज्यामुपासनम् । उत्तमेषूत्तमं कुर्याद्धीने हीनं
समे समम् ॥ १०७ ॥ वैश्वदेवे तु निर्वृत्ते यद्यन्योऽतिथिराव्रजेत् ।
तस्याप्यन्नं यथाशक्ति प्रदद्यान्न बलिं हरेत् ॥ १०८ ॥

સન્ધ્યા સમયે સૂર્ય અસ્ત પામતાં જો અતિથિ આવે તો તેને ના ન કહેવી. ભોજનના સમયે અથવા ભોજન સમય વ્યતીત થાય તોપણ આ-

વેલા અતિથિને ભુખ્યો ન રાખવો. ૧૦૫ અતિથિને જે વસ્તુ ભોજનમાં ન આપવી હોય તો, ગૃહસ્થે પણ તે વસ્તુનું ભોજન ન કરવું. અતિથિનું પૂજન ધન્યવાદ પાત્ર, યશ આપવાવાળું, આયુષ્ય વધારનારું અને ઉત્તમ સુખ આપનારૂં હોય છે. ૧૦૬ રેહેવાને સ્થાન, બીછાનું, શય્યા, આવતી વખતે તેમજ જતી વખતે પાછળ ચાલી સન્માન આપવું તે, પગ દબાવવા આદિ સેવા એટલું ઉત્તમોને ઉત્તમ, નિકૃષ્ટને નિકૃષ્ટ અને સમાનને સમાન કરવું. ૧૦૭ વૈશ્વદેવ થઈ રહ્યો હોય અને પછી જો કદાપિ બીજો અતિથિ આવે તો તેને પણ યથા શકિત અન્ન આપવું પણ બલિદાન ન આપવું, ૧૦૮

न भोजनार्थं स्वे विप्रःकुलगोत्रे निवेदयेत् । भोजनार्थं हि ते शंसन्वान्ताशीत्युच्यतेबुधैः ॥१०९॥ न ब्राह्मणस्य त्वतिथिर्गृहे राजन्य उच्यते । वैश्यशूद्रौ सखा चैव ज्ञातयो गुरुरेव च ॥ ११० ॥ यदित्वतिथिधर्मेण क्षत्रीयोगृहमाव्रजेत् । भुक्तवत्सूक्तविप्रेषु कामं तमपि भोजयेत् ॥ १११ ॥ वैश्यशूद्रावपि प्राप्तौ कुटुम्बेऽतिथिधर्मिणौ । भोजयेत्सहभृत्यैस्तावानृशंस्यं प्रयोजयन् ॥ ११२ ॥

બ્રાહ્મણે ફક્ત ભોજન માટે પોતાનાં કુલ ગોત્ર કહેવાં નહિ. જે બ્રાહ્મણ ભોજનને માટે પોતાનાં કુલગોત્રનું ઉચ્ચારણ કરે તો તે વમન કરેલું ખાનાર છે એમ વિદ્વાનો વડે કેહેવાય છે. ૧૦૯ બ્રાહ્મણને ઘેર ક્ષત્રિય અતિથિ કેહેવાતો નથી, તેમજ વૈશ્ય, શુદ્ર, મિત્ર, તેમજ જ્ઞાતિના કોઇ મનુષ્યો આવે તે, તથા ગુરૂ પણ અતિથિ ન કેહેવાય. અર્થાત્ એઓને અતિથિ નહિ સમજવા જોઇયે. ૧૧૦ જો અતિથિના ધર્મથી ક્ષત્રિય પણ ભોજન કરતી વખતે બ્રાહ્મણને ઘેર આવે તો બ્રાહ્મણોને ભોજન કરાવી રહ્યા પછી તેને પણ ઇચ્છા પૂર્વક ભોજન કરાવવું. ૧૧૧ જો વૈશ્ય અને શુદ્ર પણ અતિથિ ધર્મ વડે આવે તો તેનાપર કૃપા કરીને કુટુંબમાં સેવક આદિની સાથે તેને પણ ભોજન કરાવવું. ૧૧૨.

इतरानपिसख्यादीन्संप्रीत्यागृहमागतान् । सत्कृत्यान्नंयथाशक्ति भोजयेत्सहभार्यया ॥ ११३ ॥ सुवासिनीःकुमारीश्चरोगिणोगर्भिणीः स्त्रियः । अतिथिभ्योऽग्रएवैतान्भोजयेदविचारयन् ॥ ११४ ॥ अदत्त्वा तुयएतेभ्यः पूर्वंभुङ्क्तेऽविचक्षणः । सभुञ्जानोनजानाति श्वगृध्रैर्जग्धि-

मात्मनः ॥ ११५ ॥ भुक्तवत्स्वथ विप्रेषु स्वेषु भृत्येषु चैव हि । भुञ्जीयातां ततः पश्चादवशिष्टं तु दम्पती ॥ ११६ ॥

બીજા પણ ઘેર આવેલા મિત્રાદિને પ્રીતિ વડે સત્કાર કરીને ભાર્યાસહિત યથાશક્તિ ગ્રાસન ભોજન કરાવવું ૧૧૩ સુવાસિની સ્ત્રી, કુમારી, રોગી અને ગર્ભિણી સ્ત્રી એટલાને અતિથિઓની પણ આગળ કાંઇ પણ વિચાર ન કરતાં પ્રથમ ભોજન કરાવવું ૧૧૪ જે મૂર્ખ એ ઉપરોક્તને ભોજન કરાવ્યા શિવાય પ્રથમ પોતે ભોજન કરે છે તે ભોજન કરનાર એમ નથી જાણતો કે કુતરા અને ગીધો વડે મારૂ ભક્ષણ અસમર્થ અવસ્થામાં થશે ૧૧૫ બ્રાહ્મણો ભોજન કરી લે. તેમજ પોતાનો ભૃત્યાદિગણ ભોજન કરી લે. પછી જે અવશેષ રહેલું અન્ન હોય તે ગૃહસ્થ દંપતી એટલે સ્ત્રી પુરૂષે ભોજન કરવું ૧૧૬.

देवानृषीन्मनुष्यांश्च पितन्गृह्याश्चदेवताः । पूजयित्वा ततः पश्चाद् गृहस्थःशेषभुग्भवेत् ॥ ११७ ॥ अघमकेवलंभुङ्क्ते यःपचत्यात्मकारणात् । यज्ञशिष्टाशनं ह्येतत्सतामन्न विधीयते ॥ ११८ ॥ राजर्त्विक्स्नातकगुरू न्प्रियश्वशुरमातुलान । अर्हयेन्मधुपर्केण परिसंवत्सरात्पुनः ॥ ११९ ॥ राजा च श्रोत्रियश्चैव यज्ञकर्मण्युपस्थितौ । मधुपर्केण संपूज्यौ न त्वयज्ञइति स्थितिः ॥ १२० ॥

દેવો, ઋષિયો અને મનુષ્યો, પિતરો, ગૃહ્યોક્ત અગ્ન્યાદિ દેવતાઓ, એટલાનો અન્નાદિવડે પ્રથમ ભોજનાદિ સત્કાર કરીને પછી જે શેષ હોય તે ગૃહસ્થે ભોજન કરવું ૧૧૭ જે મનુષ્ય કેવલ પોતાના આત્માની તૃપ્તિને માટેજ અન્નાદિનો પાક કરી ભોજન કરે છે તે કેવલ પોતાનાં પાપનું ભક્ષણ કરે છે. અને જે પંચમહાયજ્ઞ કરતાં અવશેષ રહેલાં અન્નનું ભોજન કરે છે તે સત્પુરૂષોનું અન્ન કહેવાય છે. અર્થાત્ તેનાથી સર્વ પાપ નાશ પામે છે ૧૧૮ રાજા, ઋત્વિક, સ્નાતક, ગુરૂ, મિત્ર, સસરો, મામા એટલા મધુપર્ક વડે પૂજવા યોગ્ય છે અને એક સંવત્સરમાં ફરીથી તે આવે તો પુન. પણ તેનું મધુપર્કથી પૂજન કરવું ૧૧૯ રાજા અને શ્રોત્રિય બ્રાહ્મણ એ બંને યજ્ઞ કર્મમાં પ્રાપ્ત હોય તો મધુપર્ક વડે પૂજવા યોગ્ય છે. યજ્ઞ શિવાય નહિ. ૧૨૦.

सायं त्वन्नस्य सिद्धस्य पत्न्यमन्त्रं बलिं हरेत् । वैश्वदेवं हि नामैतत्सायं प्रातर्विधीयते ॥ १२१ ॥ " पितृयज्ञंतुनिर्वर्त्य विप्रश्चेन्दुक्षयेऽग्निमान् । पिण्डान्वाहार्यकंश्राध्धं कुर्यान्मासानुनासिकम् ॥१२२॥ पितॄणांमासिकंश्राध्धमन्वाहार्यंविदुर्बुधाः । तच्चामिषेणकर्तव्यं प्रशस्तेनसमंततः ॥ १२३ ॥ तत्रयेभोजनीयाःस्युर्येचवर्ज्याद्विजोत्तमाः । यावन्तश्चैवयैश्चान्नैस्तान्प्रवक्ष्याम्यशेषतः ॥ १२४ ॥"

સાયંકાલે પરિપાક વડે સિદ્ધ કરેલા અન્નનું બલિદાન સ્ત્રીએ મંત્ર રહિત કરવું કેમકે તે વૈશ્વદેવ કહેવાય છે અને તેનું વિધાન સાયંકાલ અને પ્રાતઃકાલ બંને વખતે છે. ૧૨૧ ' અગ્નિહોત્રી વિપ્ર નિત્યપંચમહાયજ્ઞાન્તર્ગત પિતૃયજ્ઞ કરીને અમાવાસ્યાને દિવસે પિંડાન્વાહાર્યક નામનું શ્રાદ્ધ દરેક માસે માસે કરવું. ૧૨૨ પિતરોના માસિક શ્રાદ્ધને વિદ્વાનો ' અન્વાહાર્ય,' કહે છે. તે શ્રાદ્ધ વિધિપૂર્વક માંસવડે કરવું. ૧૨૩ તે શ્રાદ્ધમાં ભોજન કરાવવા યોગ્ય જે બ્રાહ્મણો હોય તે તથા ત્યાગવા યોગ્ય જે બ્રાહ્મણો હોય તે અને જેટલા બ્રાહ્મણો જે વડે ભોજન કરાવવાના હોય તે સર્વ કહું છું. ૧૨૪.

"द्वौदैवेपितृकार्येत्रीनेकैकमुभयत्रवा । भोजयेत्सुसमृध्धोऽपि नप्रसज्जेतविस्तरे ॥ १२५ ॥ सत्क्रियांदेशकालौच शौचं ब्राह्मणसंपदः। पञ्चैतान्विस्तरोहन्ति तस्मान्नेहेतविस्तरम् ॥ १२६ ॥ प्रथिताप्रेतकृत्यैषा पित्र्यंनामविधुक्षये । तस्मिन्युक्तस्यैतिनित्यंप्रेतकृत्यैवलौकिकी ॥ १२७ ॥ श्रोत्रियायैवदेयानि हव्यकव्यानिदातृभिः । अर्हत्तमायविप्राय तस्मैदत्तंमहाफलम् ॥ १२८ ॥"

દેવ કાર્યમાં બે, પિતૃ કાર્યમાં ત્રણ અથવા દેવ કાર્ય તથા પિતૃ કાર્ય એ બંને ઠેકાણે એક એક બ્રાહ્મણને ભોજન કરાવવું. શ્રાદ્ધ કર્ત્તા સારી સમૃદ્ધિમાન્ હોય તો પણ વિસ્તાર કરવો નહિ. ૧૨૫,, (શ્લોક ૧૨૨ થી મૃતક શ્રાદ્ધના છે. હવે વિચારવા જેવું છે કે નિત્ય શ્રાદ્ધ શ્લોક ૮૨ માં કહી આવ્યા તો તેમાં અમાવાસ્યા પણ આવી ગઈ પછી આ વિધાન નિરર્થક છે. વળી માંસવડે શ્રાદ્ધનું વિધાન છે. તે માંસ કાંઈ દેવ, ઋષિ તથા પિતરોનું ભોજન નથી. વળી પિતૃને સ્થાને બ્રાહ્મણની સ્થાપના અને ગણતી

પણ મૃતક શ્રાદ્ધ સૂચક હોવાથી પ્રક્ષિપ્ત છે. કારણ કે દ્વિજોને સોળ સંસ્કાર હોય છે, તેમાં છેલ્લો અંત્યેષ્ટિ સંસ્કાર છે, તે થયા પછી તેનું કાંઈ પણ તદ્દેહ પ્રાપ્ત કર્મ રહેતુ નથી કે જેથી વળી તેની પાછળ તેના દેહની પુષ્ટિ માટે શ્રાદ્ધાદિ કરવુ પડે.) "સત્ક્રિયા, દેશ, કાલ, શૌચવિધિ અને શ્રાર્ધોક્ત બ્રાહ્મણ એ પાંચનો વિસ્તાર કરવાથી નાશ કરે છે, માટે તેનો વિસ્તાર કરવાની ઇચ્છા ન કરવી ૧૨૬ પિતૃ યજ્ઞના નામથી થતી આપ્પિના આદિ સાથે સંબંધ રાખનારી ક્રિયા અમાવાસ્યાને દિવસે કરવાની પ્રસિદ્ધ છે તે કર્મમાં હમેશા યુક્ત રેહેનાર પુરૂષની આ લોક સબંધી પ્રેતક્રિયા સફલ થાય છે. અર્થાત્ એનાથી લૌકિક ફલની પ્રાપ્તિ થાય છે. ૧૨૭ દાતાઓએ અતિશય યોગ્ય, શ્રોત્રિય વિપ્રનેજ હવ્ય અને કવ્ય આપવુ. કારણ કે તેને આપ્યાથી મહા ફલ પ્રાપ્ત થાય છે. ૧૨૮.

"एकैकमपिविद्वांसं दैवेपित्र्येचभोजयेत् । पुष्कलं फलमाप्नोति नामन्त्रज्ञान्बहूनपि ॥ १२९ ॥ दूरादेवपरीक्षेत ब्राह्मणंवेदपारगम् । तीर्थंतद्धव्य कव्यानां प्रदानेसोऽतिथिः स्मृतः ॥१३० ॥ सहस्रंहिसहस्राणामनृचांयत्रभुञ्जते । एकस्तान्मन्त्रवित्प्रीतः सर्वानर्हति धर्मतः ॥ १३१ ॥ ज्ञानोत्कृष्टायदेयानि कव्यानिचहवींषिच । नहिहस्तावसृग्दिग्धौ रुधिरेणैवशुद्ध्यतः ॥ १३२ ॥"

દેવ કર્મમા અને પિતૃ સબધી કર્મમાં એટલે શ્રાદ્ધમા એક એક પણ વિદ્વાન બ્રાહ્મણને ભોજન કરાવવુ તેમાં ઘણુ ફલ મળે છે પરતુ વેદ જ્ઞાન રહિત ઘણાને ભોજન આપવાનુ ફલ નથી. ૧૨૯., (આ શ્લોકો પણ ઘણા ખરા મૃતક શ્રાદ્ધ ભોજન ફલપ્રદર્શક છે માટ ત્યાજ્ય છે.) "શ્રાદ્ધ કર્મ વખતે વેદ પારંગત બ્રાહ્મણની દૂરથીજ પરીક્ષા કરવી. તે વેદ પારગ બ્રાહ્મણ હવ્ય કવ્યનું તીર્થરૂપ છે અને દાન આપવામા અતિથિ સ્વરૂપ છે. ૧૩૦ જે શ્રાદ્ધમાં ઋગાદિ વેદોને ન જાણનાર હજાર સહસ્ર એટલે દશ લાખ મૂર્ખ ભોજન કરે અને જે મત્રને જાણનાર હોય અને તે એકજ પ્રસન્નતાપૂર્વક ભોજન કરે તો ધર્માનુસાર તે દશ લક્ષનું તથા એકને ભોજન કરાવવાનુ ફલ એ બંને બરોબર છે. ૧૩૧ દાતાએ હવ્ય અને કવ્ય, જે જ્ઞાનમાં ઉત્કૃષ્ટ હોય તેને આપવાં જોઇએ; કેમકે લોહીથી ખરડાયલા હાથ લોહીથીજ ધોવાથી શુદ્ધ થતા નથી.

"यावतोग्रसतेग्रासान्हव्यकव्येष्वमन्त्रवित् । तावतोग्रसतेप्रेत्य दीप्तान्शूलानयोगुडान् ॥ १३३ ॥ ज्ञाननिष्ठाद्विजाःकेचित् तपोनिष्ठास्तथापरे । तपःस्वाध्यायनिष्ठाश्च कर्मनिष्ठास्तथापरे ॥ १३४ ॥ ज्ञाननिष्ठेषुकव्यानि प्रतिष्ठाप्यानियत्नतः । हव्यानितुयथान्यायं सर्वेष्वेवचतुर्ष्वपि ॥ १३५ ॥ अश्रोत्रियः पितायस्य पुत्रस्याद्वेदपारगः । अश्रोत्रियो वा पुत्रः स्यात्पिता स्याद्वेदपारगः ॥ १३६ ॥ "

વેદને નહિ જાણનાર પુરૂષ હવ્ય કવ્યોમાં જેટલા ગ્રાસ ભક્ષણ કરે છે. તેટલાજ તેના મરણ પછી તપેલા લોઢાંના શળો તથા ગોળાઓ તેને ભક્ષણ કરવા પડે છે. ૧૩૩ " (આ શ્લોકો પણ મૃતક શ્રાદ્ધ ભોજન ફલ પ્રદર્શક છે માટે ત્યાજ્ય છે.) "કેટલાએક દ્વિજો આત્મજ્ઞાન પરાયણ હોય છે, તેમજ કેટલાએક તપોનિષ્ઠ હોય છે, કેટલાએક તપ અને સ્વાધ્યાયનિષ્ઠ હોય છે અને કેટલાએક કર્મનિષ્ઠ હોય છે. ૧૩૪ તેમાં જે જ્ઞાનનિષ્ઠ હોય તેમા કવ્યનું સ્થાપન પ્રયત્નપૂર્વક કરવુ. અર્થાત્ શ્રાદ્ધમા પ્રયત્ન વડે પણ જ્ઞાનનિષ્ઠોને ભોજન કરાવવું. અને હવ્ય એટલે દેવયજ્ઞ સંબંધી ભોજનમાં તો યથાન્યાય ચારેને ભોજન કરાવવુ. ૧૩૫ જેનો પિતા શ્રોત્રિય ન હોય અને તેનો પુત્ર વેદાધ્યયનનો પાર પામેલો હોય અથવા જેનો પુત્ર શ્રોત્રિયન હોય અને પિતા વેદ પારગ હોય તો ૧૩૬

"ज्यायांसमनयोर्विद्याद्यस्यस्याच्छ्रोत्रियः पिता। मन्त्रसंपूजनार्थंतु सत्कारमितरोऽर्हति ॥ १३७ ॥ न श्राद्धेभोजयेन्मित्रं धनैः कार्योऽस्यसंग्रहः । नारिंनमित्रंयंविद्यात्तंश्राद्धेभोजयेद्द्विजम् ॥ १३८ ॥ यस्यमित्रप्रधानानि श्राद्धानि च हवींषि च । तस्य प्रेत्य फलं नास्ति श्राद्धेषु च हविष्षु च ॥ १३९॥ यः संगतानि कुरुते मोहाच्छ्राद्धेन मानवः । स स्वर्गाच्च्यवतेलोकाच्छ्राद्धमित्रोद्विजाधमः ॥ १४० ॥"

તે બન્ને પુત્રોમાં જેનો પિતા શ્રોત્રિય હોય તેને મોટો જાણવો. અને બીજો એટલે જે પુત્ર વેદપારગ હોય તે મંત્રદ્વારા પૂજન માટે સત્કાર કરવા યોગ્ય છે. ૧૩૭ ,, (જ્ઞાનનિષ્ઠોનેજ ભોજન કરાવવાનું જણાવી ઇતર ત્રણનો સત્કાર શ્રાદ્ધમાં ન કરવો એ પ્રત્યક્ષ અપમાન સૂચક છે. વળી પિતા વિદ્વાન હોય તો તેના મૂર્ખ પુત્રનો પ્રથમ સત્કાર કરવો તેમજ તેને શ્રેષ્ઠ

ગણવો. અને મુર્ખ પિતાના વિદ્વાન્ પુત્રના સત્કારમા નિન્દા સૂચક વાકય કહેવા અયોગ્ય છે તેમજ પક્ષપાત છે) " શ્રાદ્ધમાં મિત્રને ભોજન કરાવવું નહિ કિન્તુ તેને ધન વડે સત્કાર કરવો, જે શત્રુ ન હોય તેમ મિત્ર પણ ન હોય તેને શ્રાદ્ધમા ભોજન કરાવવુ. ૧૩૮ જેના શ્રાધ્ધોમા અને હોમ કાર્યમા મુખ્યત્વ કરીને મિત્રો ભોજન કરનાર હોય છે. તેને શ્રાધ્ધોમાં અને દેવકાર્યમાં પરોક્ષ ફલ મળતુ નથી. ૧૩૯ જે મનુષ્ય મોહથી શ્રાધ્ધ વડે એટલે કે શ્રાદ્ધમા ભોજન કરાવીને પછી મિત્રના બાંધે છે તે શ્રાદ્ધ મિત્ર અધમદ્વિજ સ્વર્ગ લોકથી ભ્રષ્ટ થાય છે. ૧૪૦

"संभोजनीयाभिहिता पैशाचीदक्षिणा द्विजैः। इहैवास्तेतु सा लोके गौरन्धेवैकवेश्मनि ॥ १४१ ॥ यथेरिणेबीजमुप्त्वा नवप्तालभतेफलम्। तथाऽनृचेहविर्दत्त्वा नदातालभते फलम् ॥ १४२ ॥ दातॄन्प्रतिग्रहीतॄंश्च कुरुतेफलभागिनः । विदुषेदक्षिणांदत्त्वा विधिवत्प्रेत्यचेहच ॥ १४३॥ कामंश्राध्येर्चयेन्मित्रं नाभिरूपमपित्वरिम् । द्विषताहिहविर्भुक्तं भवति-प्रेत्यनिष्फलम् ॥ १४४ ॥"

શ્રાદ્ધમાંમિત્રગણોને એકઠા કરીને ભોજનાદિ દાન દક્ષણા જે દ્વિજો આપે છે તે ભોજનને પૈશાચી કહેવાય છે. તથા જેમ આંધળી ગાય એકજ ઘરમા રહે છે તેમ તે મિત્રનું પરસ્પરનુ ભોજન ફલ આ લોકમાજ રહે છે, પરલોકમા ફલ પ્રદ નથી ૧૪૧ „ (મૃતક શ્રાદ્ધ ભોજન ફલનુંજ વર્ણન હોવાથી પૂર્વ વતત્યાજ્ય છે.) " જે પ્રમાણે ઉખર જમીનમા બીજ વાવ્યાથી તે વાવનાર ફલ મેળવી શકતો નથી. તેમ વેદ ભણ્યા વિનાનાને હવ્ય આપવાથી દાતાને ફલ મળતુ નથી ૧૪૨ વિદ્વાનને વિધિવત્ દક્ષિણા આપવાથી તે દાન આપનાર તથા દાન લેનાર એ બંનેને આ ઠેકાણે તથા પરલોકમાં દાનનુ ફલ મળે છે. ૧૪૩ શ્રાદ્ધમા મિત્રનું જોઇ કદાપિ ઇચ્છા હોય તો ભોજન કરાવવુ પરતુ શત્રુ ગુણવાન અને યોગ્ય હોય તોપણ ભોજન ન કરાવવું. શત્રુએ જેન શ્રાદ્ધમા ભોજન કર્યું હોય તો પરલોકમાં નિષ્ફલ જાય છે. ૧૪૪

"यत्नेन भोजयेच्छ्राध्ये बह्वृचंवेदपारगम् । शाखान्तगमथाध्वर्युं छन्दोगन्तुसमाप्तिकम् ॥ १४५ ॥ एषामन्यतमोयस्य भुञ्जीतश्राद्ध-मर्चितः । पितॄणांतस्य तृप्तिःस्याच्छाश्वतीसाप्तपौरुषी ॥ १४६ ॥ एष-

वैप्रथमःकल्पः प्रदानेहव्यकव्ययोः। अनुकल्पस्त्वयंज्ञेयः सदासद्भिरनुष्ठितः ॥ १४७ ॥ मातामहंमातुलंच स्वस्रीयंश्वशुरंगुरुम् । दौहित्रंविट्पतिंबन्धुमृत्विग्याज्यौ चभोजयेत् ॥ १४८ ॥"

ઘણી ઋચાવાળાઋગ્વેદને પાર પામેલાને શ્રાદ્ધમાં આગ્રહ સાથે ભોજન કરાવવું, વેદની શાખાપર્યંત ભણેલાને તથા સમગ્ર યજુર્વેદ ભણેલાને તેમજ સમાપ્ત સામવેદ ભણેલાને શ્રાદ્ધમાં ભોજન કરાવવું. ૧૪૫ ,, (શ્રાદ્ધ ભોજન ફલ પ્રદર્શક હોવાથી ત્યાજ્ય છે.) "એટલામાંથી કોઇ પણ બ્રાહ્મણ સત્કાર પૂર્વક કોઇ ગૃહસ્થના શ્રાદ્ધનું ભોજન કરે તો તેના પિતરોની સાત પુરૂષ સુધીની એટલે કે સાત પેઢી સુધીની હંમેશની તૃપ્તિ થાય છે. ૧૪૬ આ ઉપરોક્ત હવ્ય કવ્યના પ્રદાનમા પ્રથમ કલ્પ કહ્યો. અને હમેશાં સત્પુરૂષો વડે સેવાયલો અનુકલ્પ આ પ્રમાણે (નીચે જણાવ્યા પ્રમાણે) જાણવો. ૧૪૭ માતાનો પિતા, મામા, ભાણેજ, સસરો, ગુરૂ, પુત્રનો પુત્ર, જમાતા, બંધુ અને ઋત્વિક તથા યજમાન એટલાને પણ શ્રાદ્ધમા ભોજન કરાવવું. ૧૪૮

"नब्राह्मणंपरीक्षेत दैवेकर्मणिधर्मवित् । पित्र्येकर्मणि तुप्राप्ते परीक्षेतप्रयात्नतः॥१४९ ॥ येस्तेनपतितक्लीबा येचनास्तिकवृत्तयः। तान् हव्यकव्ययोर्विप्राननर्हान्मनुरब्रवीत् ॥ १५० ॥ जटिलंचानधीयानं दुर्बलंकितवं तथा । याजयन्तिचयेपूगांस्तांश्चश्राध्धेनभोजयेत् ॥ १५१ ॥ चिकित्सकान्देवलकान्मांसविक्रयिणस्तथा । विपणेनचजीवन्तोनर्ज्याः स्युर्हव्यकव्ययोः ॥ १५२ ॥"

ધર્મને જાણનાર પુરૂષે જોઇયે તો યત્ન કાર્યમા બ્રાહ્મણની પરીક્ષા ન કરે પરંતુ પિતૃ સંબંધી કર્મ પ્રાપ્ત થાય ત્યારે તો પ્રયત્ન પૂર્વક બ્રાહ્મણની પરીક્ષા કરવી, ૧૪૯" (એક બ્રાહ્મણ માત્ર વેદપારગ શ્રાદ્ધમાં ભોજન કરે અને તેથી સાત પેઢીની શાશ્વત તૃપ્તિ થઇ જવી એ અસંભવિત છે. હા ! તે બ્રાહ્મણની તૃપ્તિ તો અવશ્ય થાય છે. આગળ સગાં સંબંધીને શ્રાદ્ધ ભોજનનો નિષેધ કર્યો હતો ત્યારે વળી આ ઉપરોક્ત સગા આદિને ભોજન કરાવવાનું કહે છે. ઇત્યાદિ સંશયગ્રસ્ત વાત હોવાથી એ શ્લોકો ત્યાજ્ય છે. **मूलंनास्ति कुतःशाखा** તેમ મૂલમાં શ્રાદ્ધજ વૈદિક કર્મ

नथी. એટલે તત્સંબંધી શ્લોક ત્યાજ્ય ગણાય તો તેમાં ખોટું પણ શું ? વળી દેવ કર્મમાં બ્રાહ્મણની પરીક્ષા ન કરવી અને પિતૃ કર્મમાં તો અવશ્ય કરવી એ અન્યાય નહિં તો બીજુ શું ?) "જેઓ ચોર, પતિત, નપુંસક હોય તેમજ જે નાસ્તિક વૃત્તિવાળા હોય તેવા વિપ્રો હવ્ય કવ્યમાં અયોગ્ય છે; એમ મનુ મહારાજે કહ્યું છે. ૧૫૦ વેદાધ્યયન વિનાનો જટાધારી, દુર્બલ, જુગાર વિગેરે ખેલનાર. અને જે આખા સમુદાયને એકત્ર કરીને કર્મ કરાવે તે; એટલાને શ્રાદ્ધમાં ભોજન કરાવવું નહિ ૧૫૧ વૈદ્ય, યજ્ઞ માટે સંચિત કરેલાં ધન વડે જીવિકા ચલાવનાર, માંસ વેચનાર, કોઇ વસ્તુની દુકાનદારી કરીને જીવિકા ચલાવનાર, એટલાનો હવ્ય કવ્યમા ત્યાગ કરવો. ૧૫૨

"प्रेष्योग्रामस्यराज्ञश्च कुनखीश्यावदन्तकः। प्रतिरोध्धागुरोश्चैव त्यक्ताग्निर्वार्धुषिस्तथा ॥ १५३ ॥ यक्ष्मीचपशुपालश्च परिवेत्तानिराकृतिः। ब्रह्मद्विट्परिवित्तिश्च गणाभ्यन्तरएवच ॥ १५४॥ कुशीलवोऽवकीर्णी च वृषलीपतिरेवच । पौनर्भवश्चकाणश्च यस्यचोपपतिर्गृहे ॥ १५५॥ भृतकाध्यापकोयश्च भृतकाध्यापितस्तथा । शूद्रशिष्यो-गुरुश्चैव वाग्दुष्टःकुण्डगोलकौ ॥ १५६ ॥"

ગામનો અથવા રાજાનો એપીઓ, ખરાબ નખવાળો, કાળા દાંતવાળો, ગુરૂની આજ્ઞા વિરૂદ્ધ ચાલનાર. અગ્નિ હોત્રનો ત્યાગ કરનાર. તે પ્રમાણે વ્યાજ લઇને જીવિકા કરનાર, ૧૫૩ ક્ષય રોગી, પશુ પાલન કરીને જીવિકા કર-નાર પરિવેત્તા, નિત્ય કર્માનુષ્ઠાનથી રહિત, બ્રાહ્મણોનો દ્વેષ કરનાર, અથવા વેદનો દ્વેષ કરનાર, પરિવિત્તિ, સમુદાયના દ્રવ્ય વડે પોતાનું જીવન ચલાવનાર, ૧૫૪ ગાવુ, બજાવું, કથા વિગેરેની વૃત્તિ કરનાર, જેનું બ્રહ્મચર્ય નષ્ટ થયું હોય, શદ્રાનો પતિ હોય, પુનર્વિવાહ કરેલો હોય, જેના ઘરમા બીજો ઉપપતિ એટલે સ્ત્રીનો જાર હોય. ૧૫૫ ચાકરને અધ્યયન કરાવનાર, ચાકર પાસે ભણ્યો હોય તે, શદ્ર જેનો શિષ્ય હોય અથવા શદ્ર જેનો ગુરૂ હોય, દુષ્ટ વાણીવાળો હોય, કુંડ તથા ગોલક હોય, (કુંડ અને ગોલક પુત્રનું વર્ણન આગળ આવશે.) ૧૫૬.

"अकारणपरित्यक्ता मातापित्रोर्गुरोस्तथा। ब्राह्मैर्यौनैश्चसंबन्धैः संयोग पतितैर्गतः ॥ १५७॥ अगारदाहीगरदःकुण्डाशीसोमविक्रयी। समुद्रयायी बन्दी च तैलिकःकूटकारक ः ॥ १५८ ॥ पित्राविवदमा-

मद्य कितवाम-[illegible]था। पापराग्य भिशस्तश्च दाम्भिकोरसविक्रयी ॥ १५९ ॥ धनुःशराणांकर्ताच यश्चाग्रे दिधिषूपतिः । मित्रध्रुग्द्यूतवृत्ति श्च पुत्राचार्यस्तथैवच ॥ १६० ॥"

વિના કારણ માતા, પિતા, અને ગુરૂનો ત્યાગ કરનારો હોય, પતિતો સાથે અધ્યયન સંબંધ અથવા યોની સંબંધ એટલે કન્યાદાનાદિ સંબંધ રાખનાર હોય, ૧૫૭ ઘરોને બાળનાર, વિષ આપનાર, કુંડનું અન્ન ખાનાર, સોમ વેચનાર, સમુદ્ર ગમન કરનાર, ભાટ ચારણનું કામ કરનાર, તેલ વેચવાનું કામ કરનાર, જુઠી સાક્ષી આપનાર. ૧૫૮ પિતાની સાથે લડનાર, જુગારી અથવા ધુર્ત, મદ્યપાન કરનાર, દુષ્ટ રોગવાળો હોય, કલંકવાળો હોય, દાંભિક, રસ વેચનાર, ૧૫૯ ધનુષ તથા બાણોનો કર્ત્તા, અગ્રેદિધિષૂનો પતિ હોય, (મોટી બ્હેન કરતાં નાની બહેનનું પ્રથમ લગ્ન થાય તે નાની બ્હેન અગ્રેદિધિષુ કહેવાય છે.) મિત્ર સાથે દ્રોહ કરનાર, દ્યુત રમવાની વૃત્તિ રાખનાર, પુત્ર જેનો પોતાનો આચાર્ય હોય અર્થાત્ પુત્ર પાસે જે સાંગોપાંગ વેદ ભણ્યો હોય. ૧૬૦.

"भ्रामरीगण्डमालीच श्वित्र्यथोपिशुनस्तथा। जन्मतोऽन्धश्चवर्ज्याः स्युर्वेदनिन्दक एव च ॥ १६१ ॥ हस्तिगोश्वोष्ट्रदमकोनक्षत्रैर्यश्चजीवति । पक्षिणांपोषकोयश्च युद्धाचार्यस्तथैवच ॥ १६२ ॥ स्रोतसांभेदकोयश्च तेषांचावरणेरतः । गृहसंवेशकोदूतोवृक्षारोपक एवच ॥१६३॥ श्वक्रीडीश्येनजीवीच कन्यादूषकएवच । हिंस्रोवृषलवृत्तिश्च गणानांचैवयाजकः ॥ १६४ ॥"

ફેફરાંના રોગવાળો, ગંડમાલ રોગવાળો, શ્વેત કોઢવાળો હોય, ચુગલીખોર હોય, જન્મથી આંધળો હોય અને વેદનો નિંદક હોય એટલા ઉપરોક્તને શ્રાદ્ધમા ત્યાગ કરવા. ૧૬૧ હાથી, ઘોડા, બળદ, ઉંટ વિગેરેને ચાલ સિખવનાર, જોશી, પક્ષિયોનો પાલનાર, યુદ્ધવિદ્યા શિખવનાર, ૧૬૨ નદિના પ્રવાહનો ભેદ કરનાર તથા તેને બંધ કરનાર, વાસ્તુ કરાવી જીવિકા કરનાર, ભૃત્ય, વૃક્ષ રોપનાર, ૧૬૩ કુતરાંનો ખેલ કરનાર, બાજ પક્ષીવડે જીવનાર, કન્યાને દુષિત કરનાર, હિંસા કરનાર, શૂદ્રની વૃત્તિ કરનાર, સમુદાયની પૂજા કરાવનાર. ૧૬૪

"आचारहीनःक्लीबश्च नित्यं याचनकस्तथा । कृषिजीवी श्लीपदी च सद्भिर्निन्दित एव च ॥ १६५ ॥ औरभ्रिको माहिषिकः परपूर्वापतिस्तथा । प्रेतनिर्यातकश्चैव वर्जनीयाः प्रयत्नतः ॥ १६६ ॥ एतान्विगर्हिताचारानपाङ्क्तेयान्द्विजाधमान । द्विजातिप्रवरो विद्वानुभयत्र विवर्जयेत् ॥ १६७ ॥ ब्राह्मणस्त्वनधीयानस्तृणाग्निरिव शाम्यति । तस्मै हव्यं न दातव्यं नहि भस्मनि हूयते ॥ १६८ ॥"

આચારરહિત, નપુંસક, હંમેશાં યાચના કરનાર, ખેતીવડે જીવનાર, શ્લીપદ રોગવાળો, સત્પુરુષોવડે નિન્દાયલો, ૧૬૪ ઘેટાં અને ભેંસવડે જીવનાર; બીજી વખતે વિવાહિત થયેલી સ્ત્રીનો પતિ, પ્રેતનું ધન લેનાર એટલાઓનો શ્રાદ્ધમાં ત્યાગ કરવો. ૧૬૬ એ નિંદિત આચારવાળા પંક્તિબાહ્ય દ્વિજાધમોને શ્રેષ્ઠ દ્વિજોએ દેવકર્મ અને પિત્રકર્મમાં ત્યાગ કરવા. ૧૬૭ વગર ભણેલો બ્રાહ્મણ ઘાસના અગ્નિની પેઠે શાંત થઇ જાય છે. તેવા બ્રાહ્મણોને હવ્ય અથવા કવ્ય આપવું નહિ. તેને આપ્યાથી રાખમાં હોમ કર્યા બરોબર થાય છે. ૧૬૮

"अपाङ्क्तदाने यो दातुर्भवत्यूर्ध्वं फलोदयः । दैवे हविषि पित्र्ये वा तं प्रवक्ष्याम्यशेषतः ॥१६९॥" अव्रतैर्यद्द्विजैर्भुक्तं परिवेत्रादिभिस्तथा । अपाङ्क्तेयैर्यदन्यैश्च तद्वै रक्षांसि भुञ्जते ॥१७०॥ दाराग्निहोत्रसंयोगं कुरुते योऽग्रजे स्थिते । परिवेत्ता स विज्ञेयः परिवित्तिस्तु पूर्वजः ॥ १७१ ॥ परिवित्तिःपरिवेत्ता यया च परिविद्यते । सर्वे ते नरकं यान्ति दातृयाजकपञ्चमाः ॥ १७२ ॥

પંક્તિબાહ્ય બ્રાહ્મણોને હવ્ય-કવ્ય દાન આપવાથી દાતાને જે ફળ મળે છે તે સમગ્ર હું કહું છું. ૧૬૯" [આટલે સુધી જે શ્રાદ્ધમાં ત્યાગ કરવાના બ્રાહ્મણોની ગણના કરી છે તે તો કેવળ શ્રાદ્ધમાં તો શું પણ બીજા કોઈ પણ કાર્યમાં સત્કારયોગ્ય નથી કિંતુ દંડનીય કેટલાએક તો છે !! તેમજ ૧૨૧ મા શ્લોક સાથે ૧૭૦ મા શ્લોકનો સંબંધ પણ બરોબર બેસતો આવતો હોવાથી વચમાંના શ્લોકો પાછળથી જોડવાયેલા પ્રક્ષિપ્ત છે.] વેદવ્રતરહિત દ્વિજોએ, પરિવેત્તા આદિયોએ અને જે બીજા પંક્તિબાહ્યોએ ભોજન કર્યું હોય તે રાક્ષસભોજન કહેવાય છે. ૧૭૦

મોટો ભાઈ અવિવાહિત રહ્યા હોય અને નાનો ભાઈ વિવાહ કરે તથા અગ્નિહોત્ર ધારણ કરે તો તે નાનો ભાઈ પરિવેત્તા કહેવાય છે અને મોટો ભાઈ પરિવિત્તિ કહેવાય છે. ૧૭૧ તે પરિવિત્તિ અને પરિવેત્તા તથા જે કન્યા સાથે તેના નાના ભાઇએ લગ્ન કર્યું હોય તે કન્યા તથા તે કન્યા આપનાર અને તેનો લગ્નવિધિ કરાવનાર બ્રાહ્મણ એ પાંચે જણાં નરકમાં જાય છે. ૧૭૨

भ्रातुर्मृतस्य भार्यायां योनुरज्येतं कामतः । धर्मेणापि नियुक्तायां स ज्ञेयो दिधिषूपतिः ॥ १७३ ॥ परदारेषु जायेते द्वौ सुतौ कुण्डगोलकौ । पत्यौजीवतिकुण्डः स्यान्मृतेभर्तरिगोलकः ॥ १७४ ॥ " तौतुजातौपरक्षेत्रे प्राणोनौप्रेत्य वेहच । दत्तानिहव्यकव्यानि नाशयेतेप्रदायिनाम् ॥ १७५ ॥ अपाङ्क्तयोयावतः पाङ्क्तयान्भुञ्जानाननुपश्यति । तावतांनफलंतत्र दाताप्राप्नोतिबालिशः ॥ १७६ ॥"

મરણ પામેલા ભાઈની સ્ત્રીમાં જે કામવશ થઇ પ્રીતિ કરે અથવા ધર્માનુસાર નિયોગ કરાયેલી સ્ત્રીમા પ્રીતિ કરે તે દિધિષૂપતિ કહેવાય છે. ૧૭૩ પરસ્ત્રીમાં કુંડ અને ગોલક એવા બે પ્રકારના પુત્રો ઉત્પન્ન થાય છે. તેમાં પતિ જીવતાં પરપુરૂષથી ઉત્પન્ન થાય તે કુંડ કહેવાય અને પતિ મરણ પામ્યા પછી ઉત્પન્ન થાય તે ગોલક કહેવાય છે. ૧૭૪ " તે પરક્ષેત્રમાં ઉત્પન્ન થયેલાં બંને પ્રાણિઓને જે દાતાઓ હવ્ય તેમજ કવ્ય આપે છે તો તે તેઓનો નાશ કરે છે. ૧૭૫ પંક્તિબાહ્ય પુરૂષ જેટલા શ્રોત્રિયાદિ પાંક્તોને ભોજન કરતા જુએ તો પરલોકમા તેટલાનું ફળ મૂર્ખદાતા પામતો નથી. ૧૭૬

"वीक्ष्यान्धोनवतेः काणः षष्टेः श्वित्रीशतस्यतु। पापरोगीसहस्रस्य दा·नाशयतेफलम् ॥ १७७ ॥यावतःसंस्पृशेदङ्गैर्ब्राह्मणाञ्छूद्रयाजकः। तावत नभवेद्दातुः फलंदानस्यपौर्तिकम् ॥ १७८ ॥ वेदविच्चापिविप्रोऽस्य लोभात्कृत्वाप्रतिग्रहम् । विनाशं व्रजति क्षिप्रमामपात्रमिवाम्भसि ॥ १७९ ॥ सोमविक्रयिणेविष्ठा भिषजेपूयशोणितम् । नष्टंदेवलकेदत्तमप्रतिष्ठं·वार्धुषौ ॥ १८० ॥"

આંધળો જો શ્રાદ્ધમાં ભોજન કરતાં જુવે તો દાતાના ૯૦ શ્રોત્રિ-

યાદિ બ્રાહ્મણોનાં ભોજનફલનો નાશ કરે છે, કાણો ૬૦ નાં, શ્વેત કોઢવાળો ૧૦૦ નાં તથા પાપરોગી ૧૦૦૦ નાં ફલનો નાશ કરે છે. ૧૭૭ શૂદ્રને યજન કરાવનાર પોતાનાં અંગવડે જેટલા બ્રાહ્મણોને શ્રાદ્ધભોજનમાં સ્પર્શ કરે તો તેટલા બ્રાહ્મણોનાં શ્રાદ્ધભોજનનું ફળ દાતાને મળતું નથી.—૧૭૮" (શ્રાદ્ધમાં પંક્તિબાહ્યોને ભોજન કરાવવાથી દાતાનું કેટલું ફળ નાશ પામે છે તે જણાવ્યું છે તે અપ્રક્ષિપ્ત છે.)" વેદને જાણનાર વિપ્ર પણ લોભથી શૂદ્રની પાસેથી પ્રતિગ્રહ કરીને જલમાં જેમ કાચું માટીનું વાસણ જલદી નાશ પામે છે તેમ તે શીઘ્ર નાશ પામે છે. ૧૭૯ સોમ વેચનારને શ્રાદ્ધમાં ભોજન આપ્યાથી વિષ્ઠા થાય છે, વૈદ્યને આપ્યાથી પરૂ અને રૂધિર થાય છે, યજ્ઞ નિમિત્ત દ્રવ્યવડે આજીવિકા ચલાવનારને આપ્યાથી નાશ પામે છે અને વ્યાજવૃત્તિવડે જીવિકા ચલાવનારને આપ્યાથી અપ્રતિષ્ઠા થાય છે. ૧૮૦.

" यत्तुवाणिजकेदत्तं नेहनामुत्रतद्भवेत् । भस्मनीवहुतंहव्यं तथा पौनर्भवेद्विजे १८१ ॥ इतरेषुत्वपाङ्क्त्येषु यथोद्दिष्टेष्वसाधुषु । मेदोसृङ्मांसमज्जास्थि वदन्त्यन्नंमनीषिणः ॥ १८२ ॥ अपाङ्क्त्योपहतापङ्क्तिः पाव्यतेयैर्द्विजोत्तमैः । तान्निबोधतकार्त्स्न्येन द्विजाग्र्यान्पङ्क्तिपावनान् ॥ १८३ ॥ अग्र्याः सर्वेषुवेदेषु सर्वप्रवचनेषुच । श्रोत्रियान्वयजाश्चैव विज्ञेयाः पङ्क्तिपावनाः ॥ १८४ ॥ "

વ્યાપાર કરીને જીવિકા ચલાવનારને જો શ્રાદ્ધમાં ભોજન આપે તો ભસ્મમાં હોમેલાં દ્રવ્યની પેઠે આ સંસારમાં તથા પરલોકમાં ફળ મળતું નથી તેમજ પુનર્વિવાહથી ઉત્પન્ન થયેલા દ્વિજને આપ્યાથી પણ ફલ મળતું નથી ૧૮૧ " (આ શ્લોકો પણ શ્રાદ્ધભોજન ફલપ્રદર્શક હોવાથી પૂર્વવત્ પ્રક્ષિપ્ત છે.)" જે બીજા યથોદ્દિષ્ટ અસાધુ અને પંક્તિબાહ્યોને ભોજન આપ્યાથી તે અન્ન મેદ, રૂધિર, માંસ, મજ્જા, હાડકાં થાય છે, એમ બુદ્ધિમાનો કહે છે. ૧૮૨ પંક્તિબાહ્યોવડે પતિત થયેલી પંક્તિ જે દ્વિજોત્તમોવડે પવિત્ર થાય છે તેવા દ્વિજોમાં શ્રેષ્ઠ પંક્તિપાવનોને હું કહું છું તે તમે જાણો. ૧૮૩ સર્વ વેદોમાં તથા પ્રવચનોમાં શ્રોત્રિયના વંશમાં વેદાધ્યયનથી નિષ્પન્ન થયેલાઓને મુખ્ય પંક્તિ પાવનો જાણવા. ૧૮૪

"त्रिणाचिकेतःपञ्चाग्निस्त्रिसुपर्णःषडङ्गवित् । ब्रह्मदेयात्मसंतानोज्येष्ठ-

सामगएवच ॥१८५॥ वेदार्थवित्प्रवक्ता च ब्रह्मचारीसहस्रदः। शतायुश्चैव विज्ञेया ब्राह्मणाःपङ्क्तिपावनाः ॥ १८६ ॥ पूर्वेद्युरपरेद्युर्वा श्राद्धकर्मण्युपस्थिते । निमन्त्रयेतत्र्यवरान्सम्यग्विप्रान्यथोदितान् ॥ १८७ ॥ निमन्त्रितो द्विजःपित्र्ये नियतात्माभवेत्सदा । नचछन्दांस्यधीयीत यस्यश्राद्धंचतद् भवेत् ॥ १८८ ॥"

આવસથ્યાદિ ત્રણ અગ્નિનું સેવન કરનાર તથા માતા, પિતા, આચાર્ય અતિથિ અને પરમાત્મા એ પાંચ, અગ્નિની ઉપાસના કરનાર, પિતામહ, પિતા અને પોતે એ ત્રણે યજ્ઞાદિ કર્મપાં તત્પર હોય, વેદનાં ૭ અંગોને જાણનાર, બ્રાહ્મવિવાહ વિધિ વડે વિવાહિત માતાના ઉદરમાં ઉત્પન્ન થયેલો તથા જ્યેષ્ઠ સામ (આરણ્યક) માં કહેલાં વ્રતો કરનાર તથા ગાનાર.૧૮૫ વેદના અર્થોને જાણનાર, વેદનો વક્તા, બ્રહ્મચારી, હજારો સુપાત્રોને અન્નાદિ આપનાર તથા વેદાધ્યયન કરાવનાર અને સો વર્ષની આયુવાળા એવા બ્રાહ્મણોને પંક્તિપાવન જાણવા. ૧૮૬ "(જ્યારે પંક્તિપાવન બ્રાહ્મણો આખી પંક્તિને પાવન કરે છે તો પણ ઉપર જણાવેલા આંધળા, કાણાઓ ૯૦, ૬૦, ૧૦૦ અને ૧૦૦૦ શ્રોત્રિય બ્રાહ્મણુંનાં ભોજનનું ફળ નાશ કેમ કરે ? અને જો તેઓ નાશજ કરતા હોય તો પછી માનવુંજ પડશે કે પંક્તિપાવનો જે ગણાવ્યા તે નિરર્થક છે અથવા તો તે પંક્તિપાવનો કરતાં આંધળાંનો પ્રભાવ ચઢી ગયો ! વળી પંક્તિમાહ્યોને ભોજન આપ્યાથી તે અન્નનું પરિણામ મેદાદિ થાય છે તો શુ અન્ય શ્રોત્રિય પંક્તિપાવન બ્રાહ્મણોને ભોજન કરાવેલાં અન્નનું પરિણામ કાંઈ બીજુ થાય છે? ઈત્યાદિ. આ અસંબદ્ધ પ્રલાપ હોવાથી એ શ્લોકો પ્રક્ષિપ્ત માનિયે તો કાંઇ ખોટું કહેવાય નહિં.) " શ્રાદ્ધ કર્મ કરવાનો સમય પ્રાપ્ત થાય ત્યારે તેને આગલે દિવસે અથવા તેજ દિવસે પ્રથમ જણાવેલા પંક્તિપાવન ત્રણ વિપ્રોને સારી રીતે આમંત્રણ કરવુ. ૧૮૭ શ્રાદ્ધભોજન માટે નિમંત્રાયેલા દ્વિજે તે દિવસે નિયત ઈન્દ્રિયવાળા થવું, અને વેદનું અધ્યયન અધ્યાપન કર્મ ન કરવું, અને જેને ત્યાં શ્રાદ્ધ હોય તેણે પણ તે પ્રમાણે રહેવું. ૧૮૮

"निमन्त्रितान्हिपितर उपतिष्ठन्तितान्द्विजान् । वायुवच्चानुगच्छन्ति तथासीनानुपासते ॥१८९॥ केतितस्तुयथान्यायं हव्यकव्ये द्विजोत्तमः। कथंचिदप्यतिक्रामन्पापःसूकरतां व्रजेत् ॥१९०॥ आमन्त्रितस्तुयःश्राद्धे

वृषल्यासह मोदते । दातुर्यद्दुष्कृतं किंचित्तत्सर्वं प्रतिपद्यते ॥ १९१ ॥ अक्रोधनाः शौचपराः सततं ब्रह्मचारिणः । न्यस्तशस्त्रा महाभागाः पितरः पूर्वदेवताः ॥ १९२ ॥''

તે નિમંત્રણ કરેલા દ્વિજોની પાસે પિતરો આવે છે અને તે બ્રાહ્મણોની પાછળ વાયુની પેઠે ચાલે છે તેમજ તે બ્રાહ્મણો ભોજન કરવા બેસે છે ત્યારે તેની પાસે બેસે છે. ૧૮૯ હવ્યકવ્યમાં યથાન્યાય નિમંત્રણ કરાયેલા દ્વિજ, જરા પણ ધર્મનું ઉલ્લંઘન કરે તો તે જન્માંતરમાં ભુંડનો અવતાર પામે છે. ૧૯૦ '' (પંચ મહાયજ્ઞમાં વેદાધ્યયન માટે અનધ્યાય બનાવ્યો નથી તો શુ કોઇનેત્યાં શ્રાદ્ધમાં ભોજન લેવું હોય તો તે દિવસે અનધ્યાય કરવો ? તેમજ મૃત પિતરો વાયુની પેઠે નિમંત્રણ કરાયેલા બ્રાહ્મણોની પાછળ જાય છે, બેસે છે, તો પછી કર્માનુસાર જન્માંતરની પ્રાપ્તિ જે વેદાદિસચ્છાસ્ત્રોમાં વર્ણવેલી છે તેની સાથે વિરોધ આવશે. વળી મરણ પામ્યા પછી તો પિતૃ સંજ્ઞામજ રહેનાર છે તો પછી શ્રાદ્ધમાં ભોજન લેવું હોય તે દિવસે ધર્મનું જરા પણ ઉલ્લંઘન કરનાર ભુંડની યોનિમાં જન્મ લે છે એ વાતજ કયાં રહી ? કારણ કે તે પણ મર્યા પછી પિતરજ થવાનો છે. ઇત્યાદિ પરસ્પર વિરુદ્ધ પ્રલાપ હોવાથી એ શ્લોકો ત્યાજ્ય છે—પ્રક્ષિપ્ત છે.) '' શ્રાદ્ધમાં ભોજનાર્થે આમંત્રણ થયેલો વિપ્ર જો શૂદ્રા સ્ત્રી સાથે ક્રીડા કરે છે તો દાતાનું જે કાંઇ પાપ છે તે સર્વ તેને પ્રાપ્ત થાય છે, ૧૯૧ શ્રાદ્ધમાં આમંત્રિત થયેલા દ્વિજોએ ક્રોધ ન કરવો, શુદ્ધતા પરાયણ થવું, બ્રહ્મચારી થવું, શસ્ત્ર ન રાખવાં અને ઉદાર વૃત્તિવાળા થવું; કારણ કે તેવા ગુણવાળા પિતરો પ્રથમ દેવતા કહેવાય છે. ૧૯૨

यस्मादुत्पत्तिरेतेषां सर्वेषामप्यशेषतः । ये च यैरुपचर्याः स्युर्नियमैस्तान्निबोधत ॥१९३ ॥ मनोर्हैरण्यगर्भस्य येमरीच्यादयःसुताः । तेषामृषीणांसर्वेषां पुत्राःपितृगणाःस्मृताः ॥ १९४ ॥ विराट्सुताः सोमसदः साध्यानांपितरःस्मृताः। अग्निष्वात्ताश्चदेवानां मारीचालोकविश्रुताः ॥ १९५ ॥ दैत्यदानवयक्षाणां गन्धर्वोरगरक्षसाम् । सुपर्णकिन्नराणांच स्मृताबर्हिषदोऽत्रिजाः ॥ १९६ ॥

એ સર્વે પિતરોની જેનાથી ઉત્પત્તિ થઇ છે અને જે પિતરો જે નિયમોવડે પૂજાય છે તે સર્વ હવે તમે જાણો. ૧૯૩ હિરણ્યગર્ભ એટલે

સ્વાયંભુવ મનુના જે મરીચ્યાદિ પુત્રો છે તે સર્વ ઋષિઓના પુત્રોને પિતૃગણ જાણવા. ૧૯૪ "(શૂદ્રા સાથે ગમન કરનાર પાપી થાય એ તો ઠીક પણ દાતાનું પાપ પણ તેને લાગે એ અસંભવિત છે. જ્યારે મરીચ્યાદિ ઋષિઓના પુત્રો પિતૃગણ છે તો પછી મૃતક શ્રાદ્ધ કરનારના પિતા વિગેરે પિતૃ સંજ્ઞકજ નરહ્યા? તો પછી તન્નિમિત્ત શ્રાદ્ધ શા માટે ?)"વિરાટના પુત્રો જે સોમસદો તે સાધ્ય દેવોના પિતરો જાણવા, લોકમાં પ્રસિદ્ધ એવા મરીચીથી ઉત્પન્ન થયેલા અગ્નિષ્વાત્ત સિદ્ધદેવોના પિતરો જાણવા. ૧૯૫ દૈત્ય, દાનવ, યક્ષ, ગંધર્વ સર્પ, રાક્ષસ, સુપર્ણ અને કિન્નર એટલાઓના પિતર અત્રિઋષિથી ઉત્પન્ન થયેલા બર્હિષદ જાણવા, ૧૯૬

सोमपा नाम विप्राणां क्षत्रियाणां हविर्भुजः । वैश्यानामाज्यपा नाम शूद्राणांतुसुकालिनः ॥ १९७ ॥ सोमपास्तुकवेः पुत्रा हविष्मन्तोऽङ्गिरःसुताः । पुलस्त्यस्याज्यपाःपुत्रा वसिष्ठस्य सुकालिनः ॥ १९८ ॥ अग्निदग्धाननग्निदग्धा न्काव्यान्बर्हिषदस्तथा । अग्निष्वात्तांश्चसौम्यांश्च विप्राणा मेवनिर्दिशेत् ॥ १९९ ॥ यएतेतुगणामुख्याः पितॄणांपरिकीर्त्तिताः । तेषामपीहविज्ञेयं पुत्रपौत्रमनन्तकम् ॥ २०० ॥

વિપ્રોના સોમપા નામના પિતરો જાણવા, હવિર્ભુજ નામના પિતરો ક્ષત્રિયોના જાણવા, આજ્યપા નામના પિતરો વૈશ્યોના તથા સુકાલિન નામના પિતરો શૂદ્રોના જાણવા. ૧૯૭ કવિઋષિના પુત્રો સોમપા જાણવા અને અંગિરા ઋષિના પુત્રો હવિષ્મન્ત જાણવા, પુલસ્ત્યના પુત્રો આજ્યપા અને વસિષ્ઠના પુત્રો સુકાલિન જાણવા. ૧૯૮ "(આ લોકોમાં કોના પિતરો કોણ છે તે જણાવ્યા છે. એટલે જેના જે પિતરો હોય તેનું શ્રાદ્ધ તર્પણ કરવું જોઇએ. છતાં તર્પણમાં તો બ્રાહ્મણો બીજાના પિતરોનું પણ તર્પણ કરે છે, તેમજ શ્રાદ્ધ કરનારના મૃતપિતૃ આદિની તો પિતરોમાં ગણતી પણ દેખાતી નથી.)"અગ્નિદગ્ધ, અનગ્નિદગ્ધ, કાવ્ય, બર્હિષદ, અગ્નિષ્વાત્ત અને સૌમ્ય એટલા વિપ્રોના પિતર કહેવાય છે. ૧૯૯ એટલા પિતરોના મુખ્ય ગણો કહ્યા, પરંતુ તેના પણ અનંત પુત્ર પૌત્રાદિ બધાને પિતરો જાણવા. ૨૦૦

ऋषिभ्यःपितरोजाताःपितृभ्योदेवमानवाः । देवेभ्यस्तुजगत्सर्वं चरंस्थाण्वनुपूर्वशः ॥ २०१ ॥ राजतैर्भाजनैरेषामथोवाराजता-

न्वितैः । वार्यपि श्रद्धयादत्त मक्षयायोपकल्पते ॥ २०२ ॥ देवकार्या- [illegible]जातीनां पितृकार्यं विशिष्यते । दैवंहपितृकार्यस्य पूर्वमाप्याय- नंश्रुतम् ॥ २०३ ॥ तेषामारक्षभूतंतु पूर्वंदैवंनियोजयेत् । रक्षांसि- हिविलुम्पन्ति श्राद्धमारक्षवर्जितम् ॥ २०४ ॥

ઋષિયોથી પિતરો ઉત્પન્ન થયા, પિતરોથી દેવ અને મનુષ્ય પેદા થયા અને દેવોથી આ સર્વ ચરાચર જગત્ અનુક્રમે થયું. ૨૦૧ ચાંદીના વાસણો વડે અથવા ચાંદીયુક્ત વાસણોવડે એટલાઓને શ્રદ્ધાવડે આપેલું પાણી પણ અક્ષય ફલ આપે છે. ૨૦૨ "(બર્હિષદ નામના પિતરો તો દૈત્ય દાનવાદિના ઉપર જણાવ્યા. વળી પછી પાછા બ્રાહ્મણોના ગણાવ્યા. તેમજ અગ્નિષ્વાત્ત સિદ્ધ દેવોના જણાવ્યા અને પાછા બ્રાહ્મણોના ગણાવ્યા. તેમજ પ્રથમાધ્યાયમાં જે સૃષ્ટિની ઉત્પત્તિ જણાવી છે તે તથા આઠેકાણે જે ચરાચરની ઉત્પત્તિ જણાવી છે તે, ઇત્યાદિ. સર્વપરસ્પર વિરુદ્ધ હોવાથી પ્રક્ષિપ્ત છે. વળી જણાવે છે કે પિતરોના પુત્ર પૌત્રાદિને પણ પિતરો સમજવા અને પછી જણાવે છે કે પિતરોથી દેવ અને મનુષ્ય પેદા થયા, તો પછી પુત્રાદિની પિતૃ સંજ્ઞા કેમ કરતાં રહી ? એ પણ વિચારણીય વાત છે.) "દ્વિજાતિયોને દેવકાર્ય કરતાં પિતૃકાર્ય વિશેષ જાણવું. કેમકે દેવકાર્ય છે તે પિતૃકાર્યનું પૂર્વાંગ છે. ૨૦૩ તે પિતરોની રક્ષા કરવા માટે તે રક્ષણ કરનાર દેવોનો પ્રથમ નિયોગ કરવો અર્થાત્ પ્રથમ પૂજન કરવું; શ્રાદ્ધનું રક્ષણ કરનારા દેવોનો ત્યાગ કરવાથી રાક્ષસો તે શ્રાદ્ધનો નાશ કરે છે. ૨૦૪

दैवाद्यन्तं तदीहेत पित्राद्यन्तं न तद्भवेत् । पित्राद्यन्तंत्वीहमानः क्षिप्रं- [illegible]यः ॥ २०५ ॥ शुचिंदेशंविविक्तं च गोमयेनोपलपयेत् । [illegible]णाप्रवणंचैव प्रयत्नेनोपपादयेत् ॥ २०६ ॥ अवकाशेषुचोक्षेषु न- दीतीरेषु चैवहि । विविक्तेषु च तुष्यन्ति दत्तेनपितरःसदा ॥ २०७ ॥ आसनेषूपक्लृप्तेषु बर्हिष्मत्सुपृथक्पृथक् । उपस्पृष्टोदकान्सम्यग्विप्रां- स्तानुपवेशयेत् ॥ २०८ ॥

શ્રાદ્ધનો આરંભ દેવયજનપૂર્વક કરવો અને તેની સમાપ્તિ પણ દેવયજનાન્ત કરવી. અંતમાં પિતૃપૂજનવડે સમાપ્તિ ન કરવી. જો અંતમાં પિતૃપૂજનથી સમાપ્ત કરવામાં આવે તો શ્રાદ્ધકર્તા વંશ સહિત નાશ પામે છે. ૨૦૫ એકાન્ત શુદ્ધ પ્રદેશમાં ગોમયે કરીને પૃથ્વિને લીપીને દક્ષિણ

દિશા તરફ શ્રાદ્ધભૂમિ પ્રસન્નથી રાખવી. ૨૦૬ "(દેવકાર્યની જગ્યાએ દેવકાર્ય અને પિતૃકાર્યની જગ્યાએ પિતૃકાર્ય એમ સૌ સૌનાં પ્રધાનકાર્યમાં સર્વ આદરણીય તેમજ શ્રેષ્ટ છે. તો પછી અમુકને અમુકનું પૂર્વાંગ તથા ઉત્તરાંગ કહેવું અન્યાય છે.) "નદીના તીરપર સારી રીતે ગોમયથી લેપન કરેલી એકાંત ખુલ્લી જગ્યામાં શ્રાદ્ધ કરવાથી પિતરો પ્રસન્ન થાય છે. ૨૦૭ તે શુદ્ધ એકાંત લીંપેલા સ્થાનમાં પાથરેલાં દર્ભાસનપર સારી રીતે સ્નાન કરી શુદ્ધ થયેલા બ્રાહ્મણોને જૂદા જૂદા બેસાડવા. ૨૦૮

"उपवेश्य तान्विप्रानासनेष्वजुगुप्सितान्। गन्धमाल्यैः सुरभिभिरर्चयेद्देवपूर्वकम् ॥ २०९ ॥ तेषामुदकमानीय सपवित्रांस्तिलानपि। अग्नौ कुर्यादनुज्ञातो ब्राह्मणो ब्राह्मणैः सह ॥ २१० ॥ अग्नेः सोमयमाभ्यां च कृत्वाप्यायनमादितः। हविर्दानेन विधिवत्पश्चात् संतर्पयेत्पितॄन् ॥२११॥ अग्न्यभावे तु विप्रस्य पाणावेवोपपादयेत्। यो ह्यग्निः स द्विजो विप्रैर्मन्त्रदर्शिभिरुच्यते ॥ २१२ ॥"

નિન્દારહિત આસનોપર તે નિમંત્રિત વિપ્રોને બેસાડીને સુગંધ ચંદન, પુષ્પવડે વિશ્વેદેવા દેવોની પૂજા પ્રથમ કરીને તેનું પૂજન કરવું. ૨૦૯ તેઓને માટે પાણી લાવીને પછી પવિત્રીઓ અને તલવડે યુક્ત થઈ બ્રાહ્મણોની આજ્ઞા લઈ અગ્નિમાં હોમ કરવો. ૨૧૦ "[શ્રાદ્ધ કર્મકરવું તેનો વિધિ હવે જણાવવા માંડયો છે. જ્યારે મુખ્ય શ્રાદ્ધજ વેદસિદ્ધ નથી તો પછી ક્ષિપ્ર મુક્તે નૈવ ધર્મ ન શાખા જેવું સમજવાનું છે.] "પ્રથમ વિધિપૂર્વક અગ્નિમાં અગ્નિ, સોમ અને યમ એ ત્રણને ઉદ્દેશીને આહુતિ આપીને પછી પિતરોનું તર્પણ કરવું. ૨૧૧ અગ્નિનો અભાવ હોય તો બ્રાહ્મણના દક્ષિણ હાથમાં અગ્નૌકરણ કરવું, કારણ કે મંત્રને જાણનારા બ્રાહ્મણોએ દ્વિજને પણ અગ્નિ સમાન માન્યો છે. ૨૧૨

"अक्रोधनान्सुप्रसादान्वदन्त्येतान्पुरातनान्। लोकस्याप्यायने युक्तान् श्राद्धदेवान्द्विजोत्तमान् ॥२१३॥ अपसव्यमग्नौ कृत्वा सर्वमावृत्य विक्रमम्। अपसव्येन हस्तेन निर्वपेदुदकं भुवि ॥ २१४ ॥ त्रींस्तु तस्माद्धविःशेषात्पिण्डान्कृत्वा समाहितः। औदकेनैव विधिना निर्वपेद्दक्षिणामुखः ॥ २१५ ॥ न्युप्य पिण्डांस्ततस्तांस्तु प्रयतो विधिपूर्वकम्। तेषु दर्भेषु तं हस्तं निमृज्याल्लेपभागिनाम् ॥ २१६ ॥"

ક્રોધ રહિત, પ્રસન્નચિત્તવાળા, વૃદ્ધ, લોકોની ઉન્નતિમાં–વૃદ્ધિમાં–યુક્ત એવા દ્વિજોને શ્રાદ્ધના દેવ એટલે પિત્તરો કહ્યા છે. ૨૧૩ અપસવ્ય કરીને યથાક્રમ અગ્નૌકરણ કર્યા પછી અપસવ્ય હાથ વડે પૃથ્વિપર પાણી નાંખવું. ૨૧૪ તે અગ્નૌકરણ કર્યા પછી શેષ રહેલા-અન્નના ત્રણ પિંડો કરીને દક્ષિણ દિશા તરફ મુખ રાખીને ઉદક નાંખવાનાં વિધિ વડેજ તે પિંડો પણ જમીનપર (મુકેલા દર્ભપર) મૂકવા. ૨૧૫ પ્રયત્નથી વિધિપૂર્વક તે ત્રણ પિંડોને સ્થાપન કરીને અન્નવાળા હાથને તે હાથમાં વળગેલું અન્ન લેપ ભાગીનું છે એમ માનીને દર્ભમાં હાથ લુંછવા. ૨૧૬.

"आचम्योदक्परावृत्य त्रिरायम्य शनैरसून् । षड्ऋतूंश्च नमस्कुर्यात्पितॄनेव च मन्त्रवित् ॥ २१७ ॥ उदकं निनयेच्छेषं शनैःपिण्डान्तिके पुनः । अवजिघ्रेच्च तान्पिण्डान्यथान्युप्तान्समाहितः ॥ २१८ ॥ पिण्डेभ्यस्त्वल्पिकांमात्रां समादायानुपूर्वशः। तेनैव विप्रानासीनान्विधिवत्पूर्वमाशयेत् ॥ २१९ ॥ ध्रियमाणेतुपितरि पूर्वेषामेवनिर्वपेत् । विप्रवद्वापितंश्राध्दे स्वकं पितरमाशयेत् ॥ २२० ॥"

પછી ઉત્તર તરફ ફરીને આચમન કરીને ધીમે રહીને ત્રણ પ્રાણાયામ કરીને મંત્રના જાણનાર શ્રાદ્ધકર્તાએ છ ઋતુઓ અને પિતરોને નમસ્કાર કરવા. ૨૧૭ પછી બાકીનું રહેલું પાણી પિંડોની પાસે ફરીથી મુકવું અને સ્વસ્થચિત્ત થઇ જે ક્રમથી પિંડો મુકયા હોય તે ક્રમે લઇને એકએકને સુંઘવા. ૨૧૮ અનુક્રમે કરીને દરેક પિંડોમાંથી થોડું થોડું અન્ન લઇને તે અન્ન વડે શ્રાધ્ધમાં ભોજન કરવા બેઠેલાઓને પ્રથમ થોડું ભોજન કરાવવું. ૨૧૯ પિતાજી જીવતા હોય તો તેના પૂર્વજોનું શ્રાધ્ધ કરવું અને તેમાં પોતાના પિતાને પણ બ્રાહ્મણની પેઠે વિધિવત્ ભોજન કરાવવું. ૨૨૦

"पितायस्यनिवृत्तः स्याज्जीवेच्चापि पितामहः । पितुःसनामसंकीर्त्य कीर्तयेत्प्रपितामहं ॥ २२१ ॥ पितामहोवातच्छ्राद्धं भुञ्जीतेत्यब्रवीन्मनुः । कामंवासमनुज्ञातः स्वयमेवसमाचरेत् ॥ २२२ ॥ तेषामुदकमानीय सपवित्रंतिलोदकं । तत्पिण्डाग्रंप्रयच्छेत स्वधैषामस्त्वितिब्रु-

वन् ॥.२२३ ॥ पाणिभ्यांतूपसंगृह्य स्वयमन्नस्यवर्धितम् । विप्रान्तिकेपितॄन्ध्यायन् शनकैरुपनिक्षिपेत् ॥ २२४ ॥"

જેના પિતા મૃત્યુ પામ્યા હોય અને પિતાના પિતા જીવતા હોય તો શ્રાધ્ધમાં પિતાના નામનો ઉચ્ચાર કરીને પછી પ્રપિતામહના નામનું ઉચ્ચારણ કરવું. ૨૨૧ અથવા તે શ્રાધ્ધમાં પિતામહને ભોજન કરાવવું, એમ મનુ કહે છે. અથવા પિતામહની આજ્ઞાથી તે જેમ કહે તેમ પોતે કરવું. ૨૨૨ કુશની સાથે તિલોદક તેઓના હાથમાં આપીને પછી "**स्वधाऽस्तु**" એમ બોલીને તે પિંડનો થોડો ભાગ તેઓના ભોજન માટે આપવો. ૨૨૩ પછી પરિપકવ કરેલાં અન્નોના પાત્રોને પોતે હાથ લગાડી **वृद्धिरस्तु** એમ કહીને ધીમે ધીમે પિતરોનું ધ્યાન. કરતાં તેઓની પાસે સર્વ લાવવું. એટલે કે તેઓના ભોજન માટે પીરસવું. ૨૨૪

"उभयोर्हस्तयोर्मुक्तं यदन्नमुपनीयते। तद्विप्रलुम्पन्त्यसुराः सहसा दुष्टचेतसः ॥ २२५ ॥ गुणांश्चसूपशाकाद्यान् पयोदधिघृतंमधु । विन्यसेत्प्रयतःपूर्वं भूमावेवसमाहितः ॥ २२६ भक्ष्यंभोज्यं च विविधं मूलानिचफलानिच । हृद्यानिचैवमांसानि पानानि सुरभीणिच ॥ २२७॥ उपनीयतुतत्सर्वं शनकैःसुसमाहितः । परिवेषयेतप्रयतो गुणान्सर्वान्प्रचोदयन् ॥ २२८ ॥"

એક હાથથી આણેલા અન્નને દુષ્ટ અંતઃકરણવાળા અસુરો છીનાવી લે છે માટે બે હાથમા પકડીનેજ અન્નપાત્ર લાવવું જોઇયે. ૨૨૫ દાળ, શાક, રાયતાં ચટણી આદિવ્યંજનો, દૂધ, દહિં, ઘી, મધ, એ સર્વ પાત્રમાં લાવીને પ્રથમ પ્રયત્ન પૂર્વક પૃથ્વિપર તે પાત્રો મૂકવાં. ૨૨૬ નાના પ્રકારના ભક્ષ્ય પદાર્થો, ભોજ્ય પદાર્થો, મૂલ, ફલો, સારાં માંસો અને સુંગંધીવાળાં પીવાનાં દ્રવ્યો. ૨૨૭ એ સર્વને સ્વસ્થચિત્તે ધીરેથી બ્રાહ્મણો પાસે લાવીને શુધ્ધ બુધ્ધિથી સર્વ પદાર્થના ગુણોનું વર્ણન કરતાં કરતાં પીરસવું. ૨૨૮

"नास्रमापातयेज्जातु नकुप्येन्नानृतंवदेत् । नपादेनस्पृशेदन्नं नचैतदवधूनयेत् ॥ २२९॥ अस्रंगमयतिप्रेतान्कोपाऽरीनऽनृतंशुनः । पादस्पर्शस्तुरक्षांसि दुष्कृतीनवधूननम् ॥ २३० ॥ यच्चद्रो...

स्वतन्त्या[illegible]मत्सरः। ब्रह्मोद्याश्चकथाःकुर्यात्पितृणामेतदीप्सितम् ॥२३१॥ स्वाध्यायंश्रावयेत्पित्र्ये धर्मशास्त्राणिचैवहि । आख्यानानीतिहासांश्च पुराणान्यखिलानिच ॥ २३२ ॥"

શ્રાધ્ધ સમયે કોઇ અશ્રુપાત કરવો નહિ, ક્રોધ ન કરવો, જુઠું ન બોલવું, અન્નને પગ અડકાડવો નહિં, અન્નને ફેંકવું નહિં, ૨૨૯ શ્રાધ્ધ વખતે જો અશ્રુપાત કરે તો તે અન્ન પ્રેતોને પહોંચે છે, ક્રોધ કરે તો શત્રુને પહોંચે છે, જુઠું બોલે તો કુતરાંને પહોંચે છે. ૨૩૦ શ્રાધ્ધ સમયે ભોજન કરવા બેઠલા બ્રાહ્મણોને જે જે અન્નપર રૂચિ હોય તે તે અન્ન તેને પીરસવું. આલસ્ય રહિત થઈ ઇશ્વર સંબંધિ કથા કરવી એજ પિતરોને ઇષ્ટ છે. ૨૩૧ પિતરોને માટે સ્વાધ્યાયનું શ્રવણ કરાવવું, ધર્મશાસ્ત્રો સંભળાવવાં, વ્યાખ્યાનો તથા સમગ્ર ઇતિહાસ પુરાણો સંભળાવવાં. ૨૩૨

"हर्षयेद्ब्राह्मणांस्तुष्टो भोजयेच्चशनैःशनैः। अन्नाद्येनासकृच्चैतान् गुणैश्चपरिचोदयेत् ॥ २३३ ॥ व्रतस्थमपिदौहित्रं श्राद्धेयत्नेन भोजयेत् । कुतपंचासनंदद्यात्तिलैश्चविकिरेन्महीम् ॥ २३४ ॥ त्रीणिश्राद्धे पवित्राणि दौहित्रःकुतपस्तिलाः । त्रीणिचात्रप्रशंसन्ति शौचमक्रोधमत्वराम् । ॥ २३५ ॥ अत्युष्णंसर्वमन्नंस्याद्भुञ्जीरंस्तेचवाग्यताः । नच-द्विजातयोब्रूयुर्दात्रा पृष्टाहविर्गुणान् ॥ २३६ ॥"

પોતે સંતુષ્ટ થતાં બ્રાહ્મણોને પ્રસન્ન કરવા અને ધીમે ધીમે ભોજન કરાવવું અને વારંવાર તેઓની રૂચિ પ્રમાણે અન્નાદિ અને શાકાદિ પીરસવાં. ૨૨૩ શ્રાધ્ધમાં દોહિત્ર, બ્રહ્મચારી હોય તો પણ તેને પ્રયત્નો વડે ભોજન કરાવવું. બેસવા માટે કાંબલનું આસન આપવું અને આજુબાજુ પૃથ્વીપર તલ વિખેરવા ૨૩૪ દોહિત્ર, તલ, અને કાંબલનું આસન એ ત્રણ શ્રાધ્ધમાં પવિત્ર કહેવાય છે. તેમજ શુધ્ધતા, ક્રોધ ન કરવો અને ત્વરાન કરવી એ ત્રણ શ્રાધ્ધમાં વખાણવા યોગ્ય છે. ૨૩૫ શ્રાધ્ધમાં ભોજન કરવા બેઠેલા બ્રાહ્મણોએ પોતાની વાણી નિયમિત રાખીને ઉષ્ણ અન્નનું ભોજન કરવું; ભોજન આપનાર પુરૂષ અન્ન શાક વિગેરેના સારા નરસા ગુણોનો પ્રશ્ન કરે તો પણ દ્વિજાતિયે કહેવું નહિં. ૨૩૬

"यावदुष्णं भवत्यन्नं यावदश्नन्ति वाग्यताः। पितरस्तावदश्नन्ति यावन्नोक्ता हविर्गुणाः ॥ २३७ ॥ यद्वेष्टितशिरा भुङ्क्ते यद्भुङ्क्ते दक्षिणामुखः । सोपानत्कश्च यद्भुङ्क्ते तद्वै रक्षांसि भुञ्जते ॥ २३८ ॥ चण्डालश्च वराहश्च कुक्कुटः श्वा तथैव च । रजस्वला च षण्ढश्च नेक्षेरन्नश्नतो द्विजान् ॥ २३९ ॥ होमे प्रदाने भोज्ये च यदेभिरभिवीक्ष्यते । दैवे कर्मणि पित्र्ये वा तद्गच्छत्ययथातथम् ॥ २४० ॥"

જ્યાં સુધી અન્ન ગરમ હોય, જ્યાં સુધી નિયમિત વાણી થઇ ભોજન કરે છે અને જ્યાં સુધી અન્નાદિના ગુણોનું વર્ણન કરવામાં ન આવે ત્યાં સુધી પિતરો ભોજન કરે છે. ૨૩૭ શ્રાધ્ધમાં જે મસ્તક બાંધીને ભોજન કરે છે, જે દક્ષિણ દિશા તરફ મુખ રાખી ભોજન કરે છે અને જે જોડા સાથે ભોજન કરે છે. તો તે રાક્ષસો ભોજન કરે છે એમ જાણવું. ૨૩૮ ચાંડાલ, ભુંડ, કુકડો, કુતરો, રજસ્વલા, નપુંસક, એટલાઓએ ભોજન કરનાર બ્રાહ્મણ જોવા ન જોઇએ.—અર્થાત્ શ્રાધ્ધમાં ભોજન કરનાર બ્રાહ્મણોને એટલા ન જોઇ શકે તેમ તેઓને બેસાડવા. ૨૩૯ અગ્નિહોત્ર, દાન, બ્રહ્મભોજન, દેવકર્મ તથા પિતૃકર્મમાં જો ઉપરોક્ત ચાંડાલાદિ જુવે તો તે સર્વ નિષ્ફલ થાય છે. ૨૪૦

"घ्राणेन सूकरो हन्ति पक्षवातेन कुक्कुटः। श्वा तु दृष्टिनिपातेन स्पर्शेनावरवर्णजः ॥ २४१ ॥ [illegible]दि वा काणो दातुः प्रेष्योऽपि वा भवेत्। हीनातिरिक्तगात्रो वा तमप्यपनयेत्पुनः ॥ २४२ ॥ ब्राह्मणं भिक्षुकं वापि भोजनार्थमुपस्थितम् । ब्राह्मणैरभ्यनुज्ञातः शक्तितः प्रतिपूजयेत् ॥ २४३ ॥ सार्ववर्णिकमन्नाद्यं सन्नीयाप्लाव्य वारिणा । समुत्सृजेद् भुक्तवतामग्रतो विकिरन्भुवि ॥ २४४ ॥"

ભુંડ તે અન્નને સુંઘવાથી નિષ્ફલ કરે છે, કુકડો તેની પાંખના પવનથી, કુતરો જોવાથી અને શુદ્ર તે અન્નને અડકવાથી નિષ્ફલ કરે છે. ૨૪૧ જે પગે ખોડો હોય, કાણો હોય, દાતાનો દાસ હોય, ન્યૂનાધિક અંગવાળો હોય તો તેને પણ શ્રાદ્ધ ભોજન વખતે દૂર બેસાડવા. ૨૪૨. કોઈ ભિક્ષુક અથવા બ્રાહ્મણ તે શ્રાદ્ધ ભોજન કાલમાં ભોજનાર્થ આવ્યો હોય તો તેને પણ તે બ્રાહ્મણોની આજ્ઞા લઇને ભોજન કરાવવું. ૨૪૩ સર્વ પ્રકારનું

અન્નાદિ એકઠું કરીને તેને પાણી વડે ધોઇને ભોજન કરી રહેલા બ્રાહ્મણોની આગળ દર્ભપર પૃથ્વિમાં વિખેરી દેવું. ૨૪૪.

असंस्कृतप्रमीतानां त्यागिनांकुलयोषिताम् ।उच्छिष्टंभागधेयंस्याद्दर्भेषुविकिरश्चयः ॥२४५॥ उच्छेषणंभूमिगत मजिह्मस्याशठस्यच। दासवर्गस्यतत्पित्र्ये भागधेयंप्रचक्षते ॥ २४६ ॥ आसपिण्डक्रियाकर्म द्विजातेः संस्थितस्यतु। अदैवंभोजयेच्छ्राद्धं पिण्डमेकंतुनिर्वपेत् ॥२४७॥ सहपिण्डक्रियायांतु कृतायामस्यधर्मतः। अनयैवावृताकार्यंपिण्डनिर्वपणंसुतैः ॥ २४८ ॥

સંસ્કારને યોગ્ય નહિં એવા મરેલાં બાળકો તથા ત્યાગીઓ, અને કુલસ્ત્રીઓનો ઉચ્છિષ્ટ એટલે સવનાં ભોજન પછી જે રહેલું હોય તે અને દર્ભ ઉપર જે વિકિર હોય તે તેનો ભાગ સમજવો. ૨૪૫. શ્રાદ્ધનું ઉચ્છિષ્ટ જે પૃથ્વિ ઉપર પડેલું હોય તે સરલ અને શઠપણું જેનામાં ન હોય એવા દાસોના સમુદાયનો ભાગ છે, એમ જાણવું. ૨૪૬. મરેલા દ્વિજનું સપિંડિકરણ થાય ત્યાં સુધી વૈશ્વદેવ કર્મ કર્યા શિવાય શ્રાદ્ધમાં બ્રાહ્મણ ભોજન કરાવવું અને એક પિંડ મુકવો. ૨૪૭ પરંતુ સપિંડિકરણ ક્રિયા સમાપ્ત કર્યા પછી ઉક્ત ક્રિયા વડે કરીનેજ પુત્રોએ પિંડ પ્રદાન કરવું. ૨૪૮.

श्राद्धंभुक्त्वा य उच्छिष्टं वृषलायप्रयच्छति । समूढोनरकंयाति कालसूत्रमवाक्शिराः ॥२४९ ॥ श्राद्धभुग्वृषलीतल्पं तदहर्योऽधिगच्छति । तस्याःपुरीषेतन्मासं पितरस्तस्यशेरते ॥२५०॥ पृष्ट्वास्वदितमित्येवं तृप्तानाचामयेत्ततः । आचान्तांश्चानुजानीयादभितोरम्यतामिति ॥ २५१ ॥ स्वधास्त्वित्येवतंब्रूयुर्ब्राह्मणास्तदनन्तरम् । स्वधाकारः परंत्वाशीःसर्वेषुपितृकर्मसु ॥ २५२ ॥

જે શ્રાદ્ધ ભોજન કરીને ઉચ્છિષ્ટ અન્ન શૂદ્રને આપે છે તે મૂર્ખ કાલસૂત્ર નામના નરકમાં ઉંધે મસ્તકે પડે છે. ૨૪૯ જે શ્રાદ્ધ ભોજન કરીને તેદિવસે શૂદ્રા સ્ત્રી અથવા વેશ્યા સ્ત્રી સાથે ગમન કરેતો તેની વિષ્ઠામાં તેનું માંસ પડે છે અને તેના પિતરો તેની વિષ્ઠામાં શયન કરે છે. ૨૫૦. ભોજન કરીને તૃપ્ત થયેલા બ્રાહ્મણોને “ કેમ તૃપ્ત થયા ? ” એમ સારી રીતે પુછીને પછી આચમન કરાવવું. પછીથી તે આચમન કરેલાઓનાં હસ્ત મુખાદિ પ્રક્ષાલન

કરાવીને " હવે સારી રીતે આરામ કરો. " એમ કહેવું. ૨૫૧ સાર પછી તે ભોજન કરેલા બ્રાહ્મણોએ " **स्वधाऽस्तु** " એમ યજમાનને કહેવું. કારણ કે સર્વ પિતૃ કર્મમાં સ્વધાકાર છે તે પરમ આશિર્વાદ છે. ૨૫૨.

ततोभुक्तवतांतेषामन्नशेषंनिवेदयेत् । यथाब्रूयुस्तथाकुर्यादनुज्ञातस्ततोद्विजैः ॥ २५३ ॥ पित्र्येस्वदितमित्येव वाच्यंगोष्ठेतुसुश्रुतम् । संपन्नमित्यभ्युदये दैवेरुचितमित्यपि ॥ २५४ ॥ अपराह्णस्तथादर्भा वास्तुसंपादनंतिलाः । सृष्टिर्मृष्टिर्द्विजाश्चाग्र्याः श्राध्धकर्मसुसंपदः ॥ २५५ ॥ दर्भाःपवित्रंपूर्वाह्णोहविष्याणिचसर्वशः। पवित्रंयच्चपूर्वोक्तं विज्ञेयाहव्यसंपदः ॥ २५६ ॥

પછી તે ભોજન કરેલા બ્રાહ્મણોને શેષ અન્ન નિવેદન કરવું અને દ્વિજોની આજ્ઞા લઇને જેમ તેઓ કહે તેમ તેનું કરવું. ૨૫૩ પિતૃ શ્રાદ્ધમાં " **स्वदितम्** " એટલું કેહેવું, ગોષ્ઠ શ્રાદ્ધમાં " **सुश्रुतम्** " કેહેવું, અભ્યુદય શ્રાદ્ધમાં " **संपन्नम्** " કેહેવું અને દૈવ શ્રાધ્ધમાં " **रुचितम्** " એમ કેહેવું. ૨૫૪. અપરાહ્નકાલ, દર્ભ, ઘરને લિંપવું, તલ, સારી રીતે અન્ન શુધ્ધ કરી તેનો ઉત્તમ સંસ્કાર કરવો, અને પંક્તિ પાવન દ્વિજ શ્રેષ્ઠ બ્રાહ્મણો, એટલી શ્રાધ્ધની સંપત્તિ કેહેવાય છે. ૨૫૫ દર્ભ, પવિત્રતા, દિવસનો પૂર્વ ભાગ, અને મુનિયોના સર્વ અન્ન એ હવ્યની સંપત્તિ જાણવી. ૨૫૬.

मुन्यन्नानिपयःसोमोमांसंयच्चानुपस्कृतम् । अक्षारलवणंचैव प्रकृत्याहविरुच्यते ॥ २५७ ॥ विसृज्यब्राह्मणांस्तांस्तु नियतो वाग्यतः शुचिः । दक्षिणांदिशमाकाङ्क्षन्याचेतेमान्वरान्पितॄन् ॥ २५८ ॥

दातारोनोऽभिवर्धन्तां वेदाःसंततिरेवच । श्रध्धाचनोमाव्यगमद्बहुदेयंचनोऽस्त्विति ॥ २५९ ॥ एवंनिर्वपणंकृत्वापिण्डांस्तांस्तदनन्तरम् । गांविप्रमजमग्निंवा प्राशयेदप्सुवाक्षिपेत् ॥ २६० ॥

મુનિઓનુ અન્ન, દુધ, સોમલતા, નહિં પકાવેલું માંસ અને સેંધવ એટલી ચીજ સ્વભાવથીજ હવ્ય કેહેવાય છે. ૨૫૭ તે ભોજન કરવા આવેલા બ્રાહ્મણોને ભોજન કરાવી વિસર્જન કરીને નિયમિત વાણિ રાખી શુધ્ધ થઇ દક્ષિણ દિશા તરફ જોઇને નીચે જણાવેલાં વરદાન પિત્રો પાસેથી

માગવાં. ૨૫૮. અમારા કુલમાં દાતાર પુરૂષો વધો, વેદનું અધ્યયનાધ્યાપન તથા યાગાદ્યનુષ્ઠાન અમારા કુલમાં વધો, પુત્ર તથા પૌત્રની વૃદ્ધિ થાઓ, શ્રદ્ધા અમારા કુલમાંથી ન ઘટે, અને ધનાદિ બહુ વધો. ૨૫૯ એ પ્રમાણે પિંડોનું પ્રદાન કરીને ઉપરોક્ત વરદાનની યાચના કર્યા પછી તે પિંડોને ગાય, બ્રાહ્મણ, અથવા બકરીને ખવાડવા અથવા અગ્નિમાં નાંખવા અથવા જલમાં ફેંકવા. ૨૬૦.

पिण्डनिर्वपणं केचित्परस्तादेव कुर्वते । वयोभिः खादयन्त्यन्ये
प्रक्षिपन्त्यनलेऽप्सु वा ॥ २६१ ॥ पतिव्रता धर्मपत्नी पितृपूजनतत्परा ।
मध्यमं तु ततः पिण्डमद्यात्सम्यक्सुतार्थिनी ॥ २६२ ॥ आयुष्मन्तं सुतं सूते
यशोमेधासमन्वितम् । धनवन्तंप्रजावन्तं सात्त्विकं धार्मिकं तथा ॥ २६३ ॥
प्रक्षाल्य हस्तावाचम्य ज्ञातिप्रायं प्रकल्पयेत् । ज्ञातिभ्यः सत्कृतं दत्त्वा
बान्धवानपि भोजयेत् ॥ २६४ ॥

કોઇ એક બ્રાહ્મણો શ્રાદ્ધમાં ભોજન કર્યા પછી પિંડ પ્રદાન કરે છે. બીજા કેટલાએકો પક્ષિયોને પિંડ ખવડાવે છે, અને કેટલાએક અગ્નિમાં અથવા પાણીમાં નાંખે છે. ૨૬૧ પિતૃ પૂજન તત્પર, પતિવ્રતા ધર્મ પાળનારી તેમજ સારા પુત્રને ઉત્પન્ન કરવાની ઇચ્છા રાખનારી યજમાનની ધર્મ પત્નીએ તે પિંડોમાંથી વચલો પિંડ લઇને તેનું ભક્ષણ કરવું. ૨૬૨ તે પિંડ ભક્ષણ વડે દીર્ઘ આયુષ્યવાળો, યશ અને બુદ્ધિવડે યુક્ત, ધનવાન, પ્રજાવાન, સાત્વિક વૃત્તિવાળો, અને ધાર્મિક એવા પુત્રને ઉત્પન્ન કરે છે. ૨૬૩ શ્રાદ્ધમાં બ્રાહ્મણ ભોજન તથા પિંડદાનાદિ સર્વ કામ થયા પછી હસ્ત પ્રક્ષાલન કરીને, આચમન કરીને, જ્ઞાતિવાળાઓને ભોજન કરાવવું, તેમજ સત્કાર પૂર્વક જ્ઞાતિવાળાઓને ભોજન આપીને બીજા બાંધવોને પણ ભોજન આપવું. ૨૬૪.

उच्छेषणं तु तत्तिष्ठेद्यावद्विप्रा विसर्जिताः । ततो गृहबलिं कुर्यादिति धर्मो
व्यवस्थितः ॥ २६५ ॥ हविर्यच्चिररात्राय यच्चानन्त्याय कल्पते । पितृभ्यो
विधिवद्दत्तं तत्प्रवक्ष्याम्यशेषतः ॥ २६६ ॥ तिलैर्व्रीहियवैर्माषैरद्भिर्मूल-
फलेन वा । दत्तेन मासं तृप्यन्ति विधिवत्पितरो नृणाम् ॥ २६७ ॥
द्वौ मासौ मत्स्यमांसेन त्रीन्मासान्हारिणेन तु । औरभ्रेणाथ चतुरः शाकुने-
नाथ पञ्च वै ॥ २६८ ॥

બ્રાહ્મણોને ભોજન કરાવતાં વધેલાં અન્ન વડે બલિ વૈશ્વદેવાદિ નિત્યં કર્મ કરવું. એ પ્રમાણે ધર્મની વ્યવસ્થા છે. ૨૬૫ પિત્રોને યથાવિધિ આપેલું જે હવિ ઘણાં વખત સુધી અનંત તૃપ્તિ આપે છે, તે સર્વ આગળ કહું છું. ૨૬૬. તલ, ધાન્ય, અડદ, જલ, મૂલ અને ફલ વિધિ પ્રમાણે આપવાથી મનુષ્યોના પિત્તરોની એક માસ પર્યંત તૃપ્તિ થાય છે. ૨૬૭ મત્સ્યના માંસના પિંડ આપવાથી બે માસ પર્યન્ત તૃપ્તિ થાય છે, હરિણના માંસથી ત્રણ માસ તૃપ્તિ થાય છે, ઘેટાંનાં માંસથી ચાર માસ અને પક્ષિયોના માંસથી પાંચ માસ પર્યન્ત પિતરો તૃપ્ત થાય છે. ૨૬૮

"षण्मासंश्छागमांसेन पार्षतेनचसप्तवै । अष्टावेणस्यमांसेन रौरवेणनवैवतु । २६९ ।। दशमासांस्तु तृप्यन्ति वराहमहिषामिषैः । शशकूर्मयोस्तुमांसेन मासानेकादशैवतु ।। २७० ।। सवत्सरंतुगव्येन पयसापायसेन च । वार्ध्रीणसस्यमांसेन तृप्तिर्द्वादशवार्षिकी ।।२७१ ।। कालशाकंमहाशल्काः खड्गलोहामिषंमधु । आनन्त्यायैवकल्पन्ते मुन्यन्नानिचसर्वशः ।। २७२ ।।"

બકરાનાં માંસથી છ માસ, ચિત્રમૃગના માંસથી સાત માસ, એણ નામના મૃગના માંસથી આઠ માસ અને રૂરૂ નામના મૃગના માંસથી નવ માસ તૃપ્તિ થાય છે. ૨૬૯ ભુંડ અને ભેંસના માંસથી દશ માસ અને સસલાં તથા કાચબાના માંસથી અગિયાર માસ તૃપ્તિ રહે છે. ૨૭૦" (આ શ્લોકો તથા આગળ આવતા બીજા શ્લોકોથી વિદ્વાનો સમજી જશે કે આ વૈદિક સિદ્ધાન્તાનુસાર શ્રાદ્ધ પ્રકરણ નથી, કિંતુ કોઈ માંસ પ્રિય ભાઇઓના સ્વાદને માટે આ પ્રકરણ લખાઇને પછી મનુસ્મૃતિ જેવાં ઉત્તમ ધર્મ પુસ્તકમાં મેળવાયલુ હોય તેમ લાગે છે. જે મનુમહારાજનો અહિંસા પ્રધાન સિદ્ધાન્ત છે તે વળી આવું માંસનું ખાતું દર્શાવે એતો બીલકુલ અસંભવ હોવાથી સર્વથા ત્યાજ્ય છે.) "ગાયનું દૂધ અથવા ક્ષીર વડે એક વર્ષ, લાંબા કાનવાળા બકરાનાં માંસથી બાર વર્ષ સુધી પિતરો તૃપ્ત રહે છે. ૨૭૧ કાલશાક અને મહાશલ્ક નામની માછલીઓ, ગેંડા, લાલ બકરો, મધ, અને સંપૂર્ણ મુનિયોનાં અન્ન વડે પિતરોની અનંત તૃપ્તિ થાય છે. ૨૭૨.

"यत्किंचिन्मधुनामिश्रं प्रदद्यात्तुत्रयोदशीम् ।। तदप्यक्षयमेवस्या-

द्यांत्प्रदास्तुच ॥ २७३ ॥ अपिनःसकुलेजायाद्योनोदद्यात् त्रयोदशीम् । पायसंमधुसर्पिर्भ्यां प्राक्छायेकुञ्जरस्यच ॥ २७४ ॥ यद्यद्दातिविधिवत्सम्यक्श्रद्धासमन्वितः। तत्तत्पितृणांभवति परत्रानन्तमक्षयम् ॥ २७५ ॥ कृष्णपक्षेदशम्य दौ वर्जयित्वाचतुर्दशीं । श्राद्धेप्रशस्तास्तिथयो यथैतानतथेतराः ॥ २७६ ॥"

વર્ષાકાલની મઘાનક્ષત્ર વાળી ત્રયોદશીમાં શ્રાદ્ધ નિમિતે જે કાંઈ મધ સાથે આપે તો તેનાથી પિતરોની અક્ષયતૃપ્તિ થાય છે. ૨૭૩ પિતરો હંમેશાં એવી આશા રાખે છે કે કોઈ અમારાં કુલમા એવો થાય કે જે ઉપરોક્ત ત્રયોદશીમાં તેમજ બીજી તિથિમાં પણ હાથીની પૂર્વ દિશાની છાયામાં મધુ અને ઘૃત વડે યુક્ત ક્ષીર અમને આપે. ૨૭૪ સારી રીતે શ્રદ્ધા યુક્ત થઈને જે કાંઈ વિધિપૂર્વક પિતરોને આપે છે તે પરલોકમાં પિતરોની અક્ષય તૃપ્તિને માટે હોય છે. ૨૭૫ કૃષ્ન પક્ષમાં દશમીથી લઈને ચતુર્દશી છોડીને જે બીજી તિથિયો શ્રાદ્ધમાં પ્રશંસનીય છે તેવી અન્યતિથિ નથી. ૨૭૬

"युक्षुकुर्वन्दिनर्क्षेषु सर्वान्कामान्समश्नुते। अयुक्षुतुपितृन्सर्वान्प्रजांप्राप्नोति पुष्कलाम् ॥ २७७ ॥ यथाचैवापरः पक्षः पूर्वपक्षाद्विशिष्यते। तथाश्राद्धस्यपूर्वाह्णादपराह्णोविशिष्यते ॥ २७८ ॥ प्राचीनावी तिनासम्यगपसव्यमतन्द्रिणा। पित्र्यमानिधनात्कार्यं विधिवद्दर्भपाणिना ॥२७९॥ रात्रौश्राद्धंनकुर्वीत राक्षसीकीर्तिताहिसा । सन्ध्ययोरुभयोश्चैव सूर्येचैवाचिरोदिते ॥ २८० ॥"

યુગ્મ તિથિ અને યુગ્મ નક્ષત્રોમાં શ્રાદ્ધ કરનાર સર્વ ઇષ્ટ પદાર્થોને પ્રાપ્ત થાય છે. અને અયુગ્મ તિથિ અને અયુગ્મ નક્ષત્રોમાં શ્રાદ્ધ કરનાર સંતતિને પ્રાપ્ત થાય છે. ૨૭૭ જેવી રીતે શુકલપક્ષ કરતાં કૃષ્ણપક્ષ શ્રાદ્ધાદિ કાર્યમાં અધિક ફળ આપનાર છે તેવીજ રીતે દિવસના પ્રથમ પોહોર કરતાં બીજો પોહોર અધિક ફલ આપનારો છે. ૨૭૮ દક્ષિણ સ્કંધ પર યજ્ઞોપવીત રાખી, આલસ્ય રહિત થઇ, દર્ભ હાથમાં લઈને પિત્ર્ય તીર્થ વડે પિતૃ સંબંધિ કર્મ મરણ પામતાં સુધી કરવું. ૨૭૯ રાત્રિમાં શ્રાદ્ધ ન કરવુ કારણ કે રાત્રિને રાક્ષસી કહેલી છે. તેમજ બંને સંધ્યા વખતે તથા સૂર્ય ઘણો ચઢે નહિં ત્યાં સુધી શ્રાદ્ધ ન કરવું. ૨૮૦

"अनेनविधिनाश्राध्धं त्रिरब्दस्येहनिर्वपेत् । हेमन्तग्रीष्मवर्षासु पाञ्चयज्ञिकमन्वहम् ॥ २८१ ॥ नपैतृयज्ञियोहोमो लौकिकेऽग्नौविधीयते । नदर्शेनविनाश्राध्धमाहिताग्नेर्द्विजन्मनः ॥ २८२ ॥ यदेवतर्पयत्यद्भिः पितॄन्स्नात्वाद्विजोत्तमः । तेनैवकृत्स्नमाप्नोति पितृयज्ञक्रियाफलम् ॥ २८३ ॥" वसुन्वदन्ति तु पितॄन्रुद्रांश्चैव पितामहान् । प्रपितामहांश्चादित्यान्श्रुतिरेषा सनातनी ॥ २८४ ॥

હેમન્ત, ગ્રીષ્મ, અને વર્ષા ઋતુમા ઉપરોક્ત વિધિથી વરસમાં ત્રણ વાર શ્રાદ્ધ કરવુ. અને પચયજ્ઞાન્તર્ગત શ્રાદ્ધ તો હંમેશા કરવું. ૨૮૧ શ્રાદ્ધ સંબધિ હોમ લૌકિકાગ્નિમાં કરવાનુ વિધાન નથી. તેમજ અગ્નિહોત્રિ બ્રાહ્મણાદિને અમાવાસ્યાથી બીજી તિથિમા શ્રાદ્ધ કરવાનું વિધાન નથી. ૨૮૨ જે દ્વિજ સ્નાન કરીને જલ વડેજ પિતૃનું તર્પણ કરે છે તો તેનાથી જ સંપૂર્ણ નિત્ય શ્રાદ્ધનું ફલ મળે છે ૨૮૩ "(આટલે સુધીનું શ્રાદ્ધ પ્રકરણ પરસ્પર વિરૂદ્ધ, માંસ ભક્ષણોત્તેજક અને વૈદિક સિદ્ધાન્તથી વિરૂદ્ધ હોવાથી પ્રક્ષિપ્ત છે) પિતરો વસુ, પિતામહો રૂદ્ર અને પ્રપિતામહો આદિત્ય બ્રહ્મચારીને કહેવાય છે એમ સનાતનથી સભળાય છે. (આ વિષય છાંદોગ્યોપનિષદ્ ૩। ૧૬ માંસવિસ્તાર લખેલો છે.) ૨૮૪

विघसाशी भवेन्नित्यं नित्यंवामृतभोजनः । विघसोभुक्तशेषंतु यज्ञशेषं तथामृतम् ॥ २८५ ॥ एतद्वोऽभिहितं सर्वं विधानं पाञ्चयज्ञिकम् । द्विजातिमुख्यवृत्तीनां विधानं श्रूयतामिति ॥ २८६ ॥

इति मानवे धर्मशास्त्रे तृतीयोऽध्यायः ॥ ३ ॥

સર્વદા વિઘસ ભોજન કરનાર થવું અથવા અમૃત ભોજન કરનાર થવું. બ્રાહ્મણાદિના ભુક્ત શેષને વિઘસ કહેવાય છે અને યજ્ઞ શેષને અમૃત કહેવાય છે. ૨૮૫ એ પ્રમાણે સર્વ તમને પંચમહાયજ્ઞ સબંધિ વિધાન કર્યું હવે દ્વિજાતિયોમાં મુખ્ય બ્રાહ્મણની વૃત્તિઓનું વિધાન સાંભળો. ૨૮૬

મનુસ્મૃતિ સરલ ગુજરાતી ટીકાનો તૃતીયાધ્યાય સમાપ્ત.

ओ३म्

अथ चतुर्थोऽध्यायः

चतुर्थमायुषोभागमुषित्वाद्यंगुरौद्विजः । द्वितीयमायुषोभागं कृतदारो गृहे वसेत् ॥ १॥ अद्रोहेण भूतानामल्पद्रोहेण वापुनः । या वृत्तिस्तां समास्थाय विप्रो जीवेदनापदि ॥ २ ॥ यात्रामात्रप्रसिद्ध्यर्थं स्वैःकर्मभिरगर्हितैः । अक्लेशेनशरीरस्य कुर्वीत धनसञ्चयम् ॥३॥ ऋतामृताभ्यां जीवेत्तु मृतेन प्रमृतेन वा । सत्यानृताभ्यामपि वा न श्ववृत्त्या कदाचन ॥ ४ ॥

આયુષ્યનો પ્રથમ ચોથો ભાગ દ્વિજે ગુરૂની પાસે વિદ્યાધ્યયનાર્થે નિવાસ કરીને પછી આયુષ્યના બીજા ભાગમા પાણિગ્રહણ કરી અર્થાત્ લગ્ન કરી ગૃહસ્થાશ્રમમાં વસવું. ૧ આપત્તિરહિત કાલમાં કોઇપણ પ્રાણીઓના ઉપર દ્રોહ કર્યા વિના અથવા અલ્પદ્રોહ જેનાથી થાય એવી વૃત્તિ ધારણ કરીને વિપ્રે જીવન ચલાવવું. ૨ પોતાની જીવનયાત્રામાત્રની સિદ્ધિને માટે નિંદારહિત એવાં પોતાના કર્મો વડે તેમ શરીને ક્લેશ ન થાય એવી રીતે ધનનો સંચય ગૃહસ્થાશ્રમ ચલાવવા માટે કરવો. ૩ ઋત અને અમૃત, અથવા મૃત અને પ્રમૃત, અથવા સત્ય, અનૃત વૃત્તિથી પોતાનું જીવન ચલાવવું પરંતુ શ્વાનવૃત્તિથી કદાપિ જીવન ચલાવવું નહિ. ૪

ऋतमुञ्छशिलंज्ञेयममृतं स्यादयाचितम् । मृतंतुयाचितंभैक्षं प्रमृतं कर्षणं स्मृतम् ॥ ५ ॥ सत्यानृतं तु वाणिज्यं तेन चैवापि जीव्यते । सेवा श्ववृत्तिराख्याता तस्मात्तां परिवर्जयेत् ॥ ६ ॥ कुशूलधान्यको वास्यात्कुम्भीधान्यकएव वा । त्र्यहैहिकोवापि भवेदश्वस्तनिकएव वा ॥ ७ ॥ चतुर्णामपि चैतेषां द्विजानां गृहमेधिनाम् । ज्यायान्परः परोज्ञेयो धर्मतोलोकजित्तमः ॥ ८ ॥

ક્ષેત્રનો માલિક પોતાનાં ક્ષેત્રમાંથી ધાન્ય લઇ જાય અને પછી તે ખેતરમાં જે ધાન્યના દાણા પડેલા હોય તે વિણીને પોતાની વૃત્તિ (જીવન) ચલાવવી તે ઋત કહેવાય છે, યાચના કર્યા શિવાય જીવન ચલાવવું

તે અમૃત કહેવાય છે. યાચના કરીને ભિક્ષા કરવી તે મૃત કહેવાય છે અને ખેતી કરીને જીવન ચલાવવું તે પ્રમૃત કહેવાય છે. ૫ સત્યાનૃત એવાં વાણિજ્ય વડે પોતાનું જીવન ચલાવવું પરંતુ પારકી ચાકરીનું નામ શ્વાનવૃત્તિ કહેવાય છે માટે તેનો સર્વથા ત્યાગ કરવો. અર્થાત્ સેવા કરીને જીવન કદાપિ ચલાવવું નહિ. ૬ ગૃહસ્થે કોઠારમાં ધાન્યસંચય કરવાવાળા થવું, અથવા ઘડાઓમાં ધાન્ય સંચય કરવાવાળા થવું, અથવા ત્રણ દિવસ ચાલે એટલાં ધાન્યનો સંચય રાખવો, અથવા તો દરરોજ ચાલે તેટલું દરરોજ સંચય કરનાર થવું; અથવા આવતી કાલને માટે પણ સંચય ન રાખનાર થવું. ૭ એ ચાર પ્રકારના ગૃહસ્થ દ્વિજોમાં ધર્મથી લોકને જીતનાર પ્રથમ કરતાં બીજો અને બીજા કરતાં ત્રીજો એમ શ્રેષ્ઠ જાણવા. ૮

ष ्कर्मैकोभवत्येषांत्रिभिरन्यःप्रवर्त्तते । द्वाभ्यामेकश्चतुर्थस्तु ब्रह्मसत्रेण जीवति ॥ ९ ॥ वर्त्तयंश्चशिलोञ्छाभ्यामग्निहोत्रपरायणः । इष्टीःपार्वायनान्तीयाः केवलानिर्वपेत्सदा ॥ १० ॥ न लोकवृत्तं वर्तेत वृत्तिहेतोः कथञ्चन । अजिह्मामशठांशुद्धां जीवेद्ब्राह्मणजीविकाम् ॥ ११ ॥ संतोषं परमास्थाय सुखार्थी संयतो भवेत् । संतोषमूलं हि सुखं दुःखमूलं विपर्ययः ॥ १२ ॥

એમાં કોઇ ગૃહસ્થ ઋત, અયાચિત, ભિક્ષા, કૃષિ, વાણિજ્ય અને વ્યાજવૃત્તિ એ ૭ કર્મોવડે પોતાનુ જીવન ચલાવે છે અને બીજો ગૃહસ્થ યાજન, અધ્યાપન અને પ્રતિગ્રહ એ ત્રણ કર્મોવડે પોતાનું જીવન ચલાવે છે. તેમજ વળી ત્રીજો ગૃહસ્થ પ્રતિગ્રહ એ અધર્મકાર્ય છે એમ માનીને યાજન અને અધ્યાપન એબે કર્મવડે જીવન ચલાવે છે અને કોઇએક ફક્ત અધ્યાપનથી જીવન ચલાવે છે. ૯ શિલોંછવડે કેવળ વૃત્તિ ચલાવનારે અગ્નિહોત્ર તથા પર્વ અને અયનના અંતમાં યજ્ઞ કરવો. ૧૦ પરંતુ જીવિકા ચલાવવાને માટે અસત્ વ્યાખ્યાન તેમજ વિચિત્ર તથા હાસ્યોત્પાદક કથા વિગેરે ન કરવું. શઠતા રહિત અને દંભરહિત શુદ્ધ બ્રાહ્મણજીવિકાવડે પોતાનું જીવન ચલાવવું. ૧૧ સુખાર્થી મનુષ્યે પરમ સંતોષ રાખી સ્વસ્થ રહેવું, કેમકે સંતોષજ સુખનું મૂલ છે અને અસંતોષ દુઃખનું મૂલ છે. ૧૨

अतोऽन्यतमयावृत्त्या जीवंस्तु स्नातको द्विजः । स्वर्गायुष्य यशस्यानि व्रतानीमानिधारयेत् ॥ १३ ॥ वेदोदितं स्वकं कर्म नित्यंकु-

यदितन्द्रितः । तद्धिकुर्वन्यथाशक्ति प्राप्नोतिपरमांगतिम् ॥ १४ ॥ नेहेतार्थान्प्रसंगेन न विरुद्धेन कर्मणा । न विद्यमानेष्वर्थेषु नार्त्यामपि यतस्ततः ॥ १५ ॥ इन्द्रियार्थेषु सर्वेषु न प्रसज्येत कामतः । अतिप्रसक्तिं चैतेषां मनसा संनिवर्त्तयेत् ॥ १६ ॥

એમાંથી કોઈ પ્રકારની વૃત્તિવડે આજીવિકાચલાવનાર દ્વિજે સ્વર્ગ, આયુષ્ય અને યશ આપવાવાળાં વ્રતોને ધારણ કરવા. ૧૩ હમેશાં આલસ્યનો ત્યાગ કરીને વેદોક્ત પોતાનુ નિત્યકર્મ હમેશાં કરવું, એ પ્રમાણે યથાશક્તિ કર્મ કરનાર મનુષ્ય નિઃસંદેહ પરમગતિને પામે છે. ૧૪ ગાયન વાજીંત્રાદિ તેમજ કોઈ શાસ્ત્ર વિરૂદ્ધ કર્મવડે દ્રવ્યોપાર્જનની ઇચ્છા ન કરવી. દ્રવ્ય હોય તોપણ તથા નહિં હોય તોપણ ગમે તેમ જ્યાં ત્યાંથી દ્રવ્ય ઉપાર્જન કરવાની ઇચ્છા ન કરવી ૧૫ સર્વ ઇંદ્રિયોના વિષયોમાં ઇચ્છાપૂર્વક ફસી જવું નહિં તેમજ તે વિષયોનો અતિ પ્રસગ મનથી નિવૃત્ત કરવો. અર્થાત્ જે વિષયમા અત્યાસક્તિ લાગી જાય ત્યાથી મનને છોડાવી લેવું. ૧૬.

सर्वान्परित्यजेदर्थान्स्वाध्यायास्यविरोधिनः । यथातथाध्यापयंस्तु सा ह्यस्य कृतकृत्यता ॥ १७ ॥ वयसः कर्मणोऽर्थस्य श्रुतस्याभिजनस्यच । वेषवाग्बुध्धिसारूप्यमाचरन्विचरेदिह ॥ १८ ॥ बुद्धिवृद्धिकराण्याशु धन्यानिचहितानिच । नित्यं शास्त्राण्यवेक्षेत निगमांश्चैव वैदिकान् ॥ १९ ॥ यथायथा हि पुरुषः शास्त्रं समधिगच्छति । तथा तथा विजानाति विज्ञानंचास्यरोचते ॥ २० ॥

જે જે અર્થો (વિષયો) સ્વાધ્યાયના વિરોધી હોય તેઓનો સર્વેનો ત્યાગ કરવો. જેમ બને તેમ વેદાધ્યયનના ઉપાય વડેજ નિર્વાહ કરવો તેજ સ્નાતકની કૃતકૃત્યના છે. ૧૭ અવસ્થા, કર્મ, ધન, વિદ્યા અને કુલ એટલાંને યોગ્ય વેષ, વાણી અને બુદ્ધિવડે આચરણ કરનાર મનુષ્ય આ સંસારમાં વિચરી શકે છે, અર્થાત્ ઉપરોક્ત નિયમાનુસાર સસારમા વિચરવું. ૧૮ બુદ્ધિની વૃદ્ધિ કરનાર વ્યાકરણ અને ન્યાય મીમાંસાદિ શાસ્ત્રો, ધનસંચય કરાવનાર અર્થશાસ્ત્રો જેવાં કે બાર્હસ્પત્ય તથા ઔશનસાદિ તથા હિતાવહ વૈદ્યકાદિ તેમજ વેદના અર્થ જણાવનાર શાસ્ત્રોનું હંમેશાં અવ-

લોકન કરવું. ૧૯ જેમ જેમ પુરૂષ સારી રીતે શાસ્ત્રનો અભ્યાસ કરે છે; તેમ તેમ તે શાસ્ત્રોને જાણે છે, અને તેનું વિજ્ઞાન પ્રકાશે છે—વધે છે. ૨૦

ऋषियज्ञं देवयज्ञं भूतयज्ञं च सर्वदा । नृयज्ञं पितृयज्ञं च यथाशक्ति न हापयेत् ॥ २१ ॥ एतानेके महायज्ञान्य[illegible] जनाः । अनीहमानाः सततमिन्द्रियेष्वेव जुह्वति ॥ २२ ॥ वाच्येके जुह्वति प्राणंप्राणे वाचं च सर्वदा । वाचि प्राणे च पश्यन्तोयज्ञनिर्वृत्तिमक्षयाम् ॥ २३ ॥ ज्ञानेनैवापरेविप्रायजन्त्येतैर्मखैः सदा । ज्ञान[illegible]लांक्रियामषां पश्यन्तोज्ञानचक्षुषा ॥ २४ ॥

ઋષિયજ્ઞ એટલે સ્વાધ્યાય, દેવયજ્ઞ એટલે અગ્નિહોત્ર, ભૂતયજ્ઞ એટલે બલિવૈશ્વદેવ, પિતૃયજ્ઞ એટલે માતપિતા આદિની અન્ન જલવડે તૃપ્તિ કરવી તે, નૃયજ્ઞ એટલે ભોજન સમયે આવેલા વિદ્વાન અતિથિનો ભોજનાદિથી સત્કાર કરવો તે. એ પાંચ મહાયજ્ઞ હમેશાં યથાશક્તિ કરવાજ જોઇએ. એનો ત્યાગ ન કરવો. ૨૧ કેટલાએક ગૃહસ્થો જેવા કે બાહ્ય અને અંતર યજ્ઞાનુષ્ઠાનને જાણનારાઓ બ્રહ્મજ્ઞાનના ઉત્કર્ષથી બહારની ચેષ્ટાવડે એ પાંચ મહાયજ્ઞ ન કરતાં પાંચ જ્ઞાનેન્દ્રિયોમાંજ સંયમ કરીને તે યજ્ઞો સંપાદન કરે છે. ૨૨ કોઇએક બ્રહ્મજ્ઞાની ગૃહસ્થો વાણિમાં પ્રાણવાયુનો હોમ કરે છે તેમજ પ્રાણવાયુમાં વાણીનો હોમ કરે છે અને તે યજ્ઞમાંજ તેઓ યજ્ઞ સંબંધિ અક્ષય ફલસિદ્ધિ જુવે છે, ૨૩ વળી કેટલાએક બ્રહ્મનિષ્ઠ વિપ્રો જ્ઞાનચક્ષુવડે જોતાં જ્ઞાનમૂલક એ યજ્ઞરૂપ ક્રિયાને જ્ઞાનવડેજ કરે છે. ૨૪

[illegible] च जुहुयाद[illegible]न्ते द्युनिशोः सदा। दर्शेन चार्धमासान्ते पौर्णमासेन चैव हि ॥२५॥ "सस्यान्तेनवसस्येष्ट्या तथर्त्वन्ते द्विजोऽध्वरैः । पशुनात्वयनस्यादौ समान्ते सौमिकैर्मखैः ॥ २६ ॥ नानिष्ट्वानवसस्येष्ट्या पशुनाचाग्निमान्द्विजः। नवान्नमद्यान्मांसंवा दीर्घमायुर्जिजीविषुः ॥२७॥ नवनान्नचताह्मस्य पशुहव्येन चाग्नयः। प्राणानेवात्तुमिच्छन्ति नवान्नामिषगर्द्धिनः ॥ २८ ॥"

ઉદિન હોમપક્ષમાં દિવસ અને રાત્રિના આદિ ભાગમાં એટલે આરંભમાં અગ્નિહોત્ર કરવો અને અનુદિન હોમપક્ષમા દિવસ અને રાત્રીના અંત ભાગમાં અગ્નિહોત્ર કરવો. તેમજ અર્ધ માસના અંતમાં અમાવસ્યા

અને પૂર્ણિમાને દિવસે ક્રમથી દર્શેષ્ટિ અને પૌર્ણમાસ યજ્ઞ કરવો. ૨૫ " નવીન અન્નની ઉત્પત્તિ વખતે નવીન ધાન્યવડે ઇષ્ટિ કરવી, ઋતુઓના અંતમાં યાગ કરવા, અયનના આદિ ભાગમાં પશુવડે યજ્ઞ કરવો તથા વર્ષના અંતમાં સોમયાગ કરવો. ૨૬ દીર્ઘ આયુ સુધી જીવવાની ઇચ્છા રાખનાર અગ્નિહોત્રી દ્વિજે નવીન ધાન્યવડે ઇષ્ટ કર્યા શિવાય નવીન અન્ન ખાવું નહિં તેમજ પશુવડે યાગ કર્યા શિવાય માંસભક્ષણ કરવું નહિં. ૨૭ જેનો અગ્નિ નવીન અન્નવડે તથા પશુહવ્યવડે સત્કાર કરાયો નથી તે અગ્નિ તેના પ્રાણોનું ભક્ષણ કરવાની ઇચ્છા કરે છે, કેમકે અગ્નિ નવીન અન્ન તથા માંસની અત્યંત અભિલાષા રાખે છે. ૨૮ "(યજ્ઞ છે તે દેવકાર્ય છે અને મનુના અગિયારમા અધ્યાયમાં માંસને દેવભોજન ન કહેતાં રાક્ષસ અને પિશાચનું ભોજન કહ્યું છે; તેમજ અહિંસા પ્રતિપાદન કરનાર મનુ મહારાજ પશુયાગનું વિધાન કરે એ સર્વથા અસંભવિત છે. આ લીલા તો કાંઈ માંસાસ્વાદન તત્પર વામીઓની સ્પષ્ટ જણાય છે, જેથી પ્રક્ષિપ્ત છે.)

आसनाशनशय्याभिरद्भिर्मूलफलेन वा। नास्यकश्चिद्वसेद्गेहे शक्तितोऽनर्चितोऽतिथिः ॥ २९ ॥ पाषण्डिनोविकर्मस्थान्वैडालव्रतिकाञ्छठान्। हैतुकान्बकवृत्तींश्च वाङ्मात्रेणापिनार्चयेत् ॥ ३० ॥ वेदविद्याव्रतस्नाताञ्छ्रोत्रियान्गृहमेधिनः । पूजयेद्धव्यकव्येन विपरीतांश्च वर्जयेत् ॥ ३१ ॥ शक्तितोऽपचमानेभ्यो दातव्यं गृहमेधिना। संविभागश्चभूतेभ्यः कर्तव्योऽनुपरोधतः ॥ ३२ ॥

યથાશક્તિ આસન, ભોજન, શય્યા, જલ, મૂલ, ફલ, અન્ન આદિવડે જે અતિથિ જે ગૃહસ્થના ઘરમાં સત્કાર પામ્યો ન હોય તે ગૃહસ્થનાં ઘરમાં તે અતિથિએ રહેવું નહિં. ૨૯ પાખંડી, શાસ્ત્ર વિરૂદ્ધ કર્મ કરનાર, બિલાડાંના જેવાં વ્રતવાળો, શઠ, વેદમાં શ્રદ્ધા ન રાખનાર, બગલાંના જેવી વૃત્તિ કરનાર, એવાઓનો વાણીમાત્રથી પણ કોઇ ગૃહસ્થે સત્કાર કરવો નહિ. ૩૦ વેદવિદ્યાના પાર પામેલા તથા વ્રતને સંપૂર્ણકરનારા અને શ્રોત્રિય ગૃહસ્થોનો હવ્ય અને કવ્ય વડે સત્કાર કરવો; પરંતુ તેનાથી વિપરીતનો ત્યાગ કરવો. ૩૧ ગૃહસ્થે હંમેશાં બ્રહ્મચારી અને પરિવ્રાજકોને ભિક્ષા આપવી, તેમ સંપૂર્ણ ભૂત માત્રને કાંઇપણ ઉપરોધ વિના યથાશક્તિ અન્નાદિ ભાગ આપવો.

राजतोधनमन्विच्छेत्संसीदन्स्नातकःक्षुधा । याज्यान्तेवासिनो-र्वापि नत्वन्यतइति स्थितिः ॥३३॥ न सीदेत्स्नातकोविप्रः क्षुधाऽशक्तः कथंचन । नजीर्णमलवद्वासा भवेच्चविभवेसति ॥ ३४ ॥ क्लृप्तकेशनखश्मश्रुर्दान्तः शुक्लाम्बरः शुचिः। स्वाध्यायेचैवयुक्तः स्यान्नित्यमात्महितेषु च ॥ ३५ ॥ वैणवीं धारयेद्यष्टिं सोदकं च कमण्डलुम् । यज्ञोपवीतं वेदं च शुभेरौक्मे च कुण्डले ॥ ३६ ॥

ક્ષુધાથી પીડિત સ્નાતકે રાજા, યજમાન અથવા પોતાના શિષ્ય પાસેથી ધન મેળવવાની ઇચ્છા કરવી, પરંતુ કોઇ બીજા પાસેથી નહિં, એવી શાસ્ત્રની મર્યાદા છે. ૩૩ શક્તિમાન્ સ્નાતક વિપ્રે ક્ષુધાયુક્ત કદાપિ ન રહેવું, તેમજ ધન પાસે હોય તો જુનાં તેમજ મેલાં વસ્ત્ર કદાપિ પહેરવાં નહિં. ૩૪ કેશ, નખ અને દાઢીની હજામત કરાવતા રહેવું, ઇન્દ્રિયોનુ દમન કરતાં રહેવુ, શ્વેત વસ્ત્ર ધારણ કરવાં, શુદ્ધતા રાખવી, સ્વાધ્યાય કરવામાં તથા હંમેશા આત્મહિતના કાર્યોમાં યુક્ત રહેવુ. ૩૫ વાસની લાકડી ધારણ કરવી, પાણી ભરેલું કમંડલુ પાસે રાખવું, યજ્ઞોપવીત ધારણ કરી રાખવુ, વેદપુસ્તક પાસે રાખવું અને સાંરાં સુવર્ણનાં કુંડલ ધારણ કરવાં. ૩૬

नेक्षेतोद्यन्तमादित्यं नास्तं यान्तं कदाचन । नोपसृष्टं न वारिस्थं न मध्यं नभसोगतम् ॥ ३७ ॥ न लङ्घयेद्वत्सतन्त्रीं न प्रधावेच्च वर्षति । न चोदके निरीक्षेत स्वं रूपमिति धारणा ॥ ४० ॥ मृदं गां दैवतं विप्रं घृतं मधु चतुष्पथम् । प्रदक्षिणानि कुर्वीत प्रज्ञातांश्च वनस्पतीन् ॥ ३९ ॥ नोपगच्छेत्प्रमत्तोऽपि स्त्रियमार्तवदर्शने । समानशयने चैव न शयीत तयासह ॥४० ॥

ઉદય પામતા તથા અસ્ત પામતા સૂર્યને જોવો નહિં, ગ્રહણ થયેલા સૂર્યને, પાણિમાં પ્રતિબિંબિત થયેલા સૂર્યને તથા મધ્યાન્હમાં સૂર્યને જોવો નહિં. ૩૭ બાંધેલાં વાછરડાંની દોરડીનું ઉલ્લંઘન ન કરવું, વરસાદ પડતો હોય ત્યારે દોડવુ નહિં, પાણિમાં પોતાનું સ્વરૂપ જોવું નહિં એવો શાસ્ત્રનો નિયમ છે. ૩૮. કોઇ ઠેકાણે પ્રયાણ કરતાં માટીનો ઢગલો, ગાય, યજ્ઞશાલા, બ્રાહ્મણ, ઘી, મધ, ચતુષ્પથ, અને મોટી પ્રસિદ્ધ વનસ્પતિઓ સ-

ન્મુખ હોય તો તેને જમણી બાજુએ રાખીને ચાલ્યા જવું. ૩૯ પુરૂષ કામવશ થયો હોય તોપણ રજોદર્શન વખતે સ્ત્રીની પાસે જવું નહિં; એટલે કે ઋતુના નિષિદ્ધ ત્રણ દિવસ પર્યંત સ્ત્રી પાસે ન જવું, તેમજ તેની સાથે એક શય્યા ઉપર શયન કરવું નહિં. ૪૦

रजसाभिप्लुतां नारीं नरस्य ह्युपगच्छतः । प्रज्ञा तेजो बलं चक्षुरायुश्चैव प्रहीयते ॥ ४१ ॥ तां विवर्जयतस्तस्य रजसा समभिप्लुताम् । प्रज्ञा तेजो बलं चक्षुरायुश्चैव प्रवर्धते ॥ ४२ ॥ नाश्नीयाद्भार्यया सार्धंनैनामीक्षेत चाश्नतीम् । क्षुवतीजृम्भमाणां वानचासीनां यथासुखम् ॥ ४३ ॥ नाञ्जयन्तींस्वकेनेत्रेनचाभ्यक्तामनावृताम् । नपश्येत्प्रसुवन्तीं चतेजस्कामोद्विजोत्तमः ॥ ४४ ॥

ઋતુપ્રાપ્ત થયેલી સ્ત્રીની પાસે જનાર પુરૂષની બુદ્ધિ, તેજ, બલ, ચક્ષુ અને આયુષ્યનો નાશ થાય છે. ૪૧ રજસ્વાલા સ્ત્રીની પાસે નહિં જનાર પુરૂષનાં બુદ્ધિ આદિ ઉપરોક્ત સર્વ વૃદ્ધિ પામે છે. ૪૨ એક પાત્રમાં સ્ત્રીની સાથે ભોજન કરવું નહિં, તેમજ ભોજન કરતી, છીંકતી, બગાસાં ખાતી તથા યથાસુખ એટલે મરજીમાં આવે તેમ બેઠેલી સ્ત્રીને જોવી નહિં (કેમકે એવી વખતે સ્ત્રીને જોવાથી લજ્જાનો તેમજ મર્યાદાનો ભંગ થવાનો સંભવ છે). ૪૩ પોતાનાં નેત્રમાં અંજન કરતી, નગ્નાવસ્થામાં પોતાનાં અંગને તેલ ચોળતી, સંતાનનો પ્રસવ કરતી સ્ત્રીને તેજની ઇચ્છા રાખનાર ઉત્તમ દ્વિજે જોવી નહિં. ૪૪

नाश्नीयादेकवासा न नग्नःस्नानमाचरेत् । न मूत्रं पथि कुर्वीतन भस्मनि न गोव्रजे ॥ ४५ ॥ न फालकृष्टे न जले न चित्यां न च पर्वते । न जीर्णदेवायतने न वल्मीके कदाचन ॥ ४६ ॥ न ससत्वेषु गर्तेषु न गच्छन्नापि च स्थितः। न नदीतीरमासाद्य न च पर्वतमस्तके ॥ ४७ ॥ वाय्वग्निविप्रमादित्यमपः पश्यंस्तथैव गाः । न कदाचन कुर्वीत विण्मूत्रस्य विसर्जनम् ॥ ४८ ॥

એક વસ્ત્ર પહેરી ભોજન ન કરવું, વસ્ત્રરહિત અર્થાત્ નગ્ન થઇને સ્નાન ન કરવું, ચાલવાના રસ્તામાં, ભસ્મ (રાખ) માં, ગાયના ગોઠમાં કદાપિ મલમૂત્ર ત્યાગ કરવાં નહિં. ૪૫ ખેતરમાં, જલમાં, ચિતામાં, પર્વત

ઉપર, જુના તુટેલાં દેવતાનાં સ્થાનમાં—યજ્ઞશાલામાં અને વલ્મિક—રાફડામાં મલમૂત્ર ત્યાગ કદાપિ કરવો નહિં. ૪૬ રહેનાં પ્રાણિઓનાં બીલમાં, ચાલતાં ચાલતાં, ઉભા રહિને, નદીના કીનારા ઉપર, પર્વતનાં શિખર ઉપર. ૪૭ તેમજ વાયુ, અગ્નિ, વિપ્ર, સૂર્ય, જલ અને ગાય એટલાંને જોતાં જોતાં પણ કદાપિ મલમૂત્ર ત્યાગ ન કરવો. ૪૮

तिरस्कृत्योच्चरेत्काष्ठलोष्ठपत्रतृणादिना । नियम्य प्रयतो वाचं संवीताङ्गोऽवगुण्ठितः ॥ ४९ ॥ मूत्रोच्चारसमुत्सर्गं दिवा कुर्यादुदङ्मुखः । दक्षिणाभिमुखो रात्रौ संध्ययोश्च यथा दिवा ॥ ५० ॥ छायायामन्धकारे वा रात्रावहनि वा द्विजः । यथासुखमुखः कुर्यात्प्राणबाधभयेषु च ॥ ५१ ॥ प्रत्यग्निं प्रति सूर्यं च प्रतिसोमोदकद्विजात् । प्रति गां प्रति वातं च प्रज्ञा नश्यति मेहतः ॥ ५२ ॥

કાષ્ઠ, માટીનો ઢગલો, પાંદડાં તથા ઘાસ આદિવડે પોતાનું અંગ છીપાવીને, અંગને કપડાથી ઢાંકીને તથા વાણિથી બોલ્યા વિના મલમૂત્ર ત્યાગ કરવો. ૪૯ દિવસે તેમજ બંને સંધ્યા વખતે ઉત્તર તરફ મુખ રાખીને મલમૂત્ર ત્યાગ કરવો અને રાત્રે દક્ષિણ તરફ મુખ રાખી કરવો. ૫૦ છાયા, અંધકાર, રાત્રિ અથવા દિવસમાં દિશા વિશેષનું જ્ઞાન ન થતું હોય ત્યારે તથા ચોર, વાઘ આદિ કૃત પ્રાણવિનાશના ભયમાં ફાવે તેમ મુખ રાખી મલમૂત્ર ત્યાગ કરવો. ૫૧ અગ્નિ, સૂર્ય, ચંદ્ર, ઉદક, દ્વિજ, ગાય અને વાયુ એટલાની સન્મુખ જો મલમૂત્રનો ત્યાગ કરે તો તેમ કરનારની બુદ્ધિ નાશ પામે છે. ૫૨

नाग्निंमुखेनोपधमेन्नग्नांनेक्षेतचस्त्रियम् । नामेध्यंप्रक्षिपेदग्नौनचपादौप्रतापयेत् ॥ ५३ ॥ अधस्तान्नोपदध्याच्चनचैनमभिलङ्घयेत् । नचैनंपादतःकुर्यान्नप्राणाबाधमाचरेत् ॥ ५४ ॥ नाश्नीयात्संधिवेलायां नगच्छेन्नापिसंविशेत् । नचैवप्रलिखेद् भूमिंनात्मनोपहरेत्स्रजम् ॥५५॥ नाप्सुमूत्रंपुरीषं वा ष्ठीवनं वा समुत्सृजेत् । अमेध्यलिप्तमन्यद्वा लोहितं वा विषाणिवा ॥५६ ॥

અગ્નિને મુખવડે ફુંક ન મારવી કિંતુ પંખાથી પવન નાંખવો, મૈથુનકાળ વિના સ્ત્રીને નગ્ન જોવી નહિં, અપવિત્ર વસ્તુ અગ્નિમાં ફેંકવી નહિં,

અને અગ્નિથી પગ તપાવવા નહિં. ૫૩ ખાટલાની નીચે અંગાર રાખવો નહિં, અગ્નિના ઉપરથી કુદકો મારીને ઉલ્લંઘન કરવું નહિં, અગ્નિને પગ અડકાડવો નહિં અને જીવોને પીડા થાય તેવુ કર્મ આચરણ ન કરવું. ૫૪ સંધ્યાકાલે ભોજન ન કરવુ, કોઈ ઠેકાણે બીજે ગામ જવું નહિં, તથા સુવું નહિં; ભૂમિ ઉપર રેખા કહાડવી નહિ, અને પોતે પહેરેલી માળાને પોતે કહાડવી નહિ, ૫૫ જલમા પિસાબ ન, કરવો, દિશા ન જવુ, અને થુંકવુ નહિં; મૂત્રાદિ અપવિત્ર વસ્તુથી લેપન થયેલુ વસ્ત્ર, લોહી તથા વિષ એટલું પાણીમાં નાંખવુ નહિ. ૫૬

नैकःस्वपेच्छून्यगेहे श्रेयांसंनप्रबोधयेत् । नोदक्ययाभिभाषेत यज्ञंगच्छेन्नचाऽवृतः ॥ ५७ ॥ अग्न्यगारे गवां गोष्ठे ब्राह्मणानां च सन्निधौ । स्वाध्याये भोजनेचैव दक्षिणं पाणिमुद्धरेत् ॥ ५८ ॥ नावारयेद्गां धयन्तीं नचाचक्षीतकस्यचित्। नदिवीन्द्रायुधं दृष्ट्वाकस्यचिद्दर्शयेद्बुधः ॥ ५९ ॥ नाधार्मिके वसेद्ग्रामेनव्याधिबहुलेभृशम् । नैकःप्रपद्येताध्वानंनचिरंपर्वतेवसेत् ॥ ६० ॥

શૂના ઘરમાં એકલાએ સુવું નહિ, આપણા કરતા વિત્ત અને વિદ્યાદિમા અધિક હોય અને તે સુતેલા હોય તો તેને જગાડવા નહિં, રજસ્વલા સાથે ભાષણ કરવું નહિં, વરણુ કર્યા શિવાય યજ્ઞમા જવું નહિં. ૫૭ અગ્નિગૃહ એટલે યજ્ઞશાલામાં, ગૌશાલામા, બ્રાહ્મણો અને ગાયોના સમીપમાં, સ્વાધ્યાયકાળ તથા ભોજનકાળમા જમણો હાથ બહાર કહાડવો. ૫૮ પાણિ પીતી અથવા દુધપાન કરતી ગાયને નિવારણ ન કરવી, તેમજ કોઈને બતાવવી નહિ. દિવસે આકાશમા ઈન્દ્રધનુષ્ય જોઈને બુદ્ધિમાન માણસે કોઈ બીજાને બતાવવુ નહિ ૫૯ અધાર્મિક એટલે જ્યાં અધર્મી પુરૂષો રહેતા હોય તે ગામમા તથા જ્યા રોગાદિ ઉપદ્રવ ઘણોજ થતો હોય તેવા ગામમાં નિવાસ ન કરવો, માર્ગમા એકલાએ ન ચાલવું, અને પર્વતની ઉપર ઘણા વખત સુધી રહેવુ નહિ. ૬૦

नशूद्रराज्येनिवसेन्नाधार्मिकजनावृते । नपाषण्डिगणाक्रान्तेनोपसृष्टेऽन्त्यजैर्नृभिः ॥ ६१ ॥ नभुञ्जीतोद्धृतस्नेहंनातिसौहित्यमाचरेत् । नातिप्रगेनातिसायंनसायंप्रातराशितः ॥ ६२ ॥ नकुर्वीत वृथाचेष्टां

वार्यञ्जलिना पिबेत् । नोत्संगेभक्षयेद्भक्ष्यान्नजातुस्यात्कुतूहली ॥ ६३ ॥ न नृत्येन्नैवा गायेन्न वादित्राणि वादयेत् । नास्फोटयेन्न च क्ष्वेडेन्न च रक्तो विरावयेत् ॥ ६४ ॥

શુદ્રના રાજ્યમાં નિવાસ કરવો નહિં, અધાર્મિક પુરૂષોવડે ઘેરાયેલાં ગામમાં નિવાસ કરવો નહિં, પાખંડીઓના સમુદાયવડે વશ થયેલાં ગામમાં નિવાસ ન કરવો. તેમજ ચાંડાલ મનુષ્યોવડે ભરેલાં ગામમાં નિવાસ કરવો નહિં. ૬૧ જેમા ચિકણો પદાર્થ તેલ આદિ કહાઢી લીધુ હોય તેનું ભોજન ન કરવું, બંને વખતે પણ અતિતૃપ્ત ભોજન ન કરવું, સૂર્યોદય કાલમાં તથા સૂર્યાસ્તકાલમાં ભોજન ન કરવું, પ્રાતઃકાલે અતિતૃપ્ત થયા હોઇએ તો સાંયકાળે ભોજન ન કરવું. ૬૨ વૃથા ચેષ્ટા ન કરવી, અંજલી વડે જલપાન ન કરવું, ભક્ષ્ય પદાર્થને ખોળામાં લઇને ન ખાવા, પ્રયોજન નહિં છતાં પણ " આ શુ છે ? " એમ જાણવાની ઇચ્છા ન કરવી.૬૩ નાચવુ નહિં. ગાયન કરવું નહિં, વાદ્ય વગાડવાં નહિં, તાળીઓ પાડવી નહિં, દાત કકડાવી શબ્દ કરવો નહિં તેમજ પ્રસન્ન થઇને ગર્દભાદિના જેવો શબ્દ કરવો નહિં. ૬૪

न पादौ धावयेत्कांस्ये कदाचिदपिभाजने । नभिन्नभाण्डे भुञ्जीत न भावप्रतिदूषिते ॥ ६५ ॥ उपानहौ च वासश्च धृतमन्यैर्न धारयेत् । उपवीतमलङ्कारं स्रजं करकमेव च ॥ ६६ ॥ नाविनीतैर्व्रजेद्धुर्यैर्नचक्षुद्व्याधिपीडितैः । नभिन्नशृङ्गाक्षिखुरैर्न बालधिविरूपितैः ॥ ६७ ॥ विनीतैस्तु व्रजेन्नित्यमाशुगैर्लक्षणान्वितैः । वर्णरूपोपसंपन्नैः प्रतोदेनातुदन्भृशम् ॥ ६८ ॥

કોઈ પણ વખતે કાસાના પાત્રમાં પગ ધોવા નહિં, ભાગેલાં વાસણમા ભોજન ન કરવું, જે ઠેકાણે મન ગ્લાનિ પામે તેવા ભાવદૂષિત ઘરમાં પણ ભોજન ન કરવું. ૬૬ પગમાં પહેરવાના જોડા તથા શરીરે પહેરવાનાં વસ્ત્ર બીજાનાં ધારણ કરેલાં પહેરવા નહિં તેમજ ઉપવિત, અલંકાર, માલા, કમંડલુ એ પણ અન્યનાં વાપરેલાં વાપરવાં નહિં. ૬૬ ક્ષુધા અને વ્યાધિ વડે પીડિત, શીંગડા, આંખ તથા ખરીઓ જેની નાશ પામેલી હોય એવા ઘોડા તથા બળદ વિગેરેની સ્વારી ન કરવી, તથા તોફાની તેમજ

ખોડવાળા બળદની સ્વારી વડે કોઈ ઠેકાણે જવું નહિં. ૬૭ સવારીમાં ચા લતાં શિખવેલાં તથા જલદી ચાલવાવાળા, શુભ લક્ષણવાળા તથા સારા વર્ણવાળા, તેમજ સુંદર આકૃતિવાળા ઘોડા અથવા બલદને ચાબુક અથવા પરાણીવડે દુઃખ ન આપતાં તેની સવારી કરી ગમન કરવું. ૬૭

बालातपःप्रेतधूमोवर्ज्यंभिन्नंतथासनम् । न छिन्द्यान्नखलोमानि दन्तैर्नोत्पाटयेन्नखान् ॥ ६९ ॥ नमृल्लोष्टंचमृद्नीयान्नछिन्द्यात्करजैस्तृणम् । नकर्मनिष्फलंकुर्यान्नायत्यामसुखोदयम् ॥ ७० ॥ लोष्टमर्दीतृणच्छेदी नखखादी च योनरः । स विनाशं व्रजत्याशु सूचकोऽशुचिरेव च ॥ ७१ ॥ न विगर्ह्य कथां कुर्याद्बहिर्माल्यं न धारयेत् । गवां च यानं पृष्ठेन सर्वथैव विगर्हितम् ॥ ७२ ॥

ઉદય પામતા સૂર્યનો તાપ, બળતાં શબનો ધુમાડો, તથા ભાંગેલું અથવા ફુટેલું આસન એટલા ત્યાગ કરવાં, વધેલા નખ તથા રોમને ઉખેડવા નહિં, તેમજ દાંતો વડે નખ ઉખેડવા નહિં. ૬૯ માટીનાં ઢેફાંને મસળવું નહિં, હાથના નખ વડે ઘાસને તોડવુ નહિ, નિષ્ફલ કામ કરવું નહિ. આગામી કાલમા દુઃખ ઉત્પન્ન થાય તેવુ કામ ન કરવું. ૭૦ માટીના ઢેફાંને મસળનાર, નખવડે ઘાસનું છેદન કરનાર, નખને દાંત વડે ચાવી ખાનાર તથા જે મનુષ્ય સત્ય અથવા અસત્ય પારકાના દોષને પ્રસિદ્ધ કરે તે, તેમજ બાહ્ય અને આભ્યંતર અશુદ્ધ રહેનાર, એટલા જલદી દેહ અને ધનાદિથી નાશ પામે છે. ૭૧ કોઇની સાથે ઉદ્દંડતાથી વાત ન કરવી. બહાર દેખાય તેવી રીતે માલા ધારણ ન કરવી, અને બલદની પીઠ વડે એટલે પીઠપર બેસી પ્રયાણ કરવુ તે સર્વથા નિન્દિત છે. (આ ઠેકાણે પીઠ પર ન બેસવું એટલે બલદ વડે ખેંચાતી ગાડી આદિમાં બેસવાનો નિષેધ નથી.) ૭૨.

अद्वारेण च नातीयाद्ग्रामं वा वेश्म वावृतम्। रात्रौ च वृक्षमूलानि दूरतः परिवर्जयेत् ॥ ७३ ॥ नाक्षैः क्रीडेत्कदाचित्तु स्वयंनोपानहौ हरेत् । शयनस्थो न भुञ्जीत न पाणिस्थं न चासने ॥७४॥ सर्वं च तिलसंबद्धंनाद्यादस्तमिते रवौ । न च नग्नः शयीतेह न चोच्छिष्टः क्वचिद्व्रजेत् ॥ ७५ ॥ आर्द्रपादस्तु भुञ्जीत नार्द्रपादस्तु संविशेत् । आर्द्रपादस्तुभुञ्जानो दीर्घमायुरवाप्नुयात् ॥ ७६ ॥

કોટ અથવા ભીંત અથવા કોઇ પણ પ્રકારવડે ઘેરેલાં ગામ અથવા ઘરમાં દ્વાર વિનાના માર્ગ વડે પ્રવેશ કરવો નહિં. રાત્રિનાં વૃક્ષના મૂલ નીચે રેહેવાનું દૂરથીજ ત્યાગ કરવું. ૭૩ કોઈ પણ વખતે પાસાની રમત રમવી નહિં, પોતાનાં જોડાને હાથથી ઉઠાવીને ન ચાલવું, શયન કરનાં ભોજન ન કરવું, હાથમાં ઘણું અન્ન લઇને ખાવું નહિં તેમજ બેસવાના આસનપર ભોજન પાત્ર રાખીને ભોજન કરવું નહિં, ૭૪ સૂર્ય અસ્ત થયા પછી તલનાં સંબંધવાળા સર્વ પદાર્થનું ભક્ષણ કરવું નહિં, વસ્ત્ર રહિત શયન કરવું નહિ અને ઉચ્છિષ્ટ હાથ મુખવાળા ક્યાંયે જવું નહિં. ૭૫ ભીના પગ રાખી ભોજન કરવું, ભીના પગ રાખી સુવું નહિં. કેમકે ભીના પગ રાખી ભોજન કરનાર દીર્ઘાયુષ્યવાળો થાય છે. ૭૬.

अचक्षुर्विषयंदुर्गं न प्रपद्येतकर्हिचित् । न विण्मूत्रमुदीक्षेत न ाहुभ्यां नदीं तरेत ॥ ७७ ॥ अधितिष्ठेन्न केशांस्तु न भस्मास्थिःपालिकाः । नकार्पासास्थिनतुषान्दीर्घमायुर्जिजीविषुः ॥ ७८ ॥ संवसेच्च पतितैर्न चण्डालैर्न पुल्कसैः । न मूर्खैर्नावलिप्तैश्च नान्त्यैर्नान्त्यावसायिभिः ॥७९॥ "नशूद्रायमतिंदद्यान्नोच्छिष्टंनहविष्कृतम्। चास्योपदिशेद्धर्मनच[illegible]दिशेत् ॥ ८० ॥

જે દુર્ગ (કિલ્લો) આંખનો વિષય ન થયો હોય અર્થાત્ આંખ વડે જોયો ન હોય ત્યાં કદાપિ જવું નહિં, આંખવડે મલ મૂત્ર જોવાં નહિં, અને હાથ વડે નદી તરવી નહિં. ૭૭ લાંબાં આયુષ્ય પર્યંત જીવવાની ઇચ્છા રાખનારે કેશ, ભસ્મ, હાડકાં, ખોપરીના ટુકડા, કપાસનાં છોડાં અને ડાંગરના ભુસાં ઉપર ચઢવું નહિં. ૭૮. પતિતોની સાથે રેહેવું નહિં, ચાંડાલોની સાથે તથા નિષાદથી શૂદ્રામાં ઉત્પન્ન થયેલા પુલ્કસોની સાથે ન રહેવું, મૂર્ખ તથા ધનગર્વિષ્ઠો તેમજ ધોબી આદિ સાથે તથા નિષાદ સ્ત્રીમાં ચાંડાલથી ઉત્પન્ન થયેલા અંત્યાવસાયીઓ સાથે ન રેહેવું. ૭૯ ' શૂદ્રને બુદ્ધિ ન આપવી, દાસ વિનાના શૂદ્રને ઉચ્છિષ્ટ ન આપવું અર્થાત્ પોતાનો ચાકર શૂદ્ર હોય તો આપવું, હોમ શેષનો ભાગ ન આપવો તેમજ તેને ધર્મોપદેશ ન કરવો, તથા કોઈ પણ વ્રત કરવાનું બતાવવું નહિં.૮૦.

योह्यस्यधर्ममाचष्टेयश्चैवादिशतिव्रतम् । सोऽसंवृतंनामतमः सहतेनैवमज्जति ॥ ८१ ॥ "न संहताभ्यां पाणिभ्यां कण्डूयेदात्मनः

शिरः। नस्पृशेच्चैतदुच्छिष्टो न च स्नायाद्विना ततः ॥ ८२ ॥ केशग्रहान्प्रहारांश्च शिरस्यता न्विवर्जयेत् । शिरः स्नातश्च तैलेन नाङ्गं किंचिदपि स्पृशेत् ॥ ८३ ॥ नराज्ञः प्रतिगृह्णीयादराजन्यप्रसूतितः । सूनाचक्रध्वजवतां वेषेणचचजीवता ॥ ८४ ॥

જે દ્વિજ એ શૂદ્રને ધર્મોપદેશ કરે અથવા તો વ્રતવિધિ બતાવે તો તે ઉપદેશ કરનાર તેમજ વ્રત બતાવનાર પુરૂષ તે શૂદ્રની સાથે અસંવૃત નામના મહા અંધકારવાળાં નરકમાં પડે છે. ૮૧. " (આ બે શ્લોકો ૮૦—૮૧ તો કોઈ શૂદ્રના હડ હડતા દ્વેષીએ બનાવ્યા હોય એમ દેખાય છે. કારણ કે મનુસ્મૃતિના દશમાધ્યાયના શ્લોક ૧૨૭ માં સત્પુરૂષોના આચરણોનું અનુષ્ઠાનાદિનું વિધાન છે તેમજ ધર્મને જાણનાર તથા ઇચ્છનાર શૂદ્રે મંત્ર વર્જ પંચ મહા યજ્ઞ કરવા એમ લખ્યુ છે વળી કુલ્લૂક ભટ્ટ ટીકાકાર તો **नमस्कारेण मन्त्रेण पंच यज्ञान्न हापयेत्** એ પ્રમાણે યાજ્ઞ વલ્ક્યનું પ્રમાણ આપે છે તો તે ધાર્મિક યજ્ઞોના ઉપદેશ વિના કેમ થઈ શકશે ? ઇત્યાદિ વિરોધ આવવાથી તથા આગળના શ્લોક ૮૮—૮૯–૯૦ એ ત્રણમાં એકવીશ નરકની ગણના કરી છે તેમાં **અસંવૃત** નામના નરકની ગણના પણ ન હોવાથી એ બે શ્લોકો પ્રક્ષિપ્ત છે.·) બંને હાથે એકી સાથે પોતાનું માથું ખંજવાળવું નહિં, ઉચ્છિષ્ટ હાથે મસ્તકનો સ્પર્શ ન કરવો અને શિરપર પાણી નાંખ્યા વિના સ્નાન ન કરવું. ૮૨ ક્રોધથી શિરપરના કેશ ન પકડવા તથા શિરપર પ્રહાર ન કરવો. મસ્તકે તેલ લગાવ્યા પછી બીજાં કોઈ પણ અંગને તેલનો સ્પર્શ ન કરવો. ૮૩ ક્ષત્રિય રહિતથી ઉત્પન્ન થયેલા રાજા પાસે ધનનો પ્રતિગ્રહ કરવો નહિં. જીવોને મારવાની જગ્યાનો માલીક તથા ગાડી બળદથી તેમજ તેલ પીલવાની ઘાણી આદિથી જીવિકા ચલાવનાર તેમજ મદ્યનો વિક્રય કરી જીવિકા ચલાવનાર તથા સ્ત્રી પુરૂષાદિ ઘણાં વેશ ધારણ કરી જીવિકા કરનાર બહુરૂપી, એટલાંનાં ધનનો પણ પ્રતિગ્રહ ન લેવો. ૮ .

दशसूनासमं चक्रं दशचक्रसमोध्वजः। दशध्वजसमोवेशो दशवेश समो नृपः ॥ ८५ ॥ दशसूना सहस्राणि योवाहयतिसौनिकः । तेन तुल्यः स्मृतोराजा घोरस्तस्यप्रतिग्रहः ॥ ८६ ॥ योराज्ञःप्रतिगृह्णाति लुब्धस्योच्छास्त्रवर्तिनः। स पर्यायेणयातीमान्नरकानेकविंशतिम् ॥८७॥

तामिस्रमन्धतामिस्रं महारौरवरौरवौ । नरकं कालसूत्रं च महानरकमेव च ॥ ८८ ॥

દશ વધસ્થાનના માલીકની બરાબર એક ગાડીવાળો તથા ઘાણીવાળો છે, દશ ગાડીવાળા તથા ઘાણીવાળાની બરાબર એકકલાલ છે, દશ કલાલની બરાબર એક વેશ ધારી છે અને દશ વેશ ધારીની સમાન એક ઉપરોક્ત અધર્મી રાજા હોય છે. ૮૫ દશ હજાર જીવોને મારનારો અધિષ્ઠાતા સૌનિક કહેવાય છે અનેતેની બરાબર ઉકત રાજા કહેવાય છે, માટે તેની પાસેથી પ્રતિગ્રહ લેવો તે મહા ભયાનક છે. ૮૬ જે લોભી અને શાસ્ત્રનું ઉલ્લંઘન કરનાર પુરૂષ રાજા પાસેથી પ્રતિગ્રહ (દાન) લે છે તે, ક્રમથી આ (નીચે જણાવેલાં) એકવીશ નરકને પ્રાપ્ત થાય છે. ૮૭ તામિસ્ર, અંધતામિસ્ર, મહા રૈરવ, રૈરવ, નરક, કાલ સુત્ર, મહા નરક. ૮૮

संजीवनं महावीचिं तपनं संप्रतापनम् । संघातं च सकाकोलं कुड्मलं प्रतिमूर्तिकम् ॥ ८९ ॥ लोहशङ्कुमृजीषं चपन्थानं शाल्मलीं नदीम् । असिपत्र वनं चैव लोहदारकमेव च ॥ ९० ॥ एतद्विदन्तो विद्वांसो ब्राह्मणा ब्रह्मवादिनः । नराज्ञःप्रतिगृह्णन्ति प्रेत्यश्रेयोऽभिकाङ्क्षिणः ॥९१ ॥ ब्राह्मे मुहूर्ते बुध्येत धर्मार्थौ चानुचिन्तयेत् । कायक्लेशांश्च तन्मूलान्वेदतत्त्वार्थमेव च ॥ ९२ ॥

સંજીવન, મહાવીચિ, તપન, સંપ્રતાપન, સંઘાત, સકાકોલ, કુડમલ. પ્રતિમૂર્તિક, ૮૯ લોહશંકુ, ઋજીષ, પન્થાન, શાલ્મલીનદી, અસિપત્રવન, અને લોહદારક (પં તુલશીરામજી આ એકવીશ નરકોને યોનિવિશેષ અથવા દેશ વિશેષના નામો છે એમ જણાવે છે અને તે વાસ્તવિક પણ લાગે છે.) ૯૦ એ પ્રતિગ્રહ ઉપરોક્ત નાના પ્રકારના નરકોનો હેતુ છે એમ જાણવાવાળા વિદ્વાનો તથા વેદને જાણનારા બ્રાહ્મણો તેમ પરલોકમાં કલ્યાણને ઇચ્છનારાઓ રાજાનો પ્રતિગ્રહ લેતા નથી. ૯૧ બ્રાહ્મમુહુર્તમાં એટલે રાત્રિના પાછલા પોહોરમાં ઉઠવું અને ધર્મ તથા અર્થનું ચિંતવન કરવું; તે અર્થને ઉપાર્જન કરવામાં કાયાના ક્લેશનો વિચાર કરવો તથા વેદના તત્ત્વાર્થનો પણ વિચાર કરવો. ૯૨

उत्थायावश्यकं कृत्वा कृतशौचःसमाहितः । पूर्वां सन्ध्यां जपंस्तिष्ठेत्स्वकाले चापरां चिरम् ॥ ९३ ॥ ऋषयो दीर्घसंध्यात्वाद्

माप्नुवन्ति च । प्रज्ञां यशश्च कीर्तिं च ब्रह्मवर्चसमेव च ॥ ९४ ॥ श्रावण्यां प्रौष्ठपद्यां वाऽप्युपाकृत्य यथाविधि । युक्तश्छन्दांस्यधीयीत मासान्विप्रोऽर्धपञ्चमान् ॥ ९५ ॥ पुष्ये तु छन्दसां कुर्याद्बहिरुत्सर्जनं द्विजः । माघशुक्लस्य वा प्राप्ते पूर्वाह्णे प्रथमेऽहनि ॥ ९६ ॥

પ્રાતઃકાળમાં ઉઠીને આવશ્યકીય મલમૂત્ર ત્યાગ કરીને સાવધાનતાથી સ્નાનાદિ કરી પવિત્ર થઇને પૂર્વસંધ્યામાં ઘણાં વખત સુધી ગાયત્રી જપ કરવો અને સાયકાળે બીજી સંધ્યામાં પણ ગાયત્રી જપ ઘણાં વખત સુધી કરવો. ૯૩ ઋષિ લોકો દીર્ઘ સંધ્યાના અનુષ્ઠાનથી દીર્ઘ આયુ, પ્રજ્ઞા, યશ, કીર્તિ તથા બ્રહ્મતેજને મેળવે છે ૯૪ બ્રાહ્મણાદિએ શ્રાવણ માસની અથવા ભાદ્રપદની પુર્ણિમાને દિવસે યથાવિધિ ઉપાકર્મ કરીને સાડાચાર માસ પર્યંત ઉદ્યુક્ત થઇ વેદાધ્યયન કરવું. ૯૫ પુષ્યનક્ષત્રવાળી પુર્ણિમા (પૌષી) માં અથવા માઘશુક્લના પ્રથમ દિવસનો પૂર્વાહ્ન પ્રાપ્ત થાય ત્યારે વેદનું ઉત્સર્જનકર્મ ગામની બહાર જઇને કરવું. ૯૬

यथाशास्त्रं तु कृत्वैवमुत्सर्गं छन्दसां बहिः । विरमेत्पक्षिणीं रात्रिं तदेवैकमहर्निशम् ॥९७॥ अत ऊर्ध्वं तु छन्दांसि शुक्लेषु नियतः पठेत् । वेदाङ्गानि च सर्वाणि कृष्णपक्षेषु संपठेत् ॥ ९८ ॥ नाविस्पष्टमधीयीत न शूद्रजनसंनिधौ । न निशान्ते परिश्रान्तो ब्रह्माधीत्य पुनः स्वपेत् ॥ ९९ ॥ यथोदितेन विधिना नित्यं छन्दस्कृतं पठेत् । ब्रह्म छन्दस्कृतं चैव द्विजो युक्तो ह्यनापदि ॥ १०० ॥

યથાશાસ્ત્ર ગામની બહાર જઇને વેદોનું ઉત્સર્જન કર્મ કરીને એ દિવસ અને વચમાં એક રાત્રિ અનધ્યાય કરવો અથવા તેજ એક રાત્રિ દિવસ અનધ્યાય રાખવો. ૯૭ ત્યાર પછી શુકલપક્ષમાં નિયમિત વેદાધ્યયન કરવું અને કૃષ્ણપક્ષમાં સર્વ વેદાંગોનું પઠન કરવું. ૯૮ અસ્પષ્ટ ઉચ્ચારથી ન ભણવું, કિન્તુ સ્પષ્ટ ઉચ્ચારવડે ભણવું, શદ્રોની પાસે બેસીને ન ભણવું, અને નિશાંત એટલે પ્રાતઃકાળમાં વેદાધ્યયન કરીને થાક્યા છતાં પાછું સુઇ ન જવું. ૯૯ યથોક્ત વિધિવડે હમેશાં ગાયત્રી આદિ છંદયુક્ત મંત્ર ભણવામાં અને દ્વિજે આપત્તિ રહિત સમયમાં સામાન્ય વેદપાઠ અને છંદોયુક્ત મંત્ર નિયમ પૂર્વક ભણવા. ૧૦૦

इमान्नित्यमनध्यायानधीयानोविवर्जयेत् । अध्यापनंचकुर्वाणः शिष्याणां विधिपूर्वकम् ॥ १०० ॥ कर्णश्रवेऽनिले रात्रौ दिवा पांसुसमूहने । एतौवर्षास्वनध्यायावध्यायज्ञाःप्रचक्षते ॥ १०२ ॥ विद्युत्स्त नितवर्षेषुमहोल्कानांचसंप्लवे । आकालिकमनध्यायमेतेषुमनुरब्रवीत् ॥१०३॥ एतांस्त्वभ्युदितान्विद्याद्यदाप्रादुष्कृताग्निषु। तदा विद्यादनध्या यमनृतौ चाभ्रदर्शने ॥ १०४ ॥

યથોક્ત વિધિવડે વેદાધ્યયન કરનારે તથા વિધિપૂર્વક શિષ્યોને વેદાધ્યયન કરાવનારે હમેશાં આ (નિચે જણાવેલા) અનધ્યાયોમા વેદાધ્યયન અધ્યાપનનો ત્યાગ કરવો. ૧૦૧ રાત્રિમા કાનમાં સુસવાટા મારે તેવો વાયુ ચાલતો હોય તથા દિવસમાં રજકણોના ગોટા એટલે વટોળીઆ ઉડાવનાર વાયુ ચાલતો હોય ત્યારે, એ બે વર્ષાઋતુમાં અનધ્યાય જાણવા. એમ સ્વાધ્યાય જાણનારા મુનિઓ કહે છે. ૧૦૨ " વિજળી ચમકતી હોય, ગર્જના થતિ હોય, અતિશય વૃષ્ટિ પડતી હોય અથવા મહાઉલ્કાપાત થતા હોય તો, તેટલા વખત સુધી અનધ્યાય રાખવો એમ મનુજી કહે છે. " (આ શ્લોક આગળના ૧૦૫ તથા ૧૦૬ શ્લોક સાથે પુનરૂક્ત હોવાથી ચિન્ત્ય છે.) ૧૦૩ વર્ષાઋતુમા હોમને માટે પ્રગટ કરેલા અગ્નિના સમયમા અર્થાત્ સંધ્યાક્ષણમાં એ વિદ્યુતાદિ એકદમ ઉત્પન્ન થયેલા જણાય તો તથા ઋતુવિના આકાશમા વાદળાં ઘેરાઇ આવેલા માલમ પડે તો અનધ્યાય રાખવો. ૧૦૪

निर्घाते भूमिचलने ज्योतिषांचोपसर्जने । एतानाकालिकान्विद्यादनध्यायानृतावपि ॥ १०५ ॥ प्रादुष्कृतेष्वग्निषुतुविद्युत्स्तनित निःस्वने । सज्योतिः स्यादनध्यायःशेषेरात्रौ यथादिवा ॥ १०६ ॥ नित्यानध्यायएव स्याद्ग्रामेषुनगरेषुच । धर्मनैपुण्यकामानां पूतिगन्धे च सर्वदा ॥ १०७ ॥ अन्तर्गतशवेग्रामे वृषलस्य च सन्निधौ । अनध्यायोरुद्यमाने समवासे जनस्य च ॥ १०८ ॥

આકાશમાં ઉત્પાત સૂચક ધ્વનિ થાય ત્યારે, ભૂકંપ થાય ત્યારે, સૂર્ય ચંદ્રાદિનો ઉપદ્રવ હોય ત્યારે તથા જે ઋતુમા ભૂકંપાદિ થયા કરતા હોય તેમાં પણ જ્યાં સુધી તે ઉપદ્રવ રહે ત્યાં સુધી અનધ્યાય કરવો. ૧૦૫ હોમ માટે પ્રકાશિત કરેલા અગ્નિ સમયે વિજળીની ગર્જનાનો શબ્દ થતો હોય તો તે

આખો દિવસ અનધ્યાય કરવો અને બાકીના સમયે તેમ થાય અથવા રાત્રિમાં તેમ થાય તો તેટલા વખત સુધી અનધ્યાય કરવો. ૧૦૬ 'ધર્મની અતિશય ઇચ્છા રાખનારાઓને તો ગામોમાં તથા નગરોમાં હમેશાં અનધ્યાય હોય છે. અર્થાત તેઓએ તો એકાંત જંગલમાં અધ્યયન કરવુંજ ઉત્તમ છે અને જ્યાં દુર્ગંધી રહેતી હોય ત્યાં હમેશાં અનધ્યાય સમજવો. ૧૦૭ જેગામમાં મુડદું પડયું હોય ત્યાં તથા અધાર્મિકમનુષ્યની પાસે તથા કોઇ રડતું હોય ત્યાં, તેમજ માણસોનો ઘણો સમુદાય હોય ત્યાં અનધ્યાય રાખવો. ૧૦૮

"उदकेमध्यरात्रेचविणमूत्रस्यविसर्जने। उच्छिष्टःश्राद्धभुक्चैव मनसाऽपिनचिन्तयेत् ॥ १०९ ॥ प्रतिगृह्यद्विजोविद्वानेकोद्दिष्टस्यकेतनम् । त्र्यहंनकीर्तयेद्ब्रह्मराज्ञोराहोश्चसूतके ॥ ११० ॥ यावदेकानुदिष्टस्यगन्धोलेपश्चतिष्ठति । विप्रस्यविदुषोदेहेतावद्ब्रह्मनकीर्तयेत् ॥ १११ ॥ शयानःप्रौढपादश्चकृत्वाचैवावसक्थिकाम् । नाधीयीतामिषंजग्ध्वासूतकान्नाद्यमेवच ॥ ११२ ॥"

"જલમાં, મધ્યરાત્રિમાં, મલમૂત્ર ત્યાગ કરતી વખતે, ભોજન કરીને ઉચ્છિષ્ટ મુખ હોય ત્યારે તથા શ્રાદ્ધમાં ભોજન કર્યું હોય ત્યારે મન વડે પણ વેદાધ્યયનનુચિંતવન ન કરવુ. ૧૦૯ વિદ્વાન્ પુરૂષે એકોદિષ્ટ શ્રાદ્ધમાં ભોજનનું નિમંત્રણ ગ્રહણ કરીને ત્રણ દિવસ વેદાધ્યયન ન કરવુ; તેમજ રાજાને ત્યાં પુત્ર જન્માદિના સૂતકમાં તથા રાહુના સૂતકમાં અર્થાત ગ્રહણ થયુ હોય ત્યારે ત્રણ દિવસ વેદાધ્યયન ન કરવુ. ૧૧૦ જ્યાં સુધી એકોદિષ્ટ શ્રાદ્ધનો શરીરમાં ગંધ અથવા લેપ રહે ત્યાં સુધી વિદ્વાન્ બ્રાહ્મણે વેદાધ્યયનન કરવુ. ૧૧૧ સુતેલો હોય ત્યારે, પગ ઉંચા રાખીને, બંને પગ અંદર મોડેલા રાખીને તથા માંસ ભક્ષણ કરીને તથા સુતકીનું અન્ન ભક્ષણ કરીને વેદાધ્યયન કરવું નહિ, ૧૧૨ "

नीहारे बाणशब्दे च संध्ययोरेव चोभयोः । अमावास्याचतुर्दश्योः पौर्णमास्यष्टकासु च ॥ ११३ ॥ "अमावास्यागुरुंहन्ति शिष्यंहन्ति चतुर्दशी । ब्रह्माष्टकापौर्णमास्यौतस्मात्ताः परिवर्जयेत् ॥११४॥" पांसुवर्षे दिशादाहे गोमायुविरुते तथा । श्वखरोष्ट्रे च रुवति पङ्क्तौ च न पठेद्द्विजः॥ ११५ ॥ नाधीयीत श्मशानान्ते ग्रामान्ते गोव्रजेऽपि वा । "वसित्वामैथुनंवासःश्राद्धिकंप्रतिगृह्य च ॥ ११६ ॥"

(શ્લોક ૧૦૯ થી ૧૧૨ સુધીના પ્રક્ષિપ્ત જણાય છે, કારણ કે એક તો જન્મમાં વેદાધ્યયન ઇષ્ટજ નથી તો પછી નિષેધ શા માટે? મધ્યરાત્રિ શયન માટે છે. કાંઈ વેદાધ્યયન માટે નથી, મલમૂત્ર વિસર્જન કરતાં સર્વ શુભ કાર્ય માત્રનો નિષેધ છે તો પછી શું વેદાધ્યયનનો નિષેધ બાકી હતો એમ? ઉચ્છિષ્ટ હાથ મુખ સાથે કયાંયે જવા સુધીનો તો નિષેધ આગળ વર્ણવ્યો છે તો પછી વેદાધ્યયનની તો વાતજ શી? મૃતક શ્રાધ્ધ તેમજ માંસ ભક્ષણુજ વેદ વિરૂધ્ધ છે તો પછી તેનું ભોજન કરી વેદાધ્યયન ન કરવું એ રહ્યુંજ કયાંથી? ઇત્યાદિ કારણોથી ઉપરોક્ત શ્લોકો ચિંતનીય છે.) ધુળના ગોટા ઉડતા હોય ત્યારે, બંને સંધ્યા વખતે, અમાવાસ્યા, ચતુર્દશી, પૂર્ણિમા અને અષ્ટમીના દિવસોમાં ભણવું નહીં. ૧૧૩ " અમાવાસ્યાને દિવસે ભણવાથી ગુરૂનો નાશ કરે છે, ચતુર્દશી શિષ્યનો નાશ કરે છે, આઠેમ અને પૂર્ણિમા વેદનો નાશ કરે છે માટે એટલી તિથિયો વેદાધ્યયનમાં ત્યાગ કરવી. ., (અમાવાસ્યાદિ તિથિયો પર્વ હોવાથીજ અનધ્યાય રાખવો એટલું તો યુક્ત છે પરંતુ ગુરૂઆદિનો નાશ કરવાનું સામર્થ્ય તેમાં હોય એ સર્વથા અસંવ છે.) ૧૧૪ ધુળનો વરસાદ થાય ત્યારે, દિશાઓમાં દાહ ચાલતો હોય ત્યારે, શિયાળનો શબ્દ થાય ત્યારે તથા કુતરાં, ઉંટ અને ગધેડાં શબ્દ કરતાં હોય ત્યારે તથા પંક્તિમાં બેસીને વેદપાઠનહિં કરવો. (આ ઠેકાણે કુલ્લુકભટ્ટ જણાવે છે કે શૃગાલ, કુતરા, ઉંટ અને ગધેડાની પંકિતમા બેશીને વેદ પાઠન કરવો,) ૧૧૫ શ્મશાનની પાસે, ગામની પાસે, ગાયના ગોષ્ઠમાં પણ વેદાધ્યયન કરવું નહિં " મૈથુન વખતનું વસ્ત્ર ધારણ કરીને તથા શ્રાધ્ધનું સિધ્ધાન્ન લઇને વેદાધ્યયન ન કરવું ,, (વેદ પઠન કરનારે સ્નાનથી પવિત્ર થઈનેજ અધ્યયન કરવાનું છે તો પછી તે મૈથુન વસ્ત્રધારી તો હોયજ કયાંથી? અને શ્રાધ્ધનું સિધ્ધાન્નતો ખપુષ્પ સમાન છે. માટે ચિંતનીય છે.) ૧૧૬

"प्राणिवायदिवाऽप्राणि यत्किंचिच्छ्राद्धिकंभवेत् । तदालभ्याप्यनध्यायःपाण्यास्योहिद्विजःस्मृतः ॥११७॥" चौरुपप्लुते ग्रामे संभ्रमे चाग्निकारिते । आकालिकमनध्यायं विद्यात्सर्वाद्भुतेषु च ॥ ११८ ॥ उपाकर्मणिचोत्सर्गे त्रिरात्रंक्षेपणं स्मृतम् । अष्टकासुत्वहोरात्रमृत्वन्तासु च रात्रिषु ॥ ११९ ॥ नाधीयीताश्वमारूढो न वृक्षं न च हस्तिनम् । न नावं न खरं नोष्ट्रं नेरिणस्थो नयानगः ॥ १२० ॥

આધ્ય સંબંધી પ્રાણી એટલે અશ્વાદિ પશુઅથવા અપ્રાણી એટલે વસ્ત્રાદિ કાંઈ વસ્તુ હાથથી પ્રતિગ્ર ગ્રહીને વેદાધ્યયન કરવું નહિં, કેમકે દ્વિજ "**पाण्यास्य**" એટલે હાથજ છે મુખજેનુ એવા કહ્યા છે" (આ શ્લોક પણ મૃતક શ્રાદ્ધ વેદવિરૂદ્ધ હોવાથી ચિંતનીય છે) ૧૧૭ ચોરનો ઉપદ્રવ હોય ત્યારે, ગામ અથવા મકાનમાં આગ લાગી હોય ત્યારે, અથવા કોઇ અદ્ભૂત ઉત્પાત હોય ત્યારે, જ્યા સુધી તે હોય ત્યાં સુધી અનધ્યાય રાખવો. ૧૧૮ ઉપાકર્મ અને ઉત્સર્ગ કર્મમાં ત્રણ રાત્ર અનધ્યાય રાખવો તથા અષ્ટકામાં (હેમંત અને શિશિર ઋતુની કૃષ્ણ પક્ષની અષ્ટમીને અષ્ટકા કહેવાય છે,) અહો રાત્ર તથા ઋતુનાં અંતની રાત્રિ તથા દિવસમાં અનધ્યાય રાખવો, ૧૧૯ ઘોડા ઉપર, વૃક્ષપર, હાથી ઉપર, નૌકા ઉપર, ગધેડાં ઉપર, ઉંટ ઉપર, ઉખર ભૂમીપર તથા ગાડી વિગેરે ઉપર બેસીને પણ વેદાધ્યયન ન કરવુ, ૧૨૦

न विवादे न कलहे न सेनायां न सङ्गरे । न भुक्तमात्रे नाजीर्णे वमित्वा न च सूतके ॥ १२१ ॥ अतिथिंचाऽननुज्ञाप्य मारुते वाति वा भृशम् । रुधिरे च स्रुते गात्राच्छस्त्रेण च परिक्षते ॥ १२२ ॥ सामध्वनावृग्यजुषी नाधीयीत कदाचन । वेदस्याधीत्य वाप्यन्त मारण्यकमधीत्य च ॥१२३॥ "ऋग्वेदो देवदैवत्यो यजुर्वेदस्तु मानुषः । सामवेदस्मृतः पित्र्यस्तस्मात्तस्याऽशुचिर्ध्वनिः ॥ १२४"

વિવાદમાં, ટંટામા, સેનામા, યુદ્ધમાં, ભોજન કરીને તત્કાલ, અજીર્ણ હોય ત્યારે, ઉલટી કરીને, અને સૂતકમાં વેદાધ્યયન ન કરવુ. ૧૨૧ અતિથિની આજ્ઞા વિના, અત્યંત વાયુ વાતો હોય ત્યારે, ગાત્રમાથી લોહી નિકળતું હોય ત્યારે તથા રક્તસ્ત્રાવ વિના પણ શસ્ત્રનો ઘા લાગ્યો હોય ત્યારે ભણવું નહિં. ૧૨૨ સામવેદનો ધ્વનિ થતો હોય ત્યારે ઋગ્વેદ અને યજુર્વેદ ભણવા નહિં. તેમજ વેદાન્ત તથા વેદનાં આરણ્યક ભણીને વેદ ભણવા નહિં. ૧૨૩ " ઋગ્વેદ દેવનું દૈવત્ય છે, યજુર્વેદ મનુષ્યનું દૈવત્ય છે, સામવેદ પિતૃનું દૈવત્ય છે માટે સામવેદનો ધ્વનિ અપવિત્ર છે. " (આ વ્યાખ્યા બીલકુલ વેદ વિરૂદ્ધ હોવાથી આ શ્લોક સર્વથા ત્યાજ્ય છે.) ૧૨૪.

एतद्विदन्तो विद्वांसस्त्रयीनिष्कर्षमन्वहम् । क्रमतः पूर्वमभ्यस्य पश्चाद्वेदमधीयते ॥ १२५ ॥ पशुमण्डूकमार्जारश्वसर्पनकुलाखुभिः ।

अन्तरगमने विद्यादनध्यायमहर्निशम् ॥ १२६ ॥ द्वावेव वर्जयेन्नित्य मनध्यायौ प्रयत्नतः । स्वाध्यायभूमिंचाशुद्धामात्मानं चाशुचिं द्विजः ॥ १२७ ॥ अमावास्यामष्टमीं च पौर्णमासीं चतुर्दशीम् । ब्रह्मचारी भवेन्नित्यमप्यृतौ स्नातको द्विजः ॥ १२८ ॥

એ પ્રકારે જાણનાર વિદ્વાન પુરૂષોએ વેદત્રયીના સાર રૂપ પ્રણવ વ્યાહૃતિ અને ગાયત્રીને દરરોજ ક્રમ પુર્વક પ્રથમ ભણીને પછી વેદનું અધ્યયન કરવું. ૧૨૫ પશુ, દેડકું, બિલાડી, કુતરૂં, સાપ, નોળીયો, ઉંદર એટલામાંથી કોઈપણ વેદાધ્યયન વખતે ગુરૂ શિષ્યની વચમાંથી જાય તો તે દિવસ અને રાત્રિ અનધ્યાય કરવો ૧૨૬ દ્વિજ માત્રે પ્રયત્ન પુર્વક બેજ અનધ્યાય હંમેશાં વર્જ કરવા. એકતો સ્વાધ્યાય કરવાની ભૂમિ અશુદ્ધ ન હોવી જોઈએ અને બીજો ભણનાર પોતે અપવિત્ર ન હોય. ૧૨૭ અમાવાસ્યા, અષ્ટમી, પૌર્ણમાસી અને ચતુર્દશી એ તિથિઓમાં સ્નાતક દ્વિજે ઋતુકાલ હોય તો પણ સ્ત્રી પાસે ન જવું અને બ્રહ્મચર્ય રાખવું. ૧૨૮

न स्नानमाचरेद्भुक्त्वा नातुरो न महानिशि । न वासोभिः सहाजस्रं नाऽविज्ञाते जलाशये ॥१२९॥ देवतानां गुरो राज्ञः स्नातकाचार्ययोस्तथा । नाक्रामेत्कामतश्छायां बभ्रुणो दीक्षितस्य च ॥ १३० ॥ "मध्यंदिनेऽर्धरात्रे वा श्राद्धं भुक्त्वा च सामिषम् । सन्ध्ययोरुभयोश्चैव न सेवेत चतुष्पथम् ॥ १३१ ॥" उद्वर्तनमपस्नानं विण्मूत्रे रक्तमेव च । श्लेष्मनिष्ठ्यूतवान्तानि नाधितिष्ठेत्तु कामतः ॥ १३२ ॥

ભોજન કરીને, રોગ હોય ત્યારે, મધ્ય રાત્રમાં, ઘણાં કપડાંની સાથે તથા જે જલાશયમાં પાણી પુષ્કલ હોય અને તે જાણતા ન હોઈએ એવા જલાશયમાં સ્નાન ન કરવું. (આ કથન નિત્ય સ્નાન માટે છે પરંતુ ચાંડાલાદિ સ્પર્શ જન્ય નૈમિત્તિક સ્નાન માટે નથી. તે વખતે તો તુરત સ્નાન કરવું. તથાપિ રોગીઓએતો નમિત્તિક સ્નાન પણ ન કરવું. કિન્તુ તેણે માર્જનાદિથી શુદ્ધિ કરી લેવી.) ૧૨૯ દેવતાઓ એટલે પ્રસિદ્ધ વિદ્વાનો, ગુરૂ, રાજા, સ્નાતક, આચાર્ય, કપિલ પુરૂષ અને યજ્ઞમાં દીક્ષિત થયેલો એટલાની છાયાનું ઉલ્લંઘન ઇચ્છા પૂર્વક ન કરવું. ૧૩૦ " બે પોહોર દિવસ ચઢયો હોય ત્યારે, મધ્ય રાત્રે, શ્રાદ્ધમાં માંસ સહિત ભોજન કરીને,

तथा बंने संध्या समये चतुष्पथनुं सेवन करवुं नहि." (आ श्लोक श्राद्ध भोजी तथा मांस भोजीना अनध्यायना क्षेपक साथे पुनरुक्त होवाथी तेमज श्राद्ध तथा मांस भोजन वेद विरुद्ध होवाथी त्याज्य छे.) १३१ उटणुंना मेलनी पीठी, स्नान करेलुं पाणी, मळमूत्र, रक्त, कफ, थुंक अने वमन करेलुं होय तेना पर जाणी जोइने उभा न रहेवुं, १३२

वैरिणं नोपसेवेत सहायं चैव वैरिणः । अधार्मिकं तस्करं च परस्यैव च योषितम् ॥ १३३ ॥ न हीदृशमनायुष्यं लोके किंचन विद्यते । यादृशं पुरुषस्येह परदारोपसेवनम् ॥ १३४ ॥ क्षत्रियं चैव सर्पं च ब्राह्मणं च बहुश्रुतम् । नावमन्येत वै भूष्णुः कृशानपि कदाचन ॥ १३५ ॥ एतत्त्रयं हि पुरुषं निर्दहेदवमानितम् । तस्मादेतत्त्रयं नित्यं नावमन्येत बुद्धिमान् ॥ १३६ ॥

शत्रु, शत्रुनो सहायक, अधार्मिक, चोर अने पारकी स्त्री एटला साथे मेलाप न राखवो. १३३ जेवुं पुरुषने परकीया स्त्री सेवन आयुष्यनुं नाशकारक छे तेवुं संसारमां बीजुं कांइ पण आयुष्य नाश करनार कर्म नथी. १३४ धर्मादिवडे पोतानी वृद्धि इच्छनार पुरुषे क्षत्रिय, सर्प, बहु श्रुत ब्राह्मण एटला दुर्बळ होय तो पण तेनुं अपमान न करवुं. १३५ ए त्रण, अपमान करनारने भस्म करे छे; तेटला माटे बुद्धिमान मनुष्ये हंमेशां ते त्रणनुं अपमान कदापि करवुं नहि. १३६

नात्मानमवमन्येत पूर्वाभिरसमृद्धिभिः । आमृत्योःश्रियमन्विच्छे-न्नैनां मन्येत दुर्लभाम् ॥ १३७ ॥ सत्यं ब्रूयात्प्रियं ब्रूयान्न ब्रूया-त्सत्यमप्रियम् । प्रियं च नानृतं ब्रूयादेष धर्मः सनातनः ॥ १३८ ॥ भद्रंभद्रमिति ब्रूयाद्भद्रमित्येव वा वदेत् । शुष्कवैरं विवादं च न कुर्यात्केनचित्सह ॥ १३९ ॥ नातिकल्यं नातिसायं नातिमध्यंदिने स्थिते । ना‌ज्ञातेन समं गच्छेन्नैको न वृषलैः सह ॥ १४० ॥

प्रथम धनने माटे उद्यम करतां छतां संपत्ति प्राप्त न थाय तो "हुं मंद भागी छुं" एम कहीने पोतानुं पोते अपमान न करवुं किंतु मरण पर्यंत ए दुर्लभ लक्ष्मी मेळववा माटे उद्यम करवो. १३७ सत्य

બોલવું, પ્રિય બોલવું, અપ્રિય હોય એવું સત્ય ન બોલવું, પ્રિય લાગે તેવું અસત્ય ન બોલવું, એ પ્રમાણે સનાતન ધર્મ છે. ૧૩૮ સારૂં, બહુ સારૂં એમ બોલવું, અથવા સારૂ એટલુંજ બોલવું, પરંતુ કોઈની સાથે નાહક વેર અને વિવાદ ન કરવો. ૧૩૯ સવારે ઉષઃકાલમાં, પ્રદોષ સમયે, ખરા બપોરે, અજાણ્યા પુરૂષની સાથે તેમજ શૂદ્રની સાથે તથા એકલાએ ક્યાંયે માર્ગે જવું નહિં. ૧૪૦

हीनाङ्गानतिरिक्ताङ्गान्विद्याहीनान्वयोधिकान् । रूपद्रव्यविहीनांश्च-जातिहीनांश्चनाक्षिपेत् ॥ १४१ ॥ नस्पृशेत्पाणिनोच्छिष्टोविप्रो गोब्रा-ह्मणानलान् । नचापिपश्येदशुचिःसुस्थोज्योतिर्गणान्दिवि ॥ १४२ ॥ स्पृष्ट्वैतानशुचिर्नित्यमद्भिःप्राणानुपस्पृशेत् । गात्राणि चैव सर्वाणि नाभिंपाणितलेनतु ॥ १४३ ॥ अनातुरःस्वानिखानि न स्पृशेदनि-मित्ततः । रोमाणि च रहस्यानि सर्वाण्येवविवर्जयेत् ॥ १४४ ॥

અંગહીન, અધિક અંગવાળા, મૂર્ખ, વૃદ્ધ, કુરૂપ, દ્રવ્યહીન તથા જાતિહીનોના ઉપર આક્ષેપ ન કરવો. ૧૪૧ બ્રાહ્મણે ઉચ્છિષ્ટ હાથ વડે ગાય, બ્રાહ્મણ અને અગ્નિનો સ્પર્શ કરવો નહિં. તેમજ વ્યાધિ રહિત પુરૂષ અપવિત્ર હોય તો તેણે સૂર્યાદિને જોવા નહિં. ૧૪૨ યદિ અપવિત્ર છતાં ભૂલથી ગાય આદિનો સ્પર્શ કરે તો આચમન કરીને હાથવડે જળ લઈને પ્રાણ, સર્વ અવયવો અને નાભિના સ્પર્શ કરવા. ૧૪૩ રોગ રહિત પુરૂષે વગર નિમિત્તે દરેક ઇંદ્રિયો તથા ગુપ્ત ભાગના વાળોનો સ્પર્શ કરવો નહિ. ૧૪૪

मङ्गलाचारयुक्तःस्यात्प्रयतात्मा जितेन्द्रियः । जपेच्च जुहुयाच्चैव नित्यमग्निमतन्द्रितः ॥ १४५ ॥ मङ्गलाचारयुक्तानां नित्यं च प्रय-तात्मनाम् । जपतां जुहुतां चैव विनिपातो न विद्यते ॥ १४६ ॥ वेदमेवाभ्यसेन्नित्यं यथाकालमतन्द्रितः । तं ह्यस्याहुःपरंधर्ममुपध-र्मोऽन्य उच्यते ॥ १४७ ॥ वेदाभ्यासेन सततं शौचेन तपसैव च । अद्रोहेण च भूतानां जातिं स्मरति पौर्विकीम् ॥ १४८ ॥

નિત્ય શુભાચારવાળા, શુદ્ધ અને જીતેન્દ્રિય થવું, નિત્ય આળસ્ય રહિત થઇ ગાયત્રી જપ કરવો અને હોમ કરવો. ૧૪૫ મંગલાચાર યુક્ત

તથા શુદ્ધ અને જપ હોમમાં તત્પર રહેનારાઓને દેવસંબંધી તથા મનુષ્ય સંબંધી ઉપદ્રવ થતો નથી. ૧૪૬ હંમેશાં યથા અવસર આલસ્ય રહિત થઈને વેદનોજ અભ્યાસ કરવો તેજ એનો પરમધર્મ કહ્યો છે અને બાકીનો બીજો ઉપધર્મ કહેવાય છે. ૧૪૭ હંમેશાં વેદાભ્યાસ કરવાથી, શુદ્ધ રહેવાથી, તપ કરવાથી અને પ્રાણિ માત્રના પર દ્રોહ ન કરવાથી પૂર્વની જાતિનું સ્મરણ થાય છે. ૧૪૮.

पौर्विकीं संस्मरञ्जातिं ब्रह्मैवाभ्यसते पुनः । ब्रह्माभ्यासेन चाजस्रमनन्तं सुखमश्नुते ॥ १४९ ॥ सावित्राञ्छान्तिहोमांश्च कुर्यात् पर्वसु नित्यशः । पितृंश्चैवाष्टकास्वर्चेन्नित्यमन्वष्टकासु च ॥ १५० ॥ दूरादावसथान्मूत्रं दूरात्पादावसेचनम् । उच्छिष्टान्ननिषेकं च दूरादेव समाचरेत् ॥ १५१॥ मैत्रमसाधनं स्नानं दन्तधावनमञ्जनम् ॥ पूर्वाह्ण एव कुर्वीत देवतानां च पूजनम् ॥ १५२ ॥

પૂર્વની જાતિનું સ્મરણ કરતાં કરતા પુનઃ હંમેશાં વેદનોજ અભ્યાસ જે કરે છે, તો તે વેદાભ્યાસવડે અનંત સુખ (મોક્ષ સુખ) ભોગવે છે. ૧૪૯ દરેક અમાવાસ્યા અને પૂર્ણિમાના પર્વોમાં હંમેશાં સવિતા દૈવત સંબંધિ તથા શાંતિ પાઠ મંત્રનો હોમ કરવો. અને અષ્ટકામા તથા અન્વષ્ટકામા યથાવિધિ પિતૃઓનું વિશેષ પૂજન કરવું. એટલે કે હેમંત અને શિશિર ઋતુના કૃષ્ન પક્ષની ચાર અષ્ટમી તે અષ્ટકા અને તેની પાસેની જે ચાર નવમી તે અન્વષ્ટકા કહેવાય છે, તેમા વિશેષ પિતૃઓનો સત્કાર કરવો. ૧૫૦ ઘરથી દૂર મલ મૂત્ર ત્યાગ કરવો, તેમજ ઘરથી દૂર પાદ પ્રક્ષાલન કરવા, ઉચ્છિષ્ટ અન્ન ફેંકી દેવું ત પણ ઘરથી દૂર ફેંકવું. ૧૫૧ મલનો ત્યાગ, શરીરની શુદ્ધિ, સ્નાન, દંત ધાવન, અંજન અને દેવતાઓ સંબંધિ હોમ, દિવસના પૂર્વ ભાગમાંજ કરવા જોઇએ. ૧૫૨.

दैवतान्यभिगच्छेत्तु धार्मिकांश्च द्विजोत्तमान् । ईश्वरं चैव रक्षार्थं गुरूनेव च पर्वसु ॥१५३॥ अभिवादयेद्वृद्धांश्च दद्याच्चैवासनं स्वकम् । कृताञ्जलिरुपासीत गच्छतः पृष्ठतोऽन्वियात् ॥ १५४ ॥ श्रुतिस्मृत्युदितं सम्यङ् निबद्धं स्वेषु कर्मसु । धर्ममूलं निषेवेत सदाचारमतन्द्रितः ॥ १५५ ॥ आचाराल्लभते ह्यायुराचारादीप्सिताः प्रजाः । आचाराद्धनमक्षय्यमाचारो हन्त्यलक्षणम् ॥ १५६ ॥

દેવ, આચાર્યો, ધાર્મિક બ્રાહ્મણો તથા ગુરૂજનોને મળવા અર્થે ઇશ્વરની ઉપાસનાને માટે પોતાની રક્ષાને અર્થે પર્વોમાં જવું. ૧૫૩ ઘરમાં આવેલા વૃધ્ધોને પ્રથમ અભિવંદન કરવું અને પછી બેસવાને માટે પોતાનું આસન આપવું. પછી બંને હાથ જોડી તેની પાસે ઉભા રહેવું અને તેઓ જાય ત્યારે તેની પાછળ થોડે સુધી જવું. ૧૫૪ વેદ અને સ્મૃતિમાં કહેલા તથા પોતાના કર્મોમાં સનિયમ બાંધેલા. ધર્મના મૂલ રૂપ જે સદાચાર તેને આલસ્ય રહિત થઈ સેવન કરવા. ૧૫૫ આચારથી આયુ, ઇચ્છિત (પુત્ર પૌત્રાદિ) સંતતિ તથા અક્ષય ધન પ્રાપ્ત થાય છે. અને આચાર અશુભ લક્ષણનો નાશ કરે છે. ૧૫૬

दुराचारो हि पुरुषो लोके भवतिनिन्दितः। दुःखभागीचसततं व्याधितोऽल्पायुरेवच ॥ १५७ ॥ सर्वलक्षणहीनोऽपि यःसदाचार वान्नरः। श्रद्दधानोऽनसूयश्च शतं वर्षाणि जीवति ॥ १५८ ॥ यद्य-त्परवशं कर्म तत्तद्यत्नेन वर्जयेत्। यद्यदात्मवशंतुस्यात्तत्तत्सेवेत यत्नतः ॥ १५९ ॥ सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम्। एतद्विद्यात्समासेन लक्षणं सुखदुःखयोः ॥ १६० ॥

દુષ્ટ આચરણ કરનાર પુરૂષ લોકમાં નિંદાય છે, દુઃખનો ભાગી થાય છે, નિરંતર રોગી રહે છે અને અલ્પાયુષી થાય છે. ૧૫૭ જે પુરૂષ સદાચારી હોય, શ્રદ્ધાવાળો હોય, પારકાની ઈર્ષા કરનાર ન હોય અને તે જોકે સંપૂર્ણ બીજા શુભ લક્ષણોવડે હીન હોય તોપણ સો વર્ષ સુધી જીવે છે. ૧૫૮ જેજે પરવશ કર્મ છે તેને પ્રયત્નવડે ત્યાગ કરવું. અને જે પોતાને વશ કર્મ હોય તેને પ્રયત્ન પૂર્વક સેવન કરવું ૧૫૯ જે કર્મ પરવશ છે તે સર્વ દુઃખ હેતુ છે અને સ્વાધીન છે તે સર્વ સુખનો હેતુ છે. એ પ્રમાણે સંક્ષેપથી સુખ અને દુઃખનાં લક્ષણ જાણવાં. ૧૬૦

यत्कर्म कुर्वतोऽस्य स्यात्परितोषोन्तरात्मनः। तत्प्रयत्नेन कुर्वीत विपरीतंतुवर्जयेत् ॥ १६१॥ आचार्यं च प्रवक्तारं पितरं मातरंगुरुम्। नहिंस्याद्ब्राह्मणान् गाश्च सर्वांश्चैवतपस्विनः ॥ १६२ ॥ नास्तिक्यं वेदनिन्दां च देवतानां च कुत्सनम्। द्वेषं दम्भं च मानं चक्रोधंतैक्ष्ण्यं

वर्जयेत् ॥ १६३ ॥ परस्य दण्डं नोद्यच्छेत्क्रुद्धो नैव निपातयेत् । अन्यत्र पुत्राच्छिष्याद्वा शिष्ट्यर्थं ताडयेत्तु तौ ॥ १६४ ॥

જે કર્મ કરતાં તે કર્મ કરનારના આત્માને સંતોષ થાય તે કર્મ પ્રયત્ન વડે કરવું, અને તેનાથી જે વિપરીત હોય તેનો ત્યાગ કરવો. ૧૬૧ આચાર્ય, વેદાર્થનો વ્યાખ્યાતા, પિતા, માતા, ગુરૂ, બ્રાહ્મણ, ગાય અને સર્વ તપસ્વીઓની હિંસા ન કરવી એટલે તેઓનાથી પ્રતિકૂલાચરણ કરવું નહિં. ૧૬૨ નાસ્તિકતા, વેદની નિંદા, દેવતાઓની નિંદા, દ્વેષ, દંભ, અભિમાન, ક્રોધ અને ક્રૂરતા એટલાં ત્યાગ કરવાં. ૧૬૩ બીજાને મારવા માટે ક્રોધ કરીને દંડ ઉઠાવવો નહિં. તેમજ તેના પર લાકડી ફેંકવી નહિં. પરંતુ આ નિયમ પુત્ર અને શિષ્યને છોડીને અન્યત્ર સમજવો, કારણ કે પુત્ર અને શિષ્યને તો શિક્ષાને માટે તાડના કરવી પડે છે. ૧૬૪

ब्राह्मणायावगुर्यैव द्विजातिर्वधकाम्यया । शतं वर्षाणि तामिस्रे नरके परिवर्तते ॥ १६५ ॥ ताडयित्वा तृणेनापि संरम्भान्मतिपूर्वकम् । एकविंशतिमाजातिः पापयोनिषु जायते ॥ १६६ ॥ अयुध्यमानस्योत्पाद्य ब्राह्मणस्यासृगङ्गतः । दुःखं सुमहदाप्नोति प्रेत्याऽप्राज्ञतया नरः ॥ १६७ ॥ शोणितं यावतः पांसून्संगृह्णाति महीतलात् । तावतोऽब्दानमुत्रान्यैः शोणितोत्पादकोऽद्यते ॥ १६८ ॥

બ્રાહ્મણનો પ્રાણઘાત કરવાના વિચારથી જે દ્વિજ ફક્ત દંડ ઉઠાવે પરંતુ મારે પણ નહિં તેટલામાંજ તે દંડ ઉઠાવનાર સો વર્ષ સુધી તામિસ્ત્ર નામના નરકમાં પડે છે. ૧૬૫ ક્રોધથી બુદ્ધિ પૂર્વક ઘાસના તણખલાંથી પણ જો મારે તો એકવીશ જન્મ સુધી પાપયોનિયોમાં ઉત્પન્ન થાય છે. ૧૬૬ યુદ્ધ નહિ કરનાર બ્રાહ્મણના શરીરમાંથી અજ્ઞાન વડે લોહી કહાડે તો તે લોહી કહાડનાર મરણ પામ્યા પછી બીજા જન્મમાં મહાદુઃખને પ્રાપ્ત થાય છે. ૧૬૭ શસ્ત્રાદિ વડે હણાયેલા બ્રાહ્મણના શરીરથી જે લોહી નીકળે અને તે લોહી પૃથ્વીપર પડી પૃથ્વીના જેટલાં રજકણોને એકત્ર કરે છે તેટલાં વર્ષ પર્યંત તે મારનાર મનુષ્ય જન્માન્તરે અન્ય કુતરાં શિયાળઆદિ વડે ભક્ષણ કરાય છે. ૧૬૮

न कदाचिद्द्विजे तस्माद्विद्वानवगुरेदपि । न ताडयेत्तृणेनापि न गात्रात्स्रावयेदसृक् ॥ १६९ ॥ अधार्मिको नरो यो हि यस्य चाप्य-

नृतंधनम् । हिंसारतश्च यो नित्यं नेहाऽसौ सुखमेधते ॥ १७० ॥ न सीदन्नपि धर्मेण मनोऽधर्मे निवेशयेत । अधार्मिकाणां पापानामाशु पश्यन्विपर्ययम् ॥ १७१ ॥ नाधर्मश्चरितो लोके सद्यःफलति गौरिव। शनैरावर्तमानस्तु कर्तुर्मूलानिकृन्तति ॥ १७२ ॥

એટલાં માટે વિદ્વાન પુરૂષે દ્વિજને મારવા માટે કદાપિ લાકડી ઉઠાવવી નહિં, ઘાસના તણખલાથી પણ મારવો નહિં અને શરીરમાંથી લોહી પણ કહાડવું નહિ. ૧૬૯ જે મનુષ્ય અધાર્મિક હોય, જેનું ધન અનૃતમાર્ગથી મેળવેલુ હોય, જે હમેશાં હિંસા કરવામાં પ્રીતિ રાખતો હોય તે આ સંસારમાં સુખ પ્રાપ્ત કરી શકતો નથી. ૧૭૦ અધર્મ કરનાર પાપીઓનું જલદીથી તાત્કાલિક ઉલટું ફલ જોતાં તથા ધર્મ પ્રમાણે ચાલવાથી દુઃખી થતો હોય તો પણ મનને અધર્મમાં લગાવવું નહિ. ૧૭૧ આ લોકમાં અધર્મ કરેલો હોય તેનું ફલ જેમ પૃથ્વી તત્કાલ ફલ આપતી નથી કિંતુ કાળે કરીને આપે છે તેમ તુરત મળતું નથી પરંતુ ધીરે ધીરે જ્યારે જેમ જેમ અધર્મ કર્મનો વિપાક થતો જાય તેમ તેમ અધર્મ કરનારના મૂલોનો નાશ કરે છે. ૧૭૨

यदि नात्मनि पुत्रेषु न चेत् पुत्रेषु नप्तृषु । नत्वेव तु कृतोऽधर्मः कर्तुर्भवति निष्फलः ॥१७३॥ अधर्मेणैधते तावत्ततो भद्राणि पश्यति। ततःसपत्नाञ्जयति समूलस्तु विनश्यति ॥ १७४ ॥ सत्यधर्मार्यवृत्तेषु शौचे चैवारमेत्सदा। शिष्यांश्चशिष्याद्धर्मेण वाग्बाहूदरसंयतः ॥१७५॥ परित्यजेदर्थकामौ यौस्यातां धर्मवर्जितौ । धर्मंचाप्यसुखोदर्कं लोकविक्रुष्टमेव च ॥ १७६ ॥

કરેલો અધર્મ, કરવાવાળાને નિષ્ફળ થતો નથી, કિન્તુ યદિ તત્કાલ દેહ ધનાદિનો નાશ નહિ પણ કરે તો તેના પુત્રમાં તે સફલ થાય છે, જો પુત્રમાં સફલ ન થાય તો તેના પૌત્રમાં સફલ થાય છે. ૧૭૩ અધર્મવડે પ્રથમ તો વધે છે, પછી કલ્યાણ જુવે છે એટલે કે બહુ ગાયો, ચાકરો, ઘોડાઓ આદિ પ્રાપ્ત કરે છે અને શત્રુઓને પણ જીતે છે, પરંતુ પછી એટલે તે જ્યારે અધર્મનો વિપાક થાય છે ત્યારે મૂલ સહીત નાશ પામે છે. ૧૭૪ સત્ય, ધર્મ, સદાચાર અને શુદ્ધતામાં સર્વદા પ્રીતિ રાખવી,

શિષ્યોને ધર્મથી શિક્ષા આપવી અને વાણી, બાહુ અને ઉદરનો સંયમ કરવો. ૧૭૫ ધર્મ રહિત જે અર્થ અને કામ હોય તે ત્યાગ કરવાં, અને ઉત્તરકાલમાં દુઃખ આપનાર તથા લોકોમાં જેનાથી ક્લેશ થતો હોય એવો ધર્મ પણ ન કરવો. ૧૭૬

न पाणिपादचपलो न नेत्रचपलोऽनृजुः । न स्याद्वाक्चपलश्चैव न परद्रोहकर्मधीः ॥ १७७ ॥ येनास्य पितरो याता येन याताः पितामहाः । तेन यायात्सतां मार्गं तेन गच्छन्न रिष्यते ॥ १७८ ॥ ऋत्विक्पुरोहिताचार्यैर्मातुलातिथिसंश्रितैः । बालवृद्धातुरैर्वैद्यैर्ज्ञातिसंबन्धिबान्धवैः ॥ १७९ ॥ मातापितृभ्यां यामीभिर्भ्रात्रा पुत्रेण भार्यया । दुहित्रा दासवर्गेण विवादं न समाचरेत् ॥ १८० ॥

નિષ્પ્રયોજન હાથ અને પગની ચંચળતા ન કરવી, આંખની ચંચળતા ન કરવી, કુટિલ ભાવ ન રાખવો, વાણીની નિષ્પ્રયોજન ચપલતા ન કરવી અને બીજાનું ખરાબ કરવાની બુદ્ધિ નહિં કરવી. ૧૭૭ જે માર્ગથી એના પિતા તથા પિતામહો ચાલે છે તેજ સન્માર્ગ પ્રત્યે પોતે પણ ચાલવું તેમાં ચાલવાથી કદાપિ ખરાબ થતું નથી. ૧૭૮ ઋત્વિક, પુરોહિત, આચાર્ય, મામા, અતિથિ, આશ્રિત, બાલક, વૃદ્ધ, રોગી, વૈદ્ય, જ્ઞાતિ, સંબંધિ, બાંધવો, ૧૭૯ માતા, પિતા, બ્હેન, પુત્રવધુ વિગેરે, ભાઈ, પુત્ર, સ્ત્રી, પુત્રી અને નોકરો સાથે વિવાદ ન કરવો. ૧૮૦

एतैर्विवादान्संत्यज्य सर्वपापैः प्रमुच्यते । एभिर्जितैश्च जयति सर्वाँल्लोकानिमान्गृही ॥ १८१ ॥ आचार्यो ब्रह्मलोकेशः प्राजापत्ये पिता प्रभुः । अतिथिस्त्विन्द्रलोकेशो देवलोकस्य चार्त्विजः ॥ १८२ ॥ जामयोऽप्सरसां लोके वैश्वदेवस्य बान्धवाः । संबन्धिनो ह्यपां लोके पृथिव्यां मातृमातुलौ ॥ १८३॥ आकाशेशास्तु विज्ञेया बालवृद्धकृशातुराः । भ्राता ज्येष्ठः समः पित्रा भार्या पुत्रः स्वका तनुः ॥ १८४ ॥

એ ઉપરોક્ત સાથે જે મનુષ્ય વિવાદનો ત્યાગ કરે છે તે સર્વ પાપથી મુક્ત થાય છે. એઓને જીતવાથી ગૃહસ્થાશ્રમી સર્વ લોકોને જીતે છે. ૧૮૧ આચાર્ય બ્રહ્મ લોકનો સ્વામી છે, પ્રજાપતિ લોકનો પિતા સ્વામી છે, અતિથિ ઇંદ્ર લોકનો સ્વામી છે અને ઋત્વિજ દેવલોકનો

સ્વામી છે. ૧૮૨ ભગીનિ અને પુત્ર વધુ આદિ અપ્સરા લોકની સ્વામિની છે, વૈશ્વદેવલોકના બાન્ધવ સ્વામી છે. જલ લોકના સંબંધિ લોક સ્વામી છે તથા માતા અને મામા ભૂલોકના સ્વામી છે. ૧૮૩ બાલક, વૃદ્ધ, કૃશ અને રોગી એ આકાશના સ્વામી છે, મોટો ભાઇ પિતા તુલ્ય છે અને સ્ત્રી તથા પુત્ર પોતાના શરીર તુલ્ય છે (એટલા માટે એઓ સાથે વાદ વિવાદ કરવો યોગ્ય નથી.) ૧૮૪

छायास्वोदासवर्गश्च दुहिता कृपणंपरम् । तस्मादेतैरधिक्षिप्तः सहेताऽसंज्वरःसदा ॥ १८५ ॥ प्रतिग्रहसमर्थोऽपि प्रसंगं तत्र वर्जयेत् प्रतिग्रहेण ह्यस्याशु ब्राह्मं तेजःप्रशाम्यति ॥ १८६ ॥ नद्रव्याणामविज्ञाय विधिंधर्म्यंप्रतिग्रहे । प्राज्ञःप्रतिग्रहंकुर्यादवसीदन्नपि क्षुधा ॥ १८७ हिरण्यं भूमिमश्वं गामन्नं वासस्तिलान्घृतम्। प्रतिगृह्णन्नविद्वांस्तु भस्मीभवतिदारुवत्॥ १८८ ॥

દાસ વર્ગ આપણી છાયા તુલ્ય છે, પુત્રી પરમ કૃપા પાત્ર છે, માટે તેનાથી કાંઇ બુરૂ કહેવાઇ જાય તોપણુ સહન કરી લેવુ પરંતુ આપણા મનમાં બુરૂ લગાડવું નહિં. ૧૮૫ પ્રતિગ્રહ લેવામાં સમર્થ હોય તો પણ તેમાં પ્રવૃત્તિ ન રાખવી. કારણુ કે પ્રતિગ્રહ કરવાથી એનું બ્રાહ્મ તેજ તત્કાલ નાશ પામે છે. ૧૮૬ પ્રતિગ્રહમાં દ્રવ્યોનો ધર્મ સંબધી વિધિ નહિ જાણીને ક્ષુધાથી પીડા પામતો હોય તથાપિ બુદ્ધિમાન પુરૂષ પ્રતિગ્રહ લેતો નથી. ૧૮૭ વેદશાસ્ત્રને નહિ જાણુનાર અવિદ્વાન મનુષ્ય સુવર્ણ, ભૂમિ, ઘોડો, ગાય. અન્ન, વસ્ત્ર, તલ, ઘી, એનો પ્રતિગ્રહ કરે છે તે અગ્નિસંયોગથી લાકડાંની પેઠે બળીને ભસ્મ થાય છે ૧૮૮

हिरण्यमायुरन्नं च भूर्गौश्चाप्योषतस्तनुम् । अश्वश्चक्षुस्त्वचं वासो घृतंतेजस्तिलाःप्रजाः ॥ १८९ ॥ अतपास्त्वनधीयानः प्रतिग्रहरुचिर्द्विजः। अम्भस्यश्मप्लवेनेव सहतेनैव मज्जति ॥ १९० ॥ तस्मादविद्वान्बिभियाद्यस्मात्तस्मात्प्रतिग्रहात् । स्वल्पकेनाप्यऽविद्वान्हि पङ्के गौरिव सीदति ॥ १९१ ॥ न वार्यपि प्रयच्छेत्तु बैडालव्रतिके द्विजे । न बकव्रतिके विप्रे नावेदविदि धर्मवित् ॥ १९२ ॥

સુવર્ણ અને અન્ન આયુનો નાશ કરે છે, ભૂમિ અને ગાય શરીરનો

નાશ કરે છે, થોડો આંખનો નાશ કરે છે, નરમ ત્વચાનો નાશ કરે છે, ઘી તેજનો તથા તલ પ્રજાનો નાશ કરે છે. ૧૮૯ ૧૫ તથા વેદાધ્યયનથી રહિત તેમજ પ્રતિગ્રહ કરવામાં પ્રીતિ રાખનાર દ્વિજ પાણીમાં પત્થરની નાવની સમાન તે પ્રતિગ્રહની સાથેજ ડુબી જાય છે (અર્થાત્ પુણ્યભાગ નાશ પામે છે.) ૧૯૦ થોડા દ્રવ્યના પ્રતિગ્રહવડે પણ અવિદ્વાન્ મનુષ્ય કાદવમાં જેમ ગાય ફસાઇ પડે તેમ નરકમાં પડે છે. માટે અવિદ્વાન્ મનુષ્યે જેવા તેવા પ્રતિગ્રહથી હમેશાં ડરતા રહેવું, ૧૯૧ ધર્મને જાણવાવાળા મનુષ્યે બીલાડાના જેવી વૃત્તિવાળા દ્વિજને તથા બગલાના જેવી વૃત્તિ રાખનાર વિપ્રને તેમજ વેદને નહિ જાણનાર વિપ્રને પાણીવડે પણ સત્કાર ન કરવો. ૧૯૨

त्रिष्वप्येतेषु दत्तं हि विधिनाप्यर्जितं धनम् । दातुर्भवत्यनर्थाय परत्रादातुरेव च ॥ १९३ ॥ यथाप्लवेनौपलेन निमज्जत्युदके तरन् । तथा निमज्जतोऽधस्तादज्ञौ दातृप्रतिग्रहकौ ॥ १९४॥ धर्मध्वजी सदा-लुब्धश्छाद्मिकोलोकदम्भकः । वैडालव्रतिको ज्ञेयोहिंस्रःसर्वाभिस-न्धकः ॥ १९५ ॥ अधोदृष्टिर्नैष्कृतिकःस्वार्थसाधनतत्परः । शठोमि-थ्याविनीतश्च बकव्रतचरोद्विजः ॥ १९६ ॥

ન્યાય વડે ઉપાર્જન કરેલુ ધન ઉપરોક્ત ત્રણમાંથી કોઇને પણ આપે તો તે દાતાને તથા લેનારને પરલોકમાં અનર્થનો હેતુ થાય છે. ૧૯૩ જેમ પત્થરની હોડી વડે તરતા પાણીમાં ડુબી જાય છે તેમ અજ્ઞાન દાતા તથા અજ્ઞાન પ્રતિગ્રહ લેનાર બંને નીચે ડુબે છે. ૧૯૪ જે બહુ જનના સમક્ષ ધર્માચરણ કરે અને પોતાના તથા બીજાના મુખથી તેની પ્રસિદ્ધિ કરે તથા કરાવે, તે ધર્મ ધ્વજી કહેવાય છે. તે ધર્મ ધ્વજી, પારકાધનનો હમેશાં લોભી, છલ કપટ કરનાર, લોકોમાં દંભ દેખાડનાર, હિંસક સ્વભાવવાળો, સર્વના-પર આક્ષેપ કરનાર તે બીલાડાના જેવા વ્રત વાળો જાણવો. ૧૯૫ જે હમેશાં નીચી નજર રાખનાર હોય, કર્મ રહિત, સ્વાર્થ સાધવામાં તત્પર, શઠ અને જુઠો વિનય કરનારો તે દ્વિજ બકવ્રતિક જાણવો. ૧૯૬

(यस्य धर्मध्वजो नित्यं सुरध्वज वोच्छ्रितः । प्रच्छ-ानि च पापानी वैडालं नाम तद्व्रतम् ॥ १९७ ॥)ये बकव्रतिनो विप्रा ये च मार्जारलि-िनः । ते पतन्त्यन्धतामिस्रे तेन पापेन कर्मणा ॥१९८॥

न धर्मस्यापदेशेन पापं कृत्वा व्रतं चरेत् । व्रतेन पापं प्रच्छाद्य कुर्वन् स्त्रीशूद्रदम्भनम् ॥ १९८ ॥ प्रेत्येह चेदृशा विप्रा गर्ह्यन्ते ब्रह्मवादिभिः । छद्मनाचरितं यच्च व्रतं रक्षांसि गच्छति ॥ १९९ ॥ अलिङ्गी लिङ्गिवेषेण यो वृत्तिमुपजीवति । स लिङ्गिनां हरत्येन स्तिर्यग्योनौ च जायते ॥ २०० ॥

જે બકવ્રતવાળા તથા માર્જારવ્રતવાળા વિપ્રો છે તે તેના પાપરૂપ કર્મવડે અન્ધતામિસ્ર નામના નરકમાં પડે છે. ૧૯૭ ધર્મના બહાનાવડે પાપ કરીને વ્રતાચરણ કદાપિ કરવું નહિ. કારણકે તે વ્રતવડે પાપને છુપાવી ને સ્ત્રી અને શૂદ્ર એટલે મૂર્ખોને બેહેકાવીને લોભ કરે છે. ૧૯૮ પરલોકમાં તથા આ લોકમાં એવા વિપ્રો બ્રહ્મવાદિયોવડે નિંદાય છે અને કપટવડે જે વ્રતાચરણ કર્યું હોય તે રાક્ષસોને પહોંચે છે. ૧૯૯ જે બ્રહ્મચર્ય રહિત પુરૂષ બ્રહ્મચારીના વેષવડે પોતાની જીવિકા ચલાવી જીવે છે તે બ્રહ્મચારીઓનું પાપ પોતે લે છે અને કુતરાં આદિનીયોનિને પ્રાપ્ત થાય છે. ૨૦૦

परकीयनिपानेषु न स्नायाच्च कदाचन । निपानकर्तुः स्नात्वातु दुष्कृतांशेन लिप्यते ॥ २०१ ॥ यानशय्यासनान्यस्य कूपोद्यानगृहाणि च । अदत्तान्युपभुञ्जान एनसः स्यात्तुरीयभाक् ॥ २०२ ॥ नदीषु देवखातेषु तडागेषु सरस्सु च । स्नानं समाचरेन्नित्यं गर्तप्रस्रवणेषु च ॥ २०३ ॥ यमान्सेवेत सततं न नित्यं नियमान् बुधः । यमान्पतत्यकुर्वाणो नियमान्केवलान्भजन् ॥ २०४ ॥

પારકાએ બંધાવેલાં જલાશયમાં (જો તે બનાવવાવાળાએ પરોપકારાર્થ ન બનાવ્યુ હોય તો) સ્નાન ન કરવું. જો તેમા સ્નાન કરેતો તે જલાશય બંધાવનારના પાપના અંશનો ભાગી થાય છે. ૨૦૧ સવારી, શય્યા, આસન, કુવો, બગીચો અને ઘર તે બીજાનાં હોય અને તે માલિકની રજા શિવાય બીજો ભોગવે તો તે માલીકના પાપનો ચતુર્થાંશ ભાગી થાય છે, ૨૦૨ નદી, દેવખાત (કુદરતી સરોવર), તલાવ, સરોવર, ગર્ત અને પાણીનો ઝરો એટલામાં હમેશાં સ્નાન કરવું. ૨૦૩ વિદ્વાન મનુષ્યે હમેશાં યમનું સેવન કરવું, કેવલ નિયમનુંજ સેવન કરવું નહિ. નિયમોનું કેવલ સેવન કરે અને યમોનું સેવન નહીં કરેતો તે પતિત થાય છે. ૨૦૪

नाश्रोत्रियतते यज्ञे ग्रामयाजिकृते तथा । स्त्रिया क्लीबेन च हुते भुञ्जीत ब्राह्मणः क्वचित् ॥ २०५॥ अश्लीकमेतत्साधूनां यत्र जुह्वत्यमी हविः । प्रतीपमेतद्देवानां तस्मात्तत्परिवर्जयेत् ॥ २०६ ॥ मत्तक्रुद्धातुराणां च न भुञ्जीत कदाचन । केशकीटावपन्नं च पदास्पृष्टं च कामतः ॥ २०७ ॥ भ्रूणघ्नावेक्षितं चैव संस्पृष्टं चाप्युदक्यया । पतत्रिणावलीढं च शुना संस्पृष्टमेव च ॥ २०८ ॥

વેદાધ્યયન રહિત આચાર્યવડે જે યજ્ઞ થતો હોય તેમાં, આખા ગામ સંબંધી યજ્ઞ થતો હોય તેમાં તથા જેમા સ્ત્રી અને નપુસક તથા બહુ યાજકો હોમ કરતા હોય તેમાં બ્રાહ્મણે ભોજન કરવું નહિ. ૨૦૫ પૂર્વોક્ત બહુ યાંજકાદિયો જ્યાં હોમ કર્મ કરતા હોય તે કર્મ શિષ્ટ પુરૂષોને અપ્રિય હોય છે તથા લક્ષ્મી વિનાશકર હોય છે તેમજ વિદ્વાનોને પ્રતિકૂલ હોય છે માટે તેમાં ભોજનનો ત્યાગ કરવો. ૨૦૬ ઉન્મત્ત, ક્રોધી, અને રોગીનું અન્ન તથા કેશ, કીડાવડે ખરાબ થયેલું તેમજ ઈચ્છા પૂર્વક પગવડે સ્પર્શ થયેલાં અન્નનું ભોજન કરવું નહિ. ૨૦૭ ભ્રૂણહત્યારાઓનું જોયલુ, રજસ્વલાનુ અડકેલું, કાગડાઆદિ પક્ષિયોનું સ્વાદ લીધેલું તથા કુતરાંનું અડકેલું અન્ન ભોજન કરવુ નહિ. ૨૦૮

गवा चान्नमुपाघ्रातं घुष्टान्नंच विशेषतः । गणान्नंगणिकान्नं च विदुषां च जुगुप्सितम् ॥ २०९ ॥ स्तेनगायकयोश्चान्नं तक्ष्णोवार्धुषिकस्य च । दीक्षितस्य कदर्यस्य बद्धस्य निगडस्य च ॥ २१० ॥ अभिशस्तस्य षण्ढस्य पुंश्चल्या दाम्भिकस्य च । शुक्तं पर्युषितं चैव शूद्रस्योच्छिष्टमेवच ॥ २११ ॥ चिकित्सकस्यमृगयोः क्रूरस्योच्छिष्टभोजिनः । उग्रान्नंसूतिकान्नं च पर्याचान्तमनिर्दशम् ॥ २१२ ॥

ગાયનું સુંઘેલુ, વધારે ધુટેલું, સમુદાયનું અને વેશ્યાનું અન્ન તથા વિદ્વાન પુરૂષોએ નિંદેલું અન્ન ભોજન કરવું નહિ. ૨૦૯ ચોર તથા ગવૈયાનું અન્ન, સુનાર તથા વ્યાજવડે જીવિકા ચલાવનારનું અન્ન, યજ્ઞમાંદીક્ષિત થયેલાનું, કૃપણનું તથા કેદીનું અન્ન ભક્ષણ કરવું નહિ. ૨૧૦ લોકમાં પાપી તરિકે પ્રસિદ્ધ થયેલાનું, નપુંસક, વ્યભિચારિણીનું, દાંભિકનુ અન્ન તથા ખાટું

થઈ ગયેલું તેમજ ટાઢું અને શૂદ્રનું ઉચ્છિષ્ટ અન્ન ૨૧૧ વૈદ્યનું તથા મૃગ આદિ પશુ મારનારનું તથા ઉગ્રસ્વભાવવાળાનું, સુતિકાનું તથા એકના અપમાનમાં બીજો ભોજન કરે તે અન્ન તથા સૂતકીનું અન્ન ભોજન કરવું નહિ. ૨૧૨

अनर्चितं वृथा मांसमवीरायाश्च योषितः । द्विषदन्नं नगर्यन्नं पतिताअमवक्षुतम् ॥ २१३ ॥ पिशुनानृतिनोश्चान्नं क्रतुविक्रयिणस्तथा । शैलूषतुन्नवायान्नं कृतघ्नस्यान्न मेव च ॥ २१४ ॥ कर्मारस्य नेषादस्य रङ्गावतारकस्यच । सुवर्णकर्तुर्वैणस्य शस्त्रविक्रयिणस्तथा ॥ २१५ ॥ श्ववतां शौण्डिकानां च चैलनिर्णेजकस्य च । रञ्जकस्य नृशंसस्य यस्य चोपपतिर्गृहे ॥ २१६ ॥

સત્કાર વિના આપેલું, વૃથા અન્ન, માંસ, જે સ્ત્રીને પુત્ર અથવા પતિ ન હોય તે સ્ત્રીનું, શત્રુનું, ગ્રામાધિપતિનું, જાતિપતિતનું તથા છીંકેલું અન્ન ભોજન કરવું નહિં. ૨૧૩ ચાડીયાનું, ખોટી સાક્ષી પુરનારનું, યજ્ઞનું ફલવેચાતું આપનારનું, નટ, દરજી અને કૃતઘ્નીનું અન્ન ભોજન કરવું નહિં. ૨૧૪ લુહાર, નિષાદ, વેશ બદલીને તમાશા કરનારનું, સોનીનું, બરોડીયાનું અને શસ્ત્ર વેચવાવાળાનુ અન્ન ભોજન કરવું નહિં. ૨૧૫ કુતરાં પાળનાર, કલાલ, ધોબી, રંગારી, નિર્દયી, અને જેના ઘરમાં ઉપપતિ (જાર) હોય તેનું અન્ન ભોજન ન કરવું. ૨૧૬

मृष्यन्ति ये चोपपतिं स्त्रीजितानां च सर्वशः । अनिर्दशं च प्रेतान्नमतुष्टिकरमेव च ॥ २१७ ॥ राजान्नं तेजआदत्ते शूद्रान्नं ब्रह्मवर्चसम् । आयुः सुवर्णकारान्नं यशश्चर्मावकर्तिनः ॥ २१८ ॥ कारुकान्नं प्रजां हन्ति बलं निर्णेजकस्यच । गणान्नं गणिकान्नं च लोकेभ्यःपरिकृन्तति ॥ २१९ ॥ पूयंचिकित्सकस्यान्नं पुंश्चल्यास्त्वन्नमिन्द्रियम् । विष्टावार्धुषिकस्यान्नं शस्त्रविक्रयिणोमलम् ॥ २२० ॥

જે પુરૂષો સ્ત્રીને ઉપપતિ હોય તેને સહન કરતા હોય તેનું તથા સર્વ પ્રકારે સ્ત્રીને આધીન હોય તેનું તથા દશાહની અંદરનું સૂતકાન્ન તથા જેનાથી તૃપ્તિ ન થાય તેવું અન્ન ભોજન ન કરવું. ૨૧૭ રાજાનું અન્ન તેજનું, શૂદ્રનું અન્ન બ્રહ્મવર્ચસનુ, સોનીનું અન્ન આયુષ્યનું અને ચમારનું

અન્ન યશનું હરણ કરે છે; ૨૧૮ બરોડીઆનું અન્ન પ્રજાનો, ધોબીનું અન્ન બલનો, સમુદાય તથા વેશ્યાનું અન્ન સ્વર્ગાદી લોકનો નાશ કરે છે. ૨૧૯ વૈદ્યનું અન્ન પરૂસમાન જાણવું, વ્યભિચારીણી સ્રીનું અન્ન ઇન્દ્રિય તુલ્ય, બ્યાજથી જીવિકા ચલાવનારનું અન્ન વિષ્ઠા તુલ્ય અને શસ્ત્ર વેચનારનું અન્ન મલ સમાન છે. ૨૨૦

**य एतेऽन्येत्वभोज्यान्नाः क्रमशः परिकीर्तिताः । तेषांत्वगस्थिरो-
माणेवद-[illegible] मनीषिणः ॥ २२१ ॥ [illegible]त्वाताऽन्यतमस्यान्नम[illegible]
क्षपणंत्र्यहम् । मत्या कृत्वाचरेत्कृच्छ्रं रेतो[illegible] मेव च ॥ २२२ ॥
नाद्याच्छूद्रस्यपक्वान्नं विद्वान[illegible] जः । [illegible]
वृत्तावेकरात्रिकः ॥ २२३ ॥ श्रोत्रियस्य कद[illegible] वदान्यस्य च वार्धुषेः ।
मीमांसित्वोभयंदेवाः सममन्नमकल्पयन् ॥ २२४ ॥**

અને જે બીજા કે જેનું અન્ન ક્રમથી ભોજન કરવાની ના પાડી છે તેઓનું અન્ન ત્વચા, હાડકાં, અને લોમની તુલ્ય છે, એમ બુદ્ધિમાનો કહે છે. ૨૨૧ એમાંથી કોઇનું પણું અન્ન અજ્ઞાનનાથી ભોજન કરે તો ત્રણ દિવસ ઉપવાસ કરવો. અને બુદ્ધિ પૂર્વક ભોજન કરે તો કૃચ્છ્રવ્રત કરવું. તેજ પ્રમાણે અજાણતાં વીર્ય, મલ, મૂત્રનું ભક્ષણ કરે તો પણ કૃચ્છ્રવ્રત કરવું. ૨૨૨ વિદ્વાન દ્વિજે શ્રદ્ધા રહિત શૂદ્રનું પકવાન્ન ભોજન કરવું નહિં, જો લેવુંજ પડે તો તેનું કાચું અન્ન લેવું; તે પણ એક દિવસના નિર્વાહ જેટલું. ૨૨૩ કૃપણ શ્રોત્રિય અને બ્યાજ વૃદ્ધિ વડે જીવનાર દાતા એ બંનેના ગુણ દોષોનો વિચાર કરિને વિદ્વાનોએ બંનેનું અન્ન સમાન ગણ્યુ છે. ૨૨૪

**ता[illegible]त्यपाकृ[illegible]पचंसमम् । श्रद्धा[illegible]ह्यस्य हत-
मश्रद्धयेतरत् ॥ २२५ ॥ श्रद्धयेष्टं च पूर्तं च नित्यं कुर्याद-
न्द्रितः । श्रद्धाकृते ह्यक्षये ते भवतः स्वागतैर्धनैः ॥ २२६ ॥ दानधर्मं
निषेवेत नित्यमैष्टिकपौर्त[illegible] । परि[illegible]टेन भावेन [illegible]
॥ २२७ ॥ यत्किंचिदपि[illegible] याचितोऽनसू[illegible]या । [illegible]हि
तत्पात्रं यत्तारयति सर्वतः ॥ २२८ ॥**

બ્રહ્મા તે દેવોની પાસે આવીને બોલ્યા કે તમે વિષમ અન્નને સમ ન
રા. કેમકે વ્યાજવૃદ્ધિજીવી દાતાનું અન્ન શ્રદ્ધાવડે પવિત્ર થયું છે અને
નું શ્રોત્રિયનું અશ્રદ્ધાવડે હણાયલું છે. ૨૨૫ શ્રદ્ધાવડે યજ્ઞાદિ તથા વાવ,
ના, તળાવાદિ આલસ્ય રહિત થઈ સર્વદા બનાવવાં. ન્યાયવડે ઉપાર્જન
લાં ધનવડે શ્રદ્ધાથી કરેલાં એ કર્મ અક્ષય ફલ આપે છે. ૨૨૬ સંતુષ્ટ
વે કરીને સત્પાત્રને પ્રાપ્ત કરીને યથાશક્તિ યજ્ઞાદિ તથા કુપતળાવાદિ
ન ધર્મનું સેવન કરવું. ૨૨૭ ઇર્ષ્યા રહિત થઈ આપણી પાસે કોઈ યાચના
. તો તેને કાંઇકિને કાંઇક આપવું. કારણ કે એમ દાન કરવાથી કોઈ
મતે તેવું પાત્ર પણ દાન શીલ પુરૂષને પ્રાપ્ત થશે કે જે સર્વ દુઃખોથી
રણ કરે. ૨૨૮.

**वारि[illegible] [illegible]समाप्नोति सुखमक्षयमन्नदः । तिलप्रदः प्रजामिष्टां दीप-
[illegible]रुत्तमम् ॥ २२९ ॥ भूमिदो भूमिम[illegible] दीर्घमा[illegible]हिरण्यदः ।
[illegible]ग्र्याणि वेश्मानि रूप्यदो रूपमुत्तमम् ॥२३०॥ वासोद[illegible]-
[illegible]लोक्यमश्वदः । अनडुहः श्रियं पुष्टां गोदो ब्रध्नस्य[illegible]
२३१ ॥ यानशय्याप्रदो भार्यामैश्वर्यमभयप्रदः । धान्यदः शाश्वतं-
[illegible] ब्रह्म [illegible]र्ष्टिताम् ॥ २३२ ॥**

જલ દાન કરનાર તૃપ્તિ પામે છે, અન્ન દાન કરનાર અક્ષય સુખ
વે છે, તલ દાન કરનાર ઇષ્ટ પ્રજા પામે છે અને દીપ દાન કરનાર ઉત્તમ નેત્ર
મે છે. ૨૨૯ ભૂમિ દાન કરનાર ભૂમિ મેળવે છે, સુવર્ણ દાન કરનાર
ર્ઘાયુ પામે છે, ગૃહદાન કરનાર સારાં ઘરો પામે છે અને ચાંદીનું દાન
નાર ઉત્તમ રૂપ પામે છે. ૨૩૦ વસ્ત્ર દાન કરનાર ચંદ્ર સમાન=શરીર
મે છે, ઘોડાનું દાન કરનાર ઉત્તમ ઘોડા પ્રામે છે, બલદનું દાન કરનાર
રી લક્ષ્મી પામે છે અને ગાયનું દાન કરનાર સૂર્ય લોકને પામે છે. ૨૩૧
દિ તથા શય્યાનું દાન કરનાર ઉત્તમ સ્ત્રીને પામે છે, અભય દાન કર-
ઐશ્વર્ય મેળવે છે, ધાન્ય દાન કરનાર નિરંતરનું સુખ મેળવે છે
ને વેદનું અધ્યાપનરૂપ દાન કરનાર બ્રહ્મ ગતિને પ્રાપ્ત થાય છે. ૨૩૨.

**सर्वे[illegible] ब्रह्मदानं विशिष्यते । वार्यन्नगोम[illegible]वासस्ति-
[illegible]पैष[illegible] ॥ २३३ ॥ येन येन तु भावेन यद्यद्दानं प्रयच्छति ।**

त…येनव भावेन प्राप्नोति मति…जितः ॥ २३४ ॥ योऽर्चितं प्रतिगृ-
ह्णाति दद…च । तावुभौ गच्छतः स्वर्गं नरकं तु विपर्यये
॥ २३५ ॥ न … तपसा … च नानृतम् । नार्तोऽप्यपव -
…मान्न दत्वा परिकीर्तये ॥ २३६ ॥

જલ, અન્ન, ગાય, ભૂમિ, વસ્ત્ર, તલ, સુવર્ણ, અને ઘી એ સર્વ દાનો કરતાં વેદ દાન વિશેષ છે. ૨૩૩ જેવા જેવા ભાવથી જે જે દાન આપે છે તેવા તેવા ભાવવડે જન્માન્તરમાં સત્કાર થઇ તેને પામે છે. ૨૩૪ જે સત્કાર પૂર્વક દાન લે છે અને જે સત્કાર પૂર્વક દાન આપે છે તે બંને સ્વર્ગ પામે છે અને સત્કાર રહિત દાન લે છે અને સત્કાર રહિત દાન આપે છે તે બંને નરક=દુઃખ પામે છે. ૨૩૫ ચાન્દ્રાયણાદિ તપ કરીને વિસ્મય પામવું નહિ, યાગ કરીને ખોટું બોલવું નહિ, દુઃખી થયા છતાં પણ વિપ્રોની નિંદા ન કરવી, તેમજ દાન આપીને ચારે તરફ કહેતા ન ફરવું. ૨૩૬.

यज्ञोऽनृतेन क्षरति तपः क्षरति विस्मयात् । आयुर्विप्रापवादेन दानं
च परिकीर्तनात् ॥ २३७ ॥ धर्मं शनैः संचिनुयाद्…मिव …काः ।
प…लोके स…यार्थं सर्वभूतान्य… ॥ २३८ ॥ नामुत्र हि सहायार्थं
पिता माता च तिष्ठतः । न पुत्रदारं न ज्ञातिर्धर्मस्तिष्ठति केवलः
॥ २३९ ॥ एकः प्रजायते जन्तुरेकएव प्रलीयते । एकोऽनुभुङ्क्ते
…कृतमेकएव च दुष्कृतम् ॥ २४० ॥

અસત્ય ભાષણથી યજ્ઞ, આશ્ચર્યથી તપ, વિપ્રનાપર અપવાદ મુકવાથી આયુષ્ય અને પ્રસિદ્ધિ કરવાથી દાન નાશ પામે છે. એટલે કે તેનું ફલ મળતું નથી. ૨૩૭ સર્વ પ્રાણિ માત્રને દુઃખ ન આપતાં પરલોકમાં સહાયતાને માટે જેમ ભમરી જરા જરા મૃત્તિકાલાવી પોતાનું ઘર બનાવે છે તેમ ધીમે ધીમે ધર્મનો સંગ્રહ કરવો. ૨૩૮ પરલોકમાં સહાય કરવા માટે પિતા, માતા, પુત્ર, સ્ત્રી, તથા જ્ઞાતિજન કોઇ ઉભું રેહેતુ નથી કિંતુ એક ધર્મ માત્ર સહાયતા માટે ઉભો રહે છે. ૨૩૯ પ્રાણી એકલોજ ઉત્પન્ન થાય છે, એકલોજ મૃત્યુ પામે છે, અને એકલોજ પોતાનું કરેલું સુકૃત અથવા દુષ્કૃત ભોગવે છે. ૨૪૦.

मृतं शरीर…त्सृज्य काष्ठलोष्ठसमं क्षितौ । … …

यान्ति धर्मस्तमनुगच्छति ॥ २४१ ॥ तस्माद्धर्मं सहायार्थं नित्यं संचिनुयाच्छनैः । धर्मेण हि सहायेन तमस्तरति दुस्तरम् ॥ २४२ ॥ धर्मप्रधानं पुरुषं तपसा हतकिल्बिषम् । परलोकं नयत्याशु भास्वन्तं खशरीरिणम् ॥ २४३ ॥ उत्तमैरुत्तमैर्नित्यं संबन्धानाचरेत्सह । निनीषुः कुलमुत्कर्षमधमानधमांस्त्यजेत् ॥ २४४ ॥

લાકડું અથવા મૃત્તિકાના ઢેફાની માફક ચેતન રહિત મરેલાં શરીરને પૃથ્વિપર ત્યાગ કરીને પરાંગ મુખ થઇને બાંધવ જનો પાછા જાય છે. અને ધર્મ તો તે જીવની સાથે જાય છે. ૨૪૧ તેટલા માટે ધીરે ધીરે સહાયને માટે હંમેશાં ધર્મનો સંગ્રહ કરવો. ધર્મની સહાયતાવડે નહિ તરી શકાય એવાં દુઃખો પણ તરી શકાય છે. ૨૪૨ જેણે તપવડે પાપનો નાશ કરેલ છે એવા ધર્મ પરાયણ, પ્રકાશયુક્ત, મુક્ત પુરૂષને ધર્મ પરલોકમા લઈ જાય છે. ૨૪૩ પોતાના કુલને ઉન્નતિમાં લાવવાની ઇચ્છા કરનાર પુરૂષે ઉત્તમોત્તમ પુરૂષો સાથે સંબંધ રાખવો અને અધમની સંગાતિનો ત્યાગ કરવો. ૨૪૪.

उत्तमानुत्तमान्गच्छन्हीनान्हीनांश्च वर्जयन् । ब्राह्मणः श्रेष्ठतामेति प्रत्यवायेन शूद्रताम् ॥ २४५ ॥ दृढकारी मृदुर्दान्तः क्रूराचारैरसंवसन् । अहिंस्रो दमदानाभ्यां जयेत्स्वर्गं तथाव्रतः ॥२४६॥ "एधोदकं मूलफलमन्नमभ्युद्यतंचयत् । सर्वतः प्रतिगृह्णीयान्मध्वथाभयदक्षिणाम् ॥ २४७ ॥ आहृताभ्युद्यतांभिक्षां पुरस्तादप्रचोदिताम् । मेनेप्रजापतिर्ग्राह्यामपिदुष्कृतकर्मणः ॥ २४८ ॥"

ઉત્તમ ઉત્તમની સાથે સંબંધ રાખવાથી અને નીચોની સાથે સંબંધ ત્યજવાથી બ્રાહ્મણ શ્રેષ્ઠતાને પ્રાપ્ત કરે છે. અને નીચનો સંબંધ રાખવાથી નીચતાને પામે છે. ૨૪૫ દૃઢવૃત્તિવાળો, નિષ્ઠુરતા રહિત, શીતઉષ્ણાદિ દ્વંદ્વ સહન કરનાર, અને ક્રૂર આચારવાળા પુરૂષોનો સહવાસ છોડનાર પુરૂષ ઇન્દ્રિયોનું દમન અને દાનવડે કરીને સ્વર્ગને જીતે છે. ૨૪૬ "બાળવાનાં લાકડાં, પાણી, મૂલ, ફલ, અન્ન, અને મધ તર્થા અભય દક્ષિણા એટલાં જો માંગ્યા વિના મળે તો સર્વ પાસેથી લેવાં. ૨૪૭ લઇ આવીને સામે

મુકેલી તથા માંગ્યા વિના આપેલી ભિક્ષા પાપકારી પુરૂષ પાસેથી પણ લેવી એમ પ્રજાપતિએ માન્યું છે. ૨૪૮ ”

“नाश्नन्तिपितरस्तस्य दशवर्षाणिपञ्चच। नचहव्यंवहत्यग्निर्यस्तामभ्यवमन्यते ॥ २४९ ॥ शय्यांगृहान्कुशान्गन्धानपः पुष्पमणीन्दधि । धानामत्स्यान्पयोमांसं शाकंचैवननिर्नुदेत् ॥ २५० ॥ गुरून्भृत्यांश्चोज्जिहीर्षन्नर्चिष्यन्देवतातिथीन् । सर्वतः प्रतिगृह्णीयान्नतुतृप्येत्स्वयंततः ॥ २५१ ॥ गुरुषुत्वभ्यतीतेषु विनावातैर्गृहेवसन् । आत्मनोवृत्तिमन्विच्छन्गृह्णीयात्साधुतःसदा ॥ २५२ ॥”

“જે અયાચિત ભિક્ષાનું અપમાન કરે તો તેના કરેલાં શ્રાદ્ધમાં પંદર વર્ષ સુધી પિતરો ભોજન કરતા નથી અને અગ્નિ તેના હુત દ્રવ્યનું ગ્રહણ કરતો નથી. ૨૪૯ શય્યા, ઘર, દર્ભ, ગંધ, પાણી, પુષ્પ, મણિ, દહિ, ધાણા, માછલાં, દૂધ, માંસ અને શાક એટલું જો કોઇ આપે તો તેની ના કેહેવી નહિ. ૨૫૦ માતા, પિતા, ગુરૂ, ભૃત્ય વર્ગ તથા સ્ત્રી એટલાં ક્ષુધાથી પિડિત હોય તો તેની તૃપ્તિ માટે તથા દેવના અને અતિથિના સત્કાર માટે સર્વ પાસેથી અન્નાદિની ભિક્ષા લેવી. પરંતુ પોતે તેમાંથી ભોજન કરવું નહિ. ૨૫૧ માતા પિતા, ગુરૂ આદિ મરણ પામ્યા હોય અથવા જીવતાં હોય તો તેના વિના એકલો ઘરમાં રેહેતા અને પોતાનિ જીવિકાની ઇચ્છા કરતાં હમેશાં સાધુ પાસેથીજ ભિક્ષા લેવી. ૨૫૨.”

“आर्धिकःकुलमित्रंच गोपालोदासनापितौ । एतेशूद्रेषुभोज्यान्ना यश्चात्मानंनिवेदयेत् ॥ २५३ ॥ ” यादृशोऽस्य भवेदात्मा यादृशं च चिकीर्षितम् । यथा चोपचरेदेनं तथात्मानं निवेदयेत् ॥ २५४ ॥ योऽन्यथा सन्तमात्मानमन्यथा सत्सु भाषते । स पापकृत्तमोलोके स्तेनआत्मापहारकः ॥ २५५ ॥ वाच्यर्थानियताः सर्वे वाङ्मूलावाग्विनिःसृताः । तांस्तुयः स्तेनयेद्वाचं ससर्वस्तेयकृन्नरः ॥ २५६ ॥

જે જેની અર્ધ ભાગની ખેતી કરતો હોય તે, કુલ મિત્ર, ગોપાલ, દાસ તથા નાપિત એટલા શૂદ્રોનું અન્ન ભોજન કરવા યોગ્ય છે. અને જે આપણને નિવેદન કરે તેનું પણ અન્ન ભોજ્ય છે. ૨૫૩ ” (જ્યારે વગર

માંગે મળેલું સર્વનું પાણી પીવા યોગ્ય છે તેમજ મૂલ, ફલ, અન્ન આદિ પણ જો વગર માંગે ચાહે તેનાં મળે તો તે લેવા યોગ્ય છે. તો પછી શ્લોક ૨૦૫ થી ૨૨૩ સુધી કોનાં અન્ન ભોજન કરવા ને કોનાં ત્યાગ કરવાની જે મહેનત ઉઠાવી તે તો જાણે બધી પાણીમાંજ ગઈ!!! અર્થાત્ પૂર્વના અન્નશુદ્ધિના શ્લોકો સાથે વિરોધ આવવાથી શ્લોક ૨૪૭ થી ૨૫૩ સુધીનાં ક્ષેપકો છે એમ માલૂમ પડ્યા વિના રેહેતું નથી. વળી જબરજસ્તી તે ક્યાં સુધીની કે જે અયાચિત ભિક્ષાનું અપમાન કરે તેના પિતરો પંદર વર્ષ ભૂખ્યા રહે અને અગ્નિ હવ્ય ભાગ ન લે!! જરા તો વિચાર કરવો કે પ્રથમ તો અયાચિતનું નામ ભિક્ષાજ કેમ કેહેવાય? વળી માંસ ભક્ષણ તથા માછલાં ભક્ષણ કરવાનો તો ચોખ્ખો નિષેધ મનુ મહારાજ બતાવે છે તો પછી ભિક્ષામાં તેની આપલે કેમ થઈ? ઇત્યાદિ વિચારોથી એ શ્લોકો પ્રક્ષિપ્તજ છે.) જેવો એ શૂદ્રનો આત્મા હોય અને જેવુ કરવા ઇચ્છા રાખી હોય, અને જેવી એણે સેવા કરવી હોય તેવુ આપણને કેહેવુ. ૨૫૪ આત્માને કાંઇ જુદું બતાવતો હોય, અને સત્પુરૂષોમાં કાંઇ જુદુ કહેતો હોય તે લોકોમા મોટું પાપ કરનાર આત્માનો ચોર સમજવો. ૨૫૫ સંપૂર્ણ અર્થ વાણીમાં નિયત છે. સર્વનું મૂલવાણી છે અને સર્વ વાણીથી નીકળે છે. માટે જે વાણીનો ચોર છે તે સંપૂર્ણ ચોરી કરનારો જાણવો. ૨૫૬.

महर्षिपितृदेवानां गत्वाऽऽनृण्यं यथाविधि । पुत्रे सर्वं समासज्य वसेन्माध्यस्थमाश्रितः ॥ २५७ ॥ एकाकी चिन्तयेन्नित्यं विविक्ते हितमात्मनः । एकाकीचिन्तयानोहि परंश्रेयोऽधिगच्छति ॥ २५८ ॥ एषोदिता गृहस्थस्य वृत्तिर्विप्रस्यशाश्वती । स्नातकव्रतकल्पश्च सत्त्ववृद्धिकरः शुभः ॥ २५९ ॥ अनेन विप्रो वृत्तेन वर्तयन्वेदशास्त्रवित् । [illegible]ल्मषोनित्यं ब्रह्म लोके महीयते ॥ २६० ॥

ઋષિ, પિતરો, દેવતા એટલાનું ઋણ આપીને અને યથાવિધિ પુત્રના ઉપર કુટુંબનો ભાર સોંપીને સમાન દર્શી થઇ ઘરમાજ રહેવુ. ૨૫૭ નિર્જન સ્થાનમાં એકલાએ આત્માના હિતનું ચિંતવન કરવું, કેમકે એકલાજ ધ્યાન કરતાં પરમશ્રેય (મોક્ષ) પામે છે. ૨૫૮ આગૃહસ્થ બ્રાહ્મણની સનાતન વૃત્તિ અને સ્નાતકનાંવ્રત અને કલ્પ કે જે શુભ ગુણની વૃદ્ધિ કરનારાં છે તે

ક્યાં ૨૫૯ વેદ શાસ્ત્રને જાણનાર બ્રાહ્મણ આ શાસ્ત્રોક્ત આચારવડે નિત્ય કર્માનુષ્ઠાન કરતાં સર્વ પાપનો નાશ કરી બ્રહ્મ લોક પામે છે. ૨૬૦.

इति मानवे धर्मशास्त्रे चतुर्थोऽध्यायः

ઇતિ મનુસ્મૃતિ સરલ ગુજરાતી ટીકાનો ચોથો અધ્યાય સમાપ્ત.

ओ३म्

अथ पञ्चमोऽध्यायः

" श्रुत्वैतानृषयोधर्मान्स्नातकस्ययथोदितान् । इदमूचुर्महात्मानम नलप्रभवंभृगुम् ॥ १ ॥ एवंयथोक्तंविप्राणां स्वधर्ममनुतिष्ठताम् । कथं मृत्युःप्रभवति वेदशास्त्रविदांप्रभो ॥ २ ॥ स तानुवाचधर्मात्मा महर्षीन्मानवोभृगुः। श्रूयतांयेनदोषेण मृत्युर्विप्राञ्जिघांसति ॥३॥" अनभ्यासेन वेदानामाचारस्य च वर्जनात् । आलस्यादन्नदोषाच्च मृत्युर्विप्राञ्जिघांसति ॥ ४ ॥

"ઋષિલોકોએ સ્નાતકના યથોક્ત ધર્મ સાંભળીને મહાત્મા અગ્નિવંશી ભૃગુ પ્રત્યે એવું વચન બોલ્યા કે ૧. હે પ્રભુ ! વેદશાસ્ત્રને જાણનારા બ્રાહ્મણો સ્વધર્માચારણ કરે છે છતાં એવા વિપ્રોને મૃત્યુ કેમ પ્રાપ્ત થાય છે ? ૨. તે મનુજીનાપુત્ર ધર્માત્મા ભૃગુ ઋષિઓ પ્રત્યે બોલ્યા કે જે દોષ વડે મૃત્યુ વિપ્રોનો નાશ કરે છે તે કહું છું સાંભળો. ૩." (આ ત્રણ શ્લોકો સંબંધ બેસાડવા માટે કોઇ અન્યના મેળવેલા છે. એ સ્પષ્ટ છે.) વેદોના અભ્યાસ વિના, આચાર ત્યાગ કરવાથી, કર્મમાં આલસ્યથી અને અન્નના દોષથી મૃત્યુ વિપ્રોનો નાશ કરે છે.

लशुनं गृञ्जनं चैव पलाण्डुं कवकानि च । अभक्ष्याणि द्विजातीनाममेध्यप्रभवाणि च ॥ ५ ॥ लोहितान्वृक्षनिर्यासान्वृश्चनप्रभवांस्तथा। शेलुं गव्यं च पेयूषं प्रयत्नेन विवर्जयेत् ॥ ६ ॥" वृथाकृसरसंयावं पायसापूपमेव च । अनुपाकृतमांसानि देवान्नानिहवींषिच ॥७॥ " अनिर्दशाया गोः क्षीरमौष्ट्रमैकशफं तथा । आविकं संधिनीक्षीरं विवत्सायाश्च गोः पयः ॥ ८ ॥

લસણ, ગાજર, ડુંગળી, છત્રાક, અને બીજાં અપવિત્ર વસ્તુથી પેદા થએલાં દ્વિજાતિયોને અભક્ષ્ય જાણવાં ૫. રાતાં વૃક્ષોનો ગુંદર, વૃક્ષ છેદવાથી નિકળતો રસ, બીલોડાં અને નવીન વિયાયલી ગાયનું અગ્નિસંયોગથી કઠણ ધાડું કરેલું દૂધ એટલું યત્નથી ત્યાગ કરવું ૬. "દેવકાર્યના ઉ-

દેશ વિના કેવલ આત્મ તૃપ્ત્યર્થે રાંધેલું તલમિશ્રિત ઓદન=ભાત, ક્ષીર, અને માલપુડા, અને બલિદાન વિનાનું માંસ તથા હવનના પુરોડાશનું ભક્ષણ ન કરવું," (જ્યારે વૈશ્વ દેવ કર્યા શિવાય ભોજનનો નિષેધ ત્રિજા અધ્યાયમા કરી ગયા છે તો પછી આ બધું પાછું ગણાવવાની શી જરૂર ? આ લીલા માંસાહારીઓની દેખાય છે, જેથી આ શ્લોક પ્રક્ષિપ્ત છે.) તરતની પ્રસવેલી ગાયનું દશ દિવસ સુધીનું દુધ, ઉંટડીનું, ઘોડીઆદિ એક ખરી વાળીનું, ઘેટીનુ, રજસ્વલા સ્ત્રીનું અને જેનું વાછરડું મરી ગયું હોય તેવી ગાયનું દુધ ત્યાગ કરવુ ૮.

आरण्यानां च सर्वेषां मृगाणां माहिषं विना । स्त्रीक्षीरं चैव वर्ज्यानि सर्वशुक्तानि चैव हि ॥ ९ ॥ दधि भक्ष्यं च शुक्तेषु सर्वं च दधिसंभवम् । यानि चैवाभिषूयन्ते पुष्पमूलफलैः शुभैः ॥ १० ॥ "क्रव्यादाञ्छकुनान्सर्वांस्तथाग्रामनिवासिनः । अनिर्दिष्टांश्चैकशफांष्टिट्टिभं चविवर्जयेत् ॥ ११ ॥ कलविङ्कं प्लवंहंसं चक्राङ्गंग्रामकुक्कुटम् । सारसंरज्जुवालंच दात्यूहंशुकसारिके ॥ १२ ॥"

ભેંસને છોડીને વનમાં રહેવાવાળાં સર્વ પશુઓનું દુધ, સ્ત્રીનું દુધ તેમજ ખાટા થઈ ગયેલા સર્વ પદાર્થ ત્યાગ કરવા. ૯ ખાટા થયેલા પદાર્થોમાં પણ દહિ ખાવું અને દહિથી થયેલા સર્વ પદાર્થનું ભક્ષણ કરવું તથા પુષ્પ, મૂલ, અને ફલ વડે જે પદાર્થો બને છે તે ભક્ષણ કરવા ૧૦. "કાચું માંસ ખાવાવાળાં સર્વ જાનવરોનું, ગામમાં રેહેવાવાળા જાનવરોનું નહિં દર્શાવેલાં એક ખરીવાળાં જાનવરોનું તથા ગધેડાં અને ટીડનું માસ ભક્ષણ કરવું નહિં. ૧૧. ચટક પક્ષિ, કબૂતર, હંસ, ચક્રવાક, ગામનો મુરઘો, સારસ, મોટી ગરદનવાળી જલકુકડી, પપૈયો, પોપટ અને મેના, ૧૨"

"प्रतुदाञ्जालपादांश्च कोयष्टिनखविष्किरान् । निमज्जतश्च मत्स्यादान् शौनंवल्लूरमेवच ॥ १३ ॥ बकंचैवबलाकांच काकोलं खञ्जरीटकम् । मत्स्यादान्विड्वराहांश्च मत्स्यानेवचसर्वशः ॥ १४ ॥ योयस्य मांसमश्नाति सतन्मांसादउच्यते । मत्स्यादःसर्वमांसादस्तस्मान्मत्स्यान्विवर्जयेत् ॥ १५ ॥ पाठीनरोहितावाद्यौ नियुक्तौ हव्यकव्ययोः । राजीवान्सिंहतुण्डांश्च सशल्कांश्चैवसर्वशः ॥ १६ ॥"

"ચાંચથી ફાડી ખાનાર પક્ષિયો, જેના પગમાં જાળ હોય તેવાં બાજ પક્ષિ વિગેરે, જે નખો વડે ફાડીને ખાનાર પક્ષિયો, પાણીમાં ડુબકી મારી માંછલાં ખાય છે તે, એટલા પક્ષિયોનાં માંસ તથા પશુ વધસ્થાનનું માંસ તથા શુષ્ક માંસ ખાવું નહિં. ૧૩. બગલા, બનક, કોયલ, ખંજન, માંછલાં ખાનાર તથા વિષ્ઠા ભક્ષણ કરનાર ભુંડનું માસ ન ખાવું તથા સર્વ માછલાં ન ખાવાં. ૧૪. જે જેનું માંસ ભક્ષણ કરે છે તે તેનું માંસ ભક્ષણ કરનાર કેહેવાય છે. તેમજ માછલાં સર્વનું માંસ ખાય છે માટે માછલાં ખાનાર સર્વ માંસભક્ષી કેહેવાય છે માટે માછલાંનું ભક્ષણ ત્યાગ કરવું. ૧૫. પાઠીન તથા રોહિત એ બે નામવાળી માછલીઓ હવ્ય અને કવ્યમાં લીધી છે માટે ભક્ષણ કરવા યોગ્ય છે. રાજીવ, સિંહતુંડા અને સર્વ મોટી ત્વચાવાળી માછલી પણ ભક્ષણ કરવા યોગ્ય છે. ૧૬"

"नभक्षयेदेकचरानज्ञातांश्चमृगद्विजान्। भक्ष्येष्वपिसमुद्दिष्टान् सर्वान्पञ्चनखांस्तथा ॥ १७ ॥ श्वाविधंशल्यकंगोधां खड्गकूर्मशशांस्तथा । भक्ष्यान्पञ्चनखेष्वाहुरनुष्ट्रांश्चैकतोदतः ॥ १८ ॥ छत्राकंविड्वराहंच लशुनंग्रामकुक्कुटम् । पलाण्डुंगृञ्जनंचैव मत्याजग्ध्वापतेद्द्विजः ॥१९॥ अमत्यैतानिषड्जग्ध्वा कृच्छ्रं सान्तपनंचरेत् । यतिचान्द्रायणंवापि शेषेषूपवसेदहः ॥ २० ॥"

"એકલા ફરનાર સર્પાદિ, અજ્ઞાત મૃગ પક્ષિયો, અને જે ભક્ષ્યોમાં કહ્યા હોય એવાં પાંચ નખવાળાઓ વાનરાદિ, એટલાનું ભક્ષણ કરવું નહિ. ૧૭. સેધ નામનું પ્રાણી, શલ્ય, ગોધા, ખડગ અને સસલાં એ પ્રાણીયોમાં પાંચનખવાળામાં ભક્ષણ યોગ્ય છે. અને ઉંટને છોડીને એકબાજુ દાંતવાળા પણ ભક્ષણ યોગ્ય છે. ૧૮. છત્રાક, ગામસૂકર, લસણ, ગામનો મરઘો, ડુંગળી અને ગાજર એ સર્વનું બુદ્ધિપૂર્વક જે દ્વિજ ભક્ષણ કરે તે પતિત થાય છે. ૧૯. એ છનુ જે દ્વિજ બુદ્ધિપૂર્વક ભક્ષણ કરે તો તેણે કૃચ્છ્રસાંતપન અથવા યતિચાંદ્રાયણ પ્રાયશ્ચિત કરવું અને બાકીના ઉપરોક્તનુ ભક્ષણ કરે તો એક દિવસ ઉપવાસ કરવો: ૨૦"

"संवत्सरस्यैकमपि चरेत्कृच्छ्रं द्विजोत्तमः। अज्ञातभुक्तशुद्ध्यर्थं ज्ञात [illegible]तः ॥ २१ ॥ यज्ञार्थं ब्राह्मणैर्वध्याः प्रशस्ता मृगपक्षिणः ।

भृत्यानांचैव वृत्त्यर्थमगस्त्यो ह्याचरत्पुरा ॥ २२ ॥ बभूवुर्हि पुरोडाशा भक्ष्याणां मृगपक्षिणाम् । पुराणेष्वपि यज्ञेषु ब्रह्मक्षत्रसवेषु च ॥ २३ ॥” यत्किंचित्स्नेहसंयुक्तं भक्ष्यं भोज्यमगर्हितम् । तत्पर्युषितमप्याद्यं हविःशेषं च यद्भवेत् ॥ २४ ॥

“અજાણતા ભક્ષણ થયું હોય તેની શુદ્ધિને માટે દ્વિજે એક વર્ષનું એક વ્રત કરવું અને જાણીને ભક્ષણ કર્યું હોય તો વિશેષ કરીને પ્રાયશ્ચિત કરવું. ૨૧ બ્રાહ્મણોએ યજ્ઞને માટે તથા દાસ વર્ગના પોષણને માટે મૃગ પક્ષિયો વધ કરવા યોગ્ય છે, કેમકે અગસ્ત્ય મુનિયે પુર્વે એવું આચરણ કર્યું હતું ૨૨. કેમકે પ્રાચિન ઋષિયો તથા બ્રાહ્મણ અને ક્ષત્રિયોના યજ્ઞોમાં ભક્ષણ કરવા યોગ્ય મૃગપક્ષિઓના પુરોડાશો થતા હતા. ૨૩. (શ્લોક ૧૧ થી શ્લોક ૨૩ સુધીના ૧૩ શ્લોકો કોઈ માંસહારીએ મેળવેલા દેખાય છે, વળી લસણ, છત્રાક, અને ડુંગળીનો નિષેધ શ્લોક ૫ માં કરી આવ્યા પછી વળી શ્લોક ૧૯ માં પુનરૂક્તિ શામાટે કરવી જોઇએ ? વળી અગસ્ત્ય મુનિનો હવાલો આપેલો છે જેથી જણાય છે કે પુરાણમાં અગસ્ત્ય મુનિની કથા વાંચીને કોઇએ મેળવેલા છે; તેમજ પ્રાચીન ઋષિયો આદિના યજ્ઞમાં પુરોડાશ બનતા હતા, આવી પરોક્ષ ભૂતકાલની ક્રિયાથી જણાય છે કે એ વાત પ્રાચીન છે કે જે આંખો વડે જોયલી નથી તો પ્રશ્ન એ થાય છે કે સ્વાયંભુવ મનુના પહેલાં બીજા કયા ઋષિયો હતા ? અને અગસ્ત્ય કયાં હતા ? એથી સિદ્ધ થાય છે કે શ્લોક બનાવવાવાળાએ પોતાના લેખની પ્રાચીનતા સિદ્ધ કરવા માટે તથા પોતાના સમયમાં માંસને અભક્ષ્ય જાણીનેજ પ્રાચીન સાક્ષી આપવાનું સાહસ કરેલું છે. ઇત્યાદિ કારણોથી એ શ્લોકો પ્રક્ષિપ્ત છે. અને શ્લોક ૧૦ માનો ૨૪ નીસાથે સંબંધ પણ બરાબર બેસતો આવે છે માટે એ શ્લોકો ત્યાજ્ય છે.) જે કાંઈ ભક્ષ્ય તથા ભોજ્ય વસ્તુ અનિંદિત હોય અને તે ઘૃતાદિયુક્ત હોય તો તે વાસી હોય તો પણ ભક્ષણ કરવા યોગ્ય છે; તેમ હવનથી શેષ હોય તે પણ ભક્ષણ કરવા યોગ્ય છે. ૨૪.

चिरस्थितमपि त्वाद्यमस्नेहाक्तं द्विजातिभिः । यवगोधूमजं सर्वं पयसश्चैव विक्रिया ॥ २५ ॥ एतदुक्तं द्विजातीनां भक्ष्याभक्ष्यमशेषतः । मांसस्यातः प्रवक्ष्यामि विधिं भक्षणवर्जने ॥ २६ ॥ प्रोक्षितं

मा [illegible] ।यथाविधिनियुक्तः प्राणानामवचात्यये ॥२७॥ प्राणस्यान्नमिदं सर्वं प्रजापतिरकल्पयत् । स्थावरंजङ्गमंचैव सर्वंप्राण-स्यभोजनं ॥ २८ ॥"

ઘૃતરહિત જવની તથા ઘઉંની બનેલી વસ્તુ તથા દૂધની બનેલી મીઠાઇ વિગેરે ઘણાં કાળની હોય તો પણ ભક્ષણ કરવા યોગ્ય છે. ૨૫ "દ્વિજાતિયોનું આ સર્વભક્ષ્ય અને અભક્ષ્ય પ્રકરણ કહ્યું. હવે માંસના ભક્ષણનો વિધિ તથા ત્યાગનો વિધિ કહું છું. ૨૬ બ્રાહ્મણોને જ્યારે માંસ ખાવાની ઇચ્છા થાય ત્યારે યજ્ઞમાં શુદ્ધ કરેલું માંસ એકવાર ખાવું. અને પ્રાણની રક્ષાને માટે નિયમપૂર્વક યથાવિધિ માંસ ભક્ષણ કરવું. ૨૭ પ્રજાપતિએ આ સવ સ્થાવર અને જંગમ પ્રાણીનું અન્ન છે એમ કલ્પેલું છે, માટે તે સર્વ પ્રાણનું ભોજન છે, એટલે પ્રાણધારણાર્થ માંસ ભક્ષણ કરે તો તેનો બાધ નથી. ૨૮."

"चराणामन्नमचरा दंष्ट्रिणामप्यदंष्ट्रिणः । अहस्ताश्चसहस्तानां शूराणांचैवभीरवः ॥ २९ ॥ नात्तादुष्यत्यदन्नाद्यान्प्राणिनोऽहन्यहन्यपि । धात्रैवसृष्टाह्याद्याश्च प्राणिनोऽत्तारएवच ॥ ३० ॥ य[illegible]र्थं-मांसस्येत्येष दैवोविधिः स्मृतः । अतोऽन्यथाप्रवृत्तिस्तु राक्षसोविधिरुच्यते ॥ ३१ ॥ क्रीत्वास्वयंवाप्युत्पाद्य परोपकृतमेववा । देवान्पितॄंश्चार्चयित्वा खादन्मांसंनदुष्यति ॥ ३२ ॥"

"ચર એટલે હરિણાદિ, તેનું ભોજન અચર એટલે તૃણઆદિ, દાઢવાળાઓનું ભોજન દાઢ વિનાના પ્રાણી હરિણાદિ, હાથવાળાનું ભોજન હાથ વગરના પ્રાણી મત્સ્યાદિ અને શૂરવીરોનું એટલે સિંહાદિનું ભોજન બીકણ પ્રાણી એટલે હાથી વિગેરે જાણવા. ૨૯ ભક્ષણ કરવા યોગ્ય પ્રાણીઓનું હંમેશા ભક્ષણ કરવાથી ભક્ષણ કરનારને કાંઇ પણ દોષ લાગતો નથી. કેમકે વિધાતાએજ ભોજન અને ભોજન કરનારાઓને ઉત્પન્ન કર્યા છે. ૩૦ યજ્ઞને માટે એટલે કે યજ્ઞ નિમિત માસ ભક્ષણ કરવું એ દૈવ અનુષ્ઠાન કેહેવાય છે. અને એનાથી વિપરીત એટલે એમને એમ માંસ ભક્ષણ કરે તો તે રાક્ષસ વિધિ કેહેવાય છે. ૩૧ પોતે વેચાતું લાવીને અ-

થવા પોતેજ મારી ઉત્પ ન કરેલું અથવા કોઇ બીજાએ લાવી આપેલાં માંસને દેવ અને પિતરોને નૈવેદ્ય કરીને ભક્ષણ કરવાથી કાંઇ દોષ લાગતો નથી. ૩૨.

"नाद्यादविधिनामांसं विधिज्ञोऽनापदिद्विजः । जग्ध्वाह्यविधिना मांसं प्रेत्यतैरद्यतेऽवशः ॥ ३३ ॥ नतादृशभवत्येनोमृगहन्तुर्धनार्थिनः। यादृशंभवतिप्रेत्य वृथामांसानिखादतः ॥ ३४ ॥ नियुक्तस्तुयथान्यायं योमांसंनात्तिमानवः । सप्रेत्यपशुतांयाति संभवानेकविंशतिम् ॥३५॥ असंस्कृतान्पशुन्मन्त्रैर्नाद्याद्विप्रः कदाचन । मन्त्रैस्तु संस्कृतानद्याच्छा-श्वतंविधिमास्थितः ॥ ३६ ॥"

"વિધિને જાણનાર દ્વિજે આપત્તિરહિત કાલમા વિધિ વિના માંસ ખાવું નહિં. કેમકે વિધિ વિના જે માંસ ભક્ષણ કરે છે તો જેનું માંસ તેણે ખાધું હોય તો તેના મરણ બાદ તે તેનું માંસ ખાય છે. ૩૩ જેનું દેવ તથા પિતરોને નૈવેદ્ય ધરાવ્યા શિવાય= અર્પણ કર્યા શિવાય વૃથા માસનું ભક્ષણ કરનારને પાપ લાગે છે તેવું રોજગારને માટે પશુ મારનારને પાપ લાગતું નથી. ૩૪ શ્રાદ્ધમાં અથવા મધુપર્કમાં યથા શાસ્ત્ર નિયુક્ત થઇને જે મનુષ્ય માંસનું ભક્ષણ કરતો નથી તે મરણ પામ્યા બાદ એકવીશ જન્મ સુધી પશુ યોનિમાં આવે છે. ૩૫ જે માંસના મંત્રોવડે સસ્કાર ન થયો હોય તે માંસ વિપ્રે કદાપિ ખાવું નહિ. સનાતન વિધિમાં રહેના મંત્રવડે સસ્કાર કરેલાં માંસનું ભક્ષણ કરવું. ૩૬."

"कुर्याद्घृतपशुंसंगे कुर्यात्पिष्टपशुंतथा। नत्वेवतुवृथाहन्तुं पशुमिच्छे-त्कदाचन ॥ ३७ ॥ यावन्तिपशुरोमाणि तावत्कृत्वोह मारणम्। वृथा-पशुघ्नः प्राप्नोति प्रेत्यजन्मनिजन्मनि ॥ ३८ ॥ यज्ञार्थेपशवः सृष्टाः स्वयमवस्वयंभुवा । यज्ञस्यभूत्यैसर्वस्य तस्माद्यज्ञेवधोऽवधः ॥ ३९ ॥ ओषध्यः पशवो वृक्षास्तिर्यञ्चः पक्षिणस्तथा । यज्ञार्थेनिधनंप्राप्ताः प्रा-प्नुवन्त्युत्सृतीः पुनः ॥ ४० ॥"

"માંસ ખાવાની ઇચ્છા થાય તો ઘીનો અથવા લોટનો પશુ બનાવીને યથાવિધિ ખાવો, પરંતુ દેવતાના નિમિત્ત વિના પશુ મારવાની ઇચ્છા ન કરવી. ૩૭ દેવતાના ઉદ્દેશ વિના જે મનુષ્ય પશુ મારે છે તે મરણ પા-

મ્યા પછી તે પશુના શરીરપર જેટલા રોમ હોય છે તેટલા જન્મ સુધી તે મારનાર બીજા વડે મરાય છે. ૩૮ બ્રહ્માએ ખાસ પોતે યજ્ઞને માટે પશુઓ ઉત્પન્ન કર્યા છે. અને તે સર્વ યજ્ઞની સમૃદ્ધિને માટે છે જેથી યજ્ઞમાં જે વધ થાય છે તે વધ સમજવો નહિં કિંતુ અવધ જાણવો. ૩૯ ઔષધીઓ, પશુઓ, વૃક્ષો, કાચબાઆદિ, પક્ષિયો, એટલાં જો યજ્ઞને માટે મારવામાં આવે તો તે ઉત્તમ યોનિને પ્રાપ્ત થાય છે. ૪૦.

"मधुपर्के च यज्ञे च पितृदैवतकर्मणि। अत्रैव पशवो हिंस्या नान्यत्रेत्यब्रवीन्मनुः ॥ ४१ ॥ एष्वर्थेषु पशून्हिंसन्वेदतत्त्वार्थविद् द्विजः। आत्मानं च पशुं चैव गमयत्युत्तमां गतिम् ॥ ४२ ॥" गृहे गुरावरण्ये वा निवसन्नात्मवान्द्विजः। नावेदविहितां हिंसामापद्यपि समाचरेत् ॥ ४३ ॥ या वेदविहिता हिंसा नियतास्मिंश्चराचरे। अहिंसामेव तां विद्याद्वेदाद्धर्मो हि निर्बभौ ॥ ४४ ॥

"મધુપર્કમા, યજ્ઞમાં, દેવ અને પિતૃ કર્મમાં, એટલામાં જ પશુની હિંસા કરવી બીજે ઠેકાણે કરવી નહિ એમ મનુ કહે છે. ૪૧. વેદતત્વાર્થને જાણનારદ્વિજ ઉપરોક્ત પ્રયોજન માટે જ પશુની હિંસા કરતાં પોતાની તથા તે પશુની ઉત્તમ ગતિ પ્રાપ્ત કરે છે. ૪૨" (શ્લોક ૨૬થી ૪૨ સુધીના સ્પષ્ટ કોઇ મહામાંસપ્રિયના મેળવેલા હોય તેમ જાણાય છે. વિચાર કરો કે શ્લોક ૧૧થી ૨૩ સુધી તો માંસનો વિધિનિષેધ બતાવ્યો વળી આ નવો વિધિનિષેધ શા માટે જોઈયે? એ શ્લોક લખનારનો જબરજસ્તી તે કયાં સુધીની કે માંસ ખાવાવાળાને દોષ નથી લાગતો એમ માનીનેજ ન ચલાવી લેવું તો બાજુ પર રહ્યું પરંતુ ઉલટું માંસ નહિં ખાનારને એકવીશ જન્મ સુધી પશુ બનાવે છે!! વાહવાહ!! ધન્ય છે કે ઘી અને લોટનો પણ સ્વાદ ત્યારે જ સારો લાગતો હશે કેજ્યારે તેનો પશુ આકાર બનાવવામાં આવે!! દિલગીર થવા જેવું છે એવાઓની બુદ્ધિનાપર!!! ભલા માંસ ખાવાની રૂચી હોત તો એમને એમ ગમે તેમ તે સંપાદન કરવી હતી પણ તેમાં બીચારા દેવતાને અને પિતરોને એ કસાઈવાડાના સોદાગર શા માટે બનાવી સંડોવ્યા હશે? શું આ કરતાં કાંઇ વધારે દુષ્ટપણું સંસારમાં છે ખરૂં! જ્યારે યજ્ઞમાં પશુ મારીને તેને ઉત્તમ ગતિ પમાડે છે તો શું પોતાના માતા, પિતા, પુત્ર, પુત્રી, પશુ જે-

ટલાં વ્હાલાં નથી ? કે તેનેજ યજ્ઞને માટે માર્યાને ઉત્તમ ગતિ આપવામાં ન આવે ? વળી મનુના એજ અધ્યાયમાં માંસને માટે ખાસ નિષેધ આવે છે તેની સાથે પણ આ શ્લોકો વિરુધ્ધ હોવાથી સર્વથા ત્યાજ્ય છે ને વળી જો મનુને માંસભક્ષણ ઇષ્ટજ હોત તો શ્લોક ૪૩થી જ તેનો નિષેધ શા માટે બતાવે ? માટે વચ્ચેના ૧૭ શ્લોક પ્રક્ષિપ્ત છે.) ગૃહસ્થાશ્રમમાં, બ્રહ્મચર્યાશ્રમમાં અથવા વાનપ્રસ્થાશ્રમમાં રહેતા જીતેન્દ્રિય દ્વિજે વેદ વડે અવિહિત હિંસા આપત્કાલમાં પણ ન કરવી. ૪૩ આ જગતમાં વેદ વિહિત હિંસા જે ચરાચરમાં નિયત છે તેને અહિંસાજ જાણવી. (હિંસક મનુષ્યો અથવા સિંહસર્પાદિને દંડ આપવાના તાત્પર્યથી આ ઉલ્લેખ છે તેમ જ આગળના શ્લોકમાં અહિંસકાદિનું સ્પષ્ટીકરણ કર્યું છે.) કારણ કે વેદથી ધર્મનો પ્રકાશ થયો છે. અર્થાત્ વેદથી કહી હિંસા રૂપ અધર્મનો પ્રકાશ થયો નથી. ૪૪.

योऽहिंसकानि भूतानि हिनस्त्यात्मसुखेच्छया । स जीवंश्च मृतश्चैव न क्वचित्सुखमेधते ॥ ४५ ॥ यो बन्धनवधक्लेशान्प्राणिनां न चिकीर्षति । स सर्वस्य हितप्रेप्सुः सुखमत्यन्तमश्नुते ॥ ४६ ॥ यद्ध्यायति यत्कुरुते धृतिं बध्नाति यत्र च । तदवाप्नोत्ययत्नेन यो हिनस्ति न किंचन ॥ ४७ ॥ नाऽकृत्वा प्राणिनां हिंसां मांसमुत्पद्यते क्वचित् । नच प्राणिवधः स्वर्ग्य स्तस्मान्मांसंविवर्जयेत् ॥ ४८॥

જે અહિંસક પ્રાણિયોને પોતાના સુખની તૃપ્તિ માટે નાશ કરે છે તે જીવતાં અને મરણ પામ્યા પછી કદાપિ સુખ પામતો નથી. ૪૫. જે પ્રાણિયોના બંધન તથા મારવાના કલેશને ઇચ્છતો નથી તે સર્વ પ્રકારના હિતને ઇચ્છનાર અત્યંત સુખ ભોગવે છે ૪૬. જે કોઇની હિંસા કરવા ઇચ્છતો નથી તે જે કાંઇ ધ્યાન કરે છે અથવા જ્યાં પોતાની ધારણા બાંધે છે તે સહજમાં વગર પ્રયાસે મેળવે છે ૪૭ પ્રાણિયોની હિંસા કર્યા શિવાય માંસની ઉત્પત્તિ થતી નથી. અને પ્રાણિની હિંસા સુખ આપનાર નથી માટે માંસનો પરિત્યાગ કરવો જ જોઇયે. ૪૮.

समुत्पत्तिं च मांसस्य वधबन्धौचदेहिनाम् । प्रसमीक्ष्य निवर्तेत सर्वमांसस्यभक्षणात् ॥ ४९ ॥ न भक्षयति यो मांसं विधिं हित्वा

पिशाचवत् । स लोके प्रियतां याति व्याधिभिश्च न पीड्यते ॥ ५० ॥ अनुमन्ता विशासिता निहन्ता क्रयविक्रयी । संस्कर्ता चोपहर्ता च खादकश्चेति घातकाः ॥ ५१ ॥ स्वमांसं परमांसेन योवर्धयितुमिच्छति। अनभ्यर्च्यपितॄन्देवांस्ततोऽन्येनास्त्यपुण्यकृत् ॥ ५२ ॥

માંસની ઉત્પત્તિ પ્રાણિયોનો વધ અને બંધન જોઇને સર્વ પ્રકારના માંસ ભક્ષણથી નિવૃત્તિ કરવી. ૪૯. જે વિધિને છોડીને પિશાચની માફક માંસ ભક્ષણ કરતા નથી તે લોકોમાં પ્રિય થાય છે અને રોગોવડે કદાપિ દુઃખી થતો નથી. ૫૦ પ્રાણિનો વધ કરવામાં સંમતિ આપનાર, અંગોને કાપીને જુદાજુદા કરનાર, મારનાર, વેચાતું લેનાર, વેચનાર, માસ રાધનાર, પીરસનાર તથા ખાનાર એટલા આઠ ઘાતકો જાણવા. ૫૧. " દેવ અને પિતૃગનુ માંસ વડે પૂજન કર્યા શિવાય પરમાંસ વડે જે પોતાના માંસને વધારવાને ઇચ્છે છે તેનાથી વધારે મોટો પાપી કોઇ હોઇ શકતો નથી " (દેવતા અને પિતરોને તો જાણે માંસ ખાવાની ઇચ્છા થાય ત્યારે વચમાં કાઇ દલાલ જેવા ગોઠવી દીધા હોય તેમ જ્યાંએ જગ્યાએ લખનારાઓએ લખ્યું છે. આ શ્લોક ઉપરોક્ત શ્લોકો સાથે વિરૂદ્ધ હોવાથી તમજ માસ એ દેવ ભોજન નહિં કિંતુ રાક્ષસોનું ભોજન હોવાથી આ શ્લોક પ્રક્ષિપ્ત છે) ૫૨.

वर्षेवर्षेऽश्वमेधेन यो यजेत शतं समाः । मांसानि च नखादेद्यस्तयोः पुण्यफलं समम् ॥ ५३ ॥ फलमूलाशनैर्मेध्यैर्मुन्यन्नानां च भोजनैः । न तत्फलमवाप्नोति यन्मांसपरिवर्जनात् ॥ ५४ ॥ मांस भक्षयिताऽमुत्र यस्य मांसमिहाद्म्यहम् । एतन्मांसस्य मांसत्वं प्रवदन्ति मनीषिणः ॥ ५५ ॥ ''नमांसभक्षणेदोषोनमद्येनचमैथुने । प्रवृतिरेषाभूतानां निवृत्तिस्तुमहाफला ॥ ५६ ॥''

જે મનુષ્ય સો વર્ષ સુધી દરેક વર્ષ અશ્વમેધ યજ્ઞ કરતો હોય તેનું તથા જે મનુષ્ય પોતાના આખા જન્મ પર્યંત માંસ ભક્ષણ ન કરતો હોય તેનું, એ બંનેનું પુણ્ય સમાન જાણવું. ૫૩. પવિત્ર ફલ મૂલનાં ભોજન વડે તથા મુનિયોના અન્નના ભોજન વડે તેટલુ ફળ મળતું નથી કે

જેટલું માસ ભક્ષણનો ત્યાગ કરવાથી ફળ મળે છે. ૫૪. આ લોકમાં જેનું માંસ ભક્ષણ હું કરૂં છું તે પરલોકમાં મારૂં માસ ભક્ષણ કરશે; એજ માંસનું માસપણું છે, એમ વિદ્વાનો કહે છે. ૫૫. " માંસભક્ષણ કરવામા, મદ્યપાન કરવામાં, મૈથુન કરવામા કાંઈપણ દોષ નથી. કારણ કે એમાં મનુષ્યોની સ્વાભાવિક પ્રવૃત્તિ થાય છે. અને જો એટલાંને છોડી દે તો મોટું પુણ્ય થાય. " (માસ ભક્ષણાદિ સ્વાભાવિક છે એ લખવું તો ધૃષ્ટતાની પરાકાષ્ટાજ કહેવાય, શું માંસ ભક્ષણ કરવામાં બાલકને પણ ગ્લાની નથી થતી ? તેમ મદ્યપીનો મહા પાતકી કહેવાય છે અને અધર્માનુકૂલ મૈથુન પણ દોષવાળું હોવાથી આ શ્લોક પ્રક્ષિપ્ત જણાય છે.) ૫૬.

प्रेतशुध्धिंप्रवक्ष्यामि द्रव्यशुध्धिं तथैव च । चतुर्णामपि वर्णानां यथावदनुपूर्वशः ॥ ५७ ॥ दन्तजातेऽनुजाते च कृतचूडे च संस्थिते । अशुध्धा बान्धवाः सर्वे सूतके च तथोच्यते ॥ ५८ ॥ दशाहं शावमाशौचं सपिण्डेषु विधीयते । अर्वाक्संचयनादस्थ्नां त्र्यहमेकाहमेव च ॥ ५९ ॥ सपिण्डता तु पुरुषे सप्तमे विनिवर्तते । समानोदकभावस्तु जन्मनाम्नो वदने ॥ ६० ॥

હવે ચારે વર્ણની યથાક્રમપૂર્વક પ્રેતશુદ્ધિ અને દ્રવ્યશુદ્ધિ કહું છું. ૫૭ દાંત નિકળવાની તૈયારી વખતે અથવા દાંત નિકળ્યા પછી અને ચુડા કર્મ થયા પછી મરણ પામે તો સર્વ બાધવો અશુદ્ધ થાય છે અને તેઓને સૂતક લાગે છે. ૫૮ સપિંડોમા મૃતકનુ આશૌચ દશ દિવસ સુધી રહે છે, કોઈ એકને અસ્થિ સંચયન સુધી તથા કેટલાએકને ત્રણ દિવસ તેમજ કેટલાએકને એક દિવસ માત્ર સુતક લાગે છે " આ ઠેકાણે પં૦ તુલસીરામજી, પોતાનો એવો અભિપ્રાય દર્શાવે છે કે—એમા જ્ઞાન અને આચારની ન્યુનાધિકતાજ કારણ છે; જે ગુણોવડે જેટલો હીન હોય તેટલુંજ તેને સુતક અધિક લાગે છે જેમ ૧—૨—૩ દિવસો વધાર્યા છે અને સર્વ ગુણોથી રહીતને દશદિવસ આશૌચ રહે છે " ૫૯ સાતમી પેઢીએ સપિંડતાનો સંબંધ નિવૃત્ત થાય છે અને કુલમાં ઉત્પન્ન થયેલાનું નામ તથા જન્મ પણ ભૂલી જવાય ત્યારે સમાનોદકભાવ છુટી જાય છે. ૬૦

यथेदं शावमाशौचं सपिण्डेषु विधीयते । जनने ऽप्येवमेव स्यान्निपुणं शुध्धिमिच्छताम् ॥ ६१ ॥ सर्वेषां शावमाशौचं माता पित्रो-

स्तु सूतकं ।सूतकंमातुरेव स्यादुपस्पृश्य पिता शुचिः ॥६२॥ "निरस्यन्तु-
पुमान्शुक्रमुपस्पृश्यैव शुध्यति । वैजिकादभिसंबन्धादनुरुन्ध्यादघंत्र्यहम्
॥ ६३ ॥" अह्ना चैकेन रात्र्या च त्रिरात्रैरेव च त्रिभिः । शवस्पृशोवि-
शुध्यन्ति त्र्यहादुदकदायिनः ॥ ६४ ॥

જે પ્રમાણે મરણ સંબંધી સપિંડોને આશૌચ કહ્યું છે તે પ્રમાણે સારી શુદ્ધતા ઇચ્છનારને પુત્રાદિ ઉત્પન્ન થવામાં પણ આશૌચ લાગે છે. ૬૧ મરણ નિમિત્ત આશૌચ સર્વ સપિંડાને લાગે છે અને જન્મનિમિત્ત સૂતક માતપિતાને લાગે છે. તેમાં પણ પિતા તો સ્નાન માત્રથી શુદ્ધ થાય છે અને માતાને દશ રાત્ર સુતક રહે છે. ૬૨ પુરૂષ પોતાનુ વીર્ય સ્ખલન થવાથી સ્નાન માત્રથી શુદ્ધ થાય છે અને પરસ્ત્રીમા વીર્યપાત કરી પુત્ર ઉત્પત્તિ કરે તો ત્રણ રાત્ર આશૌચ જાણવું. ૬૩ મૃતકનો સ્પર્શ કરનાર એક અહોરાત્ર તથા ત્રણ ત્રિરાત્ર એટલે નવ અહોરાત્ર અર્થાત્ દશ દિવસે શુદ્ધ થાય છે. મરણ વખતે ઉદકદાન કરનાર ત્રણ દિવસે શુદ્ધ થાય છે. ૬૪

गुरोः प्रेतस्य शिष्यस्तु पितृमेधं समाचरन् । प्रेतहारैः समं तत्र
दशरात्रेण शुध्यति ॥ ६५ ॥ रात्रिभिर्मासतुल्याभिर्गर्भस्रावे विशु-
ध्यति । रजस्युपरते साध्वी स्नानेन स्त्री रजस्वला ॥ ६६ ॥ नृणाम-
कृतचूडानां विशुद्धिर्नैशिकी स्मृता । निर्वृत्तचूडकानां तु त्रिरात्राच्छुद्धि-
रिष्यते ॥ ६७ ॥ ऊनद्विवार्षिकं प्रेतं दिनध्युर्बान्धवा बहिः । अलं-
कृत्य शुचौ भूमावस्थिसञ्चयनादृते ॥ ६८ ॥

મરણ પામેલા ગુરૂની અંત્યેષ્ટિ કરનાર શિષ્ય શબને ઉઠાવનારની સાથે દશ રાત્રે શુદ્ધ થાય છે. ૬૫ ગર્ભસ્ત્રાવ થયો હોય તો જેટલા માસનો ગર્ભ થયો હોય તેટલી રાત્રે સ્ત્રી શુદ્ધ થાય છે. અને રજસ્વલા સ્ત્રી જે દિવસે રજની નિવૃત્તિ થાય તે દિવસે સ્નાન કરવાથી શુદ્ધ થાય છે. ૬૬ જે બાલકનો ચૂડાકર્મ સંસ્કાર ન થયો હોય તેના મરણથી એક દિવસે શુદ્ધિ થાય છે, અને જેનો ચૂડાકર્મ સંસ્કાર થયો હોય તેના મરણમાં ત્રણ દિવસે શુદ્ધિ થાય છે. ૬૭ જે બાલકને બે વર્ષ પુરાં થયાં ન હોય અને તેનું જો મૃત્યુ થાય તો તેના અસ્થિ સંચયન કર્યા શિવાય બાંધવ લોકોએ

તે શબને ગામ બહાર સારી શુદ્ધ જમીનમાં ભમી દાહ કરવો, એટલે કે તેને ભૂમીમા ખાડો ખોદી દાટી દેવુ. ૬૮

नास्यकार्योग्निसंस्कारो न च कार्योदकक्रिया । अरण्येकाष्ठवत्त्य वा क्षपेयुस्त्र्यहमेवच ॥ ६९ ॥ नात्रिवर्षस्य कर्तव्या बान्धवैरुदक क्रिया । जातदन्तस्य वा कुर्युर्नाम्नि वापि कृते सति ॥ ७० ॥ सब्रह्मचारिण्येकाहमतीते क्षपणं स्मृतम् । जन्मन्येकोदकानां तु त्रिरात्राच्छुद्धिरिष्यते ॥ ७१ ॥ स्त्रीणामसंस्कृतानांतु त्र्यहाच्छुध्यन्तिबान्धवाः । यथोक्तेनैवकल्पेन शुध्यन्तितुसनाभयः ॥ ७२ ॥

તે પૂર્વોક્ત બાલકનો અગ્નિસંસ્કાર ન કરવો તેમજ તેની ઉદક ક્રિયા પણ ન કરવી. કિંતુ જંગલમાં કાષ્ટની માફક દાટી દેવુ અને તેનુ ત્રણ દિવસ આશૌચ રાખવું ૬૯ જે બાલકને ત્રણ વર્ષ પૂરા ન થયા હોય તે બાલકના બાંધવ લોકોએ તેની ઉદક ક્રિયા કરવી નહિં. અથવા દાંત આવેલા તથા નામકરણ સંસ્કાર થયેલા બાલકને દાહાદિ સંસ્કાર કરવામાં આવે, તોપણ કાંઇ હરકત નહિ. ૭૦ સાથે અધ્યયન કરનાર બ્રહ્મચારી મરણ પામે તો એક અહોરાત્ર આશૌચ જાણવુ અને સમાનોદકોને ત્યાં પુત્ર જન્મ થાય તો ત્રણ દિવસે શુદ્ધિ થાય છે. ૭૧ જે સ્ત્રીયોનો વિવાહ સંસ્કાર ન થયો હોય તેના મરણથી તેના બાંધવો એટલે પત્યાદિ તથા સમાનોદક વાળાઓ એટલે પિતૃપક્ષવાળાઓ ત્રણ દિવસે શુદ્ધ થાય છે. ૭૨

" अक्षारलवणान्नाःस्युर्निमज्जेयुश्चतेत्र्यहम् । मांसाशनंचनाश्नीयुः शयीरंश्चपृथक्क्षितौ ॥ ७३ ॥ " सन्निधावेष वै कल्पः शावाशौचस्य कीर्तितः । असन्निधावयं ज्ञेयो विधिःसंबन्धिबान्धवैः ॥७४॥ विगतं तु विदेशस्थं शृणुयाद्योह्यनिर्दशम् । यच्छेषं दशरात्रस्य तावदेवाशुचिर्भवेत् ॥ ७५ ॥ अतिक्रान्ते दशाहे च त्रिरात्रमशुचिर्भवेत् । संवत्सरे व्यतीते तु स्पृष्ट्वैवापो विशुध्यति ॥ ७६ ॥

" આશૌચમા ક્ષારલવણ રહિત અન્નનું ભોજન કરવુ, ત્રણ દિવસ સ્નાન કરવું, માંસ ભક્ષણ ન કરવું અને ભૂમિપર એકલા સૂવું."

(આ શ્લોક પ્રક્ષિપ્ત છે કારણ કે મનુષ્યને શુદ્ધિ માટે નિત્ય સ્નાન તો કર્ત્તવ્ય છે તો પછી ત્રણ દિવસ સ્નાન વિધાન વ્યર્થ છે, તેમજ આશૌચ દશ દિવસ અને સ્નાન ત્રણ દિવસ એ અસંગત છે, વળી જ્યારે કોઈ કાલમાં-પણ માંસ ભક્ષણજ નથી, તો પછી આ નિષેધ વ્યર્થ છે.) ૭૩ એ પ્રમાણે મૃત સંબંધિ આશૌચનુ વિધાન સમીપ રહેનારાઓ માટે કહ્યું, અને દૂર રહેનારા સંબંધિ બાન્ધવોએ આગળ કહેવાશે તે પ્રમાણે આશૌચનો વિધિ જાણવો. ૭૪ જેનું મરણ વિદેશમા થયુ હોય અને દશ દિવસની અંદર જો બાંધવોએ સાંભળ્યું હોય તો મરણના દશ દિવસની અંદર જેટલા દિ-વસ બાકી રહ્યા હોય તેટલા દિવસનું આશૌચ રહે છે. ૭૫ દશ દીવસ થઈ ગયા પછી જો સપિંડનુ મરણ શ્રવણ થાય તો ત્રણ રાત્ર આશૌચ જા-ણવુ અને એક વર્ષ પછી સાભળવામા આવે તો સ્નાનથી શુદ્ધ થાય છે. ૭૬

निर्दशं ज्ञातिमरणं श्रुत्वा पुत्रस्य जन्म च । सवासा जलमाप्लुत्य शुद्धो भवति मानवः ॥ ७७ ॥ बाले देशान्तरस्थे च पृथक्पिण्डे च संस्थिते । सवासा जलमाप्लुत्य सद्यएव विशुध्यति ॥ ७८ ॥ अन्तर्दशाहे स्यातांचेत्पुनर्मरणजन्मनी । तावत्स्यादशुचिर्विप्रो यावत्तत्स्यादनिर्दशम् ॥ ७९ ॥ त्रिरात्रमाहुराशौचमाचार्ये संस्थिते सति । तस्य पुत्रे च पत्न्यां च दिवारात्रमिति स्थितिः ॥ ८० ॥

મરણને દશ દિવસ થઈ ગયા પછી જો સપિંડનુ મરણ અથવા પુત્ર જ-ન્મ શ્રવણ કરવામા આવે તો મનુષ્ય સચૈલ સ્નાન કરવાથી પણ શુદ્ધ થાય છે. ૭૭ દેશાન્તરમાં રહેનાર સગોત્ર બાલકનુ તથા અસપિંડ મનુષ્યનું મરણ શ્રવણ કરવામા આવે તો સચૈલસ્નાન કરવાથી તત્કાલ શુદ્ધિ થાય છે. ૭૮ એક મનુષ્યના મરણના દશ દિવસની વચમાં બીજાનું મરણ થાય તો પ્રથમના મરણના દશ દિવસ પૂરા ન થાય ત્યા સુધી શુદ્ધ ન થાય. ૭૯ આચાર્ય મરણ પામે તો ત્રણ દિવસનું આશૌચ જાણવું, અને આચાર્યના પુત્ર અથવા સ્ત્રીનું મરણ થાય તો એક અહોરાત્ર આશૌચ જાણવું. ૮૦

श्रोत्रिये तूपसंपन्ने त्रिरात्रमशुचिर्भवेत् । मातुले पक्षिणीं रात्रिं शिष्यर्त्विग्बान्धवेषु च ॥ ८१ ॥ प्रेते राजनि सज्योतिर्यस्य स्याद्वि

षये स्थितः । अश्रोत्रिये त्वहःकृत्स्नमनूचाने तथा गुरौ ॥ ८२ ॥ शुध्येद्विप्रो दशाहेन द्वादशाहेन भूमिपः । वैश्यःपञ्चदशाहेन शूद्रो मासेन शुध्यति ॥ ८३ ॥ न वर्धयेदघाहानि प्रत्यूहेन्नाग्निषु क्रियाः । न च तत्कर्म कुर्वाणः सनाभ्योऽप्यशुचिर्भवेत् ॥ ८४ ॥

મિત્રના આદિવડે હમેંશા પાસે રહેનાર શ્રોત્રિયનું મરણ થાય તો ત્રણ રાત્ર આશૌચ જાણવું, મામાનું, શિષ્યનું, ઋત્વિકનું મરણ થાય તો દોઢ દિવસ આશૌચ જાણવું. ૮૧ જે મનુષ્ય જે રાજાના રાજ્યમા રહેતો હોય અને તે રાજાનું મરણ થાય તો સૂર્યાસ્ત સુધી આશૌચ પાળવું, અને રાત્રે મરણ પામે તો તારા જણાય ત્યા સુધી આશૌચ જાણવું, પાસે રહેનાર અશ્રોત્રિયનું મરણ થાય તો ફક્ત દિવસેજ આશૌચ અને રાત્રેમરણપામે તો ફક્ત રાત્રીજ આશૌચ જાણવું. ૮૨ સપિંડના મરણથી વિપ્ર દશ દિવસે શુદ્ધ થાય છે, ક્ષત્રિય બાર દિવસે, વૈશ્ય પંદર દિવસે અને શૂદ્ર એક મહિને શુદ્ધ થાય છે. ૮૩ મરણાશૌચના દિવસો વધારવા નહિ, અગ્નિમાં હોમ કરવાની ક્રિયા બંધન કરવી કારણ કે હોમાદિ ક્રિયા કરતા સનાભિપણ અશુદ્ધ નથી એટલે કે હોમ કર્મ કરનાર પોતે અશક્ત હોય તો પુત્રાદિકો પાસે પણ કરાવવી. ૮૪.

दिवाकीर्तिमुदक्यां च पतितं सूतिकां तथा । शवं तत्स्पृष्टिनं चैव स्पृष्ट्वा स्नानेन शुध्यति ॥ ८५ ॥ आचम्य प्रयतो नित्यं जपेदशुचिदर्शने । सौरान्मन्त्रान्यथोत्साहं पावमानीश्च शक्तितः ॥ ८६ ॥ नारं स्पृष्ट्वास्थि सस्नेहं स्नात्वा विप्रो विशुध्यति । आचम्यैव तु निःस्नेहं गामालभ्यार्कमीक्ष्य वा ॥८७॥ आदिष्टी नोदकं कुर्यादाव्रतस्य समापनात् । समाप्ते तूदकं कृत्वा त्रिरात्रेणैव शुध्यति ॥ ८८ ॥

ચાંડાલ. રજસ્વલા, પતિત, પ્રસૂતા, શબ તથા દશ દિવસની અંદર શબને સ્પર્શ કરવાવાળાનો સ્પર્શ કરે તો સ્નાન કરવાથી શુદ્ધ થાય છે. ૮૫ નિત્ય આચમનાદિવડે શુદ્ધ થયેલો મનુષ્ય, ચાંડાલાદિ અશુદ્ધના દર્શન કરે તો **उदुत्यं जातवेदसम्** ઇત્યાદિ સૂર્ય દેવના સંબંધી મંત્રોનો તથા યથાશક્તિ પવમાન દેવતાવાળા મંત્રોનો જપ કરવો. ૮૬

૮૬ બ્રાહ્મણ જો મનુષ્યના હાડકાંને સ્નેહ યુક્ત સ્પર્શ કરે તો સ્નાન કરીને શુદ્ધ થાય છે; અને સ્નેહ રહિત જો સ્પર્શ કરે, તો આચમન કરવાથી તથા ગાયનો સ્પર્શ કરવાથી તેમજ સૂર્યનું દર્શન કરવાથી શુદ્ધ થાય છે. ૮૭ બ્રહ્મચારીએ બ્રહ્મચર્ય વ્રતની સમાપ્તિ પર્યંત પ્રેતોદક ક્રિયા કરવી નહિં. અને વ્રત સમાપ્તિ પછી પ્રેતોદક ક્રિયા કરવાંથી ત્રણ રાત્રીએ શુદ્ધ થાય છે. ૮૮.

वृथासंकरजातानां प्रव्रज्यासुचतिष्ठताम् । आत्मनस्त्यागिनां चैव निवर्तेतोदकक्रिया ॥ ८९ ॥ पाषण्डमाश्रितानांच चरन्तीनां च कामतः। गर्भभर्तृद्रुहां चैव सुरापीनां च योषिताम् ॥ ९० ॥ आचार्यं स्वमुपाध्यायं पितरं मातरं गुरुम् । निर्हृत्य तु व्रती प्रेतान्न व्रतेन वियुज्यते ॥ ९१ ॥ दक्षिणेन मृतं शूद्रं पुरद्वारेण निर्हरेत् । पश्चिमोत्तरपूर्वैस्तु यथायोगं द्विजन्मनः ॥ ९२ ॥

વૃથા વર્ણસંકરો, સન્યાસિયો અને આત્મઘાતીઓની ઉદકક્રિયા કરવી નહિં. ૮૯ પાખંડનો આશ્રય કરનારાઓ, સ્વચ્છંદ ચાલનારી સ્ત્રિયો, તથા ગર્ભપાત, પતિઘાત તેમજ મદ્યપાન કરનારી સ્ત્રિયોની ઉદક ક્રિયા કરવી નહિં ૯૦ પોતાના આચાર્ય, ઉપાધ્યાય, પિતા, માતા, ગુરૂ એટલાનાં પ્રેતદાહ કર્મ કરવાથી બ્રહ્મચારી વ્રતભંગ થતો નથી. ૯૧ શુદ્રના શબને ગામના દક્ષિણદ્વારથી. વૈશ્યના શબને પશ્ચિમદ્વારથી, ક્ષત્રિયના શબને ઉત્તરદ્વારથી અને બ્રાહ્મણના શબને પૂર્વદ્વારથી બહાર કહાડવું. ૯૨

नराज्ञामघदोषोऽस्ति व्रतिनांनचसत्रिणाम् । ऐन्द्रं स्थानमुपासीना ब्रह्मभूताहि ते सदा ॥ ९३ ॥ राज्ञोमाहात्मिके स्थाने सद्यः शौचंविधीयते । प्रजानांपरिरक्षार्थमासनं चात्रकारणम् ॥ ९४ ॥ डिम्भाहवहतानांच विद्युतापार्थिवेनच । गोब्राह्मणस्यचैवार्थेयस्यचेच्छतिपार्थिवः ॥ ९५ ॥ सोमाग्न्यर्कानिलेन्द्राणां वित्ताप्पत्योर्यमस्य च । अष्टानां लोकपालानां वपुर्धारयते नृपः ॥ ९६ ॥

રાજ્યાભિષેક થયેલા ક્ષત્રિયોને, બ્રહ્મચારી અથવા ચાંદ્રાયણાદિ વ્રત કરનારાઓને, યાગકરનારાઓને આશૌચનો દોષ લાગતો નથી. કેમકે તે ઇંદ્રપદ પર બેઠેલા છે તથા સદા તે નિષ્પાપ બ્રહ્મભૂત છે. ૯૩ માહાત્મિક

સ્થાનમાં સ્થિત રાજાને તત્કાળ શુદ્ધ કહ્યો છે. પરંતુ રાજ્યભ્રષ્ટ થયેલો ક્ષત્રિય શુદ્ધ થતો નથી. કારણ કે પ્રજાની રક્ષા માટે ન્યાયાસન પર બેસવું તેજ તેમાં કારણભૂતછે. ૯૪ રાજા તથા શસ્ત્ર શિવાયના યુદ્ધમાં મરણ પામેલાઓ, વિજળી પડવાથી તથા રાજાની આજ્ઞાથી ફાંસીવડે મરેલાઓ તેમજ ગાય તથા બ્રાહ્મણની રક્ષા કરતાં મરણ પામેલાઓનું આશૌચ લાગતું નથી તથા રાજા પોતાના કાર્ય માટે જેને ચાહે તેને, આશૌચ લાગતું નથી; અર્થાત તેની તત્કાળ શુદ્ધિ જાણવી. ૯૫ ચંદ્ર, અગ્નિ, સૂર્ય, વાયુ, ઈન્દ્ર, કુબેર, અને યમ એ આઠ લોકપાલોનું શરીર રાજા ધારણ કરે છે. અર્થાત્ લોકના રક્ષણ માટે રાજાનામાં એ આઠ ગુણ હોવા જોઇએ. ૯૬

लोकेशाधिष्ठितोराजा नास्याशौचंविधीयते । शौचाशौचं हि मर्त्यानां लोकेशप्रभवाप्ययम् ॥ ९७ ॥ उद्यतैराहवे शस्त्रैः क्षत्रधर्महतस्य च । सद्यः संतिष्ठते यज्ञस्तथाशौचमिति स्थितिः ॥ ९८ ॥ विप्रः शुध्यत्यपः स्पृष्ट्वा क्षत्रियोवाहनायुधम् । वैश्यः प्रतोदंरश्मीन्वा यष्टिंशूद्रः कृतक्रियः ॥ ९९ ॥ एतद्वोऽभिहितं शौचं सपिण्डेषुद्विजोत्तमाः । असपिण्डे सर्वेषु प्रेतशुद्धिंनिबोधत ॥ १०० ॥

ઇન્દ્રાદિ લોકપાલના સ્થાનપર રાજા છે માટે રાજાને આશૌચ લાગતું નથી. કેમકે મનુષ્યોનું શૌચ અને આશૌચ લોકપાલો વડેજ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. ૯૭ સંગ્રામમાં ઉદ્યત શસ્ત્રો વડે ક્ષત્રધર્મથી મરાયલાનો યજ્ઞ તેજ સમયે સમાપ્ત થાય છે અને તેની શુદ્ધિ પણ તત્કાળ થાય છે. ૯૮ પ્રેત ક્રિયા કર્યા પછી બ્રાહ્મણ જલનો સ્પર્શ કરવાથી, ક્ષત્રિય શસ્ત્ર અથવા વાહનનો સ્પર્શ કરવાથી, વૈશ્ય પરાણી અથવા લગામનો સ્પર્શ કરવાથી અને શૂદ્ર લાકડીનો સ્પર્શ કરવાથી શુદ્ધ થાય છે. ૯૯ હે દ્વિજોત્તમો! એ પ્રમાણે સપિંડોમાં આશૌચ વિધાન તમને કહ્યું હવે અસપિંડોમાં પ્રેત શુદ્ધિનું વિધાન આગળ સાંભળો. ૧૦૦

असपिण्डंद्विजंप्रेतं विप्रोनिर्हृत्यबन्धुवत् । विशुध्यतित्रिरात्रेण मातुरासांश्च बान्धवान् ॥ १०१ ॥ यद्यन्नमत्ति तेषां तु दशाहेनैव शुध्यति । अनदन्नन्नमन्हैव न चेत्तस्मिन्गृहे वसेत् ॥ १०२ ॥ अनुगम्ये-

च्छयामेतं ज्ञातिमज्ञातिमेव च । स्नात्वासचैलः स्पृष्ट्वाग्निं घृतंप्राश्यवि शुध्यति ॥ १०३ ॥ न विप्रं स्वेषु तिष्ठत्सु मृते शूद्रेण नाययेत् । अस्वर्ग्या ह्याहुतिः सा स्याच्छूद्रसंस्पर्शदूषिता ॥ १०४ ॥

જે બ્રાહ્મણ અસપિંડ દ્વિજના પ્રેતને બંધુની માફક બહાર લઇને અંત્યેષ્ટિ ક્રિયા કરે, અથવા માતાના સબંધવાળા બાંધવોની દાહાદિ ક્રિયા કરે તો ત્રણ દિવસે શુદ્ધ થાય છે. ૧૦૧ જો દાહાદિ કરવાવાળો વિપ્ર તે મૃતકના સપિંડોનું અન્ન ભક્ષણ કરે તો દશ દિવસે શુદ્ધ થાય છે અને તેઓનું અન્ન ન ખાતો હોય તથા તે ઘરમાં ન રહેતો હોય તો એક દિવસે શુદ્ધ થાય છે. ૧૦૨ સ્વજાતિ અથવા પરજાતિના શબની પાછળ ઇચ્છા પૂર્વક જાય તો સચૈલ સ્નાન, અગ્નિસ્પર્શ અને ઘૃત ભક્ષણ કરવાથી શુદ્ધ થાય છે. ૧૦૩ બ્રાહ્મણની પોતાની જ્ઞાતિના મનુષ્યો છતાં બ્રાહ્મણના શબને શૂદ્રો પાસે દાહાદિ ક્રિયા કરવા ન લઇ જવા દેવું. કેમકે શૂદ્રના સ્પર્શ વડે દૂષિત થયેલી આ કૃતિ સંસારમાં સુખ આપવાવાળી થતી નથી. ૧૦૪

ज्ञानंतपोऽग्निराहारो मृन्मनोवार्युपाञ्जनम् । वायुः कर्मार्ककालौ च शुद्धेः कर्तृणि देहिनाम् ॥ १०५ ॥ सर्वेषामेव शौचानामर्थशौचं परं स्मृतम् । योऽर्थे शुचिर्हि सशुचिर्नमृद्वारिशुचिः शुचिः ॥ १०६ ॥ क्षान्त्याशुध्यन्तिविद्वांसो दानेनाकार्यकारिणः । प्रच्छन्नपापाजप्येन तपसावेदवित्तमाः ॥ १०७॥ मृत्तोयैः शुध्यतेशोध्यं नदी वेगेन शुध्यति । रजसास्त्रीमनोदुष्टा संन्यासेन द्विजोत्तमः ॥ १०८ ॥

જ્ઞાન, તપ, અગ્નિ, આહાર, મૃત્તિકા, મન, જલ, લીંપવું, વાયુ, યજ્ઞકર્મ, સૂર્ય અને કાલ એટલાં શરીરધારી મનુષ્યોને શુદ્ધ કરવાવાળાં છે. ૧૦૫ ઉપરોક્ત સર્વ શુદ્ધિઓમાં અર્થ શુદ્ધિ એટલે કે અન્યાય વડે બીજાનું ધન નહીં લેવારૂપ શુદ્ધિ સર્વ કરતાં શ્રેષ્ટ કહેવાય છે. જે અર્થ શુધ્ધિ છે તેજ શુધ્ધિ છે. બાકી જેની અર્થ શુધ્ધિ નથી તેની મૃત્તિકા આદિવડે શુધ્ધિ તે કાંઇ શુધ્ધિ કહેવાની નથી. ૧૦૬ વિદ્વાન મનુષ્યો ક્ષમા વડે શુધ્ધ થાય છે, જે યજ્ઞાદિ ક્રિયા કરી શકતા નથી તે દાન વડે, ગુપ્ત પાપ કરનારાઓ જપ વડે, અને ઉત્તમ વેદને જાણનારાઓ તપ વડે

શુધ્ધ થાય છે. ૧૦૭ મલવાળી અશુધ્ધ વસ્તુ મૃતિકા અને જલ વડે, નદી વેગવડે, મનથી દુષ્ટ થયેલી સ્ત્રી રજોદર્શનવડે અને બ્રાહ્મણ સંન્યાસવડે શુધ્ધ થાય છે. ૧૦૮

अद्भिर्गात्राणि शुध्यन्ति मनः सत्येन शुध्यति । विद्यातपोभ्यां भूतात्मा बुद्धिर्ज्ञानेन शुध्यति ॥ १०९ ॥ एष शौचस्य वः प्रोक्तः शारीरस्यविनिर्णयः । नानाविधानांद्रव्याणां शुध्येः श्रृणुतनिर्णयम् ॥ ११० ॥ तैजसानां मणीनां च सर्वस्याश्ममयस्य च । भस्मनाद्भिर्मृदा चैव शुध्धिरुक्तामनीषिभिः ॥ १११ ॥ निर्लेपंकाश्चनंभाण्डमद्भिरेव विशुध्यति । अब्जमश्ममयं चैव राजतं चानुपस्कृतम् ॥११२॥

પાણીવડે શરીરના અવયવો શુધ્ધ થાય છે, મન સત્યવડે, ભૂતાત્મા વિદ્યા અને તપવડે અને બુધ્ધિ જ્ઞાનવડે શુધ્ધ થાય છે. ૧૦૯ એ પ્રમાણે શરીર સંબંધિ શુધ્ધિનો નિર્ણય તમને કહ્યો. હવે નાના પ્રકારના દ્રવ્યોની શુદ્ધિ કહું છું તે સાંભળો. ૧૧૦ સુવર્ણાદિની, મરકતાદિ મણિયોની, પાષાણમય સર્વ વસ્તુની શુધ્ધિ ભસ્મ, જલ તથા મૃત્તિકા વડે થાય છે એમ વિદ્વાનોએ કહ્યું છે. ૧૧૧ ઉચ્છિષ્ટાદિલેપનરહિત સુવર્ણનુ પાત્ર, જલથી ઉત્પન્ન થનાર મોતી, છીંપ વગેરે, પત્થરના પાત્ર અને વગર ચિત્રેલાં ચાદીના પાત્ર પાણી વડે શુધ્ધ થાય છે. ૧૧૨

अपामग्नेश्चसंयोगाद्धैमंरौप्यंचनिर्बभौ । तस्मात्तयोः स्वयोन्यैव निर्णेको गुणवत्तरः ॥ ११३ ॥ ताम्रायः कांस्यरैत्यानां त्रपुणः सीसकस्यच । शौचं यथार्हं कर्तव्यं क्षाराम्लोदकवारिभिः ॥११४॥ द्रवाणांचैव सर्वेषां शुद्धिराप्लवनं स्मृतम् । प्रोक्षणं संहतानां च दारवाणां चतक्षणम् ॥ ११५ ॥ मार्जनं यज्ञपात्राणां पाणिना यज्ञकर्मणि । चमसानां ग्रहाणां च शुद्धिः प्रक्षालनेन तु ॥ ११६ ॥

જલ અને અગ્નિના સંયોગ વડે સુવર્ણ અને ચાંદી ઉત્પન્ન થયાં છે તેટલા માટે તે બંનેની શુધ્ધિ તે જેના સંયોગથી થાય છે તેના વડેજ કરવી ઉત્તમ છે. ૧૧૩ તાંબુ, લોઢું, કાંસુ, પિત્તલ, લાખ અને સીસું એટલાંના પાત્રની ખાર, ખાટું પાણી, અથવા કેવલ પાણી, જેને જેમયોગ્ય હોય

તેમ તેનાથી શુધ્ધિ થાય છે. ૧૧૪ દ્રવ પદાર્થોને પિગળાવીને ગાળી લેવાથી અને જામેલા પદાર્થો ધોઈ નાંખવાથી, અને લાકડાંનાં વાસણોને છોલી નાખવાથી શુધ્ધ થાય છે. ૧૧૫ પરંતુ યજ્ઞમાં યજ્ઞપાત્રોને ફક્ત હાથ વડે માર્જન કર્યાથી તથા ચમચો સાણુસી વિગેરેને ધોવા માત્રથી શુધ્ધિ થાય છે. ૧૧૬

चरुणां स्रुक्स्रुवाणां च शुद्धिरुष्णेनवारिणा । स्फ्यशूर्पशकटानां च मुसलोलूखलस्य च ॥ ११७ ॥ अद्भिस्तु प्रोक्षणं शौचं बहूनां धान्यवाससाम्। प्रक्षालनेन त्वल्पानामद्भिः शौचं विधीयते ॥ ११८ ॥ चैलवच्चर्मणां शुद्धिर्वैदलानां तथैव च । शाकमूलफलानां च धान्यवच्छुद्धिरिष्यते ॥ ११९ ॥ कौशेयाविकयोरूषैः कुतपानामरिष्टकैः । श्रीफलैरंशुपट्टानां क्षौमाणां गौरसर्षपैः ॥ १२० ॥

ચરૂ, સ્રુચ સ્રુવ, શર્પ, શકટ, મૂસલ અને ઉલૂખલ એટલાની શુધ્ધિ ઉના પાણી વડે થાય છે. ૧૧૭ ઘણાં ધાન્ય અને વસ્ત્રાની શુધ્ધિ પાણી વડે પ્રોક્ષણ કરવાથી થાય છે અને અલ્પ ધાન્ય તથા વસ્ત્રની શુધ્ધિ ધોવાથી થાય છે ૧૧૮ સ્પર્શ કરવા યોગ્ય પશુના ચામડાની, વાસ વિગેરેના પાત્રની શુધ્ધિ વસ્ત્રની પેઠે કરવી તથા શાક, મૂલ અને ફલની શુધ્ધિ ધાન્યની શુધ્ધિ પ્રમાણે કરવી, ૧૧૯ રેશમી તથા ઉનનાં કપડાંની શુધ્ધિ બીલીના ફલથી કરવી. ઝાડની છાલના વસ્ત્રની શુધ્ધિ સફેદ સર્પવથી કરવી ૧૨૦

क्षौमवच्छङ्खशृङ्गाणामस्थिदन्तमयस्यच । शुद्धिर्विजानताकार्या गोमूत्रेणोदकेन वा ॥ १२१ ॥ प्रोक्षणात्तृणकाष्ठं च पलालं चैव शुध्यति। मार्जनोपाञ्जनैर्वेश्म पुनः पाकेन मृण्मयम् ॥ १२२ ॥ मद्यैर्मूत्रैः पुरीषैर्वा ष्ठीवनैः पूयशोणितैः । संस्पृष्टं नैव शुध्येत पुनः पाकेन मृण्मयम् ॥ १२३ ॥ संमार्जनोपाञ्जनेन सेकेनोल्लेखनेन च । गवां च परिवासेन भूमिः शुध्यति पञ्चभिः ॥ १२४ ॥

શંખ અને શીંગડાંના પાત્રની તથા હાડકાં તથા દાંતના પાત્રની શુધ્ધિ સફેદ સર્પવ વડે કરવી, અથવા શુધ્ધિને જાણનાર પુરૂષે તે શંખ પાત્રાદિની શુધ્ધિ ગોમૂત્ર અથવા પાણી વડે કરવી. ૧૨૧ ઘાસ, કાષ્ટ, વિગેરેના પાત્રની શુધ્ધિ પ્રોક્ષણથી થાય છે, માર્જન અને લીંપવાથી ઘરની શુધ્ધિ થાય છે.

અને મૃત્તિકાનું પાત્ર ફરીથી પકવવાથી શુધ્ધ થાય છે. ૧૨૨ મદ્ય, મૂત્ર, મલ, થુંક, પરૂ, રૂધિર એટલાંથી સ્પર્શ દુષિત થયેલું મૃત્તિકાનું પાત્ર પાછું અગ્નિમાં પકવતાં પણ પવિત્ર થતું નથી. ૧૨૩ માર્જન કરવાથી, લીંપવાથી, વાળવાથી, ખોદવાથી અને ગાયનો વાસ કરાવવાથી, એમ પાંચ પ્રકાર વડે ભૂમિ શુધ્ધ થાય છે. ૧૨૪

पक्षिजग्धं गवा घ्रातमवधूनमवक्षुतम् । दूषितं केशकीटैश्च मृत्प्रक्षेपेण शुध्यति ॥ १२५॥ यावन्नापैत्यमेध्याक्ताद्गन्धो लेपश्च तत्कृतः । तावन्मृद्वारि चादेयं सर्वासु द्रव्यशुद्धिषु ॥ १२६ ॥ त्रीणि देवाः पवित्राणि ब्राह्मणानामकल्पयन् । अदृष्टमद्भिर्निर्णिक्तं यच्च वाचा प्रशस्यते ॥ १२७ ॥ आपः शुद्धा भूमिगता वैतृष्ण्यं यासु गोर्भवेत् । अव्याप्ताश्चेदमेध्येन गन्धवर्ण [illegible]ताः ॥ १२८ ॥

પક્ષીનું ખાધેલું, ગાયનું સુંઘેલું, પગવડે કચરાયલું તથા જેનાપર છીંક થઇ હોય, કીડા તથા કેશોવડે દૂષિત થયું હોય તે સ્થાન મૃત્તિકા નાંખ્યાથી શુધ્ધ થાય છે. ૧૨૫ અપવિત્ર વસ્તુનું લેપન જે દ્રવ્યોને થયુ હોય તે દ્રવ્યમાંથી જ્યાં સુધી તે અપવિત્ર વિષ્ઠાદિનો ગંધ તથા લેપ દૂર ન થાય ત્યાંસુધી તે દ્રવ્યને માટી તથા પાણીવડે ધોવું. ૧૨૬ વિદ્વાન પુરૂષોએ બ્રાહ્મણોને ત્રણ પવિત્ર વસ્તુ જણાવી છે. એક અદૃષ્ટ, બીજું જે પાણીવડે ધોઇ લીધું હોય તે તથા ત્રીજું વાણીદ્વારા જે પ્રશંસનીય હોય તે. ૧૨૭ જે પાણી ભૂમીપર રહેલું હોય, જેમાં ગાયની તૃષા દૂર થતી હોય, જે અપવિત્ર વસ્તુયુક્ત ન હોય અને જેનો ગંધ, વર્ણ તથા સ્વાદ સારો હોય એવું પાણી શુધ્ધ જાણવું. ૧૨૮

नित्यं शुद्धः कारुहस्तः पण्ये यच्च प्रसारितम् । ब्रह्मचारिगतं भैक्ष्यं नित्यं मेध्यमिति स्थितिः ॥१२९॥ "नित्यमास्यं शुचि स्त्रीणां शकुनिः फलपातने । प्रस्रवे च शुचिर्वत्सः श्वा मृगग्रहणे शुचिः ॥ १३० ॥ श्वभिर्हतस्य यन्मांसं शुचि तन्मनुरब्रवीत् । क्रव्याद्भिश्च हतस्यान्यैश्चण्डालाद्यैश्च दस्युभिः ॥ १३१ ॥" ऊर्ध्वं नाभेर्यानि खानि तानि मेध्यानि सर्वशः । यान्यधस्तान्यमेध्यानि देहाच्चैव मलाश्च्युताः ॥ १३२ ॥

પુષ્પમાલાદિનો બનાવનાર કારીગરોના હાથ તથા દુકાનમાં વેચવાને મુકેલી ધાન્યાદિ વસ્તુ, અને બ્રહ્મચારીની ભિક્ષાઓ હમેશાં પવિત્ર છે. ૧૨૯. "સ્ત્રિયોનું મુખ, ફલ પાડે ત્યારે પક્ષીનું મુખ તથા ગાયને દોહવાની વખતે વાછરડાનું મુખ અને શિકાર કરતાં કૂતરાનું મુખ. પવિત્ર જાણવું" (આ શ્લોક તો કોઇ કામી તેમજ માંસ ભક્ષીએ બનાવેલો ધર્મશાસ્ત્રથી વિરૂદ્ધ હોવાથી ત્યાજ્ય છે) ૧૩૦ "કૂતરાંવડે હણાયલાનું માંસ શુદ્ધ જાણવુ તથા વાઘઆદિ તથા ચાંડાલાદિ તથા ડાકુઓ વિગેરેએ મારીને કાઢેલું માંસ પણ શુધ્ધ છે એમ મનુ કહે છે." (આ શ્લોક પણ ઉપરોક્ત સમાન પ્રક્ષેપ્ત છે) ૧૩૧ નાભિની ઉંચે જે ઇન્દ્રિયો છે તે સર્વ પવિત્ર જાણવી. અને નાભિની નીચેની ઇંદ્રિયો છે તે અપવિત્ર જાણવી અને દેહથી નીકળતા મલો અશુદ્ધ જાણવા. ૧૩૨

मक्षिका विप्रुषश्छाया गौरश्वः सुर्यरश्मयः । रजोभूर्वायुरग्निश्च स्पर्शे मेध्यानि निर्दिशेत् ॥ १३३ ॥ विण्मूत्रोत्सर्गशुद्ध्यर्थं मृद्वार्यादेय मर्थवत् । दैहिकानां मलानांच शुध्धिषु द्वादशस्वपि ॥१३४॥ वसाशुक्रम सृङ्मज्जा मूत्रविट्घ्राणकर्णविट् । श्लेष्माश्रुदूषिका स्वेदो द्वादशैते नृणां-मलाः ॥ १३५ ॥ एका लिङ्गे गुदे तिस्रस्तथैकत्र करे दश । उभयोः स[प्त]दातव्या मृदः शुध्धिमभीप्सता ॥ १३६ ॥

માખી, મુખથી નિકળતા ઝીણા ઝીણા જલનાં છાંટા, પતિતાદિની છાયા, ગાય, ઘોડા, સૂર્યનાં કિરણો, ધુળ, ભૂમિ, પવન અને અગ્નિ એ સર્વ સ્પર્શમાં શુધ્ધ જાણવા. ૧૩૩ મલમૂત્રના ત્યાગ કર્યા પછી શુધ્ધિને માટે, તથા દેહના બાર મલોની શુધ્ધિમાં જેટલું જોઇયે તેટલુ મૃત્તિકા અને પાણી લેવુ ૧૩૪ વસા એટલે ચરબી, શુક્ર એટલે વીર્ય, લોહી, મજ્જા, મૂત્ર, વિષ્ઠા, નાકનો મેલ, કાનનો મેલ, કફ, આંસુ, આખનો મેલ અને પ્રસ્વેદ, એ મનુષ્યોના બાર મલ છે. ૧૩૫ શુધ્ધિને ચાહનાર મનુષ્યે મૂત્રની જગ્યાએ એકવાર ગુદાની જગ્યાએ ત્રણવાર, ડાબાહાથે દશવાર તથા બંને હાથમાં સાતવાર માટી લગાવી શુધ્ધિ કરવી. ૧૩૬

एतच्छौचंगृहस्थानां द्विगुणंब्रह्मचारिणाम् । त्रिगुणंस्याद्वनस्थानां यतीनांतुचतुर्गुणम् ॥ १३७ ॥ कृत्वा मूत्रं पुरीषं वा खान्याचान्तउप-

स्पृशेत् । वेदमध्येष्यमाणश्च अन्नमश्नंश्च सर्वदा ॥ १३८ ॥ त्रिराचामेदपः पूर्वं द्विः प्रमृज्यात्ततोमुखम् । शारीरंशौचमिच्छन्हिस्त्रीशुद्रस्तु सकृत्सकृत् ॥ १३९ ॥ शुद्राणां मासिकं कार्यं वपनं न्यायवर्तिनाम् । वैश्यवच्छौचकल्पश्च द्विजोच्छिष्टं च भोजनम् ॥ १४० ॥

એ શુદ્ધિ ગૃહસ્થોની છે, બ્રહ્મચારીએ તેના કરતા બમણી, વાનપ્રસ્થાશ્રમીએ ત્રણગણિ અને સન્યસ્તાશ્રમીએ ચાર ગણિ શુધ્ધિ કરવી ૧૩૭ મલમત્ર કર્યાં પછી શુધ્ધ થઇને આચમન કરીને ચક્ષુરાદિ ઇંદ્રિયોનો જલવડે સ્પર્શ કરવો. વેદ ભણવાના આરંભમા તથા અન્નનુ ભોજન કરવાના સમયે હમેશાં આચમન કરવું ૧૩૮ શરીરની શુધ્ધિ ઇચ્છનાર મનુષ્યે ભોજનોત્તરકાલમા પ્રથમ ત્રણ આચમન કરવા અને એ વખતે મુખમાર્જન કરવુ, તેમજ સ્ત્રી અને શદ્રએ એકવાર કરવું. ૧૩૯ ન્યાય પ્રમાણે ચાલનાર શદ્રોનું મુડન એક મહિને કરાવવું અને મૃતકાદિ પ્રાપ્ત થાય ત્યારે વૈશ્યની પેઠે શૌચવિધિ જાણવો, અને દ્વિજોના ભોજન કરવાથી શેષ રહે તેનું ભોજન કરવું. ૧૪૦

नोच्छिष्टंकुर्वतेमुख्याविप्रुषोऽङ्गेपतन्तियाः। नश्मश्रुणिगतान्यास्य नदन्तान्तरधिष्ठितम् ॥ १४१ ॥ स्पृशन्तिबिन्दवः पादौय आचामयतः परान् । भौमिकैस्तेसमाज्ञेया न तैरप्रयतो भवेत् ॥ १४२ ॥उच्छिष्टेन तु संस्पृष्टोद्रव्यहस्तः कथञ्चन । अनिधायैव तद्द्रव्यमाचान्तःशुचितामियात् ॥ १४३ ॥ वान्तोविरिक्तःस्नात्वातु घृतप्राशनमाचरेत् । आचामेदेवभुक्त्वान्नं स्नानंमैथुनिनःस्मृतम् ॥ १४४ ॥

બોલવા સમયે મુખથી નીકળતા જે થુંકના છાંટા શરીરપર પડે છે તે તથા મુખમા જતી મુંછો અને દાતની અંદર રહી ગયેલું અન્ન એટલાં ઉચ્છિષ્ટ કહેવાતાં નથી. ૧૪૧ બીજાને આચમન માટે જલ આપનારના પગપર જે જલના છાંટા પડે છે તેને ભૂમીના જલબિન્દુ સમાન જાણવા, તેણે કરીને જલ આપનાર અશુધ્ધ થતો નથી. ૧૪૨ પુરૂષથી કાંઇ દ્રવ્ય હાથમાં છતાં ઉચ્છિષ્ટવડે સ્પર્શ થયો હોય તો તે દ્રવ્યને અલગ કર્યા શિવાય આચમન કરવાથી શુધ્ધ થાય છે. ૧૪૩ જેને ઉલટી તથા ઝાડો થયો હોય તો સ્નાન કરીને થોડું ઘી ભક્ષણ કરવું એટલે શુધ્ધ થાય છે. ભો-

જન કરીને ઉલટી થઈ હોય તો આચમન કરવાથી અને મૈથુન કર્યા પછી સ્નાન કરવાથી શુધ્ધિ થાય છે,

सुप्त्वाक्षुत्वाचभुक्त्वाच निष्ठीव्योक्त्वानृतानिच । पीत्वापोऽध्येष्यमाणश्चआचामेत्प्रयतोऽपिसन् ॥ १४५ ॥ एषशौचविधिः कृत्स्नो द्रव्यशुद्धिस्तथैवच।उक्तोवःसर्ववर्णानां. स्त्रीणांधर्मान्निबोधत ॥ १४६ ॥ बालयावायुवत्यावा वृद्धयावापियोषिता । नस्वातन्त्र्येणकर्तव्यं किंचित्कार्यं गृहेष्वपि ॥१४७ ॥ बाल्येपितुर्वशेतिष्ठेत्पाणिग्राहस्य यौवने ।पुत्राणांभर्तरिप्रेते न भजेत्स्त्रीस्वतन्त्रताम् ॥ १४८ ॥

સુઇ ઉઠીને, છીંક ખાધા પછી, ભોજન કરીને, થુંકીને, મિથ્યા વાદ કરીને, પાણી પીને, અને વિદ્યાધ્યયનની પેહેલાં શુધ્ધ હોય તોપણ આચમન કરવું. ૧૪૫ આ સર્વ વર્ણોની સંપૂર્ણ શૌચવિધિ અને દ્રવ્ય શુધ્ધિ કહી હવે સ્ત્રિયોના ધર્મ કહું છુ ત તમે સાંભળો. ૧૪૬ બાલક, યુવતી અથવા વૃધ્ધા સ્ત્રીયે ગૃહોમાં કાંઈ પણ સ્વતંત્રતા વડે કાર્ય કરવુ નહિ. ૧૪૭ બાલ્યાવસ્થામાં પિતા પાસે રહેવુ, યૌવનમા પતિ પાસે અને સ્વામિ મરણ પામે ત્યારે પુત્રોની પાસે રહેવું, પરંતુ સ્ત્રિયે સ્વતંત્રતાનું સેવન કદાપિ કરવું નહિં. ૧૪૮

पित्रा भर्त्रा सुतैर्वापि नेच्छेद्विरहमात्मनः। एषांहि विरहेण स्त्रीगर्ह्ये कुर्यादुभे कुले ॥ १४९ ॥ सदा प्रहृष्टया भाव्यं गृहकार्येषुदक्षया । सुसंस्कृतोपस्करया व्यये चामुक्तहस्तया ॥ १५० ॥ यस्मैदद्यात्पिता त्वेनां भ्रातावानुमते पितुः। तंशुश्रूषेतजीवन्तं संस्थितं च न लङ्घयेत् १५१ मङ्गलार्थं स्वस्त्ययनं यज्ञश्चासां प्रजापतेः । प्रयुज्यते विवाहेषु प्रदानं स्वाम्यकारणम् ॥ १५२ ॥

પિતા, પતિ અને પુત્રોથી અલગ રહેવાને સ્ત્રિયોએ કદાપિ ઇચ્છા ન કરવી કારણકે એઓનાથી અલગ રહેવાથી સ્ત્રી પોતાના પતિના કુલને તથા પોતાના પિતાના કુલને નિંદિત કરે છે. ૧૪૯ હમેશાં પ્રસન્ન ચિત્ત રહેવું, ગૃહકાર્યોમાં હુશિયાર રહેવું, ઘરનો સરસામાન વસ્ત્ર પાત્રાદિ સારાં રાખવાં અને ખર્ચ કરવામાં સ્ત્રિયે પોતાનો હાથ હંમેશાં સંકુચિત રાખવો. ૧૫૦

પિતા અથવા પિતાની આજ્ઞાથી ભાઇ જેને એનું દાન કરે, તેના જીવતાં સુધી સેવા કરવી અને તેના (પતિના) મરણ પછી ધર્માચારનું ઉલ્લંઘન ન કરવું એટલેકે વ્યભિચારાદિ ન કરવું. ૧૫૧ એ સ્ત્રિયોના વિવાહમાં જે સ્વસ્ત્યયન તથા પ્રાજાપત્ય હોમ કરવામાં આવે છે તે મંગલને માટે છે અને તેનું પ્રદાન છે તે સ્વામિભાવનું કારણ છે. ૧૫૨

अनृतावृतुकाले च मन्त्रसंस्कारकृत्पतिः । सुखस्य नित्यं दातेह परलोके च योषित ॥१५३॥ विशीलःकामवृत्तो वा गुणैर्वा परिवर्जितः । उपचर्यः स्त्रिया साध्व्या सततं देववत्पतिः ॥ १५४ ॥ नास्ति स्त्रीणां पृथग्यज्ञो न व्रतं नाप्युपोषितम् । पतिं शुश्रूषते येन तेन स्वर्गे महीयते ॥ १५५ ॥ पाणिग्राहस्य साध्वी स्त्री जीवतो वा मृतस्य वा । पतिलोकमभीप्सन्ती नाचरेत्किञ्चिदप्रियम् ॥१५६॥

મંત્રસંસ્કાર અર્થાત્ વિવાહ સંસ્કાર કરનાર પતિ સ્ત્રિયોને ઋતુકાલમાં તથા ઋતુકાલ વિનાના સમયમાં સુખ આપનાર છે. સ્ત્રિઓનો પતિ છે તેજ આ સંસારમાં તથા પરલોકમાં સુખનો દાતા છે. ૧૫૩ પતિ શીલરહિત હોય, કામી હોય, વિદ્યાદિ ગુણોથી રહિત હોય તો પણ સાધ્વી સ્ત્રિયે તે દેવની પેઠે સેવા કરવા યોગ્ય જાણવો. ૧૫૪ સ્ત્રિયોને માટે કોઇ જુદો યજ્ઞ નથી, જુદું વ્રત નથી અને ઉપવાસ કરવાનું પણ નથી. સ્ત્રીનો ફક્ત પતિની સેવા રૂપ કર્મ કરે તેણે કરીનેજ સ્વર્ગમાં પણ પૂજ્ય થાય છે. ૧૫૫ પતિના લોકને ઇચ્છનારી સાધ્વી સ્ત્રિયે જીવતા પતિનું અપ્રિય આચરણ કદાપિ કરવું નહિં તથા પતિ મરણ પામ્યા પછી પણ તેને જે અપ્રિય લાગતું તેવું આચરણ પાછળથી પણ કરવું નહિં. ૧૫૬

कामं तु क्षपयेद्देहं पुष्पमूलफलैः शुभैः । नतु नामापि गृह्णीयात् पत्यौ प्रेते परस्य तु ॥ १५७ ॥ आसीतामरणात्क्षान्ता नियता ब्रह्मचारिणी । यो धर्म एकपत्नीनां काङ्क्षन्ती तमनुत्तमम् ॥१५८॥ अनेकानि सहस्राणि कुमारब्रह्मचारिणाम् । दिवं गतानि विप्राणामकृत्वा कुलसंततिम् ॥ ॥ १५९ ॥ मृते भर्तरि साध्वी स्त्री ब्रह्मचर्ये व्यवस्थिता । स्वर्गं गच्छत्यपुत्रापि यथा ते ब्रह्मचारिणः ॥ १६० ॥

પતિ મરણુ પામ્યા પછી ચાહે તો સ્ત્રિયે સારાં પુષ્પ, ફ્લ અને મૂળના ભક્ષણુ વડે દેહને અત્યંત કૃશ કરી નાંખવી તે ઠીક પરંતુ વ્યભિચારની ઇચ્છાથી પરપુરૂષનું સેવન કદાપિ કરવું નહિં. ૧૫૭ ક્ષમાયુક્ત નિયમવાળી બ્રહ્મચારિણી સ્ત્રિયે પતિવ્રત ધર્મને ઇચ્છા કરતી મરણુપર્યંત રેહેવું ૧૫૮ હજારો કુમાર અવસ્થાથીજ બ્રહ્મચારી એવા બ્રાહ્મણો કુલમાં સંતતિ ઉત્પન્ન કર્યાં શિવાય પણુ સ્વર્ગમાં ગયા. (આ ઠેકાણે એટલુ તો સિધ્ધ થાય છે કે પુત્ર વિના૦ ગતિ નથી એવી કેટલાએકની માન્યના ખોટીજ છે.)૧૫૯ પતિના મરણુ પામ્યા પછી જે સાધ્વી સ્ત્રી બ્રહ્મચર્ય રાખી રહી હોય તો તે સ્ત્રી પુત્ર રહીત હોય તો પણુ બ્રહ્મચારીઓની પેઠે સ્વર્ગમાં જાય છે. ૧૬૦

अपत्यलोभाद्यातुस्त्री भर्तारमतिवर्तते । सेहनिन्दामवाप्नोति पतिलोकाच्च हीयते ॥ १६१ ॥ नान्योत्पन्नाप्रजास्तीह नचाप्यन्यपरिग्रहे । न द्वितीयश्च साध्वीनां क्वचिद्भर्तोपदिश्यते ॥ १६२ ॥ पतिं हित्वापकृष्टं स्वमुत्कृष्टंयानिषेवते । निन्द्यैवसाभवेल्लोके परपूर्वेतिचोच्यते ॥ १६३ ॥ व्यभिचारात्तुभर्तुः स्त्री लोकेप्राप्नोति निन्द्यताम् । शृगालयोनिंप्राप्नोति पापरोगैश्चपीड्यते ॥ १६४ ॥

સંતાનના લોભથી જે સ્ત્રી સ્વામિની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, અર્થાત્ પરપુરૂષાદિ સેવન કરે છે તે સ્ત્રી આ સંસારમાં નિંદાપાત્ર થાય છે અને પતિલોકથી છુટી જાય છે. ૧૬૧ બીજા પુરૂષથી ઉત્પન્ન થયેલી પ્રજા તે સ્ત્રીની નથી તેમજ બીજી સ્ત્રીમા ઉત્પન્ન થયેલી પ્રજા ઉત્પન્ન કરનારની પણુ નથી. અને સાધ્વી સ્ત્રિયોને બીજો પતિ કરવાનો ઉપદેશ પણુ કોઇ શાસ્ત્રમા નથી. ૧૬૨ જે સ્ત્રી પોતાથી ન્યુન ગુણુવાળા પતિને છોડીને શ્રેષ્ઠ ગુણુવાળા અન્ય પુરૂષનું સેવન કરે છે તે લોકમાં નિંદાપાત્ર થાય છે અને તેને લોકો "બે પતિની સ્ત્રી" એમ કહે છે. ૧૬૩ પરપુરૂષ સાથે વ્યભિચાર કરવાથી સ્ત્રી લોકમાં નિંદાને પ્રાપ્ત થાય છે અને મરણુ પામ્યા પછી શિયાળની યોનિ પામે છે તથા કોઢ આદિ પાપ રોગોથી પીડાય છે. ૧૬૪

पतिंयानाभिचरति मनोवाग्देहसंयता । साभर्तृलोकमाप्नोति सद्भिः साध्वीति चोच्यते ॥ १६५ ॥ अनेननारी वृत्तेन मनोवाग्देहसंयता । इहाग्र्यांकीर्तिमाप्नोति पतिलोकं परत्र च ॥ १६६ ॥ एवं

एवंवृत्तां सवर्णां स्त्रीं द्विजातिः पूर्वमारिणीम् । दाहयदग्निहोत्रेण यज्ञपात्रैश्च धर्मवित् ॥ १६७॥ भार्यायै पूर्वमारिण्यै दत्वाग्नीनन्त्यकर्मणि । पुन र्दारक्रियां कुर्यात्पुनराधानमेव च ॥ १६८ ॥

જે સ્ત્રી મન, વાણી અને દેહનું નિયમન કરતી પતિને દુખી કરતી નથી તે પતિ લોકને પામે છે અને સત્પુરૂષો વડે "સાધ્વી" એ નામથી ઓળખાય છે. ૧૬૫ મન, વાણી, અને દેહને સંયમ કરતી સ્ત્રી આવાં આચરણ વડે આ લોકમાં શ્રેષ્ઠ કીર્તિ પ્રાપ્ત કરે છે અને મરણ પામ્યા પછી પતિ લોકને પામે છે. ૧૬૬ દ્વિજાતિયે એ પ્રમાણે આચરણ કરનારી સ્ત્રી જો પતિના પૂર્વ મરી જાય તો, સ્માર્તાગ્નિ તથા યજ્ઞપાત્રો સહિત તેનુ દાહકર્મ કરવું, ૧૬૭ પતિની પહેલા મરણ પામેલી સ્ત્રીના અંત્યેષ્ટિ કર્મમાં અગ્નિઓનું દાન કરીને ગૃહસ્થાશ્રમને માટે પુનઃ વિવાહ કરે તો બીજીવાર સ્માર્તાગ્નિ લેવા.

अनेन विधिना नित्यं पञ्चयज्ञान्न हापयेत् । द्वितीयमायुषो भागं कृतदारो गृहे वसेत् ॥ १६९ ॥

આ વિધિ વડે વિવાહ કરનાર પુરૂષે આયુષ્યનો બીજો ભાગ ગૃહસ્થાશ્રમમાં વ્યતીત કરવો. અને નિત્ય પંચમહાયજ્ઞનો ત્યાગ કદાપિ ન કરવો. ૧૬૯

इतिमानवे धर्मशास्त्रे पञ्चमोध्यायः ५

ઇતિ મનુસ્મૃતિ સરલ ગુજરાતી ટીકાનો પાંચમો અધ્યાય સમાપ્ત.

ओ३म्

अथ षष्ठोऽध्यायः

एवं गृहाश्रमे स्थित्वा विधिवत्स्नातको द्विजः । वने वसेत्तु नियतोयथावद्विजितेन्द्रियः ।। १ ।। गृहस्थस्तु यदा पश्येद्वलीपलितमात्मनः। अपत्यस्यैव चापत्य तदारण्यं समाश्रयेत् ।। २ ।। संत्यज्यग्राम्यमाहारं सर्वचैवपरिच्छदम् । पुत्रेषुभार्यांनिक्षिप्यवनं गच्छेत्सहैव वा ।। ३ ।। अग्निहोत्रं समादाय गृह्यं चाग्निपरिच्छदम् । ग्रामादरण्यं निःसृत्य निवसे न्नियतेन्द्रियः ।। ४ ।।

સ્નાતકદ્વિજે એ પ્રમાણે યથા વિધિ ગૃહસ્થાશ્રમમાં નિવાસ કરીને નિયમ પૂર્વક યથાવિધિ જીતન્દ્રિય થઇને વનમાં નિવાસ કરવો. ૧ ગૃહસ્થ મનુષ્ય જ્યારે પોતાના વાળ સફેદ પાકેલા જુવે તથા પોતાના પુત્રને ત્યાં પણ પુત્રોત્પત્તિ જુવે ત્યારે તેણે વનનો આશ્રય કરવો. ૨ ગામનું ભોજન (પકવાન્નાદિ) અને ગાય ઘોડા શય્યા વિગેરેનો ત્યાગ કરી, પોતાની સ્ત્રી ને પુત્રોને સોંપી અથવા તો સાથે રાખીને વનમાં (એકાંતમાં) જવું- ૩ અગ્નિ હોત્ર તથા ગૃહયાગ્નિ સંબંધી સર્વ સરસામાન સ્રુક સ્રુવાદિ લઇને તથા ગામમાથી અરણ્યમાં જઇને નિયમિત ઇંદ્રિયો વાળા થઇ નિવાસ કરવો. ૪

मुन्यन्नैर्विविधैर्मेध्यैः शाकमूलफलेन वा । एतानेव महायज्ञान् निर्वपेद्विधिपूर्वकम् ।। ५ ।। वसीत चर्म चीरं वा सायं स्नायात् प्रगे तथा । जटाश्च बिभृयान्नित्यं श्मश्रुलोमनखानि च ।। ६ ।। यद्भक्ष्यं स्यात्ततोदद्याद् बलिं भिक्षां च शक्तितः । अम्मूलफलभिक्षाभिरर्चयेदाश्रमागतान् ।। ७ ।। स्वाध्यायेनित्ययुक्तः स्याद्दान्तोमैत्रः समाहितः। दातानित्यमनादाता सर्वभूतानुकम्पकः ।। ८ ।।

નાના પ્રકારના પવિત્ર મુન્યન્નો વડે અથવા શાક, મૂલ ફલ વડે વિધિ પૂર્વક આગળ જણાવી ગયેલા પંચમહાયજ્ઞો હંમેશાં

કરવી. ૫ મૃગચર્મ અથવા વૃક્ષ વલ્કલ ધારણ કરવાં, સાયંકાલ અને પ્રાંતઃકાલે સ્નાન કરવું, જટા, શ્મશ્રુ, લોમ અને નખ એ હંમેશાં ધારણ કરી રાખવાં. ૬ પોતાના ભોજન પદાર્થમાંથી યથાશક્તિ બલિ અને ભિક્ષા આપવી. આશ્રમમાં કોઇ અતિથિ વિગેરે આવે તો તેનો જલ. મૂળ, અને ફલની ભિક્ષા વડે સત્કાર કરવો. ૭ સ્વાધ્યાયમાં નિત્ય યુક્ત રહેવું, ઈંદ્રિયોનું દમન કરવું, અને સર્વ પ્રકારના ઉપકાર કરવાવાળા થવું તથા સ્વાધીન મન રાખવું, દાતા થવું પણ કોઈનું લેવું નહિ, અને સર્વ જીવો પર દયા રાખવી. ૮

वैतानिकं च जुहुयादग्निहोत्रं यथाविधि । दर्शमस्कन्दयन्पर्व पौर्णमासं च योगतः ॥ ९ ॥ ऋक्षेष्ट्याग्रायणं चैव चातुर्मास्यानि चाहरेत् । उत्तरायणं च क्रमशो दक्षस्यायनमेव च ॥ १० ॥ वासन्तशारदैर्मेध्यैर्मुन्यन्नैः स्वयमाहृतैः । पुरोडाशांश्चरूंश्चैव विधिवन्निर्वपेत्पृथक् ॥ ११ ॥ देवताभ्यस्तु तद्धुत्वा वन्यं मेध्यतरं हविः । शेषमात्मनि युञ्जीत लवणं च स्वयंकृतम् ॥ १२ ॥

વિતાનાગ્નિ (ગાર્હપત્ય કુંડમાં રહેલા અગ્નિને આહવનીય તથા દક્ષિણાગ્નિ કુંડમાં લાવવો તેને વિતાનાગ્નિ કહેવાય છે,) માંયથા વિધિ અગ્નિ હોત્ર કરવો, અને પોત પોતાના સમયે દર્શ પૌર્ણમાસ પર્વમાં ઇષ્ટિનો પણ ત્યાગ ન કરવો, ૯ નક્ષત્રેષ્ટિ અને આગ્રયણેષ્ટિ તથા ચાતુર્માસ્ય અને ઉત્તરાયણ દક્ષિણાયનમાં પણ ક્રમ પુર્વક વિહિતકર્મ કરવું, ૧૦ વસંત તથા શરદ ઋતુમાં ઉત્પન્ન થયેલાં પોતે આણેલાં પવિત્ર મુન્યન્નો વડે યથા વિધિ જુદા જુદા પુરોડાશ અને ચરૂ પણ યાગની સિદ્ધિને માટે કરવા. ૧૧ પવિત્ર એવું વનમાં ઉત્પન્ન થયેલું જે હુત દ્રવ્ય તે વડે દેવના માટે હોમ કરીને શેષ અન્ન પોતે ભોજન કરવું અને પોતે ઉત્પન્ન કરેલું ઉષરલવણ મેળવીને ખાવું. ૧૨

स्थलजौदकशाकानि पुष्पमूलफलानि च । मेध्यवृक्षोद्भवान्यद्यात्स्नेहांश्च फलसंभवान् ॥ १३ ॥ वर्जयेन्मधु मांसं च भौमानि कवकानि च । भूस्तृणं शिग्रुकं चैव श्लेष्मातकफलानि च ॥ १४॥ त्यजेदाश्वयुजे मासि मुन्यन्नं पूर्वसंचितम् । जीर्णानि चैव वासांसि शाकमूल-

फला- च ॥ १५ न फालकृष्टमश्नीयादुत्सृष्टमपि कनचि । न ग्रामजातान्यार्तोऽपि मूलानि च फलानि च ॥ १६ ॥

સ્થલમાં ઉત્પન્ન થયેલાં તથા ઉદકમાં ઉત્પન્ન થયેલાં શાકો, પુષ્પો, મૂલ, ફળો, તથા પવિત્ર વૃક્ષોથી ઉત્પન્ન થયેલાં ફલાદિ, તેમજ તેવાં ફળથી ઉત્પન્ન થયેલાં તૈલાદિનું ભોજન કરવું. ૧૩ મદ્ય તથા માંસ ત્યાગ કરવું, છત્રાક તથા ભૂતૃણનો ત્યાગ કરવો, તથા શિગ્રુક નામના શાકનો તેમજ ચીકણા કફ જેવું જેમાંથી નીકળે તેવાં ફળનો ત્યાગ કરવો. ૧૪ આશ્વિન માસમાં પ્રથમથી એકઠું કરી રાખેલું મુન્યન્ન, જુનાં વસ્ત્ર તથા શાક મૂલ ફૂલનો જે સંગ્રહ હોય તે ત્યાગ કરવો. ૧૫ ખેતરનું ધાન્યાદિ કે જે કોઈએ છોડી દીધુ હોય તેનું ભોજન ન કરવુ અને પીડિત થતાં છતાં પણ ગામમા થયેલા ફલ મૂલ ખાવાં નહિ ૧૬

अग्निपक्वाशनोवास्यात्कालपक्वभुगेववा । अश्मकुट्टोभवेद्वापि दन्तोलूखलिकोऽपिवा ॥ १७ ॥ सद्यः प्रक्षालकोवा स्यान्मासंसंचयिकोऽपिवा । षण्मासनिचयोवास्यात्समानिचयएववा ॥ १८ ॥ नक्तंवान्नंसमश्नीयाद्दिवावाहृत्यशक्तितः । चतुर्थकालिकोवास्यात् स्याद्वाप्यष्टमकालिकः ॥ १९ ॥ चान्द्रायणविधानैर्वा शुक्लकृष्णे च वर्तयेत् । पक्षान्तयोर्वाप्यश्नीयाद्यवागूं क्वथितां सकृत् ॥ २० ॥

અગ્નિવડે પકવેલુ અથવા પોતાની મેળે સમયે પાકેલુ ફલ ખાવું તેમજ પત્થરવડે છુંદેલુ અથવા પોતાના દાંતથી ચવાયલુ ખાવું. ૧૭ એકવારના ભોજન માત્ર જેટલુ અથવા મહિના સુધી ચાલે તેટલું અથવા ૭ માસ અથવા એક વર્ષ ભોજન માટે ચાલે તેટલુ સંચય કરવું. ૧૮ અથવા દિવસે યથાશક્ત અન્ન લાવીને તેનું રાત્રે ભોજન કરવું, અથવા દિવસના ચોથા પોહરમાં ભોજન કરવું અથવા તો ત્રણ રાત્ર ઉપવાસ કરી ચોથે દિવસે રાત્રે ભોજન કરવુ. અથવા એક દિવસ ઉપવાસ કરી બીજે દિવસે સાયંકાલે ભોજન કરવુ. ૧૯ અથવા તો શુક્લપક્ષ તથા કૃષ્ણપક્ષમાં ચાંદ્રાયણ વ્રતના વિધાનવડે ભોજન કરવુ અથવા તો પક્ષના અંતમા એટલે કે દરેક પુનેમ અને અમાવાસ્યાને દિવસે સાયંકાળે અથવા પ્રાતઃકાળે યવાગુનો સાંથવો કરી એકવાર ભોજન કરવુ. ૨૦

पुष्पमूलफलैर्वापि केवलैर्वर्तयेत्सदा । कालपक्वैः स्वयं शीर्णैर्वैखानसमते स्थितः ॥ २१ ॥ भूमौ विपरिवर्तेत तिष्ठेद्वा प्रपदैर्दिनम्। स्थानासनाभ्यां विहरेत्सवनेषुपयन्नपः ॥ २२ ॥ ग्रीष्मे पञ्चतपास्तु स्याद्वर्षास्वभ्रावकाशिकः । आर्द्रवासास्तु हेमन्ते क्रमशो वर्धयंस्तपः ॥ २३ ॥ उपस्पृशंस्त्रिषवणं पितॄन्देवांश्च तर्पयेत् । तपश्चरंश्चोग्रतरं शोषयेद्देहमात्मनः ॥ २४ ॥

અથવા હમેશાં પોતાના સમયે પાકેલા અને પોતાની મેળે તુટી પડેલા કેવલ પુષ્પ, મૂલ અને ફળોવડે વાનપ્રસ્થાશ્રમમા રહેનારાએ નિર્વાહ કરવો. ૨૧ ભૂમિ ઉપર બેસવું અથવા આખો દિવસ ઉભા રહેવું, પોતાનાં સ્થાન અને આસનપરજ ફરવું અને પ્રાત, મધ્યાહ્નમાં તથા સાયંકાળે સ્નાન કરવું. ૨૨ ગ્રીષ્મ ઋતુમાં પંચાગ્નિ (ચારે દિશા તરફ અગ્નિ રાખવો અને ઉપરથી સૂર્યનો તાપ એ પંચાગ્નિ કહેવાય છે.) નું સેવન કરવું, વર્ષાકાળમાં વાદળનું સેવન કરવું, ક્રમપૂર્વક તપને વધારતાં હેમતઋતુમા ભીના કપડા એ રેહેવું. ૨૩ ત્રિકાલ સ્નાન કરીને દેવ અને પિતૃની તૃપ્તિ કરવી અને ઉગ્ર તપ કરીને પોતાના શરીરને કૃશ કરવું. ૨૪

अग्नीनात्मनि वैतानान्समारोप्य यथाविधि । अनग्निरनिकेतः स्यान्मुनिर्मूलफलाशनः ॥ २५ ॥ अप्रयत्नःसुखार्थेषु ब्रह्मचारी धराशयः । शरणेष्वममश्चैव वृक्षमूलनिकेतनः ॥ २६ ॥ तापसेष्वेव विप्रेषु यात्रिकं भैक्षमाहरेत्। गृहमेधिषु चान्येषु द्विजेषु वनवासिषु ॥२७॥ ग्रामादाहृत्य वाश्नीयादष्टौ ग्रासान् वने वसन् । प्रतिगृह्य पुटेनैव पाणिना शकलेन वा ॥ २८ ॥

પછી વૈખાનસ શાસ્ત્રના વિધાનવડે યથાવિધિ પોતાના આત્મામાં વૈતાન અગ્નિઓનું સમરોપણ કરીને અગ્નિરહિત તથા સ્થાનરહિત થઇ ફળ મૂળ અને ફલનું ભક્ષણ કરનાર મુનિ થવું. ૨૫ સુખોને માટે પ્રયત્ન ન કરવો તેમજ સ્ત્રી સંભોગ રહિત થઇ ભૂમિ પર શયન કરનાર થવું અને નિવાસ સ્થાનોમાં મમતા રાખ્યા શિવાય વૃક્ષ મૂલમાં સ્થાન કરવું. ૨૬ વાનપ્રસ્થાશ્રમિ વિપ્રો પાસેથીજ પ્રાણ બચાવી શકાય તેટલું ભિક્ષાચરણ

કરવું અને તેના અભાવમાં અન્ય વનમાં રેહેનાર ગૃહસ્થાશ્રમી દ્વિજ પાસેથી. ભિક્ષા લેવી ૨૭ વનવાસીએ ગામમાંથી ભિક્ષા લાવીને અન્નના આઠ ગ્રાસ પાદડાંપર, સકોરામા અથવા હાથપર લઈને ભોજન કરવું. ૨૮

एताश्चान्याश्चसेवेत दीक्षा विप्रो वने वसन् । विविधाश्चोपनिषदीरात्मसंसिद्धये श्रुतीः ॥ २९ ॥ ऋषिभिर्ब्राह्मणैश्चैव गृहस्थै रेवसेविनाः । विद्यातपोविवृद्ध्यर्थंशरीरस्य च शुद्धये ॥ ३० ॥ अपराजितांवास्थाय व्रजेद्दिशमजिह्मगः । आनिपाताच्छरीरस्य युक्तोवार्यनिलाशनः ॥ ३१ ॥ आसां महर्षिचर्याणां त्यक्त्वाऽन्यतमया तनुम् । वीतशोकभयोविप्रो ब्रह्मलोकेमहीयते ॥ ३२ ॥

વનમા વસનાર વિપ્ર એ દીક્ષા તથા અન્ય જે વાનપ્રસ્થાશ્રમમાં કહી હોય તેનું સેવન કરવુ અને આત્મજ્ઞાનની સિદ્ધિને માટે નાના પ્રકારના ઉપનિષદોમા આવેલી શ્રુતિઓનુ અધ્યયન કરવુ ૨૯ વિદ્યા અને તપની વૃદ્ધિ માટે તથા શરીરની શુદ્ધિ માટે એ દીક્ષા ઋષિ એવા બ્રાહ્મણ ગૃહસ્થોએજ સેવન કરેલી છે ૩૦ અથવા શરીર સબધ છુટે ત્યા સુધી જલ અને વાયુનુ ભક્ષણ કરતો જેનો પરાજય ન થાય એવી દિશામા જીતેન્દ્રિય થઈ કુટિલ ગતિ વિનાં ગમન કરવું ૩૧ આ મહર્ષિયોના આચરણોમાંથી ગમે તે આચરણવડે પોતાના શરીરનો ત્યાગ કરીને શોક અને ભયરહિત વિપ્ર બ્રહ્મલોકમા જાય છે; અર્થાત્ મોક્ષ પામે છે ૩૨

वनेषु च विहृत्यैवंतृतीयं भागमायुषः । चतुर्थमायुषो भागंत्यक्त्वा सङ्गान्परिव्रजेत् ॥ ३३ ॥ आश्रमादाश्रमं गत्वा हुतहोमो जितेन्द्रियः । भिक्षावलिपरिश्रान्तः प्रव्रजन् प्रेत्य वर्धते ॥ ३४ ॥ ऋणानि त्रीण्यपाकृत्य मनो मोक्षे निवेशयेत् । अनपाकृत्य मोक्षं तु सेवमानोव्रजत्यधः ॥ ३५ ॥ अधीत्यविधिवद्वेदान्पुत्रांश्चोत्पाद्य धर्मतः इष्ट्वा च शक्तितोयज्ञैर्मनोमोक्षे निवेशयेत् ॥ ३६ ॥

(આવું ઉગ્ર વ્રતાચરણ કરતાં પણ જો આયુનો શેષ ભાગ રહે તો) એ પ્રમાણે વનમાં રેહેતાં આયુષ્યનો ત્રીજો ભાગ વ્યતીત કરીને આયુષ્યના ચોથા ભાગમાં સર્વ સંગોનો ત્યાગ કરી સન્યાસ ગ્રહણ કરવો. ૩૩ આશ્ર-

મથી આશ્રમમાં જઇને, હવન કરીને તથા ભિક્ષા અને બલિદાનથી થાકેલા ઓ જીતેન્દ્રિય સન્યાસાશ્રમ ગ્રહણ કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે. ૩૪ ત્રણ ઋણ (દેવ, પિતૃ અને ઋષિ ઋણ) ચુકાવીને મનને મોક્ષ માર્ગમાં લગાવવું. એ ત્રણ ઋણ ચુકાવ્યા શિવાય મોક્ષમાર્ગનું સેવન કરનાર અર્થાત્ સન્યાસાશ્રમ લેનાર પતિત થાય છે. ૩૫ વિધિપૂર્વક વેદાધ્યયન કરીને, ધર્મ વડે પુત્રાદિ પ્રજા ઉત્પન્ન કરીને અને યથાશક્તિ યજ્ઞોવડે યજન કરીને મનને મોક્ષમાર્ગમાં લઇ જવું. ૩૬

अनधीत्य द्विजोवेदान‹ त्पाद्यतथासुतान् । अ[illegible]चैवयज्ञैश्च मोक्षमिच्छन्व्रजत्यधः ॥ ३७ ॥ प्राजापत्यां निरुप्येष्टिं सर्ववेदसदक्षिणाम् । आत्मन्यग्नीन्समारोप्य ब्राह्मणः प्रव्रजेद्गृहात् ॥ ३८ ॥ योदत्वासर्वभूतेभ्यःप्रव्रजत्यभयंगृहात् । तस्यतेजोमयालोका भवन्ति ब्रह्मवादिनः ॥ ३९ ॥ यस्मादण्वपिभूतानां द्विजान्नोत्पद्यते भयम् । तस्य देहाद्विमुक्तस्य भयं नास्ति कुतश्चन ॥ ४० ॥

જે દ્વિજ વેદાધ્યયન કર્યા શિવાય તેમજ પુત્રોત્પત્તિ કર્યા શિવાય તથા યજ્ઞવડે યજન કર્યા શિવાય મોક્ષની ઇચ્છા કરે છે તે નીચે પડે છે ૩૭ સર્વસ્વ દક્ષિણાવાળી પ્રાજાપત્ય નામવાળી ઇષ્ટિ કરીને અને આત્મામાં અગ્નિઓનું સમારોપણ કરીને બ્રાહ્મણે વાનપ્રસ્થાશ્રમથી સન્યાસાશ્રમ ધારણ કરવો. ૩૮ જે સર્વ પ્રાણિયોને અભયપ્રદાન કરીને ગૃહસ્થાશ્રમથીજ ચતુર્થાશ્રમનું ગ્રહણ કરે છે તે બ્રહ્મજ્ઞાનીને તેજોમય લોક એટલે મોક્ષ પ્રાપ્ત થાય છે. ૩૯ જે દ્વિજથી પ્રાણિ માત્રને જરા પણ ભય ઉત્પન્ન ન થયો હોય તેવા વિમુક્તને દેહ છુટયા પછી કોઇનો ભય હોતો નથી કારણકે તે હમેશાં અભય થાય છે. ૪૦

आगारा[illegible]निष्क्रान्तः पवित्रोपचितोमुनिः । समुपोढेषुकामेषु निरपेक्षः परिव्रजेत् ॥ ४१ ॥ एकएवचरेन्नित्यं सिध्यर्थम सहायवान् । सिद्धिमेकस्य संपश्यन्न जहाति न हीयते ॥ ४२ ॥ अनग्निरनिकेतः स्याद् ग्राममन्नार्थमाश्रयेत् । उपेक्षकोऽसङ्कुसुको [illegible]नभावसमा[illegible]तः ॥ ४३ ॥ कपालं वृक्षमू[illegible] [illegible]चैकमसहायता । समता चैव सर्वस्मिन्नेत[illegible]क्षस्य लक्षणम् ॥ ४४ ॥

घरथी બહાર નીકળીને, પવિત્ર દંડ કમંડલુ યુક્ત તથા સારી રીતે સંપૂર્ણ થતા કામોમાં પણ અપેક્ષારહિત એવા મુનિયે સન્યાસ ધારણ કરવો. ૪૧ મોક્ષરૂપ સિદ્ધિ મેળવવા માટે હમેશાં એકલાએજ ફરવું; એકલા ફરવાથીજ મોક્ષ પ્રાપ્તિ થાય છે. પછી તેને નહિં તો કાંઇ છોડવાનું બાકી રહે છે અને નહિં તો છુટવાનો બાકી રહે છે. ૪૨ અગ્નિ તથા ઘરથી રહિત રહે, ભિક્ષાન્નને માટેજ ફક્ત ગામનો આશ્રય લે, શરીરના દુઃખાદિની ઉપેક્ષા કરે અને સ્થિર ચિત્ત રહે અને મુનિ ધર્મયુક્ત રહે. ૪૩ ભોજનને માટે પાત્ર માણુનાળીયેરનું ખપર, વસવાના સ્થાન માટે વૃક્ષ નીચેની ભૂમિ, મોટાં વસ્ત્ર માટે કામળી, કોઈની સહાયતા નહિ ઇચ્છનાર તથા સર્વમા સમાન બુદ્ધિ રાખવી, એ મુક્ત મનુષ્યના લક્ષણ છે. ૪૪

नाभिनन्देत मरणं नाभिनन्देत जीवितम् । कालमेव प्रतीक्षेत निर्देशं भृतको तथा ॥ ४५ ॥ दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं जलं पिबेत् । सत्यपूतां वदेद्वाचं मनः पूतं समाचरेत् ॥ ४६ ॥ अतिवादांस्तितिक्षेत नावमन्येत कञ्चन । न चेमं देहमाश्रित्य वैरं कुर्वीत केनचित् ॥ ४७ ॥ क्रुध्यन्तं न प्रतिक्रुध्येदाक्रुष्टः कुशलं वदेत् । सप्तद्वारावकीर्णां च न वाचमनृतां वदेत् ॥ ४८ ॥

મરણને પણ સુખ ન માને તેમ જીવિતને પણ સુખ ન માને કિંતુ જેમ ચાકર પોતાના સ્વામીની આજ્ઞાની રાહ જુવે છે તેમ હમેશા મૃત્યુના સમયની રાહ જુવે. ૪૫ આંખથી જોઇને માર્ગમા પગ મુકે, વસ્ત્રથી ગાળીને જલપાન કરે, સત્યવડે પવિત્ર થયેલી વાણી બોલે અને મનવડે પવિત્ર આચરણ કરે. ૪૬ બીજા કોઈનાં બુરાં કેહેવાને સહન કરે, કોઈનું અપમાન ન કરે, અને દેહનો આશ્રય કરીને કોઇની સાથે વૈર ન કરે. ૪૭ કોઈ ક્રોધ કરે તો તેના બદલામાં તેના પર ક્રોધ ન કરે, કોઈ પોતાની નિંદા કરે તો તેની સાથે પોતે સારૂં બોલે, અને પાંચ ઇન્દ્રિય, મન અને બુદ્ધિ એ સાત દ્વારમાં વિખરાયલી અસત્ય વાણી ન બોલે. ૪૮

अध्यात्मरतिरासीनो निरपेक्षो निरामिषः । आत्मनैव सहायेन सुखार्थी विचरेदिह ॥ ४९ ॥ चात्पातनिमित्ताभ्यां भिक्षां लिप्सेत कर्हिचित् ॥ ५० ॥ न तापसैर्ब्राह्मणैर्वा वयोभिरपि वा श्वभिः । आ-

कीर्णंभिक्षुकैर्वान्यैरागारमुपसंव्रजेत् ॥ ५१ ॥ क्लृप्तकेशनखश्मश्रुः पात्री दण्डी कुसुम्भवान् । विचरेन्नियतो नित्यं सर्वभूतान्यपीडय- ॥ ५२ ॥

બ્રહ્મ ધ્યાનમાંજ પ્રીતિ રાખે, કોઇની અપેક્ષા ન રાખે, વિષયોની અભિલાષા રહિત રહે તથા પોતાની સહાયતાથી સુખ ઇચ્છનાર થઇ આ સંસારમાં ફરે. ૪૯ આગળ પર થનાર ભૂ કંપાદિ ઉત્પાત બતાવતાં, ગ્રહોની વિદ્યા બતાવતા, ઉપદેશ આપતા અથવા શાસ્ત્રાર્થ કરતાં બદલામાં ભિક્ષાની ઇચ્છા ન કરવી ૫૦ વાનપ્રસ્થો, અન્ય બ્રાહ્મણો, પક્ષિયો તથા કુતરાઓ તેમજ અન્ય માંગવાવાળાઓ વડે ઘેરાયલા ઘરમા ભિક્ષા માટે જવું નહિં. ૫૧ નખ, કેશ, શ્મશ્રુ મુડી નંખાવી, પાત્ર, દંડ, કમંડલુ અને રંગેલાં કપડા યુક્ત થઈ કોઇને દુઃખ ન દેતાં સદા નિયમપૂર્વક સંસારમાં ફરવું. ૫૨

"अतैजसानिपात्राणि तस्यस्युर्निर्व्रणानि च । तेषामद्भिः स्मृतं शौचं चमसानामिवाध्वरे ॥ ५३ ॥ अलाबुंदारुपात्रंच मृण्मयंवैदलं तथा । एतानियतिपात्राणि मनुःस्वायंभुवोऽब्रवीत्" ॥ ५४ ॥ एककालं चरेद्भैक्षं न प्रसज्जेत विस्तरे । भैक्षे प्रसक्तो हि यतिर्विषयेष्वपि सज्जति ॥ ५५ ॥ विधूमे सन्नमुसले व्यङ्गारे भुक्तवज्जने । वृत्ते शरावसंपाते भिक्षां नित्यं यतिश्चरेत् ॥ ५६ ॥

"તે સન્યાસીના પાત્ર સોનું, ચાદી, પિત્તલ વિગેરેનાં ન હોવાં જોઇએ, તેમ છિદ્રરહિત હોય તથા જેમ યજ્ઞમાં ચમસાદિની પાણી વડે શુદ્ધિ થાય છે તેમ તે પાત્રની પાણી વડે શુદ્ધિ થાય છે. ૫૩ તુંબી, કાષ્ઠ, માટી અથવા વાંસનું બનેલુ પાત્ર, તે યતિયો માટે ભિક્ષાપાત્ર જાણવું. એમ સ્વાયંભુવ મનુએ કહ્યું છે" (આ બીજા શ્લોકોના છેલ્લાં ચરણથીજ એ બે શ્લોકના પ્રક્ષિપ્તતા સિદ્ધ થાય છે.) ૫૪ એકજ વખતે ભિક્ષા માંગી ભોજન કરવું. ઘણી ભિક્ષામાં આસકત ન થવું કેમકે ઘણી ભિક્ષામાં આસક્ત થયેલો સંન્યાસી વિષયોમાં પણ વખતે ફસી જાય છે. ૫૫ રસોઇનો ધુમાડો નીકળી ચુક્યો હોય, ખાંડવાનું વિગેરે બંધ થયું હોય, અગ્નિ બુઝાવી દીધો હોય, સર્વે ભોજન કરી રહ્યા હોય, રસોઇનાં વાસણ માંજી ઠેકાણે પાડયાં હોય ત્યારે યતિએ ભિક્ષા કરવી. ૫૬

अलाभे न विषादी स्याल्लाभेचैवनहर्षयेत् । प्राणयात्रिकमात्रः स्यान्मात्रासंगाद्विनिर्गतः ॥ ५७ ॥ अभिपूजितलाभांस्तु जुगुप्सेतैव सर्वशः । अभिपूजितलाभैश्च यतिर्मुक्तोऽपि बध्यते ॥ ५८ ॥ अल्पान्नाभ्यवहारेण रहःस्थानासनेनच । ह्रियमाणानि विषयैरिन्द्रियाणि निवर्तयेत् ॥ ५९ ॥ इन्द्रयाणां निरोधेन रागद्वेषक्षयेण च । अहिंसया च भूतानाममृतत्वाय कल्पते ॥ ६० ॥

ભિક્ષા જો ન મળે તો ખેદ કરવો નહિ અને મળે તો આનંદ માનો નહિ જીવન માત્રનો ઉપાય કરવો અને શબ્દાદિ વિષયોનો સંગ કદાપિ ન કરવો. ૫૭ પૂજાપૂર્વક ભિક્ષા લાભ થાય તો તે સર્વ કાલમા સ્વીકારવી નહિ, કારણકે પૂજાપૂર્વક ભિક્ષાલાભ વડે યતિ મુક્ત હોય તો પણ પાછો બંધનમા પડે છે. ૫૮ અલ્પ અન્નના આહાર વડે, એકાંતમા સ્નાન અને આસન વડે તથા વિષયો વડે ખેંચાયલી ઈંદ્રિયોને નિવૃત્ત કરવી. ૫૯ ઇન્દ્રિયોના નિરોધ વડે તથા રાગદ્વેષના ક્ષય વડે તથા પ્રાણિ માત્રની અહિંસા વડે મોક્ષ પામવાને યોગ્ય થાય છે ૬૦

अवेक्षेत गतीर्नृणां कर्मदोषसमुद्भवाः । निरये चैव पतनं यातनाश्च यमक्षये ॥ ६१ ॥ विप्रयोगं प्रियैश्चैव संयोगं च तथाऽप्रियैः । जरया चाभिभवनं व्याधिभिश्चोपपीडनम् ॥ ६२ ॥ देहादुत्क्रमणं चास्मात्पुनर्गर्भे च संभवम् । योनिकोटिसहस्रेषु सृतीश्चास्यान्तरात्मनः ॥ ६३ ॥ अधर्मप्रभवं चैव दुःखयोगं शरीरिणाम् । धर्मार्थप्रभवं चैव सुखसंयोगमक्षयम् ॥ ६४ ॥

કર્મના દોષ વડે ઉત્પન્ન થયેલી મનુષ્યોની ગતિનો વિચાર કરવો, તથા નરક યાતના તેમજ મૃત્યુ પછી નાના પ્રકારની શિક્ષાઓ જે થાય છે તેનો વિચાર કરવો. ૬૧ પ્રિય મિત્રોની સાથે વિયોગ અને અપ્રિયોની સાથે સંયોગ કરવો, વૃદ્ધાવસ્થા વડે જે અભિપ્રાય થાય તે તથા વ્યાધિયો વડે પીડા થાય તે પણ કર્મદોષ સમુત્પન્ન છે એમ ચિંતવન કરવું. ૬૨ આ દેહમાંથી નીકળવું અને ફરીથી પાછા ગર્ભમા આવવું તથા અંતરાત્માનું કોટીસહસ્ર યોનિમા જવું આવવું તેનો પણ વિચાર કરવો. ૬૩ શ-

શરીરધારીઓને અધર્મથી ઉત્પન્ન થનાર દુખનો રોગ, અને ધર્મથી ઉત્પન્ન થયેલો અક્ષય સુખનો સંયોગ, તેનો પણ વિચાર કરવો. ૬૪.

सूक्ष्मतां चान्ववेक्षेत योगेन परमात्मनः। देहेषु च समुत्पत्तिमुत्तमेष्वधमेषु च ॥ ६५ ॥ दूषितोऽपि चरेद्धर्मं यत्र तत्राश्रमे रतः। समः सर्वेषु भूतेषु न लिङ्गं धर्मकारणम् ॥ ६६ ॥ फलं कतकवृक्षस्य यद्यप्यम्बुप्रसादकम्। न नामग्रहणादेव तस्य वारि प्रसीदति ॥६७ ॥ संरक्षणार्थं जन्तूनां रात्रावहनि वा सदा। शरीरस्यात्यये चैव समीक्ष्य वसुधां चरेत् ॥ ६८ ॥

યોગાભ્યાસ વડે પરમાત્માની સૂક્ષ્મતાનું અવલોકન કરવું તેમજ ઉત્તમ અને અધમ દેહોમા ઉત્પતિ થાય તેનો પણ વિચાર કરવો. ૬૫ જે કોઇ આશ્રમમાં રહ્યા હોઇયે અને તે આશ્રમના આચારથી દૂષિત થઇયે તો પણ સર્વ ભૂતોમાં સમાન દૃષ્ટિ રાખી ધર્માચરણ કરવું, કારણકે અમુક ચિહ્ન કાંઇ ધર્મનું કારણ નથી. ૬૬ કતક વૃક્ષનું ફલ એટલે નિર્મલીનું ફલ જો કે પાણીને સારૂ સ્વાદિષ્ટ કરે છે અને જલને નિર્મલ બનાવે છે પરંતુ તે ફલનાં નામ ગ્રહણ માત્રથી પાણી સ્વાદિષ્ટ તેમજ સ્વચ્છ બનતું નથી કિંતુ તેમાં તે ફલ નાંખ્યાથી બને છે; એજ પ્રમાણે ધર્મનું ચિહ્ન માત્ર ધારણ કરવાથી ધર્માત્મા થઇ શકાતું નથી કિંતુ ધર્મનું વિહિતાનુષ્ઠાન કરવાથી ધર્માત્મા થવાય છે. ૬૭ શરીરને પીડા થતી હોય તો પણ કીડીઆદિ જંતુઓના રક્ષણ માટે રાત્રે તથા દિવસે સારી રીતે જોઇને પૃથ્વિપર ચાલવુ ૬૮

अह्ना रात्र्या च याञ्जन्तून्हिनस्त्यज्ञानतो यतिः। तेषां स्नात्वा विशुद्ध्यर्थं प्राणायामान्षडाचरेत् ॥ ६९ ॥ प्राणायामा ब्राह्मणस्य त्रयोऽपि विधिवत्कृताः। व्याहृतिप्रणवैर्युक्ता विज्ञेयं परमं तपः ॥ ७० ॥ दह्यन्ते ध्मायमानानां धातूनां हि यथा मलाः। तथेन्द्रियाणां दह्यन्ते दोषाः प्राणस्य निग्रहात् ॥ ७१ ॥ प्राणायामैर्दहेद्दोषान्धारणाभिश्च किल्बिषम्। प्रत्याहारेण संसर्गान्ध्यानेनानीश्वरान्गुणान् ॥ ७२ ॥

યતિ પોતાના અજાણપણાથી દિવસે અથવા રાત્રે જંતુઓનો નાશ કરે છે તો તેઓની શુદ્ધિને માટે સ્નાન કરીને ૭ પ્રાણાયમ કરવાં. ૬૯

વ્યાહૃતિ અને પ્રણવ સાથે વિધિ પ્રમાણે કરાયલાં ત્રણ પ્રાણાયામ પણ બ્રાહ્મણનું પરમ તપ જાણવું. ૭૦ જે પ્રમાણે અગ્નિવડે ગળાતી ધાતુઓના મલ બળી જાય છે તેમ પ્રાણનો નિગ્રહ કરવાથી અર્થાત્ પ્રાણાયમ કરવાથી ઇન્દ્રિઓના દોષો ભસ્મ થાય છે. ૭૧ પ્રાણાયામો વડે રાગાદિ દોષોને બાળવા, ધારણાઓ વડે પાપને બાળવું, ઇન્દ્રિઓના નિરોધ વડે વિષયોના સંસર્ગને ભસ્મ કરવા અને ધ્યાન વડે ક્રોધાદિ ગુણોને બાળવા. ૭૨.

उच्चावचेषु भूतेषु दुर्ज्ञेयामकृतात्मभिः । ध्यानयोगेन संपश्येद् गतिमस्यान्तरात्मनः ॥ ७३ ॥ सम्यग्दर्शनसंपन्नः कर्मभिर्ननिबध्यते ॥ दर्शनेन विहीनस्तु संसारं प्रतिपद्यते ॥ ७४ ॥ अहिंसयेन्द्रियासङ्गैर्वैदिकैश्चैव कर्मभिः । तपसश्चरणैश्चोग्रैः साधयन्तीह तत्पदम् ॥ ७५ ॥ अस्थिस्थूणं स्नायुयुतं मांसशोणितलेपनम् । चर्मावनद्धं दुर्गन्धि पूर्णं मूत्रपुरीषयोः ॥ ७६ ॥

અકૃતાત્માઓથી જીવાત્માની ઉત્તમ તથા અધમ યોનિયોની પ્રાપ્તિ જણાતી નથી તે કૃતાત્માએ ધ્યાન યોગ વડે જોવી ૭૩. બ્રહ્મનો સાક્ષાત્કાર કરનાર કર્મ વડે બંધનમાં આવતો નથી. બ્રહ્મસાક્ષાત્કાર વડે રહિત જીવાત્મા સંસારને કર્માનુસાર પામે છે. ૭૪ અહિંસા વડે, ઇન્દ્રિયોની અસંગતિ વડે, વૈદિક કર્મો વડે અને ઉગ્ર તપશ્ચર્યા વડે બ્રહ્મ પદની સાધના આ સંસારમાં કરે છે. ૭૫ હાડકાના સ્તંભવાળું, સ્નાયુ રૂપ દોરડીથી બાંધેલું, માસ અને રૂધિર વડે લીપેલુ, ચામડી વડે મઢેલુ, દુર્ગંધિ વડે પરિપૂર્ણ, મલમૂત્ર વડે પૂર્ણ, ૭૬

जराशोकसमाविष्टं रोगायतनमातुरम् । रजस्वलमनित्यं च भूतावासमिमं त्यजेत् ॥ ७७ ॥ नदीकूलं यथा वृक्षो वृक्षं वा शकुनिर्यथा । तथा त्यजन्निमं देहं कृच्छ्राद्ग्राहाद्विमुच्यते ॥ ७८ ॥ प्रियेषु स्वेषु सुकृतमप्रियेषु च दुष्कृतम् । विसृज्य ध्यानयोगेन ब्रह्माभ्येति सनातनम् ॥ ७९ ॥ यदा भावेन भवति सर्वभावेषु निःस्पृहः । तदा सुखमवाप्नोति प्रेत्य चेह च शाश्वतम् ॥ ८० ॥

વૃદ્ધાવસ્થા અને શોક વડે ઘેરાયલું, રોગનું ઘર, ક્ષુધાતૃષાં વડે પીડીત, રજોગુણવાળું, વિનશ્વર સ્વભાવવાળું આ પ્રાણિનું શરીરરૂપી ગૃહ, તેને

ત્યાગ કરવું; એટલે એવા ગૃહમાં પુનઃ પુનઃ ન આવવું પડે તેમ કરવું. ૭૭ જેમ નદીના કીનારાને વૃક્ષ છોડે છે, પક્ષી જેમ વૃક્ષને છોડે છે એવી રીતે સંન્યાસી આ શરીરને છોડતાં કઠણ સંસાર રૂપી મોટા ગ્રાહથી છૂટી જાય છે. ૭૮ બ્રહ્મજ્ઞાની પુરૂષે પોતાના પ્રિયમાં પોતાના પૂર્વજન્મોપાર્જીત સુકૃત અને અપ્રિયમા પોતાના પૂર્વજન્મોપાર્જીત દુષ્કૃત જાણીને તેનાથી થવાવાળા રાગ દ્વેષાદિને છોડીને ધ્યાન યોગવડે સનાતન બ્રહ્મને પ્રાપ્ત થાય છે. ૭૯ જ્યારે જ્ઞાનવડે સર્વ પદાર્થોમાં નિસ્પૃહી થાય છે ત્યારે આ લોકમા સંતોષ જન્યસુખ અને પરલોકમા મોક્ષ સુખ પ્રાપ્ત થાય છે ૮૦

अनेन विधिना सर्वांस्त्यक्त्वा संगान् शनैःशनैः । सर्वद्वन्द्वविनिर्मुक्तोब्रह्मण्येवावतिष्ठते ॥ ८१ ॥ ध्यानिकं सर्वमेवैतद्यदेतदभिशब्दितम् । नह्यनध्यात्मवित्कश्चित्क्रियाफलमुपाश्नुते ॥ ८२ ॥ अधियज्ञं ब्रह्म जपेदाधिदैविकमेव च । आध्यात्मिकं च सततं वेदान्ताभिहितं च यत् ॥ ८३ ॥ इदं शरणमज्ञानामिदमेव विजानताम् । इदमन्विच्छतां स्वर्गमिदमानन्त्यमिच्छताम् ॥ ८४ ॥

એ વિધિવડે ધીમે ધીમે પુત્ર કલત્રાદિ સર્વ સંગનો ત્યાગ કરીને સર્વ દ્વન્દ્વ જે માનાપમાનાદિ તેણે કરીને નિર્મુક્ત થઇ બ્રહ્મમાજ સ્થિત થાય છે ૮૧ આ જે પુત્રાદિનો મમત્વ ત્યાગ કરવાનો કહ્યો છે તે સંપૂર્ણ મનવડેજ થાય છે, કેમકે મનવડે ત્યાગ ન કરનાર અર્થાત્ કેવલ દેખાડવા પૂરતો અલગ રહેનાર મનુષ્ય તે ક્રિયાના ફલને પ્રાપ્ત થતો નથી ૮૨ વેદાન્તાભિહિત જે અધિયજ્ઞ રૂપ, અધિદૈવિક રૂપ અને આધ્યાત્મિક રૂપ જે બ્રહ્મ એટલે વેદ વાક્ય તેનો હમેશા જપ કરવો એટલે કે વિચાર કરવો ૮૩ એ વેદાભ્યાસ અજ્ઞાનીઓ તથા જ્ઞાનીઓ એ બંનેને હિતકર છે. એ વેદાભ્યાસ સ્વર્ગને ઇચ્છનારાઓને તેમજ મોક્ષને ઇચ્છનારાઓને બંનેને હિતકર છે ૮૪

अनेन क्रमयोगेन परिव्रजति योद्विजः । स विधूयेह पाप्मानं परं ब्रह्माधिगच्छति ॥ ८५ ॥ एषधर्मोऽनुशिष्टोवोयतीनां नियतात्मनाम् । वेदसंन्यासिकानां तु कर्मयोगं निबोधत ॥ ८६ ॥ ब्रह्मचारी गृहस्थश्च वानप्रस्थोयतिस्तथा । एते गृहस्थप्रभवाश्चत्वारः पृथगाश्रमाः

॥८७॥ सर्वेऽपि क्रमशस्त्वेते यथाशास्त्रं निषेविताः । यथोक्तकारिणं विप्रं नयन्ति परमां गतिम् ॥ ८८ ॥

એ ક્રમયોગે કરીને જે દ્વિજ સંન્યાસ ધારણ કરે છે, તે આ ઠેકાણે પાપનો નાશ કરીને પરબ્રહ્મને પ્રાપ્ત થાય છે. ૮૫ જીતેન્દ્રિય યતિયોનો એ ધર્મ તમને દર્શાવ્યો, હવે વેદ સંન્યાસીઓ જેવાકે બહારથી સન્યસ્ત ચિન્હ ધારણ ન કરેલા તથા ગૃહત્યાગ ન કરેલાઓનો કર્મ યોગ કહુછુ તે સાભળો ૮૩ બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એ જુદા જુદા ચારે આશ્રમો ગૃહસ્થાશ્રમથી પેદા થયેલા છે ૮૭ યથાશાસ્ત્ર ક્રમપૂર્વક સેવાયલા એ ચારે આશ્રમો યથોક્ત સેવન કરનાર વિપ્રને પરમગતિ પ્રાપ્ત કરાવે છે. ૮૮

सर्वेषामपि चैतेषां वेदस्मृतिविधानतः । गृहस्थ उच्यते श्रेष्ठः स त्रीनेतान्बिभर्ति हि ॥ ८६ ॥ यथा नदीनदाः सर्वे सागरे यान्ति संस्थितिम् । तथैवाश्रमिणः सर्वे गृहस्थे यान्ति संस्थितिम् ॥ ९० ॥ चतुर्भिरपि चैवैतैर्नित्यमाश्रमिभिर्द्विजैः । दशलक्षणको धर्मः सेवितव्यः प्रयत्नतः ॥ ९१ ॥ धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः । धीर्विद्या सत्यमक्रोधोदशकं धर्मलक्षणम् ॥ ९२ ॥

વેદ અને સ્મૃતિના વિધાનથી એ સર્વ આશ્રમોમાં પણ ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ કહેવાય છે, કારણ કે ગૃહસ્થાશ્રમી પુરૂષ એ ત્રણે આશ્રમોનુ પોષણ કરે છે ૮૯ જે પ્રમાણે સર્વ નદીઓ અને નદો સમુદ્રમા સ્થિતિ પ્રાપ્ત કરે છે તેમજ સર્વ આશ્રમીઓ ગૃહસ્થની પાસે સ્થિતિ પામે છે ૯૦ એ ચારે આશ્રમવાળા દ્વિજોએ હમેશા દશલક્ષણવાળા ધર્મનું પ્રયત્ન પૂર્વક સેવન કરવું. ૯૧ ધૈર્ય રાખવુ, બીજાની કરેલી બુરાઇ સહન કરવી, મનને દમન કરવું, ચોરી ન કરવી, શુદ્ધ રહેવું, ઇન્દ્રિયોનો નિરોધ કરવો, શાસ્ત્રનું જ્ઞાન મેળવવું, આત્મજ્ઞાન મેળવવું, સત્ય બોલવું, ક્રોધ ન કરવો એ પ્રકારે દશલક્ષણ ધર્મનાં છે. ૯૨

दश लक्षणानि धर्मस्य ये विप्राः समधीयते। अधीत्य चानुवर्तन्ते ते यान्ति परमां गतिम् ॥ ९३ ॥ दशलक्षणकं धर्ममनु तिष्ठन् समाहितः । वेदान्तं विधिवच्छ्रुत्वा संन्यसेदनृणो द्विजः ॥९४॥

संन्यस्य सर्वकर्माणि कर्मदोषानपानुदन् । नियतो वेदमभ्यस्य पुत्रैश्वर्ये सुखं वसेत् ॥ ९५ ॥ एवं संन्यस्य कर्माणि स्वकार्यपरमोऽस्पृहः । संन्यासेनापहत्यैनः प्राप्नोति परमां गतिम् ॥ ९६ ॥

જે વિપ્રો ધર્મના દશ લક્ષણોને સારી રીતે ભણે છે અને ભણીને તે પછી તે પ્રમાણે વર્તે છે, ને પરમગતિને પામે છે. ૯૩ ઋણથી મુક્ત દ્વિજે સાવધાનતાથી દશ લક્ષણવાળાં ધર્મનું અનુષ્ઠાન કરતાં વિધિવત્ વેદાન્તનું શ્રવણ કરીને સંન્યાસ ધારણ કરવો. ૯૪ સંપૂર્ણ ગૃહસ્થોના કર્મોને છોડીને અને કર્મ જન્ય પાપોને પ્રાણાયામાદિ વડે નાશ કરતાં નિયમ પૂર્વક વેદાભ્યાસ કરીને પુત્રના ઐશ્વર્યમાં સુખ પૂર્વક નિવાસ કરવો. ૯૫ એ પ્રમાણે કર્મોને છોડીને આત્મસાક્ષાત્કાર કાર્યમાં તત્પર થતાં નિસ્પૃહ થઈ સન્યાસવડે પાપનો નાશ કરીને ગૃહસ્થ પુરૂષ પરમગતિને પામેછે. ૯૬

एष वोऽभिहितो धर्मो ब्राह्मणस्य चतुर्विधः । पुण्योऽक्षयफलः प्रेत्य राज्ञां धर्मं निबोधत ॥ ९७ ॥

હે ઋષિયો ! એ પ્રમાણે બ્રાહ્મણનો ચાર પ્રકારનો ધર્મ કે જે પુણ્ય તથા અક્ષયફલ આપનાર તે તમને કહ્યો. હવે રાજાઓનો ધર્મ કહું છું તે તમે સાંભળો. ૯૭

इति मानवे धर्मशास्त्रे षष्ठोऽध्यायः ॥ ६ ॥

ઇતિ મનુસ્મૃતિગુજરાતીસરલ ટીકાનો છઠ્ઠો અધ્યાય સમાપ્ત.

ओ३म्

अथ सप्तमोऽध्यायः

राजधर्मान्प्रवक्ष्यामि यथावृत्तो भवेन्नृपः । संभवश्च यथा तस्य सिद्धिश्च परमा यथा ॥ १ ॥ ब्राह्मं प्राप्तेन संस्कारं क्षत्रियेण यथाविधि । सर्वस्यास्य यथान्यायं कर्तव्यं परिरक्षणम् ॥ २ ॥ अराजके हि लोकेऽस्मिन्सर्वतो विद्रुते भयात् । रक्षार्थमस्य सर्वस्य राजानमसृजत्प्रभुः ॥ ३ ॥ इन्द्रानिलयमार्काणामग्नेश्च वरुणस्य च । चन्द्रवित्तेशयोश्चैव मात्रानिर्हृत्य शाश्वतीः ॥ ४ ॥

જેવા આચરણવાળા રાજાએ હોવુ જોઇએતેવા રાજધર્મોને હું કહુછું તથા તેની ઉત્પત્તિ તેમજ તેની પરમસિદ્ધિ એટલે પ્રભુત્વ કેવું હોવુ જોઇએ તે કહુછુ. ૧ વેદોક્ત સંસ્કારને પ્રાપ્ત થએલા ક્ષત્રિએ યથાવિધિએ સંપૂર્ણ રાજ્યની યથાન્યાયાનુસાર રક્ષા કરવી જોઇએ. ૨ રાજા શિવાય આ લોકમા ભયથી ચારે બાજુ ચલવિચલ થઇ જાય છે એટલા માટે એ સર્વની રક્ષા કરવા માટે ઈશ્વરે રાજાને ઉત્પન્ન કર્યો છે. ૩ ઈંદ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરૂણ, ચંદ્ર, અને કુબેર એટલાના સાર ભુત અંશોને ખેંચીને રાજાને બનાવ્યો છે અર્થાત્ એ દિવ્ય ગુણના અંશોવડે યુક્ત પુરૂષ રાજા થાય છે. ૪

यस्मादेषां सुरेन्द्राणां मात्राभ्योनिर्मितोनृपः । तस्मादभिभवत्येष सर्वभूतानि तेजसा ॥ ५ ॥ तपत्यादित्यवच्चैषां चक्षूंषिच मनांसि च । न चैनं भुवि शक्नोति कश्चिदप्यभिवीक्षितुम् ॥ ६ ॥ सोऽग्निर्भवति वायुश्च सोऽर्कः सोमः स धर्मराट् । स कुबेरः स वरुणः स महेन्द्रः प्रभावतः ॥ ७ ॥ बालोऽपि नावमन्तव्यो मनुष्य इति भूमिपः। महती देवता ह्येषा नररूपेण तिष्ठति ॥ ८ ॥

એ સુરેંદ્રોના અંશોથી રાજા નિર્માણ થએલો છે માટે એ રાજા પોતાના તેજથી સર્વ પ્રાણિઓના ઉપર સત્તા ભોગવે છે. ૫ એ રાજા પોતાના તેજવડે જોનારાઓની આંખો અને મનને સૂર્યના જેવો અસહ્ય

લાગે છે અને પૃથ્વિમાં કોઇએ રાજાની સામે જોઇ શકવા શક્તિમાન્ થતું નથી. ૬ તે રાજા પોતાના પ્રભાવથી અગ્નિ, વાયુ, સૂર્ય, ચંદ્ર, યમ, કુબેર વરૂણ અને ઇન્દ્ર છે. ૭ આ પણ મનુષ્ય છે એવી બુદ્ધિ વડે રાજા બાલક હોય તો પણ તેનું અપમાન કરવા યોગ્ય નથી. કારણ કે એ મોટો દેવ મનુષ્ય રૂપે રહેલો છે. ૮

एकमेव दहत्यग्निर्नरं दुरुपसर्पिणम् । कुलं दहति राजाग्निः सपशुद्रव्यसञ्चयम् ॥ ९ ॥ कार्य्यं सोऽवेक्ष्य शक्तिं च देशकालौ च तत्वतः । कुरुते धर्मसिद्ध्यर्थं विश्वरूपं पुनः पुनः ॥ १० ॥ यस्य प्रसादे पद्मा श्रीर्विजयश्च पराक्रमे । मृत्युश्च वसति क्रोधे सर्वतेजोमयो हि सः ॥ ११ ॥ तं यस्तु द्वेष्टि संमोहात्स विनश्यत्यसंशयम् । तस्य ह्याशु विनाशाय राजा प्रकुरुते मनः ॥ १२ ॥

જે મનુષ્ય અગ્નિની અતિ પાસે જાય તો તે અગ્નિ તો તે પાસે જનાર એકલા મનુષ્યનેજ બાળે છે પરંતુ રાજારૂપ અગ્નિ તો પશુ અને દ્રવ્યના સંચય સાથે આખા કુલને બાળીને ભસ્મ કરે છે ૯ કાર્ય, શક્તિ, દેશ, તથા કાલને તત્વથી જાણીને ધર્મની સિદ્ધિ માટે રાજા વારવાર નાના પ્રકારનું રૂપ ધારણ કરે છે. ૧૦ જેની પ્રસન્નતામાં મોટી લક્ષ્મી રહેછે અને પરાક્રમમાં વિજય રહે છે, ક્રોધમાં મૃત્યુ રહે છે કારણ કે રાજા સર્વ તેજોમય છે. ૧૧ જે અજ્ઞાનવશ થઇ રાજા સાથે દ્વેષ કરે છે તે નિશ્ચય નાશ પામે છે કેમકે દ્વેષ કરનારના જલદી નાશને માટે રાજા મન કરે છે. ૧૨

तस्माद्धर्मं यमिष्टेषु स व्यवस्येन्नराधिपः । अनिष्टं चाप्यनिष्टेषु तं धर्मं न विचालयेत् ॥ १३ ॥ तस्यार्थे सर्वभूतानां गोप्तारं धर्ममात्मजम् । ब्रह्मतेजोमयं दण्डमसृजत्पूर्वमीश्वरः ॥ १४ ॥ तस्य सर्वाणि भूतानि स्थावराणि चराणि च। भयाद्भोगाय कल्पन्ते स्वधर्मान्न चलन्ति च ॥ १५ ॥ तंदेशकालौशक्तिंच विद्यां चावेक्ष्यतत्त्वतः यथार्हतः संप्रणयेन्नरेष्वन्यायवर्तिषु ॥ १६ ॥

તે માટે રાજા પોતાનાં અનુકૂલોમાં જે પ્રમાણે ધર્મ કાયદાને અને પ્રતિકૂલોમાં જે અનિષ્ટનો નિશ્ચય કરીને જે કાયદાઓ સ્થાપન કરે તેને

તોડવા નહિં. ૧૩ તે રાજાના પ્રયોજનની સિદ્ધિ માટે પ્રાણિ માત્રનું રક્ષણ કરનાર તથા આત્માથી ઉત્પન્ન બ્રહ્મ તેજસ્વરૂપ ધર્મ દંડને ઇશ્વરે બનાવ્યો છે ૧૪ તે દંડના ભયવડે તે રાજાના સંપૂર્ણ સ્થાવર જંગમ પ્રાણિઓ ભોગ ભોગવે છે અને પોત પોતાના ધર્મથી ચલાયમાન થતા નથી. ૧૫ દેશ, કાલ, શકિત્ત અને વિદ્યાના તત્વનો વિચાર કરી અપરાધી મનુષ્યોને રાજાએ યથાયોગ્ય દંડ કરવો. ૧૬

सराजापुरुषोदण्डः सनेताशासिताचसः । चतुर्णामाश्रमाणांच धर्मस्य प्रतिभूः स्मृतः ॥ १७ ॥ दण्डः शास्ति प्रजाः सर्वा दण्ड एवाभिरक्षति । दण्डः सुप्तेषु जागर्ति दण्डं धर्मं विदुर्बुधाः ॥ १८ ॥ समीक्ष्य स धृतः सम्यक् सर्वारञ्जयति प्रजाः । असमीक्ष्य प्रणीतस्तु विनाशयति सर्वतः ॥ १९ ॥ यदि न प्रणयेद्राजा दण्डं दण्ड्येष्वतन्द्रितः । शूलेमत्स्यानिवापक्ष्यन्दुर्बलान्बलवत्तराः ॥ २० ॥

તે રાજા, તે પુરૂષ, તે દંડ, તે નેતા અને તેજ શાસન કરનાર તથા ચારે આશ્રમોના ધર્મનો જામીન છે. ૧૭ દંડ સર્વ પ્રજાને શાસન કરેછે, દંડ સર્વ પ્રજાનું રક્ષણું કરેછે, દંડ સુતેલાઓને જગાડે છે અને પંડિતો દંડનેજ ધર્મ માને છે. ૧૮ તે દંડ સારી રીતે અપરાધાનુ રૂપે કરીને દેહ ધનાદિયોમા ધારણ કરાયેલો સર્વ પ્રજાઓને પ્રસન્ન રાખે છે; અને અવિચારથી કરાયલો દંડ સર્વ બાહ્ય ધન પુત્રાદિનો નાશ કરે છે. ૧૯ જો રાજા આલસ્યરહિત થઈને દંડ કરવા યોગ્ય મનુષ્યોનો દંડ ન કરે તો શળી ઉપર માછલાંની પેઠે બલવાન મનુષ્યો નિર્બળ મનુષ્યોની હિંસા જરૂર કરશે. ૨૦

अद्यात्काकः पुरोडाशं श्वाचालेह्याद्धविस्तथा । स्वाम्यंचनस्यात् कस्मिंश्चित्प्रवर्तेताधरोत्तरम् ॥ २१ ॥ सर्वोदण्डजितोलोको दुर्लभोहिशुचिर्नरः । दण्डस्यहिभयात्सर्वं जगद्भोगायकल्पते ॥ २२ ॥ देवदानवगन्धर्वा रक्षांसि पतगोरगाः । तेऽपि भोगायकल्पन्ते दण्डेनैव निपीडिताः ॥ २३ ॥ दुष्येयुः सर्ववर्णाश्च भिद्येरन् सर्वसेतवः । सर्व लोकप्रकोपश्च भवेद्दण्डस्य विभ्रमात् ॥ २४ ॥

જો રાજા દંડ નહિં કરે તો યજ્ઞનો પુરોડાશ કાગડાઓ ખાઇ જાય, કૂતરાં હુત દ્રવ્યનું ભક્ષણ કરી જાય અને કોઇ કોઇનો સ્વામી ન થઇ શકે તેમજ નીચ પુરૂષો ઉંચ કાર્યમાં તથા ઉંચા પુરૂષો નીચ કાર્ય કરવામાં પ્રવૃત્ત થાય. ૨૧ સર્વ આ લોક દંડ વડેજ નિયમમાં રહે છે કારણ કે સ્વભાવથીજ શુદ્ધ મનુષ્ય ભાગ્યેજ હોય છે. તેમ દંડના ભયથીજ આ સમગ્ર જગત્ પોત પોતાના ભોગ ભોગવવામાં સમર્થ થાય છે. ૨૨ દેવ, દાનવ, ગંધર્વો, રાક્ષસો, પક્ષિયો અને સર્પો, તેઓ પણ દંડનાં દબાવથીજ ભોગ ભોગવી શકે છે. ૨૩ યથાયોગ્ય દંડનું આચરણ ન થાય તો સર્વ વર્ણો દૂષિત થઇ જાય છે, સર્વ ધારાઓ ભેદ પામી જાય છે અને સર્વ લોકમાં ક્ષોભ પ્રાપ્ત થાય છે. ૨૪

यत्रश्यामोलोहिताक्षोदण्डश्चरतिपापहा । प्रजास्तत्रनमुह्यन्ति नेता चेत्साधु पश्यति ॥ २५ ॥ तस्याहुः संप्रणेतारं राजानं सत्यवादिनम्। समीक्ष्यकारिणंप्राज्ञं धर्मकामार्थकोविदम् ॥ २६ ॥ तं राजा प्रणयन्सम्यक् त्रिवर्गेणाभिवर्धते । कामात्मा विषमः क्षुद्रो दण्डेनैव निहन्यते ॥ २७ ॥ दण्डोहि सुमहत्तेजोदुर्धरश्चाऽकृतात्मभिः । धर्माद्विचलितं हन्ति नृपमेव सबान्धवम् ॥ २८ ॥

જે દેશમાં કાળો અને લાલ આંખોવાળો પાપનો નાશ કરવાવાળો દંડ ફરે છે અને રાજા જો સારી રીતે દેખરેખ રાખનાર હોય તો તે દેશમા પ્રજા મુઝાતી નથી. ૨૫ સત્ય બોલનાર, સારી રીતે સમજીને કાર્ય કરનાર બુદ્ધિમાન્ અને ધર્મ, કામ અને અર્થને જાણનાર રાજાને દંડ આપવાને અધિકારી કેહેવાય છે. ૨૬ જે રાજા તે દંડને સારી રીતે ચલાવે છે તે ધર્મ, અર્થ અને કામ વડે વૃદ્ધ પામે છે. અને જો વિષયનો મહાભિલાષી તથા ઉલટો ચાલનાર તથા છળકપટ કરનાર રાજા પણ તેજ દંડ વડે નાશ પામે છે. ૨૭ દંડ મહા તેજસ્વી છે તે સંસ્કાર રહિત રાજાઓ વડે ધારણ કરી શકતો નથી. રાજધર્મથી વિપરીત ચાલનાર રાજાનો તે બંધુ વર્ગ સહિત તે દંડ નાશ કરે છે. ૨૮

ततो दुर्गं च राष्ट्रं च लोकं च सचराचरम् । अन्तरिक्षगतांश्चैव मुनीन्देवांश्च पीडयेत् ॥ २९ ॥ सोऽसहायेन मूढेन लुब्धेनाकृत -

हिना । न शक्यो न्यायतो नेतुं सक्तेन विषय च ॥ ३० ॥ शुचि-नासत्यसन्धेन यथाशास्त्रानुसारिणा । प्रणेतुं शक्यते दण्डः सुसहायेन धीमता ॥ ३१ ॥ स्वराष्ट्रे न्यायवृत्तः स्याद् भृशदण्डश्च शत्रुषु । सुहृत्स्व जिह्मः स्निग्धेषु ब्राह्मणेषु क्षमान्वितः ॥ ३२ ॥

રાજાના નાશ પામ્યા પછી કીલ્લો, રાજ્ય તથા સ્થાવર જંગમ પ્રજા, અંતરિક્ષમાં રહેલાં પક્ષિ આદિ તથા વાયુ આદિ દેવો તથા મુનિયો પીડા પામે છે. ૨૯ મંત્રિ, સેનાપતિ વિગેરેના સહાય રહિત મૂર્ખ, લોભી, અસસ્કારિ બુદ્ધિવાળા, અને વિષયોમાં આસક્ત રાજા વડે તે દંડ ન્યાયથી ચલાવવા યોગ્ય નથી ૩૦ અર્થ શુદ્ધયાદિયુકત, સત્ય સંધાત, યથા શાસ્ત્રાનુસાર ચાલનાર, સારા મંત્રિ સેનાપતિ વિગેરેના સહાયવાળા તથા બુદ્ધિમાન્ રાજા વડે દંડ કરી શકાય છે. ૩૧ રાજાએ પોતાનાં ન્યાય પ્રમાણે ચાલવુ, શત્રુઓને વિષે અત્યંત દંડ આપવો, સ્નેહિયોમાં કુટિલતા રહિત રહેવું અને બ્રાહ્મણોમાં ક્ષમા ગુણ યુકત રહેવું. ૩૨

एवंवृत्तस्य नृपतेः शिलोञ्छेनापि जीवतः । विस्तीर्यते यशो लोके तैलबिन्दुरिवाम्भसि ॥ ३३ ॥ अतस्तु विपरीतस्य नृपतेरजितात्मनः । संक्षिप्यते यशो लोके घृतबिन्दुरिवाम्भसि ॥ ३४ ॥ स्वे स्वे धर्मे निविष्टानां सर्वेषामनुपूर्वशः । वर्णानामाश्रमाणां च राजा सृष्टोऽभिरक्षिता ॥ ३५ ॥ तेन यद्यत्सभृत्येन कर्तव्यं रक्षता प्रजाः । तत्तद्वोऽहं प्रवक्ष्यामि यथावदनुपूर्वशः ॥ ३६ ॥

એ પ્રમાણે ચાલનાર શિલોંછવૃત્તિ વડે પણ જીવન ચલાવતા રાજાનુ યશ જગતમાં પાણીમાં તેલના બીંદુની પેઠે પ્રસરે છે. ૩૩ ઉપરોકત આચારથી વિપરીત ચાલનાર તથા વિષયા સક્ત રાજાનું યશ લોકોમાં પાણીમાં ધૃતનું બીંદુ જેમ સંકોચાઇ જાય છે તેમ સંકોચાઇ જાય છે. ૩૪ અનુક્રમે કરીને પોતપોતાના ધર્મમાં પ્રવૃત્ત સર્વ વર્ણો તથા આશ્રમોનો રક્ષણ કર્તા રાજા ઇશ્વરે ઉત્પન્ન કર્યો છે. ૩૫ પ્રજાનું રક્ષણ કરનાર રાજાએ પોતાના ભૃત્ય વર્ગો સાથે જેજે કરવાનું છે તેતે અનુક્રમે યથાયોગ્ય હું તમને કહું છું. ૩૬

ब्राह्मणान्पर्युपासीत प्रातरुत्थाय पार्थिवः । त्रैविद्यवृद्धान्विदुषस्तिष्ठेत्तेषां च शासने ॥ ३७ ॥ वृद्धांश्च नित्यं सेवेत विप्रान्वेदविदः शुचीन् । वृद्धसेवी हि सततं रक्षोभिरपि पूज्यते ॥ ३८ ॥ तेभ्योऽधिगच्छेद्विनयं विनीतात्मापि नित्यशः । विनीतात्मा हि नृपतिर्न विनश्यति कर्हिचित् ॥ ३९ ॥ बहवोऽविनयान्नष्टा राजानः सपरिच्छदाः। वनस्था अपिराज्यानि विनयात्प्रतिपेदिरे ॥ ४० ॥

રાજાએ પ્રાતઃકાલમાં ઉઠીને ઋગ્, યજુ અને સામવેદ તેમજ ધર્મ શાસ્ત્રને જાણનાર વિદ્વાન બ્રાહ્મણોનું સેવન કરવું તથા તેઓ જે રાજ્ય ધર્મ સંબંધી કહે તે કરતા રહેવું ૩૭ વેદને જાણનાર, પવિત્ર, આયુમાં વૃદ્ધ એવા બ્રાહ્મણોનું સેવન કરવું, કેમકે વૃદ્ધનું સેવન કરનાર એટલે કે વૃદ્ધોની યથાયોગ્ય ધર્માનુકૂલ આજ્ઞા પ્રમાણે ચાલનાર પુરૂષ રાક્ષસોવડે પણ પૂજાય છે. ૩૮ વિનીતાત્મા એટલે સુશિક્ષિત રાજા હોય તો પણ તેણે હંમેશા વૃદ્ધોની પાસેથી વિનય શિખવો, કેમકે વિનીતાત્મા રાજા કદાપિ નાશ પામતોજ નથી ૩૯ પોતાના પરિવાર સાથે ઘણા રાજાઓ અવિનયથી નાશ પામ્યા છે; અને વિનયથી જંગલમાં રહેનાર, પરિવાર તથા સામાન આદિથી રહિતો પણ રાજ્ય પામ્યા છે. ૪૦

"वेनोविनष्टोऽविनयान्नहुषश्चैवपार्थिवः । सुदासोयवनश्चैव सुमुखोनिमिरेवच ॥ ४१ ॥ पृथुस्तु विनयाद्राज्यं प्राप्तवान् मनुरेवच । कुबेरश्चधनैश्वर्यं ब्राह्मण्यंचैवगाधिजः ॥ ४२ ॥" त्रैविद्येभ्यस्त्रयीं विद्यां दण्डनीतिं च शाश्वतीम् । आन्वीक्षिकीं चात्मविद्यां वार्तारम्भांश्चलोकतः ॥ ४३ ॥ इन्द्रियाणांजयेयोगं समातिष्ठेद्दिवानिशम् । जितेन्द्रियो हि शक्नोति वशेस्थापयितुं प्रजाः ॥ ४४ ॥

"વેન, નહુષ, સુદાસ, યવન, સુમુખ, અને નાભિ રાજા અવિનયથી નાશ પામ્યા. ૪૧ પૃથુ અને મનુએ વિનયથી રાજ્ય પ્રાપ્ત કર્યું, કુબેરે વિનયથી ધનાધિપતિપણું અને ગાધિ રાજાના પુત્ર વિશ્વામિત્રે વિનયથી બ્રાહ્મણપણું સંપાદન કર્યું." (આ શ્લોકો મનુના હોય એમ જણાતા નથી કારણ કે સ્વયંમનુ અને યવનને પણ ભૂતકાળમાં વર્ણવ્યા છે અને

વેન તથા નહૂષાદિનો તો સ્વાયંભુવમનુના વખતમાં સંભવજ ક્યાં હતો ? તેમજ પૃથુ, વિશ્વામિત્રનો પણ તે સમયે સંભવ નહતો તો પછી તેનું પણ વર્ણન પાછળથી ઉમેરેલુ સ્પષ્ટ જણાય છે માટે આ શ્લોકો પ્રક્ષિપ્ત છે.) ૪૨ રાજાએ વેદજ્ઞ પુરૂષો પાસેથી ત્રણે વેદવિદ્યા ભણવી તથા સનાતન દંડ નીતિ, તર્ક વિદ્યા તથા બ્રહ્મ વિદ્યા ભણવી અને લોકોમાથી વ્યવહાર વિદ્યા શિખવી એટલે કે ખેતી, વ્યાપાર, પશુ પાલનાદિની વાર્તાઓ સાભળી તે શીખી લેવા. ૪૪ ઇન્દ્રિયોનો જય કરવામા રાત્રી દિવસ ઉદ્યોગ કરવો કારણુ કે જીતેન્દ્રિય રાજાજ પ્રજાને વશમા કરવાને શક્તિમાન્ થાય છે ૪૪

दशकामसमुत्थानि तथाष्टौक्रोधजानिच । व्यसनानिदुरन्तानि प्रयत्नेन विवर्जयेत् ॥ ४५ ॥ कामजेषु प्रसक्तो हि व्यसनेषु महीपतिः । वियुज्यतेऽर्थधर्माभ्यां क्रोधजेष्वात्मनैव तु ॥ ४६ ॥ मृगयाक्षादिवास्वप्नः परिवादः स्त्रियोमदः । तौर्यत्रिकं वृथाट्याच कामजोदशकोगणः ॥ ४७ ॥ पैशुन्यं साहसं मोह ईर्ष्याऽसुयार्थदुषणम् । वाग्दण्डजं च पारुष्यं क्रोधजोऽपि गणोऽष्टकः ॥ ४८ ॥

જેનો પાર ન પામી શકાય તેમજ દુષ્ટ એવા કામથી ઉત્પન્ન થએલા દશવ્યસનો તથા ક્રોધથી ઉત્પન્ન થએલા આઠ વ્યસનો પ્રયત્ન વડે ત્યાગ કરવા ૪૫ કામથી ઉત્પન્ન થએલા દશ વ્યસનોમા રાજા જો આસક્ત થાય ના ધર્મ અને ધનાદિવડે રાજા વિયોગી થાય છે અને ક્રોધથી ઉત્પન્ન થએલા આઠ વ્યસનોમા રાજા જો આસક્ત થાય તો પોતે નાશ પામે છે. ૪૬. મૃગયા, ધુતક્રીડા, સર્વ કાર્ય નાશ કરનારી દિવસની નિંદ્રા, પરદોષ કથન, ધર્મ પ્રતિકૂલ સ્ત્રી સંભોગ, મદ્યપાનથી ઉત્પન્ન થએલો મદ, નૃત્ય કરવુ, ગાયન ગાવું, વાજીંત્ર વગાડવા અને વૃથા ભ્રમણ કરવું એ દશ કામથી ઉત્પન્ન થએલાં વ્યસનો જાણવા. ૪૭ ચુગલી, સાહસ, દ્રોહ, ઇર્ષ્યા, બીજાના ગુણોમા દોષારોપણ કરવુ, દ્રવ્ય હરણ કરવું, વાણીની કઠોરતા અને દંડની કઠોરતા એ આઠ ક્રોધથી ઉત્પન્ન થએલા વ્યસનો જાણવા. ૩૮

द्वयारप्येतयोर्मूलं यं सर्वे कवयो विदुः । तं यत्नेन जयेल्लोभं तज्जावेतावुभौ गणौ ॥ ४९ ॥ पानमक्षाः स्त्रियश्चैव मृगया च यथाक्रमम् । एतत्कष्टतमं विद्याच्चतुष्कं कामजे गणे ॥५० ॥ दण्डस्य पा-

तनं चैव व क्यारुष्यार्थदूषणे । क्रोधजेऽपि गणे विद्यात्क: मतत्रिकं सदा ॥ ५१ ॥ सप्तकस्यास्य वर्गस्य सर्वत्रैवानुषङ्गिणः । पूर्वं पूर्वं गुरुतरं विद्याद्व्यसनमात्मवान् ॥ ५२ ॥

કામ ક્રોધથી ઉત્પન્ન થયેલા વ્યસન સમુદાયનુ મૂલ કારણ વિદ્વાનો લોભનેજ બતાવે છે માટે તે લોભનો પ્રયત્ન પૂર્વક ત્યાગ કરવો. ૪૯ કામથી ઉત્પન્ન થએલો સમુદાયમાં મદ્યપાન, જુગાર ખેલવો, સ્ત્રી સંભોગ અને મૃગયા એટલાં યથાક્રમ અતિશય કષ્ટ આપનાર છે એમ જાણવુ. ૫૦ ક્રોધથી ઉત્પન્ન થએલા સમુદાયમા દંડની કઠોરતા તથા વાણીની કઠોરતા અને દ્રવ્ય હરણ કરવું એ ત્રણને હમેશા અતિકષ્ટ રૂપ જાણવાં ૫૧ આ સર્વ ઠેકાણે સાથે રહેલાં સાત વ્યસનના વર્ગમાં જ્ઞાની પુરૂષે પૂર્વ પૂર્વનું ભારી વ્યસન જાણવું ૫૨

व्यसनस्य च मृत्योश्च व्यसनं कष्टमुच्यते । व्यसन्यधोऽधोव्रजति स्वर्यात्यव्यसनीमृतः ॥ ५३ ॥ मौलाञ्छास्त्रविदः शूरांल्लब्धलक्षान् कुलोद्गतान् । सचिवान्सप्त चाष्टौ वा प्रकुर्वीत परीक्षितान् ॥ ५४ ॥ अपि यत्सुकरं कर्म तदप्येकेन दुष्करम् । विशेषतोऽसहायेन किन्तु राज्यं महोदयम् ॥ ५५ ॥ तैः सार्धं चिन्तयेन्नित्यं सामान्यं संधिविग्रहम् । स्थानं समुदयं गुप्तिं लब्धप्रशमनानि च ॥ ५६ ॥

વ્યસન અને મૃત્યુ એ બેમાં વ્યસન કષ્ટરૂપ કહેવાય છે. વ્યસની માણસ નિચે નિચે પડે છે અને વ્યસન રહિત મનુષ્ય સ્વર્ગ પ્રાપ્ત કરેછે. ૫૩ પિતૃ પિતામહાદિથી નોકરી કરતા આવેલા સેવકો, શાસ્ત્રોને જાણનારા, શૂરવીરો, સારૂં નિશાન તાકવાવાળાઓ, સારા કુલવાળાઓ અને પરીક્ષામા ઉતીર્ણ થએલા એવા સાત અથવા આઠ મંત્રી રાખવા. ૫૪ જે કર્મ સહેલાઇથી થઇ શકે એવુ હોય તે કર્મ પણએક મનુષ્ય વડે કરવામા દુષ્કર થાય છે. તો પછીવિશેષ ફળ આપનારૂ રાજ્ય સંબધિ કામ નો સહાય વિના કેમજ થઇ શકે. ૫૫ એટલા માટે તે રાજકર્મ મંત્રિઓની સાથે સામાન્ય સંધિ વિગ્રહને, દંડ કોશ પુર અને રાષ્ટ્ર એ ચાર પ્રકારના સ્થાનનો, ધન ધાન્યાદિની ઉન્નતિનો, સર્વની રક્ષાનો અને જે પ્રાપ્ત હોય તેની શાંતિનો વિચાર હમેશાં કરવો. ૫૬

तेषां स्वं स्वमभिप्रायमुपलभ्य पृथक् पृथक् । समस्तानां च कार्येषु विदध्याद्धितमात्मनः ॥ ५७ ॥ सर्वेषां तु विशिष्टेन ब्राह्मणेन विपश्चिता । मन्त्रयेत्परमं मन्त्रं राजा षाड्गुण्यसंयुतम् ॥ ५८ नित्यं तस्मिन्समाश्वस्तः सर्वकार्याणिनिक्षिपेत् । तेनसार्धंविनिश्चित्य ततःकर्म समारभेत् ॥ ५९ ॥ अन्यानपिप्रकुर्वीत शुचीन्प्राज्ञानवस्थितान् । सम्यगर्थसमाहर्तॄ नमात्यान्सुपरीक्षितान् ॥ ६० ॥

તે સર્વ મંત્રીઓના પોતપોતાના જુદા જુદા અભિપ્રાયને જાણીને કાર્યોમા જેમ પોતાનુ હિત થાય તેમ કરવું ૫૭ તે સર્વ મંત્રીઓમાં અધિક ધર્માત્મા બુદ્ધિમાન્ બ્રાહ્મણ મત્રીની સાથે રાજાએ ષડ્ ગુણયુકત સલાહ કરવી ૫૮ તે બ્રાહ્મણ મંત્રીનામા હંમેશાં વિશ્વાસ રાખી સર્વ કાર્ય કરવા; તથા કરીને પાછાં કેહવા તેની સાથે પ્રથમ નિશ્ચય કરીને પછી કાર્યનો આરંભ કરવો ૫૯ બીજા પણ પવિત્ર બુદ્ધિમાન, પરીક્ષા કરાયલા તથા દ્રવ્યોપાર્જનની યુક્તિ જાણવાવાળાઓને મંત્રી બનાવવા. ૬૦

निर्वर्तेतास्ययावद्भिरितिकर्तव्यतानृभिः । तावतोतन्द्रितान्दक्षान् प्रकुर्वीत विचक्षणान् ॥ ६१ ॥ तेषामर्थे नियुञ्जीत शूरान्दक्षान् कुलोद्गतान् । शुचीनाकरकर्मान्ते भीरूनन्तर्निवेशने ॥ ६२ ॥ दूतं चैव प्रकुर्वीत सर्वशास्त्रविशारदम् । इङ्गिताकारचेष्टज्ञं शुचिं दक्षं कुलोद्गतम् ॥ ६३ ॥ अनुरक्तः शुचिर्दक्षः स्मृतिमान् देशकालवित् । वपुष्मान् वीतभीर्वाग्मी दूतोराज्ञः प्रशस्यते ॥ ६४ ॥

જેટલા મનુષ્યની સંખ્યા વડે રાજાનું કાર્ય સંપાદન થાય તેટલા આલસ્ય રહિત, હુશિયાર અને વિચક્ષણ મનુષ્યોનેજ રાજાએ તેતે ક્રિયાઓમા પ્રોત્સાહિત કરવા ૬૧ તે મંત્રિયોમા. જે શૂરવીર, હુશિયાર અને કુલના અંશ વડે નિયમિત રેહેનાર તથા ધનાદિમાં સ્પૃહા ન રાખનાર, શુદ્ધ હોય, તેવાઓને સુવર્ણાદિ ખાણ ખોદવાનાં સ્થાનમા નિયુકત કરવા અને બ્હીકણ હોય તેને ધાન્યાદિ સંગ્રહસ્થાનમા તથા અંત,પુરાદિમાં નિયુકત કરવા. ૬૨ દૃષ્ટ કિંવા અદૃષ્ટ અર્થ શાસ્ત્રનો જાણનાર, અભિપ્રાય સૂચક, વચન તથાસ્વરાદિની ચેષ્ટાને જાણનાર, શુદ્ધ, હુશિયાર અને સારા કુલમાં ઉત્પન્ન

થયેલો દૂત રાખવો. ૬૩ મનુષ્યોપર પ્રીતિ રાખનાર, શુદ્ધ, દક્ષ, સ્મરણ શક્તિવાળો, દેશ અને કાલને જાણનાર, સારી શરીર સંપત્તિવાળો, ભય રહિત અને બોલવામાં ચતુર એવો દૂત રાજાને માટે વખાણવા યોગ્ય છે. ૬૪

अमात्येदण्डआयत्तो दण्डेवैनयिकीक्रिया । नृपतौकोशराष्ट्रे च दुते सन्धिविपर्ययौ ॥ ६५ दुतएव हि संधत्ते भिनत्त्येव च संहतान् । दुतस्तत्कुरुते कर्म भिद्यन्ते येन मानवाः ॥ ६६ ॥ सविद्यादस्यकृत्येषु निगूढेङ्गितचेष्टितैः । आकारमिङ्गितंचेष्टां भृत्येषु च चिकीर्षितम् ॥६७॥ बुद्ध्वाच सर्वं तत्त्वेन परराजचिकीर्षितम् । तथा प्रयत्नमातिष्ठेद्यथात्मानं न पीडयेत् ॥ ६८ ॥

અમાત્યના આધીનમા દંડ છે, દંડના આધીનમા શીક્ષા છે, રાજાના આધીનમા દેશ છે અને ખજાનો છે તથા દૂતને આધીન સંધિ અથવા વિગ્રહ છે. ૬૫ દૂતજ મેલ કરાવે છે અને મેલવાળાઓને જુદા પાડે છે જેણે કરીને મનુષ્યોમા ભેદ પડી જાય તેવુ કામ દૂત કરે છે ૬૬ તે દૂતે રાજાના કામો તથા ભૃત્ય વર્ગોમાં રાજાની ઇચ્છા તથા રાજાના કૃત્યોમા ગુપ્ત ઇસારતો અને ચેષ્ટા વડે તેના ઇસારાઓ તથા ચેષ્ટાઓ જાણવી જોઈએ. ૬૭ પ્રતિપક્ષિ રાજાની સર્વ ઇચ્છાઓને સારી રીતે જાણીને તે પ્રતિપક્ષિ રાજા આપણને દુઃખ ન આપી શકે, તેવા પ્રયત્ન કરતા રહેવું ૬૮

जाङ्गलंसस्यसंपन्नमार्यप्रायमनाविलम् । रम्यमानतसामन्तं स्वाजीव्यंदेशमावसेत् ॥ ६९ ॥ धनुर्दुर्गं महीदुर्गमब्दुर्गंवार्क्षमेव वा । गिरिदुर्गं नृदुर्गं वा समाश्रित्य वसेत्पुरम् ॥ ७० ॥ सर्वेण तु प्रयत्नेन गिरिदुर्गं समाश्रयेत् । एषां हि बाहुगुण्येन गिरिदुर्गंविशिष्यते ॥७१॥ त्रीण्याद्यान्याश्रितास्त्वेषां मृगगर्ताश्रयाऽप्सराः । त्रीण्युत्तराणि क्रमशः प्लवङ्गमनरामराः ॥ ७२ ॥

જ્યા ઘાસ અને પાણિ હોય તથા ધાન્ય પણ હોય તથા જંગલ થોડું હોય, જ્યા સારા શિષ્ટ પુરૂષો રેહના હોય, જ્યા રોગોપદ્રવ ન થતો હોય, જોવામા સુંદર અને પાસે સારાં વૃક્ષ, ખેતી, પક્ષી અને બજાર હોય એવા દેશમાં રેહેવું. ૬૯ જ્યાં ધનુર્દુર્ગ એટલે આજુબાજુ ચારે દિશામાં

પાંચયોજન સુધી પાણી ન મળતુ હોય તે, મહી દુર્ગ એટલે જ્યાં ઉંચા. નીચા પત્થરો પડેલા હોય તે, જલ દુર્ગ એટલે જ્યા આજુબાજુ અગાધ પાણી હોય તે, વૃક્ષ દુર્ગ એટલે જ્યાં ઝાડ, વેલી, કાંટા વિગેરે હોય તેનુ દુર્ગ એટલે જ્યા હાથી ઘોડા રથ પાયદલ વડે રક્ષિત હોય તે તથા ગિરિ દુર્ગ એટલે જ્યા મોટા મોટા પર્વતો ચારે બાજુ હોય તે, એવા કોઈ દુર્ગનો આશ્રય કરીને શેહેર વસાવવુ. ૭૦ સર્વ પ્રકારના પ્રયત્ન વડે ગિરિ દુર્ગનો આશ્રય કરવો, કારણ કે ઉપરોક્ત સર્વ દુર્ગોમા ગિરિ દુર્ગ અધિક ગુણવાળો છે ૭૧ એ ૭ પ્રકારના દુર્ગમાં પ્રથમના ત્રણ દુર્ગમા ક્રમથી ધનુદુર્ગમા મૃગ, મહી દુર્ગમાં ઉદરો આદિ, અને જલદુર્ગમા જલચર પ્રાણીઓ આશ્રય લેછે. તથા બીજા ત્રણ દુર્ગમાંથી વૃક્ષ દુર્ગમા વાનર, નર દુર્ગમા સાધારણ મનુષ્ય અને ગિરિ દુર્ગમાં દેવો રહેછે. ૭૨

यथादुर्गाश्रितानेतान्नोपहिंसन्तिशत्रवः । तथारयो न हिंसन्ति नृपं दुर्गसमाश्रितम् ॥ ७३ ॥ एकः शतं योधयति प्राकारस्थो धनुर्धरः । शतं दश सहस्राणि तस्माद्दुर्गं विधीयते ॥ ७४ ॥ तत्स्यादायुध संपन्नं धनधान्येनवाहनैः । ब्राह्मणैः शिल्पिभिर्यन्त्रैर्यवसेनोदकेन च ॥ ७५ ॥ तस्य मध्ये सुपर्याप्तं कारयेद् गृहमात्मनः । गुप्तं सर्वर्तुकं शुभ्रं जलवृक्षसमन्वितम् ॥ ७६ ॥

જે પ્રમાણે પોતપોતાને યોગ્ય દુર્ગોનો આશ્રય કરી રહેનારાઓની તેના શત્રુઓ હિંસા કરી શકતા નથી તેમ દુર્ગનો આશ્રય કરી રહેનાર રાજાનો શત્રુઓ નાશ કરી શકતા નથી ૭૩ દુર્ગમાં રહેનાર એક ધનુર્ધારી પુરૂષ સો માણસ સાથે યુદ્ધ કરી શકે છે, અને સો પુરૂષ દશહજાર સાથે યુદ્ધ કરી શકે છે તેટલા માટે દુર્ગ જ ર કરાવવા ૭૪ તે દુર્ગ આયુધ, સુવર્ણાદિ ધન, ધાન્ય, વાહનો, બ્રાહ્મણો, શિલ્પીઓ, નાનાપ્રકારના યંત્રો, ચારો, ઇંધન, અને જલવડે યુક્ત હોવો જોઇએ ૭૫ તે બધાંની વચમાં રાજાએ દરેક ચીજ વડે તથા સ્ત્રી ગૃહદેવાગારાદિવડે પરિપૂર્ણ, અને ભિતો-વડે રક્ષાયલુ અને સર્વ ઋતુ સબંધિ ફલપુષ્પાદિ યુક્ત, સફેદ, જલ અને વૃક્ષયુક્ત પોતાને રહેવાનુ ઘર બનાવવુ ૭૬

तदध्यास्योद्वहेद्भार्यां सवर्णां लक्षणान्विताम् । कुले महति संभूतां हृद्यां रूपगुणान्विताम् ॥ ७७ ॥ पुरोहितं च कुर्वीत वृणुयादेव च-

र्त्विजम् । तेऽस्य गृह्याणि कर्माणि कुर्युर्वैतानिकानि च ॥ ७८ ॥ यजेत राजा क्रतुभिर्विविधैराप्तदक्षिणैः । धर्मार्थं चैव विप्रेभ्यो दद्याद्भोगान्धनानि च ॥ ७९ ॥ सांवत्सरिकमाप्तैश्च राष्ट्रादाहारयेद् बलिम् । स्याच्चाम्नायपरोलोके वर्तेत पितृवन्नृषु ॥ ८० ॥

એવા ઘરનો આશ્રય કરીને સવર્ણા, શુભલક્ષણવાળી, મોટાં કુલમાં ઉત્પન્ન થયેલી, પ્રસન્નમન કરવાવાળી તથા રૂપ અને સારા ગુણોવડે યુક્ત સ્ત્રીની સાથે વિવાહ કરવો. ૭૭ પુરોહિત અને ઋત્વિકનું વરણ કરવું, તેઓએ તેના ગૃહ્યકર્મ અગ્નિ હોત્રાદિ તથા વૈતાનિક કર્મો કરવાં, તથા શાંત્યાદિ કર્મ કરવા ૭૮ નાના પ્રકારની દક્ષિણાવડે રાજાએ અશ્વમેધાદિ યજ્ઞો કરવા અને ધર્મને માટે બ્રાહ્મણોને નાના પ્રકારના ભોગો ભોગવાવવા અને સુવર્ણાદિ ધન આપવુ ૭૯ રાજ્યમાંથી આપ્ત પુરૂષોદ્વારા વાર્ષિક કર ઉઘરાવવો અને લોકમા શાસ્ત્રાનુકૂલ ચાલવામાં તત્પર રહેવુ અને પ્રજામાં પિતાની સમાન વર્તાવ રાખવો ૮૦

अध्यक्षान्विविधान्कुर्यात्तत्र तत्र विपश्चितः । तेऽस्य सर्वाण्यवेक्षेरन्नृणांकार्याणिकुर्वताम् ॥ ८१ ॥ आवृत्तानांगुरुकुलाद्विप्राणां पूजकोभवेत् । नृपाणामक्षयोह्येष निधिर्ब्राह्मोऽभिधीयते ॥ ८२ ॥ न तं स्तेना न चामित्रा हरन्ति न च नश्यति । तस्माद्राज्ञानिधातव्योब्राह्मणेष्वक्षयो निधिः ॥ ८३ ॥ न स्कन्दते न व्यथते न विनश्यतिकर्हिचित् । वरिष्ठमग्निहोत्रेभ्यो ब्राह्मणस्यमुखेहुतम् ॥ ८४ ॥

નાના પ્રકારના વિદ્વાન અધ્યક્ષોને તે તે ઠેકાણે સ્થાપવા કે તેઓ સર્વ કાય કરનારા મનુષ્યોના કાર્યોને સારી રીતે તપાસી જુવે ૮૧ ગુરૂ, કુલથી વિદ્યાધ્યયન કરીને આવેલા બ્રાહ્મણોનુ ધન ધાન્યથી પૂજન કરે, કેમકે રાજાઓનો એ બ્રાહ્મણોને આપેલો ધન ભંડાર બ્રહ્મફલ આપનારો છે માટે અક્ષય કહયો છે. ૮૨ તે ભંડારને ચોર ચોરી શકતા નથી અંને શત્રુઓ નાશ કરી શકતા નથી. એટલા માટે રાજાએ બ્રાહ્મણોને વિષે અક્ષય નિધિ જમા કરી રાખવો. ૮૩ અગ્નિમાં જે હવન કરવામાં આવે છે તે કદાચિત નાશ પણ પામે છે, સુકાઇ જાય છે અને બહાર પડી જાય

છે પરંતુ ગુરૂકુલાગત બ્રાહ્મણનાં મુખમાં નાંખેલુ નથી તો નીચે પડતુ, નથી, સુકાતું અને નાશ પામતું નથી.

"सममब्राह्मणेदानं द्विगुणंब्राह्मणब्रुवे । माधीतेशतसाहस्रमनन्तं-वेदपारगे ॥ ८५ ॥" पात्रस्य हि विशेषेण श्रद्धानतयैव च । अल्पं वा बहु वा मेत्य दानस्यावाप्यते फलम् ॥ ८६ ॥ समोत्तमाधमैराजा त्वाहूतः पालयन्प्रजाः । र्नानवर्तेतसंग्रामात् क्षात्रं धर्ममनुस्मरन् ॥८७॥ संग्रामेष्वनिवर्तित्वं प्रजानां चैव पालनम् । शुश्रूषा ब्राह्मणानां च राज्ञां श्रेयस्करं परम् ॥ ८८ ॥

" બ્રાહ્મણ ભિન્ન ક્ષત્રિયાદિને આપવાથી સમાન ફલ થાય છે, ક્રીયા રહિત ફક્ત નામધારી બ્રાહ્મણને આપવાથી બમણું ફલ થાય છે અને ભણેલા બ્રાહ્મણને દાન આપવાથી એક લાખ ગણું ફળ થાય છે અને વેદ પારંગત બ્રાહ્મણને વિષે દાન આપવાથી અનંત ફલ મળે છે." (આ શ્લોક તો કેટલાએક આજકાલ જેવા નામધારી બ્રાહ્મણનો બનાવેલો હોય તેમ લાગે છે. કેમકે નામ માત્રના બ્રાહ્મણમા દાન આપવુ એજ નિષ્ફલછે એમ બતાવી ગયા છે માટે આ શ્લોક પ્રક્ષિપ્ત છે.) ૮૫ વેદાધ્યયનાદિ પાત્ર વિશેષે કરીને અને શ્રદ્ધાની અતિશયાનુસાર થોડું અથવા ઘણું પરલોકમા દાનનું ફલ મલે છે ૮૬ પ્રજાનું પાલન કરતા રાજાએ કોઇ પોતાની સમાન, અથવા ઉત્તમ અથવા અધમ શત્રુએ યુદ્ધને માટે આમ ત્રણ કર્યું હોય તો તેણે ક્ષાત્ર ધર્મનું સ્મરણ કરતા યુદ્ધથી નિવૃત્ત થવું નહિં અર્થાત યુદ્ધ કરવામાં પાછા હઠવુ નહિં ૮૭ યુદ્ધથી પાછા ન હઠવું, પ્રજાનું પાલન કરવું, બ્રાહ્મણોની શુશ્રૂષા કરવી એ રાજાઓને પરમ શ્રેયસ્કર છે. ૮૮

आहवेषुमिथोऽन्योन्यं जिघांसन्तोमहीक्षितः। युध्यमानाः परं शक्त्या स्वर्गंयान्त्यपराङ्मुखाः ॥ ८९ ॥ न कूटैरायुधैर्हन्याद्युध्यमानोरणेरिपून् । नकर्णिभिर्नापिदिग्धैर्नाग्निज्वलिततेजनैः ॥ ९० ॥ न च हन्यात्स्थलारूढं न क्लीबं न कृताञ्जलिम् । न मुक्तकेशं नासीनं न तवास्मीतिवादिनम् ॥ ९१ ॥ न सुप्तं न विसन्नाहं न नग्नं न निरायुधम्। नायुध्यमानं पश्यन्तं न परेण समागतम् ॥ ९२ ॥

યુદ્ધોમાં પરસ્પર એક બીજાને મારવાની ઇચ્છા રાખનાર રાજાઓ પરમ શક્તિવડે લડતાં પાછા ન ફરે તે સ્વર્ગ પામે છે. ૮૯ યુદ્ધ કરતા રાજાએ રણસંગ્રામમાં શત્રુઓને ગુપ્ત આયુધોવડે મારવા નહિં, બાણ અંદર પેઠા પછી પાછું શરીરમાંથી નીકળેજ નહિં. એવાં વાંકા બાણ નહિ મારવા, વિષયુક્ત બાણોવડે ન મારવા અને અગ્નિવડે બળતા બાણોવડે ન મારવા ૯૦ પોતે રથ ઉપર હોય અને સામો શત્રુ રથ છોડી ભૂમિ ઉપર ઉભો હોય તેને, નપુંસકને, પ્રણામ કરીને ઉભો હોય તેને, જેના કેશ છુટા હોય તેને, બેઠેલો હોય તેને અને હું તમારો છું એમ કહેનારને એટલાને યુદ્ધમાં મારવા નહિ. ૯૧ સુતેલાને, લઢાઇનું કવચ ઉતારેલાને, નગ્નને, આયુધ રહિતને, યુદ્ધ ન કરતો હોય તેને અને ફક્ત યુદ્ધ જોતો હોય તેને તથા બીજાની સાથે યુદ્ધનો સમાગમ કરતો હોય તેને એટલાને ન મારવા. ૯૨

नायुधव्यसन प्राप्तं नार्तं नातिपरिक्षतम् । न भीतं न परावृत्तं सतां धर्ममनुस्मरन् ॥ ९३ ॥ यस्तु भीतः परावृत्तः संग्रामे हन्यते परैः । भर्तुर्यद्दुष्कृत किञ्चित्तत्सर्वं प्रतिपद्यते ॥ ९४ ॥ यच्चास्य सुकृतं किञ्चिदमुत्रार्थमुपार्जितम् । भर्ता तत्सर्वमादत्ते परावृत्तहतस्य तु ॥ ९५ ॥ रथाश्वं हस्तिनं छत्रं धनं धान्यं पशून् स्त्रियः। सर्वद्रव्याणि कुप्यं च यो यज्जयति तस्य तत् ॥ ९६ ॥

જેનું આયુધ ભાગી ગયું હોય તેને, શોકાદિવડે દુઃખી થયેલાને, ઘણા પ્રકારથી વ્યાકુલ થયેલાને, ભય પામેલાને, યુદ્ધથી પાછા હઠતાને સત્પુરૂષોના ધર્મને અનુસરનાર રાજાએ મારવા નહિં. ૯૩ જે યોધ્ધો યુદ્ધથી ડરીને પાછો ફરતાં શત્રુઓવડે મરાય તો તે મરનાર પોતાના સ્વામીના જે કાંઈ પાપ હોય તેને પ્રાપ્ત થાય છે. ૯૪ પાછા હઠીને મરેલાનું જે કાંઇ પરલોકને માટે ઉપાર્જન કરેલું સુકૃત હોય તે સંપૂર્ણ સ્વામી ગ્રહણ કરે છે. ૯૫ રથ, ઘોડા, હાથી, છત્ર, ધન, ધાન્ય, પશુ, દાસી આદિ સ્ત્રીયો અને બીજા બધાં મીઠું વિગેરે દ્રવ્યો, તથા તાંબુ આદિ જે યુદ્ધમાં જીતે તેનું થાય છે. ૯૬

राज्ञश्च दद्युरुद्धारमित्येषा वैदिकी श्रुतिः । राज्ञा च सर्वयोधेभ्यो दातव्यमपृथग्जितम् ॥ ९७ ॥ एषोऽनुपस्कृतः प्रोक्तो योधधर्मः सना-

तनः । अस्माद्धर्मान्न च्यवेत क्षत्रियोघ्नन् रणे रिपून ॥ ९८ ॥ अलब्धं चैवलिप्सेत लब्धं रक्षेत्प्रयत्नतः । रक्षितंवर्धयेच्चैव वृद्धपात्रे षुनिक्षिपेत् ॥ ९९ ॥ एतच्चतुर्विधंविद्यात्पुरुषार्थ प्रयोजनम् ॥ अस्य-नित्यम-ष्ठानं सम्यक् कुर्यादतन्द्रितः ॥ १०० ॥

જીત થયા પછી લુટવામા મળેલા ધનમા જેજે ઉત્તમ ધન હોય તે. એટલે કે સુવર્ણાદિ તે રાજાને આપવું એ વેદ સંબંધિ શ્રુતિછે- અને રાજાએ બધા સાથે મળીને જીતેલી વસ્તુ વિભાગ પૂર્વક સર્વયોદ્ધાઓને વહેંચી આપવી- ૯૭ આ નિંદા રહિત સનાતન, સગ્રામમાં યુદ્ધનો ધર્મ કહયો. એ પ્રમાણે રણસંગ્રામમાં શત્રુઓને મારતાં ક્ષત્રિએ ઉપરોક્ત ધર્મ નો ત્યાગ ન કરવો- ૯૮ જે નહિ પ્રાપ્ત હોય તેની ઇચ્છા કરવી, પ્રાપ્ત હોય તેની રક્ષા કરવી રક્ષાણ કરેલું હોય તેની વૃદ્ધિ કરવી, અને વૃદ્ધિ પામેલાને પાત્રોમા દાન આપવું- ૯૯ એ પ્રમાણે ચાર પ્રકારનુ પુરૂષાર્થનું પ્રયોજન જાણવુ, હમેશા આળસ્ય રહિત થઈ એનું સારી રીતે સેવન કરવું. ૧૦૦

अलब्धमिच्छेद्दण्डेन लब्धं रक्षेदवेक्षया । रक्षितं वर्धयेद्वृद्ध्या वृद्धं पात्रेषु निक्षिपेत् ॥ १०१ ॥ नित्यमुद्यतदण्ड स्यान्नित्यं विवृत पौरुषः । नित्यं संवृत संवार्यो नित्यं छिद्रानुसार्यरेः ॥ १०२ ॥ नित्य-मुद्यतदण्डस्य कृत्स्नमुद्विजते जगत् । तस्मात्सर्वाणिभूतानि दण्डेनैव प्रसाधयेत् ॥ १०३ ॥ अमाययैव वर्तेत न कथंचनमायया । बुध्ये तारिप्रयुक्तांच मायांनित्यं स्वसंवृतः ॥ १०४ ॥

જે નહિ પ્રાપ્ત હોય તેને દંડવડે જીતીને મેળવવુ, અને મેળવેલાને પુનઃ પુનઃ તપાસીને રક્ષણ કરવુ, રક્ષણ કરેલું હોય તેને સ્થલ, જલ, માર્ગ, વ્યાપારાદિવડે વધારવુ અને જે ધન વધેલુ હોય તે શાસ્ત્રીયવિભાગે કરીને પાત્રોને આપવુ. ૧૦૧ હમેશાં પોતાના હાથી, ઘોડા, રથ, આયુધ, લશ્કર, યુદ્ધાદિશિક્ષાભ્યાસરૂપદંડ તૈયાર રાખવો, હમેશાં પુરૂષાર્થનો પ્રકાશ કરવો, હમેશા અમાત્યો સાથે વિચાર તથા તે પ્રમાણે આચરણાદિ ચેષ્ટા કરવી અને હમેશાં શત્રુનાં વ્યસનાદિ રૂપ છિદ્રો શોધતા રેહેવું. ૧૦૨ જેનો દંડ શિક્ષા કરવાને તૈયાર છે તેવા રાજાના ધાકમાં આખું જગત રહે છે, તેટલા માટે સર્વ પ્રાણિયોને યથાયોગ્ય દંડવડે સ્વાધીન

રાખવા, ૧૦૩ પોતાના અમાત્ય વર્ગ સાથે કપટ રહિત વર્તાવ કરવો, તેઓની સાથે કપટવાળો વર્તાવ કદાપિ ન કરવો. અને ફુટપડાવે એવી શત્રુએ યોજેલી માળાને પોતાના દૂતોદ્વારા અવશ્ય જાણવાનો હમેશા પ્રયત્ન કરવો ૧૦૪

नास्यछिद्रंपरोविद्या द्विद्याच्छिद्रंपरस्यतु । गूहेत्कूर्म इवांगानि रक्षेद्विवरमात्मनः ॥ १०५ ॥ बकवच्चिन्तयेदर्थान् सिंहवच्चपराक्रमेत् । वृकवच्चावलुम्पेत शशवच्चविनिष्पतेत् ॥ १०६ ॥ एवंविजयमानस्य येऽस्यस्युः परिपन्थिनः । तानानयेद्वशंसर्वान्सामादिभिरुपक्रमैः ॥ १०६ ॥ यदितेतुनातिष्ठेयुरुपायैः प्रथमैस्त्रिभिः । दण्डेनैवप्रसह्यैतांश्छनकैर्वशमानयेत् ॥ १०८ ॥

એવો પ્રયત્ન કરવો કે જેથી શત્રુ પોતાનાં રાજ્ય સેના વિગેરેમા ફુટફાટ થઇ હોય તે જાણી ન જાય. અને શત્રુના છિદ્રને જાણવાનો પ્રયાસ કરવો, જે પ્રમાણે કાચબો પોતાના મુખચરણાદિ અંગોને પોતાના દેહમાં છુપાવી દે છે અને આત્માનું રક્ષણ કરે છે તેમ પ્રકૃતિભેદ થયો હોય તો દાન સન્માનાદિથી પાછા મેળવી લેવા. ૧૦૫ બગલાની પેઠે અર્થ મેળવવામાં ચિંતવન રાખવું, સિંહની પેઠે શત્રુનાપર પરાક્રમ કરવું, મગરની પેઠે શત્રુની અસાવધાનતા જોઇ તેનો નાશ કરવો અને સસલાના પેઠે શત્રુનાથી ઘેરાયા હોઇયે તો નાશી જવું. ૧૦૬ એ પ્રમાણે વિજય કરનાર રાજાના જે કોઇ વિજયકાર્યમા વિરોધિઓ થાય તેઓને સામ, દામ, ભેદ અને દંડરૂપ ઉપક્રમે કરીને વશ કરવા. ૧૦૭ એમ કરતાં જો તેઓ પ્રથમના ત્રણ ઉપાયોવડે વિરોધ કરતા નિવૃત્ત ન થાય તો થોડા અથવા ઘણા દંડવડે બલાત્કારથી વશ કરવા. ૧૦૮

सामादीना मुपायानां चतुर्णामपिपण्डिताः । सामदंडौप्रशंसन्ति नित्यंराष्ट्राभिवृद्धये ॥ १०९ ॥ यथोद्धरति निर्दाता कक्षंधान्यंच रक्षति । तथारक्षे न्नृपोराष्ट्रं हन्याच्च परिपन्थिनः ॥ ११० ॥ मोहाद्राजा स्वराष्ट्रंयः कर्षयत्यनवेक्षया । सोऽचिराद्भ्रश्यतेराज्याज्जीविताच्च सबान्धवः ॥ १११ ॥ शरीरकर्षणात्प्राणाः क्षीयन्ते प्राणिनांयथा । तथाराज्ञामपिप्राणाः क्षीयन्ते राष्ट्रकर्षणात् ॥ ११२ ॥

પંડિતો રાષ્ટ્રની વૃદ્ધિને માટે સામાદિ જે ચાર ઉપાયો છે તેમાંથી સામ અને દંડ એ બેને હંમેશાં વખાણે છે. ૧૦૯ જે પ્રમાણે ક્ષેત્રમાં નીંદવા જનાર મનુષ્ય ધાન્ય અને ઘાસ આદિ સાથે ઉગેલાં હોય તેમાંથી ધાન્યના છોડનું રક્ષણ કરે છે અને બીજા ઘાસાદિને ઉખેડી નાખે છે તેમ રાજાએ દેશની રક્ષા કરવી અને વિરોધિયોનો નાશ કરવો- ૧૧૦ જે રાજા અજ્ઞાનતાથી, દુષ્ટશાસનવડે પોતાના દેશને શાસ્ત્રીય ધન ગ્રહણ કરવામાં મારણાદિ દુખે કરીને પીડે છે, તે રાજા થોડા વખતમાં પોતાનાં બાંધવો સાથે રાજ્યથી અને જીવિતથી ભ્રષ્ટ થાય છે—નાશ પામે છે. ૧૧૧ જેમ પ્રાણિયોના શરીરનું આહાર નિરોધાદિવડે શોષણ કરવાથી પ્રાણો નાશ પામે છે તેમ રાષ્ટ્રના શોષણથી રાજાઓના પણ પ્રાણો નાશ પામે છે. ૧૧૨

राष्ट्रस्य संग्रहे नित्यं विधानमिदमाचरेत् । संग्रहात राष्ट्राहि पार्थिवः सुखमेधते ॥ ११३ ॥ द्वयोस्त्रयाणां पञ्चानां मध्येगुल्ममधिष्ठितम् । तथाग्रामशतानांच कुर्याद्राष्टस्य संग्रहम् ॥ ११४ ॥ ग्रामस्याधिपतिं कुर्याद्दशग्रामपतिं तथा । विंशतीशंशतेशंचसहस्रपति मेवच ॥११५॥ ग्रामदोषान्समुत्पन्नान् ग्रामिकः शनकैः स्वयम् । शंसेद्ग्रामदशेशाय दशेशोविंशतीशिनम् ॥ ११६ ॥

રાષ્ટ્રના રક્ષણ માટે હંમેશાં રાજાએ નિચે જણાવ્યા પ્રમાણે ઉપાય કરવો, કારણ કે જે રાજા દેશનુ સારી રીતે રક્ષણ કરે છે તેજ સુખને પામે છે. ૧૧૩ બે, ત્રણ, પાચ અથવા સોગામોના મધ્યમાં એક રક્ષણ કરનાર પુરૂષનો સમુદાય રાખવો, અને એક સત્યાચરણવાળો પુરૂષ જેમાં રહે એવુ દેશનું રક્ષણ સ્થાન કરવું. ૧૧૪ જેમ કે એક ગામનો અધિપતિ નિયમિત કરવો, દશ ગામનો એક, વીશ ગામનો એક, સો ગામનો એક અને હજાર ગામનો એક, એમ અધિપતિઓ નિમવા. ૧૧૫ ગામના અધિપતિયે પોતે ધીમે રહિને ગામમાં ઉત્પન્ન થતા જે ચોરી આદિ દોષો, તેનું પોતે નિવારણ કરવાને અસમર્થ હોય તો દશ ગામના અધિપતિને કહેવુ અને દશ ગામના સ્વામીએ વીશ ગામના સ્વામીને કહેવું. ૧૧૬

विंशती शस्तुतत्सर्वं शतेशायनिवेदयेत् । शंसेद्ग्रामशतेशस्तु सहस्रपतये स्वयम् ॥ ११७ ॥ यानिराजप्रदेयानि प्रत्यहंग्रामवासिभिः । अन्नपानेन्धनादीनिग्रामिकस्तान्यवाप्नुयात् ॥ ११८ ॥ दशीकुलंतुभुञ्जीत

विंशी पंच कुलानिच । ग्रामशतस्याध्यक्षः सहस्राधिपतिः पुरम् ॥ ॥ ११९ ॥ तेषांग्राम्याणि कार्याणि पृथक्कार्याणिचैवहि । राज्ञोऽन्यः सचिवः स्निग्धस्तानिपश्येदतन्द्रितः ॥ १२० ॥

વીશ ગામના અધિપતિયે તે સર્વ સો ગામના ધણીને નિવેદન કરવું, અને સો ગામના ધણીએ પોતે હજાર ગામના ધણીને કહેવું. એટલે ઉત્તરોત્તર તે દોષોનુ તેઓએ નિવારણુ કરવું. ૧૧૭ ગામમા વસનારાઓએ જે અન્ન, પાણી, લાકડાં આદિ દરરોજ રાજાને આપવાં જોઇયે તે ગામના અધિપતિને મળે એટલાક તેને આપવાં, ને તેની જીવિકા સમજવી. ૧૧૮ દશ ગામાધિપતિયે પોતાની જીવિકા માટે બે મધ્યમ હલવડે ખેડી શકાય તેટલી જમીનનો ઉપયોગ કરવો, વીશ ગામના માલિકે દશ મધ્યમ હલવડે ખેડી શકાય તેટલી જમીન ખેડી જીવિકા ચલાવવી, સો ગામના ધણીએ એક મધ્યમ ગામની ઉપજ અને હજાર ગામના અધિપતિયે એક મધ્યમ શહેરની ઉપજ જીવિકા માટે લેવી ૧૧૯ તે ગામ નિવાસી આદિમા જો પરસ્પર વૈમનસ્ય થાય તો જે ગામ સંબંધિ કાર્યો કે જે કરેલાં અથવા ન કરેલા તેવા હોય તે જુદાં કરવા અને રાજાના નિયુક્ત કરેલા બીજા હિતકારી પુરૂષે આલસ્ય રહિત થઈ તે જોવાં-કરવા ૧૨૦

नगरे नगरे चैकं कुर्यात्सर्वार्थचिन्तकम् । उच्चैः स्थानंघोररूपं नक्षत्राणामिवग्रहम् ॥१२१॥ सताननुपरिक्रामे त्सर्वानेवसदास्वयम् । तेषांवृत्तंपरिणये त्सम्यग्राष्ट्रेतच्चरैः ॥ १२२॥ राज्ञोहिरक्षाधिकृताः परस्वादायिनः शठाः । भृत्याभवन्ति प्रायेण तेभ्योरक्षेदिमाः प्रजाः ॥ १२३ ॥ येकार्यिकेभ्योर्थमेव गृह्णीयुः पापचेतसः । तेषांसर्वस्व मादाय राजाकुर्यात्प्रवासनम् ॥ १२४ ॥

પ્રત્યેક શહેરમાં ઉંચા કુલમાં ઉત્પન્ન થયેલા, અશ્વાદિ સામગ્રીવડે ભય આપી શકે તેવો, નક્ષત્રોમાં શુક્રના તારા જેવો પ્રકાશમાન એક પુરૂષ સર્વ કાર્યનો દ્રષ્ટા નગરાધિપતિ કરવો. ૧૨૧ તે નગરાધિકારીએ સર્વ ગ્રામાધિપતિ આદિયોને સર્વદા પોતાના હુકમથી અદલાબદલી કરવી. તથા દેશોમાં પોતાના સેવકોદ્વારા તેઓની ચેષ્ટાઓ સારી રીતે જાણવી. ૧૨૨ પારકાના ધન આદિને ગ્રહણુ કરનારા શઠ લોકો તથા રક્ષણુના અધિકારમાં

નિમેલા હોય એવા જે રાજાના સેવકો હોય તેનાથી ઘણું કરીને પ્રજાનું રક્ષણ કરવું. ૧૨૩ જે રક્ષણના અધિકારમાં નિયુક્ત થયેલા કાર્યાર્થિયો પાપ બુદ્ધિવાળા થઇ છલકપટથી પ્રજા પાસેથી દ્રવ્ય ગ્રહણ કરે તો તેવા અધિકારીઓનું સર્વસ્વ રાજાએ લઇ લેવુ અને તેને દેશપાર કરવા. ૧૨૪

राजा कर्मसुयुक्तानांस्त्रीणां प्रेष्यजनस्यच । प्रत्यहं कल्पयेद्वृत्तिं स्थानंकर्मानुरूपत : ॥ १२५ ॥ पणो देयोऽवकृष्टस्यषडुत्कृष्टस्यवेतनम् । षाण्मासिकस्तथाच्छादो धान्यद्रोणस्तु मासिक : ॥ १२६ ॥ क्रयविक्रयमध्वानं भक्तं सपरिव्ययम् । योगक्षेमंचसंप्रेक्ष्य वणिजो दापयेत्करान् ॥ १२७ ॥ यथाफलेनयुज्येत राजाकर्त्ताच कर्मणाम् । तथावेक्ष्यनृपोराष्ट्रे कल्पयेत्सततंकरान् ॥ १२८ ॥

ઉપયોગી કર્મમા નિયુક્ત કરેલી સ્ત્રિયોની તથા કર્મ કરનાર પુરૂષોની તેના તેના કમને અનુસારે રાજાએ તેની જીવિકાનો તથા સ્થાનનો બંદોબસ્ત કરવો. ૧૨૫ ગૃહાદિમા વાળવુ તથા પાણિ વિગેરે ભરનારને એક પણ હમેશા આપવો (પણ એટલે કેટલું દ્રવ્ય તે આગળ કહેશે.) તેના કરતા ઉત્કૃષ્ટ કર્મ કરનારને છપણનો પગાર આપવો. તેના કરતાં ઉત્કૃષ્ટ કર્મ કરનારને છ મહિને છ જોડી કપડાં અને દશ માસે છ દ્રોણ ધાન્ય આપવું- ૧૨૬ વસ્તુની ખરીદી કરવામા શુ લાગ્યુ, વેચાણમા શું ઉત્પન્ન થયુ, કેટલે દૂરથી લાવવામા માર્ગમાં શુ ખરચ લાગ્યો, તેમજ રસ્તામા ચોરઆદિ ન લઇ જાય તેના રક્ષકોને શુ આપવું પડયુ, ઈત્યાદિ દરેક ખર્ચ તથા તેનુ વેચાણ કરતા શુ લાભ મળ્યો, તે વિચારીને વ્યાપારીએ રાજાને લાભના પ્રમાણમાં કર આપવો. ૧૨૭ કૃષિ કર્મ કરનાર તથા વ્યાપાર કરનારાઓને શુ લાભ મળ્યો, તેનો વિચાર કરીને તપાસીને રાજાએ પોતાના દેશમા કર લેવો. ૧૨૮

यथाल्पाल्पमदन्त्याद्यं वार्योकोवत्सषट्पदा : । तथाल्पाल्पोग्रहीतव्यो राष्ट्राद्राज्ञाब्दिक : कर: ॥ १२९ ॥ पञ्चाशद्भाग आदेयो राज्ञापशुहिरण्ययोः । धान्यानामष्टमोभागः षष्ठोद्वादशएववा ॥१३०॥ आददीताथषड्भागं द्रुमांसमधुसर्पिषाम् । गन्धौषधिरसानांच पुष्पमूलफलस्यच ॥ १३१ ॥ पत्रशाकतृणानांचकर्मणां वैदलस्यच । मृण्मयानांच भाण्डानां सर्वस्याश्ममयस्यच ॥ १३२ ॥

જે પ્રમાણે જળો, વત્સ અને ભમરો થોડું થોડું લોહી, દુધ અને મધ ભક્ષણ કરે છે કાંઈ એકદમ ચુસી લેતા નથી; તે પ્રમાણે રાજાએ પોતાના દેશમાંથી વાર્ષિક થોડો થોડો કર ઉઘરાવી લેવો, કે જેથી પ્રજા ચુસાઇ ન જાય. ૧૨૯ પશુ અને સુવર્ણાદિ હિરણ્યના વ્યાપારમાંથી લાભમાંથી પચાસમો ભાગ લેવો, ધાન્યમાંથી આઠમો, છઠ્ઠો અથવા બારમો ભાગ લેવો. ૧૩૦ વૃક્ષ, માંસ, મધ, ઘી, કેસરાદિ ગંધ, ઔષધીઓ, રસો, પુષ્પ, મૂલ, ફલ. ૧૩૧ પત્ર, શાક, ઘાસ, ચામડાં, સાદડી વિગેરે, મૃત્તિકાના પાત્રો અને પત્થરની બનતી ચીજો, એટલાના વ્યાપારમા જે લાભ થાય તેમાંથી છઠો ભાગ રાજાએ ગ્રહણ કરવો. ૧૩૨

म्रियमाणोप्याददीत नराजाश्रोत्रियात्करम् । नचक्षुधाऽस्यसंसीदेच्छ्रोत्रियो विषयेवसन् ॥ १३३ ॥ यस्यराज्ञस्तुविषये श्रोत्रियःसीदतिक्षुधा । तस्याऽपितत्क्षुधाराष्ट्रमचिरेणैवसीदति ॥ १३४ ॥ श्रुतवृत्तेविदित्वाऽस्य वृत्तिंधर्म्यांप्रकल्पयेत् । संरक्षेत्सर्वतश्चैनं पितापुत्रमिवौरसम् ॥ १३५ संरक्ष्यमाणो राज्ञाऽयं कुरुतेधर्ममन्वहम् ॥ तेनायुर्वर्धते राज्ञोद्रविणं राष्ट्रमेवच ॥ १३६ ॥

રાજા ધનવડે ક્ષીણ થઇ જાય તો પણ તેણે શ્રોત્રિય બ્રાહ્મણ પાસેથી કર ન લેવો, તેમજ દેશમા વસનાર શ્રોત્રિય બ્રાહ્મણ ક્ષુધાવડે નાશ ન પામવો જોઇએ. ૧૩૩ જે રાજાના દેશમા શ્રોત્રિય બ્રાહ્મણ ક્ષુધાવડે દુ ખી થાય છે તો થોડા વખતમાંજ તેના આખા દેશમા દુષ્કાળ પડી ક્ષુધા સર્વનો નાશ કરે છે. ૧૩૪ રાજાએ શ્રોત્રિયના શાસ્ત્રજ્ઞાનનાઅનુષ્ઠાનને જાણીને ધર્માનુકૂલ તેની જીવિકા કરી આપવી. જેમ પિતા પોતાના પુત્રનું રક્ષણ કરે તેમ સર્વરીતે તેનું રાજાએ રક્ષણ કરવું. ૧૩૫ એ પ્રમાણે રાજાવડે રક્ષણ થયેલો શ્રોત્રિય બ્રાહ્મણ હંમેશા જે ધર્મકર્મ કરે છે તેણે કરીને રાજાનુ આયુષ્ય, દ્રવ્ય અને દેશની વૃદ્ધિ થાય છે. ૧૩૬

यत्किंचिदपि वर्षस्य दापयेत्करसंज्ञितम् ॥ व्यवहारेण जीवन्तं राजाराष्ट्रे पृथग्जनम् ॥ १३७ ॥ कारुकाञ्छिल्पिनश्चैव शूद्रांश्चात्मोपजीविनः । एकैकं कारयेत्कर्म मासिमासिमहीपतिः ॥ १३८ ॥ नोच्छिन्द्यादात्मनो मूलं परेषां चाति तृष्णया । उच्छिन्दन्ह्यात्मनो मूल

मात्मानं तांश्चपीडियेः ॥ १३९॥ तीक्ष्णश्चैवमृदुश्चस्यात्कार्यं वीक्ष्यमहीपतिः । तीक्ष्णश्चैव मृदुश्चैव राजाभवति संमतः॥१४०॥

પોતાના દેશમાં જે નિકૃષ્ટ મનુષ્ય પોતાનો વ્યવહાર જેમ તેમ શાક-પાન જેવી તુચ્છ વસ્તુનો ક્રયવિક્રય કરીને ચલાવી જીવતો હોય, તેણે વર્ષમાં કાંઇ પણ રાજાને કરરૂપ અલ્પ પણ આપવું. અર્થાત્ તેની પાસેથી અલ્પ કર રૂપ કાંઈ પણ રાજાએ લેવું. ૧૩૭ સુપડાં વિગેરે કરનાર, શિલ્પીઓ, અને દેહને કલેશ આપી જીવિકા ચલાવનાર ભારવાહક શૂદ્રો, એટલાની પાસે રાજાએ કરના બદલામા પ્રત્યેક માસમાં એક એક દિવસ કામ કરાવવું. ૧૩૮ પ્રજાના ઉપર સ્નેહાદિથી કર વિગેરે ન લેઇને પોતાના રાજ્યના મૂલનો ઉચ્છેદ ન કરવો: તેમજ અતિશય લોભવડે કર વિગેરે વધારે લઇને બીજાઓનાં મૂલનો ઉચ્છેદ ન કરવો. કારણ કે પોતાનું મૂલોચ્છેદન કરનાર આત્માને પીડા કરે છે અને બીજાનું ઉચ્છેદ કરનાર બીજાને પીડે છે. અર્થાત બન્નેને પીડા ન થાય તેમ કરવું ૧૩૯ રાજાએ કાર્યને જોઇને કોઈ વખતે ઉગ્ર થવું અને કોઇ વખતે કોમળ થવુ જોઇયે ઉગ્રતા અને મૃદુતા ધારણ કરનાર રાજા લોકોમા સંમત કહેવાય છે. ૧૪૦

अमात्यमुख्यंधर्मज्ञं प्राज्ञंदान्तं कुलोद्गतम् । स्थापयेदासने तस्मिन्खिन्नः कार्येक्षणेनृणाम् ॥ १४१ ॥ एवंसर्वंविधायेद मितिकर्तव्यमात्मनः ॥ युक्तश्चैवाऽप्रमत्तश्च परिरक्षेदिमाः प्रजाः ॥ १४२ ॥ विक्रोशन्त्यो यस्यराष्ट्राद् ध्रियन्तेदस्युभिःप्रजाः । संपश्यतः सभृत्यस्यमृतः सनतुजीवति ॥ १४३ ॥ क्षत्रियस्यपरोधर्मः प्रजानामेवपालनम् । निर्दिष्टफल भोक्ताहि राजाधर्मेण युज्यते ॥ १४४ ॥

માણસોના કાર્ય જોવામા પોતે ખિન્ન હોય તો ધર્મને જાણનાર, બુદ્ધિમાન્, ઇંદ્રિય તથા મન જેણે જીતેલું હોય, અને સારા ઉંચા કુલમા પેદા થયેલો હોય તેવા મુખ્ય અમાત્યને તે કાર્ય જોવાના આસનપર નિયમિત કરવો. ૧૪૧ એટલું રાજાનું પોતાનુ કર્ત્તવ્ય છે, તે એ પ્રમાણે યથાસ્થિત કરીને પછી પ્રમાદરહિત થઇ યથાયોગ્ય પોતાની પ્રજાનું રક્ષણ કરવુ. ૧૪૨ અમાત્યાદિ ભૃત્યવર્ગ સાથે રાજાના દેખતાં જેના રાષ્ટ્રમા ચોર ડાકુઓના બળાત્કારથી પ્રજામાં ચોરી ખુન આદિ થાય છે તો તે રાજાને મરેલો જાણવો. જીવે છે એમ જાણવું નહિ. ૧૪૩ પ્રજાનું પાલન કરવું

એ ક્ષત્રિયનો મુખ્ય ધર્મ છે. અને ઉપર જણાવેલાં ફલનો ભોક્તા રાજા ધર્મ સાથે જોડાય છે. અર્થાત્ ધર્મિષ્ઠ કહેવાય છે. ૧૪૪

उत्थाय पश्चिमेयामे कृतशौचःसमाहितः। हुताग्निर्ब्राह्मणांश्चार्च्य प्रविशेत्सशुभांसभाम् ॥ १४५ ॥ तत्रस्थितः प्रजाःसर्वाः प्रतिनन्द्य विसर्जयेत् । विसृज्यचप्रजाः सर्वामन्त्रयेत्सह मन्त्रिभिः ॥ १४६ ॥ गिरिपृष्ठं समारुह्य प्रासादंवारहोगतः ॥ अरण्येनिः शलाकेवा मन्त्रयेदविभावितः ॥ १४७ ॥ यस्यमन्त्रं नजानन्ति समागम्य पृथग्जनाः। सकृत्स्नांपृथिवीं भुङ्क्ते कोशहीनोऽपिपार्थिवः ॥ १४८ ॥

રાત્રિના પાછલા પહોરમાં ઉઠીને, શૌચ આદિ ક્રિયા કરી સાવધાન ચિત્ત થઈ, અગ્નિ હોત્ર કરી, બ્રાહ્મણોનું યથાયોગ્ય પૂજન કરી, શુભ રાજ. સભામા પ્રવેશ કરવો. ૧૪૫ સભામા જઈને પોતાના દર્શનને માટે આ-વેલી પ્રજાને સંભાષણાદિવડે સંતોષ પમાડી રજા આપવી. સર્વ પ્રજાનું વિસર્જન કરીને પછી મંત્રિઓની સાથે સંધિ અને વિગ્રહાદિનો વિચાર કરવો ૧૪૬ પર્વત ઉપર ચઢીને, મહેલમા જઈને અથવા કોઈ નિર્જન અરણ્ય જેવા એકાંત સ્થલમા જઈને અથવા કોઈથી ન જણાય એવા એકા-તમાં જઈને કર્મના આરંભનો ઉપાય, પુરૂષ, દ્રવ્ય અને સંપત્તિ; દેશ-કાલ વિભાગ, આવેલી આપત્તિને દૂર કરવાનો ઉપાય, અને કાર્યસિદ્ધિ એ પાંચ અગ સંબંધિ વિચાર કરવો. ૧૪૭ રાજાના મંત્રિયો પાસેથી સમા-ગમ કરીને પણ બીજા માણસો તેના મંત્રને નહિ જાણે તેવો રાજા કોશ-હીન હોય તોપણ સમગ્ર પૃથ્વી ભોગવે છે ૧૪૮

जडमूकान्धबधिरांस्तिर्यग्योनान्वयोतिगान् । स्त्रीम्लेच्छव्याधितव्यङ्गान्मन्त्रकालेऽपसारयेत् ॥ १४९ ॥ भिन्दन्त्यवमतामन्त्रं तिर्यग्योना स्तथैवच। स्त्रियश्चैव विशेषेण तस्मात्तत्राहतोभवेत् ॥१५०॥ मध्यन्दिनेऽर्धरात्रेवा विश्रान्तो विगतक्लमः । चिन्तयेद्धर्मकामार्थान् सार्धंतैरेकएववा ॥ १५१ ॥ परस्पर विरुद्धानांतेषांच समुपार्जनम् । कन्यानां सम्प्रदानंच कुमाराणांच रक्षणम् ॥ १५२ ॥

શુભ વિચાર કરતી વખતે મૂર્ખ, મુંગો, આંધળો, બહેરો, શુક સારિકાદિ પક્ષીઓ, અતિવૃદ્ધ, સ્ત્રી. મ્લેચ્છ, રોગી અને અગહીન

એટલાંને ત્યાં રાખવા નહીં. એટલામાથી કોઇપણ હોય તો તેને કહાડી મુકવા, ૧૪૯ એ મૂર્ખઆદિયો પણ જ્યારે અપમાન પામે છે ત્યારે મંત્રભેદ કરે છે. અર્થાત્ મંત્ર જાહેર કરીદે છે. તેમજ શુકસારિકા, અતિ વૃદ્ધ સ્ત્રિયાદિ પણ વિશેષે કરીને અસ્થિર બુદ્ધિ હોવાથી મંત્રભેદ થવાનો સંભવ છે માટે મંત્ર કરતી વખતે તેઓને દૂર કરવા. ૧૫૦ બપોરે અથવા મધ્ય રાત્રે ચિત્તનો ખેદ દૂર થયો હોય તથા વિશ્રાંતિ પામ્યો હોય ત્યારે મંત્રીઓની સાથે અથવા તો એકલા રાજાએ પોતે ધર્મ, અર્થ અને કામનો વિચાર કરવો. ૧૫૧ પરસ્પર વિરૂદ્ધ એવા જે ધર્મ, અર્થ અને કામ તેમનો વિરોધના પરિહાર પૂર્વક ઉપાર્જનનો ઉપાય વિચારવો. કન્યાઓનુ દાન કરવૂ અને કુમારોનું વિનયાદિ શિક્ષણ માટે રક્ષણના ઉપાયનો વિચાર કરવો. ૧૫૨

दूतसंप्रेषणं चैवकार्यशेषंत ैवच ॥ अन्तःपुरप्रचारंच प्रणिधीनां चचेष्टितम् ॥ १५३ ॥ कृत्स्न चाष्टविधंकर्म पंचवर्गंचतत्वतः । अनुरागापरागौच प्रचारं मंडलस्यच ॥ १५४ ॥ मध्यमस्यप्रचारंच विजिगीषोश्च चेष्टितम् । उदासीनप्रचारंच शत्रोश्चैव प्रयत्नतः ॥१५५॥ एताः प्रकृतयोमूलं मण्डलस्य समासतः । अष्टौचान्याः समाख्याता द्वादशैवतु ताःस्मृताः ॥ १५६ ॥

પર રાજ્યમાં દૂત મોકલવા, શેષકાર્ય, અંતઃપુરનો પ્રચાર અને શત્રુઓના રાજ્યમાં ચર્ચા જોવા મોકલેલા દૂતોની ચેષ્ટા વિગેરેનો વિચાર કરવો. ૧૫૩ સમગ્ર આઠ પ્રકારનું કર્મ, પાચ વર્ગનો તત્વથી વિચાર કરવો તથા અમાત્યાદિના અનુરાગ અને વિરાગનો તેમજ મંડલનો વિચાર કરવો. અર્થાત્ કોણ લઢાઇ કરવા તૈયાર છે અને કોણ સુલેહ કરવા તૈયાર છે તેનો વિચાર કરવો. (કર્મોના આરંભનો ઉપાય, પુરૂષ અને દ્રવ્યની સંપત્તિ, દેશકાલનો વિભાગ, આવતી આપત્તિને દૂર કરવાનો વિચાર, એ પાંચ વર્ગ કહેવાય છે. વ્યાપાર, પૂલ બાંધવા, કિલ્લા બંધાવવા, આગળ બંધાવેલા જુના થયા હોય તેને પાછા સુધારવાનો વિચાર, હાથી પકડવા, ખાણો ખોદાવવી, શૂન્ય જગ્યાઓને વસાવવી. ઝાડનુ જંગલ કપાવવું, એ આઠ કર્મ મેધાતિથિય ગણાવ્યાં છે.) ૧૫૪ મધ્યમના પ્રચારનો, જીતવાની ઇચ્છા કરવાવાળા શત્રુની ચેષ્ટાનો, ઉદાસીન અવસ્થામાં ફરનારના

પ્રચારનો તથા શત્રુના પ્રચારનો વિચાર કરવો. ૧૫૫ એ મધ્યમાદિ ચાર પ્રકૃતિ સંક્ષેપથી મંડલની મૂલ છે, અને આઠ બીજી એટલે શત્રુની ભૂમિયાનો મિત્ર એટલે જાણનાર, શત્રુનો મિત્ર, શત્રુના મિત્રનો મિત્ર, અને મિત્રનો મિત્ર એ ચાર તથા ચાર એવાજ શત્રુ મળી આઠ એટલે મધ્યમાદિ ચાર સાથે એકંદર બાર પ્રકૃતિયો કહેવાય છે. ૧૫૬

अमात्यराष्ट्रदुर्गार्थदण्डाख्याः पञ्च चापराः । प्रत्येकं कथिता ह्येताः संक्षेपेण द्विसप्ततिः ॥ १५७ ॥ अनन्तरमरिं विद्यादरिसेविनमेव च । अरेरनन्तरं मित्रमुदासीनं तयोःपरम् ॥ १५८ ॥ तान्सर्वानभिसंदध्यात्सामादिभिरुपक्रमैः । व्यस्तैश्चैव समस्तैश्च पौरुषेण नयेन च ॥ १५९ ॥ सन्धिं च विग्रहंचैव यानमासनमेवच । द्वैधीभावं संश्रयं च षड्गुणांश्चिन्तयेत्सदा ॥ १६० ॥

અમાત્ય, દેશ, દુર્ગ, કોશ અને દંડ એ પાચ વળી બીજી પ્રકૃતિયો કહેવાય છે. ઉપરોક્ત બારની પાચ પાચ પ્રકૃતિ અટલે સાઠ અને બાર મૂલ પ્રકૃતિ મળીને એકંદર બોતેર પ્રકૃતિયો કહી છે ૧૫૭ પ્રથમ શત્રુનાપર દૃષ્ટિ રાખવી, પછી શત્રુના સેવકોનાપર, પછી શત્રુના મિત્રનાપર અને પછી ઉદાસીન ઉપર, એમ ઉત્તરોત્તર નજર રાખવી અને તેને જાણવા. ૧૫૮ તે સર્વને સામાદિ એક એક ઉપાયવડે અથવા સામાદિ સર્વ ઉપાયોવડે, પુરૂષાર્થવડે તથા નીતિવડે વશ કરવા. ૧૫૯ સંધિ, વિગ્રહ, શત્રુ ઉપર ચઢાઈ કરવી, શત્રુની રાહ જોવી, સ્વાર્થ સિદ્ધિ માટે પોતાના બે ભાગ કરવા, અને બીજાનો આશ્રય લેવો, એ છ ગુણોનો હંમેશાં વિચાર કરવો. ૧૬૦

आसनं चैव यानं च संधिं विग्रहमेव च । कार्यं वीक्ष्य प्रयुञ्जीत द्वैधं संश्रयमेव च ॥ १६१ ॥ संधिं तु द्विविधं विद्याद्राजा विग्रहमेव च । उभे यानासने चैव द्विविधः संश्रयः स्मृतः ॥ १६२ ॥ समानयानकर्मा च विपरीतस्तथैव च । तदात्वायतिसंयुक्तः संधिर्ज्ञेयो द्विलक्षणः ॥ १६३ ॥ स्वयंकृतश्च कार्यार्थमकाले काल एव वा । मित्रस्य चैवापकृते द्विविधो विग्रहःस्मृतः ॥ १६४ ॥

આસન, પ્રયાણ, સંધિ, વિગ્રહ, દ્વૈધીભાવ અને આશ્રય એટલાનો ઉપયોગ કાર્ય જોઇને કરવો. ૧૬૧ રાજાએ સંધિ, વિગ્રહ, યાન, આસન,

દ્વૈધીભાવ અને આશ્રય એ બધાં બબે પ્રકારના જાણુવાં. ૧૬૨ જેમકે તાત્કાલિક ફલ માટે અથવા આગામિકાલના ફલ માટે બીજા રાજાની સાથે શત્રુ રાજાનોપર ચઢાઇ કરવી તેને "સમાન યાનકર્મા" સંધિ, તથા "હું અમુક રાજાપર ચઢાઇ કરૂં છું તમે અમુકનાપર કરો." એ પ્રકારે મેલ કરીને બે જુદાં જુદાં રાજ્યોપર ચઢાઈ કરવા માટે મેલ થાય છે તે "અસમાન યાનકર્મા" સંધિ કહેવાય છે. એ પ્રમાણે બે પ્રકાર સંધિના જાણુવા. ૧૬૩ શત્રુનાપર જય કરવાના પ્રયોજન માટે સમયે અથવા વગર સમયે શત્રુના વ્યસનાદિ જાણીને માર્ગશીર્ષાદિ સમયે અથવા અન્ય સમયે શત્રુનાપર ચઢાઇ કરવી, તે પોતે કરેલો વિગ્રહ કહેવાય. અને મિત્રનો અપકાર કરે તેના ઉપર ચઢાઇ કરવી તે વિગ્રહનો બીજો પ્રકાર, એમ વિગ્રહના બે પ્રકાર જાણુવા ૧૬૪

एकाकिनश्चात्ययिके कार्ये प्राप्ते यहच्छया । संहतस्य च मित्रेण द्विविध यानमुच्यते ॥ १६५ ॥ क्षीणस्य चैव क्रमशो दैवात् पूर्वकृतेन वा । मित्रस्य चानुरोधेन द्विविधं स्मृतमासनम् ॥ १६६ ॥ बलस्य स्वामिनश्चैव स्थितिःकार्यार्थसिद्धये । द्विविधं कीर्त्यते द्वैधं षाड्गुण्यगुणवेदिभिः ॥ १६७ ॥ अर्थसंपादनार्थेच पीड्यमानस्य शत्रुभिः । साधुषुव्यपदेशार्थं द्विविधःसंश्रयःस्मृतः ॥ १६८ ॥

અત્યાવશ્યક પ્રાપ્ત કાર્ય કરવામાં પોતાની મેળે એકલાએજ શત્રુનાપર ચઢાઇ કરવી તે, તથા મિત્રની સાથે શત્રુનાપર ચઢાઇ કરવી તે, એમ બે પ્રકારના યાન જાણુવાં. ૧૫૫ પૂર્વ જન્મના કરેલાં અથવા આ જન્મનાં કરેલા દુષ્કૃતવડે ક્ષીણુ થયેલા રાજાએ ગુપચુપ બેસી રહેવુ તે, અને મિત્રના રોકવાથી બેસી રહેવુ તે, એમ બે પ્રકારનાં આસન કહેવાય છે. ૧૬૬ કાર્ય અને અર્થની સિદ્ધિને માટે થોડી સેનાને એક સ્થાનપર સ્થાપિત કરીને બાકીની સેના સાથે રાજા પોતે બીજા વર્ગ=દેશમાં રહે, એ બે પ્રકારના દ્વૈધને ષડ્ ગુણુને જાણુવાવાળા લોકો કહે છે. ૧૬૭ શત્રુઓવડે પીડા પામેલા રાજાના અર્થ સંપાદનને માટે અન્ય રાજાનો આશ્રય લેવો તે તથા સજ્જન પુરૂષોમાં વ્યપદેશાર્થ આશ્રય લેવો તે, અર્થાત્ બલવાન્ આશ્રયથી પછી કોઇ અન્ય રાજા તેનુ નામ ન લઇ શકે. એમ બે પ્રકારનાસંશ્રય કહેવાય છે. ૧૬૮

यदा गच्छेदायत्यामाधिक्यं ध्रुवमात्मनः । तदात्वे चाल्पिकां पीडां तदासन्धिं समाश्रयेत् ॥ १६९ ॥ यदा प्रकृष्टामन्येत सर्वाः प्रकृतीर्भृशम् । अत्युच्छ्रितंतथात्मानं तदा कुर्वीतविग्रहम् ॥ १७० ॥ यदा मन्येत भावेन हृष्टं पुष्टं बलं स्वकम् । परस्य विपरीतं च तदा यायाद्रिपुं प्रति ॥ १७१ ॥ यदा तु स्यात्परिक्षीणी वाहनेन बलेन च । तदासीत प्रयत्नेन शनकैः सान्त्वयन्नरीन् ॥ १७२ ॥

જ્યારે જાણે કે ભવિષ્યમાં આપણાપર અધિક દુઃખ પડશે અને વર્તમાન સમયમા દુઃખ થોડું જણાય તો એવા સમયમાં જરૂર સંધિનો આશ્રય કરી લેવો. ૧૬૯ જ્યારે પોતાની અમાત્યાદિ પ્રકૃતિ અત્યંત વધેલી એટલે ઉન્નત દશામા છે એમ જુવે ત્યારે વિગ્રહ કરવાનું મન કરવું. ૧૭૦ જ્યારે પોતાનું સૈન્ય હૃષ્ટ પુષ્ટ હોય એમ જાણે અને શત્રુનું સૈન્ય નિર્બલ દેખે ત્યારે શત્રુ ઉપર ચઢાઇ કરવી. ૧૭૧ પરંતુ જ્યારે વાહન અને બલવડે પોતાનેક્ષીણ જુવે ત્યારે ધીરે ધીરે શત્રુઓને પ્રયત્નવડે શાંત કરતાં આસનપરજ બેઠા રહેવુ. ૧૭૨

मन्येतारिं यदाराजा सर्वथा बलवत्तरम् । तदा द्विधाबलं कृत्वा साधयेत्कार्यमात्मनः ॥१७३॥ यदा परबलानां तु गमनीयतमो भवेत् । तदा तु संश्रयेत्क्षिप्रं धार्मिकं बलिनं नृपम् ॥ १७४ ॥ निग्रहं प्रकृतीनां च कुर्याद्योऽरिबलस्य च । उपसेवेत तं नित्यं सर्वयत्नैर्गुरुं यथा ॥ १७५ ॥ यदि तत्रापि संपश्येद्दोषं संश्रयकारितम् । सुयुद्धमेव तत्रापि निर्विशङ्कः समाचरेत् ॥ १७६ ॥

જ્યારે શત્રુ રાજાને બલવાન જાણે અને પોતાનુ સૈન્ય નિર્બલ જુવે તો કેટલીએક સેના સાથે પોતે કિલ્લાનો આશ્રય લેવો અને સેનાના એક ભાગને લડાઈના મોરચાપર રાખવું. એમ સેનાના બે વિભાગ કરી. પોતાનું કાર્ય સાધવું. ૧૭૩ જ્યારે અમાત્યાદિ પ્રકૃતિના દોષાદિવડે પોતાની સેનાને નિર્બલ જુવે તો, અને શત્રુને બલવાન્ જુવે તો સૈન્યને બે ભાગમાં રાખવું; એક લડાઈના મોરચાપર અને બીજા ભાગ સાથે પોતે કિલ્લાનો આશ્રય લેવો, અને તેમ કરતાં પણ ન બની શકે તેમહોય તો કોઇ પોતાનાથી બીજા બલવાન રાજાનો આશ્રય લેવો. ૧૭૪ જે પ્રકૃતિ-

ગોના દોષોવડે પોતાને નાસવું પડ્યું હોય તે પ્રકૃતિયોનો તથા શત્રુના બલનો જે નિગ્રહ કરે, તેનું સંપૂર્ણ યત્નોવડે ગુરૂની પેઠે સેવન કરવું. ૧૭૫ પરંતુ આશ્રય કરતાં છતાં પણ તેનામા કાંઈ દોષ દેખાય એટલે કે તે પણ કાંઈ કપટ કરી ધોખો આપે એમ સમજાય તો તેની સાથે પણ શંકારહિત થઈ યુદ્ધ કરવુ. ૧૭૬

सर्वोपायैस्तथाकुर्यान्नीतिज्ञः पृथिवीपतिः । यथास्याभ्यधिका नस्युर्मित्रोदासीनशत्रवः ॥ १७७ ॥ आयतिं सर्वकार्याणां तदात्वं च विचारयेत् । अतीतानांचसर्वेषां गुणदोषौचतत्त्वतः ॥ १७८ ॥ आयत्यांगुणदोषज्ञस्तदात्वेक्षिप्रनिश्चयः । अतीतेकार्यशेषज्ञः शत्रुभिर्नाभिभूयते ॥ १७९ ॥ यथैनं नाभिसंदध्युर्मित्रोदासीन शत्रवः । तथा सर्वं संविदध्यादेष सामासिको नयः ॥ १८० ॥

નીતિના જાણવાવાળા રાજાએ સામાદિ સર્વ ઉપાયોવડે એવું કરવું કે જેથી તેના મિત્ર, ઉદાસી, અને શત્રુઓ ધણાં ન થાય ૧૭૭ સંપૂર્ણ ભાવી ગુણદોષ અને વર્તમાન સમયના કર્ત્તવ્ય અને જે કાંઇ કાર્યો થઈ ગયેલા હોય તેનો પણ વિચાર કરવો, કે તેમાં શુ શુ ગુણ દોષ છે. ૧૭૮ જે કાર્યોમા ભવિષ્યમાંગુણ દોષ શુ છે ? તેને જાણનાર અને વર્તમાન સમયમા ગુણદોષનો નિશ્ચય જલદીથી કરીને અને થઇ ગયેલાં કામમાં શુ બાકી છે તેને જાણનુ. એ પ્રકારે ત્રણેકાલના કાર્યનો વિચાર કરનાર રાજા શત્રુઓવડે પરાજય પામતો નથી. ૧૭૯ જે પ્રમાણે મિત્રો, ઉદાસીનો તથા શત્રુઓ કોઇપણ પ્રકારે દુઃખ આપી શકે નહિ તે પ્રમાણે સર્વ વિધાન કરવુ; એજ સક્ષેપથી રાજનીતિ છે. ૧૮૦

यदा तु यानमातिष्ठेदरिराष्ट्रं प्रति प्रभुः । तदानेन विधानेन यायादरिपुरं शनैः ॥ १८१ ॥ मार्गशीर्षेशुभे मासि यायाद्यात्रां महीपतिः । फाल्गुनंवाऽथ चैत्रं वा मासौ प्रति यथाबलम् ॥ १८२ ॥ अन्येष्वपितुकालेषु यदापश्येद्ध्रुवंजयम् । तदायायाद्विगृह्यैव व्यसने चोत्थिते रिपोः ॥ १८३ ॥ कृत्वा विधानं मूले तु यात्रिकं चयथा विधि । उपगृह्यास्पदंचैव चारान्सम्यग्विधायच ॥ १८४ ॥

જ્યારે પુનઃસશક્ત થઇ શત્રુના રાજ્યપર ચઢાઇ લઇ જવાને પ્રયાણ કરે ત્યારે એવી રીતે ધીરે ધીરે શત્રુના રાજ્યમાં ગમન કરવું કે— ૧૮૧ રાજાએ શુભ માર્ગશીર્ષ માસમાં યુદ્ધયાત્રા માટે નીકળવું, અથવા ફાગણ અથવા ચૈત્ર માસમા યુદ્ધયાત્રા કરવી. ૧૮૨ બીજા સમયમાં પણ જો પોતાનો વિજય નક્કી થવાનોજ છે એમ જાણે, ત્યારે પોતાના તરફથી અથવા શત્રુ તરફથી ઉપદ્રવ ઉઠે ત્યારે યાત્રા કરવી. ૧૮૩ પોતાનું રાજ્ય અને કિલ્લાનું રક્ષણ કરીને તથા યાત્રા સબંધિ જોઇતી તૈયારી કરીને અને દૂતોને સારી રીતે નિયત કરીને પછી યાત્રા કરવી. ૧૮૪

संशोध्य त्रिविधं मार्गं षड्विधंच बलं स्वकम् । सांपरायिक कल्पेन यायादरिपुरं शनैः ॥ १८५ ॥ शत्रुसेविनि मित्रे च गूढे युक्ततरोभवेत् । गतप्रत्यागते चैव स हि कष्टतरोरिपुः ॥ १८६ ॥ दण्ड व्यूहेनतन्मार्गं यायात्तुशकटेनवा । वराहमकराभ्यां वा सूच्या वा गरुडेन वा ॥ १८७ ॥ यतश्चभयमाशङ्केत्ततोविस्तारयेद् बलम् । पद्मेन चैव व्यूहेन निविशेत सदा स्वयम् ॥ १८८ ॥

ઉંચા, નીચા તથા સમાન એવા ત્રણ પ્રકારના માર્ગ શોધીને તથા હાથી, અશ્વ, પાયદલ કોશ અને બીજા નોકર એમ છ પ્રકારનું બલ સાથે લઇને સગ્રામ કલ્પની વિધિવડે ધીરે ધીરે શત્રુના દેશ પ્રત્યે જવું. ૧૮૫ જે મિત્ર ગુપ્ત રીતે શત્રુનું સેવન કરતો હોય અને પેહેલાં નોકરી છોડીને ગયો હોય અને પાછો આવીને નોકરીમાં દાખલ થયો હોય, એવા બંનેથી સાવધાન રેહેવું. કારણ કે એ બને શત્રુતા કરે તો મોટું દુઃખ આપી શકે છે. ૧૮૬ દડના આકારે સેનાની રચના વડે અથવા ગાડાંના આકારે સેનાની રચના વડે અથવા વરાહાકારસેના વડે અથવા મગર, સૂચી અથવા ગરૂડાકાર સેનાની રચના કરીને પ્રયાણ કરવું ૧૮૭ જે ઠેકાણે શત્રુના ભયની શંકા હોય તે ઠેકાણે સેનાનો વિસ્તાર કરવો અને રાજાએ પોતે પદ્મ વ્યુહ વડે હંમેશાં રેહેવુ. ૧૮૮

सेनापतिबलाध्यक्षौ सर्वदिक्षुनिवेशयेत् । यतश्च भयमाशङ्केत् प्राचीं तां कल्पयेद्दिशम् ॥ १८९ ॥ गुल्मांश्चस्थापयेदाप्तान् कृत संज्ञान्समन्ततः । स्थानेयुध्येचकुशलानभीरूनविकारिणः ॥ १९० ॥ संह-

तान्योधयेदल्पान्कामं विस्तारयेद्बहून् । सूच्या वज्रेण चैवैतान्व्यूहेन व्यूह्य योधयेत् ॥ १९१ ॥ स्यन्दनाश्वैः समे युध्येदनूपे नौद्विपैस्तथा। वृक्षगुल्मावृते चापैरसि[illegible]युधैः स्थले ॥ १९२ ॥

સેનાપતિ અને સેનાના નાયકને સર્વ દિશાઓમાં નિયુક્ત કરવા, અને જે દિશામાં ભયની શંકા હોય તેને પૂર્વ દિશાની કલ્પના કરવી. ૧૮૯ સેનાના અગ્રગણ્ય આપ્તોને ભિન્ન ભિન્ન સંજ્ઞા આપીને ચારે બાજુ તેઓને નિયત કરવા; કે જે સ્થાન જાણવામાં અને યુદ્ધ ક્રિયામાં કુશલ હોય તેમજ નિર્ભય હોય તથા વિકાર ન પામે એવા અગ્રગણ્ય હોવા જોઇએ ૧૯૦ યોદ્ધાઓ થોડા હોય તો તેને એકઠા કરીને યુદ્ધ કરાવવું, ઘણા હોય તો ફેલાવીને યુદ્ધ કરાવવુ, તેમાં પણ પૂર્વોક્ત સૂચ્યાકાર, વજ્રાકાર વ્યુહ રચના વડે વ્યુહ બાંધીને લડાઈ કરાવવી ૧૯૧ સમાન પૃથ્વિપર રથ અને અશ્વોથી યુદ્ધ કરવુ, પાણીની જગ્યાએ હાથી અને નૌકાથી યુદ્ધ કરવુ, વૃક્ષ તથા લતાઓ વડે ઘેરાયલી પૃથ્વિપર ધનુષ્યો વડે અને કાંટા આદિથી રહિત સ્થલમાં ઢાલ તરવાર આદિ આયુધો વડે લડાઇ કરવી. ૧૯૨.

कुरुक्षेत्रांश्च मत्स्यांश्च पञ्चालान्शूरसेनजान् । दीर्घांल्लघूंश्चैव नरानग्रानीकेषुयोजयेत् ॥ १९३ महर्षयेद्बलंव्यूह्य तांश्च सम्यक् परीक्षयेत् । चेष्टाश्चैव विजानीयादरीन्योधयतामपि ॥ १९४ ॥ उपरुध्यारिमासीत राष्ट्रं चा स्योपपीडयेत्। दूषयेच्चास्य सततं यवसान्नोदकेन्धनम् ॥ १९५ ॥ भिन्द्याच्चैव तडागानि प्राकारपरिखास्तथा । समवस्कन्दयेच्चैन रात्रौ वित्रासयेत्तथा ॥ १९६ ॥

કુરૂક્ષેત્રમાં, મત્સ્ય દેશમાં, પાંચાલ દેશમાં શૂરસેન દેશમા ઉત્પન્ન થયેલા મોટી દેહવાળા તથા નાના દેહવાળા પુરૂષોને યુદ્ધમાં સેનાની અગ્ર ભાગમાં રાખવા. ૧૯૩ વ્યુહની રચના કરીને તે યોદ્ધાઓને ઉત્સાહી કરવા અને તેની પરીક્ષા કરવી તથા શત્રુઓ સાથે લડતાં પણ તેની ચેષ્ટાઓ જોવી કે કેવા લઢે છે. ૧૯૪. કિલ્લાનો આશ્રય કરી રહેલો હોય અથવા બહાર હોય તોપણ શત્રુને ઘેરી લેવો. અને તેના દેશનો નાશ કરવો અને હંમેશાં તેના ઘાસ, અન્ન, પાણી, લાકડાં વિગેરેનો નાશ કરવો;

તેમજ ખરાબ દ્રવ્ય મેળવીને તેને દૂષિત કરવાં. ૧૯૫ તળાવો ભરેલા હોય તેને ફોડી નાખવા, કિલ્લાઓની ભીંતો તોડી નાંખવી, હરેક પ્રકારે શત્રુને નિર્બલ કરવો તથા રાત્રે પણ ત્રાસ આપવો. ૧૯૬.

उपजप्यानुपजपेद् बुध्येतैव च तत्कृतम् । युक्ते च दैवे युध्येत जयप्रेप्सुरपेतभीः ॥ १९७ ॥ साम्ना दानेन भेदेन समस्तैरथवा पृथक् । विजेतुं प्रयतेतारीन्न युध्धेन कदाचन ॥ १९८ ॥ अनित्यो-विजयोयस्माद् दृश्यतेयुध्दूयमानयोः । पराजयश्च संग्रामे तस्माद्युध्धंविवर्जयेत् ॥ १९९ ॥ त्रयाणामप्युपायानां पूर्वोक्तानाम-सम्भवे । तथा युध्येत संपन्नोविजयेत रिपून्यथा ॥ २०० ॥

શત્રુ રાજાના વંશમા જે હોય અને તે રાજ્ય મેળવવાના લોભી હોય તેને તથા શત્રુના ક્ષોભ પામેલા અત્માદિને ફોડી લેવા અને તેના કામની ચેષ્ટા જાણી લેવી. જો દૈવ યોગ્ય હોય તો કોઇ પણ પ્રકારનો ભ-ય રાખ્યા વિના જય ઇચ્છનાર રાજાએ યુદ્ધ કરવુ ૧૯૭ સામ, દામ, ભેદ વડે કરીને અથવા એ બધા ઉપાયો સાથે કરીને શત્રુને જીતવાનો પ્ર યત્ન કરવો પરંતુ પેહેલેથીજ યુદ્ધ વડે જયની ઇચ્છા કદાપિ ન કરવી ૧૯૮ કારણ કે બે જણ યુધ્ધ કરે તેમા વિજય કોનો થશે તેમા કાઇ નિત્ય નથી તેમ કોનો પરાજય થશે તે પણ નિત્ય નથી, માટે જેમ બને તેમ યુધ્ધનો ત્યાગ કરવો ૧૯૯ પૂર્વોક્ત ત્રણે ઉપાયોનો જ્યારે અસંભવ જણાય ત્યારે જે પ્રમાણે શત્રુઓના ઉપર વિજય મેળવી શકાય તે પ્રમાણે સાધન સંપન્ન થઇ યુધ્ધ કરવું ૨૦૦

जित्वा संपूजयेद्देवान्ब्राह्मणांश्चैव धार्मिकान् । प्रदद्यात्परिहारांश्च ख्यापयेदभयानि च ॥ २०१ ॥ सर्वेषां तु विदित्वैषां समासेन चि-कीर्षितम् । स्थापयेत्तत्र तद्वंश्यं कुर्याच्च समयक्रियाम् ॥ २०२॥ प्रमाणानि च कुर्वीत तेषां धर्मान्यथोदितान् । रत्नैश्च पूजयेदेनं प्रधान पुरुषैः सह ॥ २०३ ॥ आदानमप्रियकरं दानं च प्रियकारकम् । अभीप्सितानामर्थानां काले युक्तं प्रशस्यते ॥ २०४ ॥

જય મેળવી આવ્યા પછી જ્ઞાનીઓનું તથા ધાર્મિક બ્રાહ્મણોનું ભૂમિ સુવર્ણાદિ દાન વડે પૂજન કરવું તથા જીતાયલા દેશના મનુષ્યોને કે જેની

જેની લડાઈમાં હાની થઇને દીન અવસ્થામાં આવ્યા હોય તેને નિર્વાહ માટે કાંઇ આપવું, અને તેઓને અભયદાન આપવું. ૨૦૧ તે શત્રુ રાજા તથા અમાત્યાદિના અભિપ્રાયને સંક્ષેપથી જાણીને તે દેશમાં તે રાજાના વંશમા ઉત્પન્ન થયેલાને રાજ્ય ગાદી ઉપર અભિષેક કરવો. અને તેના અમાત્યો વિગેરેને "અમુક નિયમ પ્રમાણે ચાલવું" એવા નિયમો કરી આપવા ૨૦૨ તે શત્રુ રાજાના દેશના જે ધર્મો હોય તેને પ્રમાણ માનવા. અને રત્નો વડે તેના પ્રધાન પુરૂષો સાથે તે અભિષેક કરાયલા રાજાનો સત્કાર કરવો ૨૦૩ યદ્યપિ અભિલષિત પદાર્થોનુ ગ્રહણ કરવું અપ્રિય છે અને આપવુ પ્રિય છે તોપણ સમય વિશેષમા ગ્રહણ કરવુ અને આપવુ બંને સારૂ છે, માટે તે વખતે અભિષિક્તનુ પૂજન કરવું. ૨૦૪

सर्वं कर्मेदमायत्तं विधाने दैवमानुषे । तयोर्दैवमचिन्त्यं तु मानुषे विद्यते क्रिया ॥ २०५ ॥ सह वापि व्रजेद्युक्तः संधिं कृत्वा प्रयत्नतः। मित्रं भूमिं हिरण्यं वा संपश्यंस्त्रिविधं फलम् ॥ २०६ ॥ पार्ष्णिग्राहंच-संप्रेक्ष्य तथाक्रन्दंचमण्डले । मित्रादथाप्यमित्राद्वा यात्राफलमवाप्नुयात् ॥ २०७ ॥ हिरण्यभूमिसंप्राप्त्या पार्थिवोन तथैधते। यथामित्रंध्रुवंलब्ध्वा कृशमप्यायतिक्षमम् ॥ २०८ ॥

જે સંપૂર્ણ કર્મ દૈવ અને મનુષ્યને આધીન છે, તેમા દૈવ કર્મ અચિન્ત્ય છે માટે તેની ચિંતા કરવી વ્યર્થ છે એટલા માટે મનુષ્યને આધિન જે કર્મ છે તે કરાય છે. ૨૦૫ એવા ઉપક્રમ કરવા ગ્યોગ્ય શત્રુ સાથે યુધ્ધ કરવું, અથવા જો કદાપિ તે સધિ કરવા ચાહે તો તે મિત્રતા, સુવર્ણ, ભૂમિ, જે તણે ભેટમા આપ્યુ હોય તે અથવા તેને અર્પણ કર્યું હોય તેનેજ યાત્રાનું ફલ માની તેની સાથે સંધિ કરીને ત્યાથી ગમન કરવું. ૨૦૬ મંડલમા પાર્ષ્ણિગ્રાહ તથા ક્રન્દને જોઇને (જે પર રાજ્યોને જીતવાને જય કરતા રાજાની પાછળ રાજ્ય ડબાવતો બીજો રાજા આવે તે પાર્ષ્ણિગ્રાહ કેહેવાય છે, અને તેમ કરતા રાજાને રોકે તેને ક્રન્દ કેહેવાય છે.) તે મિત્ર પાસેથી અથવા અમિત્ર પાસેથી યાત્રાનું ફલ ગ્રહણ કરવું. ૨૦૭ સુવર્ણ અને ભૂમિ મેળવવાથી રાજા તેટલો વધતો નથી કે જેટલો દુર્બળ પરંતુ આગામિ સમયે કામ આપે એવા નિશ્ચિત મિત્ર પ્રાપ્ત કરીને વધે છે. ૨૦૮.

धर्मज्ञं च कृतज्ञं च तुष्टप्रकृतिमेव च। अनुरक्तं स्थिरारम्भं लघु मित्रं प्रशस्यते ॥ २०९ ॥ प्राज्ञं कुलीनं शूरं च दक्षं दातारमेव च। कृतज्ञं धृतिमन्तं च कष्टमाहुररिं बुधाः ॥ २१० ॥ आर्यता पुरुषज्ञानं शौर्यं करुणवेदिता। स्थौललक्ष्यं च सततमुदासीनगुणोदयः ॥२११॥ क्षेम्यां सस्यप्रदां नित्यंपशुवृद्धिकरीमपि। परित्यजेन्नृपोभूमिमात्मार्थमविचारयन् ॥ २१२ ॥

ધર્મને જાણનાર, કૃતજ્ઞ, પ્રસન્ન ચિત્તવાળો, પ્રેમી, સ્થિર કાર્યનો આરંભ કરનાર એવો નાનો મિત્ર પણ પ્રશસનીય કેહેવાય છે. ૨૦૯ બુધ્ધિમાન્, કુલવાન્, શરવીર, ચતૂર; દાતા, કૃતજ્ઞ અને ધૈર્યવાળા શત્રુને વિદ્વાન્ લોકો કષ્ટરૂપ ગણે છે. એવા શત્રુ સાથે સર્વદા સંધિ કરવી, ૨૧૦ સભ્યતા, પુરૂષ વિશેષનું જ્ઞાન, શર્વીરતા, દયાભાવ, અને સ્થુલ વાતોપર લક્ષ્ય રાખવું, એટલા ઉદાસીનના ગુણોદય અર્થાત્ ગુણની સામગ્રી છે. ૨૧૧ કલ્યાણ કરનારી, સંપૂર્ણ ધાન્યોને આપનારી, અને પશુ વૃધ્ધિ કરનારી ભૂમિને પણ રાજાએ પોતાની રક્ષા માટે ત્યાગ કરવી. તેમા કાંઈ પણ વિચાર ન કરવો. અર્થાત્ જ્યા પોતાનુ રક્ષણું થાય તેવી ભૂમિમાં રહેવું, ૨૧૨.

आपदर्थे धनं रक्षेद्दारान्रक्षेद्धनैरपि। आत्मानं सततं रक्षेद्दारैरपि धनैरपि ॥ २१३ ॥ सह सर्वाः समुत्पन्नाः प्रसमीक्ष्यापदोभृशम्। संयुक्तांश्च वियुक्तांश्च सर्वोपायान्सृजेद्बुधः ॥ २१४ ॥ उपेतारमुपेयं च सर्वोपायांश्च कृत्स्नशः। एतत्त्रयं समाश्रित्य प्रयतेतार्थसिद्धये ॥ ॥ २१५ ॥ एवं सर्वमिदं राजा सह संमन्त्र्य मन्त्रिभिः। व्यायम्याप्लुत्य मध्यान्हेभोक्तुमन्तःपुरं विशेत् ॥ २१६ ॥

આપત્તિની નિવૃત્તિ માટે ધનનું રક્ષણુ કરવું, ધન વડે પણુ સ્રિયોનું રક્ષણુ કરવુ, અને સ્રિયો તથા ધન વડે પણુ આત્માનું હંમેશાં રક્ષણુ કરવું. ૨૧૩ ઘણી આપત્તિયો એકદમ સાથે આવતી જોઇને બુધ્ધિમાન રાજાએ સામાદિ સર્વ ઉપાયો સાથે કરવા અથવા તો જુદા જુદા કરવા. ૨૧૪ ઉપાય કરનાર, અને ઉપાયને યોગ્ય વસ્તુ તથા ઉપાય એ ત્રણેનો

સારી રીતે સમગ્ર આશ્રય કરીને અર્થ સિધ્ધિને માટે પ્રયત્નવાન્ થવું. ૨૧૫ એ પ્રમાણે એ સર્વનો રાજાએ પોતાના મંત્રિયો સાથે વિચાર કરીને વ્યાયામ તથા સ્નાન કરીને મધ્યાન્હમાં ભોજન કરવા માટે અંતઃપુરમાં પ્રવેશ કરવો. ૨૧૬.

तत्रात्मभूतैः तत्कालज्ञैरहार्यैः परिचारकैः । सुपरीक्षितमन्नाद्यमद्यान्मन्त्रैर्विषापहैः ॥ २१७ ॥ विषघ्नैरगदैश्चास्य सर्वद्रव्याणि योजयेत् । विषघ्नानि च रत्नानि नियतोधारयेत्सदा ॥ २१८ ॥ परीक्षिताः स्त्रियश्चैनं व्यजनोदकधूपनैः । वेषाभरणसंशुद्धाः स्पृशेयुः सुसमाहिताः ॥ २१९ ॥ एवं प्रयत्नं कुर्वीत यानशय्यासनाशने । स्नाने प्रसाधने चैव सर्वालङ्कारकेषु च ॥ २२० ॥

તે અંતઃપુરમાં ભોજનના સમયને જાણનારા, ફુટીને શત્રુ પક્ષમાં નહિ મળી જાય એવા પોતાના સેવકોદ્વારા સિધ્ધ કરાવેલું, સારી રીતે પરીક્ષા કરેલું તથા વિષ દૂર કરવાવાળા વિચારો વડે શુધ્ધ થયેલાં અન્નનું ભોજન કરવું. ૨૧૭ રાજાને ભોજન કરવાનાં અન્નમા વિષને નાશ કરનાર ઓષધીઓ નાખવી તેમજ રાજાએ હંમેશા વિષ નાશક રત્નો નિયમ પૂર્વક ધારણ કરવાં. ૨૧૮ પરીક્ષા કરાયલી તથા વેશ તથા અલંકારવડે શુધ્ધ સ્ત્રિયોએ સાવધાન ચિત્ત થઈ પંખો, પાણી અને સુગંધી ધુપ વડે રાજાની સેવા કરવી. ૨૧૯ એ પ્રમાણે વાહન, શય્યા, આસન, ભોજન, સ્નાન, અનુલેપન અને સર્વ અલંકારોમાં પણ પરીક્ષા રૂપ પ્રયત્ન કરવો. ૨૨૦

भुक्तवान् विहरेच्चैव स्त्रीभिरन्तःपुरे सह । विहृत्य तु यथाकालं पुनःकार्याणिचिन्तयेत् ॥ २२१ ॥ अलंकृतश्चसंपश्येदायुधीयं पुनर्जनम् । वाहनानि च सर्वाणि शस्त्राण्याभरणानि च ॥ २२२ ॥ संध्यांचोपास्यशृणुयादन्तर्वेश्मनिशस्त्रभृत् । रहस्याख्यायिनां चैव प्रणिधीनांच चेष्टितम् ॥ २२३ ॥ गत्वाकक्षान्तरंत्वन्यत्समनुज्ञाप्यतंजनम् । प्रविशेद्भोजनार्थंच स्त्रीवृतोऽन्तःपुरंपुनः ॥ २२४ ॥

ભોજન કર્યા પછી સ્ત્રિયોની સાથે તેજ અંતઃપુરમાં થોડો વખત ફરવું, યથા સમય ફરીને પછી પાછાં રાજ કાર્યોનો વિચાર કરવો. ૨૨૧

અલંકારાદિ ધારણ કરી આયુધ વડે જીવનાર સિપાઇઓ વિગેરેને જોવા, સંપૂર્ણ વાહનો, શસ્ત્રો તથા આભૂષણોને જોવાં. ૨૨૨ પછી સંધ્યોપાસન કરીને નિવાસ ગૃહની અંદર શસ્ત્ર ધારણ કરી ગુપ્ત સમાચાર કેહેનારા દૂતો અને પ્રતિનિધિઓના સમાચાર સાંભળવા તથા તેના કામો તપાસવાં. ૨૨૩ પછી તે મનુષ્યોને રજા આપીને બીજા ઓરડામાં જઇને અંતઃપુરની સ્ત્રિયોની સાથે પાછા ભોજનને માટે અંતપુરમાં જવું. ૨૨૪.

तत्रभुक्त्वा पुनः किंचित्तूर्यघोषैःप्रहर्षितः । संविशेत्तुयथाकाल-मुत्तिष्ठेच्चगतक्लमः ॥ २२५ ॥ एतद्विधानमातिष्ठेदरोगः पृथिवीपतिः । अस्वस्थःसर्वमेतत्तु भृत्येषु विनियोजयेत् ॥ २२६ ॥

ત્યાં ભોજન કરી પછી થોડો વખત વાજીત્ર વગાડવાં તથા ગાયનાદિ વડે પ્રસન્ન થઈ યથોચિત કાલ શયન કરવું પછી પુન; વિશ્રાન્તિ લઇને ઉઠવું. ૨૨૫ રોગ રહિત રાજાએ સર્વ વિધાન એ પ્રમાણે કરવુ અને પોતે અસ્વસ્થ હોય ત્યારે ભૃત્યોને વિષે સર્વ રાજ્ય કાર્ય નિયોજીત કરવુ ૨૨૬

इतिमानवे धर्मशास्त्रे सप्तमोऽध्यायः ॥ ७ ॥

ઇતિ મનુસ્મૃતિ સરલ ગુજરાતી ટીકાનો સાતમો અધ્યાય.

ओ३म्.

अथाष्टमोऽध्यायः

व्यवहारान्दिदृक्षुस्तु ब्राह्मणैः सहपार्थिवः । मन्त्रज्ञैर्मन्त्रिभिश्चैव विनीतःप्रविशेत्सभाम् ॥ १ ॥ तत्रासीनः स्थितोवापि पाणिमुद्यम्य दक्षिणम् । विनीतवेषाभरणः पश्येत्कार्याणि कार्यिणाम् ॥ २ ॥ प्रत्यहं देशदृष्टैश्च शास्त्रदृष्टैश्च हेतुभिः । अष्टादशसु मार्गेषु निबद्धानि पृथक् पृथक् ॥३॥ तेषामाद्यमृणादानं निक्षेपोऽस्वामिविक्रयः । संभूय च समुत्थानं दत्त स्यानपकर्म च ॥ ४ ॥

સારા વિચારને જાણુવાવાળા બ્રાહ્મણોની સાથે તથા મંત્રિયોની સાથે વ્યવહાર જોવાની ઇચ્છા રાખનાર રાજાએ વિનીત થઇ સભામાં પ્રવેશ કરવો. ૧ તે સભામા વિનયયુક્ત પોષાક તથા અલંકાર કરેલા રાજાએ બેસીને અથવા ઉભા રહીને જમણો હાથ ઉઠાવીને કાર્ય કરનારાઓનાં કાર્યોને તપાસવા. ૨ હમેશા દેશ વ્યવહાર તથા શાસ્ત્ર વ્યવહારના કારણો-વડે અઢાર માર્ગમા બંધાયેલાં કાર્યોને જુદાં જુદાં તપાસવાં. ૩ તે અઢાર એવી રીતે કે ઋણદાન એટલે ઋણ લઇને પાછું ન આપવુ અથવા વગર આપે માંગવું તે, ગીરો મુકેલું હોય તે, સ્વામી વિના વેચવું, વણિક આદિઓનો ભાગિયો વેપાર, દાન આપેલું પાછું લઇ લેવું. ૪

वेतनस्यैव चादानं संविदश्च व्यतिक्रयः । क्रयविक्रयानुशयो विवादः स्वामिपालयोः ॥ ५ ॥ सीमाविवादधर्मश्च पारुष्ये दण्डवाचिके । स्तेयं च साहसं चैव स्त्रीसंग्रहणमेव च ॥ ६ ॥ स्त्रीपुंधर्मोविभागश्च द्यूतमाह्वयएव च । पदान्यष्टादशैतानि व्यवहार स्थिताविह ॥७॥ एषुस्थानेषुभूयिष्ठं विवादं चरतां नृणाम् । धर्मंशाश्वतमाश्रित्य कुर्यात्कार्य विनिर्णयम् ॥ ८ ॥

ચાકરીનો પગાર ન આપવો, કરાર કર્યો હોય તેનાથી વિરુદ્ધ વર્તન, વેચવા ખરીદવાનો ટંટો, પશુનો માલીક તથા પશુ રક્ષકનો ટંટો, ૫

ક્ષેત્રાદિની હદનો વિવાદ, કઠોર વાત કહેવી, ગાળ દેવી અથવા મારપીટ, ચોરી, સાહસ એટલે બલાત્કારથી ધનાદિ ગ્રહણ પર સ્ત્રી ગ્રહણ, ૬ સ્ત્રી અને પુરૂષના ધર્મ, ધનનો વિભાગ, જુગાર ખેલવો, તથા પક્ષી બકરાં વિગેરેની લડાઈમાં હારજીતનો દાવ લગાવવો, વ્યવહારની સ્થિતિમાં એટલાં અઢાર સ્થાન છે. ૭ એ ઋણ દાનાદિયોમાં અત્યંત લડાઇ કરનાર મનુષ્યોના કાર્યનો નિર્ણય શાશ્વત ધર્માનુસાર કરવો. ૮

यदा स्वयं न कुर्यात्तु नृपतिः कार्यदर्शनम् । तदानियुञ्ज्याद्विद्वांसं ब्राह्मणं कार्यदर्शने ॥९॥ सोऽस्य कार्याणि संपश्येत्सभ्यैरेव त्रिभिर्वृतः। सभामेव प्रविश्याग्र्यामासीनः स्थितएव वा ॥१०॥ यस्मिन्देशेनिषीदन्ति विप्रावेदविदस्त्रयः । राज्ञश्चाधिकृतो विद्वान् ब्रह्मणस्तां सभां विदुः ॥ ११ ॥ धर्मोविद्धस्त्व धर्मेण सभां यत्रोपतिष्ठते । शल्यं चास्यन कृन्तन्ति विध्यास्तत्र सभासदः ॥ १२ ॥

જો રાજા પોતે કાર્યનું દર્શન નહિ કરી શકે તો કાર્ય દર્શન કરવામાં એટલે કે કાર્યો તપાસવામાં કોઈ વિદ્વાન્ ન્યાયને જાણનાર બ્રાહ્મણને નિયુક્ત કરવો. ૯ ત્રણ બીજા સભ્ય પુરૂષોની સાથે તે બ્રાહ્મણે રાજસભામાં પ્રવેશ કરીને, ઉભા રહીને અથવા બેસીને એકાગ્રચિત્તવડે કાર્યોને તપાસવાં ૧૦ જે દેશમા વેદને જાણનાર ત્રણ બ્રાહ્મણો બેસે અને એક રાજાએ અધિકાર અપાયલો વિદ્વાન બ્રાહ્મણ બેસે છે તે સભાને બ્રહ્મ સભા જાણવી. ૧૧ જે સભામાં અધર્મવડે ધર્મનો વેધ થાય છે, તો તે સત્યને ક્લેશ આપનાર શલ્યને જે સભાસદ્ કહાડે નહિં તો તેજ અધર્મરૂપ કાંટાવડે સભાસદો વિંધાય છે. ૧૨

सभां वा न प्रवेष्टव्यं वक्तव्यं वा समञ्जसम् । अब्रुवन्विब्रुवन्वापि नरोभवति किल्बिषी ॥ १३ ॥ यत्र धर्मोह्यधर्मेण सत्यं यत्राऽनृतेन च । हन्यते प्रेक्षमाणानां हतास्तत्र सभासदः ॥ १४ ॥ धर्म एव हतो हन्ति धर्मोरक्षति रक्षितः । तस्माद्धर्मोन हन्तव्यो मा नोधर्मोहतोऽवधीत् ॥ १५ ॥ वृषोहि भगवान्धर्मस्तस्य यः कुरुते ह्यलम् । वृषलं तं विदुर्देवास्तस्माद्धर्मं न लोपयेत् ॥ १६ ॥

અથવાતો સભામાં ન જવું. જવું તો સત્ય બોલવું. કાંઈ ન બોલે અથવા જુઠું બોલે તોપણ મનુષ્ય પાપી થાય છે. ૧૩ જે સભામાં સભ્ય સભાસદોનાં દેખતા ધર્મ, અધર્મવડે, તથા સત્ય, અસત્યવડે નાશ પામે છે ત્યાં સભાસદોજ તે પાપથી નાશ પામે છે. ૧૪ નષ્ટ થયેલો ધર્મ નાશ કરે છે અને રક્ષાયલો ધર્મ રક્ષા કરે છે. તેટલા માટે ધર્મનું હનન કદાપિ ન કરવું. કેમ કે નષ્ટ થતો ધર્મ અમારો નાશ કરે છે. ૧૫ ભગવાન્ ધર્મ "વૃષ" એટલે. સર્વ કામોને વરસાવનાર છે. તો તેનો જે નાશ કરે છે તેને વિદ્વાનો વૃષલ કહે છે, માટે ધર્મનો લોપ કદાપિ કરવો નહિં. ૧૬

एकएवसुहृद्धर्मो निधनेऽप्यनुयाति यः। शरीरेण समं नाशं सर्वमन्यद्धि गच्छति ॥ १७ ॥ पादोऽधर्मस्य कर्त्तारं पादः साक्षिणमृच्छति। पादःसभासदःसर्वान् पादोराजानमृच्छति ॥ १८ ॥ राजा भवत्यनेनास्तु मुच्यन्ते च सभासदः। एनोगच्छति कर्त्तारं निन्दार्होयत्र निन्द्यते ॥ १९ ॥ जातिमात्रोपजीवीवा कामं स्याद्ब्राह्मणब्रुवः। धर्मप्रवक्ता नृपतेर्न तु शूद्रःकथञ्चन ॥ २० ॥

એક ધર્મજ મિત્ર છે કે જે મરણ પામ્યા પછી પણ સાથે આવે છે અને અન્ય સર્વ તો શરીર છુટનાંની સાથેજં નાશ પામે છે. ૧૭ દુર્વ્યવહાર કરવાથી અધર્મના ચાર ભાગ થાય છે તેમા એક ભાગ અધર્મ કરનારને લાગે છે. બીજો ભાગ સાક્ષીને, ત્રિજો ભાગ સભાસદોને અને ચોથો ભાગ રાજાને પ્રાપ્ત થાય છે. ૧૮ જે સભામાં નિંદા કરવા યોગ્ય અર્થી અથવા પ્રત્યર્થી અથવા સાક્ષીની નિંદા થાય છે, ત્યાં અધર્મ કરનારનેજ પાપ લાગે છે રાજા અને સભાસદો તે પાપથી મુક્ત થાય છે. ૧૯ જાતિ માત્ર વડે જીવિકા ચલાવનાર તથા વેદાધ્યયનાદિથી રહિત કેવલ પોતાને બ્રાહ્મણ માત્ર કહેવડાવનાર બ્રાહ્મણ વિદ્વાનોના અભાવમાં રાજાનો ધર્મનો વકતા થાય, પરંતુ શૂદ્ર કદાપિ ધર્મનો પ્રવકતા થઈ શકતો નથી. ૨૦.

यस्य शूद्रस्तु कुरुते राज्ञोधर्मविवेचनम्। तस्य सीदति तद्राष्ट्रं पङ्के गौरिव पश्यतः ॥ २१ ॥ यद्राष्ट्रं शूद्रभूयिष्ठं नास्तिकाक्रान्तमद्विजम्। विनश्यत्याशु तत्कृत्स्नं दुर्भिक्षव्याधिपीडितम् ॥ २२ ॥ धर्मासनमधिष्ठाय संवीताङ्गःसमाहितः। प्रणम्य लोकपालेभ्यः कार्य-

वर्धनमारमे. ॥ २३ ॥ अर्थानर्थावुभौ बुद्ध्वा धर्माधर्मौ च केवलौ । वर्णक्रमेण सर्वाणि पश्येत्कार्याणि कार्यिणाम् ॥ २४ ॥

જે રાજાની પાસે શૂદ્ર ધર્મનું વિવેચન કરતો હોય તો, જેમ કાદવમાં ગાય દટાઇને મરી જાય છે તેમ તેનો દેશ નાશ પામે છે. ૨૧ જે રાજ્યમાં શૂદ્ર ઘણા હોય, તેમજ દ્વિજ ન હોય અને નાસ્તિકો વડે ભરપુર હોય તો રાજ્ય દુષ્કાળ તથા વ્યાધિયો વડે પીડા પામે છે અને આખરે સમગ્ર રાજ્ય નાશ પામે છે. ૨૨ પોતાના શરીરને સારી રીતે ઢાકી, સાવધાન ચિત્ત રાખી, ધર્માસનપર બેસી, લોકપાલોને નમસ્કાર કરીને કાર્ય તપાસવાનો આરંભ કરવો. ૨૩ અર્થ અને અનર્થ તથા ધર્મ અને અધર્મ બને જાણીને વર્ણક્રમવડે સર્વ કાર્યવાળાઓનાં કાર્યોની તપાસ કરવી.

बाह्यैर्विभावयेल्लिङ्गैर्भावमन्तर्गतं नृणाम् । स्वरवर्णेङ्गिताकारैश्चक्षुषा चेष्टितेन च ॥ २५ ॥ आकारैरिङ्गितैर्गत्या चेष्टया भाषितेन च । नेत्रवक्त्रविकारैश्च गृह्यतेऽन्तर्गतं मनः ॥ २६ ॥ बालदायादिकं रिक्थं तावद्राजानुपालयेत् । यावत्स स्यात्समावृत्तो यावच्चातीतशैशवः ॥ २७ ॥ वशाऽपुत्रासु चैवं स्याद्रक्षणं निष्कुलासु च । पतिव्रतासु च स्त्रीषु विधवास्वातुरासु च ॥ २८ ॥

મનુષ્યોના બહારના ચિન્હોવડે અંતર્ગત અભિપ્રાયને જાણવો; તેમજ સ્વર, વર્ણ, ઈસારત, આકાર, નેત્ર, તથા ઉપર નીચે જોવારૂપ કૃતિવડે તેનો અંતર્ગત અભિપ્રાય જાણી લેવો. ૨૫. આકાર, ઈસારત, ચેષ્ટા, ગતિ, ભાષણ, નેત્ર તથા મુખના વિકારો ઉપરથી મનનો ભેદ જણાય છે. ૨૬ નાવારસ બાલકોનો જ્યાં સુધી સમાવર્તન સંસ્કાર ન થયો હોય અર્થાત્ તેનું બાલકપણું જાય નહિ ત્યાં સુધી તેના દાય ભાગના દ્રવ્યનું રક્ષણ રાજાએ કરવું. ૨૭. વન્ધ્યા, પુત્રરહિતા, સપિંડરહિતા, પતિવ્રતા તથા વિધવા સ્ત્રી તેમજ સ્થિર રોગિણી સ્ત્રીના દ્રવ્યનું પણ રાજાએ રક્ષણ કરવું ૨૮.

जीवन्तीनां तु तासां ये तद्धरेयुः स्वबान्धवाः । ताञ्छिष्याच्चौ-दण्डेन धार्मिकः पृथिवीपतिः ॥ २९ ॥ प्रणष्टस्वामिकं रिक्थं राजा [illegible] निधापय. । अर्वाक् त्र्यब्दाद्[illegible] परेण नृपति र्हरेत् ॥ ३० ॥

ममेदमितियोब्रूयात्सोऽनुयोज्योयथाविधि । संवाद्यरुपसंख्यादीन् स्वामी तद्द्रव्यमर्हति ॥ ३१ ॥ अवेदयानोनष्टस्य देशं कालं च तत्वतः । वर्णं रुपं प्रमाणं च तत्समं दण्डमर्हति ॥ ३२ ॥

તે જીવતી સ્ત્રિયોનુ તે ધન જો બાંધવ લોકો હરણ કરી જાય તો ધાર્મિક રાજાએ તેને ચોરીના દંડ પ્રમાણે શિક્ષા કરવી. ૨૯ જે દ્રવ્યનો સ્વામી નાશ પામ્યો હોય એવા દ્રવ્યને રાજાએ ત્રણ વર્ષ સુધી સ્થાપન કરી રાખવુ અને ત્રણ વર્ષની અંદર તેના વારસનો પત્તો લાગે તો તે દ્રવ્ય તેને તપાસ કરીને આપવું અને જો ત્રણ વર્ષમા કોઈ માલિક ન મળે તો તે ધન રાજાનું થાય છે. ૩૦ જો કોઇ કહે કે એ ધન મારૂ છે, તો તે ધન કેટલુ છે? વિગેરે યથાસ્થિત પુછવું જ્યારે તે માલિક થનાર યથાયોગ્ય જવાબ આપે અને ખાત્રી થાય તો તે ધન તેના ખરા વારસને આપી દેવુ ૩૧ નષ્ટ દ્રવ્યના સ્વામી થઇને આવનાર મનુષ્ય જો દેશ, કાલ, ક્યાંથી આવ્યુ, ક્યારે આવ્યુ, શું વજન છે, કેટલું છે, કેવું છે, કેવા રૂપનું છે, ઇત્યાદિ પ્રશ્નોના બરાબર જવાબ ન આપે અને રાજાની ધ્યાનમાં આવે કે આ જુઠો સ્વામી થવા માગે છે તો તે દ્રવ્ય જેટલોજ તેનો દંડ કરવો. ૩૨.

आददीनाथ षड्भागं प्रणष्टाधिगतान्नृपः । दशमं द्वादशं वापि सतां धर्ममनुस्मरन् ॥ ३३ ॥ प्रणष्टाधिगतं द्रव्यं तिष्ठेद्युक्तैरधिष्ठितम् । यांस्तत्र चैारानगृह्णीयात्तान् राजेभेन घातयेत् ॥ ३४ ॥ ममायमितियोब्रूयान्निधिंसत्येनमानवः । तस्याददीतषड्भागं राजाद्वादशमेववा ॥ ३५ ॥ अनृतं तु वदन्दण्डयः स्ववित्तस्यांशमष्टमम् । तस्यैव निधान स्य संख्यायाल्पीयसीं कलाम् ॥ ३६ ॥

સત્પુરૂષોના ધર્મનુ સ્મરણ કરનાર રાજાએ નાશ પામેલુ દ્રવ્ય જેનુ પાછુ મળે તેની રક્ષાદિ નિમિત્ત તેનો છઠ્ઠો, દશમો અથવા તો બારમો ભાગ તેમાથી ગ્રહણ કરવો ૩૩ કોઇ દ્રવ્ય પડી ગયુ હોય અને રાજપુરૂષો વડે પ્રાપ્ત થયુ હોય અને તેને રક્ષાવડે રક્ષણ કર્યું હોય, એટલે કે પેહેરામા રાખ્યુ હોય, તેમાથી જે ચોરો તે દ્રવ્યને ચોરી જાય તો તે ચોરોને હાથીવડે મરાવી નાખવા. ૩૪ જે મનુષ્ય સત્યતાવડે કહે કે "આ ધન મારૂંજ છે." તો તે દ્રવ્ય તેને આપવુ અને તેમાંથી છઠ્ઠો અથવા

બારમો ભાગ રાજાએ રક્ષાનિમિત્ત લેવો. ૩૫ અને ધન પારકાનું છતાં પોતાનું છે એમ અસત્ય બોલે, તો તેના પોતાના દ્રવ્યનો આઠમો ભાગ તેને દંડ કરવા યોગ્ય છે. અથવા તો તે નિધિને ગણીને તેની અલ્પસંખ્યા જેટલો દંડ કરવો. ૩૬

विद्वांस्तु ब्राह्मणोदृष्ट्वा पूर्वोपनिहितं निधिम् । अशेषतोऽप्याददीत सर्वं स्याधिपतिर्हि सः ॥ ३७ ॥ यं तु पश्येन्निधिं राजा पुराणं निहितं क्षितौ । तस्माद्द्विजेभ्यो दत्वार्धमर्धं कोशे प्रवेशयेत् ॥३८॥ निधीनां तु पुराणानां धातूनामेव च क्षितौ । अर्धभाग्रक्षणाद्राजा भूमेरधिपतिर्हि सः ॥ ३९ ॥ दातव्यं सर्ववर्णेभ्योराज्ञा चौरैर्हृतं धनम् । राजा तदुपयुञ्जानश्चौरस्याप्नोति किल्बिषम् ॥ ४० ॥

પૂર્વકાલ સ્થાપિત નિધિ જો કોઇ વિદ્વાન્ બ્રાહ્મણને મળે તો તે સર્વ નિધિ તેણે લઇ લેવો. તેને તેમાથી કાઈપણ રાજાને આપવાની જરૂર નથી. કારણ કે તે બ્રાહ્મણ સર્વનો અધિપતિ કેહેવાય છે. ૩૭ ખાસ રાજાને પોતાને કદાપિ કોઇ પડતર ભૂમિમાથી પૂર્વકાલ સ્થાપિત નિધિ જડે તો તેમાંથી અર્ધ દ્વિજને આપવું અને અડધો ભાગ કોશમા રાખવો ૩૮ કોઇ પણ પુરાણો ભંડાર અને સુવર્ણાદિનું ઉત્પત્તિ સ્થાન જડે તો તેના અર્ધ ભાગનો માલીક રાજા છે અને અર્ધ ભાગ તેના માલીકનો હોય છે. કારણ કે ભૂમિનું રક્ષણ કરે છે માટે રાજા તેનો સ્વામી છે. પણ બ્રાહ્મણને જો કોઇ નિધિ જડે તો તે સર્વ લઇ લે. ૩૯ ચોરોએ જે ધનનું હરણ કર્યું હોય તો રાજાએ તે ધન ચોર પાસેથી પાછું મેળવીને જે વર્ણનું હોય તે સર્વ વર્ણને જેમનું તેમ પાછું આપવું. જો તે ધનનો રાજા ઉપયોગ કરે તો ચોરીનું પાપ રાજાને લાગે છે. ૪૦

जातिजानपदान्धर्मान्श्रेणीधर्मांश्च धर्मवित् । समीक्ष्यकुलधर्मांश्च स्वधर्मंप्रतिपादयेत् ॥ ४१ ॥ स्वानि कर्माणि कुर्वाणा दूरेसन्तोऽपिमानवाः । प्रिया भवन्ति लोकस्य स्वेस्वे कर्मण्यवस्थिताः ॥ ४२ ॥ नोत्पादयेत्स्वयंकार्यं राजा नाप्यस्य पूरुषः । न च प्रापितमन्येन ग्रसेदर्थं कथञ्चन ॥ ४३ ॥ यथा नयत्यसृक्पातैर्मृगस्य मृगयुः पदम् । नयेत्तथानुमानेन धर्मस्य नृपतिः पदम् ॥ ४४ ॥

ધર્મને જાણનાર રાજાએ જાતિધર્મ, દેશધર્મ, વણિકવૃત્યાદિનો ધર્મ, કુલધર્મ, એ બધાને સારી રીતે જાણીને જોઇને સ્વધર્મ એટલે કે રાજધર્મનો પ્રચાર કરવો. ૪૧ જાતિ, દેશ અને કુલના ધર્મો તથા પોતાના કર્મ કરતાં કરતાં વૃત્યાદિને માટે દૂર રહેવું પડે તો પણ તે લોકમાં પ્રિય થાય છે. ૪૧ રાજાઓ અથવા કોઇ રાજપુરૂષે પોતે ઋણાદિનો ટંટો ઉભો કરાવવો નહિં. અને જો કોઇ પુરૂષ ટંટાની ફરીઆદ કરે તો રાજાએ અથવા રાજપુરૂષોએ તે ફરિયાદને ડબાવી મ મુકવી. ૪૩ જેમ રસ્તામાં મૃગના રૂધિરનાં પડેલાં બિંદુઓવડે શિકારી પોતાના સ્થાનને પ્રાપ્ત થાય છે. તે પ્રમાણે અનુમાને કરીને રાજાએ ધર્મના સ્થાનને પ્રાપ્ત કરવું. ૪૪

सत्यमर्थं च संपश्येदात्मानमथ साक्षिणः । देशं रूपं च कालंच व्यवहारविधौ स्थितः ॥ ४५ ॥ सद्भिराचरितं यत्स्याध्धार्मिकैश्च द्विजातिभिः । तद्देशकुलजातीनामविरुध्धं प्रकल्पयेत् ॥ ४६ ॥ अधमर्णार्थसिध्ध्यर्थमुत्तमर्णेन चोदितः । दापयेध्धनिकस्यार्थमधमर्णाद्विभावितम् ॥ ४७ ॥ यैर्यैरुपायैरर्थं स्वं प्राप्नुयादुत्तमर्णिकः । तैस्तैरुपायैः संगृह्य दापयेदधमर्णिकम् ॥ ४८ ॥

વ્યવહાર વિધિમાં રહેલા રાજાએ સાક્ષિયોનાં દેશ, કાલ, રૂપ જોઇને પોતે સત્ય અભિપ્રાય કહાડી લેવો. ૪૫ સત્પુરૂષોએ જે આચરણ કર્યું હોય તેમજ ધાર્મિક દ્વિજાતિયોએ જે આચરણ કર્યું હોય તે દેશ, કુલ અને જાતિને અવિરૂદ્ધજ હોય છે એમ જાણવું. ૪૬ કરજદાર પાસેથી ધન મેળવવા માટે કરજે ધન આપનારે ફરીઆદ કરી હોય તો તે ધન આપનારનું નિશ્ચિત ધન જેટલું હોય તેટલું કરજદાર પાસેથી અપાવવું. ૪૭ જે જે ઉપાયો વડે ધનિક પુરૂષ કરજદાર પાસેથી પોતાનું આપેલું ધન પ્રાપ્ત કરી શકે તે તે ઉપાયો વડે કરજદાર પાસેથી અપાવવું. ૪૮

धर्मेण व्यवहारेण छलेनाचरितेन च । प्रयुक्तं साधयेदर्थमुत्तमर्णोऽधमर्णिकात् । न सरा[illegible]भियोक्तव्यः स्वकं संसाधयन्धनम् ॥५०॥ अर्थेऽपव्ययमानं तु करणेन विभावितम् । दापयेद्धनिकस्यार्थं दण्डलेशं च शक्तितः ॥ ५१ ॥ अपन्हवेऽधमर्णस्य दे[illegible]क्तस्य संसदि । अ[illegible] [illegible] करणं वान्यदुद्दिशेत् ॥ ५२ ॥

ધર્મવડે, રાજ્યાદિ વ્યવહારવડે, છલવડે, આચરિતવડે એટલે લેણુ-દેણુના દબાવવડે અથવા તો પછી પાંચમો ઉપાય બલાત્કારવડે પણ કરજ-દાર પાસેથી ધન પાછુ લેવાની યુક્તિ કરવી. ૪૯ જે ધનિક, કરજદાર પાસેથી કોઇ યુક્તિવડે પોતાના રૂપીયા લઈ લેતો રાજાએ તે પોતાનાંજ ધન મેળવનારના ઉપર કામ ચલાવવું નહિં. ૫૦ ધનના વિષયમાં જે આફ ના પાડતો હોય તો તેના લેખ તથા સાક્ષીદ્વારા તેનો નિશ્ચય કરી તે ધનિકનું ધન કરજદાર પાસેથી અપાવવુ અને જુઠું બોલવાના બદલામાં તેની શક્તિ પ્રમાણે તેને દંડ પણ કરવો. ૫૧ પ્રથમ તો કચેરીમાં ન્યાયા-ધીશે કરજ લેનારને કેહેવું કે આ ધનિકનુ તે કરજે લિધેલુ ધન આપી દે તે છતાં જો તે આપવાની સાફ ના પાડતાં તે કરજનુ અજાણપણું બતાવે તો પછી રાજાએ ધનિકને તે કરજનાં સંબંધના સાક્ષી તથા લેખ વિગેરે જે સાધન હોય તે રજુ કરવાને કેહેવું. ૫૨

अदेश्यं यश्च दिशति निर्दिश्यापह्नुते च यः । यश्चाधरोत्तरानर्थान्विगीतान्नावबुद्ध्यते ॥ ५३ ॥ अपदिश्यापदेश्यं च पुनर्यस्त्वपधावति। सम्यक्प्रणिहितं चार्थं पृष्ठः सन्नाभिनन्दति ॥ ५४ ॥ असंभाष्येसाक्षिभिश्च देशे संभाषते मिथः। निरुच्यमानं प्रश्नं च नेच्छेद्यश्चापि निष्पतेत् ॥ ५५ ब्रूहीत्युक्तश्च न ब्रूयादुक्तं च न विभावयेत् न च पूर्वापरं विद्यात्तस्मादर्थात्स हीयते ॥ ५६ ॥

જુઠા સાક્ષીઓ તથા લેખો વિગેરે કોર્ટમાં બતાવે અથવા જે બતાવ્યા પછી તેનો ઇન્કાર કરે અને જે આગળ પાછળ શુ કહ્યું તેનું ધ્યાન ન રાખે. ૫૩ તથા જે આગળ કહેલી વાતને ઉલટાવી નાંખે, પોતે પ્રતિજ્ઞા પર કહેલી વાતના તાત્પર્યનો ન્યાયાધીશના પુછવાથી પાછો ઇન્કાર કરે, ૫૪ જે એકાંતમાં સાક્ષીઓની સાથે તે સંબધિ વાતચિત કરતો હોય, જે વાતને ખરી ઠેરવવાની તપાસમાં ન્યાયાધીશના સવાલને સારી રીતે ન સમજે, અને જે આમતેમ પ્રયોજન વિના વાતને ન માનતા ફર્યા કરે, ૫૫ અને જે પુછ્યા છતા કાંઇ પણ ન કહે અને કદાપિ કહેતો નિશ્ચયપૂર્વક ન કહે, તથા જે વાતને પૂર્વાપર જાણે નહિ. તે પોતાના ધનને હારી જાય છે. ૫૬

साक्षिणः सन्तिमेत्युक्त्वा दिशेत्युक्तो दिशेन्न यः। धर्मस्थः कारणैरेतैर्हीनं तमपिनिर्दिशेत् ॥ ५७ ॥ अभियोक्तानचेद्ब्रूयाद्बध्योदण्ड्य

ऋधर्मतः । नचेत्त्रिपक्षात्प्रब्रूयाद्धर्मे प्रतिपराजितः ॥ ५८ ॥ योयावन्निन्हवीतार्थं मिथ्यायावतिवावदेत् । तौनृपेणह्यधर्मज्ञौ दाप्यौ तद्द्विगुणं दमम् ॥ ५९ ॥ पृष्टोऽपव्ययमानस्तु कृतावस्थोधनैषिणा । त्र्यवरैः साक्षिभिर्भाव्यो नृपब्राह्मणसन्निधौ ॥ ६० ॥

જે પુરૂષ, " મારા સાક્ષી હાજર છે, " એમ કહે અને ન્યાયાધીશ " તેને બોલાવો " એમ કહે ત્યારે હાજર ન કરે તો ધર્માધિકારીએ " એ કારણો વડે તે પોતાના કેસમાં હાર્યો છે " એમ કહી દેવું. ૫૭ જે દાવો કરનાર હોય તે દાવો કરીને પછી જબાની ન આપે તો તે બંધન કરવા યોગ્ય છે, અને નાનો દાવો હોય તો દંડ કરવા યોગ્ય છે. અને તે જુઠો દાવો જેના પર માડયો હોય તે દોઢ માસની અંદર જુઠા દાવાથી થયેલી હાની સબંધી દાવો ન માડે તો ધર્મથી તે હારી જાય છે. અર્થાત્ શવો માડનારનો દાવો સાચો ઠરે. ૫૮ જે કરજદાર અસલ ધનમાંથી જેટલું ધન ન આપે અથવા ફરીયાદ કરનાર પોતાના ધન કરતાં વધારેનો દાવો કરે તો તે ઘટાડેલા તેમજ વધારેલાં ધન કરતા બમણો દંડ તે બન્ને અધર્મિયો પાસેથી અપાવવો ૫૯ રાજા અને બ્રાહ્મણની સામે પુછના જે નકાર કહે તો ધનિક એટલે દાવો માડનારે ક્રમમાંક્રમ ત્રણ સાક્ષાઓ વડે પોતાનો દાવો સિદ્ધ કરવો. ૬૦

यादृशा धनिभिः कार्या व्यवहारेषुसाक्षिणः । तादृशान्संप्रवक्ष्यामि यथावाच्यमृतंचतैः ॥ ६१ गृहिणः पुत्रिणोमौलाः क्षत्रविट्शूद्रयोनयः। अर्थ्युक्ताः साक्ष्यमर्हन्ति नयेकेचिदनापदि ॥ ६२ ॥ आप्ताः सर्वेषुवर्णेषु कार्याः कार्येषुसाक्षिणः । सर्वधर्मविदोऽलुब्धा विपरीतांस्तुवर्जयेत् ॥ ६३ ॥ नार्थसंबन्धिनोऽनाप्ता न सहाया न वैरिणः । न दृष्टदोषाः कर्तव्या न व्याध्यार्ता न दूषिताः ॥ ६४ ॥

રાજ્ય વ્યવહારમાં ધનિક પુરૂષોએ જેવા સાક્ષિઓ લાવવા જોઇયે તે અને તેઓએ કેવું સત્ય બોલવુ જોઇયે, તે આગળ કહુછુ ૬૧ કુટુંબી, પુત્રવાળા, તેજ દેશનો રહેનાર, ક્ષત્રિય, વૈશ્ય અથવા શૂદ્ર વર્ણવાળા, એટલા લોકો, જ્યારે દાવો કરનાર કહેકે "એ મારા સાક્ષીઓ છે." ત્યારે તે સાક્ષી આપવા યોગ્ય હોય છે. જ્યા સુધિ કાઇ પણ આપત્તિ ન હોય ત્યાં

સુધી હરકોઇ સાક્ષી આપવાને યોગ્ય હોઇ શકતો નથી. ૬૨ સર્વવર્ણોમાં જે યથાર્થ કહેનાર, સંપૂર્ણ ધર્મને જાણનાર હોય તથા લોભી ન હોય તેવાઓને સાક્ષી કરવા જોઇયે. તેનાથી વિપરિતોને નહિ. ૬૪ ધનનો સંબંધી, અસત્યવાદી, નોકર આદિ સહાયક, શત્રુ, બીજી જગ્યાએ જાણીજોઇને જુઠી સાક્ષી આપેલી હોય તે, રોગી અને મહાપાતકો વડે દૂષિત હોય તેને સાક્ષી કરવા નહિ. ૬૪

नसाक्ष्यंनृपतिः कार्योनकारुककुशीलवौ । नश्रोत्रियोनलिङ्गस्थोनसंगेभ्योविनिर्गतः ॥ ६५ नाध्यधीनोनवक्तव्योनदस्युर्न विकर्मकृत् । न वृद्धोन शिशुर्नैकोनान्त्यो नविकलेन्द्रियः ॥ ६६ ॥ नार्तोनमत्तोनोन्मत्तोनक्षुत्तृष्णोपपीडितः । नश्रमार्तोनकामार्तो नक्रुद्धोनापितस्करः ॥६७॥ स्त्रीणांसाक्ष्यं स्त्रियः कुर्युर्द्विजानां सदृशाद्विजाः । शूद्राश्चसन्तः शूद्राणामन्त्यानामन्त्ययोनयः ॥ ६८ ॥

રાજાને સાક્ષિ ન કરવો, કારીગર, નટ, શ્રોત્રિય, બ્રહ્મચારી, અને સંન્યાસી એટલાને સાક્ષી કરવા નહિ ૬૫ પરતંત્ર, ખરાબ ચાલવાળો, ચોરડાકુ, નિષિદ્ધ કામ કરનારો, વૃદ્ધ, બાલક, એકજ સાક્ષી, ચાડાલ, અને જેની ઇંદ્રિયો સ્વસ્થ ન હોય તેને સાક્ષી કરવા નહિ. ૬૬ દુઃખી, મદ્યપાનાદિવડે મત્ત, ઉન્માદી, ક્ષુધા તૃષાથી પીડિત, થાકેલો, કામવડે પીડિત, ક્રોધી, અને ચોર એટલા પણ સાક્ષીમાં ન લેવા. ૬૭ સ્ત્રીયોની સાક્ષી સ્ત્રીયોએ આપવી, દ્વિજોની સાક્ષી તેવા દ્વિજે આપવી, શદ્રોની સાક્ષી સજ્જન શદ્રો આપે અને ચાંડાલોની સાક્ષી ચાડાલોએ આપવી. ૬૮

अनुभावीतुयः कश्चित्कुर्यात्साक्ष्यंविवादिनाम् । अन्तर्वेश्मन्यरण्येवा शरीरस्यापिचात्यये ॥ ६९ ॥ स्त्रीयाप्यसंभवेकार्यं बालेन स्थविरेण वा । शिष्येण बन्धुना वापि दासेन भृतकेन वा ॥७० ॥ बालवृद्धातुराणां च साक्ष्येषु वदतां मृषा । जानीयादस्थिरां वाचमुत्सिक्तमनसां तथा ॥ ७१ ॥ साहसेषु च सर्वेषु स्तेयसंग्रहणेषु च । वाग्दण्डयोश्च पारुष्ये न परीक्षेत साक्षिणः ॥ ७२ ॥

ઘરની અંદર, વનમાં, શરીર નાશમાં, એટલા કજીયામાં કોઇ ખાસ દૃષ્ટિ આદિ વડે અનુભવ કરનાર હોય તેજ સાક્ષી કર્મમાં આવી શકે છે. ૬૯ જો એવો અનુભવી સાક્ષી ન મળે તો સ્ત્રી, બાળક, વૃદ્ધ, શિષ્ય,

આકાર વડે પણ સાક્ષિકર્મ થાય છે. ૭૦ બાળક, વૃદ્ધ, આતુર, અને જેનું ચિત્ત ચંચલ હોય તે જો સાક્ષી આપવામાં જુઠું બોલે તો તેની વાણી સ્થિર ન સમજવી. ૭૧ સર્વ સાહસ કામોમાં, ચોરી, પરસ્ત્રીસંગ, ગાળાગાળી અથવા મારામારીના કામમાં સાક્ષીઓની પરીક્ષા ન કરવી. ૭૨

बहुत्वंपरिगृह्णीयात्साक्षिद्वैधेनराधिपः । समेषु गुणोत्कृष्टान् गुणिद्वैधे द्विजोत्तमान् ॥ ७३ ॥ समक्षदर्शनात्साक्ष्यं श्रवणाच्चैव सिध्यति । तत्र सत्यं ब्रुवन्साक्षी धर्मार्थाभ्यां न हीयते ॥ ७४ ॥ साक्षी दृष्टश्रुतादन्यद्विब्रुवन्नार्यसंसदि । अवाङ्नरकमभ्येति प्रेत्य स्वर्गाच्च हीयते ॥ ७५ ॥ यत्रानिबद्धोऽपीक्षेत शृणुयाद्वापि किञ्चन । पृष्टस्तत्रापि तद्ब्रूयाद्यथादृष्टं यथाश्रुतम् ॥ ७६ ॥

પરસ્પર વિરૂદ્ધ સાક્ષિયોમા જે વાત ઘણાં સાક્ષિયો કહે તેને રાજાએ ગ્રહણ કરવી. એ તરફની સમાન વિરૂદ્ધ સાક્ષી પડે તો જે સાક્ષીઓ સારા ગુણવાળા હોય તેની ગ્રહણ કરવી, અને ગુણવાન પુરૂષોની પણ સમાન વિરૂદ્ધ સાક્ષી પડે તો ઉત્તમ દ્વિજાતિની સાક્ષી તેમાથી ગ્રહણ કરવી. ૭૩ સામે જોવાથી અથવા સાભળવાથી પણ સાક્ષી કર્મમાં આવી શકે છે, તેમાં સત્ય બોલનાર સાક્ષી ધર્મ અને અર્થમાં હાર ખાતો નથી. ૭૪ શ્રેષ્ઠ પુરૂષોની સભામા સાક્ષી પોતાના જોયલાં તથા સાંભળેલાથી વિરૂદ્ધ કહે તો તે અધોમુખ નરકમા જાય છે, અને સ્વર્ગથી રહિત રહેછે. ૭૫ સાક્ષી તરીકે દાવામાં ઉભા રહેવાને કાંઇ કહ્યું નહિ હોય તોપણ જોયલું અને સાંભળેલુ જે હોય અને પુછે તો જેવુ જોયુ સાંભળ્યું હોય તેવુંજ કહેવું. ૭૬

एकोऽलुब्धस्तु साक्षी स्याद्बह्व्यः शुच्योपि न स्त्रियः । स्त्री बुद्धेरस्थिरत्वात्तु दोषैश्चान्येऽपि ये वृताः ॥ ७७ ॥ स्वभावेनैव यद्ब्रूयुस्तद् ग्राह्यंव्यावहारिकम् । अतोयदन्यद्विब्रूयुर्धर्मार्थंतदपार्थकम् ॥७८॥ सभान्तः साक्षिणः प्राप्तानर्थिप्रत्यर्थिसन्निधौ । प्राड्विवाकोऽनुयुञ्जीत विधिनानेनसान्त्वयन् ॥ ७९ ॥ यद्द्वयोरनयोर्वेत्थ कार्येऽस्मिश्चेष्टितं मिथः । तद्ब्रूत सर्वं सत्येन युष्माकं ह्यत्र साक्षिता ॥ ८० ॥

લોભાદિ રહિત એકજ સાક્ષી પર્યાપ્ત ગણુંય છે, પરંતુ સ્ત્રીયો ઘણી અને પવિત્ર હોય તોપણ પર્યાપ્ત નથી. કેમકે સ્ત્રીયો અસ્થિર બુદ્ધિવાળી હોય છે. અને દોષવાળા બીજા સાક્ષીઓ પણ પર્યાપ્ત ન જાણવા. અર્થાત્ તેવાઓને સાક્ષી કરવા નહિ. ૭૭ વ્યવહારના નિર્ણયમાં તો સ્વાભાવિક જે કહે તે ગ્રહણ કરવું. અને તેથી વિરુદ્ધ જે કહે તે નિર્ણયના કામમાં નિરર્થક સમજવુ. ૭૮ સભામાં પ્રાપ્ત થયેલા સાક્ષિયોને દાવો કરનાર તથા જેના પર દાવો માંડયો હોય તે બંનેની સાંમા વકીલ તે સાક્ષીને ધીરજ આપીને આગળ જણાવ્યા પ્રમાણે પુછવું કે, ૭૯ આ બંનેના આપસના કામમાં જે થયું હોય અને તે તમે જાણતા હોય તો સર્વ સાચે સાચું કહી દો, કેમકે તમારી એ કામમાં સાક્ષી છે. ૮૦

सत्यं साक्ष्ये ब्रुवन्साक्षी लोकानाप्नोति पुष्कलान् । इह चानुत्तमां कीर्त्तिं वागेषा ब्रह्मपूजिता ॥ ८१ ॥ साक्ष्येऽनृतं वदन्पाशैर्बद्ध्यते वारुणैर्भृशम् । विवशः शतमाजातीस्तस्मात्साक्ष्यंवदेद्दतम् ॥ ८२ ॥ सत्येन पूयते साक्षी धर्मः सत्येन वर्धते । तस्मात्सत्यं हि वक्तव्यं सर्ववर्णेषु साक्षिभिः ॥ ८३ ॥ आत्मैव ह्यात्मनः साक्षी गतिरात्मा तथात्मनः । मावमंस्थाः स्वमात्मानं नृणांसाक्षिणमुत्तमम् ॥ ८४ ॥

સાક્ષી જો સાક્ષ્યકર્મમાં સત્ય બોલે તોતે ઉત્કૃષ્ટ બ્રહ્મલોકાદિની પ્રાપ્તિ કરે છે, આ ઠેકાણે કીર્તિ પ્રાપ્ત કરે છે અને તે સત્યવાણી દુનિયામા પૂજ્ય ગણાય છે. ૮૧ અને સાક્ષ્યમા અસત્ય બોલનાર મનુષ્ય વરૂણપાશોવડે પરતંત્ર થઇ સોજન્મ સુધી અત્યન્ત પીડા પામે છે. માટે હમેશાં સાચી સાક્ષીજ આપવી. (પં૦ તુલસીરામજી વરૂણપાશનો અર્થ જલોદરાદિ રોગ વિશેષ બતાવે છે અને તેજ સત્ય માલમ પડે છે) ૮૨ સત્યતાવડે સાક્ષી પવિત્ર થાય છે, સત્યવડે ધર્મ વધે છે, એટલા માટે સર્વ વર્ણોમાં સાક્ષિઓએ સદા સત્યજ બોલવું. ૮૩ પોતાના શુભાશુભ કર્મમાં પોતાના આત્માનો પોતેજ સાક્ષી છે. અને પોતેજ પોતાની ગતિ છે એટલા માટે મનુષ્યોનો ઉત્તમ સાક્ષી જે પોતાનો આત્મા તેનું અપમાન કરવું નહિ ૮૪

मन्यन्ते वै पापकृतो न कश्चित्पश्यतीति नः । तांस्तु देवाःप्रपश्यन्ति स्वस्यैवान्तरपूरुषः ॥ ८५ ॥ द्यौर्भूमिरापोहृदयं चन्द्रार्काग्नियमा-

निलाः । रात्रिः संध्ये च धर्मश्च वृत्तज्ञाः सर्वदेहिनाम् ॥ ८६ ॥ देवब्राह्मणसान्निध्ये साक्ष्यंपृच्छेदृतंद्विजान् । उदङ्मुखान्प्राङ्मुखान्वा पूर्वाह्णेवैशुचिः शुचीन् ॥ ८७ ॥ ब्रूहीतिब्राह्मणंपृच्छेत्सत्यं ब्रूहीतिपार्थिवम् । गोबीजकाञ्चनैर्वैश्यं शूद्रं सर्वैस्तुपातकैः ॥ ८८ ॥

પાપ કરનારાઓ માને છે કે અમને કોઇ પણ જોતા નથી. પરંતુ તેને આ આગલા શ્લોકમા જણાવેલા દેવો જાણે છે તથા પોતાનાજ શરીરમાં રહેનાર અંતરાત્મા પુરૂષ તો જાણે છે. ૮૫ આકાશ, ભૂમિ, જલ, હૃદય, ચંદ્ર, સૂર્ય, અગ્નિ, યમ, વાયુ, રાત્રિ, બે સંધ્યા અને ધર્મ, એટલાં સર્વ શરીર ધારીઓના શુભાશુભ આચરણને જાણે છે ૮૬ દેવ અને બ્રાહ્મણની સમક્ષમાં પવિત્ર દ્વિજોને પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમૂખ રખાવી સ્વસ્થચિત્તવાળા ન્યાયાધીશે સવારના સમયમા સત્ય સત્ય સાંક્ષીને પુછવું. ૮૭ "કહો" એ પ્રમાણે બ્રાહ્મણને પુછવું, "સત્ય કહો" એમ ક્ષત્રિયને પૂછવું, અને "ગાય, બીજ, સુવર્ણ ચોરવાથી જે પાપ લાગે છે તે પાપ તમને લાગશે જો જુઠું બોલશો તો." એમ કહી વૈશ્યને પૂછવુ. અને "જો જુઠું બોલશો તો સર્વ પ્રકારનુ પાપ લાગશે." એમ કહીને શૂદ્રને પ્રશ્ન પૂછવા ૮૮

ब्रह्मघ्नोयेस्मृता लोका ये चस्त्रीबालघातिनः । मित्रद्रुहःकृतघ्नस्य ते ते स्युर्ब्रुवतो मृषा ॥ ८९ ॥ जन्मप्रभृति यत्किञ्चित्पुण्यं भद्र त्वया कृतम् । तत्ते सर्वं शुनोगच्छेद्यदि ब्रूयास्त्वमन्यथा ॥ ९० ॥ एकोऽहमस्मीत्यात्मानं य स्त्वंकल्याण मन्यसे । नित्यं स्थितस्ते हृद्येषः पुण्यपापेक्षिता मुनिः ॥ ९१ ॥ यमोवैवस्वतोदेवोयस्तवैष हृदि स्थितः। तेन चेदविवादस्ते मा गङ्गां मा कुरून् गमः ॥ ९२ ॥

બ્રાહ્મણની ઘાત કરનારાઓને, સ્ત્રી તથા બાલકની ઘાત કરનારાઓને, મિત્રોનો દ્રોહ કરનારાઓને તથા કૃતઘ્ન પુરૂષને જે જે લોક પ્રાપ્ત થાય છે તે તે લોકમાં જુઠી સાક્ષી આપનાર જાય છે. ૮૯ હે ભદ્ર ! જન્મથી લઇને આજ સુધી તેં જે જે પુણ્યકર્મ કર્યું હોય તે બધું તારૂ પુણ્ય કુતરાંને મળશે જો તું આ સાક્ષીમાં ખોટું બોલશે તો. ૯૦ હે કલ્યાણુ ! જે તું એમ માને છે કે હું એકલોજ છું, પરંતુ આ પુણ્ય પાપને જાણુ-

નાર તારા હૃદયમાં પરમાત્મા હંમેશાં રહેલા છે. ૯૧ સર્વનું સંયમન કરનાર યમ એટલે પરમાત્મા, અને દંડ ધારણ કરે છે માટે, વૈવસ્વત એટલે પરમાત્મા, અને દરેકને પ્રકાશ આપે છે માટે દેવ એટલે પરમાત્મા તારા હૃદયમાં સ્થિત છે; જો તેની સાથે તારે વિવાદ ન હોય તો પછી તું ગંગા અને કુરૂક્ષેત્રમા પાપ દૂર કરવાને જા નહિ. ૯૨

नग्नोमुण्डः कपालेन भिक्षार्थी क्षुत्पिपासितः । अन्धः शत्रुकुलं गच्छेद्यःसाक्ष्यमनृतं वदेत् ॥ ९३ ॥ अवाक्शिरास्तमस्यन्धे किल्बिषी नरकं व्रजेत् । यः प्रश्नं वितथं ब्रूयात्पृष्टः सन्धर्मनिश्चये ॥ ९४ ॥ अन्धोमत्स्यानिवाश्नाति स नरःकण्टकैः सह । योभाषतेऽर्थवैकल्यमप्रत्यक्षं सभां गतः ॥ ९५ ॥ यस्य विद्वान् हि वदतः क्षेत्रज्ञो नाभिशङ्कते । तस्मान्न देवाः श्रेयांसं लोकेऽन्यं पुरुषं विदुः ॥ ९६ ॥

જે અસત્ય સાક્ષી આપે છે તે નાગો, માથું મુડાવેલો, હાથમા કપાલ (ખપર) લઈને ભીખ માગનાર, ક્ષુધા અને તૃષાવડે દુખી અને આંધળો થઈ શત્રુના કુલમા જાય છે. ૯૩ જે ધર્મ નિર્ણયને માટે પૂછાયલા પ્રશ્નમા અસત્ય બોલે તે પાપી અધોમુખવડે મોટા અંધકાર રૂપ નરકમાં પડે છે. ૯૪ જે સભામાં જઈ જે સત્ય હોય તેને પણ લાંચરૂશ્વત મળવાથી અસત્ય કહે તે મનુષ્ય આંધળાની પેઠે કાંટા સહિત મત્સ્ય ભક્ષણ કરે છે. એમ જાણવું. ૯૫ જે વિદ્વાનના બોલતા છતા જેનો ચેતન જીવાત્મા શકા કરતો નથી; દેવલોકો તેનાથી લોકમાં મોટો પુરૂષ બીજાને જાણતા નથી. ૯૬

यावतोबान्धवान् यस्मिन् हन्ति साक्ष्येऽनृतं वदन् । तावतः संख्यया तस्मिन् शृणु सौम्यानुपूर्वशः ॥ ९७ ॥ पञ्च पश्वनृते हन्ति दश हन्ति गवानृते । शतमश्वानृते हन्ति सहस्रं पुरुषानृते ॥ ९८ ॥ हन्ति जातानजातांश्च हिरण्यार्थेऽनृतं वदन् । सर्वं भूम्यनृते हन्ति मा स्म भूम्यनृतं वदीः ॥ ९९ ॥ अप्सु भूमिवदित्याहुः स्त्रीणां भोगे च मैथुने । अब्जेषु चैव रत्नेषु सर्वेष्वश्ममयेषु च ॥ १०० ॥

હે સૌમ્ય ? જે સાક્ષ્યમાં જુઠું બોલનાર જેટલા બાંધવોને મારવાનું પાપ લેછે તેટલાઓની સંખ્યા અનુક્રમે કરીને કહું છું તે તું સાંભળ. ૯૭

પશુ સંબંધની સાક્ષીમાં જુઠું બોલનાર પાંચ બાંધવોનો, ગાયના સંબંધમાં દશ, ઘોડાનાં સંબંધમાં સો અને પુરૂષના સંબંધમાં જુઠું બોલનાર હજાર બાંધવોનો નાશ કરે છે. અર્થાત્ એટલુ પાપ લાગે છે. ૯૮ હિરણ્યને માટે જુઠું બોલનાર ઉત્પન્ન થયેલા અને ન થયેલાને મારવાનું ફલ પામે છે. અને ભૂમિને માટે અસત્ય બોલનાર સંપૂર્ણ પ્રાણિઓને મારવાનું ફળ પામે છે; એટલા માટે તું ભૂમિને માટે પણ જુઠું બોલ નહિ. ૯૯ જલાશયોને વિષે અસત્ય બોલનારને ભૂમિની પેઠે ફળમળે છે, સ્ત્રીઓના ભોગ મૈથુનમાં, જલમાં ઉત્પન્ન થયેલા રત્નોના વિષયમાં તથા સર્વ પત્થરના વિષયોમાં પણ ભૂમિ પ્રમાણે ફળ મેળવે છે. ૧૦૦

एतान्दोषानऽवेक्ष्य त्वं सर्वाननृतभाषणे । यथाश्रुतं यथादृष्टं सर्वमेवाञ्जसा वद ॥ १०१ ॥ गोरक्षकान्वाणिजिकांस्तथा कारुकुशीलवान् । प्रेष्यान्वार्धुषिकांश्चैव विप्रान् शूद्रवदाचरेत् ॥ १०२ ॥ " तद्वदन्धर्मतोऽर्थेषु जानन्नप्यन्यथानरः । नस्वर्गाच्च्यवते लोकाद्दैवींवाचंवदन्तिताम् ॥ १०३ ॥ शूद्रविट्क्षत्रविप्राणां यत्रर्तोक्तौभवेद्वधः । तत्रवक्तव्यमनृतं तद्धिसत्याद्विशिष्यते ॥ १०४ ॥ "

એ સર્વ જુઠું બોલવામાં જે પાપ લાગે છે તે સમજીને તેં જેવું જોયુ હોય અથવા જેવું સાભળ્યું હોય તે સત્ય કહી દે. ૧૦૧ ગોવાળીયા, વાણિયા, કારીગરો લુહાર સુતારાદિ તથા દાસઃદિ, નટાદિ, તથા વ્યાજ આદિવડે જીવિકા ચલાવનાર બ્રાહ્મણોને પણ શદ્રની પેઠે રાજાએ પ્રશ્ન કરવા ૧૦૨ "જે મનુષ્ય અર્થોના વિષયમા જાણતા છતાં પણ ધર્મના વ્યવહારમાં અન્યથા બોલે તો તે સ્વર્ગ લોકથી ભ્રષ્ટ થતો નથી; કારણકે તે અસત્યને પણ દેવવાણી કહે છે ૧૦૩ શદ્ર, વૈશ્ય, ક્ષત્રિય અને બ્રાહ્મણોના સત્ય બોલવાથી વધ થતો હોય તો ત્યાં અસત્ય જરૂર બોલવું કારણકે તે અસત્ય સત્ય કરતાં પણ વિશેષ છે. ૧૦૪

" वाग्दैवत्यैश्चचरुभिर्यजेरंस्तेसरस्वतीम् । अनृतस्यैनसस्तस्य कुर्वाणानिष्कृतिंपराम् ॥ १०५॥ कूष्माण्डैर्वापिजुहुयाद्घृतमग्नौयथाविधि । उदित्यृचावावारुण्या तृचेनाब्दैवतेनवा ॥ १०६ ॥ " त्रिपक्षादब्रुवन्साक्ष्यमृणादिषु नरोऽगदः । तद्दणं प्राप्नुयात्सर्वं दशबन्धं च

सर्वतः ॥ १०७ ॥ यस्य दृश्येत सप्ताहादुक्तवाक्यस्य साक्षिणः । रोगोऽग्निर्ज्ञातिमरणमृणं दाप्योदमं च सः ॥ १०८ ॥

તે જુઠું બોલવાનાં પાપનું અત્યંત પ્રાશ્ચિત્ત કરતાં વાયુ દેવતા સંબંધી ચરૂઓ વડે સરસ્વતી દેવીનું તેઓએ પૂજન કરવું, જેથી પાપ મુક્ત થાય છે. ૧૦૫ અથવા તો કુષ્માં ડ મંત્રોવડે **यद्देवादेवहेडनम्** એ વડે અગ્નિવામાં ઘીનો હોમ કરવો, અથવા **उदुत्तमंवरुणपाशम** એવૂરૂણદેવતાના અથવા **आपोहिष्ठा** એ જલદેવતાના ત્રણ મંત્રોવડે યથાવિધિ હોમ કરવો. (શ્લોક ૧૦૩ થી ૧૦૬ સુધીનાં ધર્મશાસ્ત્રથી વિરૂદ્ધ જણાય છે તેમજ આગળ સાક્ષ્ય પ્રકરણમાં જે શ્લોકો આવી ગયા અને અસત્ય સાક્ષી આપવાથીવધ દંડ થતો હોય તો ચારે વર્ણે જુઠું બોલવું એવીજ આજ્ઞા છે તો પછી વધ દંડ તો હવે ફક્ત ચાંડાલનેજ માટે રહ્યો ? વળી ચાર વર્ણમાથી કોઈ કોઇનો વધ કરશે અને તેના સાક્ષીઓ તો ચારેવર્ણમાંથી સત્ય કહેનારા મળવાના નહિં એટલે ચાર વર્ણમાથી તો કોઇ કોઈનુ ખૂન કરી નાંખે તોપણુ નિર્ભય રેહેવાનો? સાબાશ છે લખનારને ??? વળી તે અસત્યને માટે અમુક મંત્રવડે ઘી હોમવા રૂપ પૂણ્ય કર્યું કે બસ પાપ નાશ પામ્યુ ? શું આવો ન્યાય હોય કે ? વળી વિચારવા જેવુ છે કે એવામાં અસત્ય બોલવું તેતો સત્ય કરતાં પણુ વધારે છે, તેમજ તેનો દેવવાણી કેહેવાય ? તો પછી તે સંબંધી પ્રાયશ્ચિત્ત વિધાન શ્લોક ૧૦૫ તથા ૧૦૬ માં શા માટે કર્યું ? શું દેવવાણીમાં પણુ પાપ સમાયલું છે કે પ્રાયશ્ચિત લખવું પડે ? ઈત્યાદિ પરસ્પર વિરૂદ્ધ પ્રલાપ હોવાથી એ ચારે શ્લોકો પ્રક્ષિપ્ત છે) ૧૦૬ વ્યાધિ આદિવડે રહિત પુરૂષ ઋણાદિયોના વિષયમાં દોઢ. માસ સુધી સાક્ષ્ય ન આપે તો તે સર્વ ઋણ તે ધનિકને ચૂકવી આપે અને ઋણનો દશમો ભાગ રાજાએ તેની પાસેથી દંડ લેવો. ૧૦૭ જે સાક્ષી આપીને ગયેલા મનુષ્યને સાત દિવસની અંદર રોગ, અગ્નિ અથવા પુત્રાદિનું મરણ થાય તો તેણે લેણદારના રૂપિયા તથા રાજાને દંડ આપવો યોગ્ય છે. (આ ઠેકાણે પં૦ તુલસી રામજી પોતાનો એવો અભિપ્રાય જણાવે છે કે જ્યારે રોગોત્પત્તિ, ગૃહાદિમાં આગ લાગવી અને પુત્રાદિનું મરણનો હેતુ સાક્ષી આપવા પહેલાં ન હોય અને સાક્ષી આપ્યા પછીજ થયો હોય તો તો તેમ થતાં સાક્ષીને જુઠો માનવો યોગ્ય છે એવો સર્વજ્ઞ નારાયણનો અભિપ્રાય આપીને પોતે કહે છે કે—એ યુક્તિ નિર્બળ છે. પ્રાયઃ રોગાદિનો હેતુ ઘણો પ્રાચીન હોય છે; અને તે જાણી શકાતો નથી;

એવી દશામાં મોટો અન્યાય થશે. તથા વૈદ્યોના ભરોસાપર કાર્ય આવી પડશે. તેમજ અગ્નિ લાગવાનો તથા પુત્ર મરણનો હેતુ જાણવામાં અસંખ્ય કઠિનતા છે. તોપણ તેનો સંપૂર્ણ નિશ્ચય થવો કઠણ છે. ઇત્યાદિ કારણોથી અમારી સંમતિમાં તો રાજ્યદ્વારાદિ લૌકિક નિર્ણયમાં દૈવાનુમાન યોગ્ય નથી.) ૧૦૮

असाक्ष्यकेषु त्वर्थेषु मिथोविवदमानयोः । अविन्दंस्तत्त्वतः सत्यं शपथेनापि लम्भयेत् ॥ १०९ ॥ "महर्षिभिश्चदेवैश्च कार्यार्थंशपथाः-कृताः । वसिष्ठश्चापिशपथं शेपेपैजवनेनृपे ॥ ११० ॥" न वृथा शपथं कुर्यात्स्वल्पेऽप्यर्थे नरोबुधः । वृथा हि शपथं कुर्वन्प्रेत्य चेह च नश्यति ॥ १११ ॥ " कामिनीषुविवाहेषु गवांभक्ष्ये तथेन्धने । ब्राह्मणाभ्युपपत्तौच [illegible]स्तिपातकम् ॥ ११२ ॥ "

જેમા કોઇની સાક્ષી નથી એવા વ્યવહારોમાં બેના વિવાદમાં તત્ત્વથી બલાદિ શિવાય સત્ય ન પ્રાપ્ત થાય એમ હોય તો વકીલે આગળ ઉપર જણાવેલા શપથ (સોગન) વડે સત્ય પ્રાપ્ત કરવું. ૧૯૦ "મહર્ષિયોએ અને દેવોએ કાર્યને માટે શપથો કર્યા છે. વસિષ્ઠ ઋષિયે પણ પૈજવન નામના રાજા વિષે શપથ કર્યા હતા." (વસિષ્ઠજીની ઉત્પત્તિ સ્વાયંભુવ મનુની પછીથી ઘણા કાલે હોવાથી આ શ્લોક પુરાણભાવના વખતે મેળવાયલો હોય એમ લાગવાથી પક્ષિપ્ત છે.) ૧૧૦ બુદ્ધિમાન પુરૂષે અલ્પ વ્યવહારમા પણ વૃથા શપથ ન કરવા. કારણકે વૃથા શપથ ખાનાર મનુષ્યની આ ઠેકાણે અપકીર્તિ થાય છે અને મરણ પછી નરક પ્રાપ્તિ થાય છે. ૧૧૧ "સ્ત્રીયોના વિવાહોમાં, ગાયોની ભક્ષ્યવસ્તુમાં, તથા હોમાર્થ લાકડાં ચોરવામાં અને બ્રાહ્મણોની રક્ષા માટે ધનાદિ ગ્રહણ કરવામાં શપથ ખાવામાં પાપ લાગતું નથી." (આતો એક પ્રકારે ચોરીને ઉત્તેજન આપવા જેવું જણાય છે; તેમજ આ અસત્ય પ્રતિપાદન કરનાર ધર્મ સત્ય રક્ષક ધર્મ શાસ્ત્રથી વિરૂદ્ધ હોવાથી ત્યાજ્ય છે.) ૧૧૨

सत्येन शापयेद्विप्रं क्षत्रियं वाहनायुधैः । गोबीजकाञ्चनैर्वैश्यं शूद्रं सर्वैस्तु पातकैः ॥ ११३ ॥ " अग्निंवाहारयेदेनमप्सुचैनंनिमज्जयेत् । पुत्रदारस्यवाप्येनं शिरांसिस्पर्शयेत्पृथक् ॥ ११४ ॥ यमिद्धोन-

हत्याग्नेरापोनोन्मज्जय न्तेच । नचार्ति च्छति क्षिप्रं सज्ञेयःशपथेशुचिः ॥ ११५ ॥ वत्सस्यह्यभिशस्तस्य पुराभ्रात्रा यवीयस । नाग्निर्ददाह रोमापि सत्येनजगतःस्पृशः ॥ ११६ ॥”

બ્રાહ્મણને સત્યવડે શપથ આપવા, ક્ષત્રિયને વાહન તથા આયુધના શપથ આપવા, વૈશ્યને ગૌ, ધાન્ય બીજ અને સુવર્ણવડે શપથ આપવા અને શુદ્રને સર્વ પાતકોના સોગન આપવા. ૧૧૩ “અથવા કાર્યની ગૌરવતા તથા લાઘવતાના પ્રમાણમાં શુદ્રાદિને પાસે અગ્નિ વહન કરાવવો એટલે કે હાથમાં અગ્નિ આપી સાત પગલાં ચલાવવો, અથવા પાણીમાં તેને ડુબાવવો, અથવા પુત્ર તથા સ્ત્રીના મસ્તકો ઉપર જુદો જુદો હાથનો સ્પર્શ કરાવવો. ૧૧૪ જો તેને અગ્નિ બાળે નહિં, પાણી ડુબાવે નહિ અને જેને પુત્રાદિજન્ય મહાપીડા પ્રાપ્ત થાય નહિં તો તે શપથમા શુદ્ધ છે અમજાણવું. ૧૧૫ કારણકે પૂર્વકાળમાં વત્સનામના ઋષિના નાનાભાઇ વૈમાત્રેયે તે વત્સઋષિને કહ્યું કે “તું બ્રાહ્મણ નથી, શુદ્રનો પુત્ર છે” એમ કહયાથી તે વત્સઋષિયે સર્વ જગતના શુભાશુભ કર્તવ્યને જાણનાર અગ્નિમા પ્રવેશ કર્યો; પરંતુ સત્યતાવડે અગ્નિએ તેનું એક રોમ પણ ભસ્મ કર્યુ નહિ.” (૧૧૪ થી ૧૧૬ સુધીના ત્રણ શ્લોકો અસંભવ દોષ ગ્રસ્ત જણાય છે. ગમે તેવા વખતમાં પણ અગ્નિ બાળે નહિ અને પાણી ડુબાવે નહિં એ સંભવ નથી. તેમજ વત્સઋષિની કથા પણ કોઇ ઇતિહાસમાંથી મેળવી લીધેલી જણાય છે જેથી પ્રક્ષિપ્ત હોવાનો સ્પષ્ટ સંભવ છે)૧૧૬

यस्मिन्यास्मिन्विवादेतु कौटसाक्ष्यं कृतं भवेत् । तत्तत्कार्यं निवर्तेत कृतं चाप्यकृतं भवेत् ॥ ११७ ॥ लोभान्मोहाद्भयान्मैत्र्यात्कामात् क्रोधात्तथैव च । अज्ञानाद्बालभावाच्च साक्ष्यं वितथमुच्यते ॥ ११८ ॥ एषामन्यतमे स्थाने यःसाक्ष्यमनृतंवदेत् । तस्य दण्डविशेषांस्तु प्रवक्ष्याम्यनुपूर्वशः ॥ ११९ ॥ लोभात्सहस्रं दण्ड्यस्तु मोहात्पूर्वं तु साहसम् । भयाद् द्वौ मध्यमौ दण्डौ मैत्र्यात्पूर्वं चतुर्गुणम् ॥ १२० ॥

જેજે કાર્યોમાં સાક્ષીઓએ અસત્ય સાક્ષી આપી હોય તે તે કાય કરેલું હોય છતાં નહિ કરેલું જાણી અને તે કામ પાછું ચલાવવું.

જે તે કાર્યમાં દંડ સજા વિગેરે થઈ ચૂક્યું હોય તોપણ તે શિક્ષા કાયમ ન રાખતાં કાર્યનો પાછો વિચાર કરવો. ૧૧૭ લોભથી, મોહથી, મિત્રતાથી, ક્રોધથી, કામથી, અજ્ઞાનથી, બાલભાવથી, સાક્ષી જુઠીસાક્ષી આપે છે. ૧૧૮ એટલામાંથી કોઈ પણ કારણથી સાક્ષી સાક્ષ્યકર્મમાં જુઠું બોલે તો તેનો દંડ વિશેષ અનુક્રમે આગળ કહુ છું. ૧૧૯ લોભથી અસત્ય સાક્ષી આપનારને એક હજાર પણનો દંડ કરવો, મોહથી અસત્ય સાક્ષી આપનારને પ્રથમ સાહસ દંડ આપવો. ભયથી આપનારને બે મધ્યમ સાહસ, મિત્રતાથી આપનારને પ્રથમ સાહસથી ચારગણો દંડ કરવો. (આ દંડના દ્રવ્યની સંજ્ઞા આગળ એજ અધ્યાયમાં શ્લોક ૧૩૧ થી ૧૩૮ સુધીમા જણાવશે તે પ્રમાણે જાણવી.) ૧૨૦

कामाद्दशगुणं पूर्वं क्रोधात्तुत्रिगुणं परम्। अज्ञानाद्द्वेशतेपूर्णे बालिश्याच्छतमेवतु ॥ १२१ ॥ ॥तानाहुःकौटसाक्ष्ये प्रोक्तान्दण्डान् मनीषिभिः। धर्मस्याव्यभिचारार्थमधर्मनियमाय च ॥१२२ ॥कौटसाक्ष्यंतुकुर्वाणांस्त्रीन्वर्णान्धार्मिकोनृपः। प्रवासयेद्दण्डयित्वा ब्राह्मणंतुविवासयेत् ॥ १२३ ॥ दशस्थानानिदण्डस्य मनुःस्वायंभुवोऽब्रवीत्। त्रिषुवर्णेषुयानिस्युरक्षतोब्राह्मणोव्रजेत् ॥ १२४ ॥

કામથી ખોટી સાક્ષી આપનારને પ્રથમ સાહસથી દશગણો, ક્રોધથી આપનારને મધ્યમ સાહસથી ત્રણગણો, અજ્ઞાનથી આપનારને બસો પણ અને બાલીશભાવથી ખોટું બોલનારને સો પણ દંડ કરવો ૧૨૧ ધર્મનો નાશ ન થાય અને અધર્મથી નિયમન કરવાનો વિદ્વાનોએ અસત્ય સાક્ષિઆપનારાઓ માટે એ દંડો કહ્યા છે.૧૨૨ ધાર્મિક રાજાએ અસત્ય સાક્ષી આપનાર ક્ષત્રિય,વૈશ્ય અને શુદ્ર એ ત્રણ વર્ણોને દંડ કરી પોતાના દેશમાજ પ્રવાસ કરાવવો અને અસત્યવાદી બ્રાહ્મણને તો દેશ બહાર કરી દેવો. ૧૨૩ દંડ કરવા યોગ્ય દશ સ્થાન જે મનુએ કહ્યાં છે તે ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રોના વિષયમાં છે. અને બ્રાહ્મણને તો ક્ષતરહિત દેશપાર કરવો. ૧૨૪

उपस्थमुदरंजिह्वा हस्तौपादौचपञ्चमम्। चक्षुर्नासाचकर्णौच धनं देहस्तथैव च ॥ १२५ ॥ अनुबन्धं परिज्ञाय देशकालौ च तत्त्वतः। सारापराधौ चालोक्य दण्डं दण्ड्येषु पातयेत् ॥ १२६ ॥ अधर्मदण्ड-

नं लोके यशोघ्नं कीर्त्तिनाशनम् । अस्वर्ग्यंचपरत्रापि तस्मात्तत्परिवर्जयेत् ॥१२७॥ अदण्ड्यान्दण्डयन् राजा दण्ड्यांश्चैवाप्यदण्डयन् । अ[illegible]प्नोति नरकञ्चैवाधिगच्छति ॥ १२८ ॥

ઉપસ્થ, ઉદર, જીભ, બેહાથ, બેપગ, આંખ, નાક, કાન, ધન, અને દેહ એ દશ સ્થાન છે. ૧૨૫ પ્રકરણુનાઅનુબંધને, તત્વથી દેશકાલ જાણીને અપરાધનો સાર તથા અપરાધ કરનારના ધનશરીરાદિનું સામર્થ્ય જોઇને દંડ કરવા યોગ્યને દંડ કરવો. ૧૨૬ કેમકે અધર્મથી દંડ કર્યો હોય તે લોકમાં યશનો નાશ કરનાર એટલે જીવતાં છતાં જે પ્રસિદ્ધ કીર્તિ તેનો નાશ કરનાર તથા પરલોકમાં સ્વર્ગનું પ્રતિબંધક છે માટે અધર્મદંડનો ત્યાગ કરવો. ૧૨૭ જે રાજા નહિં દંડ કરવા યોગ્ય હોય તેઓને દંડ કરે અને દંડ કરવા યોગ્ય હોય તેઓને દંડ ન કરેતો તે મોટું અપયશ પ્રાપ્ત કરે છે અને અંતે નરકમાં જાય છે. ૧૨૮

वाग्दण्डं प्रथमं कुर्याद्धिग्दण्डं तदनन्तरम् । तृतीयं धनदण्डं तु वधदण्डमतः परम् ॥ १२९ ॥ वधेनापि यदात्वेतान्निग्रहीतुं न शक्नुयात् । तदैषु सर्वमप्येतत्प्रयुञ्जीत चतुष्टयम् ॥ १३० ॥ लोकसंव्यवहारार्थं याःसंज्ञाःप्रथिताभुवि । ताम्ररूप्यसुवर्णानां ताःप्रवक्ष्याम्यशेषतः ॥ १३१ ॥ जालान्तरगते भानौ यत्सूक्ष्मं दृश्यते रजः । प्रथमं तत्प्रमाणानां त्रसरेणुं प्रचक्षते ॥ १३२ ॥

પ્રથમ તો "આકર્મ તમે કર્યું વ્યાજબી ન કહેવાય," ઈત્યાદિ વાણીનો દડ આપવો; "પછીથી આવું કર્મ કર્યું માટે ધિક્કાર છે તને," એવી રીતે ધિક્કાર દંડ આપવો. પછી ત્રીજે ધનનો દંડ કરવો, અને ત્યારે પછી તાડનાદિ દંડ કરવો. ૧૨૯ યદિ દેહ તાડન દંડ વડે જો અપરાધીઓને નિગ્રહ કરવાને શકિતમાન ન થવાય તો એ ચારે દંડનો તેઓના ઉપર એક સાથે ઉપયોગ કરવો. ૧૩૦ લોકમાં ક્રયવિક્રયાદિ વ્યવહારને માટેજ તામ્રરૌપ્ય સુવર્ણની જે પણ આદિ સંજ્ઞા પૃથ્વિમાં પ્રસિદ્ધ છે, તે સમગ્ર કહુંછું. ૧૩૧ ઘરનાં નીજાળીયાંમાં જે સૂર્યનાં કિરણો પડે છે તેમાં જે સૂક્ષ્મ રજ દેખાય છે તે રજોમાં એકનેત્રસરેણું કેહેવાય છે. ૧૩૨.

त्रसरेणवोऽष्टौ विज्ञेया लिक्षैका परिमाणतः । ता राजसर्षपस्तिस्रस्ते त्रयोगौरसर्षपः ॥ १३३ ॥ सर्षपाः[illegible]यवस्त्वेकं [illegible]

लम् । पञ्चकृष्णलको माषस्ते सुवर्णस्तु षोडश ॥ १३४ ॥ पलं सुवर्णाश्चत्वारः पलानि धरणं दश । द्वेकृष्णले समधृते विज्ञेयो रौप्यमाषकः ॥ १३५ ॥ ते षोडश स्याद्धरणं पुराणश्चैव राजतः । कार्षापणं तु विज्ञेयस्ताम्रिकः कार्षिकः पणः ॥ १३६ ॥

આઠ ત્રસરેણું મળે ત્યારે એક લીક્ષા કહેવાય છે અને તે ત્રણ લીક્ષા મળીને એક રાજસર્ષપ કેહેવાય છે. અને ત્રણ રાજસર્ષપ મળીને એક ગોર સર્ષપ થાય છે. ૧૩૩ ૭ ગૌરસર્ષપ મળીને એક મધ્યયવ કેહેવાય છે, અને એવા ત્રણ યવ મળીને એક કૃષ્ણલ કહેવાય છે. પાચ કૃષ્ણલ મળીને એક માષ અને સોળ માષ મળીને એક સુવર્ણ કેહેવાય છે. ચાર સુવર્ણ મળીને એક પલ કહેવાય છે, અને દશ પલ મળીને એક ધરણ કેહેવાય છે. બે કૃષ્ણલ મળીને એક રૂપ્યમાષ કેહેવાય છે તેવા સોળ ધરણ મળીને એક રૂપાનો પુરાણ કેહેવાય છે, તાંબાના એક કાર્ષાપણ એટલે એક પૈસાને તાંબાનો કાર્ષા પણ કહેવાય છે- ૧૩૬.

धरणानि दश ज्ञेयः शतमानस्तु राजतः चतुःसौवर्णिको निष्को विज्ञेयस्तु प्रमाणतः ॥ १३७ ॥ पणानां द्वे शते सार्धे प्रथमः साहसः स्मृतः । मध्यमः पञ्च विज्ञेयः सहस्रं त्वेव चोत्तमः ॥ १३८ ॥ "ऋणे देये प्रतिज्ञाते पञ्चकं शतमर्हति । अपन्हवे तद्द्विगुणं तन्मनोरनुशासनम् ॥ १३९ ॥ वसिष्ठविहितां वृद्धिं सृजेद्वित्तविवर्धनीम् । अशीतिभागं गृह्णीयान्मासाद्वार्धुषिकः शते ॥ १४० ॥"

દશ ધરણનો એક રૂપાનો શતમાન જાણવો, અને પ્રમાણથી ચાર સુવર્ણનો એક નિષ્ક જાણવો. ૧૩૭ અઢીસોને પચાસ પણોનો એક પ્રથમ સાહસ જાણવો, પાંચસોપણનો મધ્યમ સાહસ અને એક હજાર પણનો ઉત્તમ સાહસ જાણવો. ૧૩૮ "યદિ કરજદાર મનુષ્ય એમ કહેદિ કે આ ધનિકનું મારે દેવું છે તો દર સેંકડે પાચ ટકા દંડ યોગ્ય છે. અને કરજદાર ના કહે અને કાન ચાલતા કરજ સિદ્ધ થાય તો દર સેંકડે દશ ટકા દંડ યોગ્ય તેને જાણવો. એમ મનુનું શાસન છે- ૧૩૯ વિત્તને વધારનારી વસિષ્ઠોક્ત વૃદ્ધિ એટલે વ્યાજ દર સેંકડે એસીમો ભાગ એટલે દર સેંકડે સવા રૂપીઓ વ્યાજ ખાવાવાળાએ દર માસે તે વ્યાજ લેવું."

(૧૩૯ તથા ૧૪૦ મા શ્લોકમાં પણ મનુનુ શાસન તથા વસિષ્ઠનું નામ છે જે વિદ્વાનોએ આ શ્લોકો વિચારવા યોગ્ય છે. પાછળથી ઉમેરાયલા હોય તેવું ચોકસ જણાય છે.) ૧૪૦

द्विकंशतंवागृह्णीयात्सतांधर्ममनुस्मरन् । द्विकंशतंहिगृह्णानोन भवत्यर्थकिल्बिषी ॥ १४१ ॥ द्विकं त्रिकं चतुष्कं च पञ्चकं च शतं समम् । मासस्य वृद्धिं गृह्णीयाद्वर्णानामनुपूर्वशः ॥ १४२ ॥ नत्वेवाधौसोपकारे कौसीदींवृद्धिमाप्नुयात् । नचाधेःकालसरोधान्निसर्गोऽस्तिनविक्रयः ॥१४३॥ नभोक्तव्योबलादाधिर्भुञ्जानो वृद्धिमुत्सृजेत् । मूल्येनतोषयेच्चैनमाधिस्तेनोन्यथाभवेत् ॥ १४४ ॥

સત્પુરૂષોના ધર્મનુ સ્મરણુ કરતાં દર માસે દર સેંકડે બે રૂપીઆ વ્યાજ લે. સેંકડે બે રૂપીઆ દર માસે વ્યાજ લેનાર વૃદ્ધિધન ગ્રહણુ કરવામા પાપી થતો નથી ૧૪૧ બ્રાહ્મણાદિ વર્ણોના ક્રમ વડે બે, ત્રણ, ચાર અને પાંચ રૂપીઆ વ્યાજ દર સેંકડે દર માસે લેવુ, પરંતુ એનાથી અધિક ન લેવુ. ૧૪૨ જો દ્રવ્યના બદલામાં ગાય ભૂમિ અથવા કાઇ ધન આદિ ભોગયુક્ત પદાર્થ ગિરવી આપ્યો હોય એટલે લેણદારે ગિરવી રાખ્યો હોય તો પછી તેણે પૂર્વોક્ત વ્યાજ લેવું નહિં. ગિરવી મુકેલા પદાર્થને ઘણા દિવસ થઇ જાય તો પણુ તે અન્યને આપી દેવાનો તેમજ તેને વેચવાનો અધિકાર લેહેણદારને નથી. ૧૪૩ ગિરવી મુકેલી ચીજનો બલાત્કારથી ઉપભોગ ન કરવો, જો લેણુદાર તે વસ્તુનો ભોગ એટલે ઉપયોગ કરે તો વ્યાજ છોડી દે અથવા જેનો પદાર્થ હોય તેને મુલ્ય આપી પ્રસન્ન કરે, જો તેમ ન કરે તો ગિરવી મુકેલા માલનો ચોર કેહેવાય છે ૧૪૪

आधिश्चोपनिधिश्चोभौ नकालात्ययमर्हतः अवहार्यौभवेतांतौदीर्घकालमवस्थितौ ॥१४५॥ संप्रीत्या भुज्यमानानि ननश्यन्ति कदाचन । धेनुरुष्ट्रोवहन्नश्वो यश्च दम्यः प्रयुज्यते ॥१४६॥ यत्किञ्चिद्दशवर्षाणि सन्निधौप्रेक्षतेधनी । भुज्यमानंपरैस्तूष्णीं न स तल्लब्धुमर्हति ॥१४७॥ अजडश्चेदपौगण्डो विषये चास्य भुज्यते । भग्नं तद्व्यवहारेण भोक्ता तद् द्रव्यमर्हति ॥ १४८ ॥

આધિ એટલે ગિરવી રાખેલી ચીજ અને ઉપનિધિ એટલે પ્રીતિ વડે ભોગને માટે આપેલી વસ્તુ એ બંને ઘણાં કાલ સુધી રહે તો પણ માલ ધણીનું સ્વામિત્વ તે ઉપરથી નષ્ટ થતું નથી. ઘણાં દિવસ થયાં ચીજ રાખેલી હોય તો પણ માલિકની મરજી ચાહે ત્યારે તે લઇ શકે છે. ૧૪૫ પ્રીતિ પૂર્વક બીજાનાં ઉપયોગમાં લેવાતી ગાય, ઉંટ, બળદ, અશ્વ આદિ ઉપભોગમાં લીધાં હોય તો પણ તેના ઉપરનું સ્વામિત્વ નાશ પામતું નથી. ૧૪૬ જો કોઇ વસ્તુ તેના માલિકના દેખતાં તથા તેની પાસે દશ વર્ષ સુધી કોઇ બીજો મનુષ્ય વાપરે અને માલિક ચુપચુપ જોયા કરે, કાંઇપણ બોલે નહિ તો પછી તે ચીજ તે માલિકને મળી શકે નહિ. ૧૪૭ જો પુરૂષ ગાંડો ન હોય તેમજ બાલ્યાવસ્થાના ન હોય અને તેની સામે તેની વસ્તુનો ઉપભોગ પર પુરૂષ કરે તો પછી રાજદ્વારમાં પણ તેનો અધિકાર તે વસ્તુના પર રહેતો નથી કિંતુ જે ભોગવે છે તેની તે વસ્તુ થાય છે., ૧૪૮.

आधिःसीमा बालधनं निक्षेपोपनिधी स्त्रियः । राजस्वं श्रोत्रियस्वं च न भोगेन प्रणश्यति ॥ १४९ ॥ यःस्वामिनाऽननुज्ञातमाधिं भुङ्क्ते विचक्षणः । तेनार्धवृद्धिर्मोक्तव्या तस्यभोगस्यनिष्कृतिः ॥ १५० ॥ कुसीदवृद्धिर्द्वैगुण्यं नात्येति सकृदाहृता । धान्ये सदे लवे वाह्ये नातिक्रामति पञ्चताम् ॥ १५१ ॥ कृतानुसारादधिका व्यतिरिक्तान सिध्यति । कुसीदपथमाहुस्तं पञ्चकं शतमर्हति ॥ १५२ ॥

ગિરવી મુકેલી વસ્તુ, ક્ષેત્રની સીમા, બાલકનું ધન, અનામત, સ્ત્રિયોની રાખવા આપેલી વસ્તુઓ, રાજાનું ધન અને શ્રોત્રિયનું ધન એટલાનો ઉપભોગ કરે તો પણ તે ઉપર તેનું સ્વામિત્વ નાશ પામતું નથી. ૧૪૯ જે વિચક્ષણ પુરૂષ માલ ધણીની આજ્ઞા શિવાય ગિરવી મુકેલી ચીજનો ઉપભોગ કરે તો તેના ભોગના બદલામાં તેની પાસે તે ચીજની કિંમતના જેટલા રૂપિયા થાય તેનું અર્ધું વ્યાજ લેવુ, ૧૫૦ એકવાર વ્યાજ લીધા પછી મૂલ ધન કરતાં બમણાથી અધિક થતું નથી, અને ધાન્ય, વૃક્ષનાં ફલ, ઉન, અને વાહન એ પાંચ ગણાથી વધારે થતાં નથી. ૧૫૧ ઠરાવેલા કરતાં અધિક વ્યાજ શાસ્ત્રથી વિપરીત મળી શકતું નથી, અધિકમાં અધિક દર સેંકડે પાંચ રૂપીઆ સુધીનું વ્યાજજ લઇ શકાય છે, ૧૫૨.

नातिसांवत्सरीं वृद्धिं न चादृष्टां पुनर्हरेत् । चक्रवृद्धिःकालवृद्धिः कारिता कायिका च या ॥ १५३ ॥ ऋणं दातुमशक्तोयःकर्तुमिच्छे पुनःक्रियाम् । स दत्वा निर्जितं वृद्धिं करणं परिवर्तयेत् ॥ १५४ ॥ अदर्शयित्वा तत्रैव हिरण्यं परिवर्तयेत् । यावती संभवेद्वृद्धिस्तावतीं दातुमर्हति ॥ १५५ ॥ चक्रवृद्धिं समारूढो देशकालव्यवस्थितः । अतिक्रामन्देशकालौ न तत्फलमवाप्नुयात् ॥ १५६ ॥

વ્યાજ લેવામાં માસ વાર ગણિને વ્યાજ લેવુ પણ એક વર્ષ કરતાં વધારે ચઢવા દેવું નહિ. તેમજ ચક્રવૃદ્ધિ. કાલ વૃદ્ધી, તથા વ્યાજ આપવા માટે બીજુ ઋણુ કરે તેનું વ્યાજ તથા વ્યાજ ન આપે તો શરીરથી કાંઇ કામ લેવું તે, એ ચક્રવૃધ્યાદિ વ્યાજ પણુ ગ્રહણુ ન કરવું, ૧૫૩ જે ઋણુ આપવાને અસમર્થ છે અને પાછો લેખનાદિ ક્રિયા એટલે હિસાબ કરવાને તઇયાર હોય તો જેટલું ચઢેલુ વ્યાજ હોય તે આપી દે અને ઋણુને માટે બીજું ખાતું પાડી આપે. ૧૫૪ અથવા વ્યાજ પણુ આપી શકે તેમ ન હોય તો ત વ્યાજના રૂપિયા પણુ પેલા ઋણુમા ઉમેરવા અને પછી જેટલી સંખ્યા વ્યાજ સાથે થાય તેટલાનું ખાતું પાડી આપે, તેટલા રૂપીઆ આપવા યોગ્ય છે. ૧૫૫ ચક્રવૃદ્ધિ વ્યાજનો આશ્રય કરનાર ધનિક દેશ કાલ વડે નિયમિત હોય તોજ ફલ મેળવે પરંતુ નિયત દેશ કાલને ઉલંઘન કરનાર ફળ પ્રાપ્ત કરી શકતો નથી ૧૫૬,

समुद्रयानकुशला देशकालार्थदर्शिनः । स्थापयन्ति तु यां वृद्धिं सा तत्राधिगमं प्रति ॥ १५७ ॥ योयस्य प्रतिभूस्तिष्ठेद्दर्शनायेह मानवः । अदर्शयन् स तं तस्य प्रयच्छेत्स्वधनादृणम् ॥ १५८ ॥ प्रातिभाव्यं वृथादानमाक्षिकंसौरिकंचयत् । दण्डशुल्कावशेषं च न पुत्रोदातुमर्हति ॥१५९॥ दर्शनप्रतिभाव्ये तु विधिःस्यात् पूर्वचोदितः । दानप्रतिभुवि प्रेते दायादानपि दापयेत् ॥ १६० ॥

વ્યાપારાદિ કાર્ય માટે સમુદ્ર યાનમા કુશલ તથા દેશ અને કાળને જાણુનારા પુરૂષો જે વ્યાજ સ્થાપના કરે તે વ્યાજ તે ઠેકાણે પ્રમાણુ ભૂત ગણાય છે. ૧૫૭ જે મનુષ્યને હાજર કરવા માટે જામીન રહ્યો હોય તે જો તેને કામ ચાલતી વખતે ટાઇમસર હાજર ન કરે તો જામીન થનારે

લેણદારનું ઋણ પોતાની પાસેથી ચુકાવી આપવું. ૧૫૮ જામીન થયેલાનું ધન, મિથ્યાદાન, જુગારના રૂપિઆ, મદ્યના રૂપિઆ, અને દંડ વિગેરે આપતાં જે આપવાનું બાકી રહી ગયેલું હોય તે પિતાના મરણ પછી પુત્ર આપવાને યોગ્ય નથી. ૧૫૯ આ પૂર્વોકત વિધિ માલિકને હાજર કરી આપવાની જમાનત માટેજ છે. અને ધન આપવા માટે પિતા જો જામીન રહયો હોય અને તે મરણ પામે તો તેના વારસો પાસેથી પણ અપાવવું. ૧૬૦.

अदातरि पुनर्दाता विज्ञातप्रकृतावृणम् । पश्चात्प्रतिभुवि प्रेते परीप्सेत्केन हेतुना ॥ १६१ ॥ निरादिष्टधनश्चेत्तु प्रतिभूः स्यादलंधनः । स्वधनादेव तद्दद्यान्निरादिष्ट इति स्थितिः १६२ ॥ मत्तोन्मत्तार्ताध्यधीनैर्बालेन स्थविरेण वा । असंबद्धकृतश्चैव व्यवहारोनसिध्यति ॥१६३॥ सत्या न भाषा भवति यद्यपि स्यात् प्रतिष्ठिता । बहिश्चेद्भाष्यतेधर्मान्नियताद्व्यावहारिकात् ॥ १६४ ॥

જેણે ધન આપવાનું સ્વીકાર્યું ન હોય કિંતુ જેનો જામીન રહયો હોય અને તે જામીન મરી જાય તથા ધન આપનાર પણ જાણતો હોય કે એ ધન આપવાનો જામીન નથી તો પછી તેના મરણ પછી ધનિક પોતાનું ઋણ કયા હેતુ વડે લેવા પ્રયત્ન કરે ? કાંઇ પણ હેતુથી નહી, ૧૬૧ એ હાજર રાખવાને થયેલો જે જામીન તેની પાસે કરજદારે ધન સોંપ્યુ હોય પરતુ તેને કહ્યુ ન હોય કે આ ધન માંગનારને આપવું તો તે રૂપીઆ આપવાનું નહિ કહેલા જામીને પોતાના ધનમાંથી અવસ્ય લેણદારનું ઋણ ચુકાવવું ૧૬૨ મત્ત, ઉન્મત્ત, આર્ત, પરતંત્ર, બાળક. વૃદ્ધ એટલાવડે થયેલો અસંબદ્ધ વ્યવહાર સિદ્ધ થતો નથી. ૧૬૩ " આમ મારે કરવું " ઇત્યાદિ ભાષા લેખાદિ વડે સ્થિર કરી હોય તો પણ જો શાસ્ત્રીય ધર્મથી, પરંપરાના વ્યવહારથી બહાર હોય તો તે સત્ય ન સમજવી. ૧૬૪

योगाधमनविक्रीतं योगदानप्रतिग्रहम् । यत्रवाप्युपधिंपश्येत्तत्सर्वं विनिवर्तयेत् ॥ १६५ ॥ ग्रहीता यदि नष्टःस्यात्कुटुम्बार्थे कृतोव्ययः । दातव्यं बान्धवैस्तत्स्यात्प्रविभक्तैरपि स्वतः ॥ १६६ ॥ कुटुम्बार्थेध्य-

धीनोपि व्यवहारं यमाचरेत् । स्वदेशे वा विदेशे वा तं ज्यायान्न विचालयेत् ॥ १६७ ॥ बलाद्दत्तं बलाद्भुक्तं बलाद्यच्चापि लेखितम् । सर्वान्बलकृतानर्थानकृतान्म- रब्रवीत् ॥ १६८ ॥

છલવડે કરેલું ગિરવી, વિક્રય, દાન, પ્રતિગ્રહ અને અનામત પણ પાછું આપી દેવું. ૧૬૫ કુટુંબને માટે ઋણ લઈને ખરચ કરનાર જો મરી-જાય તો તેના બાંધવ લોકો જુદા રહ્યા હોય તો અથવા નહિં જુદા રહ્યા હોય તોપણ તે ઋણ ચુકાવે. ૧૬૬ પોતાના દેશમાં અથવા વિદેશમાં સ્વામી ગયો હોય ત્યારે સ્વામિના કુટુંબના ખરચ માટે જે દાસ (ચાકર) જે ઋણ સ્વામીને નિમિત્તે લે તો તે તેના સ્વામીએ કબુલ રાખવું. ૧૬૭ બળાત્કારથી આપેલું, ભોગવેલું, કાંઇ લખાવેલું, અથવા કાંઇ બળાત્કારથી કરાવેલું સર્વ કામ નહિં કર્યા જેવું માનવું, ૧૬૮

त्रयःपरार्थेक्लिश्यन्ति साक्षिणःप्रतिभूःकुलम् । चत्वारस्तूपचीयन्ते विप्रआढ्यो वणिङ्नृपः ॥ १६९ ॥ अनादेयनाददीत परिक्षीणोऽपि- पार्थिवः । नचादेयंसमृद्धोपि सूक्ष्ममप्यर्थमुत्सृजेत् ॥ १७० ॥ अनादे- यस्य चादानादादेयस्य च वर्जनात् । दौर्बल्यं ख्याप्यते राज्ञःस प्रे- त्येह च नश्यति ॥ १७१ ॥ स्वादानाद्वर्णसंसर्गात्त्वबलानां च रक्षणात्। बलं संजायते राज्ञः स प्रेत्येह च वर्धते ॥ १७२ ॥

સાક્ષી, જામીન અને કુલ એ ત્રણ બીજાને માટે કલેશ પામે છે. વિપ્ર, ધનિક, વણિક અને રાજા એ બીજાને માટે વધે છે. ૧૬૯ રાજા ક્ષીણ ધનવાળો હોય તોપણ ન લેવા યોગ્ય ધનનું ગ્રહણ ન કરવુ, અને રાજા સમૃદ્ધ હેય તોપણ તેણે યોગ્ય એટલે લેવા યોગ્ય થોડુ ધન હોય તોપણ છોડી ન દેવ. ૧૭૦ નહિં લેવા જેવાનું ગ્રહણ કરવાથી તથા લેવા જેવાંનો ત્યાગ કરવાથી રાજાની દુર્બળતા પ્રસિદ્ધ થાય છે અને આ લોક તથા પરલોકમા નાશ થાય છે. ૧૭। લેવા યોગ્ય ધન ગ્રહણ કરવાથી, વર્ણોના સંસર્ગથી, અબળાઓનાં રક્ષણથી રાજાનું બળ વધે છે. અને આ લોકમાં તથા પરલોકમાં વૃદ્ધિ પામે છે. ૧૭૨

तस्माद्यमइवस्वामी स्वयंहित्वाप्रियाप्रिये । वर्तेतयाम्यया वृत्त्या जित- क्रोधोजितेंद्रियः ॥ १७३ ॥ यस्त्व धर्मेण कार्याणि मोहात्कुर्यान्नरा-

षिपः । अचिरात्तं दुरात्मानं वशे कुर्वन्ति शत्रवः ॥ १७४ ॥ काम-क्रोधौ तु संयम्य योऽर्थान् धर्मेण पश्यति । प्रजास्तमनु वर्तन्ते समुद्र-मिव सिन्धवः ॥ १७५ ॥ यःसाधयन्तं छन्देन वेदयेद्धनिकं नृपे । स राज्ञा तच्चतुर्भागं दाप्यस्तस्य च तद्धनम् ॥ १७६ ॥

તેટલા માટે યમની સમાન રાજાએ જીત ક્રોધ તથા જીતેન્દ્રિય થઈ, પ્રિય અપ્રિયને છોડી દઈને પોતે યમના જેવી વૃત્તિવડે વર્તવું. ૧૭૩ જે રાજા અધર્મ વડે મોહથી કાર્યો કરે છે તો થોડાજ વખતમાં તે દુષ્ટાત્મા રાજાને તેના શત્રુઓ વશ કરી લેછે, ૧૭૪ જે રાજા કામ અને ક્રોધને નિયમમાં રાખીને ધર્મ વડે વ્યવહારોને જુવે છે તો જેવી નદીયો સમુદ્રની પાસે જાય છે તેમ તે રાજાની પ્રજા તેને અનુકૂલ વર્તે છે. ૧૭૫ જે અધમપણે પોતાની સ્વતંત્રતા વડે ધનિકો પાસેથી ધન લઇ રાજાને નિવેદન કરેછે. તો રાજાએ તે ઋણનો ચોથો ભાગ દંડ કરવો અને ધનિકનું ધન પાછું અપાવી દેવું. ૧૭૬

कर्मणापि समं कुर्याद्धनिकायाधमर्णिकः । समोवकृष्टजातिस्तु द-द्याच्छ्रेयांस्तु तच्छनैः ॥ १७७ ॥ अनेनविधिनाराजा मिथोविवदतां नृणाम् । साक्षिप्रत्ययसिद्धानि कार्याणि समतां नयेत् ॥ १७८ ॥ कुलजे वृत्तसंपन्ने धर्मज्ञे सत्यवादिनि । महापक्षे धनिन्यार्ये निक्षेपं निक्षिपेद्बुधः ॥ १७९ ॥ योयथा निक्षिपेद्धस्ते यमर्थं यस्य मानवः । स तथैव ग्रहीतव्यो यथा दायस्तथा ग्रहः ॥ १८० ॥

સમાન જાતિવાળા અથવા નિચી જાતિવાલા અધમર્ણ (ગરીબે) ધના ભાવમાં એટલે ધનીનુ ધન આપી શકે એમ હોય તો પોતાની જાતિને યોગ્ય કામ કરીને ઋણ પુરૂ કરવુ. અને કરજદાર ઉંચી જ્ઞાતિનો હોય તો ધીરે ધીરે ધનિકનું ધન આપવુ. ૧૭૭ એ વિધિવડે રાજાએ પરસ્પર ઝઘડો કરનાર પુરૂષોના સાક્ષી અને વિશ્વાસ સિદ્ધ કાર્યો બરાબર કરવાં. ૧૭૮ સારા કુલમાં ઉત્પન્ન, સદાચારી, ધર્માત્મા, સત્યભાષણ કરનાર મોટા પક્ષવાળો, ધનવાન્ આર્યની પાસે વિદ્વાન્ પુરૂષે અનામત મુકવી. ૧૭૯ જે મનુષ્ય જે પ્રકારે જે દ્રવ્યને જેના હાથમાં આપે તેની પાસેથી તેજ પ્રમાણે પાછું લેવું એટલે કે જેમ આપ્યુ હોય તેમજ લેવું. ૧૮૦

योनिक्षेपंयाच्यमानोनिक्षेप्तुर्न प्रयच्छति। स याच्यः प्राड्विवाकेन तन्निक्षेप्तुरसन्निधौ ॥ १८१ ॥ साक्ष्यभावे प्रणिधिभिर्वयोरूपसमन्वितैः। अपदेशैश्च संन्यस्य हिरण्यं तस्य तत्त्वतः ॥ १८२ ॥ सयदिप्रतिपद्येत यथान्यस्तंयथाकृतम् । न तत्र विद्यते किञ्चिद्यत्परैरभियुज्यते ॥ १८३ ॥ तेषांनदद्याद्यदितु तद्धिरण्यंयथाविधि । उभौ निगृह्य दाप्यः स्यादिति धर्मस्य धारणा ॥ १८४ ॥

જો અનામત રાખનાર પુરૂષ અનામત માગે ત્યારે જો ન આપે તો તેની પાસેથી ન્યાય કર્તા રાજ્ય પુરૂષોએ અનામત મુકી જનારના દેખતાં નહિ માગવી પણ પાછળથી માંગવી. ૧૮૧ જો અનામત મુકનારનો કોઇ સાક્ષી ન હોય તો રાજાએ પોતાના નોકરો કે જે અવસ્થાએ પહોચેલા તથા સ્વરૂપવડે ભલા માણુસ જણાતા હોય તેને હાથે પોતાનું ધન અનામત ન આપવાવાળાને ત્યા અનામત રખાવવુ. ૧૮૨ પછી કેટલોએક સમય ગયા પછી તેને ત્યા તે પુરૂષ અનામતની માગણી કરતાં જેવીને તેવી મુકેલી અનામત પાછી મેળવે તો જાણી લેવુ કે જે લોકોએ તેનાપર અનામત રકમ પાછી ન આપવાનું તોહોમત મુકકયુ છે તે અસત્ય છે. ૧૮૩ અને જો તેની મુકેલી અનામત પાછી ન આપે તો ન્યાયાધિશે તેને પકડાવી મંગાવીને તેની પાસેથી બંનેની અનામત પાછી અપાવવી. એ ધર્મનો નિર્ણય છે. ૧૮૪.

निक्षेपोपनिधीनित्यं नदेयौप्रत्यनन्तरे । नश्यतोविनिपातेतावनिपातेत्वनाशिनौ ॥ १८५ ॥ स्वयमेव तु योदद्यान्मृतस्य प्रत्यनन्तरे । न स राज्ञा नियोक्तव्यो न निक्षेप्तुश्च बन्धुभिः ॥ १८६ ॥ अच्छलेनैव चान्विच्छेत्तमर्थं प्रीतिपूर्वकम् । विचार्य तस्य वा वृत्तं साम्नैव परिसाधयेत् ॥ १८७ ॥ निक्षेपेष्वेषु सर्वेषु विधिःस्यात्परिसाधने । समुद्रे नाप्नुयात्किञ्जिद्यदि तस्मान्न संहरेत् ॥ १८८ ॥

અનામત અને ઉપનિધી મુકવાવાળાના તથા રાખવાવાળાના વારસોને આપવાં નહિ. તે રાખનાર અને મુકનાર બન્નેનો નાશ થાય તોતે અનામત અને ઉપનિધિ જાય અને જો તે બંને જીવતા હોય તો તો તે અનામત અને ઉપનિધિ પણ અવિનાશી સમજવાં. ૧૮૫ જે અનામત અ-

થવા ઉપનિધિ રાખનાર પોતે મરનારના વારસોને તે અનામત અથવા ઉપનિધિનું ધન આપી દેનો તેનાં અનામત મુકનારના વારસો તથા રાજાએ કાંઇ પણ તકરાર ન કરવી જોઇએ. ૧૮૬ જો ધન રાખનારને ત્યા આપણા વૃદ્ધનું મુકેલુ દ્રવ્ય હોય તો તે કપટ વિના પ્રીતિ પૂર્વક મેળવવાનો પ્રયત્ન કરવો. તેમજ તેના વૃત્તાંતનો વિચાર કરીને સામ ગુણ વડે તેનું સાધન કરવું. ૧૮૭. સાક્ષિના અભાવમાં સર્વ અનામતોમા એવો વિધિ છે કે તે આપતી વખતે તેના ઉપર મુદ્રા એટલે કાંઇ ચિન્હ કરવું એટલે જ્યાં સુધી તેની પાસેથી મુદ્રાનું હરણ ન થાય ત્યાં સુધી કાઈ તેમા થઈ શકે નહિ. ૧૮૮

चौरैर्हृतं जलेनोढमग्निना दग्धमेव वा । न दद्याद्यदि तस्मात्स न संहरति किञ्चन ॥ १८९ ॥ निक्षेपस्यापहर्तारमनिक्षेप्तारमेव च । सर्वैरुपायैरन्विच्छेच्छपथैश्चैव वैदिकैः ॥ १९० ॥ योनिक्षेपं नार्पयति यश्चानिक्षिप्य याचते । तावुभौ चौरवच्छास्यौ दाप्यौ वा तत्समं दमम् ॥ १९१ ॥ निक्षेपस्यापहर्तारं तत्समं दापयेद्दमम् । तथोपनिधिहर्तारमविशेषेण पार्थिवः ॥ १९२ ॥

જે ચોરોએ ચોરી લીધુ હોય, પાણીમાં ડુબી ગયુ હોય, અગ્નિમાં બળી ગયુ હોય તો તે દ્રવ્યનો રાખનાર ભરી ન આપે. પણ જો તેમાંથી કાંઇ પણ તેણે પોતે ન લીધુ હોય તો. ૧૮૯ અનામતનુ હરણ કરનાર તથા અનામત રાખ્યા શિવાય માગનારને રાજાએ સર્વ ઉપાયો વડે તથા વૈદિક શપથો વડે તપાસ કરી યથાર્થ નિર્ણય કરવો. ૧૯૦ જે અનામત પાછી આપે નહિ અને જે મુક્યા વિનાજ માગે છે તે બંને જણને ચોરના જેટલીજ સજા કરવી અને અનામત જેટલીજ રકમનો દંડ કરવો. ૧૯૧ અનામતનું હરણ કરનારને રાજાએ તે અનામતની કિંમત જેટલોજ દંડ કરવો. અને તે પ્રમાણે ઉપનિધિને હરણ કરનારને પણ તેટલોજ દંડ કરવો. ૧૯૨.

उपधाभिश्चयःकश्चित्परद्रव्यं हरेन्नरः । ससहायः स हन्तव्यः प्रकाशं विविधैर्वधैः ॥ १९३ ॥ निक्षेपोयः कृतो येन यावांश्च कुलसन्निधौ । तावानेव स विज्ञेयो विब्रुवन्दण्डमर्हति ॥ १९४ ॥ मिथो-

दायःकृतोयेन गृहीतोमिथएव वा । मिथ एव प्रदातव्यो यथा दायस्तथा ग्रहः ॥ १९५ ॥ निक्षिप्तस्य धनस्यैवं प्रीत्योपनिहितस्य च । राजा विनिर्णयं कुर्यादक्षिण्वन्न्यासधारिणम् ॥ १९६ ॥

રાજા તારાપર અપ્રસન્ન છે માટે હુ તને બહુ બચાવું છું મને ધન આપ. એટલે કે ધનધાન્યાદિ લોભને માટે અસત્ય કહીને કપટ કરીને જે બીજાનું ધન લેઝે તેને તેના સહાયકો સાથે નાના પ્રકારના શારીરિક દંડો વડે તે મારવા યોગ્ય છે-૧૯૩ જેણે જેટલાં સુવર્ણાદિની અનામત સાક્ષીના દેખતા રાખી હોય તેમાં તોલ વિગેરે કાંઈ તકરાર ઉઠે તો સાક્ષી જેટલું કહે તેટલું આપવુ પડે અને તકરાર કરનાર દંડ કરવા યોગ્ય છે-૧૯૪ એકાંતમાં જેણે અનામત આપી હોય અને એકાંતમાંજ તે અનામત રાખી હોય તો એકાંતમાં આપનાર લનારે પરસ્પર પાછી આપી દેવી-કારણકે જેમ આપવી તેમજ લેવી-૧૯૫ એ પ્રમાણે પ્રીતિ વડે રાખેલું અનામતનું ધન અથવા પ્રતિ વડે ભોગવવા આપેલુ ધન, તેને માટે રાજાએ અનામત રાખનારને કોઈ પણ પ્રકારની પીડા ન આપતાં એવો નિર્ણય કરવો કે-૧૯૬

विक्रीणीते परस्य स्वं योऽस्वामी स्वाम्यसंमतः । न तं नयेत्त साक्ष्यं तु स्तेनमस्तेनमानिनम् ॥ १९७ ॥ अवहार्योभवेच्चैव सान्वयः षट्शतं दमम् । निरन्वयोऽनपसरःप्राप्तःस्याच्चौरकिल्बिषम् ॥ १९८॥ अस्वामिना कृतोयस्तु दायोविक्रलएव वा । अकृतः स तु विज्ञेयो व्यवहारे यथास्थिति ॥ १९९ ॥ संभोगोदृश्यते यत्र न दृश्येतागमः क्वचित् । आगमः कारणं तत्र न संभोग इति स्थिति ॥ २०० ॥

પોતે સ્વામી નથી તેમજ સ્વામીની સંમતિવિના જે પારકું દ્રવ્ય વેચે છે તેવા પોતાને ચોર નમાનનાર ચોરને સાક્ષી કરવો નહિં. ૧૯૭ તેવી રીતે દ્રવ્ય વેચનાર દ્રવ્યના સ્વામિના વંશનો હોય તો તેને છસો પણ દંડ કરવો. અને દ્રવ્યના સ્વામીનો સંબધિ નહોય તો તથા તેનો પ્રતિનિધિ પણ ન હોય તો ચોરના જેવો તેને પાપી જાણવો. ૧૯૮ સ્વામિના શિવાય જે કાંઈ વેચ્યું તથા લીધુ હોય તો તે વેચ્યુ લીધું વ્યવહારમાં જેમ યથાસ્થિતિ થાય છે તેમ થયેલું ન જાણવુ. ૧૯૯ જે વસ્તુનો સંભોગ દેખાતો હોય અને ક્યાદિરૂપ આગમ દેખાતો નથી તો તેમા આગમ પ્રમાણ જાણવો પણ સંભોગ પ્રમાણ મનાય નહિં. એવી શાસ્ત્રનીમર્યાદા જાણવી. ૨૦૦

विक्रयाद्यो धनं किञ्चिद् गृह्णीयात्कुलसन्निधौ । क्रयेण स विशुद्धं हि न्यायतो लभते धनम् ॥ २०१ ॥ अथ मूलमनाहार्यं प्रकाशक्रयशोधितः । अदण्ड्योमुच्यते राज्ञा नाष्टिकोलभते धनम् ॥ २०२ ॥ नान्यदन्येन संसृष्टरूपं विक्रयमर्हति । न चासारं न च न्यूनं न दूरेण तिरोहितम् ॥ २०३ ॥ " अन्यां चेद्दर्शयित्वान्या वोढुः कन्या प्रदीयते । उभे ते एकशुल्केन वहेदित्यब्रवीन्मनुः ॥ २०४ ॥ "

જે સ્વામિની સામે માલ વેચાતો ખરીદે અને તેમાંથી ધન પોતે ગ્રહણ કરે તો તે ખરીદીને સિદ્ધ કરી આપીને રાજાના ન્યાયથી તે ધન સ્વામી મેળવી શકે છે. ૨૦૧ સ્વામિ વિના વેચવાવાળા પાસેથી પ્રત્યક્ષ ખરીદ કરનાર શુદ્ધ પુરૂષ વેચવાવાળાને હાજર નહિં પણ કરી શકે તો તેથી તે દંડ પાત્ર ઠરતો નથી ૨૨૨ બીજી વસ્તુના જેવા રૂપવાળી બીજી વસ્તુ મળતી હોય તો પણ અસલ વસ્તુનુ નામ લઇ દગાથી તે વસ્તુ વેચવા યોગ્ય નથી. તેમજ સાર વિનાની, તોલમાં કમતી, તેમ ઢાંકેલી વસ્તુ વેચવા યોગ્ય નથી. ૨૦૩ " કન્યા બતાવી હોય બીજી અને પરણનારને પરણાવતી વખતે બીજી કન્યા સાથે પરણાવી દેતો તેને પરણવા બદલ જે દ્રવ્ય આપ્યુ હોય તેટલાંજ દ્રવ્યથી તે બંને કન્યા પરણાવવી એમ મનુકહે છે " (કન્યાવિક્રયના મહા વિરોધિ મનુમહારાજે આ શ્લોકનો ઉપદેશ કર્યો હોય એ સર્વથા અસગત છે) ૨૦૪

नोन्मत्ताया न कुष्ठिन्या न च या स्पृष्टमैथुना । पूर्वं दोषानभिख्याप्य प्रदाता दण्डमर्हति ॥ २०५ ॥ ऋत्विग्यदिवृतोयज्ञे स्वकर्म परिहापयेत् । तस्य कर्मानुरूपेण देयोंऽशः सह कर्तृभिः ॥ २०६ ॥ दक्षिणासु च दत्तासु स्वकर्म परिहापयन् । कृत्स्नमेव लभेतांशमन्येनैव च कारयेत् ॥ २०७ ॥ यस्मिन् कर्मणि यास्तु स्युरुक्ताः प्रत्यङ्ग दक्षिणाः । स एव ता आददीत भजेरन्सर्व एव वा ॥ २०८ ॥

ગાંડી, કોઢવાળી અને ક્ષતયોનિ કન્યાના દોષોને પ્રથમ ન બતાવીને કન્યા પરણાવે તો તે કન્યાદાન કરનાર દંડપાત્ર ગણાય છે. ૨૦૫ યજ્ઞમાં જે ઋત્વિજનું વરણ કર્યું હોય અને તે પોતાનું કર્મ કાઇક થોડુ કરીને પછી છોડી દેતો તેના કર્મના પ્રમાણમાં બીજા કર્મ કરનારાઓની સાથે

તેને પણ કાંઇક દક્ષિણા મળવી જોઇયે. ૨૦૬ માધ્યન્દિન સવનોમાં દક્ષિણાના સમયે દક્ષિણા આપી હોય છતાં યાજકો વ્યાધિઆદિથી પીડીત હોવાના કારણથી પોતાનું કર્મ સમાપ્ત ન કરે તો પણ તેને સંપૂર્ણ દક્ષિણા મળે અને બાકીનુ રહેલું કર્મ બીજા પાસેથી કરાવી લેવું. ૨૦૭ જે કર્મમાં જે પ્રત્યંગ દક્ષિણાઓ કહી છે તે દક્ષિણા તેજ કર્મકર્ત્તાએ લેવી, અથવા તો સર્વએ વેહેંચીને લેવી. ૨૦૮

रथंहरेतचाध्वर्युर्ब्रह्माधानेचवाजिनम् । होता वापि हरेदश्वमुद्गाताचाप्यनःक्रये ॥ २०९ ॥ सर्वेषामर्धिनोमुख्यास्तदर्धेनार्धिनोऽपरे । तृतीयिनस्तृतीयांशाश्चतुर्थांशाश्चपादिनः ॥ २१० ॥ संभूय स्वानि कर्माणि कुर्वद्भिरिह मानवैः । अनेन विधियोगेन कर्तव्यांशप्रकल्पना ॥ २११ ॥ धर्मार्थं येन दत्तं स्यात्कस्मैचिद्याचते धनम् । पश्चाच्च न तथा तत्स्यान्न देयं तस्य तद्भवेत् ॥ २१२ ॥

કોઇના આધાનમાં અધ્વર્યુ રથગ્રહણ કરે, બ્રહ્માઘોડો, અને હોતા પણ ઘોડાનુ ગ્રહણ કરે અને ઉદ્ગાતાએ સોમક્રય વહન કરવા માટે ગાડી લેવી, ૨૦૯ સર્વમા સંપૂર્ણ દક્ષિણાનો અર્ધ ભાગ લેનાર ચાર ઋત્વિજો હોય છે. અને તેનાથી અર્ધ લેનાર બીજાં ચાર તથા દક્ષિણાનો તૃતીય ભાગ લેનાર ચાર તથા ચોથા ભાગ લેનાર ચાર એકંદર સોલ ઋત્વિજો હોય છે. ૨૧૦ પોતપોતના કર્મ કરનાર મનુષ્યો બધા એકત્ર થઇને ઉપરોક્ત વિધિયોગવડે ભાગની કલ્પના કરીલે. ૨૧૧ જે પુરૂષે યાગને માટે કોઇ યાચકને ધન આપ્યું હોય અથવા આપવાનું કહ્યું હોય પછી જો તે પ્રમાણે યાગકર્મ ન કરેતો તે ધન તેનું ન થાય. ૨૧૨

यदिसंसाधयेत्तत्तु दर्पाल्लोभेनवापुनः । राज्ञादाप्यःसुवर्णंस्यात्तस्य स्तेयस्य निष्कृतिः ॥ २१३ ॥ दत्तस्यैषोदिता धर्म्या यथावदनपक्रिया । अतऊर्ध्वं प्रवक्ष्यामि वेतनस्यानपक्रियाम् ॥ २१४ ॥ भृतोनार्तोन कुर्याद्यो दर्पात्कर्म यथोदितम् । सदण्ड्यःकृष्णलान्यष्टौ न देयं चास्य वेतनम् ॥ २१५ ॥ आर्तस्तु कुर्यात्स्वस्थः सन्यथा भाषितमादितः । स दीर्घस्यापि कालस्य तल्लभेतैव वेतनम् ॥२१६॥

જો તે ધન લેનાર તે ધન ગર્વથી અથવા લાભથી પાછું ન આપે અને જે ધનની કબુલાત થઇ હોય તે બલાત્કારથી લેવાની ઇચ્છા કરે તો રાજાએ તે ચોરની શુદ્ધિ માટે સુવર્ણ દંડ કરવો. અને લીધેલું ધન પાછું અપાવવું; તેમજ ધન લેવા માટે બળાત્કાર કરતો અટકાવવો. ૨૧૩ એ આપેલાં દ્રવ્યને પાછું અપાવવાની ધર્માનુકૂલ ક્રિયા યથાવત્ કહી; હવે પગાર ન આપવાની ક્રિયા કહું છુ. ૨૧૪ જે નોકર વ્યાધિ આદિથી પીડિત ન હોય છતાં અહંકારથી કહ્યા પ્રમાણે કામ ન કરતો હોય તો તેને આઠ કૃષ્ણલ દંડ રાજાએ કરવો, અને તેનો પગાર અપાવવો નહિં. અથવા આપવો નહિં. ૨૧૫ જ્યારે વ્યાધિ વિગેરેથી પીડિત હોય ત્યરે કામ ન કરે પરંતુ સ્વસ્થ હોય ત્યારે જેમ કહો તેમ કામ કરે તો તેને ઘણા કાળ સુધી પગાર આપવો. ૨૧૬

यथोक्तमार्तःसुस्थोवा यस्तत्कर्म न कारयेत् । नतस्य वेतनं देयमल्पोनस्यापि कर्मणः ॥ २१७ ॥ एष धर्मोऽखिलेनोक्तो वेतनादानकर्मणः । अतऊर्ध्वं प्रवक्ष्यामि धर्मं समयभेदिनाम् ॥ २१८ ॥ योग्रामदेशसंघानां कृत्वासत्येनसंविदम् । विसंवदेन्नरोलोभात्तं राष्ट्राद्विप्रवासयेत् ॥ २१९ ॥ निगृह्य दापयेच्चैनं समयव्यभिचारिणम् । चतुःसुवर्णान्षण्निष्कांश्छतमानंचराजतम् ॥ २२० ॥

જે કામ કરવાને જેમ ઠરાવ્યુ હોય તે કામ પોતે દુખી હોવાને લીધે ન કરે અને બીજા પાસે પણ તે કામ ન કરાવો આપે તો તેનો પગાર ન આપવો અને જે કાંઈ થોડું કામ કર્યું હોય તેનું પણ કાંઇ આપવું નહિં. ૨૧૭ પગાર આપવા સંબધી આ સમગ્ર ધર્મ કહ્યો, હવે વચનમા ફરી જનારાઓના ધર્મ કહું છું. ૨૧૮ જે મનુષ્ય ગામ, દેશ અથવા સમુદાયોમા સત્ય પ્રતિજ્ઞા કંટ્રાકટ અમુક વાત માટે કરીને પછી લોભના કારણથી તે છોડી દેતો તેને રાજાએ પોતાના રાજ્યમાથીં કહાડી મુકવો. ૨૧૯ અથવા ત બોલાથી ફરી જનારને પકડીને રાજાએ ચાર સુવર્ણ, છ નિષ્ક અને એક રૂપા । શતમાનનો દંડ કરવો. ૨૨૦

एतद्दण्डविधिं कुर्याद्धार्मिकःपृथिवीपतिः । ग्रामजातिसमूहेषु समयव्यभिचारिणाम् ॥ २२१ ॥ क्रीत्वा विक्रीय वाकिञ्चिद्यस्येहा नुश-

योभवेत् । सोऽन्तर्दशाहात्तद्द्रव्यं दद्याच्चैवाददीत च ॥ २२२ ॥ परेण तु दशाहस्य न दद्यान्नापि दापयेत् । आददानोददच्चैव राज्ञा- दण्ड्यः [illegible] ॥ २२३ ॥ यस्तु दोषवतीं कन्यामनाख्याय प्रय- च्छति । तस्य कुर्यान्नृपोदण्डं स्वयं षण्णवतिं पणान् ॥ २२४ ॥

ધાર્મિક રાજાએ ગામ તથા જાતિયોના સમુદાયમાં પ્રતિજ્ઞાનો વ્યભિચાર કરનારાઓને એ પ્રમાણે દંડ કરવો કે–૨૨૧ કાંઇ દ્રવ્ય વેચીને અથવા ખરીદ કરીને પછી તે પ્રસન્ન પડે તો દશ દિવસની અંદર પાછું આપવુ અને તે વેચનારે પાછું લેવું જોઇએ. ૨૨૨ દશ દિવસ થઇ ગયા પછી નહિં તો પાછું આપવું અથવા નહિ તો પાછું લેવું. જો દશ દિવસ થઇ ગયા પછી પાછું આપે અથવા પાછું લેતો રાજાએ છસો પણ (મુદ્રા) દંડ કરવા યોગ્ય છે. ૨૨૩ જે કોઇ મનુષ્ય પોતાની દોષવાળી કન્યાના દોષની પ્રસિદ્ધિ ન કરીને કન્યાદાન આપે તેને રાજાએ છન્નુ પણ (મુદ્રા) દંડ કરવો. ૨૨૪

अकन्येति तु यः कन्यांब्रूयाद् द्वेषेण मानवः । स शतं प्राप्नुयाद्दण्डं तस्यादोषमदर्शयन् ॥ २५५ ॥ पाणिग्रहणिका मन्त्राः कन्यास्वेव प्रतिष्ठिताः ॥ नाकन्यासु कचिन्नृणां लुप्तधर्मक्रिया हि ताः ॥२२६॥ पाणिग्रहणिकामन्त्रा नियतंदारलक्षणम् । तेषांनिष्ठातुविज्ञेया विद्वद्भिः सप्तमे पदे ॥ २२७.॥ यस्मिन्यस्मिन्कृते कार्ये यस्येहानुशयोभवेत् । तमनेन विधानेन धर्मे पथि निवेशयेत् ॥ २२८ ॥

જે મનુષ્ય દ્વેષ વડે કરીને કન્યા છતાં કન્યા નથી કિંતુ "વિદ્ધયોનિ થયેલી છે" એમ કહે તો તેને સો પણ (મુદ્રા) દંડ કરવો. પણ જો તે કન્યાત્વ બંધ થએલું સિદ્ધ નહિ કરી શકે તો. ૨૨૫ મનુષ્યોના પાણિ ગ્રહણ સંબંધિ જે મંત્રો છે તે કન્યાઓના વિષયમાં છે. અકન્યાના વિષયમાં નથી, કારણ કે દૂષિત કન્યાઓની ધર્મ ક્રિયા લુપ્ત થાય છે. ૨૨૬ પાણિ ગ્રહણના મંત્રો છે તે ભાર્યા થવાનું લક્ષણ છે. તે મંત્રોની સમાપ્તિ વિદ્વાનોએ સપ્તપદીમાં જાણવી. ૨૨૭ જેજે કાર્ય કરેલાં હોય તેમાં જેને જે કાર્ય પ્રસન્ન ન હોય તેને રાજાએ ઉક્ત વિધિવડે ધર્મ માર્ગમાં પાછાં સ્થાપન કરવાં. ૨૨૮

पशुषुस्वामिनांचैव पालानांचव्यतिक्रमे । विवादंसंप्रवक्ष्यामि यथावद्धर्मतत्त्वतः ॥ २२९ ॥ दिवावक्तव्यतापाले रात्रौस्वामिनि तद्गृहे । योगक्षेमेऽन्यथा चेत्तु पालोवक्तव्यतामियात् ॥ २३० ॥ गोपः क्षीरभृतोयस्तु सदुह्याद्दशतोवराम् । गोस्वाम्यनुमतेभृत्यः सा स्यात्पालेऽभृते भृतिः ॥ २३१ ॥ नष्टं विनष्टं कृमिभिःश्वहतं विषमे मृतम् । हीनं पुरुषकारेण प्रदद्यात्पालएव तु ॥ २३२ ॥

પશુઓના વિષયમા પશુના સ્વામિ તથા પશુ પાલકોમા કોઇ વિવાદ ઉઠે તો તેના સંબંધમા યથાવત્ ધર્મતત્વથી વિવાદ કહું છુ ૨૨૯ દિવસે પશુઓની જવાબદારી ગોવાળીયાઓ ઉપર અને રાત્રે સ્વામિના ઘરમા સ્વામી ઉપર જવાબદારી રહે છે, કાંઇ ઘાસચારા આદિના યોગ્ય ક્ષેત્રમા અન્યથા થાય તો ગોવાળીઆને માથે જવાબદારી હોય છે. ૨૩૦ જે ગોવાળીઓ ફકત દુધ વડેજ પોતાની ચાકરી કરતો હોય તો તેણે સ્વામીની આજ્ઞાથી દશ ગાયોમાંથી એક સારી ગાયને દોહી લેવી. તેજ તેનો પગાર સમજવો. અર્થાત્ એક ગાય દોહી ખાવાના બદલામા દશ ગાય દરરોજ ચરાવવી. ૨૩૧ જો કોઇ પશુ ખોવાઇ જાય, અથવા કીડા વિગેરે પડી નાશ પામે અથવા કુતરા વડે નાશ પામે અથવા આડા અવળા ખાડામાં પડી મરણ પામે, તેમજ પુરૂષાર્થ રહિત થાય તો તે પશુના બદલામાં અન્ય પશુ ગોવાળીયાએ આપવું. ૨૩૨

विघुष्य तु हृतं चौरैर्न पालोदातुमर्हति । यदि देशे च काले च स्वामिनःस्वस्य शंसति ॥ २३३ ॥ कर्णौचर्मचवालांश्च बस्तिंस्नायुं च रोचनाम् । पशुषुस्वामिनांदद्यान्मृतेष्वङ्गानिदर्शयेत् ॥ २३४ ॥ अजाविकेतुसंरुद्धे वृकैःपालेत्वनायति । यांप्रसह्यवृकोहन्यात् पाले तत्किल्बिषं भवेत् ॥२३५॥ तासांचेदवरुद्धानां चरन्तीनां मिथोवने । यामुत्प्लुत्य वृकोहन्यान्नपालस्तत्रकिल्बिषी ॥ २३६ ॥

જો ચોર લોકો જબરજસ્તીથી પશુને ચોરી જાય તો તે ગોવાળીયો ન આપે. પણ જો તે ગોવાળીયો યોગ્ય દેશ કાલે પોતાના સ્વામીને તે ચોરીનું વૃત્તાન્ત કહી દેતો. ૨૩૩ જો પશુ એમને એમ મરી જાય તો તે પશુનુ અંગ ગોવાળીયાએ સ્વામીને બતાવી દેવું અને કાન, ત્વચા, બાલ,

બસ્તી, સ્નાયુ અને રોચના સ્વામીને આપવી, ૨૩૪ બકરી અથવા ઘેટાંને વરૂ રોકીલે અને ગોવાળીયો તેને છોડાવવા ન આવે અને વરૂ જો તેને મારી નાંખે તો તેનુ પાપ ગોવાળીયાને લાગે. ૨૩૫ પરંતુ ગોવાળીઆએ ઘેરી રાખેલી ચરતી બકરીને અથવા ઘેટાને વરૂ એકદમ આવીને તેનાપર પડીને મારી નાખે તો તેનું પાપ ગોવાળીઆને લાગતુ નથી. ૨૩૬

धनुःशतंपरीहारो ग्रामस्य स्यात्समन्ततः । शम्यापातास्त्रयो वाऽपि त्रिगुणोनगरस्य तु ॥ २३७ ॥ तत्रापरिवृतंधान्यं विहिंस्युः पशवोयदि। न तत्र प्रणयेद्दण्डं नृपतिः पशुरक्षिणाम् ॥ २३८ ॥ वृतिं तत्र प्रकुर्वीत यामुष्ट्रोन विलोकयेत् । छिद्रं च वारयेत्सर्वं श्वमूकरमुखानुगम् ॥२३९॥ पथिक्षेत्रेपरिवृते ग्रामान्तीयेऽथवा पुनः । सपालः शतदण्डार्हो विपाला न्वारयेत्पशून् ॥ २४० ॥

પશુઓને ચરવા માટે ગામની આસપાસ ગાંસો હાથ અથવા ત્રણ વખત લાકડી ફેંકીયે અને જેટલી દૂર જઇને પડે ત્યાં સુધીની છુટી જમીન અને શહેરની આસપાસ એનાથી ત્રગુણી જમીન રાખવી જોઇયે. ૨૩૭ તે જમીનમાં યદિ વાડ આદિના રક્ષણ વિનાનુ ધાન્ય પશુ નાશ કરે તો રાજાએ ગોવાળીયાને દંડ ન કરવો ૨૩૮ ખેતરના માલીકે પોતાનું ખેતર બચાવવા માટે એટલી ઉંચી વાડ કરવી જોઇયે કે જેમા ઉંટ જોઇ ન શકે, વચ્ચે છિદ્ર ન હોવું જોઇયે કે જેમાથી કુતરા અથવા ભુંડનું મુખ આવી ન શકે ૨૩૯ વાડથી ઘેરાવલા ક્ષેત્રમાં અથવા ગામની પાસેના ક્ષેત્રમા યદિ ગોવાળીયો સાથે હોય છતાં પશુઓ ખેતર ચરી ખાય તો ગોવાળીયો સો પણ (મુદ્રા) દંડ યોગ્ય છે અને પશુઓ સાથે ગોવાળીયો ન હોય તો ક્ષેત્રના રખેવાળે પશુઓને હાંકી મુકવા ૨૪૦

क्षेत्रेष्वन्येषु तु पशुःसपादं पणमर्हति । सर्वत्र तु सदोदेयःक्षेत्रिकस्येति धारणा ॥ २४१ ॥ अनिर्दशाहांगांमूतां वृषान्देवपशूंस्तथा । सपालान्वा विपालान्वा न दण्ड्यान्मनुरब्रवीत् ॥ २४२ ॥ क्षेत्रियस्यात्ययेदण्डो भागाद्दशगुणोभवेत् । ततोऽर्धदण्डोभृत्यानामज्ञानात्क्षेत्रिकस्यतु ॥ २४३ ॥ एतद्विधानमातिष्ठेद्धार्मिकः पृथिवीपतिः । स्वामिनांचपशूनांच पालानांचव्यतिक्रमे ॥ २४४ ॥

અન્ય ક્ષેત્રોમાં પશુ ચરી જાય તો ગોવાળીયાને સવા પણુ દંડ કરવો. અને ક્ષેત્રમાં પશુએ જેટલુ ભક્ષણુ કર્યું હોય અથવા બિગાડ કર્યો હોય તો, ક્ષેત્રના સ્વામીને પશુપાલે અથવા પશુના સ્વામીએ ભરી આપવું. ૨૪૧ દશ દિવસના અંદરની વિયાયલી ગાય, સાંઢો, તથા દેવપશુ એટલે હોમને માટે ઘૃતાદિના ઉપયોગમાં આવતા પશુઓના રખેવાલની સાથે અથવા રખેવાલ વિના પણુ તે અન્યના ક્ષેત્રમાંથી ભક્ષણુ કરે તો તે દંડ કરવા યોગ્ય નથી. એ મનુની આજ્ઞા છે. ૨૪૨ યદિ ક્ષેત્રવાળાના પોતાના પશુ ક્ષેત્ર ચરી જાય, તો તેમાં જેટલો રાજભાગ હોય તેનાથી દશગણો વધારે દંડ કરવો. ૨૪૩ સ્વામી, પશુ તથા ગોવાળીયાના વ્યતિક્રમમા ધાર્મિક રાજાએ એ પ્રમાણે દંડ વિધાન કરવું. ૨૪૪

सीमांप्रतिसमुत्पन्नेविवादेग्रामयोर्द्वयोः । ज्येष्ठेमासिनयेत्सीमां सुप्रकाशेषु सेतुषु ॥ २४५ ॥ सीमावृक्षांश्च कुर्वीत न्यग्रोधाश्वत्थ-किंशुकान् । शाल्मलीन्शालतालांश्च क्षीरिणश्चैव पादपान् ॥ २४६ ॥ गुल्मान्वेणूंश्चविविधाञ्छमीवल्लीस्थलानि च । शरान्कुब्जकगुल्मांश्च तथा सीमा न नश्यति ॥ २४७ ॥ तडागान्युदपानानि वाप्यः प्रस्रव-णानि च । सीमासंधिषु कार्याणि देवतायतनानिच ॥ २४८ ॥

બે ગામોના સીમાડાનો ટંટો ઉત્પન્ન થાય ત્યારે જેઠ માસમાં સીમા-ડાની હદ્દના ચિન્હ બરોબર માલમ પડે ત્યારે તેનો નિશ્ચય કરવો. ૨૪૫ વડ, પીપળો, ખાખરો, સામેલ, સાલ અને તાડ તથા અન્ય દૂધવાળાં વૃક્ષો વડે સીમાનુ ચિન્હ સ્થાપન કરવું. ૨૪૬ ગુલ્મ, નાના પ્રકારના વાંસ, શમડી, વેલીઓનો જથ્થો, શર અને કુબ્જગુલ્મ વડે હદ્દસ્થાપન કરવી કે જેથી સીમા નાશ ન પામે. ૨૪૭ તળાવ, કુવો, વાવ, ઝરણું, અને યજ્ઞશા-લાઓ સીમાડાની સંધિમાં કરાવવાં કે જેથી સીમા નષ્ટ ન થાય. ૨૪૮

उपच्छन्नानिचान्यानि सीमालिङ्गानिकारयेत् । सीमाज्ञानेनृणां वीक्ष्य नित्यंलोकेविपर्ययम् ॥ २४९ ॥ अश्मनोऽस्थीनिगोबालांस्तुषा-न्भस्मकपालिकाः । करीषमिष्टकाङ्गारांश्छर्करावालुकास्तथा ॥ २५० ॥ यानिचैवप्रकाराणि कालाद्भूमिर्नभक्षयेत् । तानिसन्धिषु सीमायाम-

प्रकाशानि कारयेत् ॥ २५१ ॥ एतैर्लिङ्गैर्नयेत्सीमां राजा विवदमानयोः । पूर्वभुक्त्या च सततमुदकस्यागमेन च ॥ २५२ ॥

સીમાના નિર્ણયમાં હંમેશા લોકમા મનુષ્યોનું અજ્ઞાન જોઇને બીજા ગુપ્ત સીમા ચિન્હો પણ સ્થાપન કરવા ૨૪૯ પત્થર, હાડકા, ગોબાલ, તુષ એટલે ભાતના છોતરા રાખ, કામડાની ખપાટો, સૂકા છાણ, ઇંટિ, કોયલા, પત્થરની કપચીઓ, રેતી. ૨૫૦ અને બીજી એવા પ્રકારની વસ્તુઓ કે જે ઘણા કાલે પણ ભૂમિવડે ખવાઇ ન જાય અર્થાત્ માટી રૂપ ન થઇ જાય એવી વસ્તુઓને સીમાની સંધિમાં ગુપ્ત સ્થાપિત કરાવવી. ૨૫૧ સીમાડામાં એનો વિવાદ હોય તેમા રાજાએ એ ઉપર જણાવેલા ચિન્હો વડે સીમા નક્કી કરવી તથા પ્રથમનો ભોગવટો તથા નદી આદીના જલના માર્ગ વડે તે તકરાર કરનારાઓની સીમાનો નિર્ણય કરવો. ૨૫૨.

यदि संशयएवस्याल्लिङ्गानामपि दर्शने । साक्षिप्रत्ययएव स्यात् सीमावादविनिर्णयः ॥ २५३ ॥ ग्रामीयककुलानां च समक्षं सीम्नि साक्षिणः । प्रष्टव्याःसीमलिङ्गानि तयोश्चैव विवादिनोः ॥ २५४ ॥ ते पृष्टास्तुयथाब्रूयुः समस्ताःसीम्निनिश्चयम् । निबध्नीयात्तथा सीमां सर्वांस्तांश्चैव नामतः ॥ २५५ ॥ शिरोभिस्तेगृहीत्वोर्वीं स्रग्विणो रक्तवाससः । सुकृतैःशापिताःस्वैःस्वैर्नयेयुस्ते समञ्जसम् ॥ २५६ ॥

યદિ એટલામાંથી કોઇ પણ ચિન્હો જોતા પણ જો સંશય ઉત્પન્ન થાય તો સાક્ષીના વિશ્વાસ ઉપરજ સીમાની તકરારનો નિર્ણય કરવો ૨૫૩ ગામના આગેવાનો તથા તે વાદી પ્રતિવાદીની રજુઆતમાં સીમાડાના સાક્ષીઓને સીમાના ચિન્હ પૂછવાં. ૨૫૪ સીમાના વિષયના નિશ્ચયમાં જે પ્રશ્નો પૂછ્યા હોય અને તે સાક્ષીઓ જેમ કહે તેમ સીમા બાંધવી તથા તે લખી લેવી. અને તે સર્વ સાક્ષીઓના નામ દફતરમા લખી લેવા. ૨૫૫ તે સાક્ષીઓએ મસ્તકપર માટીનું ઢેફું મુકી લાલ રંગના કપડાં પેહેરીને "જો આ કામમા અમે અસત્ય કહીયે તો અમારૂ સુકૃત નાશ પામો" એવી રીતે પોતે પોતાને અસત્ય કથનમાં શાપ આપી સીમાનો તે કહે તેમ નિર્ણય કરવો. ૨૫૬

यथोक्तेन नयन्तस्ते पूयन्ते सत्यसाक्षिणः । विपरीतं नयन्तस्तु

दाप्याःस्युर्द्विशतंदमम् ॥ २५७॥ साक्ष्यभावतुचत्वारो ग्रामाःसामन्तवासिनः। सीमाविनिर्णयंकुर्युः प्रयता राजसन्निधौ ॥ २५८ ॥ सामन्तानामभावेतु मौलानांसीम्निसाक्षिणाम् । इमानप्यनुयुञ्जीत पुरुषान्वनगोचरान् ॥ २५९ ॥ व्याधांश्छाकुनिकान्गोपान्कैवर्तान्मूलखानकान् । व्यालग्राहानुञ्छवृत्तीनन्यांश्चवनचारिणः ॥ २६० ॥

તે સત્ય નિર્ણય કરનારા સાક્ષીઓ શાસ્ત્રયુક્ત વિધાન વડે નિષ્પાપ થાય છે અને જો તે અસત્ય નિર્ણય કરે તો દરેક સાક્ષીઓ બસો બસો પણ દંડ આપવા યોગ્ય છે. ૨૫૭ સાક્ષીના અભાવમા આજુ બાજુના ગામમા નિવાસ કરનારા ચાર જમીદારો ધર્મથી રાજાના સંનિધાનમા સીમાનો નિર્ણય કરે. ૨૪૮ આસપાસના ચાર ગામોના જમીદાર સાક્ષીઓના અભાવમા સીમાના નિર્ણયમા વનમા રહેતા પુરૂષો કે જે આગળના શ્લોકમાં કહેલાના તેઓને સાક્ષી કરવા ૨૫૯ વ્યાધ, પક્ષિ વધકરી જીવનારા, ગોવાળીયા, મત્સ્યવડે જીવનારા, વૃક્ષોના મૂલ ઉખેડીને જીવનારા, સર્પ પકડનારા, શિલોછવૃત્તિવાળા અથવા અન્ય વનનારીઓને સાક્ષી કરવા. કારણકે એટલાઓ પોતાના પ્રયોજન માટે ત ગામથી હમેશા વનમાં જતા હોય છે; એટલ તેઓ ગામની સીમા જાણનારા હોય છે. ૨૬૦

ते पृष्टास्तुयथाब्रूयुः सीमासन्धिषुलक्षणम् । तत्तथास्थापयेद्राजा धर्मेण ग्रामयोर्द्वयोः ॥ २६१ ॥ क्षेत्रकूपतडागानामारामस्य गृहस्य च। सामन्तप्रत्ययोज्ञेयःसीमासेतुविनिर्णयः ॥ २६२ ॥ सामन्ताश्चेन्मृषा ब्रूयुः सेतौ विवदतां नृणाम् । सर्वे पृथक्पृथग्दण्ड्याराज्ञा मध्यमसाहसम् ॥ २६३ ॥ गृहं तडागमारामं क्षेत्रं वा भीषयाहरन् । शतानिपञ्चदण्ड्यःस्यादज्ञानाद्द्विशतोदमः ॥ २६४ ॥

તેઓને પુછતાં તે લોકો જેવી રીતે સીમાનું લક્ષણ બતાવે તે પ્રમાણે રાજાએ બંને ગામની વચમાંના સીમાડાનો નિશ્ચય કરવો. ૨૬૧ ક્ષેત્ર, કુવો, તળાવ, બગીચો અને ગૃહોના સીમાસેતુના નિર્ણય કરવામા જો તે પાસે રહેનારાઓ અસત્ય કહે તો રાજાએ તે સર્વને જુદો જુદો મધ્યમ સાહસ દંડ કરવો. ૨૬૩ કાંઈ ભય આપીને ઘર, તળાવ. બાગ અથવા

ક્ષેત્રને કોઇ લઇલે તો પાંચસો પણ દંડ કરવો અને અજ્ઞાનથી હરણ કરે તો બસો પણ દંડ આપે. ૨૬૪.

सीमायाण वेषणायां स्वयं राजैव धर्मवित् । प्रदिशेद्भूमिमेतेषा-पकारादिति स्थितिः ॥ २६५ ॥ एषोऽखिलेनाभिहितो धर्मःसीमाविनिर्णये । अतऊर्ध्वमवक्ष्यामि वाक्पारुष्यविनिर्णयम् ॥ २६६ ॥शतंब्रा-[illegible] क्षत्रियो [illegible]ण्डमर्हति । [illegible]र्धशतंद्वेवा शूद्रस्तु वधमर्हति ॥ २६७ ॥ पञ्चाशद्ब्राह्मणोदण्ड्यः क्षत्रियस्याभिशंसने । वैश्ये स्यादर्धपञ्चाशच्छूद्रे द्वादशको दमः ॥ २६८ ॥

સીમા માટે કોઇ ખાત્રી લાયક પ્રમાણ ન મળે તો ધર્મના જાણનાર રાજાએ ઉપકારથી તેઓની ભૂમિ વેહેચી આપવી, એમ શાસ્ત્ર વ્યસ્થા છે. ૨૬૫ આ સમગ્ર સીમા નિર્ણય વિષયક ધર્મ કહ્યો હવે વાણીની ક્રૂરતા એટલે ગાળાગાળી દાનનો નિર્ણય કહું છુ. ૨૬૬ ક્ષત્રિય જો બ્રાહ્મણને ગાળ દેતો સો પણ દંડ કરવા યોગ્ય છે. વૈશ્ય જો બ્રાહ્મણને ગાળ દેતો દોઢસો પણ દંડ કરવા યોગ્ય છે અને શુદ્ર જો બ્રાહ્મણને ગાળ દેતો તાડન કરવા યોગ્ય છે. ૨૬૭ બ્રાહ્મણ જો ક્ષત્રિને ગાળ દે તો પચાસ પણ તથા વૈશ્યને ગાળ દે તો પચ્ચીસ અને શુદ્રને ગાળ દે તો બાર પણ દંડ કરવા યોગ્ય છે. ૨૬૮

[illegible]मवर्णे द्विजातीनां द्वादशैव व्यतिक्रमे । वादेष्ववचनीयेषु तदेव द्विगुणं भवेत् ॥ २६९ ॥ " एकजातिर्द्विजातींस्तु वाचा दारुणया क्षिपन् । जिह्वायाःप्रा[illegible]याच्छेदं जघन्यप्रभवोहि सः ॥ २७० ॥ नामजातिग्र[illegible]त्वेषामाभेद्राहेण [illegible]र्वतः । निक्षेप्योयोमयःशङ्कुर्ज्वलन्नास्यद[illegible]-कुलः ॥ २७१ ॥ धर्मोपदेशंदर्पेण विप्राणामस्य कुर्वतः । तप्तमासेचयेत्तैलं वक्त्रेश्रोत्रेचपार्थिवः ॥ २७२ ॥ "

દ્વિજાતિ પોતાના સમાન વર્ણને ગાળ દે તો બાર પણ તથા ન દેવા જેવી માબેન સંબંધિ ગાળ દે તો તેનાથી બમણું એટલે ચોવીસ પણ દંડ કરવા યોગ્ય છે. ૨૬૯ " જો શુદ્ર દ્વિજાતિયોને દારૂણ વાણીવડે ગાળ દે તો તેની જીભ છેદી નાંખવી કારણ કે તે નિંદ્યથી ઉત્પન્ન થયેલો

છે. ૨૭૦ જો શૂદ્ર દ્રોહવડે દ્વિજાતિયોનું નામ અને જાતિનું ઉચ્ચારણ કરે તો તેના મુખમાં ગરમ કરેલો દશ આંગળનો લોઢાનો ખીલો નાંખવો. ૨૭૧ જો અહંકારથી કોઇ શૂદ્ર બ્રાહ્મણોને ધર્મોપદેશ કરે તો રાજાએ તેના મુખમાં અને કાનમાં ખૂબ ગરમ કરેલું તેલ નાંખવું." (૨૭૦ થી ૨૭૨ સુધીના શ્લોકોતો કોઈ શૂદ્રના મહાદ્વેષીએ બનાવ્યા હોય એમ લાગે છે. વળી ૨૭૦ મો શ્લોક તો ૨૬૭ થી વિરૂદ્ધ છે. અને બીજા બે શ્લોકો પક્ષપાત ગ્રસ્ત છે. જે શૂદ્ર ઉપદેશ કરવા યોગ્ય થયો હોય તે ગુણકર્મ સ્વભાવથી શૂદ્રજ કેમ કહી શકાય ? અને મૂર્ખને જો શૂદ્ર કહીયે તો તે ધર્મોપદેશ કરેજ ક્યાંથી ! ઇત્યાદિ કારણોથી ત્રણ શ્લોકો પક્ષિપ્ત છે.) ૨૭૨

श्रुतंदेशं चजातिंच कर्मशारीरमेवच । वितथेनब्रुवन्दार्पाद्दाप्यः स्याद्द्विशतं दमम् ॥ २७३ ॥ काणं वाप्यथवा खञ्जमन्यं वापि तथा विधम् । तथ्येनापि ब्रुवन्दाप्यो दण्डं काषापणावरः ॥ २७४ ॥ मातरं पितरं जायां भ्रातरं तनयं गुरुम् । आक्षारयञ्छतं दाप्यः पन्थानं चाददद्गुरोः ॥ २७५ ब्राह्मणक्षत्रियाभ्यांतु दण्डःकार्यो विजानता । ब्राह्मणे साहसः पूर्वः क्षत्रियेत्वेव मध्यमः ॥ २७६ ॥

શાસ્ત્ર, દેશ, જાતિ, અને શરીરના કર્મ જુઠાં બતાવનારને રાજાએ બસો પણ દંડ કરવો. ૨૭૩ જે મનુષ્ય કાણો, લંગડો અથવા અન્ય અંગહીન હોય છતા તેને કોઇ બીજો પુરૂષ સત્ય પણ તેજ પ્રમાણે કહીને જેમ કે ' કાણા ! અથવા લગડા અહિં આવ " એમ કહેનારને રાજાએ એક કાર્ષાપણ સુધી દંડ કરવો. ૨૭૪ માતા, પિતા, સ્ત્રી, ભાઇ, પુત્ર, અને ગુરૂ એટલાને ગાળ દેનારને સો પણ દંડ કરવો જોઇયે અને ગુરૂને જવાનો માર્ગ ન આપનારને સો પણ દંડ કરવો ૨૭૫ બ્રાહ્મણ અને ક્ષત્રિયમાં પરસ્પર ગાળાગાળી થઇ હોય તો ધર્મને જાણનાર રાજાએ દંડ કરવો તો તેમા બ્રાહ્મણનો અપરાધ હોય તો તેને પ્રથમ સાહસ અને ક્ષત્રિયનો અપરાધ હોય તો ક્ષત્રિયને મધ્યમ સાહસ દંડ કરવો. ૨૭૬

"विट्शूद्रयोरेवमेव स्वजातिप्रतितत्त्वतः । छेदवर्जं प्रणयनं दण्डस्येतिविनिश्चयः ॥ २७७ ॥" एष दण्डविधिःप्रोक्तो वाक् पारुष्यस्य

तत्त्वतः । अतऊर्ध्वं प्रवक्ष्यामि दण्डपारुष्यनिर्णयम् ॥ २७८ ॥ येन-केनचिदङ्गेन हिंस्याच्चेच्छ्रेष्ठमन्त्यजः । छेत्तव्यंतत्तदेवास्य तन्मनो-रनुशासनम् ॥ २७९ ॥ पाणिमुद्यम्य दण्डं वा पाणिच्छेदनमर्हति । पादेन प्रहरन्कोपात्पादच्छेदनमर्हति ॥ २८० ॥

" વૈશ્યની તથા શૂદ્રની જાતિમાં પરસ્પર ગાળાગાળી થાય તો પોત પોતાની જાત પ્રત્યે તત્ત્વથી છેદરહિત દંડનો પ્રયોગ કરવો એવો નિશ્ચય છે." (જ્યારે જાતજાતમા છેદ દંડ બતાવ્યોજ નથી તો પછી તેનો નિષેધ શા માટે જોઇએ ? માટે એ શ્લોક પ્રક્ષિપ્ત જેવો માલમ પડે છે.) ૨૭૭ એ પ્રમાણે વાણીની પરૂષતાનો વિધિ કહ્યો હવે મારામારી થાય તેના દંડનો વિધિ આગળ કહું છું, ૨૭૮ અંત્યજ કોઇપણ અંગવડે શ્રેષ્ઠ પુરૂષ દ્વિજાતિને મારે તો તેનુ તે અંગ છેદન કરવુ, એવું મનુનું શાસન જાણવુ. ૨૭૯ હાથ અથવા લાકડી ઉઠાવીને મારે તો હાથ કાપી નાંખવા યોગ્ય છે. અને ક્રોધથી લાત મારે તો પગ કાપી નાખવા યોગ્ય છે. ૨૮૦

सहासनमभिप्रेप्सुरुत्कृष्टस्यापकृष्टजः । कट्याकृताङ्कोनिर्वास्यः स्फिचं वाऽस्यावकर्तयेत् ॥ २८१ ॥ अवनिष्ठीवतोदर्पाद् द्वावोष्ठौ छेदयेन्नृपः । अवमूत्रयतोमेढ्रमवशर्धयतोगुदम् ॥ २८२ ॥ केशेषुगृह्णतोहस्तौ छेदयेदविचारयन् । पादयोर्दाढिकायां च ग्रीवायांवृषणेषुच ॥ २८३ ॥ त्वग्भेदकःशतं दण्ड्यो लोहितस्य च दर्शकः । मांसभेत्तातुषिनष्कान्प्रवास्यस्त्वस्थिभेदकः ॥ २८४ ॥

ઉત્કૃષ્ટ માણસની સાથે એક આસનપર બેસવાની ઇચ્છા રાખનાર નીચ માણસની કમ્મર ઉપર ડામનું ચિન્હ કરીને કહાડી મુકવો. અથવા તેની બેસવાની જગ્યા થોડી કપાવી નાંખવી. ૨૮૧ અહંકારથી નીચ મનુષ્ય ઉંચ મનુષ્યનાપર થુંકે તો રાજાએ તેનાં બંને હોઠ તથા મુત્ર જો નાંખે તો તેની ઉપસ્થ ઇંદ્રિય તથા વાયુશ્રાવ કરેતો તેની ગુદાનું છેદન કરવું. ૨૮૨ અહંકારવડે અહંકારથી મારી નાંખવા માટે બ્રાહ્મણના કેશ જો પકડે તો કોઇ પણ પ્રકારનો વિચાર કર્યા શિવાય બંને હાથ છેદન કરવા. તેમજ બંને પગો, દાઢી, ગ્રીવા અથવા વૃષણ પકડે તોપણ તે

શૂદ્રના હાથ છેદી નાખવા. ૨૮૩ ત્વચાનો ભેદ કરનારને સો પણ દંડ કરવો, રક્ત કહાડનારને પણ સો પણ (મુદ્રા) દંડ કરવો તથા માંસનો ભેદ કરનારને છ નિષ્ક દંડ કરવો અને હાડકાંનો ભેદ કરનારને દેશ નિકાલ કરવો. ૨૮૪

वनस्पतीनां सर्वेषामुपभोगं यथा यथा । तथातथादमःकार्यो हिंसायामितिधारणा ॥ २८५ ॥ मनुष्याणांपशूनांच दुःखाय प्रहृतेसति । यथायथामहद्दुःखं दण्डंकुर्यात्तथा तथा ॥ २८६ ॥ अङ्गावपीडनायांच व्रणशोणितयोस्तथा । समुत्थानव्ययंदाप्यः सर्वदण्डमथापिवा ॥ २८७ ॥ द्रव्याणिहिंस्याद्योयस्य ज्ञानतोऽज्ञानतोऽपिवा । सतस्योत्पादयेत्तुष्टिं राज्ञोदद्याच्चतत्समम् ॥ २८८ ॥

સંપૂર્ણ વનસ્પતિયોનો જેજે પ્રકારે ફલ પુષ્પાદિવડે ઉત્તમ મધ્યમ ઉપભોગ થાય છે તેમ હિંસામાં પણ ઉત્તમ મધ્યમ સાહસાદિ દંડ થાય છે. એવો શાસ્ત્રનો નિશ્ચય જાણવો. ૨૮૫ મનુષ્યોને અથવા પશુને દુઃખ આપવા માટે જો પ્રહાર કર્યો હોય તો જેમ જેમ તેને મહાદુઃખ થાય તેમ તેમ તેને મોટો દંડ કરવો ૨૮૬ કર ચરણાદિમાં પીડા થઈ હોય તથા વ્રણ પડ્યું હોય અથવા રક્ત નિકળતુ હોય તો તે જ્યાંસુધી સારૂં થાય ત્યાંસુધી જે ખર્ચ તેને લાગે તે આપવો, અથવા સંપૂર્ણ દંડ આપે. ૨૮૭ જે જેની વસ્તુઓને જાણીને અથવા અજાણતા નાશ કરતો તેણે તેને પ્રસન્ન કરવો અને રાજાએ તે નુકસાનની બરાબર દંડ કરવો. ૨૮૮

चर्मचार्मिकभाण्डेषु काष्ठलोष्ठमयेषुच । मूल्यात्पञ्चगुणोदण्डः पुष्पमूलफलेषुच ॥ २८९ ॥ यानस्यचैवयातुश्च यानस्वामिन एवच । दशातिवर्तनान्याहुः शेषे दण्डोविधीयते ॥ २९० ॥ छिन्ननास्येभग्नयुगे तिर्यक्प्रतिमुखागते । अक्षभङ्गेचयानस्य चक्रभङ्गेतथैवच ॥ २९१ ॥ छेदनेचैवयन्त्राणां योक्त्ररश्म्योस्तथैव च । आक्रन्दे चाप्यपैहीति न दण्डं मनुरब्रवीत् ॥ २९२ ॥

ચામડું અથવા ચામડાનું પાત્ર, કાષ્ઠ તથા માટીનાં પાત્રો તથા પુષ્પ, ફલ, મૂલ એટલી વસ્તુનું નુકસાન કરે તો તેની કિંમત કરતાં પાંચગણો દંડ કરવા યોગ્ય છે. ૨૮૯ રથ આદિ તથા રથ આદિનો ચ-

લાવનાર તથા રથ આદિના સ્વામી તેઓને દશ નિમિત્તમાં (કે જે આગળના શ્લોકમાં બતાવ્યા છે.) દંડ કરવા યોગ્ય નથી. અને બાકીમાં દંડ કરવો. ૨૯૦ નાથ ટુટી જાય, જુસરી ટુટી જાય, નીચીઉંચી જમીનને લીધે વાંકાચૂકા બળદ અથવા ઘોડા ચાલે તો, અથવા અડીને ઉભા રહે, રથનો આંક ભાંગે, પૈડાં ટુટી જાય, ૨૯૧ કાંઈપણ રથનું બંધન ટુટી જાય, ગળામાંનુ દોરડું ટુટી જાય અને " રસ્તામાથી દૂર ખસો " એમ કહેતા છતાં પણ કોઈનું નુકસાન થાય તો દંડ કરવા યોગ્ય નથી. ૨૯૨

यत्रापवर्ततेयुग्यं वैगुण्यात्प्राजकस्यतु । तत्रस्वामीभवेद्दण्ड्यो हिंसायांद्विशतंदमः ॥ २९३ ॥ प्राजकश्चेद्भवेदाप्तःप्राजकोदण्डमर्हति । युग्यस्थाः प्राजकेऽनाप्ते सर्वे दण्ड्याः शतं शतम् ॥ २९४ ॥ स चेत्तु पथि संरुद्धः पशुभिर्वा रथेन वा । प्रमापयेत्प्राणभृतस्तत्र दण्डोऽविचारितः ॥ २९५ ॥ मनुष्यमारणेक्षिप्रं चौर [illegible] भवेत् । प्राणभृत्सु महत्स्वर्धं गोगजोष्ट्रहयादिषु ॥ २९६ ॥

જ્યા સારથીની હુશિયાર ન હોય અને ઘોડા અથવા બળદ વિપરીત ચાલે અને તેમાં જો કાંઇ નુકસાન થાય તો હુશિયાર સારથી નહિ રાખવા બદ્દલ સ્વામીને બસો પણ (સુદ્રા) દંડ કરવો. ૨૯૩ અને જો સારથી હોશિયાર હોય અને તેવુ નુકસાન થાય તો સારથીને બસો પણ દંડ કરવો, તેમજ સારથી કુશલ ન હોય તો તે વાહનમા બેઠેલા સર્વ સોસો પણ દંડ કરવા યોગ્ય છે. ૨૯૪ જો અન્ય પશુઓ તથા બીજો રથ સામો આવતો હોય અને તેણે કરીને પોતાનો રથ રોકાયાં છતાં જો તે સારથી હાકે અને તેમ જો જીવનું મૃત્યુ થાય તો કાંઇપણ વિચાર કર્યા શિવાય સારથીને દંડ કરવો. ૨૯૫ સારથીના રથ ચલાવતા જો મનુષ્ય મરણ પામે તો ચોરના જેટલો ઉત્તમ સાહસ દંડ કરવો. અને ગાય, હાથી, ઉંટ અને ઘોડા જેવા મોટા પ્રાણીઓનો નાશ થાય તો તેમાં તેનું અર્ધ એટલે પાંચસો પણ દંડ કરવા યોગ્ય છે. ૨૯૬

[illegible]क्षुद्रकाणांपशूनांतु हिंसायांद्विशतोदमः । पञ्चाशत्तुभवेद्दण्डः शुभे- [illegible]षु ॥ २९७ ॥ गर्दभाजाविकानां दण्डः स्यात्पञ्चमाषिकः ।

माषकस्तुभवेद्दण्डः श्वसूकरनिपातिते ॥ २९८ ॥ भार्यापुत्रश्चदासश्च प्रेष्योभ्राताचसोदरः । प्राप्तापराधास्ताड्याः स्यूरज्ज्वावेणुदलेन वा ॥ २९९ ॥ पृष्ठतस्तु शरीरस्य नोत्तमाङ्गे कथञ्चन । अतोऽन्यथातुमहरन् प्राप्तःस्याच्चौरकिल्बिषम् ॥ ३०० ॥

ક્ષુદ્ર પશુઓની હિંસામાં બસો પણ દંડ કરવો, શુભ મૃગ પક્ષિયોના મરણમા પચાસ પણ દંડ કરવો; ૨૯૭ ગધેડું, બકરી, ઘેટું મરી જાય તો પાંચ માષ દંડ કરવો અને કુતરૂ તથા સુવર મરણ પામે તો એક માષ દંડ કરવો. ૨૯૮ પોતાની સ્ત્રી, પુત્ર, દાસ, ભારવાહક અને પોતાનો નાનોભાઇ અપરાધ કરેતો દોરડી અથવાતો વાંસની લાકડીવડે મારવા યોગ્ય છે. ૨૯૯ પરંતુ તેને શરીરના પાછળના ભાગ ઉપર તાડ ન કરવું. ઉત્તમાંગ એટલે મસ્તકપર નહિ મારવુ અને એનાથી વિપરિત પણાથી મારનારને ચોરના જેટલો દંડ કરવો. ૩૦૦

एषोखिलेनाभिहितोदण्डपारुष्यनिर्णयः । स्तेनस्यातःप्रवक्ष्यामि विधिं दण्डविनिर्णये ॥ ३०१ ॥ परमंयत्नमातिष्ठेत्स्तेनानांनिग्रहे नृपः। स्तेनानां निग्रहादस्य यशाराष्ट्रं वर्धते ॥ ३०२ ॥ अभयस्य हि योदाता स पूज्यःसततं नृपः । सत्रं हि वर्धते तस्य सदैवाभयदक्षिणम् ॥ ३०३ ॥ सर्वतोधर्मषड्भागो राज्ञोभवति रक्षतः । अधर्मादपि षड्भागो भवत्यस्य ह्यरक्षतः ॥ ३०४ ॥

આ સંપૂર્ણ દંડ પ્રહારાદિનો નિર્ણય કહ્યો; હવે ચોરના દંડનો નિર્ણય કહું છું. ૩૦૧ રાજાએ ચોરોને નિગ્રહ કરવામાં પરમ યત્નવાન્ થવું, ચોરોને યથા યોગ્ય શિક્ષા કરવાથી રાજાનું યશ અને રાજ્ય વધે છે ૩૦૨ જે રાજા પ્રજાને અભય આપનાર છે તે હંમેશાં પૂજ્ય છે, તેનો પ્રજા રક્ષણરૂપ યજ્ઞ અભય રૂપ દક્ષિણા વડે વૃદ્ધિ પામે છે. ૩૦૩ રક્ષા કરનાર રાજાને સર્વના ધર્મમાંથી છઠ્ઠો ભાગ મળે છે, અને રક્ષા નહિ કરનાર રાજાને સર્વના અધર્મનો છઠ્ઠો ભાગ પ્રાપ્ત થાય છે. ૩૦૪

यदधीते यद्यजते यद्ददाति यदर्चति । तस्य षड्भागभाग्राजा सम्यग्भवति रक्षणात् ॥ ३०५ ॥ रक्षन्धर्मेण भूतानि राजा वध्यांश्च

घातयन् । यजतेऽहरहर्यज्ञैः सहस्रशतदक्षिणैः ॥ ३०६ ॥ योऽरक्षन्बलिमादत्ते करंशुल्कंचपार्थिवः । प्रतिभागंचदण्डंच ससद्योनरकंव्रजेत् ॥३०७॥ अरक्षितारंराजानं बलिषड् भागहारिणम् । तमाहुःसर्वलोकस्य समग्रमलहारकम् ॥ ३०८ ॥

જે કોઇ વેદાધ્યયન કરે છે યજ્ઞ, દાન તથા ગુરુઆદિ દેવોનું પૂજન કરે છે, તે બધાંનો છઠ્ઠો ભાગ સારી રીત પ્રજાનું રક્ષણ કરનાર રાજા પ્રાપ્ત કરે છે. ૩૦૫ પ્રાણિયોનુ ધર્મવડે રક્ષણ કરનાર તથા દંડ યોગ્યને દંડ કરનાર રાજા હંમેશા લક્ષ દક્ષિણા યુક્ત યજ્ઞ કર છે, એમ જાણવું ૩૦૬ જે રાજા પ્રજાનું રક્ષણ ન કરતા ધાન્યનો છઠ્ઠો ભાગ, કર તથા દંડ વિગેરે જે કાંઈ લ છે ત શીઘ્ર નરકમા જાય છે. ૩૦૭ જે રાજા રક્ષણ કરતો નથી અને ધાન્યનો છઠ્ઠો ભાગ લે છે તે રાજા લોકોનુ સંપૂર્ણ પાપ ધોનારો કહેવાય છે. ૩૦૮

अनपेक्षितमर्यादं नास्तिकंविप्रलुम्पकम् । अरक्षितारमत्तारं नृपंविद्यादधोगतिम् ॥३०९॥ अधार्मिकंत्रिभिर्न्यायैर्निगृह्णीयात्प्रयत्नतः । निरोधनेन बन्धेन विविधेनवधेन च ॥ ३१० ॥ निग्रहेणहिपापानां साधूनां संग्रहेणच । द्विजातयइवेज्याभिः पूयन्ते सततंनृपाः ॥ ३११ ॥ क्षन्तव्यं प्रभुणानित्यं क्षिपतांकार्यिणां नृणाम् । बालवृद्धातुराणां च कुर्वता हितमात्मनः ॥ ३१२ ॥

શાસ્ત્રની મર્યાદાની અપેક્ષા ન રાખનાર , નાસ્તિક, અયોગ્ય દંડાદિવડે ધન હરણ કરનાર, પ્રજાનુ રક્ષણ કરનાર કર આદિનુ ભક્ષણ કરનાર રાજાની અધોગતિ થાય છ ૩૦૯ અધાર્મિક પુરૂષને કેદમા નાખવો, નિગડ બધનં કરવુ. અને કર ચરણાદિ નાના પ્રકારનું છેદન કરવુ, એ ત્રણ ન્યાયવડ પ્રયત્નો કરીને નિગ્રહ કરવો ૩૧૦ પાપાચરણી પુરૂષોને નિગ્રહ વડે અને સાધુ પુરૂષોના સગ્રહ વડ જેમ યજ્ઞ વડ દ્વિજ પવિત્ર થાય છે તેમ રાજાઓ પવિત્ર થાય છે. ૩૧૧ દુખે કરીને આક્ષેપ કરનારા કાર્યાર્થી મનુષ્યો, બાળક વૃદ્ધ અને આતુરપુરૂષોને પોતાનુ હિત ઇચ્છનાર રાજાએ ક્ષમા કરવી. ૩૧૨

यःक्षिप्तोमर्षयत्यार्तैस्तेन स्वर्गे महीयते । यस्त्वैश्वर्यान्न क्षमते

नरकं तेन गच्छति ॥३१३॥ राजा स्तेनेन गन्तव्यो मुक्तकेशेन धावता । आचक्षाणेन तत्स्तेयमेवंकर्मास्मि शाधि माम् ॥३१४॥ स्कन्धेनादाय मुसलं लगुडं वापि खादिरम् । शक्तिं चोभयतस्तीक्ष्णामायसं दण्डमेव वा ॥३१५॥ शासनाद्वा विमोक्षाद्वा स्तेनः स्तेयाद्विमुच्यते । अशासित्वा तु तं राजा स्तेनस्याप्नोति किल्बिषम् ॥३१६॥

જે રાજા દુ ખીઓ વડે જે આક્ષેપો કરાય તેને સહન કરનાર હોય તે તે સહનતા વડે સ્વર્ગમા પૂજાય છે અને જે પોતાના ઐશ્વર્યના અભિમાનથી સહન નહિ કરે તે નર્કમા જાય છે. ૩૧૩ ચોરી કરનારે પોતા માથાના કેશ છુટા રાખી, દોડતા દોડતા રાજાની પાસે જઇને કહે કે " મે ચોરી કરી છે માટે મને દંડ કરો " તેમજ ૩૧૪ ખેરની લાકડી, મુસલ તથા ડંડો અથવા જેની બને બાજુએ ધાર હોય એવી બરછી અથવા લોખંડનો દંડ ખાધપર મેલીને કહે કે " મને મારો મે ચોરી કરી છે " તો ૩૧૫ તે-ચોરને શાસન કરવાથી તેમજ છોડી દેવાથી ચોરીના અપરાધમાંથી છુટી જાય છે. અને એવા ચોરને રાજા યથા યોગ્ય દંડ ન કરે તો ચોરનુ પાપ રાજાને લાગે છે ૩૧૬

अन्नादे भ्रूणहा मार्ष्टि पत्यौ भार्यापचारिणी । गुरौ शिष्यश्च याज्यश्च स्तेनो राजनि किल्बिषम् ॥३१७॥ राजनिर्धूतदण्डास्तु कृत्वा पापानि मानवाः । निर्मलाः स्वर्गमायान्ति सन्तः सुकृतिनो यथा ॥ ३१८ ॥ यस्तु रज्जुं घटं कूपाद्धरेद्भिन्द्याच्च यः प्रपाम् । स दण्डं प्राप्नुयान्माषं तच्च तस्मिन्समाहरेत् ॥३१९॥ धान्यं दशभ्यः कुम्भेभ्यो हरतोऽभ्यधिकं वधः । शेषेप्येकादशगुणं दाप्यस्तस्य च तद्धनम् ॥३२०॥

જેમ ભ્રૂણ હત્યા કરનારાનું પાપ તેનું અન્ન ખાય તેને લાગે છે, વ્યભિચારિણી સ્ત્રીનું પાપ તેના પતિને લાગે છે, શિષ્યનું પાપ ગુરૂને લાગે છે, યજ્ઞ કરવાવાળાનું પાપ યજ્ઞ કરાવનારને લાગે છે; તેમ એમને એમ છોડી દીધેલા ચોરનુ પાપ રાજાને લાગે છે. ૩૧૭ મનુષ્યો પાપ કરીને પણ રાજા વડે સજા પામે છે તે મનુષ્ઓ જેમ સત્પુરૂષો સુકૃત કરીને સ્વર્ગમ જાય છે તેમ તે અપરાધીઓ નિષ્પાપ થઇ સ્વર્ગમાં જાય છે. ૩૧૮ જે મનુષ્ય કુવાની પાસે જલ કહાડવાને માટે પડેલું દોરડું અને ઘડો ચોરી

લઇ જાય છે અથવા જે પરખોને તોડી નાંખે છે, તેને એક સુવર્ણ માષ દંડ આપવો; અને તે દોરડું તથા ઘડાને કુવા ઉપર રખાવવો. ૩૧૯ વીશ દ્રોણુનો એક કુંભ કેહેવાય છે, એવા દશ કુંભ કરતાં અધિક ધાન્યને ચોરનારને અધિક વધાદિ દંડ કરવો જોઇયે. અને શેષમાં એટલે એકથી દશ કુંભ સુધી તેનું અગિયાર ગણું ધન જેટલો દંડ કરવો અને ધાન્યના સ્વામીનું જે હોય તે પાછું અપાવવું. ૩૨૦

तथा धरिममयानां शतादभ्यधिके वधः । सुवर्णरजतादीनामुत्तमानांचवाससाम् ॥३२१॥ पञ्चाशतस्त्वभ्यधिके हस्तच्छेदनमिष्यते । शेषे त्वेकादशगुणं मूल्याद्दण्डं प्रकल्पयेत् ॥३२२॥ पुरुषाणांकुलीनानां नारीणांचविशेषतः । मुख्यानांचैवरत्नानां हरणे वधमर्हति ॥३२३॥ महापशूनां हरणे शस्त्राणामौषधस्य च । कालमासाद्य कार्यं च दण्डं राजा प्रकल्पयेत् ॥ ३२४ ॥

જેમ ધાન્યમા તાડનાદિ વધ કહ્યો છે તેમજ ત્રાજવા વિગેરેથી તોલવા યોગ્ય સુવર્ણ ચાંદી વિગેરે અને ઉત્તમ વસ્ત્ર વિગેરે વસ્તુ સોપલથી અધિક ચોરે તો વધ દંડ જાણવો. ૩૨૧ અને પચાસ પલની ઉપર ચોરનારના હસ્ત છેદન કરવા જોઇયે. અને એક પલથી ઓગણપચાસ પલ સુધી ચોરનારને તેની કિંમત કરતાં અગિયાર ગણો દંડ કરવો યોગ્ય છે. ૩૨૨ મોટાં કુલમાં ઉત્પન્ન થયેલાં મનુષ્યો અને વિશેષે કરીને સ્ત્રિયો. તથા વૈડુર્યાદિ મુખ્ય રત્નોનું હરણ કરનારને વધ દંડ કરવા યોગ્ય છે. ૩૨૩ મહાપશુઓનાં હરણમાં તેમજ શસ્ત્રોના અને ઔષધના હરણમાં સમય જોઇને રાજાએ દંડ કાર્ય કરવું. ૩૨૪

गोषु ब्राह्मण संस्थासु छूरिकायाश्चभेदने । पशूनां हरणे चैव सद्यः कार्योर्धपादिकः ॥३२५॥ सूत्रकार्पासकिण्वानां गोमयस्य गुडस्य च । दध्नः क्षीरस्य तक्रस्य पानीयस्य तृणस्य च ॥ ३२६ ॥ वेणुवैदलभाण्डानां लवणानां तथैव च । मृण्मयानां च हरणे मृदोभस्मन एव च ॥३२७॥ मत्स्यानां पक्षिणां चैव तैलस्य च घृतस्य च । मांसस्य मधुनश्चैव यच्चान्यत्पशुसंभवम् ॥ ३२८ ॥

બ્રાહ્મણની ગાયોનું હરણ કરવામાં અથવા તેના કણ છેદન કરવામાં તથા પશુઓનાં હરણમાં તે ચોરનો અડધો પગ શીઘ્ર છેદન કરવો. ૩૨૫ સૂતર, કપાસ, મદિરા જેમાંથી નીકળતિ હોય તેનાં બીજ, ગોવર, ગોળ, દહિં, દૂધ, છાશ, જલ, ઘાસ, ૩૨૬ વાંસની લાકડીઓ તથા વાંસના પાત્રો, મીઠું, માટીના વાસણો, માટી, રાખ, ૩૨૭ મત્સ્ય, પક્ષી, તેલ, ઘી, માંસ, મધ, અને જે કાંઈ પશુઓથી ઉત્પન્ન થતું હોય તે ચામડાં, શીંગડા વિગેરે; ૩૨૮

अन्येषांचैवमादीनामद्यानामोदनस्यच । पक्वान्नानांचसर्वेषां तन्मूल्याद्द्विगुणोदमः ॥३२९॥ पुष्पेषुहरितेधान्ये गुल्मवल्लीनगेषुच । अन्येष्वपरिपूतेषु दण्डः स्यात्पञ्चकृष्णलः ॥३३०॥ परिपूतेषु धान्येषु शाकमूलफलेषु च । निरन्वये शतं दण्डः साऽन्वयेऽर्धशतं दमः ॥३३१॥ स्यात्साहसं त्वन्वयवत्प्रसभं कर्म यत्कृतम् । निरन्वयं भवेत्स्तेयं हृत्वाऽपव्ययते च यत् ॥३३२॥

અને બીજાં પણ એ પ્રકારના દ્રવ્યો જેવાં કે ધાન્યાદિ તથા ભાત અને સંપૂર્ણ પકવાન્નોની ચોરી કરનારને તેના મૂલ્યથી બમણો દંડ કરવો જોઇયે. ૩૨૯ પૂષ્પો, લીલાં ધાન્ય, તથા ગુલ્મ, વલ્લી, વૃક્ષો અને અન્ય કે જેનો બરોબર પરિપાક ન થયો હોય તેની ચોરીમાં ચોરી કરનારને પાચ કૃષ્ણલ દંડ કરવો. ૩૩૦ પરિપૂર્ણ પકવ થયેલાં શુદ્ધ ધાન્ય, શાક, મૂલ, ફલની ચોરીમાં ચોરી કરનાર પોતાના એટલે ધાન્ય સ્વામીના વંશનો હોય તો પચાસ પણ દંડ કરવો અને બીજો ચોર હોય તો સો પણ દંડ કરવો, જે ધાન્ય ખરીમા હોય તે સબંધિ આ દંડ વિધાન છે, ઘરમાંથી ચોરી જનાર માટે તો અગિયાર ગણો દંડ આગળ કહ્યો છે. ૩૩૧ જે પુરૂષ ધાન્યાદિને ધાન્ય સ્વામીના વંશની પેઠે ધાન્ય સ્વામીના સમક્ષ બળાત્કારથી હરણ કરેતો તે "સાહસ" કહેવાય અને ધાન્ય સ્વામીના પરોક્ષમાં અપહરણ કરીને લઇ જાય તે ચોરી કેહવાય છે. ૩૩૨

यस्त्वेतान्युपक्लृप्तानि द्रव्याणि स्तेनयेन्नरः । तमाद्यं दण्डयेद्राजा यश्चाग्निं चोरयेद्गृहात् ॥३३३॥ येन येन यथाङ्गेन स्तेनोनृषु विचेष्टते । तत्तदेव हरेत्तस्य प्रत्यादेशाय पार्थिवः ॥३३४॥ पिताचार्यः

सुहृन्माता भार्या पुत्रः पुरोहितः । नाऽदण्ड्योनाम राज्ञोऽस्ति यःस्व धर्मेनतिष्ठति ॥३३५॥ कार्षापणंभवेद्दण्ड्यो यत्रान्यः प्राकृतोजनः । तत्र राजा भवेद्दण्ड्यः सहस्रमिति धारणा ॥ ३३६ ॥

જે મનુષ્ય એ પુર્વોક્ત કહેલા સૂતર આદિ દ્રવ્યોની ચોરી કરે છે તેને રાજાએ પ્રથમ સાહસ દંડ કરવો, તેજ પ્રમાણે જે અહયાગ્નિની ચોરી કરી જાય તેને પણ પ્રથમ સાહસ દંડ કરવો ૩૩૩ જે જે અંગો વડે ચોરી કરનારે મનુષ્યોમાં ચેષ્ટા કરી હોય તો રાજાએ તેવા પ્રસંગના નિવારણ માટે તેના તે તે અંગનો છેદ કરવો ૩૩૪ પિતા, આચાર્ય મિત્ર, માતા, સ્ત્રી, પુત્ર, અને પુરોહિત એટલામાંથી કોઈ પણ સ્વધર્મમા ન રહે તો તેને રાજાએ દંડ ન કરવા એમ નહિં કિંતુ તેને પણ રાજાએ દંડ કરવો. ૩૩૫ જે અપરાધમા રાજાથી અન્ય મનુષ્ય કાર્ષાપણ દંડ કરવા યોગ્ય હોય તેવોજ અપરાધ જો રાજા પોતે કરે તો હજાર પણ દંડ યોગ્ય છે. એમ શાસ્ત્ર મર્યાદા છે ૩૩૬

अष्टापद्यंतुशूद्रस्य स्तेयेभवतिकिल्बिषम् । षोडशैवतुवैश्यस्य द्वात्रिंशत्क्षत्रियस्य च ॥३३७॥ ब्राह्मणस्य चतुःषष्टिः पूर्णं वापि शतं भवेत्। द्विगुणा वा चतुः षष्टिस्तद्दोषगुणविद्धि सः ॥३३८॥ "वानस्पत्यंमूलफलं दार्वग्न्यर्थंतथैवच। तृणं चगोभ्योग्रासार्थमस्तेयंमनुरब्रवीत्" ॥३३९॥ योऽदत्तादायिनोहस्ताल्लिप्सेत ब्राह्मणोधनम् । या जनाध्यापनेनापि यथा स्तेनस्तथैव सः ॥३४०॥

શુદ્રજો ચોરી કરે તો તેને આઠગણું પાપ લાગે, વૈશ્યને સોળગણું અને ક્ષત્રિયને બત્રીશગણું પાપ લાગે છે. ૩૩૭ બ્રાહ્મણને ચોસઠગણુ અથવા પુરા સોગણું અથવા તે ચોરીના ગુણદોષને જાણે છે માટે એકસો અઠાવીશગણું પાપ લાગે છે. ૩૩૮ " વનસ્પતિ સંબધિ મૂલ, ફલ અને બાળવાનાં લાકડાં તથા ગાયોને માટે ઘાસ એટલું જો કોઇનું લાવે તો પણ તે ચોરી કેહવાય નહિં. એમ મનુએ કહ્યું છે " (આ શ્લોક મનુનો જણાતો નથી કારણકે માલધણીને પૂછ્યા વિના એમને એમ કાંઇ પણ વસ્તુ લવી તેતો ખાસ ચોરીજ કેહવાય. માટે આ શ્લોક ચિંતનીય છે.) ૩૩૯ જે બ્રાહ્મણ ચોરના હાથથી યજ્ઞ કરાવીને અથવા વિદ્યાધ્યયન કરા-

થીને ધન લેવાની ઇચ્છા કરે છે, તો જેવો ચોર છે, તેવો તે બ્રાહ્મણ સમજવો. ૩૪૦

द्विजोऽध्वगः क्षीणवृत्तिर्द्वाविक्षू द्वे च मूलके । आददानः परक्षेत्रान्न दण्डं दातुमर्हति ॥३४१॥ असन्धितानां सन्धाता सन्धितानां च मोक्षकः। दासाश्वरथहर्ता च प्राप्तः स्याच्चौरकिल्बिषम् ॥३४२॥ अनेन विधिना राजा कुर्वाणः स्तेननिग्रहम् । यशोऽस्मिन्प्राप्नुयाल्लोके प्रेत्य चानुत्तमं सुखम् ॥३४३॥ ऐन्द्रं स्थानमभिप्रेप्सुर्यशश्चाक्षयमव्ययम् । नोपेक्षेत क्षणमपि राजा साहसिकं नरम् ॥३४४॥

જેની આજીવિકા નષ્ટ થયેલી હોય અર્થાત્ પાસે ખર્ચ કરવાને કાંઈ પણ ન હોય એવો માર્ગે ચાલતો દ્વિજ કોઈ બીજાના ક્ષેત્રમાંથી બે સાંઠા શેરડીના અથવા બે મૂળા ગ્રહણ કરે તો દંડ આપવા યોગ્ય નથી. ૩૪૧ બીજાના છુટા ફરતા પશુઓને પોતાને ત્યાં બાંધનાર તથા બીજાને ત્યાંના બાંધેલા પશુઓને છોડી મુકનાર તથા દાસ, અશ્વ, અને રથનું હરણ કરનાર, ચોરના દંડને પામવા યોગ્ય છે ૩૪૨ આ વિધિ વડે ચોરોનો નિગ્રહ કરનાર રાજા આ લોકમાં યશ પામે છે અને પર લોકમાં અત્યુત્તમ સુખ ભોગવે છે. ૪૩ ઇંદ્ર સબંધિ સ્થાનની ઇચ્છા રાખનાર તેમજ અક્ષય યશને ઇચ્છનાર રાજાએ એક ક્ષણ માત્ર પણ સાહસિક નરની ઉપેક્ષા ન કરવી કિંતુ તેને તુરત દંડ કરવો. ૩૪૪

वाग्दुष्टात्तस्कराच्चैव दण्डेनैव च हिंसतः । साहसस्य नरः कर्ता विज्ञेयः पापकृत्तमः ॥३४५॥ साहसे वर्त्तमानं तु यो मर्षयति पार्थिवः। स विनाशं व्रजत्याशु विद्वेषं चाधिगच्छति ॥३४६॥ न मित्रकारणाद्राजा विपुलाद्वा धनागमात्। समुत्सृजेत्साहसिकान्सर्वभूतभयावहान् ॥३४७॥ शस्त्रं द्विजातिभिर्ग्राह्यं धर्मो यत्रोपरुध्यते । द्विजातीनां च वर्णानां विप्लवे कालकारिते ॥ ३४८ ॥

વાકદુષ્ટ, ચોર, અને દંડ વડે મારનાર કરતાં પણ સાહસ એટલે જબરજસ્તી કરનાર પુરૂષ અતિશય પાપી જાણવો. ૩૪૫ જે રાજા સાહસ કરવામાં તત્પર મનુષ્યને ક્ષમા કરે છે તે રાજા જલદી નાશ પામે છે અને

લોકમાં દ્વેષી થાય છે. ૩૪૬ મિત્રના કારણથી અથવા ઘણું ધનના આવ-
વાથી સર્વ પ્રાણીઓને ભય આપનાર સાહસિકોને છોડી દેવા નહિં જોઇયે.
૩૪૭ દ્વિજાતિ ત્રણ વર્ણો સંબંધિ કાંઇ બલવો ઉઠયો હોય ત્યારે તથા
જ્યાં ધર્મનો અવરોધ થતો હોય, ત્યારે દ્વિજાતિયોએ શસ્ત્રધારણ કરવું ૩૪૮

आत्मनश्चपरित्राणे दक्षिणानां च सङ्करे । स्त्रीविप्राभ्युपपत्तौ च घ्नन्धर्मेण न दुष्यति ॥ ३४९ ॥ गुरुं वा बालवृद्धौ वा ब्राह्मणं वा बहुश्रुतम् । आततायिनमायान्तं हन्यादेवाविचारयन् ॥३५०॥ नाततायिवधे दोषो हन्तुर्भवति कश्चन । प्रकाशं वाऽप्रकाशं वामन्युस्तं मन्युमृच्छति ॥३५१॥ परदाराभिमर्शेषु प्रवृत्तान्नृन्महीपतिः । उद्वेजनकरैर्दण्डैश्छिन्नयित्वा प्रवासयेत् ॥ ३५२ ॥

પોતાના આત્માના રક્ષણ માટે, કોઈ દક્ષિણાનું જે ધન ગોઆદિ, તેનુ હરણ કરતું હોય ત્યારે, સ્ત્રી અને બ્રાહ્મણના ઉપર વિપત્તિ હોય ત્યારે, તે વિપત્તિ કરનાર આદિયોને મારવામા કાંઇ દોષ લાગતો નથી. ૩૪૯ ગુરૂ, બાળક, વૃદ્ધ, બહુ શ્રુત, અને બ્રાહ્મણ એમાંથી ભલે કોઈ પણ જો આનતાયી થઇને આવે તો તેને કોઇ પણ જાતનો વિચાર કર્યા વિના મારવા (જ્યાં ત્યાં આગ લગાવનાર, વિષઆપનાર, મારવાને માટે શસ્ત્રધારણ કરનાર, ધન લઇને નાશીજનાર, ખેતર છીનવી લેનાર તથા સ્ત્રી હરણ કરનાર, એટલા છ ને આતતાયી જાણવા, એમ વિદ્વાનો જણાવે છે.) ૩૫૦ આતતાયીનો વધ કરવામાં વધ કરનારને કાંઇ પણ દોષ નથી. કારણકે તે મારનારનો ક્રોધ પ્રકાશપણે અથવા અપ્રકાશપણે ક્રોધની વૃદ્ધિ કરે છે. ૩૫૧ પરસ્ત્રીના સંભોગમાં પ્રવૃત્ત થનારા પુરૂષોને રાજાએ ઉદ્વેગ કરનાર દંડ વડે દંડ કરીને તેનાં અંગભંગ કરી દેશપાર કરવા. ૩૫૨

तत्समुत्थोहि लोकस्य जायते वर्णसंकरः । येन मूलहरोऽधर्मः सर्वनाशाय कल्पते ॥ ३५३ ॥ परस्य पत्न्या पुरुषःसंभाषां योजयन् रहः । पूर्वमाक्षारितोदोषैः प्राप्नुयात्पूर्वसाहसम् ॥ ३५४ ॥ यस्त्वनाक्षारितःपूर्वमभिभाषेतकारणात् । नदोषमाप्नुयात्किञ्चिन्नहि तस्य व्यतिक्रमः ॥ ३५५ ॥ परस्त्रियं योऽभिवदेत्तीर्थेऽरण्ये वनेऽपि वा । नदीनां वापि संभेदे स संग्रहणमाप्नुयात् ॥ ३५६ ॥

કારણકે તેવા વ્યભિચારી પુરષોથી લોકમાં વર્ણસંકર પેદા થાય છે કે જેણે કરીને ધર્મના મૂલનો નાશ કરનાર અધર્મ થાય છે અને તે અધર્મ સર્વનો નાશ કરે છે. ૩૫૩ પ્રથમ સ્ત્રીપ્રાર્થનાદિ દોષોવડે દૂષિત થયેલો પુરૂષ પાછો પરસ્ત્રી સાથે એકાંતમાં ભાષણ કરે તો તેને પ્રથમ સાહસ દંડ કરવો, ૩૫૪ જે પ્રથમ દૂષિત થયો ન હોય અને કાંઇકારણવશાત્ લોકના દેખતાંકોઇ પરસ્ત્રી સાથે બોલે તો તેને દોષ લાગતો નથી કેમકે તેમાં તે કાઇ અપરાધી નથી. ૩૫૫ જે પરસ્ત્રીની સાથે તીર્થમાં, અરણ્યમા, વનમાં અથવા નદીના સંગમમાં ભાષણ કરે તો પરસ્ત્રી હરણ કરનારે કેહેવાય છે અર્થાત્ પરસ્ત્રી હરણ જેટલો અપરાધ લાગે છે. ૩૫૬

उपचारक्रियाकेलिः स्पर्शोभूषणवाससाम् । सहखट्वासनं चैव सर्वं संग्रहणं स्मृतम् ॥ ३५७ ॥ स्त्रियं स्पृशेददेशे यः स्पृष्टोवा मर्षयेत्तथा । परस्परस्यानुमते सर्वं संग्रहणं स्मृतम् ॥ ३५८ ॥ "अब्राह्मणः संग्रहणे प्राणान्तं दण्डमर्हति । चतुर्णामपिवर्णानां दारारक्ष्यतमाःसदा ॥ ३५९ ॥" भिक्षुका बन्दिनश्चैव दीक्षिताःकारवस्तथा । संभाषणं सह स्त्रीभिःकुर्युरप्रतिवारिताः ॥ ३६० ॥

પરસ્ત્રીને માટે માલાચંદન આદિ મોકલવુ, હાસ્ય તથા આલિંગનાદિ કરવું, તેના વસ્ત્ર તથા અલકારને સ્પર્શ કરવો તથા આસન અને શય્યાપર સાથે બેસવું; એ સર્વને પરસ્ત્રી હરણ સમાન જાણવાં ૩૫૭ જે પરસ્ત્રીના ગુહ્યસ્થાનનો સ્પર્શકરે, અથવા સ્ત્રીએ પરપુરૂષના ગુહ્યસ્થાનનો સ્પર્શ કર્યો હોય, તેને ક્ષમા કરે તો તે એક બીજાની અનુમતિથી થાય તો પણ તે પરસ્ત્રી હરણ કેહવાય છે. ૩૫૮ " બ્રાહ્મણ શિવાય બીજો કોઇ પરસ્ત્રી સંગ્રહણ કરે તો તેને પ્રાણાત દંડ કરવો કેમકે ચારે વર્ણોમાં સ્ત્રી હમેશાં ઘણું કરીને રક્ષણ કરવા યોગ્ય છે. " (આ ઠેકાણે બ્રાહ્મણ માટે પક્ષપાત સૂચવ્યો છે જ્યારે ૩૫૦ શ્લોકમા પરસ્ત્રી હરણ કરનાર આતતાયીને મારવો પછી તે ગમે તે જાતિનો હોય. તેનાથી વિરૂદ્ધ આ શ્લોક હોવાથીપ્રક્ષિપ્ત માલમ પડે છે.) ૩૫૯ ભિક્ષુકો, ભાટચારણો, દીક્ષિત અને રસોઈ કરનારાઓ, એટલાઓએ જ્યાં સુધી કોઇએ ના ન કહી હોય ત્યાં સુધી ભિક્ષાદિ સ્વકાર્ય ને માટે પરસ્ત્રી સાથે ભાષણ કરવું. ૩૬૦

न संभाषां परस्त्रीभिः प्रतिषिद्धः समाचरेत्। निषिद्धोभाषमाणस्तु

सुवर्णं दण्डमर्हति ॥३६१॥ नैष चारणदारेषु विधिर्नात्मोपजीविषु । सज्जयन्ति हि ते नारीर्निगूढाश्चारयन्ति च ॥ ३६२ ॥ किञ्चिदेव तु दाप्यः स्यात्संभाषां ताभिराचरन् । प्रैष्यासु चैकभक्तासु रहः प्रव्रजितासु च ॥ ३६३ ॥ योऽकामां दूषयेत्कन्यां सद्यो वधमर्हति । सकामां दूषयंस्तुल्यो न वधं प्राप्नुयान्नरः ॥ ३६४ ॥

પરસ્ત્રી સાથે સંભાષણ કરવાની ના પાડવાથી સંભાષણ કરવું નહિ, અને નિષેધ કરતા છતા ભાષણ કરે તો ગોળ માષ્માત્મક એક સુવર્ણ દંડ કરવા યોગ્ય છે ૩૬૧ ચારણ વિગેરે સ્ત્રીઓમા તથા પોતે પોતાની જીવિકા કરનારી સ્ત્રીઓમા આ નિષેધ ન જાણવો. કારણ કે તે ચારણ નટાદિકો પોતેજ પોતાની સ્ત્રીઓને ગુપ્ત રીતે તયાર કરી તેવા કામમા પ્રવૃત્તિ કરાવે છે. ૩૬૨ પરંતુ એકાંત સ્થાનમા તેવી સ્ત્રીઓ સાથે ભાષણ કર્યું હોય તોપણ કાંઈ થોડો દંડ કરવા યોગ્ય છે; તેમજ દાસી તથા એક વખતે ભોજન કરનારી બ્રહ્મચારિણી સાથે પણ સંભાષણ કરવાથી કાંઈ થોડો દંડ કરવા યોગ્ય છે. ૩૬૩ જે સજાતિય પુરુષ કામ રહિત કન્યાને દૂષિત કરે તો તેનો તત્કાળ વધ કરવા યોગ્ય છે, અને કન્યાની ઇચ્છા પૂર્વક ગમન કરનાર સજાતિય પુરુષ વધ યોગ્ય નથી ૩૬૪

“ कन्यांभजन्तीमुत्कृष्टं नकिञ्चिदपिदापयेत् । जघन्यंसेवमानांतु संयतांवासयेद्गृहे ॥३६५॥ उत्तमांसेवमानस्तु जघन्यो वधमर्हति । शुल्कं दद्यात्सेवमानः समामिच्छेत्पिता यदि ॥ ३६६ ॥” अभिषह्य तु यः कन्यां कुर्याद्दर्पेणमानवः । तस्याशुकर्त्ये अङ्गुल्यौ दण्डंचार्हतिषट्शतम् ॥ ३६७ ॥ सकामांदूषयंस्तुल्यो नाङ्गुलिच्छेदमाप्नुयात् । द्विशतंतुदमंदाप्यः प्रसङ्गविनिवृत्तये ॥ ३६८ ॥

“ કન્યા પોતે સંભોગ માટે પોતાનાથી ઉત્કૃષ્ટ જાતિના પુરુષને સેવન કરે તો કાંઇ પણ દંડ અપવા યોગ્ય નથી, અને હીન જાતિ સાથે સંભોગ કરનારી કન્યાને રક્ષા પૂર્વક ઘરમા રાખવી. ૩૬૫. નીચ પુરુષ ઉત્તમ જાતિની કન્યાનું સેવન કરે તો વધ કરવા યોગ્ય છે. અને સમાન જાતિની કન્યાનું સેવન કરે તો જો તે કન્યાના પિતાની ઇચ્છા હોય તો કાંઈ મુલ્ય આપવું.” (આ બે શ્લોકો વ્યભિચાર પ્રવર્ત્તક જણાય છે અથવા

વિવાહ સંબંધી હોય તો દંડવિધાન વ્યર્થ જણાય છે માટે ત્યાજ્ય છે.) ૩૬૬ જે મનુષ્ય અભિમાન વડે બળાત્કારથી કન્યાને દૂષિત કરે તો તેની બે આંગળી કાપી નાખવી અને છસો પણ (મુદ્રા) દંડ કરવો ૩૬૭. સજાતીય પુરૂષ કન્યાની ઈચ્છાથી કન્યાને દુષિત કરે તો આંગળીનું છેદન ન કરવું કિન્તુ પ્રસગ નિવૃત્તિને માટે બસો પણ દંડ કરવો. ૩૬૮.

कन्यैवकन्यांयाकुर्यात्तस्याः स्याद्द्विशतोदमः । शुल्कंचद्विगुणं दद्याच्छिफाश्चैवाप्नुयाद्दश ॥३६९॥ यातुकन्यांप्रकुर्यात्स्त्री सासद्योमौण्ड्य मर्हति । अङ्गुल्योरेववाछेदं खरेणोद्वहनं तथा ॥ ३७० ॥ भर्तारंलङ्घयेद्यातु स्त्रीज्ञातिगुणदर्पिता । तांश्वभिः खादयेद्राजा संस्थाने बहुसंस्थिते ॥ ३७१ ॥ पुमांसं दाहयेत्पापं शयने तप्तआयसे । अभ्यादध्युश्च काष्ठानि तत्र दह्येत पापकृत् ॥ ३७२ ॥

જો કોઈ કન્યાજ કન્યાને આંગળીયો વડે બગાડે તો બસો પણ દંડ કરવો અને તે કન્યાનું જે દેજ વિગેરેમાં ધન આપવુ પડે તેનું બમણુ તેના પિતાએ આપવુ; અને કન્યાના પિતાને સોટીના દસ વાર પ્રહાર કરવો ૩૬૯ જે સ્ત્રી આગળી વડે કન્યાનું કન્યાત્વ નાશ કરે તો તેના તત્કાળ મુંડન કરવવુ, તેની આગળાઓ છેદન કરાવી નાંખવી અને ગધેડા પર બેસાડી ફેરવવી ૩૭૦. પોતાના ભાઈઓ વિગેરે તથા પોતાના બાપ આદિના અભિમાન વડે જે સ્ત્રી પોતાના સ્વામીની આજ્ઞાનું ઉલ્લંઘન કરે, તેને રાજાએ જયા ઘણા માણસો હાજર હોય ત્યા કુત્રાઓ પાસે તેનુ ભક્ષણ કરાવવુ ૩૭૧. વ્યભિચાર કરનાર પાપી પુરૂષને તપાવેલા લોઢાના ખાટલા પર બાળી નાખવો, અને સર્વ લોકોએ તેના પર લાકડા નાખવા કે જેથી તે પાપ કરનારો તે ઠેકાણે બળીને ભસ્મ થાય. ૩૭૨

संवत्सराभिशस्तस्यदुष्टस्य द्विगुणोदमः । व्रात्यया सह संवासे चण्डाल्या तावदेव तु ॥ ३७३ ॥ शूद्रोगुप्तमगुप्तं वा द्वैजातं वर्णमावसन् । अगुप्तमङ्गसर्वस्वैर्गुप्तं सर्वेण हीयते ॥ ३७४ ॥ वैश्यः सर्वस्वदण्डः स्यात्संवत्सरनिरोधतः । सहस्रंक्षत्रियोदण्ड्यो मौण्ड्यं मूत्रेण चार्हति ॥ ३७५ ॥ ब्राह्मणीं यद्यगुप्तां तुगच्छेतां वैश्यपार्थिवौ । वैश्यंपञ्चशतंकुर्यात् क्षत्रियंतुसहस्रिणः ॥ ३७६ ॥

પરસ્રીગમન કરનાર પુરૂષ એક વર્ષ પર્યંત પરસ્રીગમન વડે વ્યતીત કરે તો તે દુષ્ટને પૂર્વોક્ત દંડથી બમણો દંડ કરવો, અને વ્રાત્યા સ્રી તથા ચાંડાળ સ્રી સાથે રહેવામાં પણ બમણો દંડ કરવો. ૩૭૩. રક્ષણ કરાયલી તેમજ નહિ રક્ષણ કરાયલી દ્વિજ જાતિની સ્રી સાથે જો શુદ્ર ગમન કરે તો રક્ષણ નહિ કરાયલી સ્રી સાથે ગમન કરવાથી ગુપ્ત અંગનું છેદન કરવું. અને રક્ષણ કરાયલી સ્રી સાથે ગમન કરે તો સર્વ શરીર અને ધનાદિ રહિત કરવો. ૩૭૪. વૈશ્ય જો એક વર્ષ સુધી સંભોગાર્થે પરસ્રીને ઘરમા રોકી રાખે તો તે રક્ષણ રહિત બ્રાહ્મણની સ્રી સાથે વૈશ્ય અથવા ક્ષત્રિય ગમન કરે તો ક્ષત્રિયને એક હજાર અને વૈશ્યને પાંચસો પણ દંડ કરવો. ૩૭૬.

उभावपितुतावेव ब्राह्मण्यागुप्तयासह । विप्लुतौशूद्रवद्दण्ड्यौ दग्धव्यौवाकटाग्निना ॥ ३७७ ॥ सहस्रंब्राह्मणोदण्ड्यो गुप्तांविप्रां बलाद्-व्रजन् । शतानिपञ्चदण्ड्यः स्यादिच्छन्त्यासहसंगतः ॥ ३७८ ॥ "मौण्ड्यंप्राणान्तिकेदण्डोब्राह्मणस्यविधीयते । इतरेषांतु वर्णानांदण्डः प्राणान्तिकोभवेत् ॥ ३७९ ॥ नजातुब्राह्मणंहन्यात्सर्वपापेष्वपिस्थितम्। राष्ट्रादेनंबहिः कुर्यात्समग्रधनमक्षतम् ॥ ३८० ॥"

જો રક્ષણ કરાયલી બ્રાહ્મણની સ્રી સાથે વૈશ્ય અથવા ક્ષત્રિય ગમન કરે તો શુદ્રની પેઠે દંડ કરવા યોગ્ય છે, અથવા સાદડી વીંટીને તે બંનેને બાળી નાખવા. ૩૭૭. રક્ષણ કરાયલી બ્રાહ્મણની સ્રી સાથે અન્ય કોઇ બ્રાહ્મણ બળાત્કારથી ગમન કરે તો એક હજાર પણ દંડ કરવો, અને તે સ્રીની ઇચ્છાથી ગમન કરે તો પાંચસો પણ દંડ કરવા યોગ્ય છે. ૩૭૮. "બ્રાહ્મણનું મસ્તક મુંડન કરાવવું એજ પ્રાણાન્તિક દંડ કહેવાય છે અને અન્ય વર્ણોને પ્રાણદંડ પ્રાણાન્તિક દંડ કેહેવાય છે. ૩૭૯. સર્વ પાપ કરવામાં તત્પર હોય તોપણ બ્રાહ્મણને મારવો નહિ. કિન્તુ તેના સંપૂર્ણ દ્રવ્યની સાથે તેને માર્યા કર્યા શિવાય દેશપાર કરવો. ૩૮૦" (આ બે શ્લોકો ૩૫૦ મા શ્લોકથી વિરૂદ્ધ હોવાથી ચિંતનીય છે.)

"नब्राह्मणवधाद्भूयानधर्मोविद्यतेभुवि । तस्मादस्यवधंराजा मनसा-पिनचिन्तयेत् ॥३८१॥" वैश्यश्चेत्क्षत्रियां गुप्तां वैश्यां वा क्षत्रियोव्रजेत्।

याब्राह्मण्य म० गुप्तायां तावुभौ दण्डमर्हतः ॥ ३८२ ॥ स ब्राह्मणा-दण्डं दाप्यः पतेतुतेव्रजन् । शूद्रायांक्षत्रियविशोः साहस्रोवै भवेद्दमः ॥ ३८३ ॥ अगुप्तायामगुप्तायां वैश्ये पञ्चशतं दमः । मूत्रेण मौण्ड्य मिच्छेत् क्षत्रियोदण्डमेव वा ॥ ३८४ ॥

"બ્રાહ્મણના વધ કરતાં બીજો પૃથ્વીમાં કોઇપણ અધર્મ નથી માટે બ્રાહ્મણના વધનો વિચાર મનથી પણ કરવો નહિ. ૩૮૧,, (આતતાયી અવસ્થામાં આ શ્લોક ચિંતનીય થઈ પડે છે.) રક્ષણ કરાયલી ક્ષત્રિયની સ્ત્રી સાથે વૈસ્ય ગમન કરે અથવા રક્ષણ કરાયલી વૈશ્યની સ્ત્રી સાથે ક્ષત્રિય ગમન કરે તો નહિ રક્ષણ કરાયલી બ્રાહ્મણની સ્ત્રી સાથે ગમન કરવામાં જે દંડ કહ્યો છે તે દંડ કરવો. ૩૮૨ રક્ષણ કરાયલી ક્ષત્રિયની સ્ત્રી અથવા વૈસ્યની સ્ત્રી સાથે બ્રાહ્મણ ગમન કરે તો એક હજાર દંડ કરવો, અને શદ્રાસ્ત્રીમાં ક્ષત્રિય અથવા વૈસ્ય ગમન કરે તો હજાર દંડ કરવા યોગ્ય છે. ૩૮૩ નહિ રક્ષણ કરાયલી ક્ષત્રિયની સ્ત્રી સાથે વૈસ્ય ગમન કરે તો પાચસો દંડ કરવો, અને ક્ષત્રિય ગમન કરે તે પાંચસો પણ દંડ કરવો અથવા તો મૂત્રવડે તેનુ મસ્તક મુંડન કરાવવું. ૩૮૪

अगुप्तेक्षत्रियावैश्ये शूद्रांवाब्राह्मणोव्रजन् । शतानिपञ्चदण्ड्यः स्यात्सहस्रंत्वन्त्यजस्त्रियम् ॥ ३८५ ॥ यस्यस्तेनः पुरेनास्ति नान्यस्त्री-गोनदुष्टवाक् । नसाहसिकदण्डघ्नौ सराजाशक्रलोकभाक् ॥ ३८६ ॥ एतेषांनिग्रहोराज्ञः पञ्चानांविषयेस्वके । साम्राज्यकृत्सजात्येषु लोके-चैवयशस्करः ॥ ३८७ ॥ ऋत्विजंयस्त्यजेद्याज्यो याज्यं चर्त्विक्त्यजे-द्यदि । शक्तं कर्मण्यदुष्टं च तयोर्दण्डः शतंशतम् ॥ ३८८ ॥

નહિ રક્ષણ કરાયેલી ક્ષત્રિય, વૈસ્ય તથા શદ્રની સ્ત્રી સાથે બ્રાહ્મણ ગમન કરે તો પાંચસો પણ દંડ કરવા યોગ્ય છે. અને અંત્યજની સ્ત્રી સાથે બ્રાહ્મણ ગમન કરે તો હજાર પણ દંડ કરવા યોગ્ય છે. ૩૮૫ જેના દેશમાં ચોર ન હોય, પરસ્ત્રીગામી ન હોય, ખરાબ વાણી બોલનાર ન હોય, સાહસિક તેમજ દંડવડે હણાયલા પુરૂષ ન હોય તે રાજા ઇન્દ્રલોક સેવન કરનાર કહેવાય છે. ૩૮૭ પોતાના દેશમાં એ પાંચને નિગ્રહ કરનાર રાજા પોતાના જાતિવાળા રાજાઓમાં સામ્રાજ્ય કરનાર થાય છે અને લોકો

માં યશસ્વી કહેવાય છે. ૩૮૭ જે યાગ કરનાર દોષ રહિત તથા કર્મ કરવામાં સમર્થ ઋત્વિકનો ત્યાગ કરે અને જે ઋત્વિક્ યાજ્યકર્મ ત્યાગ કરે તો તે બંનેને સોસો પણ રાજાએ દંડ કરવો. ૩૮૮

नमातानपितानस्त्री नपुत्रस्त्यागमर्हति । त्यजन्नपतितानेतान् राज्ञा दण्ड्यः शतानिषट् ॥ ३८९ ॥ आश्रमेषुद्विजातीनां कार्येविवदतांमिथः। न विब्रूयान्नृपोधर्मं चिकीर्षनहितमात्मनः ॥ ३९० ॥ यथार्हमेतानभ्यर्च्य ब्राह्मणैः सहपार्थिवः । सान्त्वेनप्रशमय्यादौ स्वधर्मंप्रतिपादयेत् ॥ ३९१ ॥ प्रतिवेश्यानुवेश्यौच कल्याणेविंशतिद्विजे । अर्हाविभोजयन्विप्रो दण्डमर्हति माषकम् ॥ ३९२ ॥

માતા, પિતા, પુત્ર અને સ્ત્રી એટલા ત્યાગ કરવા યોગ્ય નથી. એટલાં પતિત ન હોય અને જે તેનો ત્યાગ કરે તો રાજાએ તેઓને છસો પણ દંડ કરવો યોગ્ય છે. ૩૮૯ દ્વિજાતિઓના ગૃહસ્થાદિ આશ્રમોમાં કાર્યના વિષયમાં પરસ્પર વિવાદ થતો હોય તો આત્માનું હિત ઇચ્છનાર તથા ધર્મ ઇચ્છનાર રાજાએ વચમા પડવું નહિ. ૩૯૦ જે જેવા સત્કારને યોગ્ય હોય તેની તવી સેવા કરીને બ્રાહ્મણોની સાથે તે પરસ્પર વાદ કરનારાઓને સમજાવવાં, અને પછી પોતાના ધર્મનુ પ્રતિ પાદન કરવું. ૩૯૧ નિરંતર આપણાં ઘરમા રહેનાર, અથવા કોઇ કોઇ દિવસ આપણા ઘરમાં રહેનાર જે બ્રાહ્મણ, તે બંનેને ઉત્સવમા જ્યા વીશ બ્રાહ્મણને ભોજન અપાતું હોય ત્યા ભોજન ન કરાવે તો એક રૂપાનો માષ દંડ કરવા યોગ્ય છે. ૩૯૨

श्रोत्रियःश्रोत्रियंसाधुं भूतिकृत्येष्वभोजयन् । तदन्नंद्विगुणंदाप्यो हिरण्यं चैव माषकम् ॥ ३९३ ॥ अन्धोजडः पीठसर्पी सप्तत्यास्थविरश्चयः । श्रोत्रियेषूपकुर्वंश्च न दाप्याः केनचित्करम् ॥ ३९४ ॥ श्रोत्रियं व्याधितार्तौच बालवृद्धावकिञ्चनम्। महाकुलीनमार्यंच राजासंपूजयेत्सदा ॥ ३९५ ॥ शाल्मलीफलके श्लक्ष्णे नेनिज्यान्नेजकः शनैः । न च वासांसि वासोभिर्निर्हरेन्न च वासयेत् ॥ ३९६ ॥

શ્રોત્રિય બ્રાહ્મણ જો બીજા સારા શ્રોત્રિયને ઉત્સવાદિ કાર્યોમા ભોજન ન કરાવે તો તે અન્નથી બમણું અન્ન તથા એક હિરણ્ય માષ દંડ

કરવા યોગ્ય છે. ૩૯૩ અંધ, બહેરો, પાંગળો અને સીત્તેર વર્ષનો વૃદ્ધ તથા શ્રોત્રિયોને વિષે ઉપકાર કરનાર અટલાની પાસેથી કર લેવો યોગ્ય નથી. ૩૯૪ શ્રોત્રિય, રોગી, દુખી, બાલક, વૃદ્ધ, દરિદ્રી અને મોટાં કુલવાળા મનુષ્યનું રાજાએ યથાયોગ્ય સન્માન કરવું. ૩૯૫ સાગરના લાકડાંનાં ચીકણાં પાટીયા પર ધોબીએ ધીરે ધીરે કપડા ધોવા, તેમજ બીજાનાં કપડાં સાથે કોઇના કપડાં બદલાય નહિ તેનું ધ્યાન રાખવુ અને ઘરમાં ધોવા આવેલાં કપડા ઘણાં દિવસ પડી ન રહે તેનું ધ્યાન ધોબીયે રાખવું. ૩૯૬

तन्तुवायोदशपलं दद्यादेकपलाधिकम् । अतोऽन्यथावर्तमानो दाप्योद्वादशकंदमम् ॥ ३९७ ॥ शुल्कस्थानेषुकुशलाः सर्वपण्यविचक्षणाः । कुर्युरर्घं यथा पण्यं ततोविंशं नृपोहरेत् ॥ ३९८ ॥ राज्ञः प्रख्यातभाण्डानि प्रतिषिद्धानि यानि च । तानि निर्हरतो लोभात्सर्वहारं हरेन्नृपः ॥ ३९९ ॥ शुल्कस्थानं परिहरन्नकाले क्रयविक्रयी । मिथ्यावादी च संख्याने दाप्योऽष्टगुणमत्ययम् ॥ ४०० ॥

કપડાં વણનાર વણકરે દશપલ સુતર લઇને ખેર સાથે અગિઆર પલ વસ્ત્ર તોલીને આપવું, એનાથી વિપરીત આચરણ કરે તો રાજાએ તેને બાર પણ દંડ કરવો. ૩૯૭ જે સ્થલ, જલ, માર્ગના વ્યવહારમાં રાજ ગ્રાહ્ય ભાગ લેવામા કુશલ હોય અને હરેક પ્રકારના બીજા લેણદેણ માં હુશિયાર હોય તે વ્યાપારીઓ જે કાંઈ વ્યવહારમા લાભ પ્રાપ્ત કરે તેનો વીશમો ભાગ રાજાએ લેવો. ૩૯૮ રાજ સબંધી જે પ્રસિદ્ધ દ્રવ્યો હાથી, ઘોડા, ઉટ વિગેરે કે જેને વેચવા માટે ના પાડી હોય અને તેનું જે લોભથી હરણ કરે તે વ્યાપારીનું સર્વસ્વ હરણ રાજાએ કરી લેવું. ૩૯૯ જે મનુષ્ય દાણ ચુકવવું પડે માટે જ્યાં દાણ લેવામા આવે તે માર્ગ છોડીને આવે, અથવાતો જે રાત્રીમાં વેચવા ખરીદવાનું કામ કરે, અથવા દાણ ઓછુ આપવા માટે વેચાયલાં દ્રવ્યની સંખ્યા ખોટી બતાવે તો યોગ્ય રાજ કર જેટલો થાય તેનાથી આઠગણો વધારે દંડ લેવો. ૪૦૦

आगमं निर्गमं स्थानं तथा वृद्धिक्षयावुभौ । विचार्य सर्व पण्यानां कारयेत्क्रयविक्रयौ ॥ ४०१ ॥ पञ्चरात्रे पञ्चरात्रे पक्षे पक्षेऽथवा

गते । कुर्वीत चैषां प्रत्यक्षमर्घसंस्थापनं नृपः ॥ ४०२ ॥ तुलामानं प्रतीमानं सर्वंचस्यात्सुलक्षितम् । षट्सु षट्सु च मासेषु पुनरेष परीक्षयेत् ॥ ४०३ ॥ पणं यानं तरे दाप्यं पौरुषोऽर्धपणं तरे । पादं पशुश्च योषिच्च पादार्धं रिक्तकःपुमान् ॥ ४०४ ॥

માલનો આવવા જ્વાનો ખર્ચ, સ્થાન તથા વૃદ્ધિ અને ક્ષય એ સર્વનો વિચાર કરીને વેચવા ખરીદવાની ચીજનો ભાવ રાખવો. ૪૦૧ પાંચપાંચ દિવસે અથવા દરેક પખવાડીએ રાજાએ પ્રત્યક્ષ દરેક ચીજ નો ભાવ નિયમિત કરાવવો. ૪૦૨ તોલવાનાં ત્રાજવા તથા તોલવાનાં કાટલાંને પણ સારી રીતે જોવાં કે તેમાં વધઘટ ન હોય. અને તે દરેક છછ મહિને તપાસવાં. ૪૦૩ પૂલ ઉપરથી ગાડી વિગેરે વાહન જાય તો જગાત એક પણ લેવી, એક આદમીના બોજાની અડધો પણ અને ગાય, બલદ આદિ પશુ તથા સ્ત્રીની એક ચતુર્થાંશ પણ (મુદ્રા) જગાત લેવી અને પુરૂષ પણ એક અષ્ટમાશ પણ (મુદ્રા) જગાત આપે. ૪૦૪

भाण्डपूर्णानि यानानि तार्यं दाप्यानि सारतः । रिक्तभाण्डानि यत्किञ्चित्पुमांसश्चापरिच्छदाः ॥ ४०५ ॥ दीर्घाध्वनि यथादेशं यथा कालं तरोभवेत् । नदीतीरेषु तद्विद्यात्समुद्रे नास्ति लक्षणम् ॥ ४०६ ॥ गर्भिणी तु द्विमासादिस्तथा प्रव्रजितोमुनिः ब्राह्मणालिङ्गिनश्चैव न दाप्यास्तारिकं तरे ॥ ४०७ ॥ यन्नाविकिञ्चिद्दासानां विशीर्येतापराधतः । तद्दासैरेव दातव्यं समागम्य स्वतोंऽशतः ॥ ४०८ ॥

કાંઇ માલ ભરેલી ગાડીઓ પૂલ ઉપરથી જાય તો બોજાના પ્રમાણમાં મહેસુલ લેવું અને ખાલી ગાડીઓ પૂલ ઉપરથી જાય અથવા દરિદ્રી પુરૂષો પૂલ ઉપરથી જાય તો કાંઇક તેની પાસેથી પણ લેવું. ૪૦૫ નદી આદિમાં પૂલ ઘણો લાંબો હોય તો હોડી વડે નદી ઉતરવાનો કર દેશ કાલાનુસાર લેવો, આ સર્વ નદીના તીર માટે છે સમુદ્રમાં નથી. ૪૦૬ બેમાસથી ઉપરના ગર્ભવાળી સ્ત્રી, સંન્યાસી અથવા વાનપ્રસ્થાશ્રમી તથા બ્રાહ્મણો અને બ્રહ્મચારીઓએ પૂલ ઉતરવાનો કર આપવો નહિં. તેમજ હોડીથી નદી ઉતરવાનો કર આપવો નહિં. ૪૦૭ હોડીમાં બેઠેલા મનુષ્યોનું કાંઇ પણ દ્રવ્ય હોડીવાળાના અપરાધથી નદીમાં પડી જાય તો

તે બધા નાવિકોએ ભેગા મળીને પોત પોતાના ભાગે પડતું દ્રવ્ય ભરી આપવું. ૪૦૮

एष नौयायिनामुक्तो व्यवहारस्य निर्णयः। दासापराधतस्तोये दैवि
नास्ति निग्रहः ॥ ४०९ ॥ वाणिज्यं कारयेद्वैश्यं कुसीदं कृषिमेव च
पशूनां रक्षणं चैव दास्यं शूद्रं द्विजन्मनाम् ॥ ४१० ॥ क्षत्रियंचैववैश
च ब्राह्मणोवृत्तिकर्शितौ । बिभृयादानृशंस्येन स्वानिकर्माणिकारय
॥ ४११ ॥ दास्यंतुकारयंल्लोभाद्ब्राह्मणः संस्कृतान्द्विजान् । अनिच्छत
प्राभवत्याद्राज्ञा दण्ड्यः शतानि षट् ॥ ४१२ ॥

જો નાવિકોના અપરાધથી નૌકામાં બેસનારની કાંઇ વસ્તુ પડી હોય તો તેઓ આપે પરંતુ કાંઇ દૈવી તોફાન થયુ હોય તો ન આપે. એ પ્રમાણે હોડીથી જનારાઓનો વ્યવહાર નિર્ણય કહ્યો. ૪૦૯ વ્યાપાર ગિરવી રાખવું, વ્યાજે ધીરવું વિગેરે, ખેતી, પશુઓનું રક્ષણ એ સર્વ કાર્ય વૈશ્ય પાસે રાજાએ કરાવવું; અને શુદ્ર પાસે દ્વિજોની સેવા કરાવવી. ૪૧૦ ક્ષત્રિય અને વૈશ્ય જો વૃત્તિના અભાવથી દુ ખી થતા હોય તો બ્રાહ્મણે દયા કરીને તેની પાસે તેનું તેનું કર્મ કરાવી પોષણ કરવું. ૪૧૧ જો બ્રાહ્મણ લોભથી સંસ્કાર પામેલા દ્વિજો પાસે તેઓની ઇચ્છા શિવાય જો દાસ કર્મ કરાવે તો રાજાએ તે બ્રાહ્મણને છસો પણ દંડ કરવો. ૪૧૨

शूद्रं तु कारयेद्दास्यं क्रीतमक्रीतमेव वा । दास्यायैव हि सृष्टोसं
ब्राह्मणस्य स्वयंभुवा ॥ ४१३ ॥ न स्वामिना निसृष्टोऽपि शूद्रोदास्य
द्विमुच्यते । निसर्गजं हि तत्तस्य कस्तस्मात्तदपोहति ॥ ४१४ ॥ ध्वज
हृतोभक्तदासो गृहजः क्रीतदत्रिमौ । पैत्रिकोदण्डदासश्च सप्तैते दास
योनयः ॥ ४१५ ॥ भार्या पुत्रश्च दासश्च त्रय एवाधनाः स्मृताः
यत्ते समधिगच्छन्ति यस्य ते तस्य तद्धनम् ॥ ४१६ ॥

શુદ્રને તો વેચાતો લીધો હોય અથવા ન હોય તોપણ તેની પાસેથી તો સેવાજ કરાવવી; કારણ કે બ્રાહ્મણાદિની સેવા કરવા માટે બ્રહ્માએ શુદ્ર (મૂર્ખ) પેદા કરેલા છે. ૪૧૩ સ્વામીથી છુટો થઈ ગયલો શુદ્ર (મૂર્ખ) દાસપણાંથી છૂટો થઇ શકતો નથી. કારણકે તે તેનો સ્વભાવિક ધર્મ છે તેને કોણ હટાવી શકે તેમ છે. ૪૧૪ યુદ્ધમાં જીતીને આણેલો, ભક્તનો

લોભથી દાસ થયેલો, દાસીનો પુત્ર, ખરીદ કરીને આણેલો, દાનમાં આપેલો, આગળના વૃધ્ધોથી ચાકરી કરતો આવેલો, અને દંડની શુદ્ધિને માટે જેણે દાસ ધર્મ સ્વીકારેલો હોય, એવા સાત પ્રકારના દાસ જાણવા. ૪૧૫ ભાર્યા, પુત્ર અને દાસ એ ત્રણ નિર્ધન જાણવા; કારણકે એઓ જે કમાય છે તે તેનુ છે કે, જેના તેઓ છે. ૪૧૬

विस्रब्धंब्राह्मणः शूद्राद् द्रव्योपादानमाचरेत् । न हि तस्यास्ति किञ्चित्स्वं भर्तृहार्यधनोहि सः ॥ ४१७ ॥ वैश्यशूद्रौ प्रयत्नेन स्वानि कर्माणि कारयेत्। तौ हि च्युतौ स्वकर्मभ्यः क्षोभयेतामिदं जगत् ॥ ४१८ ॥ अहन्यहन्यवेक्षेत कर्मान्तान्वाहनानि च । आयव्ययौ च नियतावाकरान्कोशमेव च ॥ ४१९ ॥ एवं सर्वानिमान् राजा व्यवहारान् समापयन्। व्यपोह्यकिल्बिषं सर्वं प्राप्नोति परमां गतिम् ॥४२०॥

કોઇ જાતના વિચાર શિવાય દાસ=શૂદ્ર પાસેથી બ્રાહ્મણે ધન ગ્રહણ કરવું. કારણ કે તેનુ કાંઇ પણ પોતાનુ નથી કિંતુ તેનું ધન તેના સ્વામીએ લેવું જોઇયે. ૪૧૭ વૈશ્ય અને શૂદ્ર પાસેથી રાજાએ પ્રયત્નવડે પોતાના કર્મો કરાવવા; જો તેમ રાજા ન કરાવે તો તે પોત પોતાના કામથી છૂટા પડેલા વૈશ્ય અને શૂદ્ર જગતમાં ક્ષોભ ઉત્પન્ન કરે છે. ૪૧૮ રાજાએ કર્મનું ફલ, વાહનો તથા આયવ્યય, તેમજ ધાતુની ખાણો તથા કોશ એટલાને દરરોજ જોવાં-તપાસવાં. ૪૧૯ એ પ્રમાણે આ સર્વ ઋણાદાનાદિવ્યવહારોને સારી રીતે ચલાવનાર રાજા સંપૂર્ણ પોતાના પાપને દૂર કરીને પરમ ગતિને પ્રાપ્ત થાય છે. ૪૨૦

॥ इति मानवे धर्मशास्त्रे अष्टमोऽध्यायः ॥८॥

ઇતિ મનુસ્મૃતિ સરલ ગુજરાતી ટીકાનો આઠમો અધ્યાય.

ओ३म्.

अथ नवमोऽध्यायः

पुरुषस्य स्त्रियाश्चैव धर्म्ये वर्त्मनि तिष्ठतोः । संयोगे विप्रयोगे च धर्मान्वक्ष्यामि शाश्वतान ॥ १ ॥ अस्वतन्त्राः स्त्रियः कार्याः पुरुषैः स्वैर्दिवानिशम् । विषयेषु च सज्जन्त्यः संस्थाप्या आत्मनो वशे ॥२॥ पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने । रक्षन्ति स्थाविरे पुत्रा नस्त्रीस्वातन्त्र्यमर्हति ॥ ३ ॥ कालेऽदातापितावाच्यो वाच्यश्चानुपयन्पतिः । मृते भर्तरि पुत्रस्तु वाच्योमातुररक्षिता ॥ ४ ॥

ધર્મમાર્ગપર ચાલવાવાળા સ્ત્રી પુરૂષોએ સાથે રહેવામા તથા જુદા રહેવામા જે સનાતન ધર્મ હુ કહુ છું તે તમે સાંભળો. ૧ પુરૂષોએ હમેશાં પોતપોતાની સ્ત્રીઓને પોતાને સ્વાધીન રાખવી જોઇએ રૂપાદિ વિષયોમાં આસકત થનારી સ્ત્રીઓને પોતાના વશમા રાખવી. ૨ પિતાએ સ્ત્રીની કુમાર અવસ્થામા, યુવાવસ્થામા સ્વામીએ અને વૃદ્ધાઅવસ્થામા પુત્રોએ તેનુ રક્ષણ કરવું પરંતુ સ્ત્રીને સ્વતંત્ર રાખવા યોગ્ય નથી. ૩ કન્યાને પ્રદાનકાળનો સમય થયો હોય અને પિતા તેનું પ્રદાન ન કરે તો તે નિંદિત કહેવાય છે, ઋતુકાલમાં સ્ત્રીની પાસે પતિ ન જાય તો નિંદ્ય કહેવાય છે, અને સ્ત્રીનો સ્વામી મરણ પામ્યા પછી જો પુત્ર તેની માતાનું રક્ષણ ન કરે તો પુત્ર નિંદાપાત્ર થાય છે ૪

सूक्ष्मेभ्योपि प्रसङ्गेभ्यः स्त्रियोरक्ष्याविशेषतः द्वयोर्हि कुलयोः शोकमावहेयुररक्षिताः ॥ ५ ॥ इमं हि सर्ववर्णानां पश्यन्तोधर्ममुत्तमम् । यतन्ते रक्षितुं भार्यां भर्तारोदुर्बलाअपि ॥ ६ ॥ स्वां प्रसूतिं चरित्रं च कुलमात्मानमेव च । स्वं च धर्मं प्रयत्नेन जायां रक्षन् हि रक्षति ॥ ७ ॥ पतिर्भार्यां संप्रविश्य गर्भोभूत्वेह जायते । जायायास्तद्धि जायात्वं यदस्यां जायते पुनः ॥ ८ ॥

થોડા પણ દુઃસંગથી સ્ત્રીઓનું વિશેષે કરીને રક્ષણ કરવું. જો સ્ત્રીઓનું રક્ષણ ન કર્યું હોય તો સ્વામીના કુલને તથા તે સ્ત્રીના પિતાના કુલને સંતાપમાં નાંખી દેછે. ૫ સર્વે વર્ણોનો ભાર્યારક્ષણરૂપ એ ઉત્તમ ધર્મને જાણનારા સ્વામીઓ દુર્બલ હોય તો પણ સ્ત્રીની રક્ષા કરવા માટે યત્ન કરે છે. ૬ જે સ્ત્રીનું રક્ષણ કરે છે તે જાણો કે પોતાની પ્રજા, ચરિત્ર, કુલ, આત્મા અને પોતાનો ધર્મ એ સર્વનું પ્રયત્નવડે રક્ષણ કરેછે. ૭ પતિ વીર્યરૂપે ભાર્યામાં પ્રવેશ કરીને ગર્ભમાં પ્રાપ્ત થઇને તે સ્ત્રીમાં પુત્ર રૂપે ઉત્પન્ન થાય છે. સ્ત્રીનું તેજ સ્ત્રીપણું છે કે જેમાં તે પાછો ઉત્પન્ન થાય છે. ૮

यादृशं भजते हि स्त्री सुतं सूते तथा विधम् । तस्मात्प्रजाविशुद्ध्यर्थंस्त्रियंरक्षेत्प्रयत्नतः ॥ ९ ॥ न कश्चिद्योषितः शक्तः प्रसह्य परि रक्षितुम् । एतैरुपाययोगैस्तु शक्यास्ताः परिरक्षितुम् ॥ १० ॥ अर्थस्यसंग्रहेचैनां व्ययेचैवनियोजयेत् । शैाचे धर्मेऽन्नपक्त्यांच पारिणाह्यस्य चेक्षणे ॥ ११ ॥ अरक्षिता गृहे रुद्धाः पुरुषैराप्तकारिभिः । आत्मानमात्मना यास्तु रक्षेयुस्ताः सुरक्षिताः ॥ १२ ॥

સ્ત્રી જેવા પ્રકારના પુરૂષનુ સેવન કરે છે તેવો પુત્ર ઉત્પન્ન કરે છે, તેટલા માટે પ્રજાની શુદ્ધિને અર્થે પ્રયત્નથી સ્ત્રીનું રક્ષણ કરવુ. ૯ કોઇ પણ પુરૂષ બળાત્કારથી સ્ત્રીનું રક્ષણ કરી શકતો નથી, કિંતુ આ આગળ જણાવેલા ઉપાયોના યોગોવડે સ્ત્રીઓનું રક્ષણ કરવાને શક્ય છે. ૧૦ દ્રવ્યનો સંગ્રહ કરવામાં તથા ખર્ચ કરવામાં તેની યોજના કરવી. તેમજ શૌચ, ધર્મ, રસોઈ કરવામાં અને ઘરની ચીજોની દેખરેખ રાખવામાં તેની યોજના કરવી. ૧૧ આપ્ત પુરૂષો વડે ઘરના પડદામાં રોકેલી સ્ત્રીઓ પણ અરક્ષિતા સમજવી, કિન્તુ જે સ્ત્રી પોતેજ પોતાનું શિયળ સાચવે છે તેજ રક્ષિતા સમજવી ૧૨

पानं दुर्जनसंसर्गः पत्या च विरहोऽटनम् । स्वप्नोऽन्यगेहवासश्च नारीणां दूषणानि षट् ॥ १३ ॥ "नैता रूपं परीक्षन्ते नासां वयसि संस्थितिः । सुरूपंवाविरूपंवा पुमानित्येवभुञ्जते ॥ १४ ॥ पैंश्चल्याच्चलचित्ताच्च स्नैनेह्याच्चस्वभावतः । रक्षितायत्नतोऽ-

पीह भर्तृष्वेताविकुर्वते ॥ १५ ॥ एवंस्वभावंज्ञात्वाऽऽसां प्रजापति-निसर्गजम् । परमंयत्नमातिष्ठेत्पुरुषोरक्षणंप्रति ॥ १६ ॥"

મધપાન, દુર્જન માણસનો સંસર્ગ, સ્વામીથી જુદા રહેવું, આમતેમ ફરવું, સમય વિના સુવું અને બીજાના ઘરમાં રહેવું, એ ૭ પ્રકારના સ્ત્રીઓના દોષ જાણવા. ૧૩ "એ સ્ત્રી રૂપની પરીક્ષા કરતી નથી. તેમજ આયુષ્યની સ્થિતિનો પણ વિચાર કરતી નથી, કિંતુ પુરૂષ સારા રૂપવાળો હોય અથવા વિરૂપ હોય તોપણ તેને ભોગવે છે. ૧૪ દરેક પુરૂષ પરત્વે ભટકનારી, ચંચલચિત્તવાળી તથા સ્વભાવથીજ સ્નેહ રહિત હોવાથી યત્નપૂર્વક રક્ષણ કરતાં છતાં પણ સ્વામીઓમાં એ સ્ત્રીઓ વિકાર કરે છે. ૧૫ પ્રજાપતિના સૃષ્ટિકાલથીજ ઉત્પન્ન એ સ્ત્રીઓના એવા સ્વભાવને જાણીને પુરૂષે સ્ત્રીના રક્ષણમાં પ્રયત્ન કરતા રહેવું ૧૬" (શું એ સંભવ છે કે, સ્ત્રીયો યુવાવસ્થાવાળા પુરૂષની કે રૂપવાન્ પુરૂષની પરવાહ ન કરે અને જે પુરૂષ મળે તેને ભોગવતીજ ફરે? વળી સ્વભાવથી સ્નેહરહીત જેટલા પુરૂષો છે તેના પ્રમાણમાં તો સ્ત્રીઓ સ્નેહવાળી છે. વળી ચિત્તની ચંચળતા કાંઈ પુરૂષોની ઓછી નથી! વળી બ્રહ્માએજ એનો સ્વભાવ પ્રથમથીજ બનાવ્યો ત્યારે તો સ્ત્રીયો જે મોટી મોટી યોગિનીઓ થઇ ગઇ તે કેમ થઇ હશે? ઇત્યાદિ કારણોથી આ કોઇ પક્ષપાતી પુરૂષે સ્ત્રીઓની ખાસ નિંદા કરવા માટે લખેલું હોય એમ જણાયાથી શ્લોક ૧૪ થી ૧૬ સુધી ત્યાજ્ય છે.)

"शय्यासनमलङ्कारं कामंक्रोधमनार्जवम् । द्रोहभावं कुचर्यांच स्त्रीभ्योमनुरकल्पयत् ॥ १७ ॥ नास्तिस्त्रीणांक्रियामन्त्रैरितिधर्मे-व्यवस्थितिः । निरिन्द्रियाह्यमन्त्राश्च स्त्रियोऽनृतमितिस्थितिः ॥१८॥ तथाचश्रुतयोवह्व्योनिगीतानिगीतानिगमेष्वपि । स्वालक्षण्यपरी-क्षार्थं तासांश्रृणुतनिष्कृतीः ॥ १९ ॥ यन्मेमातामलुलुभे विचरन्त्य-पतिव्रता । तन्मेरेतः पितावृक्तामित्यस्यैतन्निदर्शनम् ॥ २० ॥"

"શય્યા, આસન, અલંકાર, કામ, ક્રોધ, કુટિલતા, દ્રોહભાવ અને ખરાબ આચરણ, મનુએ સ્ત્રીઓને માટે કર્યાં છે. ૧૭ સ્ત્રીઓની જાતકર્મ સંસ્કારાદિ ક્રિયા વૈદિક મંત્રો વડે નથી એ પ્રમાણે ધર્મશાસ્ત્રનો નિશ્ચય છે. સ્ત્રીયો ઇંદ્રિયવીનાની તેમજ મંત્રરહિતા છે અને અસત્ય એ તેની સ્થિતિ છે. ૧૮ તે સ્ત્રીઓના વ્યભિચારાચરણની પરીક્ષા માટે ઘણી શ્રુતિયો

વેદોમાં ગવાયલી છે; તેની નિષ્કૃતીઓને તમે સાંભળો. ૧૯ કોઇ એક પોતાંની માતાનો માનસ વ્યભિચાર જાણીને કહે છે કે જે મારી માતા પતિવ્રત ધર્મથી રહીત થઇ પરપુરૂષને ઇચ્છનારી થઇ હતી, તેને મારો પિતા શુદ્ધ કરે. એજ શ્રુતિઓમાંથી એક ઉદાહરણનું દર્શન શુદ્ધ વિર્યથી કરાવ્યુ."

સ્ત્રીઓએ મનુમહારાજનો શુ અપરાધ કર્યો હશે કે તે બીચારીઓ માટે આવા આચરણ કરવાનો પરિશ્રમ ખાસ મનુને લેવો પડયો ? શું ૧૭ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે આચરણ પુરૂષોમા નથી ? વળી સ્ત્રીઓને તો ઇંદ્રિયોજ નથી અને મંત્રરહિતા જણાવી. જ્યારે સ્ત્રીઓને ઇંદ્રિયોજ નથી ત્યારે નાક, કાન વિગેરે દેખાય છે તે બાંકોરા શા માટે છે ? કહો કે જ્ઞાન નથી તો શું તે સારૂ માઠું સમજતી નથી ? ગૌતમી, મૈત્રેયી વિગેરે સ્ત્રીઓ બ્રહ્મવાદિની હતી તે કોઇ સ્ત્રીઓ હતી કે પુરૂષો હતા ? વારૂ કોઇ એટલી હિંમત કરશે કે વેદમાથી આ ૨૦ મા શ્લોકમાં જણાવેલી શ્રુતિ કહાડી આપશે ? વળી વિચારો તો ખરા કે એક પુત્ર પોતાની માતા માટે આવુ બોલી શકે ખરો ? વળી બીજી ઘણી શ્રુતીઓ વેદમા ગવાયલી હતી તો ખાસ વેદમંત્રના એકાદ બે નમુના તો બતાવવા હતા ? પણ લાવે કયાંથી! વેદમાં એવી ગલીચ વાત હોયજ કેમ? તેમજ સ્ત્રીયોને અમત્રા કહેવી તે પણ એક ધૃષ્ટતાજ જણાય છે. ઇત્યાદિ કારણોથી એ શ્લોકો સર્વથા ત્યાજ્ય છે. અને કોઇએ પાછળથી ઘુસાડેલા હોવાથી પ્રક્ષિપ્ત છે.) ૨૦

" **ध्यायत्यनिष्टंयत्किञ्चित्पाणिग्राहस्यचेतसा । तस्यैषव्यभिचारस्य निन्हवःसम्यगुच्यते ॥ २१ ॥ यादृग्गुणेनभर्त्रास्त्री संयुज्येत यथाविधि । तादृग्गुणासाभवति समुद्रेणेवनिम्नगा ॥ २२ ॥ अक्षमालावसिष्ठेन संयुक्ताऽधमयोनिजा शारङ्गीमन्दपालेन जगामाभ्यर्हणीयताम् ॥ २३ ॥ एताश्चान्याश्चलोकेऽस्मिन्नपकृष्टप्रसूतयः । उत्कर्षंयोषितः प्राप्ताः स्वैः स्वैर्भर्तृगुणैः शुभैः ॥ २४ ॥** "

"ચિત્તવડે કરીને જે સ્ત્રી પોતાના પાણીગ્રહણ કરનાર પતિનું પરપુરૂષ ગમન રૂપ અપ્રિયનું ધ્યાન કરે તે માનસિક વ્યભિચારનો આ શોધનમંત્ર મન્વાદિયોએ સારો કહ્યો છે. ૨૧ જેવા ગુણવાળા પતિની સાથે સ્ત્રી યથાવિધિ વિવાહ કરીને રહે તે જેમ નદી સમુદ્રમાં મળવાથી સમુદ્ર જેવા ગુણ-

વાળી થાય છે તેમ તે સ્ત્રી તેવા ગુણવાળી થાય છે. જેમકે ૨૨ અધમયોનીમાં ઉત્પન્ન થયેલી અક્ષમાળા નાગની સ્ત્રી વસિષ્ઠજીને સાથે જોડાયાથી પૂજ્યતાને પ્રાપ્ત થઇ; તેમજ સારંગી મંદપાલ સાથે યુક્ત થઇને પૂજ્યતાને પામી. ૨૩ એવી બીજી નિકૃષ્ટ યોનિમાં ઉત્પન્ન થયેલી ઘણી સ્ત્રાયો આ લોકમાં પોતપોતાના સ્વામીના શુભગુણ વડે ઉન્નતિ પામી. ૨૪ " (શ્લોક ૨૧મા તે અસત્ય શ્રુતિકે જેનું વેદમાં નામ નિશાન નથી તેને માનસ વ્યભિચારના પાપની પ્રાયશ્ચિત રૂપ બતાવી છે કે જે સર્વથા અસત્ય છે. શ્લોક ૨૨ થી ૨૪ સુધીમાં તો આ ઇતિહાસ ગોઠવ્યો છે અને વળી તેમાં ભૂતકાળની ક્રિયા વાપરીને કે જે વસિષ્ઠ અને મંદપાલનું નામ નિશાન પણ સ્વાયંભુવ મનુજીના વખતમાં નહતું તો તે મનુજી અથવા કહો ભૃગુજી ભૂતકાળ કેમ દર્શાવી શકે ? વળી શ્લોક ૧૭મામાં તો સ્ત્રીયોનો સ્વાભાવિક ગુણ મનુમહારાજે પોતેજ ઉત્પન્ન કરેલા છે તો પછી પતિના સારા ગુણો તેનામાં આવે કયાથી કે વળી વસિષ્ઠાદિકો સાથે જોડાવાથી અક્ષમાળા આદિ સ્ત્રીઓ સુધરી ગઇ? ઇત્યાદિ પરસ્પર વિરોધ પણ હોવાથી એ કોઇયે પુરાણ ભાવનાના સમયે ઉમેરેલા શ્લોકો હોવાથી પ્રક્ષિપ્ત છે. તેમજ શ્લોક ૧૩ ની સાથે ૨૫ માનો સંબંધ પણ બરોબર બેસે છે.)

एषोदिता लोकयात्रा नित्यं स्त्री पुंसयोः शुभा। प्रेत्येह च सुखोदर्कान्प्रजाधर्मान्निबोधत ॥ २५ ॥ प्रजनार्थं महाभागाः पूजार्हागृहदीप्तयः। स्त्रियःश्रियश्च गेहेषु न विशेषोऽस्ति कश्चन ॥ २६ ॥ उत्पादनमपत्यस्य जातस्य परिपालनम्। प्रत्यहं लोकयात्रायाः प्रत्यक्षं स्त्री निबन्धनम् ॥ २७ ॥ अपत्यं धर्मकार्याणि शुश्रूषा रतिरुत्तमा। दाराधीनस्तथा स्वर्गः पितॄणामात्मनश्चह ॥ २८ ॥

એ સ્ત્રીઓ અને પુરૂષની હમેશા શુભકારી લોક યાત્રા કહી. હવે આ લોક અને પર લોકમા સુખવર્ધક પ્રજાના એટલે કે સંતાનના ધર્મો કહું છું તે જાણો. ૨૫ સંતાનના હેતુવાળી, સત્કાર યોગ્ય, ગૃહની શોભારૂપ એ મોટાં ભાગ્યવાળી સ્ત્રાયો છે અને ઘરમાં સ્ત્રી અને લક્ષ્મી એ બેમાં કાંઇ વિશેષતા નથી અર્થાત બંને એક રૂપજ છે. ૨૬ સંતાનની ઉત્પત્તિ કરવી, ઉત્પન્ન થયેલા સતાનનું પાલન કરવું તેમજ હમેશાં અતિથિ, મિત્રાદિરૂપ લોકવ્યવહારનુ પ્રત્યક્ષ કારણ સ્ત્રી છે. ૨૭ સંતાનની ઉત્પત્તિ કરે, ધર્મકાર્યો કરે, ઉત્તમ સેવા કરે, રતિ આપે, માટે પિતરોનું તથા પોતાનું સ્વર્ગ સ્ત્રીને આધીન છે. ૨૮

" पतिंयानाभिचरति मनोवाग्देहसंयता । साभर्तृलोकानाप्नोति सद्भिःसाध्वीतिचोच्यते ॥ २९ ॥ व्यभिचारात्तुभर्तुःस्त्री लोकेमाप्नोति निन्द्यताम् । शृगलयोनिंचाप्नोति पापरोगैश्चपी च्यते ॥ ३० ॥" पुत्रं प्रत्युदितं सद्भिः पूर्वजैश्च महर्षिभिः । विश्वजन्यमिमं पुण्यमुपन्यासं निबोधत ॥ ३१ ॥ भर्तुः पुत्रं विजानन्ति श्रुतिद्वैधं तु भर्तरि । आहुरुत्पादकं केचिदपरे क्षेत्रिणं विदुः ॥३२॥

જે સ્ત્રી મન, વાણી અને દેહવડે સંયમવાળી તથા પોતાના સ્વામીની આજ્ઞાનું ઉલંઘન કરે નહિ તે સ્વામીના લોકને પામે છે. અને સત્પુરૂષો વડે સાધ્વી કહેવાય છે. ૨૯ જે સ્વામી થકી અન્ય પુરૂષ સાથે વ્યભિચાર કરે છે તો તેથી તે લોકમાં નિંદાપાત્ર થાય છે અને મરણ પછી શીયાળની યોની પામે છે અને દુષ્ટ રોગો વડે પીડાય છે. ૩૦ (આ બે શ્લોક પાચમા અધ્યાયમાં ૧૬૪–૧૬૫ મા આવી ગયા છે) પૂર્વના શિષ્ટમહર્ષિઓએ વિશ્વમા હિતકારી પુત્ર પ્રત્યે કેહેવાયલો આ પુણ્ય રૂપ વિચાર હવે તમે સાભળો. ૩૧ ભર્તાનો પુત્ર થાય છે એમ લોકમાં કહેવાય છે. પરંતુ ભર્તાના વિષયમા બે પ્રકારની વાત સાંભળવામાં આવે છે; કે કોઇ તો ઉત્પન્ન કરનારને પુત્રવાળો કહે છે અને કોઈ ક્ષેત્રના સ્વામીને પુત્રવાળો કહે છે. ૩૨.

क्षेत्रभूता स्मृता नारी बीजभूतः स्मृतःपुमान् । क्षेत्रबीजसमायोगात्संभवः सर्व देहिनाम् ॥ ३३ ॥ विशिष्टं कुत्रचिद्बीजं स्त्रीयोनिस्त्वेव कुत्रचित् । उभयं तु समं यत्र सा प्रसूतिः प्रशस्यते ॥ ३४ ॥ बीजस्य चैव योन्याश्च बीजमुत्कृष्टमुच्यते । सर्वभूतप्रसूतिर्हि बीजलक्षणलक्षिता ॥ ३५ ॥ यादृशं तूप्यते बीजं क्षेत्रे कालोपपादिते । तादृग्रोहति तत्तस्मिन्बीजं स्वैर्व्यञ्जितं गुणैः ॥ ३६ ॥

ક્ષેત્રરૂપ સ્ત્રી અને બીજરૂપ પુરૂષ કહેવાય છે, અને ક્ષેત્ર તથા બીજના સંયોગથી શરીરધારીઓની ઉત્પત્તિ છે. ૩૩ કોઈ ઠેકાણે બીજ પ્રધાન અને કોઇ ઠેકાણે ક્ષેત્ર પ્રધાન કહેવાય છે, પરંતુ જ્યાં બંને સમાન છે તે ઉત્પત્તિ વખાણવા યોગ્ય છે. ૩૪ બીજ અને યોનિ એ બેમાં બીજ ઉત્કૃષ્ટ કહેવાય

છે. કારણ કે સર્વ પ્રાણીયોની ઉત્પત્તિ બીજના લક્ષણવડે જણાય છે. ૩૫. સમય પ્રાપ્ત થાય ત્યારે જેવું બીજ ક્ષેત્રમાં વાવીયે તેવું બીજ રંગરૂપાદિ પોતાના ગુણોવડે તેમાં ઉગે છે. ૩૬

इयं भूमिर्हि भूतानां शाश्वती योनिरुच्यते । न च योनिगुणान् कांश्चिद्बीजं पुष्यति पुष्टिषु ॥ ३७ ॥ भूमावप्येककेदारे कालोप्तानि कृषीवलैः । नानारूपाणि जायन्ते बीजानीह स्वभावतः ॥ ३८ ॥ व्रीहयः शालयोमुद्गास्तिला माषास्तथा यवाः । यथाबीजं प्ररोहन्ति लशुनानीक्षवस्तथा ॥ ३९ ॥ अन्यदुप्तं जातमन्यदित्येतन्नोपपद्यते । उप्यते यद्धि यद्बीजं तत्तदेव प्ररोहति ॥ ४० ॥

આ પૃથ્વી પ્રાણીઓની સનાતન યોનિ કહેવાય છે. પરંતુ બીજ પૃથ્વિના કોઈ પણ ગુણને પુષ્ટ કરતું નથી. ૩૭ ભૂમીના એક ક્ષેત્રમાં ખેડુતો વડે સમયાનુ અનેક પ્રકારના બીજને વવાયા હોય તે બીજને પોતાના સ્વભાવથી નાના પ્રકારના રૂપ ગુણવાળાં ઉત્પન્ન થાય છે. ૩૮ ડાંગર, મગ, તલ, અડદ તેમજ જવ, તથા લસણ અને શેરડી આદિ જે પ્રકારના બીજો ભૂમીમાં નાખ્યા હોય તેવા ગુણવાળા ઉત્પન્ન થાય છે. મતલબ કે ભૂમી એક છે તેથી તેમાં નખાયલા જુદા જુદા બીજને કાંઈ એક રૂપ ગુણવાળા થતા નથી. પરંતુ ભૂમી એક છતા જેવું બીજ નાખીયે તેવા ગુણરૂપવાળું ઉત્પન્ન થાય છે. ૩૯ વળી બીજ નાખ્યું હોય જુદું અને ઉત્પન્ન થાય કાંઈ બીજું, એમ પણ થતું નથી. એતો જેવું જેવું બીજ નાખીયે તે તેવું પેદા થાય છે. ૪૦

तत्प्राज्ञेन विनीतेन ज्ञानविज्ञानवेदिना । आयुष्कामेन वप्तव्यं न जातु परयोषिति ॥ ४१ ॥ “ अत्रगाथावायुगीताः कीर्तयन्तिपुराविदः । यथाबीजंनवप्तव्यं पुंसापरपरिग्रहे ॥ ४२ ॥ नश्यतीषुर्यथाविद्धः खेविद्धमनुविद्ध्यतः । तथानश्यतिवैक्षिप्रं बीजंपरपरिग्रहे ॥ ४३ ॥ पृथोरपीमांपृथिवीं भार्यांपूर्वविदोविदुः । स्थाणुच्छेदस्यकेदारमाहुः शल्यवतोमृगम् ॥ ४४ ॥ ”

એટલા માટે બુદ્ધિમાન, ન્યાયી તથા જ્ઞાન વિજ્ઞાનને જાણનાર તથા આયુષ્યને ઇચ્છનાર પુરૂષે પરસ્ત્રીમાં પોતાનું બીજ વાવવું નહિ. ૪૧

" પૂર્વના જ્ઞાનીઓ એ વિષયમાં વાયુની ગાથા ગાઇ ગયા છે કે પુરૂષે પરસ્ત્રીમાં બીજ કદાપિ વાવવું નહિં. ૪૨ જેમ બીજાના બાણુથી વીંધાયલા મૃગને વળી બીજો કોઇ બાણુ મારે તો તેનું બાણુ નિષ્ફળ કહેવાય છે તેમ પરસ્ત્રીમાં વાવેલુ બીજ નિષ્ફળ જાય છે. ૪૩ પૂર્વના જાણુનારાઓ જાણે છે કે આ પૃથ્વિ પૃથુરાજાની ભાર્યા હતી. એજ પ્રમાણે જે ક્ષેત્રમાંના વૃક્ષો કાપે તેનું ખેતર અમે જે પ્રથમ બાણુ મારે તેનો મૃગ કહેવાય છે. એજ પ્રમાણે જેણે વિવાહ કરેલો હોય તેની સ્ત્રી કહેવાય છે એટલે તેમાં ઉત્પન્ન થનાર પુત્ર પણુ તેનોજ કહેવાય છે કેવલ બીજ વાવનારનો તે પુત્ર કહેવાતો નથી. ૪૪ " (૪૨ થી ૪૪ સુધીના ત્રણુ શ્લોકો પૃથુરાજા થઇ ગયા પછી બનેલાહોય એમ સ્પષ્ટ જણાય છે માટે મનુની પાછળ ઉમેરાયલા હોવાથી પ્રક્ષિપ્ત છે.)

एतावानेवपुरुषो यज्जायात्मप्रजेतिह । विप्राः प्राहुस्तथाचैत द्योभर्ता सा स्मृताङ्गना ॥ ४५ ॥ न निष्क्रयविसर्गाभ्यां भर्तुर्भार्या विमुच्यते । एवं धर्मं विजानीमः प्राक्प्रजापतिनिर्मितम् ॥ ४६ ॥ सकृदंशोनिपतति सकृत्कन्या प्रदीयते । सकृदाह ददानीति त्रीण्येतानि सतां सकृत् ॥ ४७ ॥ यथागोश्वोष्ट्रदासीषु महिष्यजाविकासु च । नोत्पादकः प्रजाभागी तथैवान्याङ्गनास्वपि ॥ ४८ ॥

સ્ત્રી, પોતે તથા પ્રજા એ ત્રણુ મળીને પુરૂષ કહેવાય છે; તેમજ વેદજ્ઞવિપ્રો કહે છે કે જે ભર્ત્તા છે તેજ સ્ત્રી છે. અર્થાત્ પતિ અને સ્ત્રી એક રૂપ સમજવાં. ૪૫ કાંઈ વિક્રય કરવાથી અથવા તો કાંઈ ત્યાગ કરવાથી સ્ત્રી પુરૂષથી છુટી પડી શકતી નથી. એવો પ્રથમથીજ પ્રજાપતિના નિર્માણુ કરેલા ધર્મ અમે જાણીયે છીયે. ૪૬ કોઈ પણુ વસ્તુનો ભાગ એકવારજ કરાય છે; તેમજ કન્યાદાન પણુ એકજવાર થાય છે. તથા વચન એકજવાર અપાય છે અટલે કે સજ્જન માણુસોની એ ત્રણુ વાત એકજવાર થાય છે. ૪૭ જે પ્રમાણે ગાય, ઘોડા, ઉંટ, દાસીઓ, પૃથ્વિ, બકરાં, મેઢાં વિગેરેમાં, જેમ ઉત્પન્ન કરનાર જેમ પ્રજાભાગી થતો નથી તેમ પરસ્ત્રીમાં પ્રજા ઉત્પન્ન કરનાર પ્રજાવાળો કહેવાતો નથી. ૪૮

येऽक्षेत्रिणोबीजवन्तः परक्षेत्रप्रवापिणः । ते वै सस्यस्य जातस्य न लभन्ते फलं क्वचित् ॥ ४९ ॥ यदन्यगोषु वृषभो वत्सा-

नां जनयेच्छतम् । गोमिनामेव ते वत्सा मोघं स्कन्दितमार्षभम् ॥ ५० ॥ तथैवाऽक्षेत्रिणोबीजं परक्षेत्रप्रवापिणः । कुर्वन्ति क्षेत्रिणामर्थं न बीजी लभते फलम् ॥ ५१ ॥ फलं त्वनभिसंधाय क्षेत्रिणां बीजिनां तथा प्रत्यक्षं क्षेत्रिणामर्थो बीजाद्योनिर्गरीयसी ॥ ५२ ॥

જે પોતાના ક્ષેત્ર વિનાના છતાં બીજવાળા પુરૂષો બીજાનાં ક્ષેત્રમાં પોતાનું બીજવાવે છે તો તે ઉત્પન્ન થયેલાં ધાન્યનું ફલ તેઓને કદાપિ મળતુ નથી. ૪૯ યદિ બીજાની ગાયમાં સાંઢ સો વાછરડાંઓ પેદા કરે તો પણ તે વાછરડા તો ગાયવાળાનાંજ કેહેવાય છે અને સાઢે જે વીર્ય સેચન કર્યું હોય તે નિષ્ફળ જાય છે. ૫૦ તેજ પ્રમાણે ક્ષેત્ર વગરના મનુષ્યો પોતાનુ બીજ બીજાનાં ક્ષેત્રમા નાખે છે તે ક્ષેત્રવાળાનો અર્થ સિદ્ધ કરે છે પરંતુ બીજવાળાને તેનું કાંઇ પણ ફળ મળતું નથી. ૫૧ જે ઠેકાંણે ક્ષેત્રવાળાએ બીજવાળાનાં ફલને માટે વિભાગનો કાંઇ નિયમ નહિ બાંધ્યો હોય તો પ્રત્યક્ષ તે ફલ ક્ષેત્રવાળાનુંજ કેહેવાય છે; કારણકે બીજ કરતાં યોનિ બલવાળી છે. ૫૨

क्रियाभ्युपगमात्त्वेतद्बीजार्थं यत्प्रदीयते । तस्येह भागिनौ दृष्टौ बीजी क्षेत्रिकएव च ॥ ५३ ॥ ओघवाताहृतं बीजं यस्य क्षेत्रे प्ररोहति । क्षेत्रिकस्यैव तद्बीजं न वप्ता लभते फलम् ॥ ५४ ॥ ॥ एषधर्मोगवाश्वस्य दास्युष्ट्राजाविकस्य च । विहङ्गमहिषीणां च विज्ञेयः प्रसवं प्रति ॥ ५५ ॥ एतद्वःसारफल्गुत्वं बीजयोन्योः प्रकीर्तितम् । अतःपरं प्रवक्ष्यामि योषितां धर्ममापदि ॥ ५६ ॥

પરંતુ " જે એમાંથી પેદા થશે તે આપણાં બંનેનું થશે. " એ પ્રમાણે નિયમ કરીને ક્ષેત્રવાળા સ્વામીએ બીજવાળાને બીજ વાવવા માટે ક્ષેત્ર આપ્યું હોય તો પછી તેના તે બંને એટલે કે તે બીજવાળો તથા ક્ષેત્રવાળો ભાગીદાર થાય છે. ૫૩ જે એક ક્ષત્રમાંનું બીજ પાણીના પ્રવાહથી અથવા વાયુના વેગથી બીજાનાં ક્ષેત્રમાં તણાઈ જઇને ઉગે તો તે જેના ક્ષેત્રમાં ઉગ્યું હોય તેનુંજ કેહેવાય છે. તેમાં બીજ વાવનારનું કાંઇ પણ લાગેવળગે નહિ. ૫૪ એ ધર્મ ગાય, ઘોડા, દાસી, ઉંટ, બકરાં, મેઢાં, પક્ષી, ભેંસના સંતાન પ્રસવમાં પણ જાણવો. ૫૫ આ તમને બીજ અને યોનિનું આધા-

ન્ય તથા અપ્રાધાન્યપણું કહ્યું. હવે સ્ત્રીઓનો આપત્કાલમાં શું ધર્મ છે તે તમને કહું છું. ૫૬

भ्रातुर्ज्येष्ठस्य भार्या या गुरुपत्न्यनुजस्य सा । यवीयसस्तु या भार्या स्नुषा ज्येष्ठस्य सा स्मृता ॥ ५७ ॥ ज्येष्ठोयवीयसोभार्यां यवीयान् वाग्रजस्त्रियम् । पतितौ भवतोगत्वा नियुक्तावप्यनापदि ॥ ५८ ॥ देवराद्वा सपिण्डाद्वा स्त्रिया सम्यङ् नियुक्तया । प्रजेप्सिताधिगन्तव्या संतानस्य परिक्षये ॥ ५९ ॥ विधवायां नियुक्तस्तु घृताक्तोवाग्यतोनिशि । एकमुत्पादयेत्पुत्रं न द्वितीयं कथञ्चन ॥६०॥

મોટા ભાઇની જે સ્ત્રી છે તે નાનાભાઇએ ગુરૂપત્ની સમાન જાણવી. અને નાનાભાઇની સ્ત્રીને મોટાભાઇએ પુત્રવધુની સમાન જાણવી. ૫૭ મોટાભાઇ નાનાભાઇની સ્ત્રીની સાથે અથવા નાનોભાઇ મોટાભાઇની સ્ત્રીની સાથે કાંઇ પણ પ્રકારના આપત્કાલ શિવાય નિયોગ કરે તો તે બંને પતિત થાય છે. ૫૮ સંતાનની પ્રાપ્તિ માટે પુત્રની ઇચ્છા કરનારી સ્ત્રીએ સારી રીતે નિયોગ વિધિ વડે પોતાના દીયર તથા સપિંડ પુરૂષ પાસે ગમન કરવું. ૫૯ વિધવામાં નિયોગ કરનાર પુરૂષે શરીરે ઘી લગાવી. વાણીનું નિયમન કરી રાત્રિમાં ભોગ કરવો. એ પ્રકારે એક પુત્રનીજ ઉત્પત્તિ કરવી, બીજાની ઉત્પત્તિ કદાપિ કરવી નહિ. ૬૦

द्वितीयमेके प्रजनं मन्यन्ते स्त्रीषु तद्विदः । अनिर्वृत्तं नियोगार्थं पश्यन्तोधर्मतस्तयोः ॥ ६१ ॥ विधवायां नियोगार्थे निर्वृत्ते तु यथाविधि । गुरुवच्च स्नुषावच्च वर्तेयातां परस्परम् ॥ ६२ ॥ नियुक्तौयौविधिंहित्वा वर्तेयातांतु कामतः । तावुभौपतितौस्यातां स्नुषागगुरुतल्पगौ ६३ ॥ नान्यस्मिन्विधवानारी नियोक्तव्याद्विजातिभिः । अन्यस्मिन् हि नियुञ्जाना धर्महन्युः सनातनम् ॥ ६४ ॥

બીજા કેટલાએક આચાર્યો નિયોગથી પુત્રોત્પન્નવિધિને જાણનારાઓ એક પુત્રને અપુત્રવત્ માની નિયોગનું પ્રયોજન એક પુત્ર વડે સંપાદન થયેલું નહિ જાણીને તે પુરૂષ અને સ્ત્રીમાં નિયોગ ધર્મથી બીજો પુત્ર ઉત્પન્ન કરવાનું પણ કહે છે. ૬૧ વિધવામાં નિયોગનું પ્રયોજન યથાવિધિ

નિર્વૃત્ત થયા પછી એટલે ગર્ભધારણ વિધિપૂર્વક કર્યા પછી તે સ્ત્રીને એટલે કે મોટાભાઈની તેમજ નાનાભાઈની સ્ત્રીને ગુરૂપત્ની તથા પુત્ર વધુની સમાન યથાક્રમે જાણવી. અર્થાત્ તેવો પરસ્પર વ્યવહાર કરવો. ૬૨ નિયોજીત થયેલાં સ્ત્રી પુરૂષો નિયોગનો શાસ્ત્રાનુસાર વિધિ છોડીને કામવશ થઇ ભોગવે તો તે બંને પતિત થાય છે અને ગુરૂની સ્ત્રી તથા પુત્રવધુ સાથે ગમન કરનાર કહેવાય છે. ૬૩ દ્વિજાતિયોએ વિધવા સ્ત્રીને અસવર્ણ પુરૂષ સાથે નિયોગ કરાવવો નહિ. જો અસવર્ણ સાથે નિયોગ કરે તો તે સનાતન ધર્મનો નાશ કરે છે એમ જાણવું. ૬૪

" नोद्वाहिकेषुमन्त्रेषु नियोगः कीर्त्यतेक्वचित् । नविवाहविधावुक्तं विधवावेदनंपुनः ॥ ६५ ॥ अयंद्विजैर्हिविद्वद्भिः पशुधर्मो. विगर्हितः । मनुष्याणामपिप्रोक्तो वेनेराज्यंप्रशासति ॥ ६६ ॥ समहीमखिलांभुञ्जन् राजर्षिप्रवरःपुरा । वर्णानांसंकरंचक्रे कामोपहतचेतनः ॥ ६७ ॥ ततः प्रभृतियोमोहात्प्रमीतपतिकां स्त्रियम् । नियोजयत्यपत्यार्थं तंविगर्हन्तिसाधवः ॥ ६८ ॥ "

" વિવાહ સંબંધિ મંત્રોમા નિયોગ કોઇ ઠેકાણે કહ્યો [illegible] તેમજ વિવાહ વિધિમા વિધવાનો પુનર્વિવાહ કહ્યો નથી. ૬૫ [illegible] મનુષ્યોના નિયોગ, વેનરાજાએ પ્રજામા શાસન કરતા [illegible] વિદ્વાન દ્વિજોએ એ પશુધર્મ નિંદિત કહેવાયો, કેમકે ૬૬ પૂર્વે રાજર્ષિઓમાં શ્રેષ્ઠ વેનરાજા સમગ્ર પૃથ્વિનો ભોગ કરતા કામ વડે [illegible] ચિત્તવાળા વેનરાજાએ નિયોગ વડે વર્ણોમા સંકર કરવા માંડ્યા. ૬૭ ત્યારથી જે કોઇ વિધવા સ્ત્રી મોહથી પુત્ર ઉત્પન્ન કરવા માટે નિયોગ કરે છે તેને સત્પુરૂષો નિંદે છે. ૬૮ "

(આ ચાર શ્લોક મનુપ્રોક્ત અથવા ભૃગુપ્રોક્ત પણ જણાતા નથી; કારણકે વેનરાજાની ઉત્પત્તિ સૃષ્ટિને ઘણો વખત થયા પછી થઇ છે જ્યારે સ્વાયંભુવ મનુજીતો સૃષ્ટિના આરંભમાં થયા હતા તો વેનરાજાનુ વૃત્તાંત ભૂતકાલના પ્રત્યય વડે કરે તે અસંભવ છે. વળી વિવાહના મંત્રોમાં નિયોગ તેમજ વિધવાના પુનર્લગ્નનો સંબંધ ક્યાંથી હોય કે વળી તેને માટે લખવું પડે કે વિવાહ મંત્રામાં નિયોગ કહ્યો નથી ? વળી વેનરાજાએ વર્ણસંકર પ્રજા વિધિરહિત નિયોગ વડે ઉત્પન્ન કરવા માંડી ત્યારથી

એ ધર્મ નિંદાયો તો અર્થાપત્તિથી સિદ્ધ થાય છે કે વેનરાજાની પેહેલાં પણ વિદ્વાન મહર્ષિયોએ એને આપદ્ધર્મ માનેલો હતો અને તે શાસ્ત્રવિહિત છે એમતો સ્પષ્ટ સિદ્ધ થાય છે. ઇત્યાદિ કારણોથી આ શ્લોકો પ્રક્ષિપ્ત છે.)

यस्याम्रियेतकन्याया वाचासत्येकृतेपतिः । तामनेनविधानेन निजोविन्देत देवरः ॥ ६९ ॥ यथाविध्यधिगम्यैनां शुक्लवस्त्रां शुचिव्रताम् । मिथोभजेतामसवात्[illegible]दृतावृतौ ॥ ७० ॥ नदत्त्वाकस्यचित्कन्यां पुनर्दद्याद्विचक्षणः । दत्त्वापुनः प्रयच्छन् हि प्राप्नोतिपुरुषानृतम् ॥ ७१ ॥ विधिवत्प्रतिगृह्यापि त्यजेत्कन्यां विगर्हिताम् । व्याधितांविप्रदुष्टांवाछद्मनाचोपपादिताम् ॥ ७२ ॥

વાણી વડે કન્યાદાનનો સંકલ્પ કરીને આપેલી કન્યા એટલે કે પતિ સંભોગ રહિત કન્યાનો જો પતિ મરણ પામે તો આ વિધાનવડે તેનો પોતાનો દેવર તેને પ્રાપ્ત કરી શકે છે; ૬૯ દેવરે યથાવિધિ શ્વેતવસ્ત્ર ધારણ કરેલી, પવિત્ર થયેલી તેની પાસે જઇને તેની સાથે સંતાનોત્પત્તિ થાય ત્યાં સુધી ગર્ભાધાનના સમયે એક એકવાર ગમન કરવું, ૭૦ વિચક્ષણ માણસે પોતાની કન્યાનું દાન કોઇ એકને આપ્યું હોય તો પછી તેજ કન્યાનું દાન બીજાને ન આપવું, કેમકે એકને આપી તે પછી તેજ કન્યાને બીજાને આપનાર ચોરીના દોષને પ્રાપ્ત થાય છે ૭૧ વિધિ પૂર્વક ગ્રહણ કરેલી છતા તે દુષિત નીકળે તો તેનો ત્યાગ કરવો કે જે દુષ્ટ હોય, રોગિણી હોય અથવા છલકપટથી આપેલી હોય. ૭૨

यस्तुदोषवतींकन्यामनाख्यायोपपादयेत् । तस्यतद्वितथंकुर्यात् कन्यादातुर्दुरात्मनः ॥ ७३ ॥ विधाय वृत्तिं भार्यायाः प्रवसेत् कार्यवान्नरः । अवृत्तिकर्षिता हि स्त्री प्रदुष्येत्स्थितिमत्यपि ॥ ७४ ॥ विधायप्रोषितेवृत्तिं जीवेन्नियममास्थिता । प्रोषितेत्वविधायैव जीवच्छिल्पैरगर्हितैः ॥ ७५ ॥ प्रोषितोधर्मकार्यार्थं प्रतीक्ष्योष्टौनरःसमाः । विद्यार्थंषड्यशोऽर्थंवा कामार्थंत्रींस्तुवत्सरान् ॥ ७६ ॥

જે પુરૂષ પોતાની દોષવાળી કન્યાના દોષને કહ્યા વિના તેનો વિવાહ કરી દે તો તે કન્યાના આપનાર દુષ્ટનું કરેલું કન્યાદાન નિષ્ફળ કરવું. અર્થાત્ તે કન્યાનો ત્યાગ કરવો. ૭૩ કાર્યવાળા માણુસે પોતાની સ્ત્રીને માટે

જીવિકાનું સાધન કરીને પછી પરદેશ જવું હોય તો જવું કેમકે જીવિકા વિના દુઃખી થયેલી સ્ત્રી સારા આચરણવાળી હોય તો પણ દુષિત થઈ જાય છે. ૭૪ ભોજનાચ્છાદનાદિનું સાધન આપીને પતિ બીજા દેશમાં જાય ત્યારે સ્ત્રીયે શરીરના શૃંગારાદિત્યાગ કરી નિયમ પુર્વક જીવન ચલાવવું, અને જો સ્વામિ નિર્વાહાદિનો પ્રબંધ કર્યા શિવાય પરદેશ જાય તો નિંદા રહિત કાંઇ ભરવા ગુંથવા વિગેરેના કામ કરી નિર્વાહ કરવો. ૬૫ ધર્મ કાર્યને માટે પરદેશ ગયેલા પુરૂષની સ્ત્રીયે આંઠ વર્ષ પર્યંત, યશ અને વિદ્યાને માટે પરદેશ ગયેલા પુરષની સ્ત્રીયે ૭ વર્ષ અને કામભોગને માટે પરદેશ ગયો હોય તો ત્રણ વર્ષ સુધી સ્ત્રીએ તેની રાહ જોવી. ૭૬

संवत्सरंमतीक्षेत द्विषन्तींयोषितं पतिः । ऊर्ध्वंसंवत्सरात्त्वेनां दायं हृत्वा न संवसेत् ॥ ७७ ॥ अतिक्रामेत्प्रमत्तं या मत्तंरोगार्तमेव वा । सा त्रीन्मासान्परित्याज्या विभूषणपरिच्छदा ॥ ७८ ॥ उन्मत्तंपतितंक्लीबमबीजं पापरोगिणम् । न त्यागोऽस्तिद्विषन्त्याश्च नचदायापवर्तनम् ॥ ७९ ॥ मद्यपाऽसाधुवृत्ताच मतिकूला चयाभवेत् । व्याधितावाधिवेत्तव्या हिंस्रार्थघ्नी च सर्वदा ॥ ८० ॥

દ્વેષકરનારી સ્ત્રીની સ્વામિયે એક વર્ષ રાહ જોવી અને તેટલામાં જો તે નહિ સુધરે તો તેનો અલંકારાદિ જે દાય ભાગ હોય, તે છીનાવી લઇને તેને સાથે ન રહેવું. પરંતુ તેને અન્ન વસ્ત્ર આપવાં. ૭૭ જે સ્ત્રી પ્રમાદી ઉન્મત્ત અથવા રોગી પતિની આજ્ઞાનો ભંગ કરે તો તેનાં વસ્ત્ર તથા આભૂષણ લઇ લઇને ત્રણ માસ સુધી ત્યાગ કરવી. (એ ત્યાગમાં પણ અન્ન-વસ્ત્ર તો આપવાં.) ૭૮ જેનો સ્વામિ ઉન્મત્ત, પતિત, નપુંસક, બીજરહિત, પાપરોગવાળો હોય અને તેની સાથે જે સ્ત્રી દ્વેષ કરે તો તેનો ત્યાગ થઇ શકતો નથી. તેમજ તેનો દાય પાંછો લેવામાં આવતો નથી. ૭૯ જે સ્ત્રી મદ્યપાન કરનારી, ખરાબ ચાલવાળી, સ્વામીની પ્રતિકૂલ ચાલનારી, રોગિણી, ચાકરોને મારનારી તથા ધનનો નાશ કરનારી હોય તો તે સ્ત્રી હોય છતાં બીજી સ્ત્રી સાથે વિવાહ કરી લેવો. ૮૦

वन्ध्याऽष्टमेऽधिवेद्याब्दे दशमेतुमृतप्रजा । एकादशेस्त्रीजननी सद्यस्त्वप्रियवादिनी ॥ ८१ ॥ यारोगिणीस्यात्तुहिता संपन्नाचैव शीलतः

सा॰ श्चाप्याधिवेत्तव्या नावमान्याचकर्हिंचित् ॥ ८२ ॥ अधिविन्नातु- यानारी निर्गच्छेद्रुषितागृहात् । सासद्यःसन्निरोद्धव्या त्याज्यावकुलसन्निधौ ॥ ८३ ॥ प्रतिषिद्धापिचेद्यातु मद्यमभ्युदयेष्वपि । प्रेक्षा- समाजंगच्छेद्वा सादण्ड्याकृष्णलानिषट् ८४

જે સ્ત્રીને ઋતુકાલ પ્રાપ્ત થયા પછી આઠ વર્ષ સુધી સંતાન ન થાય તો બીજી સ્ત્રી કરવી, અને સંતાન થઈનેમરતાજ જાય તો દશવર્ષ અને પુત્રીજ પેદા થયા કરતી હોય તો અગિયાર વર્ષ સુધી રાહ જોઇ બીજી સ્ત્રી કરવી અને અપ્રિય બોલનારી સ્ત્રી હોય તો તજ સમયે બીજી સ્ત્રી કરવી. ૮૧ જે સ્ત્રી હમેશા રોગિણી રહેતી હોય છતા પતિને અનુકૂલ ચાલનારી, સારાં શિયળવાળી અને હિતકરનારી હોય તો તની આજ્ઞા લઇને બીજી સ્ત્રી કરવી પરંતુ તેનું અપમાન કદાપી ન કરવુ. ૮૨ બીજી સ્ત્રી આવ્યાથી પ્રથમની સ્ત્રી રોષ યુક્ત થઈ ઘરમાથી નીકળી જાય તો તેને તે વખતે રોકી દેવી એટલે કે જવા ન દેવી અથવા તેના બાપને ત્યાં મુકી આવવી. ૮૩ જે સ્ત્રી વિવાહાદિ ઉત્સવોમા ના કહેતાં છતાં મદ્યપાન કરે અથવા નૃત્યાદિ સ્થાનમાંના જનસમુદાયમાં જાય તો તે સ્ત્રી પૂર્વોક્ત છ "કૃષ્નલ" રાજદંડ કરવા યોગ્ય છે ૮૪

" यदिस्वाश्चापराश्चैव विन्देरन्योषितो द्विजाः । तासांवर्णक्रमेण स्याज्ज्यैष्ठयं पूजा च वेश्म च ॥ ८५ ॥ भर्तुःशरीरशुश्रूषां धर्मकार्यंच नैत्यिकम् । स्वाचैवकुर्यात्सर्वेषां नाऽस्वजातिः कथंचन ॥ ८६ ॥ यस्तुतत्कारयेन्मोहात्सजात्यास्थितयान्यया । यथा- ब्राह्मणचण्डालःपूर्वदृष्टस्तथैवसः ॥ ८७ ॥ " उत्कृष्टायाभिरूपाय वराय सदृशाय च । अप्राप्तामपि तां तस्मै कन्यां दद्याथाविधि ॥८८॥

યદિ દ્વિજો પોતાની જાતિવાળી તથા અન્ય અસવર્ણ સ્ત્રી સાથે વિવાહ કરે તો તે સ્ત્રીઓનું મોટાપણું સત્કાર તથા ઘર વર્ણના ક્રમ પ્રમાણે હોવું જોઇએ. ૮૫ સ્વામીના શરીરની સેવા, નિત્યનું ધર્મકાર્ય તો સર્વ સવર્ણા સ્ત્રીએ કરવું પરંતુ અસવર્ણા સ્ત્રીએ કરવું નહિ. ૮૬ જે પુરૂષ સવર્ણા સ્ત્રી

ઘરમાં છતાં અસવર્ણી સ્ત્રી પાસે મોહથી ગૃહકાર્ય કરાવે તો તે જેમ બ્રાહ્મણીમાં શૂદ્રથી ઉત્પન્ન થયેલો ચંડાલ પ્રથમ મુનિયોએ કહ્યો છે તેવો જાણવો. ૮૭ ઉંચા આચાર તથા કુલવાળો, સુંદર રૂપ તથા ગુણવાળો જો યોગ્યવર હોય તો તેને આયુમાં કાંઈક નાની કન્યા હોય તો પણ તેને આપવી. ૮૮

काममामरणात्तिष्ठेद् गृहे कन्यर्तुमत्यपि । न चैवैनां प्रयच्छेत्तु गुणहीनाय कर्हिचित् ॥ ८९ ॥ त्रीणि वर्षाण्युदीक्षेत कुमार्यृतुमती सती । ऊर्ध्वं तु कालादेतस्माद्विन्देत सदृशं पतिम् ॥ ९० ॥ अदीयमानाभर्तारमधिगच्छेद्यदि स्वयम् । नैनः किञ्चिदवाप्नोति न च यं साऽधिगच्छति ॥ ९१ ॥ अलङ्कारं नाददीत पित्र्यं कन्या स्वयंवरा । मातृकं भ्रातृदत्तं वा स्तेना स्याद्यदि तं हरेत् ॥ ९२ ॥

જો કન્યા ઋતુમતી હોય તો પણ મરણપર્યંત પિતાના ઘરમાં બેસી રહે પરંતુ તેને કદી ગુણરહિત પુરુષને તો કદાપિ આપવી નહિ. ૮૯ ઋતુ પ્રાપ્ત થયેલી કન્યાએ ત્રણ વર્ષ સુધી બેસી રહેવું અને પછી પોતાની બરાબર ગુણવાળા પતિ સાથે વિવાહ કરી લેવો ૯૦ જો પિતા આદિએ તેને ન આપી હોય અને પોતેજ સ્વામીને પ્રાપ્ત થાય તો તેમાં કન્યાને કાંઇ પણ પાપ લાગતું નથી અને તે જ પતિની પાસે જાય છે તેને પણ પાપ લાગતુ નથી. ૯૧ પરંતુ જે કન્યાઓ સ્વયંવર વિવાહ કર્યો હોય તેણે પિતા, માતા, ભાઈના આપેલા અલંકારાદિ ગ્રહણ કરવા નહિ, જો કદાપિ તે લે તો તે કન્યા ચોરી કરનારી કહેવાય છે. ૯૨

" पित्रे न दद्याच्छुल्कं तु कन्यामृतुमतीं हरन् । स हि स्वाम्यादतिक्रामेदृतूनां प्रतिरोधनात् ॥ ९३ ॥ त्रिंशद्वर्षो वहेत्कन्यां हृद्यांद्वादशवार्षिकीम् । त्र्यष्टवर्षोऽष्टवर्षां वा धर्मेसीदति सत्वरः " ॥ ९४ ॥ देवदत्तां पतिर्भार्यां विन्दते नेच्छयात्मनः । तां साध्वीं बिभृयान्नित्यं देवानां प्रियमाचरन् ॥ ९५ ॥ प्रजनार्थंस्त्रियःसृष्टाःसंतानार्थं चमानवाः । तस्मात्साधारणोधर्मः श्रुतौपत्न्यासहोदितः ॥ ९६ ॥

" ઋતુવાળી કન્યાને લઈ જનારે તેના પિતાને કાંઇ પણ મૂલ્ય આપવું નહિં, કેમકે રજસ્વલા કન્યાને રોકવાથી તે સ્વામિત્વથી એટલે પિતાના

જે હક તે કન્યાપર છે તેનાથી રહિત થઈ જાય છે. ૯૩ ત્રીશ વર્ષના પુરૂષે સુંદર બાર વરસની કન્યા સાથે લગ્ન કરવું અથવા ચોવીસ વર્ષના પુરૂષે આઠ વર્ષની કન્યા સાથે લગ્ન કરી જલદી ધર્મકાર્યમાં જોડાવું." (આ બંને શ્લોક આપત્કાલના હોય એમ જણાય છે.) ૯૪ દેવતાઓની આપેલી ભાર્યાને પતિ પામે છે, કાંઇ પોતાની ઇચ્છાથી નથી, માટે દેવોનું પ્રિય આચરણ કરનાર પુરૂષે તે સતીનુ હમેશાં પાલન કરવું. ૯૫ ગર્ભ ધારણને માટે પરમાત્માએ સ્ત્રીઓ ઉત્પન્ન કરેલી છે અને વીર્ય વડે સંતાન ઉત્પન્ન કરવા માટે પુરૂષો ઉત્પન્ન કરેલા છે, એટલા માટે વેદમા સ્ત્રીની સાથે પુરૂષના સમાન ધર્મ કહ્યા છે. ૯૬

" कन्यायांदत्तशुल्कायां म्रियेतयदिशुल्कदः । देवरायप्रदात-व्या यदिकन्याऽनुमन्यते ॥ ९७ ॥ " आददीत न शूद्रोऽपि शुल्कं दुहेतरं ददन् । शुल्कं हि गृह्णन्कुरुते छन्नं दुहितृविक्रयम् ॥ ९८ ॥ एतत्तु न परे चक्रुर्नापरे जातु साधवः । यदन्यस्य प्रतिज्ञाय पुनरन्यस्य दीयते ॥ ९९ ॥ नानुशुश्रुम जात्वेतत्पूर्वेष्वपि हि जन्मसु । शुल्कसंज्ञेन मूल्येन छन्नं दुहितृविक्रयम् ॥ १०० ॥

" જે કન્યાનું મૂલ્ય આપ્યુ હોય અને તે મૂલ્ય આપી વિવાહ કરવાને ઇચ્છનારો મરી જાય તો તે કન્યા જો સ્વીકાર કરે તો તેના દીયર સાથે પરણાવવી " (આ શ્લોક આગળનાજ ૯૮ મા શ્લોક સાથે વિરૂદ્ધ હોવાથી પ્રક્ષિપ્ત છે.) ૯૭ શૂદ્ર એ પણ કન્યાદાન આપી તેનું શુલ્ક (મૂલ્ય) લેવું નહિ; કારણકે શુલ્ક ગ્રહણ કરનાર ગુપ્ત રીતે કન્યાને વેચે છે, માટે કન્યાવિક્રય ન કરવો. અર્થાત શૂદ્રએ પણ કન્યાવિક્રય ન કરવો, તો પછી દ્વિજોથી તો કેમજ થાય? ૯૮ એકને આપેલી કન્યા પાછી તેજ બીજાને આપે એ પ્રથમ શિષ્ટ પુરૂષો કરતા ન હતા; તેમજ અત્યારે પણ કોઈ શિષ્ટ પુરૂષો તેમ કરતા નથી. ૯૯ પૂર્વ જન્મોમાં એટલે પ્રથમ થઇ ગયેલા મનુષ્યોમાં પણ શુલ્ક સંજ્ઞાવાળા મૂલ્યથી ગુપ્ત રીતે કન્યા વેચવાનું અમે સાંભળ્યું નથી. ૧૦૦

[illegible]स्याव्यभीचारोभवेद[illegible]न्तिकः । एषधर्मःसमासेन ज्ञेयःस्त्री[illegible]सयोःपरः ॥ १०१ ॥ तथा नित्यं यतेयातां स्त्रीपुंसौतु

तक्रिया। यथा नाभिचरेतां तौ वियुक्तावितरेतरः ॥ १०२ ॥ एष स्त्रीपुंसयोरुक्तो धर्मो वो रतिसंहितः। आपद्यपत्यप्राप्तिश्च दायभागं निबोधत ॥१०३॥ ऊर्ध्वं पितुश्च मातुश्च समेत्य भ्रातरः समम्। भजेरन्पैतृकं रिक्थमनं शास्ते हि जीवतोः ॥ १०४ ॥

મરણ પ્રાપ્ત થાય ત્યાં સુધી પતિ અને પત્ની બંનેમા પરસ્પર વ્યભિચાર ન પામે એવો સ્ત્રી અને પુરૂષનો આ સક્ષેપથી પરમ ધર્મ જાણવો. ૧૦૧. વિવાહ સંસ્કાર કરેલા સ્ત્રી પુરૂષે એવો હમેશાં યત્ન કરવો જોઇયે કે તે બંને પરસ્પર જુદાં થઇ જાય એવું આચરણ ન કરવું. ૧૦૨ એ પ્રમાણે પતિ અને પત્નીનો પ્રીતિયુક્ત ધર્મ તમને કહ્યો, તેમજ સતાનના અભાવમાં અપત્ય પ્રાપ્તિ પણ કહી, હવે દાયભાગની વ્યવસ્થા તમે જાણો. ૧૦૩. માતા અને પિતાના મરણ પછી ભાઇઓએ મળીને પિતાની જાયદાદ વીગેરેનો બરોબર ભાગ કરવો, પરંતુ તેનાં જીવતાં પુત્રોનો ભાગ કરવાનો અધિકાર નથી. ૧૦૪.

ज्येष्ठएव तु गृह्णीयात्पित्र्यं धनमशेषतः। शेषास्तमुपजीवेयुर्यथैव पितरं तथा ॥१०५॥ ज्येष्ठेन जातमात्रेण पुत्री भवति मानवः। पितृणामनृणश्चैव सं तस्मात्सर्वमर्हति ॥ १०६ ॥ यस्मिन्नृणं सन्नयति येन चानन्त्यमश्नुते। सएव धर्मजः पुत्रः कामजानितरान्विदुः ॥१०७॥ पितेवपालयेत्पुत्रान् ज्येष्ठोभ्रातॄन् यवीयसः। पुत्रवच्चापि वर्त्तरन् ज्येष्ठे भ्रातरि धर्मतः ॥ १०८ ॥

અથવા પિતાના સપૂર્ણ ધનને જયેષ્ઠ પુત્રજ ગ્રહણ કરે અને બાકીના નાનાભાઇઓ જેમ પિતાના વખતમાં અન્નવસ્ત્ર લેતા હતા તેમ લે. ૧૦૫ જયેષ્ઠપુત્ર ઉત્પન્ન થવા માત્રથી મનુષ્ય પુત્રવાળો કેહેવાય છે. અને પિતૃઋણથી મુક્ત થાય છે, એટલા માટે જયેષ્ઠ પુત્ર પિતાનું સંપૂર્ણ ધન લેવાને યોગ્ય છે. ૧૦૬ જેના ઉત્પન્ન થવાથી પિતા પિતૃઋણથી છુટી જાય છે અને મોક્ષ પ્રાપ્ત થાય છે તેને ધર્મજપુત્ર જાણવો. અને બીજાને કામજ પુત્રો જાણવા. ૧૦૭ પિતા જેમ પુત્રોનું પાલન કરે છે તેમ મોટાભાઈએ નાનાભાઇઓનું પાલન કરવું જોઇયે તેમજ મોટાભાઇની સાથે ધર્માનુસાર નાનાભાઇઓએ પિતા સમાન વર્તાવ રાખવો અને મોટાભાઇએ પુત્ર સમાન વર્તાવ રાખવો. ૧૦૮.

ज्येष्ठः कुलंवर्धयति विनाशयातेवापुनः । ज्येष्ठः पूज्यतमोलोके ज्येष्ठः सद्भिरगर्हितः ॥१०९॥ योज्येष्ठोज्येष्ठवृत्तिः स्यान्मातेवसपितेवसः । अज्येष्ठवृत्तिर्यस्तुस्यात्ससंपूज्यस्तुबन्धुवत् ॥ ११० ॥ एवं सह वसेयुर्वा पृथग्वा धर्मकाम्यया । पृथग्विवर्धते धर्मस्तस्माद्धर्म्या पृथक्क्रिया ॥१११॥ ज्येष्ठस्य विंशउद्धारः सर्वद्रव्याच्च यद्वरम् । ततोऽर्धं मध्यमस्य स्यात्तुरीयं तु यवीयसः ॥११२ ॥

જ્યેષ્ઠ પુત્ર કુલને વધારે છે, જ્યેષ્ઠ પુત્રજ કુલનો નાશ કરે છે, જ્યેષ્ઠપુત્ર લોકમાં માનનીય ગણાય છે અને જ્યેષ્ઠ સત્પુરૂષો વડે નિંદા પામતો નથી ૧૦૯. જે જ્યેષ્ઠભાઈ જ્યેષ્ઠવૃત્તિવાળો એટલે કે પિતાની પેઠે પોષણાદિ કરનારો હોય તો તેજ પિતા અને માતા સમાન પૂજ્ય છે અને જો માતાપિતાની પેઠે પોષણ ન કરે તો બન્ધુની માફક પૂજ્ય જાણવો. ૧૧૦ એ પ્રકારે ચ્હાય તો સર્વ ભાઈઓ સાથે રહે અથવા ધર્મની ઈચ્છાથી સર્વ ભાઈઓ વિભાગ કરીને જુદા રહે. જુદા જુદા રહેવાથી ધર્મ કાર્ય વધે છે. માટે વિભાગ કરીને જુદા રહેવું ધર્માનુકુલ છે. ૧૧૧ સર્વ દ્રવ્યમાથી જે ઉત્તમ દ્રવ્ય હોય તેમાંથી વીસમો ભાગ ઉદ્ધાર તરીકે.(ઉદ્ધાર તેનું નામ કે જે વસ્તુ વહેંચતી વખતે જુદી રાખેલી હોય અને તે જુદી યોગ્યતાનુસાર ભેટ તરીકે આપવાની હોય તે.) આપવો જોઈયે અને મધ્યમ પુત્રને તેમાથી ચાલીસમો તથા સૌથી નાનાને તેમાથી એંશીમો ભાગ ઉદ્ધાર તરીકે આપવો જોઈયે ૧૧૨

ज्येष्ठश्चैवकनिष्ठश्च संहरेतांयथोदितम् । येऽन्येज्येष्ठकनिष्ठाभ्यां तेषां स्यान्मध्यमं धनम् ॥ ११३ ॥ सर्वेषां धनजातानामाददीताग्र्यमग्रजः । यच्च सातिशयं किञ्चिदृशतश्चाप्नुयाद्वरम् ॥११४॥ उद्धारोन दशस्वस्ति संपन्नानां स्वकर्मसु । यत्किञ्चिदेव देयं तु ज्यायसे मानवर्धनम् ॥११५॥ एवं समुद्धृतोद्धारे समानंशान् प्रकल्पयेत् उद्धारेऽनुद्धृते त्वेषामियं स्यादंशकल्पना ॥ ११६ ॥

જ્યેષ્ઠભાઈએ અને કનિષ્ઠભાઈએ પ્રથમ કહ્યા પ્રમાણે ઉદ્ધાર લેવો અને બીજા જયેષ્ઠ અને કનિષ્ઠના વચમાંના ભાઈયો છે તેઓએ મધ્યમ ભાગ ઉદ્ધાર તરીકે લેવો. ૧૧૩ સર્વ ધનમાંથી જે શ્રેષ્ઠ ધન હોય તે અને

જે સર્વથી અધિક હોય તે તથા જે એક વસ્તુ બીજી દશ વસ્તુ કરતાં અધિક હોય તે પણ જ્યેષ્ઠભાઈએ ગ્રહણ કરવી. ૧૧૪ જે પ્રથમ "દશ વસ્તુઓમાં શ્રેષ્ઠ વસ્તુ મોટાભાઈ લે" એવો જે ઉદ્ધાર કહ્યો છે તે સ્વકર્મોમાં સંપન્નભાઇઓને માટે કહ્યો નથી, કિંતુ વિદ્યાદિ ગુણ સંપન્નભાઇઓમા તો તેઓ પોતાના મોટા ભાઇને આપે તેજ સમ્માનાર્થ જાણવું. ૧૧૫. પૂર્વોક્ત પ્રકારે ઉદ્ધાર કહાડીને પછી જાયદાદના બરાબર ભાગ કરવા. જો કોઇ ઉદ્ધાર ન કહાડે તો આગળ જણાવ્યા પ્રમાણે ભાગ વેહેંચી લેવા. જેમકે.—૧૧૬

एकाधिकं हरेज्ज्येष्ठः पुत्रोऽध्यर्धं ततोनुजः । अंशमंशं यवीयांस इतिधर्मोव्यवस्थितः ॥११७॥ स्वेभ्योंऽशेभ्यस्तुकन्याभ्यः प्रदद्युर्भ्रातरः पृथक् । स्वात्स्वादंशाच्चतुर्भागं पतिताः स्युरदित्सवः ॥११८॥ अजाविकं सैकशफं न जातु विषमं भजेत् । अजाविकं तु विषमं ज्येष्ठस्यैव विधीयते ॥११९॥ यवीयानज्येष्ठभार्यायां पुत्रमुत्पादयेद्यदि । समस्तत्र विभागः स्यादिति धर्मोव्यवस्थितः ॥१२०॥

જ્યેષ્ઠ પુત્રએ એક ભાગ અધિક લેવો અર્થાત્ બે ભાગ લેવા; તેનાથી નાનાએ દોઢ ભાગ લેવો અને બાકીના બીજા નાનાઓએ એક એક ભાગ લેવો. એ પ્રમાણે ભાગની ધર્મપૂર્વક વ્યવસ્થા જાણવી. ૧૧૭ ભાઇઓએ પોતપોતાના ભાગમાંથી એક એક ચતુર્થાંશ ભાગ પોતાની બેહેનોને માટે કહાડી આપવો અને જે ભાઇઓ બેહેનોને આપવાની ઇચ્છા રાખતા નથી તે પતિત થાય છે. ૧૧૮ બકરા મેંઢાં તથા ઘોડા વિગેરે એક ખરીવાળાં પશુઓ એકીની સંખ્યામાં હોય તો તેનો ભાગ ન કરવો; કારણકે તે વિષમ સંખ્યાવાળાં બકરી આદિ તો જ્યેષ્ઠ પુત્રનાજ થાય છે. ૧૧૯ કદાચિત નાનોભાઈ મોટાભાઇની સ્ત્રીમાં નિયોગ કરીને પુત્ર ઉત્પન્ન કરે તો ત્યા તેનો સરખો ભાગ થવો જોઇએ, એવી ધર્મની સ્થિતિ છે. ૧૨૦

उपसर्जनं प्रधानस्य धर्मतोनोपपद्यते । पिता प्रधानं प्रजने तस्माद्धर्मेण तं भजेत् ॥१२१॥ "पुत्रःकनिष्ठोज्येष्ठायां कनिष्ठायांचपूर्वजः । कथंतत्रविभागः स्यादितिचेत्संशयोभवेत् ॥ १२२ ॥ एकंवृषभमुद्धारं संहरेतसपूर्वजः । ततोऽपरेज्येष्ठवृषास्तदूनानां स्वमातृतः ॥ १२३ ॥

ज्येष्ठस्तुजातोज्येष्ठायां हरेद्वृषभषोडशाः । ततः स्वमातृतः शेषा भजेरन्निति धारणा ॥१२४॥

પ્રધાનની અપ્રધાનતા ધર્માનુકૂલ પ્રાપ્ત થતી નથી; અને ઉત્પન્ન કરવામાં પિતા પ્રધાન છે માટે ધર્મ વડે પિતાની હમેશાં સેવા કરવી. ૧૨૧ પ્રથમ વિવાહિત જ્યેષ્ઠ સ્ત્રીમાં કનિષ્ઠ પુત્ર ઉત્પન્ન થયો હોય અને પાછળથી વિવાહિત સ્ત્રીમા પ્રથમ પુત્ર એટલે જ્યેષ્ઠ પુત્ર પેદા થયો હોય તો ત્યાં વિભાગ કેવી રીતે પાડવે ? એવો જો સંશય પડે તો—૧૨૨ પ્રથમ વિવાહિતા સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા કનિષ્ઠ પુત્ર એક પણ એક શ્રેષ્ઠ બલદ ઉદ્ધારમાં (ભેટમાં) લેવો, પછી પાછળથી વિવાહિતા સ્ત્રીયોમાં ઉત્પન્ન થયેલા પુત્રો ક્રમે કરીને પોતપોતાની માતાના વિવાહ ક્રમાનુસાર જ્યેષ્ઠ પુત્ર હોય તેમ એક એક બલદ ગ્રહણ કરે. ૧૨૩ જ્યેષ્ઠા સ્ત્રીમાજ જો જ્યેષ્ઠ પુત્ર ઉત્પન્ન થયો હોય તો એક બલદના સાથે પંદર ગાય ગ્રહણ કરે અને ત્યાર પછી પોતપોતાની માતાના નાનપણાંના હિસાબથી શેષ સર્વ ભાગો વહેંચી લેવા. એવો નિર્ણય છે. ૧૨૪

सदृशस्त्रीषुजातानां पुत्राणामविशेषतः । नमातृतोज्यैष्ठ्यमस्ति जन्मतोज्यैष्ठ्यमुच्यते"॥१२५॥जन्मज्यैष्ठ्येन चाह्वानंसुब्रह्मण्यास्वपि स्मृतम् । यमयोश्चैव गर्भेषु जन्मतोज्येष्ठता स्मृता ॥१२६॥ अपुत्रोऽनेन विधिना सुतां कुर्वीत पुत्रीकाम् । यदपत्यं भवेदस्यां तन्मम स्यात्स्वधाकरम् ॥१२७॥ "अनेन तु विधानेन पुराचक्रेऽथपुत्रीकाः । विवृद्ध्यर्थं स्ववंशस्य स्वयंदक्षः प्रजापतिः ॥१२८॥

" સમાન જાતીય સ્ત્રીયોમાં કાંઈ પણ વિશેષતા રહિત ઉત્પન્ન થયેલા પુત્રોમાં માતાના જ્યેષ્ઠપણાથી પુત્રનું જ્યેષ્ઠપણું નહિં કિંતુ જન્મથી જ્યેષ્ઠત્વ કેહેવાય છે. ૧૨૫ " (શ્લોક ૧૨૨ થી ૧૨૫ સુધી શાસ્ત્ર વિરૂદ્ધ તેમજ અનેક સ્ત્રી તથા અસવર્ણસ્ત્રી વિવાહોત્તેજક તેમજ અધ્યાય ત્રીજાના શ્લોક ૧૫–૧૬–૧૭ સાથે વિરૂદ્ધ હોવાથી પ્રક્ષિપ્ત છે. (સુબ્રહ્મણ્યા નામના મંત્રોમાં પણ જન્મની જ્યેષ્ઠતાએ કરીને જ્યેષ્ઠ પુત્રનું નામ કેહેવાય છે. તેમજ જોડીયા પુત્રના ગર્ભમાં પણ જન્મથી જે પ્રથમ હોય તેનીજ જ્યેષ્ઠતા કેહેવાય છે. ૧૨૬ વિવાહના સમયમાં જામાતાને કન્યાનો પિતા

કહે કે "આ કન્યામાં જે પ્રથમ પુત્ર ઉત્પન્ન થશે તે મને જલાદીદાન કરનાર અર્થાત્ મારો પુત્ર ગણાશે." એવિ પ્રતિજ્ઞા કરીને તે પછી પુત્ર રહિત પિતાએ પોતાની પુત્રિને પુત્રિકા કરવી ૧૨૭ " પોતાના વંશની વૃદ્ધિને માટે પૂર્વે દક્ષ પ્રજાપતિયે એવાં વિધાન વડે પુત્રિકાઓ કરી હતી. ૧૨૮

ददौसदशधर्माय कश्यपायत्रयोदश । सोमायराज्ञेसत्कृत्य मीतात्मासप्तविंशतिम् ॥१२९॥" यथैवात्मा तथा पुत्रः पुत्रेण दुहिता समा । तस्यामात्मनि तिष्ठन्त्यां कथमन्योधनं हरेत् ॥१३०॥ मातुस्तु यैातकं यत्स्यात्कुमारीभागएव सः । दौहित्रएव च हरेदपुत्रस्याखिलं धनम् ॥१३१॥ दौहित्रोह्यखिलं रिक्थमपुत्रस्य पितुर्हरेत् । सएव दद्याद्द्वौ पिण्डौ पित्रे मातामहाय च ॥१३२॥

તે પ્રસન્નાત્મા દક્ષ પ્રજાપતિયે દશ કન્યા ધર્મને, તેર કશ્યપને અને સત્તાવીસ કન્યા ચંદ્રને પુત્રિકા ધર્મથી આપી હતી. ૧૨૯ " (શ્લોક ૧૨૮ તથા ૧૨૯ દક્ષ પ્રજાપતિના ઇતિહાસ પછી મેળવાયલા માલુમ પડે છે.) જેવો આત્મા તેવોજ પુત્ર જાણવો; અને પુત્રની સમાન કન્યાને જાણવી. તો પછી તેવી પુત્રિકા ધર્મવાળી સંતતી છતા બીજો મનુષ્ય કેમ અપુત્રવાનનું પણ ધન લઇ શકે? અર્થાત્ નહિજ લઇ શકે. ૧૩૦—જે માતાનું ધન છે તે કન્યાનોજ ભાગ છે. અને અપુત્રવાનના સર્વ ધનનો માલિક દૌહિત્ર થાય છે. ૧૩૧ અપુત્રવાન પિતાનું સંપૂર્ણ ધન દૌહિત્રજ લે, અને તેજ દૌહિત્રે પોતાના પિતા તથા આજાને પિંડ આપવા. અર્થાત વૃદ્ધાવસ્થામાં ભોજનના ગ્રાસ વડે તેની સેવા કરવી. ૧૩૨

पौत्रदौहित्रयोर्लोके न विशेषोऽस्ति धर्मतः । तयोर्हिमातापितरौ संभूतौ तस्य देहतः ॥१३३॥ पुत्रीकायां कृतायां तु यदि पुत्रोऽनुजायते । समस्तत्र विभागः स्याज्ज्येष्ठता नास्ति हि स्त्रियाः ॥१३४॥ अपुत्रायां मृतायां तु पुत्रिकायां कथञ्चन । धनं तत्पुत्रिकाभर्ता हरेतैवाऽविचारयन् ॥१३५॥ अकृता वा कृता वापि यंविन्देत्सदृशात्सुतम् । पौत्री मातामहस्तेन दद्यात्पिण्डं हरेद्धनम् ॥१३६॥

લોકમાં પુત્રનો પુત્ર અને પુત્રિનો પુત્ર એ બેમાં કાંઇ વિશેષતા નથી, કારણકે તેના માતા અથવા પિતા તેના દેહમાંથીજ ઉત્પન્ન થયેલા છે ૧૩૩

પુત્રિકા કર્યા પછી જો પુત્રની ઉત્પત્તિ થાય તો તે ઠેકાણે પુત્ર અને દૌહિ-ત્રના સરખા ભાગ કરવા, કેમકે ત્યાં કાંઈ સ્ત્રીની જ્યેષ્ઠતા નથી. ૧૩૪ પુત્રિકા ધર્મ કરેલી પુત્રી કદાપિ પુત્રરહિતાજ મરણ પામે તો તે ધનને તે પુત્રિકાના પતિયે વગર વિચારે લેવું. ૧૩૫ પુત્રિકા વિધાન કર્યું હોય અથવા નહિ કર્યું હોય તો પણ સમાન જાતિવાળા જામાતા પાસેથી જે પુત્ર મેળવે, તેનાથીજ તે માતામહ પૌત્રવાળો કહેવાય છે, અને તેજ ધન લે, અને પિંડો પણ આપે ૧૩૬

पुत्रेण लोकाञ्जयति पौत्रेणानन्त्यमश्नुते । अथ पुत्रस्य पौत्रेण ब्रध्नस्याप्नोति विष्टपम् ॥१३७॥ पुन्नाम्नोनरकाद्यस्मात्त्रायते पितरं सुतः । तस्मात्पुत्र इति प्रोक्तः स्वयमेव स्वयम्भुवा ॥१३८॥ पौत्रदौहि-त्रयोर्लोके विशेषोनोपपद्यते । दौहित्रोपि ह्यमुत्रैनं संतारयति पौत्रवत् ॥१३९॥ मातुः प्रथमतः पिण्डं निर्वपेत्पुत्रिकासुतः । द्वितीयं तु पितु-स्तस्यास्तृतीयं तत्पितुः पितुः ॥१४०॥

પુત્ર થયો હોય તો તેણે કરીને લોકને જીતે છે અને પૌત્ર વડે અનંત સુખ ભોગવે છે, અને પુત્રના પૌત્ર વડે તો જાણે કે આદિત્ય લોકને પામે છે ૧૩૭ "પુ" નામના નરકથી જે સુત પિતાનું રક્ષણ કરે છે તે માટે પુત્ર એવું નામ સ્વયંબ્રહ્માદેવે કર્યું છે. ૧૩૮ પૌત્ર અને દૌહિત્રમાં લોકમાં કાંઈ વિશેષતા નથી; કારણકે દૌહિત્ર પણ પરલોકમાં એ માતામહને પૌત્રની પેઠે તારે છે. ૧૩૯ પુત્રિકાના પુત્રે પ્રથમ પોતાની માતાને પિંડ આપવો, પછી બીજો માતાના પિતાને આપવો અને ત્રીજો માતામહના પિતાને પિંડ આપવો; અર્થાત્ એ પ્રકારે ક્રમે કરીને અન્નાદિ વડે સેવા કરવી. (આ ઠેકાણે પિંડ શબ્દનું તાત્પર્ય અન્નના ગ્રાસ રૂપ છે, કારણ કે પિંડ શબ્દનો અર્થ અન્નનો ગ્રાસ થાય છે.) ૧૪૦

उपपन्नोगुणैःसर्वैः पुत्रोयस्य तु दत्रिमः । स हरेतैव तद्रिक्थं संप्राप्तोऽप्यन्यगोत्रतः ॥ १४१ ॥ गोत्ररिक्थे जनयितुर्न हरेद्दत्रिमः क्वचित् । गोत्ररिक्थानुगःपिण्डोव्यपैति ददतःस्वधा ॥ १४२ ॥ अनि-युक्तासुतश्चैव पुत्रिण्याप्तश्चदेवरात् । उभौ तौ नार्हतोभागं जारजातक कामजौ ॥ १४३ ॥ नियुक्तायामपि पुमान्नार्यां जातोऽविधानतः । नैवा-र्हःपैतृकं रिक्थं पतितोत्पादितोहिसः ॥ १४४ ॥

જેનો દત્તક પુત્ર અધ્યયનાદિ સર્વ ગુણસંપન્ન હોય તો તે બીજા ગોત્રથી પ્રાપ્ત થયો હોય તો પણ, તેનો ભાગ ગ્રહણ કરે. ૧૪૧ અન્યને દત્તક આપ્યા પછી ઉત્પાદક પિતાના ગોત્ર તથા ધનને તે દત્તક ગયેલો પુત્ર પામી શકતો નથી. કેમકે પિંડ-શ્રાદ્ધાદિ આપવું તે ગોત્ર અને ધનનું અનુગામી છે, તેમજ દત્તક આપેલા પુત્રે આપેલા પિંડાદિ તેના જનક પિતાથી છુટી જાય છે. અર્થાત્ પછીથી ઉત્પાદક પિતાના પિંડનો હક તેના પર રહેતો નથી. ૧૪૨ નિયોગવિધિ વિના ઉત્પન્ન થયેલો પુત્ર તથા પુત્રવાળી સ્ત્રી છતાં પાછો દેવર સાથે નિયોગ વિધિ વડે ઉત્પન્ન કરેલો પુત્ર એ બંનેને ભાગ મળી શકતો નથી, કારણકે તે બંને જારથી તેમજ કામથી ઉત્પન્ન થયેલા છે. ૧૪૩ નિયુક્તા સ્ત્રીમાં પણ વિધિ વિના અર્થાત ઘૃતાદિ લગાવવા વિગેરે નિયોગના નિયમ રહિત ઉત્પન્ન થયેલો પુત્ર ક્ષેત્રવાળા પિતાનું ધન લેવા યોગ્ય નથી, કારણકે તે પતિતથી ઉત્પન્ન થયેલો છે માટે. ૧૪૪

हरेत्तत्र नियुक्तायां जातः पुत्रोयथौरसः । क्षेत्रिकस्य तु तद्बीजं धर्मतः प्रसवश्च सः ॥१४५॥ धनं योबिभृयाद्भ्रातुर्मृतस्य स्त्रियमेव च । सोऽपत्यं भ्रातुरुत्पाद्य दद्यात्तस्यैव तद्धनम् ॥ १४६ ॥ याऽनियुक्ताऽन्यतः पुत्रं देवराद्वाऽप्यवाप्नुयात् । तं कामजमऽरिक्थीयं वृथोत्पन्नं प्रचक्षते ॥ १४७ ॥ "एतद्विधानंविज्ञेयं विभागस्यैकयोनिषु । बह्वीषुचैकजातानां नानास्त्रीषुनिबोधत ॥ १४८ ॥"

નિયુક્તા સ્ત્રીમા ઉત્પન્ન થયેલો પુત્ર જેવી રીતે ઔરસ પુત્ર પિતાનું ધન લેછે તમને ક્ષેત્રવાળા પિતાનું ધન લેછે કારણકે તે નિયોગ ધર્મથી પેદા થયેલો છે માટે ક્ષેત્રવાળાનું ત બીજ કેહેવાય છે. ૧૪૫ જે મરણ પામેલા ભાઇની સ્ત્રી તથા તેનુ ધન લે તે નિયોગ વિધિ વડે ભાઇની સ્ત્રીમા ભાઇનો પુત્ર ઉત્પન્ન કરીને તે ધન તેને દેવું જોઇયે. ૧૪૬ જે સ્ત્રી નિયોગવિધિ રહિત દેવરથી અથવા અન્યસપિંડથી પુત્રો ઉત્પન્ન કરે તો તે કામથી ઉત્પન્ન થયેલા પુત્રને દ્રવ્યનો ભાગી કેહેવાતો નથી; તે તો વૃથા ઉત્પન્ન થયેલોજ કેહેવાય છે. ૧૪૭ " સમાન જાતિવાળી સ્ત્રીયોમાં એક પતિ વડે ઉત્પન્ન થયેલા પુત્રોના વિભાગનુ વિધાન કહ્યું. હવે નાના પ્રકારની જાતિની ઘણી સ્ત્રીયોમાં એક પતિથી ઉત્પન્ન થયેલા પુત્રોનો વિભાગ કેમ કરવો તે સાંભળો " (જ્યારે અસવર્ણા સ્ત્રી સાથે વિવાહ કરવાનોજ

નિષેધ આગળ કરી આવ્યા છે તો પછી તેનાથી ઉત્પન્ન થયેલા પુત્રના વિભાગનું વિધાન શા માટે જોઇયે ?) ૧૪૮

"ब्राह्मणस्यानुपूर्व्येण चतस्रस्तुयदिस्त्रियः । तासांपुत्रेषुजातेषु विभागेऽयंविधिः स्मृतः ॥१४९॥ कीनाशोगोवृषोयानमलङ्कारश्चवेश्मच । विप्रस्यौद्धारिकंदेयमेकांशश्चप्रधानतः ॥ १५० ॥ त्र्यंशंदायाद्धरेद्विप्रोद्वावंशौक्षत्रियासुतः । वैश्याजः सार्धमेवांशमंशंशूद्रासुतोहरेत् ॥१५१॥ सर्ववारिक्थजातं तद्दशधा परिकल्प्यच । धर्म्यंविभागंकुर्वीत विधिनाऽनेनधर्मवित् ॥ १५२ ॥"

" બ્રાહ્મણને ક્રમથી જે ચાર વર્ણની ચાર સ્ત્રીયો હોય તો તેમાં ઉત્પન્ન થયેલા પુત્રોમા એવા વિભાગનું વિધાન કર્યું છે કે–૧૪૯ ખેતી કરવાના બલદ, અશ્વાદિ વાહન, આભૂષણ, ઘર અને દ્રવ્યમાથી પ્રધાન ભાગ એટલુ પ્રધાનભૂત બ્રાહ્મણીના પુત્ર બ્રાહ્મણને ઉદ્ધાર તરીકે આપવું ૧૫૦ દાયમાંથી ત્રણ ભાગ બ્રાહ્મણે લેવા, બે ભાગ ક્ષત્રિયથી ઉત્પન્ન થયેલાએ લેવા, દોઢ ભાગ વૈશ્યા સ્ત્રીથી ઉત્પન્ન થયેલાએ લેવા અને શૂદ્રાના પુત્રએ એક ભાગ લેવો. ૧૫૧ અથવા કાંઇ પણ ઉદ્ધાર કહાડયા શિવાય સંપૂર્ણ પિતૃ ધનના દશ ભાગ કરવા અને તેમાથી ધર્મના જાણનારાએ આગળ દર્શાવેલી વિધિ પ્રમાણે ધર્માનુસાર વિભાગ કરવા જેમકે–૧૫૨"

"चतुरोंशान्हरेद्विप्रस्त्रीनंशान्क्षत्रियासुतः । वैश्यापुत्रोहरेद्द्व्यंशमंशं शूद्रासुतोहरेत् ॥ १५३ ॥ यद्यपिस्यात्तुसत्पुत्रोऽप्यसत्पुत्रोऽपिवाभवेत्। नाधिकंदशमाद्दद्याच्छूद्रापुत्रायधर्मतः ॥ १५४ ॥ ब्राह्मणक्षत्रियविशां शूद्रापुत्रोनरिक्थभाक्। यदेवास्यपिता दद्यात्तदेवास्यधनंभवेत् ॥१५५॥" समवर्णासु ये जाताः सर्वेपुत्रा द्विजन्मनाम् । उद्धारंज्यायसेदत्वा भजेरन्नितरेसमम् ॥ १५६ ॥

" તે દશ ભાગમાથી ચાર ભાગ બ્રાહ્મણીના પુત્રે લેવા, ત્રણ ભાગ ક્ષત્રિયાના પુત્રે, બે ભાગ વૈશ્યાના પુત્રે અને એક ભાગ શૂદ્રાના પુત્રે લેવો. ૧૫૩ યદ્યપિ શૂદ્રા સ્ત્રીમા ઉત્પન્ન થયેલો સત્પુત્ર હેય અથવા અસત્પુત્ર હોય તો પણ ધર્મથી તેને દશમા ભાગથી અધિક ન મળે. ૧૫૪ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનો શૂદ્રા સ્ત્રીથી ઉત્પન્ન થયેલો પુત્ર ધનનો ભાગી થતો

નથી, પરંતુ જે કાંઇ તેનો ઉત્પાદક પિતા આપે તેટલુંજ તેનું ધન છે. ૧૫૫ " (જ્યારે અસવર્ણા સ્ત્રી સાથે વિવાહ વિધાનજ નિષિદ્ધ છે તો પછી આ વાટાઘાટ કરવાની જરૂરજ રહેતી નથી. વળી ૧૫૫ મા શ્લોકમાં તો શૂદ્રામાં ઉત્પન્ન થયેલા પુત્રનો ભાગજ ઉડાવી દીધો છે તો પછી શ્લોક ૧૫૧ તથા ૧૫૩ તથા ૧૫૪ સાથે પરસ્પર વિરૂદ્ધ પણ છે માટે શ્લોક ૧૪૮ થી ૧૫૫ સુધીના ૮ શ્લોકો પ્રક્ષિપ્ત છે.) દ્વિજાતિઓની સવર્ણા સ્ત્રીયોમાં ઉત્પન્ન થયેલા પુત્રોએ જ્યેષ્ઠભાઇને ઉદ્ધાર કહાડી આપીને પછી સર્વએ સમાન ભાગ વેહેંચી લેવો. ૧૫૬

शूद्रस्यतुसवर्णैव नान्याभार्याविधीयते । तस्यांजाताः समांशाः स्युर्यदिपुत्रशतंभवेत् ॥१५७॥ पुत्रान्द्वादशयानाह नृणांस्वायम्भुवोमनुः। तेषांषड्बन्धुदायादाः षडदायादबान्धवाः ॥१५८॥ औरसः क्षेत्रजश्चैव दत्तः कृत्रिमएव च । गूढोत्पन्नोऽपविद्धश्च दायादाबान्धवाश्च षट् ॥१५९॥ कानीनश्च सहोढश्च क्रीतः पौनर्भवस्तथा । स्वयंदत्तश्च शौद्रश्च षडदायादबान्धवाः ॥ १६० ॥

શૂદ્રને સવર્ણા સ્ત્રી કહી છે, બીજી ભાર્યા કરવાનું વિધાન નથી તે સવર્ણા સ્ત્રીમાં જો સો પુત્ર ઉત્પન્ન થાય તો પણ બધાને સરખો ભાગ મળવો જોઇયે. ૧૫૭. સ્વાયંભુવમનુએ મનુષ્યોના બાર પ્રકારના પુત્રો કહ્યા છે તેમા ૭ દાયભાગના ગ્રહણ કરનારા છે અને ૭ દાયભાગ રહિત ફક્ત બાંધવો છે. ૧૫૮ ઔરસ, ક્ષેત્રજ, દત્તક, કૃત્રિમ, ગૂઢોત્પન્ન, અપવિદ્ધ, એટલા ૭ પિતાના ધનના ભાગી બાંધવો છે. ૧૫૯ કાનીન, સહોઢ, ક્રીત, પૌનર્ભવ સ્વયંદત્ત અને શૌદ્ર એ ૭ ધનના ભાગી નથી કિંતુ કેવલ બાન્ધવોજ છે. (એના લક્ષણો આગળ કેહવાશે) ૧૬૦

यादृशं फलमाप्नोति कुप्लवैः संतरञ्जलम् । तादृशं फलमाप्नोति कुपुत्रैः संतरंस्तमः ॥१६१॥ यद्येकरिक्थिनौ स्यातामौरसक्षेत्रजौ सुतौ। यस्य यत्पैतृकं रिक्थं स तद् गृह्णीत नेतरः ॥१६२॥ एकएवौरसः पुत्रः पित्र्यस्य वसुनः प्रभुः । शेषाणामानृशंस्यार्थं प्रदद्यात्तु प्रजीवनम् ॥ १६३ ॥ षष्ठं तु क्षेत्रजस्यांशं प्रदद्यात्पैतृकाद्धनात् । औरसोविभजन्दायं पित्र्यं पञ्चममेव वा ॥ १६४ ॥

જે પ્રમાણે ફુટેલી છીદ્રવાળી હોડીથી જલમાં તરનાર મનુષ્ય ફલ પામે છે તેવીજ રીતે કુપુત્રો વડે દુઃખને તરવાવાળો ફલ પામે છે. ૧૬૧ યદિ અપુત્રવાન્ પુરૂષના ક્ષેત્રમાં નિયોગવિધિ વડે એક ક્ષેત્રજ પુત્ર હોય અને પછી ઔરસ પુત્ર પણ થાય તો તે બંનેએ પોતપોતાના ઉત્પાદક પિતાનું ધન લેવું બીજાનું ધન બીજાના પુત્રએ લેવું નહિ. ૧૬૨ એક ઔરસ પુત્રજ પિતાના ધનનો ભાગી છે બાકીના બધાને તો દયા માટે ફકત વસ્ત્રાચ્છાદનાદિ આપવાં. ૧૬૩ ઔરસ પુત્ર પિતાના ધનનો વિભાગ કરતાં તે પિતાના ધનમાંથી પાંચમો અથવા છઠો ભાગ ક્ષેત્રજ ભાઈને આપે. ૧૬૪

औरसक्षेत्रजौ पुत्रौ पितृरिक्थस्य भागिनौ । दशापरेतु क्रमशो गोत्ररिक्थांशभागिनः ॥१६५॥ स्वक्षेत्रे संस्कृतायां तु स्वयमुत्पादयेद्धि यम् । तमौरसं विजानीयात्पुत्रं प्रथमकल्पितम् ॥१६६॥ यस्तल्पजः प्रमीतस्य क्लीबस्य व्याधितस्य वा । स्वधर्मेण नियुक्तायां स पुत्रः क्षेत्रजः स्मृतः ॥१६७॥ मातापिता वा दद्यातां यमद्भिः पुत्रमापदि । सदृशं प्रीतिसंयुक्तं स ज्ञेयो दत्रिमः सुतः ॥ १६८ ॥

ઔરસ અને ક્ષેત્રજ એ બંને પુત્રો પિતૃધનના ભાગીદારો છે અને બાકીના બીજા દશ પુત્રો ગોત્રના ધનના ભાગીદાર જાણવા. ૧૬૫ વિવાહાદિ સંસ્કાર કરેલા પોતાના ક્ષેત્રમાં પોતે જેને ઉત્પન્ન કરે તેને પ્રથમ કહેલો "ઔરસ" પુત્ર જાણવો. ૧૬૬ જેનો સ્વામી મરણ પામ્યો હોય, નપુંસક હોય અથવા તો પ્રસવવિરોધિ વ્યાધિવાળો હોય તેની નિયુક્ત સ્ત્રીમાં નિયોગના ધર્મ વડે ઉત્પન્ન થયેલો પુત્ર "ક્ષેત્રજ" કહેવાય છે. ૧૬૭ માતા અથવા પિતા આપત્કાલમાં સમાન જાતિવાળા પ્રીતિયુક્ત પુત્રને પાણી વડે સંકલ્પ કરીને આપી દે તે પુત્ર "દત્રિમ" એટલે દત્તક કહેવાય છે. ૧૬૮

सदृशं तु प्रकुर्याद्यं गुणदोषविचक्षणम् । पुत्रं पुत्रगुणैर्युक्तं स विज्ञेयश्च कृत्रिमः ॥१६९॥ उत्पद्यते गृहे यस्य न च ज्ञायेत कस्य सः । गृहे स गूढउत्पन्नस्तस्य स्याद्यस्य तल्पजः ॥ १७० ॥ मातापितृभ्यामुत्सृष्टं तयोरन्यतरेण वा । यं पुत्रं परिगृह्णीयादपविद्धः स उच्यते ॥ १७१ ॥ पितृवेश्मनि कन्या तु यं पुत्रं जनयेद्रहः । तं कानीनं वदेन्नाम्ना वोढुः कन्यासमुद्भवम् ॥ १७२ ॥

જે સમાન જાતિવાળો હોય, ગુણદોષને જાણનાર હોય અને પુત્રના ગુણો વડે યુક્ત હોય, એવા પુત્રને પોતાના પુત્ર તરીકે રાખી લેવામાં આવે તો તે " કૃત્રિમ " પુત્ર કહેવાય છે. ૧૬૯ જેના ઘરમાં ઉત્પન્ન થાય અને જણાય નહિ કે આ કોનો પુત્ર છે, તે " ગૂઢોત્પન્ન " પુત્ર, કહેવાય છે; અને જેની સ્ત્રીએ તેનો જન્મ આપ્યો હોય તેનો તે પુત્ર કહેવાય. ૧૭૦ જે પુત્રનો માતાપિતાએ ત્યાગ કર્યો હોય અથવા બેમાંથી ગમે તેણે તેને છોડી દીધો હોય અને તે પુત્રનું જે ગ્રહણ કરે તે તેનો " અપવિદ્ધ " પુત્ર કહેવાય છે. ૧૭૧ પિતાના ઘરમાં એકાંતમાં કન્યા જે પુત્રને ઉત્પન્ન કરે તો તે કન્યાથી ઉત્પન્ન થયેલો " કાનીન " નામે કહેવાય છે; અને તે કન્યા સાથે જે વિવાહ કરે તેનો તે પુત્ર કહેવાય છે. ૧૭૨

यागर्भिणीसंस्क्रियते ज्ञाताऽज्ञातापिवासती । वोढुः सगर्भोभवति सहोढ इति चोच्यते ॥१७३॥ क्रीणीयाद्यस्त्वपत्यार्थं मातापित्रोर्यमन्तिकात् । स क्रीतकः सुतस्तस्य सदृशोऽसदृशोपि वा ॥१७४॥ यापत्यावापरित्यक्ता विधवावास्वयेच्छया । उत्पादयेत्पुनर्भूत्वा सपौनर्भवउच्यते ॥१७५॥ साचेदक्षतयोनिः स्याद् गतप्रत्यागतापि वा । पौनर्भवेन सा भर्त्रा पुनः संस्कारमर्हति ॥ १७६ ॥

ગર્ભવતી કન્યા છે એમ જ્ઞાન થયું હોય અથવા ન જણાઈ હોય તેવી ગર્ભિણી સાથે વિવાહ સંસ્કાર કરાય તો તે ગર્ભ તે પતિનો કહેવાય છે અને તેમાંથી ઉત્પન્ન થયેલાને " સહોઢ " પુત્ર કહેવાય છે ૧૭૩ જે પોતને પુત્ર નથી છતાં પુત્રને માટે કાંઇ માતાપિતાની પાસેથી તેનો પુત્ર અમુક મૂલ્ય આપીને લે, પછી તે સમાન જાતિનો હોય કે અસમાન જાતિનો હોય તો પણ તે " ક્રિતક " પુત્ર કહેવાય છે. ૧૭૪ જે સ્ત્રી પતિ વડે ત્યાગ થઇ હોય તે અથવા તો વિધવા સ્ત્રી પોતાની ઇચ્છા વડે બીજાની સ્ત્રી થઇને પુત્ર ઉત્પન્ન કરે તે " પૌનર્ભવ " પુત્ર કહેવાય છે. ૧૭૫ તે સ્ત્રી યદિ પોતાના પૂર્વ પતિના સંસર્ગમા ન આવી હોય એટલે કે અક્ષત યોનિ હોય અથવા જતી રહી હોય અને પાછી આવી હોય તો પૌનર્ભવ પતિની સાથે પાછો વિવાહ સંસ્કાર કરવા યોગ્ય છે. ૧૭૬

मातापितृविहीनोयस्त्यक्तोवास्यादकारणात् । आत्मानं स्पर्शये-

येत्सुतम् । स पारयन्नेव शवस्तस्मात्पारशवः स्मृतः ॥१७८॥ दास्यां-वादासदास्यांवा यः शुद्रस्यसुतोभवेत् । सोऽनुज्ञातोहरेदंशमिति धर्मो-व्यवस्थितः ॥ १७९ ॥ क्षेत्रजादीन्सुतानेतानेकादश यथोदितान् । पुत्रप्रतिनिधीनाहुः क्रियालोपान्मनीषिणः ॥१८०॥

જે પુત્રને માતાપિતાએ કાંઇ પણ કારણ વિના કહાડી મુકયો હોય અથવા માતાપિતા રહિત પુત્ર હોય. અને તે પોતે પોતાને જેને ત્યાં આપે અર્થાત્ પુત્ર તરીકે રહે તો તે " સ્વયંદત્ત " પુત્ર કહેવાય છે. ૧૭૭ જે પુત્રને બ્રાહ્મણ શુદ્રાસ્ત્રીમા કામથી ઉત્પન્ન કરે તે જીવતાં છતા શબ તુલ્ય છે માટે તેને " પારશવ " અથવા " શૌદ્ર " પુત્ર કહેવાય છે. ૧૭૮ દાસીમાં અથવા તો દાસની સ્ત્રીમાં જો શુદ્રનો પુત્ર થયો હોય તો તે પિતાની આજ્ઞાથી પિતૃ ધનમાંથી ભાગ લે, એમ ધર્મની વ્યવસ્થા છે. ૧૭૯ જે પુર્વોકત અગિયાર ક્ષેત્રજાદિ પુત્રો કહ્યા છે, તેની સેવા આદિ ક્રિયાનો લોપ ન થાય એટલા માટે ઋષિયોએ તેને પુત્રના પ્રતિનિધિ કહ્યા છે. ૧૮૦

यएतेऽभिहिताः पुत्राः प्रसङ्गादन्यबीजजाः । यस्यतेबीजतोजाता स्तस्यते नेतरस्य तु ॥ १८१ ॥ भ्रातॄणामेकजातानामेकश्चेत्पुत्रवान्भ-वेत् । सर्वास्तांस्तेन पुत्रेण पुत्रिणोमनुरब्रवीत् ॥ १८२ ॥ सर्वासामे कपत्नीनामेकाचेत्पुत्रिणीभवेत् । सर्वास्तास्तेन पुत्रेण प्राह पुत्रवतीर्मनुः ॥ १८३ ॥ श्रेयसः श्रेयसोऽलाभे पापीयान् रिक्थमर्हति । बहवश्चेत्तु सदृशाः सर्वे रिक्थस्य भागिनः ॥ १८४ ॥

જે આ પ્રસંગ વશથી ક્ષેત્રજાદિ પુત્રો અન્યના બીજથી ઉત્પન્ન થયેલા કહ્યા છે તે જેના બીજથી જેઓ ઉત્પન્ન થયા છે તેના તે જાણવા, બીજાના નહિં. ૧૮૧ એક માતા પિતાથી ઉત્પન્ન થયેલા સહોદર ભાઈઓમાં જો એક ભાઇ પુત્રવાન હોય તો તે પુત્રવડે તે બધા ભાઇઓને પુત્રવાળા જાણવા એમ મનુએ કહ્યું છે. ૧૮૨ એક પુરૂષની ઘણી સ્ત્રીયોમાં યદિ એક સ્ત્રી પુત્રવાળી હોય તો તે પુત્ર વડે બધી સ્ત્રીયો પુત્રવાળી કહેવાય છે, એમ મનુએ કહ્યું છે. ૧૮૩ પુર્વના ઉત્તમ ઉત્તમ પુત્રના અભાવમાં બીજા બીજા ઉતરતા પુત્રો દાય ધન મેળવવાને યોગ્ય છે. અને જો ઘણાં સમાન હોય તો સર્વ ધનના ભાગીદાર થાય છે. ૧૮૪

न भ्रातरो न पितरः पुत्रा रिक्थहराः पितुः । पिता हरेदपुत्रस्य रिक्थं भ्रातर एव च ॥ १८५ ॥ त्रयाणामुदकं कार्यं त्रिषु पिण्डः प्रवर्तते । चतुर्थः संप्रदातैषां पञ्चमो नोपपद्यते ॥ १८६ ॥ अनन्तरः सपिण्डाद्यस्तस्य तस्य धनं भवेत् । अत ऊर्ध्वं सकुल्यः स्यादाचार्यः शिष्य एव वा ॥ १८७ ॥ सर्वेषामप्यभावे तु ब्राह्मणा रिक्थभागिनः । त्रैविद्याः शुचयो दान्तास्तथा धर्मो न हीयते ॥ १८८ ॥

સહોદર ભાઇ તેમજ બીજા પિતરો પણ ધન લેવાવાળા નથી કિંતુ ઔરસ પુત્રના અભાવમાં ક્ષેત્રજાદિ ગૌણ પુત્રો પિતૃદાય ધન લેવાવાળા છે. પરંતુ અપુત્રવાનનું ધન પિતા લે અથવા ભાઇઓ લઇ શકે છે. ૧૮૫ પિત્રાદિ ત્રણને જલ અને પિંડ એટલે ભોજન આપવુ, અને ચોથો પોતે તો એઓને ઉદક આપનાર છે અને પાંચમાનો સેવાદિ કાર્યમાં સંબંધ થઇ શકતો નથી તેટલા માટે અપુત્ર પિતામહાદિના ધનમાં ગૌણપુત્રનો અધિકાર છે ૧૮૬ સપિંડોમા જે પાસે પાસેના હોય તેનું ધન થાય છે અને સપિંડ ન હોય તો આચાર્ય, અને તે ન હોય તો શિષ્ય ધનભાગી થાય છે. ૧૮૭ અને જો તે પણ ન હોય અર્થાત્ સર્વનો અભાવ હોય તો ધનના ભાગી બ્રાહ્મણો થાય છે પરંતુ તે બ્રાહ્મણો વેદત્રયને જાણવાવાળા હોય, પવિત્ર તથા જીતેન્દ્રિય હોય તો ધર્મનો નાશ નહિ થાય. ૧૮૮

अहार्यं ब्राह्मणद्रव्यं राज्ञा नित्यमिति स्थितिः । इतरेषां तु वर्णानां सर्वाभावे हरेन्नृपः ॥१८९॥ संस्थितस्यानपत्यस्य सगोत्रात्पुत्रमाहरेत् । तत्र यद्रिक्थजातं स्यात्तत्तस्मिन्प्रतिपादयेत् ॥ १९० ॥ द्वौ तु यौ विवदेयातां द्वाभ्यां जातौ स्त्रिया धने । तयोर्यद्यस्य पित्र्यं स्यात्तत्स गृह्णीत नेतरः ॥१९१॥ जनन्यां संस्थितायां तु समं सर्वे सहोदराः । भजेरन्मातृकं रिक्थं भगिन्यश्च सनाभयः ॥ १९२ ॥

રાજાએ બ્રાહ્મણનું દ્રવ્ય કદાપી લેવું નહિ; અને વારસોના અભાવમાં ક્ષત્રિયાદિ વર્ણનું ધન રાજાએ ગ્રહણ કરવું. ૧૮૯. બ્રાહ્મણ જો અપુત્રવાન મરણ પામે તો તેના ગોત્રમાંથી એક પુત્ર રાજાએ અપાવવો અને તે બ્રાહ્મણનું જે ધન હોય તે તેને આપી દેવું. ૧૯૦. બે પિતા વડે એક સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા બે પુત્રો જો સ્ત્રી-હસ્તગત ધનને માટે લડે તો

જે જેના પિતાનું ધન હોય તે તેનો પુત્ર લે; બીજાના પિતાનું ધન બીજાના પુત્રે લેવું નહિ. ૧૯૧. માતાના મરણ પછી જે માતાનું ધન હોય તે બધા સહોદર ભાઇઓ તથા સહોદર બેહેનો મળીને બરાબર ભાગે વેહેંચી લેવું. ૧૯૨.

यास्तासांस्युर्दुहितरस्तासामपियथार्हतः । मातामह्याधनात्किंचित्प्रदेयं प्रीतिपूर्वकम् ॥ १९३ ॥ अध्यग्न्यध्यावाहनिकं दत्तंचप्रीतिकर्मणि । भ्रातृमातृपितृप्राप्तं षड्विधंस्त्रीधनंस्मृतम् ॥१९४॥ अन्वाधेयंचयद्दत्तं पत्याप्रीतेन चैवयत् । पत्यौजीवतिवृत्तायाः प्रजायास्तद्धनं भवेत् ॥ १९५॥ ब्राह्मदैवार्षगान्धर्वप्राजापत्येषु यद्वसु । अप्रजायामतीतायां भर्तुरेव तदिष्यते ॥ १९६ ॥

તેમાં જે કન્યાને પુત્રીઓ હોય તેને પણ માતામહીના ધનમાંથી પ્રીતિ પૂર્વક કાંઇક ધન યથાયોગ્ય આપવું. ૧૯૩. વિવાહ કાલમાં અગ્નિની સામે પિતા આદિએ આપેલું ધન, બોલાવીને આપેલું ધન, પ્રીતિ કર્મમા પતિએ આપેલું ધન,. પિતા, માતા, તથા ભાઇએ આપેલું ધન, એ પ્રમાણે ૭ પ્રકારનું સ્ત્રીધન કહેવાય છે. ૧૯૪. અન્વાધેય ધન એટલે વિવાહ થયા પછી સ્વામીના કુલમાંથી જે ધન મળ્યું હોય તે, તથા સ્વામીએ પ્રીતિકર્મમાં આપ્યુ હોય તે, એ સર્વ પતિના જીવતાં છતાં સ્ત્રી મરણ પામે તો તે સ્ત્રીના સંતાનનું ધન કેહેવાય છે. ૧૯૫. બ્રાહ્મ, દૈવ, આર્ષ, ગાંધર્વ અને પ્રાજાપત્ય, એ પાંચ પ્રકારના વિવાહોમાં જે સ્ત્રીનું ૭ પ્રકારનું ધન છે તે જો અપુત્રવતી સ્ત્રી મરી જાય તો તેના પતિનું જાણવું. ૧૯૬

यत्त्वस्याः स्याद्धनं दत्तं विवाहेष्वासुरादिषु । अप्रजायामतीतायां मातापित्रोस्तदिष्यते॥१९७॥ स्त्रियां तु यद्भवेद्वित्तं पित्रादत्तं कथंचन। ब्राह्मणी तद्धरेत्कन्य तदपत्यस्य वा भवेत् ॥ १९८ ॥ न निर्हारंस्त्रियः कुर्युः कुटुम्बाद्बहुमध्यगात । स्वकादपिचवित्ताद्धि स्वस्य भर्तुरनाज्ञया ॥१९९॥ पत्यौ जीवति यः स्त्रीभिरलङ्कारो धृतोभवेत् । न तं भजेरन्दायादा भजमानाः पतन्ति ते ॥ २०० ॥

૫૨ તુ જે આસુરાદિ વિવાહોમાં સ્ત્રીને આપેલું ધન હોય તે સ્ત્રીના મરણ પછી તેના માતા પિતાનું થાય છે. ૧૯૭. સ્ત્રીની પાસે તેના પિતાએ આપેલું કાંઇપણ ધન હોય તે તેની કન્યા ગ્રહણ કરે અથવા તે ન હોય તો તેના પુત્રને મળે. ૧૯૮ ઘણાં મોટા કુટુંબના મધ્યમાંથી સ્ત્રીયે ધનનો સંચય ન કરવો અને પોતાના પતિની આજ્ઞા શિવાય પોતાના ધનમાંથી પણ અલંકારાદિ ન કરાવવાં. ૧૯૯. પતિના જીવતાં તેની સંમતીથી જે અલંકારો સ્ત્રીઓએ ધારણ કર્યા હોય તે અલંકારને પતિના મરણ બાદ પણ દાયાદલોકે વહેંચી ન લેવા. જેઓ તે અલંકારોને વહેંચી લે છે તેઓ પતિત થાય છે. ૨૦૦

अनंशौक्लीबपतितौ जात्यन्धबधिरौतथा। उन्मत्तजडमूकांश्च ये चकेचिन्निरिन्द्रियाः ॥२०१॥ सर्वेषामपितुन्याय्यं दातुंशक्तया मनीषिणा। ग्रासाच्छादनमत्यन्तं पतितोह्यददद्भवेत् ॥२०२॥ यद्यर्थिता तु दारैः स्यात्क्लीबादीनांकथञ्चन। तेषामुत्पन्नतन्तूनामपत्यंदायमर्हति ॥ २०३॥ यत्किञ्चित्पितरि प्रेते धनं ज्येष्ठोऽधिगच्छति। भागो यवीयसां तत्र यदि विद्यानुपालितः ॥ २०४ ॥

નપુંસક, પતિત, જન્માન્ધ, બેહેરો, ઉન્મત્ત, જડ, મુંગો અને જે કોઇ જન્મથી નિરિન્દ્રિય હોય તે, એટલા પિતાના ધનના ભાગીદાર થઇ શકતા નથી. ૨૦૧ એ સર્વ નપુંસકાદિયોને તે જ્યા સુધી જીવે ત્યા સુધી ન્યાયપૂર્વક શાસ્ત્રને જાણનાર ધનના સ્વામીએ યથાશક્તિ અન્ન વસ્ત્ર આપવાં અને તેટલું પણ ન આપે તો પતિત થાય છે. ૨૦૨. જો કદાપિ તે નપુંસકાદિ પતિતોની વિવાહ કરવાની ઇચ્છા થાય તો તેનાં સંતાનનાં સંતાન ધનના ભાગીદાર થાય છે જેમકે નપુંસક પુરૂષ લગ્ન કરે તો તેનો જે ક્ષેત્રજ પુત્ર થાય, પછી તેનો પુત્ર થાય તે ધનનો ભાગીદાર કહેવાય છે. ૨૦૩. પિતાના મરણ પામ્યા પછી જ્યેષ્ટ પુત્ર જે કાંઇ તેનુ પોતાનાં પુરૂષાર્થથી મેળવેલું ધન હોય તે પોતે પ્રાપ્ત કરે અને જો નાનો ભાઇ વિદ્વાન હોય તો તે દ્રવ્યમાંથી પણ તેનો ભાગ લઇ શકે. ૨૦૪.

अविद्यानां तु सर्वेषामीहातश्चेद्धनं भवेत्। समस्तत्र विभागः स्यादपित्र्य इति धारणा ॥२०५॥ विद्याधनं तु यद्यस्य तत्तस्यैव धनं भवेत्।

मैत्र्यमौद्वाहिकं चैव माधुपर्किकमेव च ॥ २०६ ॥ भ्रातॄणां यस्तु नेहेत धनं शक्तः स्वकर्मणा । सनिर्भाज्यः स्वकादंशात्किंचिद्दत्त्वोपजीवनम् ॥ २०७॥ अनुपघ्नन्पितृद्रव्यं श्रमेण यदुपार्जितम् । स्वयमीहितलब्धं तन्नाकामो दातुमर्हति ॥ २०८ ॥

સર્વ અવિદ્વાન ભાઇઓનુ ખેતી વ્યાપારાદિ વડે મેળવેલું ધન હોય તો તે ધનમાંથી સર્વેએ સરખે ભાગે વેહેંચી લેવું. તે ધનમાંથી ઉદ્ધાર કહાડવો નહિ. ૨૦૫. વિદ્યા, મૈત્રી, વિવાહ અને મધુપર્કાદિ દાનમા જે ધન જેને મળ્યુ હોય તે તેનુંજ થાય છે. ૨૦૬. પોતાના પુરૂષાર્થથી કમાનાર પુરૂષ જો પોતાના ભાઇઓના ધનની ઇચ્છા ન કરે તો તેને પોતાના ભાગમાંથી કાંઇ નિર્વાહાર્થે થોડું ધન આપી જુદો કરવો. એટલે પછી તેનો પુત્ર કાલાંતરે ધનને માટે વિવાદ ન કરે. ૨૦૭. પિતાના ધનનો નાશ ન કરતાં પોતાના પરિશ્રમ વડે જે ધન ઉપાર્જન કરે, તે ધનમાંથી જોઇયે તો પોતાના ભાઇઓને ન આપે તો ચાલે. ૨૦૮.

पैतृकं तु पिता द्रव्यमनवाप्तं यदाप्नुयात् । न तत्पुत्रैर्भजेत्सार्धमकामः स्वयमर्जितम् ॥२०९॥ विभक्ताः सह जीवन्तो विभजेरन् पुनर्यदि । समस्तत्र विभागः स्याज्ज्यैष्ठ्यं तत्र न विद्यते ॥२१०॥ येषां ज्येष्ठःकनिष्ठोवा हीयेतांशप्रदानतः । म्रियेतान्यतरोवापि तस्य भागोन लुप्यते ॥२११॥ सोदर्याविभजेरंस्तं समेत्य सहिताः समम् । भ्रातरोये च संसृष्टा भगिन्यश्च सनाभयः ॥ २१२ ॥

પિતા કદાચિત્ પોતાના પિતા સંબંધિ દ્રવ્ય મેળવી શક્યા ન હોય અને પાછો પરિશ્રમ કરવાથી તે દ્રવ્ય મેળવે તો પોતાનું મેળવેલુ ધન પોતાની ઇચ્છામાં ન આવે તો પુત્રાદિઓને નહિ વહેંચી આપે. ૨૦૯ પ્રથમ જુદા રહ્યા હોય છતાં પોતાનો વ્યાપારાદિ એકત્ર ચલાવતા હોય અને પછી તેનો ભાગ વેહેંચી લે તે વખતે સર્વ ભાઇઓનો સરખો ભાગ થાય, તેમાં કાંઇ જ્યેષ્ઠત્વ આવી શકતું નથી. ૨૧૦ જે ભાઇઓમાં મોટો અથવા નાનો ભાઈ વિભાગ સમયે સંન્યાસાદિ કારણથી પોતાના ભાગથી મુક્ત થઇ જાય અથવા મરી જાય તો તેનો ભાગ નાશ પામે નહિ. ૨૧૧ કિન્તુ સહોદર

ાઇ તથા સહોદર બેહેનો જે એકઠાં હોય છે તે તેનો ભાગ સરખા ભાગે
ેહેંચી લે. ૨૧૨

योज्येष्ठोविनिकुर्वीत लोभाद्भ्रातृन्‌ [illegible]। सोऽज्येष्ठः स्याद्-
गश्च नियन्तव्यश्च राजभिः ॥२१३॥ सर्वएव विकर्मस्था नार्हन्ति
ातरोधनम्‌ । नचादत्वाकनिष्ठेभ्यो ज्येष्ठः कुर्वीतयौतकम्‌ ॥२१४॥
ातृणापविभक्तानां यद्युत्थानं भवेत्सह । न पुत्रभागं विषमं पिता
द्यात्कथञ्चन ॥ २१५॥ ऊर्ध्वं विभागाज्जातस्तु पित्र्यमेव हरेद्धनम्‌।
संसृष्टास्तेन वा ये स्युर्विभजेत स तैः सह ॥ २१६ ॥

જે મોટો ભાઇ પોતાના નાના ભાઇઓને લોભથી ઠગે તે જ્યેષ્ઠ-ભાઇ
ોતાના જ્યેષ્ટ ભાગથી રહિત થાય અને રાજાના દંડને યોગ્ય થાય. ૨૧૩ સર્વ
ભાઇઓ વિરૂદ્ધ કર્મ કરનારા હોય તો તે ધનનો ભાગ લેવાને યોગ્ય નથી. તેમજ
જ્યેષ્ઠ અને કનિષ્ઠ ભાઇને આપ્યા શિવાય વાવલી ન કરવી. ૨૧૪ જુદા
ાહિ થયેલા ભાઇઓ જો બધા સાથેજ ધનનું ઉપાર્જન કરે તો વિભાગ
સમયે પિતાએ કોઇ પુત્રને વિષમ ભાગ ન આપવો. ૨૧૫ યદિ પિતાએ
પોતાના જીવતાંજ પુત્રોની ઇચ્છાથી વિભાગ કરી આપ્યા હોય અને પછીથી
ને તે પિતાને પુત્ર ઉત્પન્ન થાય તો તે પુત્ર પિતાનોજ ભાગ લઇ શકે છે,
અથવા પાછો જે પિતાની સાથેજ રહેતો હોય તેની સાથે પિતાના મરણ
બાદ વિભાગ કરી લેવો. ૨૧૬.

अनपत्यस्य पुत्रस्य माता दायमवाप्नुयात्‌ । मातर्यपि च वृत्तायां
तुर्माता हरेद्धनम्‌ ॥२१७॥ ऋणे धनं च सर्वस्मिन्प्रविभक्ते यथा-
धि । पश्चाद्‌ दृश्येत यत्किञ्चित्तत्सर्वं समतां नयेत्‌ ॥२१८॥ वस्त्रं
मलङ्कारं कृतान्नमुदकं स्त्रियः । यौगक्षेमं प्रचारं च न विभाज्यं
चक्षते ॥ २१९ ॥ अयमुक्तोविभागोवः पुत्राणां च क्रियाविधिः ।
मशः क्षेत्रजादीनां द्यूतधर्मं निबोधत ॥ २२० ॥

સંતાન રહિત પુત્રનો દાય ભાગ માતાએ ગ્રહણ કરવો, અને માતા
ણ જો મરવા પામી હોય તો પિતાની માતાએ તેનો ભાગ લેવો. ૨૧૭
ઋણ અને ધન સર્વ યથાવિધિ વેહેંચી લીધા પછીથી જો કાંઈ દ્રવ્ય
જણાય તો તેમાંથી સર્વેએ સરખે ભાગે વેહેંચી લેવું. ૨૧૮ વસ્ત્ર, વાહન,

અલંકાર, પરિપાક કરેલું અન્ન, પાણી, (કુવા આદિ) સ્ત્રી (દાસ્યાદિ), મંત્રી, પુરોહિતાદિ અને ગૌ આદિનો રસ્તો એટલાનો વિભાગ કરવો યોગ્ય નથી. એટલાં તો જે જેવાં કામમાં હંમેશાં આવતાં હોય તેવાંજ સમજવાં. ૨૧૯ એ પ્રમાણે તમને ક્ષેત્રજાદિ પુત્રોનો વિભાગ ક્રમ તથા ક્રિયા વિધિ કહ્યો; હવે દ્યૂત કર્મ કહું છું તે સાંભળો. ૨૨૦

द्युतंसमाहृवयंचैव राजाराष्ट्रान्निवारयेत् । राज्यान्तक णावेतौ दोषौ पृथिवीक्षिताम् ॥२२१॥प्रकाशमेतत्तास्कर्यं यद्देवन समाहृयौ तयोर्नित्यं प्रतीघाते नृपतिर्यत्नवान्भवेत् ॥२२२॥ अप्राणिभिर्यत्क्रियते तल्लोके तमुच्यते। प्राणिभिः क्रियतेयस्तु स विज्ञेयः समाहृवयः ॥ २२३ ॥ दयूतं समाहृवयं चैव यः कुर्यात्कारयेत वा। तान्सर्वान्घातयेद्राजा शूद्रांश्च द्विजलि.नः ॥ २२४ ॥

રાજાએ દ્યૂત અને સમાહ્વય એ બંનેને પોતાના દેશમાંથી નિવારણ કરવાં, કારણ કે એ બંને દોષો રાજાઓના રાજ્યને નાશ કરનારા છે. ૨૨૧ એ દ્યૂત અને સમાહ્વય એ બંને પ્રત્યક્ષ ચોરી છે. એને દૂર કરવામા રાજાએ હમેશાં પ્રયત્નવાળા થવું. ૨૨૨ જડ પદાર્થ વડે જે હાર જીતની રમત રમાય છે તે દ્યૂત કહેવાય છે. અને ગાય બકરી વિગેરે પ્રાણિયો વડે જે હાર જીતની રમત થાય તે સમાહ્વય કહેવાય છે. ૨૨૩ દ્યૂત અને સમાહ્વય જે કરે અથવા કરાવે તે સર્વને રાજાએ મારવા અથવા દંડ કરવો. અને યજ્ઞોપવીતાદિ દ્વિજનાં ચિન્હ ધારણ કરનાર શૂદ્રોને પણ દંડ કરવો. ૨૨૪

कितवान्कुशीलवान्क्रूरान्पाषण्डस्थांश्चमानवान् । विकर्मस्थान् शौण्डकांश्च क्षिप्रंनिर्वासयेत्पुरात् ॥२२५॥ एतेराष्ट्रे वर्तमाना राज्ञः प्रच्छन्नतस्कराः विकर्मक्रिययानित्यं बाधन्तेभद्रिकाः प्रजाः ॥ २२६ ॥ द्यूतमेतत्पुराकल्पे दृष्टं वैरकरं महत् । तस्माद् द्यूतं न सेवेत हास्यार्थमपि बुद्धिमान् ॥२२७॥ प्रच्छन्नंवा प्रकाशंवा तन्निषेवेत योनरः । तस्य दण्डविकल्पः स्याद्यथेष्टंनृपतेस्तथा ॥ २२८ ॥

જુગારી, ધૂર્ત, ક્રૂરતા કરવાવાળા, પાંખંડી, શાસ્ત્ર વિરૂદ્ધ કર્મ કરનાર, તથા મદ્યપાન કરનાર મનુષ્યોને રાજાએ તુર્ત નગરથી બહાર કહાડી મુકવા જોઈએ. ૨૨૫ કેમકે રાજાના રાજ્યમાં એ છુપા ચોર કેહવાય છે. એ જો નગરમાં રહેતો પોતાનાં ખરાબ કર્મ વડે સર્વ પ્રજાને પીડા આપે છે. ૨૨૬ એ દ્યૂત પેહેલા કલ્પમાં મોટું વૈર વધારનારૂં જણાવ્યું છે. માટે બુદ્ધિમાન્ પુરૂષે હાસ્ય વિનોદમાં પણ દ્યૂતનું સેવન ન કરવું. ૨૨૭ જે પુરૂષ જાહેર રીતે અથવા ગુપ્ત રીતે દ્યૂતનુ સેવન કરે છે તેને રાજાની ઇચ્છામાં આવે તે પ્રમાણે દંડ કરવો. ૨૨૮

क्षत्रविट्शूद्रयोनिस्तु दण्डं दातुमशक्नुवन् । आनृण्यं कर्मणा गच्छेद्विप्रोदद्याच्छनैः शनैः ॥२२९॥ स्त्रीबालोन्मत्तवृद्धानां दरिद्राणां चरोगिणाम् । शिफाविदलरज्ज्वाद्यैर्विदध्यान्नृपतिर्दमम् ॥२३०॥ येनियुक्तास्तुकार्येषु हन्युः कार्याणिकार्यिणाम् । धनोष्मणापच्यमानास्तान्निस्स्वान्कारयेन्नृपः ॥२३१॥ कूटशासनकर्तॄंश्चप्रकृतीनां चदूषकान् । स्त्रीबालब्राह्मणघ्नांश्च हन्याद्विट्सेविनस्तथा ॥ २३२ ॥

ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એટલા જો નિર્ધન હોવાનાં કારણથી દંડ આપવાને શકિતમાન્ ન થાય તો તેઓની પાસે નોકરી કરાવીને દંડનું ઋણ ચૂકતે કરવું. અને બ્રાહ્મણ ધીરે ધીરે દંડનું ઋણ ચુકાવે પરંતુ તેની પાસેથી નોકરી ન લેવી ૨૨૯ સ્ત્રી, બાલક, ઉન્મત્ત, વૃદ્ધ, દરિદ્ર અને રોગીને રાજાએ નેતરની સોટી અથવા દોરડી વિગેરેથી દેહદંડ આપવો. ૨૩૦ જે મનુષ્યોને કાર્ય ઉપર નિયુકત કર્યા હોય અને તે કાર્ય કરનારાઓ પોતાના ધનની ગરમી વડે પાકી ગયેલા હોવાને લીધે કામનો નાશ કરે અથવા બગાડે તો તેનું સર્વસ્વ રાજાએ લઇ લેવું. ૨૩૧ કપટીપણાથી રાજકાર્ય કરનાર તથા અમાત્યોમાં ભેદ કરાવનાર તથા સ્ત્રી, બાલક અને બ્રાહ્મણને મારનાર તથા શત્રુ સાથે મળીને ચાલનાર, એટલાઓનો રાજાએ, નાશ કરવો. ૨૩૨

तीरितं चानुशिष्टं च यत्र क्वचन यद्भवेत् । कृतं तद्धर्मतोविद्यान्न तद् भूयोनिवर्तयेत् ॥२३३॥ अमात्याः प्राड्विवाकोवा यत्कुर्युः कार्यमन्यथा । तत्स्वयं नृपतिः कुर्यात्तान्सहस्र च दण्डयेत् ॥२३४॥ ब्रह्महा

च सुरापश्च स्तेयी च गुरुतल्पगः । एते सर्वे पृथक्ज्ञेया महापातकिनोनराः ॥२३५॥ चतुर्णामपि चैतेषां प्रायश्चित्तमकुर्वताम् । शारीरं धनसंयुक्तं दण्डं धर्म्यं प्रकल्पयेत् ॥ २३६ ॥

જે કાંઇ ઋણાદિ વ્યવહારના કાર્યનો ન્યાયથી અંત સુધી નિર્ણય થયો હોય અને તે સંબંધિ દંડાદિ પણ થઇ ચુકયો હોય તો તે કામ ફરીથી ચલાવવું નહિ. ૨૩૩ અમાત્યો અથવા તો કેસ ચલાવનારા વકીલો જે કેસમાં કાંઈ અન્યથા કરે તો તે કેસ રાજાએ પોતે તપાસવો અને તેઓને એક હજાર પણ દંડ કરવો. ૨૩૪ બ્રહ્મહત્યા કરનાર, મદ્યપાન કરનાર, ગુરૂ પત્ની સાથે ગમન કરનાર અને ચોરી કરનાર એ સર્વને જુદા જુદા મહાપાપી મનુષ્યો જાણવા. ૨૩૫ પ્રાયશ્ચિત નહિં કરનારા એ ચારે મનુષ્યોનો ધર્મપૂર્વક ધન સહિત શરીર સંબંધિ દંડ (સજા) રાજાએ કરવો યોગ્ય છે. ૨૩૬

गुरुतल्पे भगः कार्यः सुरापाने सुराध्वजः । स्तेये श्वपदं कार्यं ब्रह्महण्यशिराः पुमान् ॥२३७॥ असंभोज्याह्यसंयाज्या असंपाठ्याऽविवाहीनः । चरेयुः पृथिवींदीनाः सर्वधर्मबहिष्कृताः ॥२३८॥ ज्ञाति संबन्धिभिस्त्वेते त्यक्तव्याः कृतलक्षणाः । निर्दयानिर्नमस्कारास्तन्मनोरनुशासनम् ॥२३९॥ प्रायश्चित्तं तु कुर्वाणाः सर्ववर्णा यथोदितम् । नाङ्क्याराज्ञाललाटेस्युर्दाप्यास्तूत्तमसाहसम् ॥ २४० ॥

ગુરૂપત્ની સાથે વ્યભિચાર કરનારને કપાળમાં તપાવેલા લોઢા વડે ભગાકાર ડામ દેવો, અને મદ્યપાન કરનારના કપાળમાં મદ્યપાત્રના આકારનો ડામ દેવો, ચોરી કરનારના કપાળમા કુતરાંના પગલાંના આકારનો ડામ દેવો, અને બ્રાહ્મણની ઘાત કરનારનો શિરચ્છેદ કરવો. ૨૩૭ એ મહાપાતકીઓ પંકિતમા ભોજન કરાવવા, યજ્ઞ કરાવવા, ભણાવવા, વિવાહ સબંધના કાર્યમા અયોગ્ય છે, તેમજ સર્વ ધર્મથી બહિષ્કૃત થયેલા તેઓ દીનદશામા પૃથ્વિ ઉપર ભલે ફર્યા કરે. ૨૩૮ એવા દંડના ચિન્હવાળાઓને જ્ઞાતિ સંબંધિઓએ પણ ત્યાગ કરવા, તેઓના પર દયા ન કરવી, તેમજ નમસ્કાર ન કરવા જોઇએ, એવું મનુનું શાસન છે. ૨૩૯ પરંતુ શાસ્ત્ર વિહિત પ્રાયશ્ચિત કરે તો એ સર્વને રાજાએ કપાળમાં ચિન્હ કરવાં નહિં, કિંતુ તેઓ ઉત્તમ સાહસ દંડ કરવા યોગ્ય છે. ૨૪૦

आगःसु ब्राह्मणस्यैव कार्योमध्यमसाहसः। विवास्योवाभवेद्रा-
ष्ट्रात्सद्रव्यः सपरिच्छदः ॥२४१॥ इतरे कृतवन्तस्तु पापान्येतान्य-
कामतः। सर्वस्वहारमर्हन्ति कामतस्तु प्रवासनम् ॥२४२॥ नाददीतनृपः
साधुर्महापातकिनोधनम्। आददानस्तुतल्लोभात्तेन दोषेण लिप्यते
॥२४३॥ अप्सु प्रवेश्य तं दण्डं वरुणायोपपादयेत्। श्रुतवृत्तोपपन्ने वा
ब्राह्मणे प्रतिपादयेत् ॥ २४४ ॥

એ અપરાધીઓમાં બ્રાહ્મણનેજ મધ્યમ સાહસ દંડ કરવો યોગ્ય છે અથવા તો તેના ધન ધાન્ય સહિત રાજ્યમાથી બહાર કહાડી મુકવો. ૨૪૧ અને બ્રાહ્મણથી અન્ય ક્ષત્રિયાદિયે અનિચ્છાથી એ પાપો કર્યાં હોય તો સર્વસ્વ રાજાએ લઈ લેવું અને ઇચ્છા પૂર્વક એ પાપો કર્યાં હોય તો સર્વસ્વ લઇ લેવું અને દેશપાર કરવા. ૨૪૨ ધર્મિષ્ઠ રાજાએ મહા પાતકીઓનુ ધન લેવુ નહિ જો લોભથી કોઇ રાજા તેઓનું ધન લે તો તે દોષ તેને લાગે છે ૨૪૩ પરતુ તેઓ પાસેથી જે દડનું ધન લીધુ હોય તેને પાણીમાં ધોવડાવવું અને પછી તે ધનને વરૂણ યાગમા વાપરવું અથવા તો વેદ સપન્ન બ્રાહ્મણને તે ધન આપી દેવું. ૨૪૪

ईशोदण्डस्यवरुणो राज्ञांदण्डधरोहिसः। ईशः सर्वस्यजगतो ब्रा-
ह्मणोवेदपारगः ॥२४५॥ यत्रवर्जयतेराजा पापकृद्भ्योधनागमम्।
तत्र कालेन जायन्ते मानवा दीर्घजीविनः ॥२४६॥ निष्पद्यन्ते च
सस्यानि यथोप्तानि विशां पृथक्। बालाश्च न प्रमीयन्ते विकृतं न च
जायते ॥२४७॥ ब्राह्मणान्बाधमानं तु कामादवरवर्णजम्। हन्याच्चि-
त्रैर्वधोपायैरुद्वेजनकरैर्नृपः ॥ २४८ ॥

દડનો સ્વામી વરૂણ (પરમાત્મા)છે, કેમકે રાજાઓનો પણ તે દડધર્ત્તા છે, તેમજ સંપૂર્ણ વેદને જાણવાવાળો બ્રાહ્મણ સર્વ જગતનો સ્વામી છે. માટે તે બંને દંડધન લેવા યોગ્ય છે. ૨૪૫ જે ઠેકાણે રાજા મહાપાતકીયોનું ધન લેતો નથી તે દેશમાં સમયે કરીને મનુષ્યો દીર્ઘ આયુષ્યવાળા થાય છે. ૨૪૬ તેમ પ્રજાઓનાં ધાન્યો જેવા વાવેલા હોય તેવાં જુદાં જુદાં સારી રીતે ઉત્પન્ન થાય છે. બાળકોનું મરણ ન થાય અને કોઇ વિકાર પણ તે

રાજાનાં રાજ્યમાં પેદા ન થાય. ૨૪૭ જાણી જોઇને બ્રાહ્મણોને પીડા આપનાર શૂદ્રને ભય ઉત્પન્ન થાય એવા કાંઇક પ્રકારના મારપીટ આદિ ઉપાયો વડે રાજા દમન કરવું. ૨૪૮.

यावानवध्यस्यवधे तावान्वध्यस्यमोक्षणे । अधर्मोनृपतेर्दृष्टो धर्मस्तुविनियच्छतः ॥२४९॥ उदितोऽयं त्रिस्तरशो मिथोविवदमानयोः । अष्टादशसु मार्गेषु व्यवहारस्य निर्णयः ॥२५०॥ एवंधर्म्याणिकार्याणि सम्यक्कुर्वन्महीपतिः । देशानलब्धांल्लिप्सेत लब्धांश्चपरिपालयेत् ॥२५१॥ सम्यङ्निविष्टदेशस्तु कृतदुर्गश्चशास्त्रतः । कण्टकोद्धरणेनित्यमातिष्ठेद्यत्नमुत्तमम् ॥२५२॥

અવધ્યના વધથી જેવો અધર્મ થાય છે તેવોજ અધર્મ વધ્યને છોડી દેવાથી રાજાને થાય છે. અને નિગ્રહ કરવામાં ધર્મ થાય છે. ૨૪૯ એ અઢાર માર્ગમા પરસ્પર વિવાદ કરનારાઓનો વ્યવહારનો નિર્ણય વિસ્તારથી કહ્યો. ૨૫૦ એ પ્રમાણે ધર્મ કાર્ય કરનાર રાજાએ નહિ પ્રાપ્ત થયેલા દેશ મેળવવાની ઇચ્છા કરવી તથા પ્રાપ્ત થયેલા દેશનું સારી રીતે રક્ષણ કરવું. ૨૫૧ સારી રીતે વસાયલા દેશમા શાસ્ત્રમાં બનાવ્યા પ્રમાણે સારા કિલ્લાઓ બનાવીને ચોર ડાકુ વિગેરે કંટકોનો ઉદ્ધાર કરવામા હંમેશાં ઉત્તમ યત્ન કરવો ૨૫૨.

रक्षणादार्यवृत्तानां कण्टकानां च शोधनात् । नरेन्द्रास्त्रिदिवंयान्ति प्रजापालनतत्पराः ॥२५३॥ अशासंस्तस्करान्यस्तु बलिं गृह्णाति पार्थिवः । तस्य प्रक्षुभ्यते राष्ट्रं स्वर्गाच्च परिहीयते ॥२५४॥ निर्भयं तु भवेदस्य राष्ट्रं बाहुबलाश्रितम् । तस्य तद्वर्धते नित्यं सिच्यमानइव द्रुमः ॥२५५॥ द्विविधांस्तस्करान्विद्यात्परद्रव्याऽपहारकान् । प्रकाशांश्चाप्रकाशांश्च चारचक्षुर्महीपतिः ॥२५६॥

શ્રેષ્ઠ આચરણવાળાઓનાં રક્ષણથી, અને કંટકોને યથાયોગ્ય શિક્ષા આપવાથી પ્રજાપાલનમાં તત્પર રાજાઓ સ્વર્ગ પ્રાપ્ત કરેછે. ૨૫૩ જે રાજા તસ્કરોને શિક્ષા ન કરતા પોતાનો કર લે છે, તે રાજાની પ્રજા તેથી ક્ષોભ પામી જાય છે અને સ્વર્ગથી હીન તે રાજા થઇ જાય છે. ૨૫૪ જે રાજા

ના બાહુબળના આશ્રયથી પ્રજા નિર્ભય રહે છે તે રાજાનું રાજ્ય સીંચાયલાં વૃક્ષની પેઠે વૃદ્ધિ પામે છે. ૨૫૫ પ્રગટપણાંથી અને ગુપ્તપણાંથી પર દ્રવ્યને હરણ કરનાર એ પ્રકારના ચોરોને ગુપ્ત દૂતરૂપી ચક્ષુ વડે રાજાએ જાણવા. ૨૫૬.

प्रकाशवञ्चकास्तेषां नानापण्योपजीविनः। प्रच्छन्नवञ्चकास्त्वेते ये स्तेनाटविकादयः ॥२५७॥ उत्कोचकाश्चोपाधिका वञ्चकाः कितवास्तथा। मङ्गलादेशवृत्ताश्च भद्राश्चेक्षणिकैः सह ॥ २५८ ॥ असम्यक्कारिणश्चैव महामात्राश्चिकित्सकाः। शिल्पोपचारयुक्ताश्च निपुणाः पण्ययोषितः ॥२५९॥ एवमादीन्विजानीयात्प्रकाशाँल्लोककण्टकान्। निगूढचारिणश्चान्याननार्यानार्यलिङ्गिनः ॥२६०॥

નાના પ્રકારની દુકાનદારી વિગેરેથી જીવિકા ચલાવી લોકોને ઠગનારાઓ પ્રકાશ ચોર તથા ગુપ્ત રીતે ઘર ફાડીને તેમજ જંગલ વિગેરેમાં લુંટી લે તે ગુપ્ત ચોર કહેવાય છે. ૨૫૭ લાંચ રૂશવત ખાનાર, ભય બતાવી ધન લેનાર, ઠગીને લેનાર, જુગારી, "આમ કરવાથી તમારૂં ભલું થશે," એવો ખોટો લોભ આપી ધન લેનાર, ભલમનસાઈથી ઠગાઈ કરનાર, હાથ જોઈને ધન ગ્રહણ કરનાર, ૨૫૮ ખુરૂ કરનાર, ઉંચા ઉંચાં કર્મ કરવાનું કહી ધન લેનાર, ચિકિત્સક, શિલ્પાદિ કાર્ય વડે જીવનાર, ચાલાક વૈશ્યાઓ, ૨૫૯ ઇત્યાદિ પ્રકારના પ્રકાશપણે લોકના કંટકોને તથા આર્ય ચિન્હ ધારણ કરનાર અનાર્યોને પણ રાજાએ તપાસતા રહેવું. ૨૬૦

तान्विदित्वा सुचरितैर्गूढैस्तत्कर्मकारिभिः। चारैश्चानेकसंस्थानैः प्रोत्साद्य वशमानयेत् ॥२६१॥ तेषां दोषानभिख्याप्य स्वे स्वे कर्मणि तत्त्वतः। कुर्वीत शासनं राजा सम्यक्सारापराधतः ॥२६२॥ न हि दण्डादृते शक्यः कर्तुं पापविनिग्रहः। स्तेनानां पापबुद्धीनां निभृतं चरतां क्षितौ ॥२६३॥ सभाप्रपापूपशाला वेशमद्यान्नविक्रयाः। चतुष्पथाश्चैत्यवृक्षाः समाजाः प्रेक्षणानि च ॥२६४॥

એ પૂર્વોક્ત ઠગોને સારા આચરણવાળા, ગુપ્ત, તે કર્મ કરનારા તથા અનેક સ્થાનમાં રેહેનારા દૂતો વડે જાણીને તેને તેવા કામમાં લાવીને રાજાએ વશ કરવા. ૨૬૧ તે પ્રકાશ અથવા ગુપ્ત ચોરોના તે તે ચોરી

આદિ દોષોને સારી રીતે પ્રગટ કરીને તેના ધન શરીરાદિ સામર્થ્ય તથા અપરાધાનુસાર રાજાએ દંડ કરવો. ૨૬૨ પાપબુદ્ધિવાળા તથા પૃથ્વીમાં નાના પ્રકારના વેષ ધારણ કરી ફરનારા ચોરોના પાપનો નિગ્રહ દંડ કર્યા શિવાય થઇ શકતો નથી. ૨૬૩ સભા, પરબ, મીઠાઇવાળાની દુકાન, વૈશ્યાનું મકાન, કલાલની દુકાન, અનાજ વેચવાવાળાની જગ્યા, ચોરાઓ, મોટાં અને પ્રસિદ્ધ વૃક્ષ, જનસમુદાયના સ્થાનો, તથા તમાશા જોવાની જગ્યા, ૨૬૪.

जीर्णोद्यानान्यरण्यानि कारुकावेशनानिच । शून्यानि चाप्यगाराणि वनान्युपवनानि च ॥२६५॥ एवंविधान्नृपोदेशान्गुल्मैः स्थावर जङ्गमैः । तस्करप्रतिषेधार्थं चारैश्चाप्यनुचारयेत् ॥२६६॥ तत्सहायैर नुगतैर्नानाकर्मप्रवेदिभिः । विद्यादुत्सादयेच्चैव निपुणैः पूर्वतस्करैः ॥२६७॥ भक्ष्यभोज्योपदेशैश्च ब्राह्मणानां च दर्शनैः । चौर्यकर्मापदेशैश्च कुर्युस्तेषां समागमम् ॥२६८॥

જુનો બગીચો, વન, શિલ્પગૃહ, શૂન્યગૃહો, તથા બાગબગીચા, ૨૬૫ એ પ્રકારના પ્રદર્શનોમા રાજાએ એક ઠેકાણે રહેનાર તથા ફરીને તપાસ કરનાર ચાકરોના સમુદાય વડે ચોરોને પકડવા માટે બંદોબસ્ત કરવો. કારણ કે ચોર ઘણું કરીને એવા સ્થાનોમા રહે છે. ૨૬૬ તેની સહાય કરનારાઓ, તેની પાછળ ચાલનારાઓ અને નાના પ્રકારના કર્મ જાણનારાઓ તથા પહેલાના ચોર હોય, તે કર્મમાં હુશીયાર હોય એવા દૂતો વડે તેને જાણવા અને તેને નિર્મૂળ કરવા; અર્થાત તેનો નાશ કરવો ૨૬૭ ત ચોરોને ખાવા પિવાના બહાના વડ અથવા બ્રાહ્મણોના દર્શનના બહાના વડે અથવા ચૌર્ય કર્મનાબહાના વડ તેમનો સમાગમ કરવો ૨૬૮

ये तत्र नोपसर्पेयुर्मूलप्रणिहिताश्च ये । तान्प्रसह्य नृपाहन्यात् समित्रज्ञातिबान्धवान् ॥२६९॥ न होढेन विना चौरं घातयेद्धार्मिको नृपः । सहोढं सोपकरणं घातयेदविचारयन् ॥२७०॥ ग्रामेष्वपिचये केचिच्चौराणांभक्तदायकाः । भाण्डावकाशदाश्चैव सर्वांस्तानपिघातयेत् ॥२७१॥ राष्ट्रेषुरक्षाधिकृतान्सामन्तांश्चैव चोदितान् । अभ्याघातेषुमध्यस्थाञ्छिष्याच्चौरानिवद्रुतम् ॥२७२॥

જો તેઓ ત્યાં પકડાઇ જવાની શંકાથી ન આવે અને તે રાજદૂતોની સાથે સાવધાનતાથી રહીને પોતાનો બચાવ કરતા હોય તેને રાજાએ બલાત્કારથી પકડીને તેના મિત્ર તથા જાતિ ભાઈઓની સાથે તેનો વધ કરવો. ૨૬૯ ધાર્મિક રાજાએ મુદ્દામાલ અથવા કાંઇ પણ ચોરીનાં ચિન્હ વિના ચોરનો વધ ન કરવો. અને મુદ્દામાલ તથા ચોરનું ચિન્હ માલમ પડે કે તુરત વગર વિચારે તેનો વધ કરાવવો. ૨૭૦ ગામોમા પણ જે ચોરોને ભોજનાદિ મદદ આપનારા હોય તેમજ તે ચોરોને પત્તા તથા રેહેવાની જગ્યા આપનારા હોય તેને પણ રાજાએ મરાવી નાખવા ૨૭૧ રાજ્યમા રક્ષણ માટે મુકેલા દૂતો (પોલીસ) તથા સીમાપર રેહેનારાવાળા દૂતોમાથી કોઇ દુર ચોર આદિના ઘાતના ઉપદેશમા મધ્યસ્થ થાય તેને પણ ચોરની પેઠે શીઘ્ર દંડ આપવો. ૨૭૨.

यश्चापिधर्मसमयात्प्रच्युतोधर्मजीवनः। दण्डेनैवतमप्योषेत् स्वकाद्धर्माद्धिविच्युतम्॥२७३॥ ग्रामघातेहिताभङ्गे पथियोषाभिमर्शने। शक्तितोनाभिधावन्तो निर्वास्याः सपरिच्छदाः ॥२७४॥ राज्ञः कोषापहर्तॄंश्च प्रतिकूलेषुचस्थितान्। घातयेद्विविधैर्दण्डैररीणांचोपजापकान् ॥२७५॥ सन्धिंछित्वातुयेचौर्यं रात्रौकुर्वन्ति तस्कराः। तेषांछित्वानृपोहस्तौ तीक्ष्णेशूलेनिवेशयेत् ॥२७६॥

જે ધર્મ ન્યાયવડે જીવિકા ચલાવનાર ન્યાયાધીશ ધર્મની મર્યાદાથી ભ્રષ્ટ થયો હોય તો પોતાના ધર્મથી ભ્રષ્ટ થયેલા તે અધિકારીને પણ દંડ વડે ક્લેશ આપવો ૨૭૩ જે ડાકુ તથા ચોરો ગામને લૂટે ત્યારે તથા પૂલો વિગેરે ભાગી પડે ત્યારે, માર્ગમા ચોરી થાય તેને શોધવામા તથા સ્ત્રીની સાથે કોઇ બલાત્કાર કરે ત્યારે જે આસપાસમાં રહેનારા દૂતો પોતાના સામર્થ્ય પ્રમાણે રાજાને સહાય કરવા દોડાદોડ ન કરે, તેને પોતાના સરસામન સાથે ગામમાંથી બહાર કહાડી મેલવા. ૨૭૪ રાજાના ખજાનામાથી ચોરી કરનારાઓ, રાજાની આજ્ઞા ભંગ કરનારાઓ અને શત્રુને ભેદ કહી દેનારાઓને નાના પ્રકારનો દંડ કરીને મારવા. ૨૭૫ જે ચોર રાતના ચોકી પેહેરામાંથી છટકી જઇને ચોરી કરે તો રાજાએ તેના હાથ કાપીને તીણી શૂળી ઉપર ચઢાવવા. ૨૭૬.

अङ्गुलीर्ग्रन्थिभेदस्य छेदयेत्प्रथमेग्रहे। द्वितीये हस्तचरणौ तृतीये

वधमर्हति ॥ २७७ ॥ अग्निदान्भक्तदांश्चैव तथा शस्त्रावकाशदान् । संनिधातृंश्च मोषस्य हन्याच्चौरमिवेश्वरः ॥२७८॥ तडागभेदकं हन्यादप्सु शुद्धवधेन वा। यद्वापि प्रतिसंस्कुर्याद् दाप्यस्तूत्तमसाहसम् ॥२७९॥ कोष्ठागारायुधागारदेवतागारभेदकान् । हस्त्यश्वरथहर्तॄंश्च हन्यादेवाविचारयन् ॥ २८० ॥

પેટારા વિગેરેમાં રાખેલી સુવર્ણાદિની પોટલીનો ગાંઠ છેદન કરનારની પહેલી વારની ચોરીમા તેની આંગળાઓ અને બીજી વાર તેવી ચોરી કરે તો હાથ પગ કપાવી નાખવા, અને ત્રીજી વાર ચોરી કરે તો વધ કરવા યોગ્ય છે. ૨૭૭ તે ચોરોને અગ્નિ, અન્ન, શસ્ત્ર અને સ્થાન આપવાવાળાઓને અને ચોરીનુ ધન પાસે રાખનારાઓને પણ રાજાએ ચોરના જેટલી સજા કરવી. ૨૭૮ જે તળાવ ભરેલું હોય તેને ફાડી નાખે તેને જેલમાં ડુબાવીને મારવો, અને જો તે તળાવ ફોડનાર પાછુ જેમનુ તેમ બંધાવી આપવા તૈયાર થાય તો તે બંધાવવુ અને તેને " ઉત્તમ સાહસ " દંડ કરવો- ૨૭૯ ભંડારનુ ગૃહ, આયુધગૃહ, યજ્ઞશાલા, એટલાને તોડી નાંખનારાઓને તથા હાથી, ઘોડા અને રથ ચોરનારાઓને વિચાર કર્યા શિવાય મારવા. ૨૮૦

यस्तु पूर्वनिविष्टस्य तडागस्योदकं हरेत् । आगमं वाप्यपां भिन्द्यात्सदाप्यः पूर्वसाहसम् ॥२८१॥ समुत्सृजेद्राजमार्गे यस्त्वऽमेध्यमनापदि । सद्वौकार्षापणौदद्यादमेध्यंचाशुशोधयेत् ॥२८२॥ आपद्गतोऽथवा वृद्धो गर्भिणी बाल एव वा । परिभाषणमर्हन्ति तच्चशोध्यमिति स्थितिः ॥२८३॥ चिकित्सकानां सर्वेषां मिथ्या प्रचरतां दमः । अमानुषेषु प्रथमो मानषेषु तु मध्यमः ॥२८४॥

જે મનુષ્ય પ્રથમ બનેલા તળાવના પાણીનુ હરણુ કરે અથવા તેમાં પાણી આવવાનો જે માર્ગ હોય તે બંધ કરે તો તે " પ્રથમ સાહસ " દંડ કરવા યોગ્ય છે. ૨૮૧ જે રોગાદિ મનુષ્ય રાજમાર્ગ ઉપર ખરાબ મેલી ચીજો નાંખે તે બસો કાર્ષાપણુ દંડ આપવા યોગ્ય છે અને તે મેલી ચીજ રસ્તા પરથી કહાડી નાખે. ૨૮૨ પરંતુ વ્યાધિત, વૃદ્ધ, ગર્ભિણી, અને બાલક એટલાં જો રસ્તાપર મેલું નાંખે તો ફક્ત ધમકાવવા યોગ્ય

છે, તેમજ તે મેલાંને તેની પાસેથી સાફ કરાવવું. એ શાસ્ત્રની મર્યાદા છે. ૨૮૩ વગર અભ્યાસ કરે વિપરીત ચિકિત્સા કરનારા વૈદ્યોને દંડ કરવો જોઇયે. તેમાં ગાય બદલ આદિની વૃથા ચિકિત્સા કરનારને "પ્રથમ સાહસ" અને મનુષ્યની ઉલટી ચિકિત્સા કરનારને "મધ્યમ સાહસ" દંડ થવો યોગ્ય છે. ૨૮૪.

संक्रमध्वजयष्टीनां प्रतिमानां च भेदकः। प्रतिकुर्याच्च तत्सर्वं पञ्चदद्याच्छतानि च ॥२८५॥ अदूषितानां द्रव्याणां दूषणे भेदने तथा। मणीनामपवेधे च दण्डः प्रथमसाहसः ॥२८६॥ समैर्हि विषमं यस्तु चरेद्वै मूल्यतोऽपि वा। समाप्नुयाद्दमं पूर्वं नरो मध्यममेव वा ॥२८७॥ बन्धनानि च सर्वाणि राजा मार्गे निवेशयेत्। दुःखिता यत्र दृश्येरन्विकृताः पापकारिणः ॥२८८॥

લાકડાનો અથવા પત્થરનો પૂલ, રાજદ્વારનું ધ્વજાનું ચિન્હ, અથવા તેમાની લાકડી, અને ક્ષુદ્રમૃત્તિકા વિગેરેની પ્રતિમા, એટલાને તોડનાર મનુષ્ય પાસેથી પાછું નવું કરાવવું અને પાચસો પણ દંડ તેને કરવો. ૨૮૫ સારાં દ્રવ્યોને દુષિત કરવામાં, તોડવામાં અથવા મણિ મુક્તાફલ વિગેરેને ખરાબરીત વીંધવામાં, એટલા અપરાધમાં "પ્રથમ સાહસ" અપરાધીને દંડ કરવો ૨૮૬ બરાબરની વસ્તુઓ વડે તેમજ મૂલ્ય વડે જે વધારે ઓછી વસ્તુ આપવાનો વ્યવહાર કરે તે મનુષ્યને "પ્રથમ સાહસ" અથવા "મધ્યમ સાહસ" દંડ કરવો ૨૮૭ રાજાએ માર્ગમાં કેદખાનાઓ બંધાવવા કે જેથી માર્ગે ચાલનાર સર્વના જોવામાં વિકૃત પાપ કરનારાઓ તથા દંડથી દુ:ખી થએલાઓ આવે. ૨૮૮

प्राकारस्य च भेत्तारं परिखाणां च पूरकम्। द्वाराणां चैव भङ्क्तारं क्षिप्रमेव प्रवासयेत् ॥२८९॥ अभिचारेषु सर्वेषु कर्तव्योद्विशतो दमः। मूलकर्मणि चानाप्तेः कृत्यासु विविधासु च ॥२९०॥ अबीजविक्रयी चैव बीजोत्कृष्टं तथैव च। मर्यादाभेदकश्चैव विकृतं प्राप्नुयाद्वधम् ॥२९१॥ सर्वकण्टकपापिष्ठं हेमकारं तु पार्थिवः। प्रवर्त्तमानमन्याये छेदयेल्लवशः क्षुरैः ॥२९२॥

કીલ્લાની ભીંત તોડનાર તથા તેની આજુબાજુની ખાઇને પુરી

નાંખનાર અને કીલ્લાના બારણાંઓને તોડનારને રાજાએ તુરતજ દેશનિકાલ કરી દેવો. ૨૮૯ સંપૂર્ણ અભિચારોમા જેને મારવાનુ કર્યુ છે તે મરે નહિ એની રીતે વધ દંડ કરવો અને નાના પ્રકારના ઉચ્ચાટનાદિમાં પણ દંડ કરવો. ૨૯૦ ઉગવાને લાયક નહિ એવા બીજને વેચનારો અથવા થોડા સારાં બીજ સાથે ખરાબ બીજ મેળવીને વેચનારો તથા ક્ષેત્રાદિની સીમાને તોડનારો, એટલાનો રાજાએ વિકૃત વધ કરવો. ૨૯૧ સર્વ ઠગોમાં અતિશય ઠગાઇ કરનાર તેમજ અન્યાયમા ચાલનાર સુવર્ણકારને તો રાજાએ ચાકુઓ વડે તેનાં આગળાના નાના નાના કટકા કરાવવા. ૨૯૨

सीताद्रव्यापहरणे शस्त्राणामौषधस्य च । कालमासाद्यकार्यंच राजा दण्डं प्रकल्पयेत् ॥२९३॥ स्वाम्यमात्यौ पुरं राष्ट्रं कोशदण्डौ-सुहृत्तथा।सप्तप्रकृतयोह्येताः सप्ताङ्गंराज्यमुच्यते ॥२९४॥ सप्तानां प्रकृतीनां तु राज्यस्यासां यथाक्रमम् । पूर्वं पूर्वं गुरुतरं जानीयाद्व्यसनं महत् ॥२९५॥ सप्ताङ्गस्येहराज्यस्य विष्टब्धस्य त्रिदण्डवत् । अन्योन्य गुणवैशेष्यान्नकिञ्चिदतिरिच्यते ॥२९६॥

હલ, કોદાળી તથા અન્ય હથિયારો તથા ઔષધોને ચોરનારને રાજાએ સમય અને તેના અપરાધનો વિચાર કરીને દંડ કરવો ૨૯૩ રાજા, મંત્રી, નગર, દેશ, કોશ, દંડ, અને મિત્ર એ સાત પ્રકૃતિ રાજ્યના સપ્તાંગ કહેવાય છે. ૨૯૪ રાજ્યની એ સાત પ્રકૃતિમા યથાક્રમે પેહેલી પેહેલીને તે બગડવા માંડે ત્યારે ઘણીજ ખરાબ પરિણામ લાવનારી જાણવી ૨૯૫ જેવી રીતે ત્રણ દંડ પરસ્પર એક બીજાના આધારથી ઉભા રહે છે તે પ્રમાણે રાજ્યની એ સપ્તાંગ પ્રકૃતિ એક બીજાના આધારે રહી છે; એક બીજાના ગુણોની વિશેષતાવડે એમાંથી કોઇ એક બીજાથી અધિક નથી. ૨૯૬.

तेषुतेषुतुकृत्येषु तत्तदङ्गंविशिष्यते। येनयत्साध्यतेकार्यं तत्तस्मिन्श्रेष्ठमुच्यते ॥२९७॥ चारेणोत्साहयोगेन क्रिययैव च कर्मणाम् । स्वशक्तिं परशक्तिंच नित्यं विद्यान्महीपतिः॥२९८॥ पीडनानि चसर्वाणि व्यसनानितथैवच । आरभेततः कार्यं संचिन्त्यगुरुलाघवम् ॥२९९॥ आरभेतैवकर्माणि श्रान्तः श्रान्तः पुनः पुनः । कर्माण्यारभमाणं हि पुरुषं श्रीर्निषेवते ॥ ३०० ॥

તે સાતે તેના તેનો કૃત્યોમાં તે તે અંગ વિશેષજ છે. જે અંગવડે જે કાર્ય સાધ્ય થઇ શકે તે અંગ તે કાર્યમાં શ્રેષ્ઠ કહેવાય. છે ૨૯૭ દૂતવડે તથા ઉત્સાહના યોગવડે તથા કર્મની ક્રિયાઓવડે રાજાએ પોતાની શક્તિ તથા શત્રુની શક્તિ હંમેશા જાણવી ૨૯૮ કામ તથા ક્રોધવડે ઉત્પન્ન થયેલાં સર્વ દુખો, તથા વ્યસનો તથા કાર્યનું ગુરૂ લાઘવ જોઇને વિચાર કરીને પછી કામનો આરંભ કરવો. ૨૯૯ પોતાનાં રાજ્યની વૃદ્ધિ માટે કરવા માંડેલા કામોનો આરંભ થાક ખાઇને પુંન પુન કરવો, કારણ કે કર્મોને આરંભ કરનાર પુરૂષનેજ લક્ષ્મી સેવે છે. ૩૦૦

कृतं त्रेतायुगं चैव द्वापरं कलिरेव च। राज्ञोवृत्तानि सर्वाणि राजा हि युगमुच्यते ॥३०१॥ कलिःप्रसुप्तोभवति सजाग्रद्द्वापरं युगम्। कर्मस्वभ्युद्यतस्त्रेता विचरंस्तु कृतं युगम् ॥३०२॥ इन्द्रस्यार्कस्यवायोश्च यमस्यवरुणस्यच। चन्द्रस्याग्नेः पृथिव्याश्च तेजोवृत्तंनृपश्चरेत् ॥३०३ वार्षिकांश्चतुरोमासान्यथेन्द्रोऽभिप्रवर्षति। तथाभिवर्षेत्स्वंराष्ट्रं कामैरिन्द्रव्रतंचरन ॥ ३०४ ॥

સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ એ સર્વ રાજાના આચરણ (ચેષ્ટા) વિશેષ છે કેમકે રાજા છે તેજ યુગ કહેવાય છે. ૩૦૧ જ્યારે રાજા અજ્ઞાન અને આલસ્યાદિવડે નિરૂદ્યમી રહે છે, ત્યારે જાણવુ કે કલિયુગ છે, રાજા જાણતાં છતા પણ કર્મ ન કરે તો દ્વાપર યુગ સમજવો; જ્યારે રાજા કર્માનુષ્ઠાનમા તત્પર રહે છે ત્યારે ત્રેતાયુગ જાણવો; અને જ્યારે યથાશાસ્ત્ર કર્માનુષ્ઠાનનુ આચરણ કરે છે ત્યારે સત્યયુગ જાણવો. ૩૦૨ ઇંદ્ર, સૂર્ય, વાયુ, યમ, વરૂણ, ચંદ્ર, અગ્નિ અને પૃથ્વીના તેજરૂપ કર્મ રાજાએ કરવું ૩૦૩ જેવી રીતે વર્ષાઋતુના ચાર માસમાં ઇંદ્ર વરસાદ વરસાવે છે તેજ પ્રમાણે ઇંદ્ર વ્રતનું આચરણ કરનાર રાજાએ પોતાના દેશમા પ્રજા સુખદાયક ઇચ્છિત પદાર્થોની વૃષ્ટિ કરાવવી. ૩૦૪

अष्टौमासान्यथादित्यस्तोयंहरतिरश्मिभिः। तथाहरेत्करंराष्ट्रान्नित्यमर्कव्रतंहितत् ॥३०५॥ प्रविश्य सर्वभूतानि यथाचरति मारुतः। तथा चारैःप्रवेष्टव्यं व्रतमेतद्धि मारुतं ॥३०६॥ यथायमः प्रियद्वेष्यौ प्राप्तेकाले नियच्छति। तथा राज्ञानियन्तव्याः प्रजास्तद्धि यमव्रतम्

॥३०७॥ वरुणेन यथा पाशैर्बद्धएवाभिदृश्यते। तथा पापान्निगृह्णीयाद्व्रतमेतद्धि वारुणम् ॥३०८॥

જેવી રીતે આઠ માસ સુધી સૂર્ય પોતાના કિરણોવડે જલનું હરણ કરે છે તે પ્રમાણે સૂર્યવ્રત આચરણ કરનાર રાજાએ હંમેશાં દેશમાંથી કરનુ ગ્રહણ કરવું ૩૦૫ જેવી રીતે વાયુ સર્વભૂતમાત્રમા પ્રવેશ કરીને ગતિ કરે છે તેવી રીતે વાયુવ્રતાચરણ કરનાર રાજાએ દૂતદ્વારા સર્વ પ્રજામાં પ્રવેશ કરવો. ૩૦૬ જેવી રીતે યમ (પરમાત્મા) પ્રાપ્તકાલમા મિત્ર તથા શત્રુ સર્વનો નિગ્રહ કરે છે એજ પ્રમાણે અપરાધના સમયે યમ વ્રતાચરણ કરનાર રાજાએ પ્રજાને દંડ કરવો જોઇયે ૩૦૭ જેવી રીતે વરૂણના પાશોથી પ્રાણી બંધાયલા દેખાય છે તેવી રીતે વરૂણ વ્રતાચરણ કરનાર રાજાએ પ્રજામા પાપીઓનુ શાસન કરવુ જોઇયે ૩૦૮.

परिपूर्णंयथाचन्द्रं दृष्ट्वाहृष्यन्तिमानवाः । तथाप्रकृतयोयस्मिन् सचान्द्रव्रतिकोनृपः ॥३०९। प्रतापयुक्तस्तेजस्वी नित्यंस्यात्पापकर्मसु। दुष्टसामन्तहिंस्रश्च तदाग्नेयं व्रतं स्मृतम् ॥३१०॥ यथासर्वाणिभूतानि धराधारयतेसमम् । तथासर्वाणिभूतानि बिभ्रतः पार्थिवं व्रतम् ॥३११॥ एतैरुपायैरन्यैश्च युक्तोनित्यमतन्द्रितः। स्तेनान्राजानिगृह्णीयात्स्वराष्ट्रे परएवच ॥ ३१२ ॥

જે પ્રમાણે પરિપૂર્ણ ચંદ્ર જોઇને મનુષ્યો હર્ષ પામે છે તેમ અમાત્યાદિ સર્વે રાજાને જોઇને આનંદ પામે તે ચંદ્ર વ્રતાચરણ કરનાર રાજા કેહેવાય છે. ૩૦૯ હંમેશા પાપકર્મ કરનારાઓના ઉપર અગ્નિની પેઠે પ્રતાપવાળો રહે, તેજસ્વી રહે તથા દુષ્ટ સામંતોનો નાશ કરનાર હોય તે રાજા અગ્નિ વ્રતાચરણ કરનાર કેહેવાય છે. ૩૧૦ જે પ્રમાણે આ પૃથ્વી સર્વ ભૂતમાત્રને સમાનતાથી ધારણ કરે છે તેમ રાજા સર્વ ભુત માત્રનુ સમાન રક્ષણ પોષણ કરે, તે પૃથ્વી વ્રતાચરણ કરનાર રાજા કેહેવાય છે. ૩૧૧ એ ઉપાયોવડે તથા અન્ય ઉપાયોવડે આલસ્ય રહિત થઇ હંમેશા રાજાએ ચોરોને કે જે પોતાના રાજ્યમાં હોય તેને તથા પર રાજ્યમા નાશી ગયા હોય તેને દંડ આદિવડે વશમાં રાખવા. ૩૧૨

परामप्यापदं प्राप्तो ब्राह्मणान्न प्रकोपयेत्। ते ह्येनं कुपिता हन्युः सद्यःसबलवाहनं ॥३१३॥ "यैः कृतः सर्वभक्ष्योऽग्निरपेयश्चमहोदधिः॥

सर्यांचाप्या यितः सोमः क ननश्येत्प्रकोप्यता ॥३१४॥ लोकानन्यान्सृजेद्ये लोकपालांश्चकोपिताः । देवान्कुर्युरदेवांश्च कः क्षिण्वंस्तान्समृध्नुयात् ॥ ३१५॥ यानुपाश्रित्यतिष्ठन्ति लोका देवाश्चसर्वदा । ब्रह्मचैवधनंयेषां कोहिंस्यात्तान्जिजोविषुः ॥ ३१६ ॥”

મોટી આપત્તિમા રાજા આવે તો પણ તેણે બ્રાહ્મણોને કોપાવવા નહિં, તે બ્રાહ્મણો રાજાના ઉપર કોપાયમાન થાય તો સેના અને વાહનો સાથે રાજાનો નાશ કરે છે ૩૧૩ “ જેમણે અગ્નિને સર્વ ભક્ષી બનાવી દીધો, જેમણે મહાસાગરને પાન ન કરી શકાય એવો બનાવ્યો, ચંદ્રને ક્ષયવાળો કરી દીધો તો પછી તે બ્રાહ્મણોને કોપાવીને કોણ નાશ નથી પામ્યો ? ૩૧૪ જે કોપેલા બ્રાહ્મણો બીજા લોકો ઉત્પન્ન કરે અને બીજા લોકપાલોને પણ ઉત્પન્ન કરે એવી સંભાવના થાય છે. દેવોને અદેવ કરી નાખે તો પછી તેઓને પીડા આપનાર કોણ વૃદ્ધિ પામી શકે ? ૩૧૫ જેઓના આશ્રયથી સર્વદા લોકો, અને દેવતાઓ રહેલા છે, અને વેદજ જેનુ ધન છે એવા બ્રાહ્મણોને જીવવાની ઇચ્છા રાખનાર કયો પુરુષ દુઃખી કરી શકે અર્થાત્ કોઇજ નહિ. ૩૧૬”

“अविद्वांश्चैवविद्वांश्च ब्राह्मणोदैवतंमहत् । प्रणीतश्चाप्रणीतश्च यथाग्निर्दैवतंमहत् ॥३१७॥ श्मशानेष्वपितेजस्वी पावको नैवदुष्यति । हूयमानश्चयज्ञेषु भूयएवाभिवर्धते ॥३१८॥ एवंयद्यप्यनिष्टेषु वर्तन्तेसर्वकर्मसु । सर्वथाब्राह्मणाः पूज्याः परमंदैवतंहितत् ॥३१९॥” क्षत्रस्यातिप्रवृद्धस्य ब्राह्मणान्प्रति सर्वशः । ब्रह्मैव संनियन्तृ स्यात्क्षत्रं हि ब्रह्मसंभवम् ॥ ३२० ॥

“ જેમ અગ્નિ પ્રણીત હોય અથવા અપ્રણીત હોય છતા તે મોટો દેવ છે, તેમ બ્રાહ્મણ ચાહે વિદ્વાન્ હોય અથવા અવિદ્વાન્ હોય પરંતુ મોટું દૈવત છે. ૩૧૭ સ્મશાનોમાં પણ તેજસ્વી અગ્નિ દૂષિત થતો નથી કિંતુ યજ્ઞમાં પાછો અગ્નિમાં હોમ કરવાથી તે વધે છે. ૩૧૮ એજ પ્રમાણે બ્રાહ્મણો જો કે સર્વ અનિષ્ટ કર્મમા રહે છે તથાપિ બ્રાહ્મણો તો સર્વથા પૂજ્ય છે અને તેજ પરમ દૈવત છે. ૩૧૯ ” (શ્લોક ૩૧૪ થી ૩૧૯ સુધીમાં તો બ્રાહ્મણોની અતિશય અસંભવિત પ્રશંસા માત્ર છે. અગ્નિને સર્વ ભક્ષી તો બ્રાહ્મણના કોપે બનાવ્યો હશે, બાકી તો અગ્નિ સર્વને

ખાગનાર ન હતો એમ ? તેમજ સમુદ્રનું જલ કયા યુગમાં પાન કરવા યોગ્ય હતું કે તેને બ્રાહ્મણના કોપથી અપેય થવું પડયું ? તથા સૂર્યના કિરણનો એતો મહિમા છે કે ચંદ્રનું વધવું અથવા તો ઘટવું; એતો સર્વ ખગોળ વેત્તાઓ જાણે છે. જ્યારે કોપ પામેલા બ્રાહ્મણોજ બીજા લોકો તથા લોકપાલો બનાવી શકે છે તો પછી બીચારા પરમાત્માને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની તસ્દી શા માટે લેવી પડી હશે ? તેતો આ શ્લોકના બનાવનાર જાણે !! તેમજ દેવને અદેવ કરવા જેવી સૃષ્ટિ નિયમ વિરૂદ્ધ વાતો હોવાથી અમાન્ય ગણી શકાય છે. વળી વિદ્વાન્ અથવા અવિદ્વાન્ તેમજ ચાહે તેવું અનિષ્ટ શાસ્ત્ર વિરૂદ્ધ કર્મ બ્રાહ્મણ કરે તો પણ તે સદા પવિત્રજ છે તો પછી મનુમહારાજે રાજકીય પ્રકરણમાં બ્રાહ્મણને પણ દંડ કેમ લખ્યો હશે ? ઇત્યાદિ અસંબદ્ધ હોવાથી એ છ શ્લોકો પ્રક્ષિપ્ત છે.) બ્રાહ્મણોને સર્વથા પીડા કરનાર ક્ષત્રિયને બ્રાહ્મણોજ સારી રીતે શાપાદિ અભિચારવડે નિયમમાં રાખવો જોઇયે. કારણ કે બ્રાહ્મણથીજ એટલે કે બ્રાહ્મણે કરાવેલા સંસ્કાર શિક્ષા આદિવડેજ ગુણ કર્માનુસાર ક્ષત્રિયના જન્મ છે. ૩૨૦

अद्भ्योऽग्निर्ब्रह्मतः क्षत्रमश्मनोलोहमुत्थितम् । तेषांसर्वत्रगं तेजः स्वासु योनिषु शाम्यति ॥३२१॥ नाऽब्रह्म क्षत्रमृध्नोति नाऽक्षत्रंब्रह्म-वर्धते । ब्रह्मक्षत्रंचसंयुक्तमिहचामुत्रवर्धते ॥३२२॥ दत्वाधनंतुविप्रेभ्यः सर्वंदण्डसमुत्थितम् । पुत्रेराज्यंसमासृज्य कुर्वीत प्रायणं रणे ॥३२३॥ एवं चरन्सदा युक्तो राजधर्मेषु पार्थिवः । हितेषुचैवलोकस्य सर्वान्भृ-त्यान्नियोजयेत् ॥ ३२४ ॥

ક્રમે કરીને જલથી અગ્નિ, બ્રાહ્મણથી ક્ષત્રિય અને પત્થરથી લોઢું તેમજ લોઢાનાં શસ્ત્રો ઉત્પન્ન થયાં છે. અને તે ત્રણે પોતાની તીવ્રતા સર્વ જગ્યાએ બતાવે છે, પરંતુ પોતાના ઉત્પત્તિ કારણોમા તે શાંત થઇજાય છે. જેમ કે અગ્નિ જલમાં શાંત થાય છે ઇત્યાદિ. ૩૨૧ બ્રાહ્મણ વિના ક્ષત્રિય વૃદ્ધિ પામતો નથી તેમજ ક્ષત્રિય વિના બ્રાહ્મણ વૃદ્ધિ પામતો નથી, બ્રાહ્મણ અને ક્ષત્રિય મળીને આલોક તથા પરલોકમાં વૃદ્ધિ પામે છે ૩૨૨ દંડનું સંપૂર્ણ ધન બ્રાહ્મણોને આપીને તથા પુત્રને રાજ્ય સમર્પણ કરીને રાજાએ યુદ્ધમાં પ્રાણ ત્યાગ કરવો. ૩૨૩ એ પ્રમાણે રાજધર્મોમા સદા યુક્ત રહિ એ પ્રકારે આચરણ કરનાર રાજાએ સર્વ લોકના હિતને માટે સંપૂર્ણ યથાયોગ્ય સ્થાને નોકર ચાકરો વિગેરેની યોજના કરવી. ૩૨૪

एषोऽखिलः कर्मविधिरुक्तोराज्ञः सनातनः । इमंकर्मविधिंविद्या-त्क्रमशोवैश्यशूद्रयोः ॥३२५॥ वैश्यस्तुकृतसंस्कारः कृत्वादारपरिग्रहम्। वार्त्तायांनित्ययुक्तः स्यात्पशूनांचैवरक्षणे ॥३२६॥ प्रजापतिर्हिवैश्याय सृष्ट्वापरिददेपशून् । ब्राह्मणाय च राज्ञे च सर्वाः परिददे प्रजाः ॥३२७॥ न च वैश्यस्य कामः स्यान्न रक्षेयं पशूनिति । वैश्ये चेच्छति नाऽन्येन रक्षितव्याः कथञ्चन ॥ ३२८॥

એ પ્રમાણે રાજાનો સર્વ સનાતન કર્મ વિધિ કહ્યો; હવે વૈશ્ય અને શુદ્રના આ કર્મ વિધિને ક્રમે કરીને જાણવા. જેમકે—૩૨૫ જાત કર્માદિ વેદોક્ત સંસ્કાર કરેલા વૈશ્યે વિવાહ સસ્કાર કરીને વ્યાપાર તથા પશુ પાલનાદિમા સદાયુકત રહેવું. ૩૨૬ કેમકે બ્રહ્માએ પશુને ઉત્પન્ન કરીને વૈશ્યને આપ્યા, તેમજ બ્રાહ્મણ અને રાજાને સર્વપ્રજા પાલનને માટે આપી ૩૨૭ હૂ પશુનું રક્ષણ ન કરૂ એમ વૈશ્યની ઇચ્છા ન થવી જોઇએ. વૈશ્ય પશુ રક્ષા કરવાને ઈચ્છે તો પછી બીજાએ પશુ પાલન વૃત્તિ કદાપિ ન કરવી જોઈએ. ૩૨૮

मणिमुक्ताप्रवालानां लोहानांतान्तवस्यच । गन्धानांचरसानांच विद्यादर्घबलाबलम् ॥३२९॥ बीजानामुप्तिविच्चस्यात्क्षेत्रदोषगुणस्य च । मानयोगं च जानीयात्तुलायोगांश्च सर्वशः ॥३३०॥ सारासारंचभाण्डानां देशानांचगुणागुणान् । लाभालाभंच पण्यानां पशूनांपरिवर्धनम् ॥३३१॥ भृत्यानांचभृतिंविद्याद्भाषाश्च विविधानृणाम् । द्रव्याणांस्थानयोगांश्च क्रयविक्रयमेवच ॥ ३३२ ॥

વેશ્યે મણિ, મોતી, પરવાળાં, લોઢું, વસ્ત્ર, કેસર આદિ ગંધ, લવણાદિ રસ એટલાઓના ઘટાડા વધારાના ભાવ જાણવાજ જોઇએ. ૩૨૯ સર્વ પ્રકારના બીજોને વાવવા રોપવાનો વિધિ, ક્ષેત્રના ગુણ દોષની પરીક્ષા, તથા સર્વ પ્રકારના માપ તોલનુ જ્ઞાન, એટલુ વૈશ્યે જાણવું જોઈએ. ૩૩૦ પાત્રોનું સારાસાર પણું, દેશોના ગુણ તથા અવગુણો, વ્યાપારનો લાભાલાભ, અને પશુઓની વૃદ્ધિ, ૩૩૧ ચાકરોના પગાર, વિવિધ મનુષ્યોની ભાષાઓ, તથા માલને રાખવાનો વિધિ તથા માલ વેચવા ખરીદવાનું ધ્યાન, વૈશ્યે એટલું તો જાણવુંજ જોઇએ. ૩૩૨

धर्मेण च द्रव्यवृद्धावातिष्ठेद्यत्नमुत्तमम् । दद्याच्च सर्वभूतानामन्नमेव प्रयत्नतः ॥३३३॥ विप्राणां वेदविदुषां गृहस्थानां यशस्विनाम् । शुश्रूषैव तु शूद्रस्य धर्मो नैश्रेयसः परः ॥३३४॥ शुचिरुत्कृष्टशुश्रूषुर्मृदुवागनहंकृतः । ब्राह्मणाद्याश्रयो नित्यमुत्कृष्टां जातिमश्नुते ॥३३५॥ एषोऽनापदि वर्णानामुक्तः कर्म विधिः शुभः । आपद्यपि हियस्तेषां क्रमशस्तं निबोधत ॥ ३३६ ॥

વૈશ્યે ધર્મ પૂર્વક દ્રવ્યની વૃદ્ધિ કરવામાં સંપૂર્ણ પ્રયત્ન કરવો જોઇએ, અને સર્વ પ્રાણી માત્રને જોયતું અન્ન પ્રયત્નથી વેચાતું પણ આપવું જોઇએ ૩૩૩ વેદજ્ઞાતા તથા ગૃહસ્થાશ્રમી તેમજ યશસ્વી બ્રાહ્મણાદિની સેવા કરવી એજ શૂદ્રનો પરમ કલ્યાણકારક ધર્મ છે. ૩૩૪ શુદ્ધ રેહેનાર, સારી મેહેનત કરનાર, નમ્રતાથી બોલનાર અલંકાર રહિત, તથા નિત્ય બ્રાહ્મણાદિની સેવા કરનાર શૂદ્ર ઉંચી જાતિને પ્રાપ્ત થાય છે ૩૩૫ એ પ્રમાણે આપત્તિ રહિત સમયમાં વર્ણોનો શુભ એવો કર્મ વિધિ કહ્યો હવે આપત્કાલમાં તેઓનો કર્મ વિધિ યથાક્રમે કહું છું તે તમે જાણો—સાંભળો. ૩૩૬

इतिमानवे धर्मशास्त्रे नवमोऽध्यायः ॥९॥

ઇતિ મનુસ્મૃતિ ગુજરાતી સરલ ટીકાનો નવમો અધ્યાય સમાપ્ત.

ओ३म्.

अथ दशमोऽध्यायः

अधीयीरंस्त्रयोवर्णाः स्वकर्मस्था द्विजातयः । प्रब्रूयाद्ब्राह्मण स्त्वेषां नेतरावितिनिश्चयः ॥१॥ सर्वेषां ब्राह्मणोविद्याद् वृत्त्युपायान्यथा विधि । प्रब्रूयादितरेभ्यश्च स्वयं चैव तथा भवेत् ॥२॥ वैशेष्यात्प्रकृति श्रैष्ठ्यान्नियमस्यच धारणात् । संस्कारस्यविशेषाच्च वर्णानां ब्राह्मणः प्रभुः ॥३॥ ब्राह्मणः क्षत्रियोवैश्यस्त्रयोवर्णाद्विजातयः । चतुर्थएकजातिस्तु शूद्रोनास्ति तु पञ्चमः ॥४॥

પોતપોતાના કર્મમા સ્થિત રહિને દ્વિજાતિ એવા ત્રણવર્ણે વેદાધ્યયન કરવુ; તેમાં બ્રાહ્મણ ભણાવે અને ક્ષત્રિય વૈશ્ય અધ્યયન કરે, પરંતુ અધ્યયન કરાવે નહીં. ૧ બ્રાહ્મણે સર્વના જીવિકાના ઉપાયો યથાવિધિ જાણવા જોઇએ. અને બીજાઓને તે ઉપાયો બતાવવા તથા તે પ્રમાણે વૃત્તિવાળા પોતે થવું. ૨ વિશેષતા, સ્વાભાવિક શ્રેષ્ઠતા, નિયમનું ધારણ અને સંસ્કારની અધિકતા, એટલાથી સર્વ વર્ણોનો બ્રાહ્મણ પ્રભુ છે ૩ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણો દ્વિજાતિ કહેવાય છે અને ચોથી શૂદ્ર એક જાતિ છે, પરંતુ પાચમી વર્ણ નથી. ૪

सर्ववर्णेषुतुल्यासु पत्नीष्वक्षतयोनिषु । आनुलोम्येन संभूता जात्या ज्ञेयास्तएव ते ॥५॥ स्त्रीष्वनन्तरजातासु द्विजैरुत्पादितान्सुतान् । सदृशानेव तानाहुर्मातृदोषविगर्हितान् ॥६॥ अनन्तरासु जातानां विधिरेष सनातनः । द्व्येकान्तरासु जातानां धर्म्यं विद्यादिमंविधिम् ॥ ७ ॥ ब्राह्मणाद्वैश्यकन्यायामम्बष्ठोनाम जायते । निषादः शूद्रकन्यायां यः पारशव उच्यते ॥ ८ ॥

બ્રાહ્મણાદિ ચાર વર્ણોમાં પોતાના સમાન વર્ણવાળી અક્ષતયોનિ સ્ત્રિયોમાં ક્રમથી જે સંતાન ઉત્પન્ન થાય તે જાતિ વડે તેજ કહેવાય છે. (આ ઠેકાણે પં૦ તુલસીરામજી પોતાનો એવો અભિપ્રાય જણાવે છે કે—

આ પ્રકરણમાં જે જાતિયોનો વિચાર છે તે એટલા માટે છે કે ગર્ભાધાનથી લગાવીને જન્મ પર્યંત થયેલા સંસ્કારોનાં પ્રભાવથી જન્મ કાલમાં તે તે જાતિના નામથી બોલાવા યોગ્ય છે. પરંતુ એ કથન તે અપવાદનું બાધક નથી કે જે વિપરીત આચરણાદિથી વર્ણ વ્યવસ્થાપનમાં માનવ શાસ્ત્રનો સિદ્ધાન્ત છે.) ૫ ક્રમ પૂર્વક નીચેની હીન જાતિની સ્ત્રીયોમા દ્વિજોના ઉત્પન્ન કરેલાં સંતાનો માતાના દોષથી નિંદિત અને પિતાની સમાનજ પાતત કહેવાય છે. ૬ પોતાનાથી એક વર્ણ ઉતરતી જાતિની સ્ત્રીયોમાં ઉત્પન્ન થયેલાંનો એ સનાતન વિધિ કહ્યો હવે પોતાનાથી બે વર્ણ ઉતરતી સ્ત્રીયોમાં જેમકે બ્રાહ્મણથી વૈશ્યા સ્ત્રીમા ઉત્પન્ન થએલા સંતાનનો એવો વિધિ જાણવો કે—૭ બ્રાહ્મણથી વૈશ્યા સ્ત્રીમા ઉત્પન્ન થયેલા પુત્રને "અંબષ્ઠ" કહેવાય છે. અને બ્રાહ્મણથી શૂદ્ર કન્યામાં ઉત્પન્ન થયેલા પુત્રને "નિષાદ" અથવા "પારશવ" કહેવાય છે. ૮

क्षत्रियाच्छूद्रकन्यायां क्रूराचारविहारवान्। क्षत्रशूद्रवपुर्जन्तु रुग्रोनाम प्रजायते ॥९॥ विप्रस्य त्रिषु वर्णेषु नृपतेर्वर्णयोर्द्वयोः। वैश्यस्य वर्णे चैकस्मिन्षडेतेऽपसदाः स्मृताः ॥१०॥ क्षत्रियाद्विप्रकन्यायां सूतो भवति जातितः। वैश्यान्मागधवैदेहौ राजविप्राङ्गनासुतौ ॥११॥ शूद्रादायोगवः क्षत्ता चण्डालश्चाऽधमो नृणाम्। वैश्यराजन्यविप्रासु जायन्ते वर्णसंकराः ॥ १२ ॥

ક્ષત્રિયથી શૂદ્ર કન્યામાં ક્રૂર આચાર તથા વિહારવાળો તેમજ ક્ષત્રિય શૂદ્રના શરીરવાળો "ઉગ્ર" નામનો પુત્ર પેદા થાય છે. ૯ બ્રાહ્મણના ત્રણ વર્ણની સ્ત્રીયોમાં એટલે ક્ષત્રિયા, વૈશ્યા, અને શૂદ્રામાં તથા ક્ષત્રિયના બે વર્ણની સ્ત્રીયોમા એટલે વૈશ્યા અને શૂદ્રા સ્ત્રીયોમા અને વૈશ્યના એક વર્ણની સ્ત્રીમા એટલે શૂદ્રામાં ઉત્પન્ન થયેલા એ ૭ પુત્રો "અપસદ" કહેવાય છે. ૧૦ ક્ષત્રિયથી વિપ્ર કન્યામાં ઉત્પન્ન થયેલો પુત્ર જાતિ વડે "સુત" કહેવાય છે, અને વૈશ્યથી ક્ષત્રિય કન્યામાં ઉત્પન્ન થયેલાને "માગધ" કહેવાય છે, અને વૈશ્યથી બ્રાહ્મણની કન્યામા ઉત્પન્ન થયેલાને "વૈદેહ" કહેવાય છે. ૧૧ શૂદ્રથી વૈશ્યા, ક્ષત્રિયા તથા બ્રાહ્મણીમાં ઉત્પન્ન થયેલા પુત્રને ક્રમે કરીને "આયોગવ" "ક્ષત્તા, અને ચંડાલ" કહેવાય છે. આવી રીતે મનુષ્યોમાં અધમ વર્ણસંકરો ઉત્પન્ન થાય છે. ૧૨

एकान्तरे त्वानुलोम्यादम्बष्ठोग्रौ यथास्मृतौ । क्षत्तृवैदेहकौ तद्वत्प्रातिलोम्येऽपि जन्मनि ॥ १३ ॥ पुत्राये‌ऽनन्तरस्त्रीजाः क्रमेणोक्ता द्विजन्मनाः ।ताननन्तरनाम्नस्तु मातृदोषात्मचक्षते ॥१४॥ ब्राह्मणादुग्रकन्यायामावृतोनामजायते । आभीरोऽम्बष्ठकन्यायामायोगव्यांतु धिग्वणः ॥१५॥ आयोगवश्चक्षत्ताच चण्डालश्चाऽधमोनृणाम् । प्रातिलोम्येन जायन्ते शुद्रादपसदास्त्रयः ॥१६॥

એક અંતરવાળા વર્ણમા અનુલોમથી જેવા "અંબષ્ઠ, ઉગ્ર" કહ્યા છે. તેમજ પ્રતિલોમથી ઉત્પન્ન થનારને "ક્ષત્તા તથાવૈદેહ" કહેવાય છે. ૧૩ દ્વિજાતિયોના ક્રમથી-કહેલા અનંતર સ્ત્રીથી ઉત્પન્ન થયેલા પુત્રોને માતાના દોષથી "અનતર" કહેવાય છે. ૧૪ બ્રાહ્મણથી ઉગ્ર કન્યામાં ઉત્પન્ન થયેલાને "આવૃત" અને અંબષ્ઠ કન્યામાં ઉત્પન્ન થયેલાને "આભીર" તથા આયોગવ કન્યામા "ધિગ્વણુ" ઉત્પન્ન થાય છે ૧૫ આયોગવ, ક્ષત્તા, અને ચડાલ એ ત્રણુ પ્રતિલોમથી ઉત્પન્ન થયેલા અધમો શૂદ્રથી પણ નિકૃષ્ટ જાણવા. ૧૬.

वैश्यान्मागधवैदेहौ क्षत्रियात्सूतएव तु । प्रतीपमेते जायन्ते परेऽप्यपसदास्त्रयः ॥१७॥ जातोनिषादाच्छूद्रायां जात्या भवति पुक्कसः । शूद्राज्जातोनिषाद्यां तु स वै कुक्कुटकः स्मृतः ॥१८॥ क्षत्तुर्जातस्तथोग्रायां श्वपाक इति कीर्त्यते । वैदेहकेन त्वम्बष्ठ्यामुत्पन्नोवेणउच्यते ॥१९॥ द्विजातयः सवर्णासु जनयन्त्यव्रतांस्तुयान् । तान्सावित्रीपरिभ्रष्टान् व्रात्यानितिविनिर्दिशेत् ॥२०॥

વૈશ્યથી માગધ અને વૈદેહ અને ક્ષત્રિયથી સુત એ પ્રતિલોમથી ઉત્પન્ન થયેલ ત્રણે "અપસદો" કહેવાય. ૧૭ નિષાદથી શૂદ્ર કન્યામાં ઉત્પન્ન થયેલાને જાતિએ કરી "પુક્કસ" કહેવાય છે. શૂદ્રથી નિષાદ સ્ત્રીમા ઉત્પન્ન થયેલાને "કુકકુટક" કહેવાય છે. ૧૮ ક્ષત્તાથી ઉગ્રકન્યામા ઉત્પન્ન થયેલાને "શ્વપાક" કહેવાય છે; વૈદેહથી અંબષ્ઠ કન્યામાં ઉત્પન્ન થયેલાને "વેણુ" કહેવાય છે. ૧૯ દ્વિજાતિયો સવર્ણા સ્ત્રીયોમાં જે પુત્રોને ઉત્પન્ન કરે અને તે જો ઉપનયન વેદારંભાદિ વ્રતરહિત થાય તો તે સાવિત્રી ભ્રષ્ટ થયેલાઓને "વ્રાત્ય" કહેવાય છે ૨૦.

व्रात्यात्तु जायते विप्रात्पापात्मा भूर्जकण्टकः । अवन्त्यवाटधानौ च पुष्पधः शैखएवच ॥२१॥ झल्लोमल्लश्च राजन्याद् व्रात्यान्निच्छिविरेव च । नटश्च करणश्चैव खसोद्रविडएव च ॥२२॥ वैश्यात्तु जायते व्रात्यात्सुधन्वाचार्यएव च । कारूषश्च विजन्मा च मैत्रः सात्वतएव च ॥ २३ ॥ व्यभिचारेण वर्णानामवेद्यावेदनेन च । स्वकर्मणां च त्यागेन जायन्ते वर्णसङ्कराः ॥ २४ ॥

વ્રાત્ય બ્રાહ્મણથી પાપાત્મા "ભૂર્જકંટક" પેદા થાય છે, અને તેનેજ દેશભેદે કરીને "અવન્ત્ય, વાટધાન, પુષ્પધ, અને શૈખ" પણ કહેવાય છે. ૨૧ ક્ષત્રિય વ્રાત્ય સવર્ણા સ્ત્રીમા "ઝલ્લ, મલ્લ, નિચ્છિવી, કરણ, ખસ અને દ્રવિડ" નામના ઉત્પન્ન થાય છે. ૨૨ વૈશ્ય વ્રાત્યથી સવર્ણા સ્ત્રીમા સુધન્વાચાર્ય, કારૂષ, વિજન્મા, મૈત્ર અને સાત્વત" એ નામના ઉત્પન્ન થાય છે. ૨૩. પરસ્પર બ્રાહ્મણાદિ વર્ણોના વ્યભિચારવડે તથા નહિં વિવાહ કરવા યોગ્ય સાથે વિવાહ કરવાથી અને પોત પોતાનાં કર્મનો ત્યાગ કરવાથી વર્ણસંકરો ઉત્પન્ન થાય છે. ૨૪.

संकीर्णयोनयोये तु प्रतिलोमाऽनुलोमजाः । अन्योन्यव्यतिषक्ताश्च तान्प्रवक्ष्याम्यशेषतः ॥२५॥ सूतोवैदेहकश्चैव चण्डालश्च नराधमः । मागधःक्षत्तृजातिश्च तथाऽऽयोगवएवच ॥२६॥ एते षट् सदृशान्वर्णाञ्जनयन्ति स्वयोनिषु । मातृजात्यां प्रसूयन्ते प्रवरासु च योनिषु ॥२७॥ यथा त्रयाणां वर्णानां द्वयोरात्माऽस्यजायते । आनन्तर्यात्स्वयोन्यां तु तथाबाह्येष्वपिक्रमात् ॥२८॥

અનુલોમ અને પ્રતિલોમ વડે ઉત્પન્નથયેલા તથા પરસ્પરના સંબંધથી થયેલા સંકીર્ણ યોનિયોને વર્ણને કહુ છુ જેમ,—૨૫ સૂત, વૈદેહ, અને નરાધમ ચંડાલ, માગધ, ક્ષત્તા, અને આયોગવ, ૨૬ એ છ પોતાની યોનિયોમા પોતાની સમાન વર્ણના પુત્રો ઉત્પન્ન કરે છે. અને પોતાનાથી શ્રેષ્ઠ યોનિયોમા ઉત્પન્ન થાય તો માતાની જાતિમા ગણાય છે. ૨૭ જેમ ત્રણ વર્ણોમાથી એના આત્માથી પુત્રનો જન્મ થાય છે અને તે અનંતર હોવાથી પોતાની યોનિમા ગણાય છે, તેમ બીજા બાહ્ય વર્ણ સંકરોમાં પણ ક્રમથી જાણવું. ૨૮

ते चापि बाह्यान्सुबहूंस्ततोऽप्यधिकदूषितान् । परस्परस्य दारेषु जनयन्ति विगर्हितान् ॥२९॥ यथैव शूद्रो ब्राह्मण्यां बाह्यं जन्तुं प्रसूयते। तथा बाह्यतरं बाह्यश्चातुर्वर्ण्ये प्रसूयते ॥३०॥ प्रतिकूलं वर्तमाना बाह्या बाह्यतरान्पुनः । हीनाहीनान्प्रसूयन्ते वर्णान्पञ्चदशैव तु ॥ ३१ ॥ प्रसाधनोपचारज्ञमदासं दासजीवनम् । सैरिन्ध्रं वागुरावृत्तिं सूते दस्युरयोगव ॥ ३२ ॥

તે આયોગવાદિયો પણ પરસ્પર જાતિની સ્રીયોમાં અધિક દૂષણવાળા અને નિંદ્ય સંતાનો ઉત્પન્ન કરે છે. ૨૯ જે પ્રમાણે શૂદ્ર બ્રાહ્મણીમાં અધમ જીવને ઉત્પન્ન કરે છે તે પ્રમાણે ચારે વર્ણોમાં અધમ વળી બીજા બાહ્યને ઉત્પન્ન કરે છે. ૩૦ પ્રતિકૂલ ચાલવાવાળા અધમ ચંડાલાદિ ત્રણ, ચારે વર્ણની સ્રીયોમાં બાહ્યથી પણ બાહ્ય અર્થાત્ અત્યંત અધમ સંતાનને પેદા કરે છે એવી રીતે એકથી એક અધમ એવા પંદર વર્ણ એટલે જાતિ ઉત્પન્ન થાય છે. ૩૧ માથાના કેશો સારી રીતે ઓળવાનું જાણનાર તથા પગ વિગેરે ધોવા અને સ્નાનાદિ કરાવવું ઇત્યાદિ પ્રકારથી દાસ નહિ છતાં દાસ જીવનવાળા તેમજ કાંઇ જાલ રચીને જીવિકા ચલાવનાર " સૈરિન્ધ્ર ".નામે કેહેવાય છે અને તે દસ્યુથી આયોગવ કન્યામાં ઉત્પન્ન થાય છે. ૩૨

मैत्रेयकं तु वैदेहो माधुकं संप्रसूयते ॥ नॄन्प्रशंसत्यजस्रं यो घण्टाताडोऽरुणोदये ॥३३॥ निषादो मार्गवं सूते दासं नौकर्मजीविनः । कैवर्त्तमिति यं प्राहुरार्यावर्तनिवासिनः ॥ ३४ ॥ मृतवस्त्रभृत्सु नारीषु गर्हितान्नाशनासु च । भवन्त्यायोगवीष्वेते जातिहीनाः पृथक्त्रयः॥३५॥ कारावरो निषादात्तु चर्मकारः प्रसूयते । वैदेहिकादन्ध्रमेदौ बहिर्ग्राम प्रतिश्रयौ ॥ ३६ ॥

આયોગવી સ્ત્રી વૈદેહ પુરૂષથી મધુર ભાષણ કરનાર " મૈત્રેયક " ને ઉત્પન્ન કરે છે, કે જે પ્રાતઃકાલે ઘંટા બજાવીને અહર્નિશ મનુષ્યોના વખાણજ કર્યા કરે છે. ૩૩ નિષાદ પુરૂષ આયોગવી કન્યાથી " દાસ " ઉત્પન્ન કરે છે અને તે હોડી વિગેરે ચલાવવાનું કામ કરી જીવન ચલાવે

છે, માટે આર્યાવર્ત નિવાસી જનો તેને " કૈવર્ત " કહે છે અને તેનું બીજું નામ " માર્ગવ " પણ કહેવાય છે. ૩૪ મરેલાંના વસ્ત્ર પેહેરનારી, નિંદિત અન્ન ભક્ષણ કરનારી આયોગવી સ્ત્રીયોમાં જાતિહીન એવા ત્રણ પુત્રો પેદા થાય છે. ૩૫ આયોગવી સ્ત્રીમાં નિષાદ પુરૂષથી કારાવર નામનો " ચર્મકાર " પેદા થાય છે. અને વૈદેહથી ગામની બહાર રેહેવાવાળા " અંધ્ર અને મેદ " નામના બે પુત્રો પેદા થાય છે. ૩૬

चण्डालात्पाण्डुसोपाकस्त्वक्सारव्यवहारवान्। आहिण्डिको निषादेन वैदेह्यामेव जायते ॥ ३७॥ चण्डालेन तु सोपाको मूलव्यसनवृत्तिमान्। पुक्कस्यांजायतेपापः सदासज्जनगर्हितः ॥३८ ॥ निषादस्त्रीतुचण्डालात्पुत्रमन्त्यावसायिनम्। श्मशानगोचरं सूते बाह्यानामपि गर्हितम् ॥३९॥ सङ्करे जातयस्त्वेताः पितृमातृप्रदर्शिताः। प्रच्छन्नावा प्रकाशावा वेदितव्याः स्वकर्मभिः ॥४०॥

ચંડાલથી વૈદેહી સ્ત્રીમાં વાંસના સુપડાં પંખા વિગેરે બનાવનાર " પાંડુ સોપાક " ઉત્પન્ન થાય છે. અને નિષાદ વડે વદેહીમાં "આહિંડિક" જાતિવાળો ઉત્પન્ન થાય છે. ૩૭ ચંડાલથી પુક્કસી સ્ત્રીમા પાપી, તથા હંમેશાં સજ્જનો વડે નિંદાયલો, જલ્લાદ વૃત્તિવાળો " સોપાક " ઉત્પન્ન થાય છે. ૩૮ નિષાદની સ્ત્રી ચંડાલ પુરૂષથી અધમોમાં પણ નિન્દિત તથા શ્મશાનમાં રેહેનાર અને તેવીજ નીચ વૃત્તિવડે જીવનાર પુત્ર ઉત્પન્ન કરે છે. ૩૯ વર્ણસંકરમાં એ જાતિયો માતા અને પિતાના ભેદથી જાણવી. હવે એ જાતિ પોતાનાં છુપાં અથવા પ્રકાશિત કર્મોવડે જાણવી. ૪૦

सजातिजानन्तरजाः षट्सुताद्विजधर्मिणः। शूद्राणां तु सधर्माणः सर्वेऽपध्वंसजाः स्मृताः ॥ ४१ ॥ तपोबीजप्रभावैस्तु तेगच्छन्तियुगेयुगे। उत्कर्षं चापकर्षं च मनुष्येष्विहजन्मतः ॥४२॥ शनकैस्तुक्रियालोपादिमाः क्षत्रियजातयः।वृषलत्वंगतालोके ब्राह्मणाऽदर्शनेनच ॥४३॥ पौण्ड्रकाश्चौड्रद्रविडाः काम्बोजायवनाः शकाः।पारदापल्हवाश्चीनाः किरातादरदाः खशाः ॥ ४४ ॥

દ્વિજાતિયોમાં સમાન જાતિવાળા ત્રણ અને અનુલોમ વડે ત્રણ એટલે કે બ્રાહ્મણ બ્રાહ્મણીમાંથી, ક્ષત્રિયામાંથી અને વૈશ્યામાંથી પુત્ર ઉત્પન્ન

કરે તે ત્રણ તથા ક્ષત્રિય ક્ષત્રિયામાંથી અને વૈશ્યા સ્ત્રીમાંથી પુત્ર ઉત્પન્ન કરે તે બે અને વૈશ્ય વૈશ્યામાંથી પુત્ર ઉત્પન્ન કરે તે એક એમ એકંદર. છ પુત્રો દ્વિજધર્મી કહેવાય છે. અને પ્રતિલોમથી ઉત્પન્ન થયેલા સર્વ શૂદ્ર સમાન કહેવાય છે. ૪૧ તપના પ્રભાવથી અને બીજના પ્રભાવથી સર્વ યુગોમા મનુષ્યોમા જન્મની ઉચના તથા નીચતા પણું પામે છે. ૪૨ ધીમે ધીમે ક્રિયાના લોપથી તથા બ્રાહ્મણોના દર્શન વિના અર્થાત્ ઉપદેશ વિના ક્ષત્રિય જાતિ સસારમાં શુદ્રતાને પામતી ગઇ. જેમકે ૪૩ પૌંડ્રક, ઔડ્ર, દ્રવિડ, કામ્બોજ, યવન, શક, પારદ, અપલ્હવ, ચીન, કિરાત, દરદ અને ખશ; એ પ્રમાણે નામો પડયાં. ૪૪

मुखबाहूरुपज्जानां या लोके जातयोबहिः । म्लेच्छवाचश्चार्यवाचः सर्वेतेदस्यवः स्मृताः ॥ ४५ ॥ येद्विजानामपसदा येचापध्वंसजाः स्मृताः । ते निन्दितैर्वर्तयेयुर्द्विजानामेव कर्मभिः ॥ ४६ ॥ सुतानामश्व सारथ्यमम्बष्ठानां चिकित्सनम् । वैदेहकानांस्त्रीकार्यं मागधानां वणिक्पथः ॥ ४७ ॥ मत्स्यघातोनिषादानांत्वष्टिस्त्वायोगवस्य च । मेदान्ध्रचुञ्चुमद्गूनामारण्यपशुहिंसनम् ॥ ४८ ॥

મુખ, બાહુ, ઉરૂ અને પાદસ્થાનીય બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર જાતિના કર્મલોપથી જે બીજી લોકમા અધમ જાતિયો થઇ છે તે મ્લેચ્છ ભાષાવળા તથા આર્ય ભાષાવાળા "દસ્યુઓ" કેહેવાય છે. ૪૫ જે પ્રથમ દ્વિજોના અનુલોમથી અપસદો તથા પ્રતિલોમથી અપધ્વંસજો કહ્યા છે, તે દ્વિજોનાંજ નિન્દિત કર્મો વડે પોતાનુ જીવન ચલાવે છે. ૪૬ સૂતોનુ કામ ઘોડાનું સારથીપણું, અમ્બષ્ઠોનું કામ ચિકિત્સા કરવાનું, વૈદેહોનું અંતઃપુરનુ કામ અને માગધોનુ વ્યાપારાદિ કામ; એ કામો કરીને પોતાનુ જીવન ચલાવે છે. ૪૭ નિષાદોનું માંછલાં મારવાનુ કામ, આયોગવનું લાકડા ફાડવાનું તથા મેદ, અન્ધ્ર, ચુઞ્ચુ, અને મદ્ગોનું કામ જંગલના જનાવરો મારીને જીવિકા કરવાનુ છે. ૪૮

क्षत्तुग्रपुक्कसानां तु बिलौकोवधबन्धनम् । धिग्वणानां चर्मकार्यं [illegible] भाण्डवादनम् ॥४९॥ चैत्यद्रुमश्मशानेषु शैलेषूपवनेषु च । वसेयुरेते विज्ञाता वर्तयन्तः स्वकर्मभिः ॥५०॥ [illegible]ण्डालश्वपचानां

बहिर्ग्रामात्तेश्रयः । अपपात्राश्चकर्तव्या धनमेषां श्वगर्दभम् ॥५१॥ वासांसि मृतचैलानि भिन्नभाण्डेषु भोजनम् । कार्ष्णायसमलङ्कारः परिव्रज्या च नित्यशः ॥ ५२ ॥

ક્ષત્તા, ઉગ્ર, પુક્કસ, એઓનુ કામ બીલમાં રહેનારાં જાનવરોને મારવાનું તથા બાંધવાનું, ધિગ્વણોનું ચામડાંસુધારવા, કહાડવા વિગેરે કામ અને વેણોનું વાજાં વગાડવાનું કામ છે. ૪૯ ગામની સમીપ મોટાં મોટાં વૃક્ષોની નીચે અથવા શ્મશાન તથા પર્વત અથવા બાગ બગીચાની પાસે પોતપોતાના કામો કરવા માટે પ્રસિદ્ધ થએલા તેઓ નિવાસ કરે છે. ૫૦ ચંડાલ અને શ્વપચોનો તો ગામની બહારજ નિવાસ હોવો જોઇએ, અને તેની પાસે ખરાબ પાત્રો હોવાં જોઇએ, તેમજ કૂતરાં અને ગધેડાં તેનું ધન હોવું જોઇએ. ૫૧ મુડદાં ઉપરનાં વસ્રો તેને પેહેરવાનાં, ભાંગેલાં પાત્રમાં ભોજન, લોઢાનો અલંકાર તથા હંમેશાં ફરવું એ તેમનું લક્ષણ છે. ૫૨

नतैः समयमन्विच्छेत्पुरुषोधर्ममाचरन् । व्यवहारोमिथस्तेषां विवाहः सदृशैः सह ॥ ५३ ॥ अन्नमेषां पराधीनं देयं स्याद् भिन्नभाजने । रात्रौ न विचरेयुस्ते ग्रामेषु नगरेषु च ॥५४॥ दिवाचरेयुः कार्यार्थं चिह्निता राजशासनैः । अबान्धवं शवं चैव निर्हरेयुरिति स्थितिः ॥५५॥ वध्यांश्च हन्युः सततं यथाशास्त्रं नृपाज्ञया । वध्यवासांसि गृह्णीयुः शय्याश्चाभरणानि च ॥ ५६ ॥

ધર્મનું આચરણ કરતા પુરૂષે તેઓની સાથે ધર્માચરણ વખતે બોલવું નહિં તેમજ તેને જોવા નહિ. તેઓનો વ્યવહાર તથા વિવાહ તેની તુલ્ય જાતિવાળાઓ સાથે થવો જોઈએ. ૫૩ એઓને જુદાં તેનાજ પાત્રમાં પરાધીન અન્ન આપવું જોઇએ. અને રાત્રે ગામોમાં તેમજ શહેરોમાં તેઓ ન ફરે. ૫૪ દિવસે રાજ તરફથી જે ચિન્હ હોય તેની સાથે રાજાના હુકમથી ફરવું અને જે શબનો કોઇપણ વારસ ન હોય તે શબને ગામમાંથી બહાર લઇ જવું. ૫૫ રાજાની આજ્ઞા વડે જે વધ કરવાં યોગ્ય પુરૂષો હોય તેને શાસ્રની રીત પ્રમાણે મારવા. અને જે વધ કરવા યોગ્ય હોય તેનાં વસ્રો, શય્યા અને અલંકારો તેઓએ ગ્રહણ કરવા. ૫૬.

वर्णापेतमविज्ञातं नरं कलुषयोनिजं । आर्यरूपमिवानार्यं कर्मभिः स्वैर्विभावयेत् ॥ ५७॥ अनार्यता निष्ठुरता क्रूरता निष्क्रियात्मता । पुरुषं व्यञ्जयन्तीह लोके कलुषयोनिजम् ॥५८॥ पित्र्यं वा भजते शीलं मातुर्वोभयमेव वा । न कथंचन दुर्योनिः प्रकृतिं स्वां नियच्छति ॥५९॥ कुले मुख्येऽपि जातस्य यस्य स्याद्योनिसंकरः । संश्रयत्येव तच्छीलं नरोऽल्पमपि वा बहु ॥ ६० ॥

દૂષિત યોનિથી ઉત્પન્ન થયેલા, આર્ય જેવા દેખાવના અનાર્ય અને જાતિ જેની જાણી ન શકાય એવા પુરૂષને પોત પોતાના કર્મ વડે જાણવા. ૫૭ અનાર્યતા, નિષ્ઠૂરતા, ક્રૂરતા અને કર્માનુષ્ઠાન રહિતપણું એટલા લોકમા ખરાબ યોનિયોમાંથી ઉત્પન્ન થયેલાને સ્પષ્ટ કરે છે. ૫૮ એ સંકર જાતિથી ઉત્પન્ન થયેલો પુરૂષ પિતા સંબંધિ દુષ્ટ સ્વભાવનું અથવા માતા સંબંધિ અથવા બંને સબંધિ દુષ્ટ સ્વભાવ સ્વીકારે છે. ગમે તેમ કરી દુષ્ટ યોનવાળો પુરૂષ ખાસ પોતાનો સ્વભાવ છુપાવી શકતો નથી. ૫૯ શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થયેલા પુરૂષનો પણ જો યોનિ સંસ્કાર થયેલો હોય તો તે મનુષ્ય તે આચરણને થોડો અથવા ઘણો આશ્રય કરે છે. ૬૦

यत्र त्वेते परिध्वंसाज्जायन्ते वर्णदूषकाः । राष्ट्रिकैः सह तद्राष्ट्रं क्षिप्रमेव विनश्यति ॥६१॥ ब्राह्मणार्थे गवार्थेवा देहत्यागोऽनुपस्कृतः। स्त्रीबालाभ्युपपत्तौ च बाह्यानां सिद्धिकारणम् ॥६२॥ अहिंसा सत्यमस्तेयं शौचमिन्द्रियनिग्रहः । एतं सामासिकं धर्मं चातुर्वर्ण्येऽब्रवीन्मनुः ॥६३॥ "शूद्रायांब्राह्मणाज्जातः श्रेयसाचेत्प्रजायते । अश्रेयान्श्रेयसीं जातिं गच्छत्यासप्तमाद्युगात् ॥ ६४ ".

જે રાષ્ટ્રમાં પરિધ્વંસથી એ વર્ણદૂષકો ઘણાં ઉત્પન્ન થાય છે તો તે દેશ પ્રજા સાથે જલદીથી નાશ પામે છે. ૬૧ બ્રાહ્મણની રક્ષા માટે તથા ગાયોની રક્ષા માટે તેમજ સ્ત્રી અને બાલકોની રક્ષા માટે પ્રતિલોમથી ઉત્પન્ન થએલાઓનો દેહત્યાગ કરાવવો તેજ રક્ષાનો સિદ્ધિનો હેતુ છે. ૬૨ અહિંસા, સત્ય, ચોરી ન કરવી, અને ઇંદ્રિઓનો નિગ્રહ કરવો એજ

ચાર વર્ણોને માટે સંક્ષેપથી ધર્મ મનુએ કહ્યો છે. ૬૩ " બ્રાહ્મણથી શૂદ્રામાં જે ઉત્પન્ન થાય છે અને તે વળી કન્યા ઉત્પન્ન થાય અને તે કન્યા પાછી બીજા બ્રાહ્મણ જોડે વિવાહ કરે અને વળી તેમાંથી જે કન્યા ઉત્પન્ન થાય તે વળી બીજા બ્રાહ્મણ જોડે વિવાહ કરે એમ સાતમા જન્મમા બ્રાહ્મણતાને પ્રાપ્ત થાય. " (જ્યારે શૂદ્રા ગામી બ્રાહ્મણજ પતિત થાય છે એમ ત્રીજા અધ્યાયમાં કહી આવ્યા તો પછી આમ ઉત્તરોત્તર સાત બ્રાહ્મણને પતિત કરવાવાળો શ્લોક મનુએ ઉપદેશ્યો હોય એ સંભવતું નથી.) ૬૪

शूद्रोब्राह्मणतामेति ब्राह्मणश्चैतिशूद्रताम् । क्षत्रियाज्जातमेवंतु विद्या द्वैश्यात्तथैवच ॥६५॥ अनार्यायां समुत्पन्नो ब्राह्मणात्तु यदृच्छया ब्राह्मण्यामप्यनार्यात्तु श्रेयस्त्वं क्वे ति चेद्भवेत् ॥६६॥ जातोनार्या मनार्यायामार्यादार्योभवेद्गुणैः । जातोऽप्यनार्यादार्यायामनार्यइतिनिश्च यः ॥६७॥ तावुभावप्यसंस्कार्याविति धर्मोव्यवस्थितः । वैगुण्याज्ज न्मनः पूर्व उत्तरः प्रतिलोमतः ॥ ६८ ॥

શૂદ્ર બ્રાહ્મણપણાને પ્રાપ્ત થાય છે અને બ્રાહ્મણ શૂદ્રપણાને પ્રાપ્ત થાય છે; તેજ પ્રમાણે ક્ષત્રિયથી ઉત્પન્ન થયેલો તેમજ વૈશ્યથી ઉત્પન્ન થયેલો પણ અન્ય વર્ણતાને પામે છે. ૬૫ બ્રાહ્મણથી શૂદ્રામા જે પુત્ર સંયોગ વશથી ઉત્પન્ન થયો હોય અથવા તો શૂદ્રથી બ્રાહ્મણીમાં સંયોગ વશથી પુત્ર ઉત્પન્ન થયો હોય તો તેમા ઉત્તમ કોણ ? એમ શંકા થાય તો—૬૬ આર્યથી અનાર્યા શૂદ્રા સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો પુત્ર ગુણો વડે આર્ય થાય છે. અને અનાર્ય શૂદ્રથી આર્યા સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો પુત્ર ગુણો વડે અનાર્ય થાય છે એવો શાસ્ત્રનો નિશ્ચય છે ૬૭ ધર્મશાસ્ત્રની મર્યાદા છે કે પ્રથમનો પુત્ર કે જે આર્યથી, શૂદ્રામા ઉત્પન્ન થયેલો છે તે જાતિ વિગુણતાથી અને બીજો પ્રતિલોમતાથી ઉત્પન્ન થયેલો છે માટે એ બંને ઉપનયનાદિ સંસ્કાર કરવા યોગ્ય નથી. ૬૮

सुबीजंचैवसुक्षेत्रे जातंसंपद्यतेयथा । तथार्याज्जातआर्यायां सर्वं संस्कारमर्हति ॥ ६९ ॥ बीजमेके प्रशंसन्ति क्षेत्रमन्ये मनीषिणः । बीजक्षेत्रे तथैवान्ये तत्रेयं तु व्यवस्थितिः ॥७०॥ अक्षेत्रे बीजमुत्सृष्ट-

'न्तरव विनश्यति । अबीजकम पं क्षेत्रं केवलं स्थ ण्डलं भवेत् ॥७१॥.
"यस्माद्बीजप्रभावेण तिर्यग्जाऋषयोऽभवन्। पूजिताश्चप्रशस्ताश्च तस्माद्बीजंप्रशस्यते ॥ ७२ ॥"

સારૂં બીજ સારા ક્ષેત્રમાં નાંખ્યાથી જેમ સારૂં પેદા થાય છે તેમ આર્યથી આર્યામાં ઉત્પન્ન થયેલો પુરૂષ સર્વ સસ્કારને યોગ્ય છે. ૬૯ કેટલાએક ઋષિયો બીજને પ્રધાન ગણે છે અને કેટલાએક ક્ષેત્રને પ્રધાન ગણે છે, અને કેટલાએક બીજ અને ક્ષેત્ર બંનેને મુખ્ય ગણે છે. તેમાં એવી વ્યવસ્થા જાણવી કે—૭૦ ઉખર જમીનમાં નાખેલુ બીજ અંદર જ નાશ પામે છે તેમજ બીજ વિનાનું સુંદર ક્ષેત્ર પણ કેવળ ચોતરા જેવુંજ રહે છે. ૭૧ " જે બીજના મહિમાથી હરણાદિ યોનિમાં ઉત્પન્ન થયેલ પણ ઋષિ થયા હતા, પૂજ્ય અને પ્રશંસનીય થયા હતા માટે બીજજ પ્રધાન છે. " (આ શ્લોક શૃંગી ઋષિની કથા પછી કાઇએ ઉમેરેલો લાગે છે. તેમજ મનુની પછી ઘણાં વરસે એ ઋષિનો જન્મ પુરાણોમાં જણાય છે. ત્યારે ભૂતકાળથી તેનું વર્ણન મનુસ્મૃતિમા કયાંથી આવી શકે ? તેમજ હરણથી મનુષ્યની ઉત્પત્તિ પણ સૃષ્ટિ નિયમ વિરૂદ્ધ હોવાથી આ શ્લોક પ્રક્ષિપ્ત છે) ૭૨

अनार्यमार्यकर्माणमार्यं चानार्यकर्मिणम् । संप्रधार्याऽब्रवीद्धाता न समौ नासमाविति ॥७३॥ ब्राह्मणा ब्रह्मयोनिस्था ये स्वकर्मण्यवस्थिताः। ते सम्यगुपजीवेयुः षट् कर्माणि यथाक्रमम् ॥७४॥ अध्यापनमध्ययनं यजनं याजनं तथा । दानं प्रतिग्रहश्चैव षट् कर्माण्यग्रजन्मनः ॥७५॥ षण्णां तु कर्मणामस्य त्रीणि कर्माणि जीविका। याजनाध्यापने चैव विशुद्धाच्च प्रतिग्रहः ॥७६॥

આર્યના જેવાં કર્મ કરનાર અનાર્ય તથા અનાર્યના જેવાં કર્મ કરનાર આર્ય હોય તેનો બ્રહ્માએ વિચાર કરીને કહ્યું છે કે તે બંનેને સમ નહિ જાણવા તેમ વિષમ પણ ન જાણવા. (અર્થાત્ ગુણ અને સ્વભાવ તેવા ન હોય તો કેવલ કર્મ માત્રથી અનાર્યનો આર્ય તેમજ આર્યનો અનાર્ય કહેવાતો નથી કિંતુ ગુણ કર્મ અને સ્વભાવ એ ત્રણ વડેજ આર્ય અને અનાર્યની પરીક્ષા થાય છે.) ૭૩ પોતાના કર્મમાં

સ્થિત અને બ્રહ્મયોનિમાં રહેલા બ્રાહ્મણોએ યથાક્રમે ૭ કર્મો કરતાં સારી રીતે પોતાની જીવિકા ચલાવવી. ૭૪ ભણવું, ભણાવવું, યજ્ઞ કરવો, યજ્ઞ કરાવવો, દાન આપવું, અને દાન લેવું. એ પ્રમાણે બ્રાહ્મણના ૭ કર્મ જાણવાં. ૭૫ એ ૭ કર્મોમાં ત્રણ કર્મો બ્રાહ્મણની જીવિકા માટે છે, જેમકે યજ્ઞ કરાવવો, અધ્યયન કરાવવું, અને શુદ્ધ દ્વિજાતિયો પાસેથી દાન લેવું. ૭૬

त्रयोधर्मानिवर्तन्ते ब्राह्मणात्क्षत्रियं प्रति । अध्यापनं याजनं च तृतीयश्च प्रतिग्रहः ॥७७॥ वैश्यं प्रति तथैवैते निवर्तेरन्निति स्थितिः। न तौ प्रति हि तान्धर्मान्मनुराह प्रजापतिः ॥७८॥ शस्त्रास्त्रभृत्त्वं क्षत्रस्य वणिक्पशुकृषिर्विशः । आजीवनार्थं धर्मस्तु दानमध्ययनं यजिः ॥७९॥ वेदाभ्यासोब्राह्मणस्य क्षत्रियस्य च रक्षणम्। वार्ताकर्मैव वैश्यस्य विशिष्टानि स्वकर्मसु ॥ ८० ॥

અધ્યાપન, યાજન અને ત્રીજો પ્રતિગ્રહ એ ત્રણ કર્મો ક્ષત્રિયને હોતાં નથી ફક્ત બ્રાહ્મણનેજ હોય છે. અને વૈશ્યે પણ એ અધ્યાપનાદિ ત્રણ કર્મ કરવાં નહિ. એ પ્રકારે ધર્મની મર્યાદા છે. કેમકે મનુ મહારાજે તે ધર્મોને ક્ષત્રિય તથા વૈશ્યની જીવિકા માટે કહ્યા નથી. ૭૮ શસ્ત્ર અને અસ્ત્ર ધારણ કરવા એ ક્ષત્રિયનો ધર્મ; વ્યાપાર કરવો, ખેતી કરવી અને પશુ પાલન કરવું એ વૈશ્યનો ધર્મ; કહ્યો છે એ પ્રમાણેના કર્મો બંનેની આજીવિકા માટે છે. અને દાન આપવું, અધ્યયન કરવું અને યજ્ઞ કરવો એ ત્રણ બંનેના કર્મ કહ્યાં છે. ૭૯ બ્રાહ્મણનું કર્મ વેદાભ્યાસ, ક્ષત્રિયનું રક્ષા કરવી તે, વૈશ્યનું કર્મ વાર્તા કરવી તે છે, એટલે કે પોત પોતાના કર્મમાં એટલા વિશેષ કર્મ છે. ૮૦

अजीवंस्तुयथोक्तेन ब्राह्मणः स्वेनकर्मणा । जीवेत्क्षत्रियधर्मेण स[illegible]नन्तरः ॥८१॥ उभाभ्यामप्यजीवंस्तु कथंस्यादिति चेद्भवेत् । [illegible]षिगोरक्षमास्थाय जीवेद्वैश्यस्य जीविकाम् ॥८२॥ वैश्यवृत्त्यापिजीवं[illegible] ब्राह्मणः क्षत्रियोऽपिवा । हिंसाप्रायां पराधीनां कृषिंयत्नेन वर्जये. ॥८३॥ कृषिसाध्वितिमन्यन्ते सावृत्तिः सद्विगर्हिता । भूमिं [illegible]मिश्रयांश्चैव हन्तिकाष्ठमयाशुख[illegible] ॥ ८४ ॥

બ્રાહ્મણ જો પોત ના યથોક્ત કર્મ વડે નિર્વાહ નહિ કરી શકે તો એના સમીપની જાતિ જે ક્ષત્રિય તેના ધર્મ વડે પોતાની આજીવિકા ચલાવવી. ૮૧ બ્રાહ્મણ તથા ક્ષત્રિય એ બંને પ્રકારની જીવીકા વડે જીવન ન ચલાવી શકે તો ખેતી તથા પશુ પાલન રૂપ વૈશ્યની વૃત્તિ વડે બ્રાહ્મણે જીવિકા ચલાવવી. ૮૨ બ્રાહ્મણ અથવા ક્ષત્રિયે, વૈશ્ય વૃત્તિવડે જીવિકા ચલાવતાં પણ ઘણી હિંસાવાળી અને પરાધીન ખેતી તો યત્ન પૂર્વક ત્યાગ કરવી. ૮૩ કૃષિ કર્મ સારૂં છે એમ લોકો કહે છે-માને છે પરંતુ એ વૃત્તિ સત્પુરૂષોએ નિંદિત કહેલી છે. કેમકે હલ, કોદાળી વિગેરે લોઢાનાં મુખવાળું કાષ્ઠ ભૂમિ તથા ભૂમિમા રેહેનાર જંતુઓનો નાશ કરેછે. ૮૪.

"इदंतुवृत्तिवैकल्यात्त्यजतोधर्मनैपुणम्। वि पण्यमुद्धृतोद्धारं विक्रेयंवित्तवर्धनम् ॥८५॥ सर्वान्रसानपाहेत कृतान्नंचतिलैःसह। अश्मनोलवणंचैव पशवोयेचमानुषाः ॥८६॥ सर्वंचतान्तवंरक्तं शाणक्षौमाविकानिच। अपिचेत्स्युररक्तानि फलमूलेतथौषधिः ॥८७॥ अपःशस्त्रंविषंमांसं सोमंगन्धांश्च सर्वशः। क्षीरंक्षौद्रंदधिघृतं तैलंमधुगुडंकुशान् ॥ ८८ ॥".

" બ્રાહ્મણ અને ક્ષત્રિ ।નીં વૃત્તિવડે જીવિકા ચલાવવાનો અસંભવ હોય ત્યારે તથા જીવિકાના અભાવમાં પોતાનો ધર્મ છોડતા હોય તો વૈશ્યએ જે વેચવા લાયક દ્રવ્ય છે તેમા જે, જે ત્યાગ કરવાનું દ્રવ્ય હોય તે ત્યાગ કરીને ધન વૃદ્ધિ કરનાર દ્રવ્યનું વેચાણ કરવું. જેમકે ૮૫ સંપૂર્ણ રસો, તલ સાથે રાધેલું અનાજ, પત્થર, મીઠું અને મનુષ્યોને પાળવાનાં પશુ, એટલાં વેચવાં નહિ ૮૬ સર્વ રંગેલા કપડા, શણ તથા રેશમનાં તથા ઉનના રંગેલાં અથવા નહિ રગેલાં હોય તેવા પણ કપડાં, ફૂલ, મૂલ, અને ઓષધિ, એટના પણ ન વેચવા. ૮૭ જલ, શસ્ત્ર, વિષ, માંસ, સોમવલ્લી, તથા સર્વ પ્રકારના ગંધ, દૂધ, મધ, દહિં, ઘી, તેલ, ભમરાનું મધ, ગોળ અને કુશ, એટલાં પણ ન વેચવાં ૮૮ "

"आरण्यांश्चपशून्सर्वान्दंष्ट्रिणश्चवयांसिच। मद्यंनीलिंचलाक्षांच सर्वांश्चैकशफांस्तथा ॥८९॥ काममुत्पाद्यकृष्यांतु स्वयमेव कृषीवलः। विक्रीणीततिलान्शूद्रान्धर्मार्थमचिरस्थितान् ॥९०॥ भाजनाभ्यञ्जना-

दानाद्यदन्यत्कुरुते तिलैः। कृमीभूतः श्वविष्ठायां पितृभिः सहमज्जति॥९१॥ सद्यः पततिमांसेन लाक्षया लवणेनच । त्र्यहेणशूद्रोभवति ब्राह्मणः क्षीरविक्रयात् ॥ ९२॥"

" સર્વ અરણ્યમાં રહેનારાં પશુઓ, દાંતવાળા સિંહાદિ, પક્ષિયો, મધ, ગળી, લાખ અને એક ખરીવાળાં સર્વ એટલે ઘોડા આદિ પણ વેચવા નહિં. ૮૯ ખેડુતે પોતેજ 'ઇચ્છાપૂર્વક ખેતી કરીને તેમાં તલ ઉત્પન્ન કરીને તેમા કાંઈ પણ બીજુ દ્રવ્ય મેળવ્યા શિવાય તે તલને ઘણા દિવસ ના રાખતાં ધર્મ કાર્યને માટે જો ઇચ્છા હોય તો વેચવાં ૯૦ ભોજન, અભ્યંજન અને દાન શિવાય જો કોઇ મનુષ્ય તલનો બીજો ઉપયોગ કરે તો તે ઉપયોગ કરનાર કૃમી બનીને પોતાના પિતરોની સાથે કુતરાંની વિષ્ઠામાં ડુબે છે. ૯૧ માસ, લાખ, અને લવણને વેચવાથી બ્રાહ્મણ તેજ સમયે પતિત થાય છે અને દૂધ વેચવાથી ત્રણ દિવસમાં શૂદ્રતાને પ્રાપ્ત થાય છે. ૯૨

"इतरेषांतुपण्यानां विक्रयादिहकामतः । ब्राह्मणः सप्तरात्रेण वैश्य भावंनियच्छति ॥९३ ॥ रसारसैर्निमातव्या नत्वेव लवणं रसैः । कृतान्नंचाकृतान्नेन तिलाधान्येनतत्समाः ॥९४॥" जीवेदेतेन राजन्यः सर्वेणाप्यनयं गतः । न त्वेवज्यायसीं वृत्तिमभिमन्येत कर्हिचित् ॥९५॥ योलोभादधमोजात्या जीवेदुत्कृष्टकर्मभिः । तं राजा निर्धनं कृत्वा क्षिप्रमेव प्रवासयेत् ॥ ९६ ॥

" બ્રાહ્મણ માંસાદિ વ્યતિરિક્ત બીજી વેચવા લાયક વસ્તુને ઇચ્છાપૂર્વક વેચવાથી સાત દિવસમા વૈશ્ય થઇ જાય છે. ૯૩ ગોળ આદિ રસનો ઘૃત વડે બદલો કરવો પરંતુ કોઇ રસ સાથે લવણની અદલાબદલી કરવી નહિં. સિદ્ધ કરેલું અન્ન નહિં સિદ્ધ કરેલાં અન્ન વડે બદલામાં લેવું અને તલ ધાન્ય વડે બદલીને લેવા. ૯૪ " (શ્લોક ૮૫ થી ૯૪ સુધીના ૧૦ શ્લોકોમાં જે વસ્તુઓ વેચવા માટે બ્રાહ્મણ ક્ષત્રિયને વર્જીત કહી છે તેમાં પુનરૂક્તિ તથા પૂર્વાપર વિરોધ બહુજ દેખાય છે; સંપૂર્ણ રસો વેચવાની ના પાડી, પછી વળી મીઠું શું રસમાંથી રહી ગયું હતું કે તેનું પાછું લખાણ કરવું પડયું ! વળી શું વૈશ્ય લોકોનો માંસ વેચવાનો

ધંધો હનો કે વૈશ્યની વૃત્તિ બતાવતાં બ્રાહ્મણ ક્ષત્રિયને માટે માંસ વેચવાનો નિષેધ કરવો. ૫૩ગે ? વળી જ્યારે જંગલનાં બધાં પશુ તથા મનુષ્યોને પાળવા યોગ્ય પશુ એ બધાંનેજ વેચવાનો નિષેધ કર્યો, પછી કયા પશુ વેચવા માટેના બાકી રહ્યા? વળી બધા પશુઓનો નિષેધ કરેલોજ છે તો વળી સિંહાદિની જુદી વ્યાખ્યા શા માટે? ઇત્યાદિ પરસ્પર વિરૂદ્ધ હોવાથી એ શ્લોકો પ્રક્ષિપ્ત જેવા જણાય છે.) આપત્કાલમાં આવેલા ક્ષત્રિયે પણ એ વિધિ વડે અર્થાત્ વૈશ્યવૃત્તિ વડે જીવન ચલાવવું, પરંતુ ક્ષત્રિયે બ્રાહ્મણની વૃત્તિનુ કદાપિ અભિમાન કરવું નહિં. ૯૫ જે નિકૃષ્ટ જાતિમાં ઉત્પન્ન થયેલો પુરૂષ લોભથી ઉત્કૃષ્ટ જાતિની વૃત્તિ વડે જીવિકા ચલાવે તો તેને રાજાએ નિર્ધન કરીને દેશપાર કરવો. ૯૬

वरं स्वधर्मो विगुणो न पारक्यः स्वनुष्ठितः । परधर्मेण जीवन्हि सद्यः पतति जातितः ॥९७॥ वैश्योऽजीवन्स्वधर्मेण शुद्रवृत्त्यापि वर्त्तयेत । अनाचरन्नकार्योणि निवर्त्तेत च शक्तिमान् ॥९८॥ अशक्नुवंस्तु शुश्रूषां शूद्रः कर्त्तुं द्विजन्मनाम् । पुत्रदारात्ययं प्राप्तो जीवेत्कारुककर्मभिः ॥९९॥ यैः कर्मभिः प्रचरितैः शुश्रूष्यन्ते द्विजातयः । तानिकारुककर्माणि शिल्पानिविविधानिच ॥ १०० ॥

પોતાનું કર્મ ભલે થોડા ગુણવાળું હોય તો પણ શ્રેષ્ઠ છે પરંતુ પારકા ધર્મનુ આજીવિકા માટે અનુષ્ઠાન કરવું શ્રેષ્ઠ નથી. પરધર્મ વડે જીવન ચલાવનાર તત્કાલ પતિત થાય છે ૯૭ વૈશ્યે પોતાના વ્યાપારાદિ ધર્મ વડે જીવિકા ન ચલાવતા શૂદ્ર વૃત્તિ વડે જીવન આચરણ કરે, તો પણ નહિ આચરણ કરવા જેવાં કોઇ પણ કાર્ય ન કરવામા શક્તિમાન થવુ ૯૮ દ્વિજાતિયોની સેવા કરવાને અશક્ત શૂદ્રએ ક્ષુધાવડે પુત્ર, સ્ત્રી વિગેરે દુખી થતા હોય તો તેણે કારૂક કર્મ એટલે કે સુપડાં પંખા વિગેરે કરીને જીવન ચલાવવું અને પુત્રકલત્રાદિનો નિર્વાહ કરવો. ૯૯ જે પ્રચલિત કર્મો વડે દ્વિજાતિયોની સેવા કરાય છે તેને તથા નાના પ્રકારના શિલ્પોને પણ કારૂકકર્મ કહેવાય છે. ૧૦૦

वैश्यवृत्तिमनातिष्ठन्ब्राह्मणः स्वेपथिस्थितः । अवृत्तिकर्षितः सीदन्निमंधर्मसमाचरेत् ॥१०१॥ सर्वतः प्रतिगृह्णीयाद् ब्राह्मणस्त्वनयंगतः।

पवित्रंदुष्यतीत्येत- धर्मतोनोपपद्यते ॥ १०२ ॥ नाध्यापनाद्यजनाद्वा गर्हिता त्प्रतिग्रहात् । दोषो भवति विप्राणां ज्वलनाम्बुसमाहिते ॥१०३॥ जीवितात्ययमापन्नो योऽन्नमत्ति यतस्ततः। आकाशमिवपङ्केन [illegible]ते ॥ १०४ ॥

પોતાના માર્ગમાં સ્થિત રહેલો બ્રાહ્મણ જીવિકા વડે દુઃખી તથા ક્લેશયુક્ત થઇ વૈશ્ય વૃત્તિ પણ ન કરી શકે તો એવી વૃત્તિનું આચરણ કરે કે–૧૦૧ વિપત્તિ પ્રાપ્ત થયેલા બ્રાહ્મણે સર્વ પાસેથી પ્રતિગ્રહ લેવો; તેમા કાંઇજ હરકત નથી, કારણ કે પવિત્ર વસ્તુ દૂષિત થાય છે એમ ધર્મથી પ્રાપ્ત થતું નથી ૧૦૨ બ્રાહ્મણોને આપત્કાલમા નિંદિતને અધ્યયન કરાવવાથી, યજ્ઞ કરાવવાથી તેમજ તેવા પાસેથી પ્રતિગ્રહ લેવાથી દોષ પ્રાપ્ત થતો નથી. કારણ કે બ્રાહ્મણ, અગ્નિ તથા પાણી સમાન છે. ૧૦૩ જે પ્રાણનો નાશ થવાના વખતે જ્યાંથી પણ અન્ન ભોજન કરે છે તેને પૃથ્વિનો કાદવ જેમ આકાશને લાગતો નથી તેમ તેને પાપ લાગતું નથી (આ ચાર શ્લોક બ્રાહ્મણ ઉપર અતિશય આપત્કાલ આવ્યો હોય અને પ્રાણાંત થતો હોય ત્યારે જીવિકા ચલાવવા માટે છે.) ૧૦૪

"अजीगर्तः सुतं हन्तुमुपासर्पद्बुभुक्षितः । न चालिप्यत पापेन क्षुत्प्रतीकारमाचरन् ॥१०५॥ श्वमांसमिच्छन्नार्तोऽत्तुं धर्माऽधर्मविचक्षणः प्राणानां परिरक्षार्थं वामदेवो न लिप्तवान् ॥१०६॥ भरद्वाजः क्षुधार्तस्तु सपुत्रोविजनेवने । बह्वीर्गाः प्रतिजग्राह वृधोस्तक्ष्णोमहातपाः ॥१०७॥ क्षुधार्तश्चात्तुमभ्यागाद्विश्वामित्रः श्वजाघनीम् । चण्डालहस्तादादाय धर्माधर्मविचक्षणः ॥ १०८ ॥

" અજીગર્ત નામના ઋષિ જ્યારે બહુ ક્ષુધાથી પીડિત થવા લાગ્યા ત્યારે પોતાના પુત્રને મારી ખાવાને તૈયાર થઇ ગયા હતા, પરંતુ ક્ષુધા દૂર કરવા માટે એવું કર્મ કરનાર તે ઋષિ પાપ વડે લિપ્ત થયા નહિ. ૧૦૫ ધર્મ અને અધર્મને જાણનાર વામદેવ ઋષિએ પ્રાણોની રક્ષા કરવા માટે દુઃખી થતાં કુતરાંનું માસ ખાવાને ઇચ્છા કરતાં છતાં પણ તેને પાપ લાગ્યું નથી. ૧૦૬ નિર્જન વનમાં પુત્રની સાથે ક્ષુધા વડે પીડીત થયેલા મહા તપસ્વી ભરદ્વાજે વૃધુ નામના સુતારની ઘણી ગાયો ક્ષુધા શાંત

કરવા માટે પકડી હતી. ૧૦૭ ધર્માધર્મજ્ઞાનમાં હુશિયાર વિશ્વામિત્ર ક્ષુધા વડે પીડિત થતાં ચાંડાલના હાથથી કુતરાંની જાંગનું માંસ લઈને ખાવાને તૈયાર થયા હતા. ૧૦૮" (શ્લોક ૧૦૫થી ૧૦૮ સુધીના પ્રક્ષિપ્ત છે; કારણ કે અજીગર્ત તથા વામદેવ આદિની કથા જે ભૂતકાલથી વર્ણવી છે તે મનુ તથા ભૃગુના વખતમાં અસંભવિત છે.)

[illegible]याजनाद्वा तथैवाध्या[illegible]दपि । प्रतिग्रहः प्रत्यवरः प्रेत्य-विप्रस्य गर्हितः ॥१०९॥ याजनाध्यापने नित्यं क्रियेते संस्कृतात्म-नाम् । प्रतिग्रहस्तु क्रियते शूद्रादप्यन्त्यजन्मनः ॥११०॥ जपहोमैरपैत्ये नो याजना[illegible]ध्यापनैः कृतम् । प्रतिग्रहनिमित्तं तु त्यागेन तपसैव च ॥१११॥ शिलोञ्छमप्याददीत विप्रोऽजीवन्यतस्ततः । प्रतिग्रहाच्छिलः श्रेयांस्ततोऽप्युञ्छः प्रशस्यते ॥ ११२ ॥

ગર્હિત મનુષ્યોનાં પ્રતિગ્રહ, યાજન અને અધ્યાપનમાંથી પ્રતિગ્રહ છે તે પરલોકમાં નિચતાનો હેતુ બ્રાહ્મણને છે. ૧૦૯ યાજન અને અધ્યાપન તો જે ઉપનયનાદિ સંસ્કાર પામેલા હોય તેનેજ કરાવાય છે. પરંતુ પ્રતિગ્રહ તો અંત્ય જન્મવાળા શૂદ્ર પાસેથી પણ લેવાય છે. (માટે અધમ છે.) ૧૧૦ અસત્ યાજન અને અધ્યાપનવડે કરેલું પાપ તો જપ અને હોમ કરવાથી નાશ પામે છે. પરંતુ અસત્પ્રતિગ્રહ નિમિત્તે થયેલું પાપ તો તપ કર્યાથી તથા ત્યાગ કરવાથી દૂર થાય છે. ૧૧૧ બ્રાહ્મણ જો પોતાની વૃત્તિવડે જીવન ન ચલાવી શકે તો આમ-તેમથી શિલોઞ્છ, વૃત્તિવડે જીવન ચલાવવું પરંતુ બનતાં સુધી પ્રતિગ્રહ ન લેવો, કેમકે પ્રતિગ્રહ કરતાં ખેતરમાંથી ધણીના લઈ ગયા પછી પડેલું અનાજ વિણીને ખાવું તે શ્રેષ્ઠ છે અને તેના કરતાં પણ જેઓ તેવું ખેતરમાંનું ધાન્ય વિણી ગયા હોય અને પછી તેમાંથી વિણીને જે મળે તે લઈને ખાવું એ શ્રેષ્ઠ છે. ૧૧૨

सीदद्भिः [illegible]प्यमिच्छाद्भिर्धनं वा पृथिवीपतिः । याच्यः स्यात्स्नातकैर्विप्रै[illegible]ति ॥११३॥ अकृतं च कृतात्क्षेत्राद् गौरजाविकमेवच । हिरण्यंधान्यमन्नंच [illegible]पूर्वमदोषवत् ॥११४॥ सप्तवित्तागमाधर्म्या [illegible]याः लाभः क्रयोजयः । प्रयोगः क[illegible]यागश्च सत्प्रतिग्रह[illegible]

च ॥११५॥ विद्याशिल्पंभृतिः सेवा गोरक्षंविपणिः कृषिः । धृतिर्भैक्ष्यं कुसीदं च दश जीवन तवः ॥११६॥

ધનના અભાવથી પોષણને માટે કુટુંબ દુ:ખી થતું હોય ત્યારે ધાન્ય રૂપને ઈચ્છતા સ્નાતક બ્રાહ્મણોએ રાજા પાસે જઈને યાચના કરવી, પરંતુ જે રાજા આપવાની ઇચ્છા ન રાખતો હોય તો તેનો ત્યાગ કરવો અર્થાત્ તેવા પાસે યાચના કરવી અયોગ્ય છે. ૧૧૩ તૈયાર કરેલા ક્ષેત્ર કરતાં ખેતી માટે નહિં તૈયાર કરેલ ક્ષેત્ર, ગાય, બકરી, ઘેટા, સુવર્ણ, ધાન્ય અને અન્નમાં પ્રથમ પ્રથમ દોષ ઓછો હોય છે. ૧૧૪ ધર્મથી પ્રાપ્ત એ સાત પ્રકારના ધનનું પ્રાપ્ત થવું ધર્માનુકૂલ છે. જેમકે એક તો વંશથી ચાલતો આવેલો ધનનો દાય ભાગ, બીજું ભૂમિ આદિમા દબાઈ રહેલું ધન મળી જાય તે, ત્રીજું કાંઇ વેચીને ધન પ્રાપ્ત કરવું તે, ચોથું સંગ્રામમા જીતીને મેળવેલું, પાચમું વ્યાજ આદિથી અથવા ખેતીથી વધેલું તે, છઠું નોકરી કરી ધન મેળવ્યું હોય તે, અને સાતમું સજ્જન પાસેથી દાન મળ્યું હોય તે. ૧૧૫ વિદ્યા, કારીગરી, ચાકરી, સેવા, પશુરક્ષા, દુકાનદારી, ખેતી, સંતોષ, ભિક્ષા અને વ્યાજ લેવું એ દશ જીવનના હેતુ છે. ૧૧૬

ब्राह्मणः क्षत्रियोवापि वृद्धिंनैवप्रयोजयेत् । कामंतुखलुधर्मार्थं दद्यात्पापीयसेऽल्पिकाम् ॥११७॥ चतुर्थमाददानोऽपि क्षत्रियो भागमापदि । प्रजारक्षन्परंशक्त्या किल्बिषात्प्रति मुच्यते ॥११८॥ स्वधर्मो विजयस्तस्य नाहवे स्यात्पराङ्मुखः । शस्त्रेण वैश्यान् रक्षित्वा धर्म्यमाहारयेद्बलिम् ॥११९॥ धान्येऽष्टमं विंशं शुल्कं विंशंकार्षापणावरम् । कर्मोपकरणाः शूद्राः कारवः शिल्पिनस्तथा ॥ १२० ॥

બ્રાહ્મણે અથવા ક્ષત્રિયે વ્યાજ લઇને દ્રવ્યની વૃદ્ધિ કદાપિ ન કરવી, કદાપિ આપત્કાલમાં ધર્મ કર્મના નિર્વાહ માટે તેમ કરવું પડે તો થોડું વ્યાજ લઇને નિર્વાહ કરવો. ૧૧૭ આપત્કાલમા રાજા ધનાદિનો ચોથો ભાગ પણ ચાહે તો કર તરીકે લેતો હોય પરંતુ શક્તિ પ્રમાણે પ્રજાનું રક્ષણ કરવાથી અધિક કર લેવાનું પાપ તેને લાગતું નથી. ૧૧૮ શત્રુનાપર વિજય મેળવવો એજ તેનો ધર્મ છે. અને સંગ્રામમાં પીઠ ન બતાવવી. શસ્ત્રથી વૈશ્યોની રક્ષા કરવી અને તેની પાસેથી યોગ્ય કર લેવો. ૧૧૯ આપત્કાલમાં વૈશ્યો પાસેથી ધાન્યના વેચાણના નફામાંથી આઠમો ભાગ રાજાએ

લેવો. અને કાર્ષાપણ સુધીના આહુકારી ધંધાના લાભમાંથી વીસમો ભાગ લેવો. તથા શુદ્રો, કારીગરો અને સુતાર વિગેરે પાસેથી તો કામ કરાવીને કાર્યરૂપ કર લેવો. ૧૨૦

शूद्रस्तुवृत्तिमाकाङ्क्षन्क्षत्रमाराधयेद्यदि। धनिनंवाप्युपाराध्य वैश्यं शूद्रोजिजीविषेत् ॥ १२१॥ स्वर्गार्थमुभयार्थंवा विप्रानाराधयेत्तुसः। जातब्राह्मणशब्दस्य साह्यस्यकृतकृत्यता ॥१२२॥ विप्रसेवैव शूद्रस्य विशिष्टं कर्म कीर्त्यते। यदतोऽन्यद्धि कुरुते तद्भवत्यस्य निष्फलः ॥१२३॥ प्रकल्प्या तस्य तैर्वृत्तिः स्वकुटुम्बाद्यथार्हतः। शक्तिं चा वेक्ष्य दाक्ष्यं च भृत्यानां च परिग्रहम् ॥ १२४॥

જીવિકાની ઇચ્છા કરનાર શુદ્રએ ક્ષત્રિયની સેવા કરવી અથવા ધનવાન વૈશ્યની સેવા કરીને જીવિકા ચલાવવાની ઇચ્છા રાખવી, ૧૨૧ સ્વર્ગને માટે અથવા સ્વર્ગ તથા પોતાની જીવિકા એ બંનેને માટે શુદ્રએ બ્રાહ્મણની સેવા કરવી. દુનિયામાં " આ બ્રાહ્મણનો સેવક છે " એટલા શબ્દ માત્રથી તે શુદ્રની કૃત કૃત્યતા જાણવી. ૧૨૨ બ્રાહ્મણની સેવા કરવી તેજ શુદ્રનું સમગ્ર કર્મ છે. અને તેનાથી જે કાંઇ બીજું કરે છે ત સર્વ તેનું નિષ્ફલ થાય છે. ૧૨૩ તે શુદ્ર સેવકની સેવા, સામર્થ્ય, કામમાં હુશિયારી, અને તેનાં ઘરના પોષ્ય વર્ગનો ખર્ચ, એ સર્વનો વિચાર કરીને આપણા ઘરની સ્થિતિ અનુસાર જીવિકા કરી આપવી જોઇએ ૧૨૪

उच्छिष्टमन्नंदातव्यं जीर्णानिवसनानिच। पुलाकाश्चैवधान्यानां जीर्णाश्चैव परिच्छदाः ॥ १२५ ॥ न शूद्रे पातकंकिञ्चिन्न च संस्कारमर्हति। नास्याधिकारो धर्मेऽस्ति न धर्मात्प्रतिषेधनम् ॥ १२६ ॥ धर्मेप्सवस्तु धर्मज्ञाः सतां वृत्तमनुष्ठिताः। मन्त्रवर्ज न दुष्यन्ति प्रशंसां प्राप्नुवन्ति च ॥ १२७ ॥ यथा यथा हि सद्वृत्तमातिष्ठत्यनसूयकः ॥ तथा तथेमं चामुं च लोकं प्राप्नोत्यनिन्दितः ॥ १२८ ॥

ભોજન કર્યા પછી વધેલું અન્ન, જુનાં પહેરવાનાં વસ્ત્રો, ધાન્યોનું છાંટણ તથા જુનાં વાસણો તેને આપવાં. ૧૨૫ સેવક શુદ્રને પાપ લાગતું નથી, અને તે સંસ્કાર કરવા પણ યોગ્ય નથી, દ્વિજોના ધર્મમાં તેનો અધિકાર નથી અને પોતાના ધર્મનો નિષેધ નથી. ૧૨૬ ધર્મની ઇચ્છા-

વાળા, તથા ધર્મને જાણવાવાળા શૂદ્રો સત્પુરૂષના આચરણનું મંત્ર વર્જીત સેવન કરતાં દોષ પામતા નથી, કિંતુ પ્રશંસાને પાત્ર થાય છે. ૧૨૭ શૂદ્ર કોઇની પણ નિંદા કર્યા શિવાય જેમ જેમ સદાચરણમાં રહે છે તેમ તેમ આ લોક તથા પરલોકને નિંદારહિત થઇને પામે છે. ૧૨૮

शक्तेनापि शूद्रेण न कार्योधनसंचयः । शूद्रोहि धनमासद्य ब्राह्मणानेव बाधते ॥१२९॥ एते चतुर्णां वर्णानामापद्धर्माः प्रकीर्तिताः। यान्सम्यगनुतिष्ठन्तो व्रजन्ति परमां गतिम् ॥१३०॥ एषधर्मविधिः कृत्स्नश्चातुर्वर्ण्यस्य कीर्तितः । अतः परं प्रवक्ष्यामि प्रायश्चित्तविधिं शुभम् ॥ १३१ ॥

શક્તિમાન શૂદ્રે પણ ધનનો સંચય કરવો નહિં. જો શૂદ્ર ઘણું ધન પ્રાપ્ત કરે તો બ્રાહ્મણોનેજ દુખી કરે છે. ૧૨૯ એ પ્રમાણે ચારે વર્ણોના આપત્કાલના ધર્મો કહ્યા; કે જેને સારી રીતે અનુષ્ઠાન કરનારાઓ પરમ-ગતિને પ્રાપ્ત થાય છે.૧૩૦ આ ચારે વર્ણનો સમગ્ર ધર્મનો વિધિ કહ્યો. હવે શુભકારી પ્રાયશ્ચિત્તનો વિધિ તમને કહું છું. ૧૩૧

इति मानव धर्मशास्त्रे दशमोऽध्यायः ॥ १०॥

ઇતિ મનુસ્મૃતિ ગુજરાતી સરલ ટીકાનો દશમો અધ્યાય સમાપ્ત.

ओश्म्.

अथ एकादशोऽध्यायः

सान्तानिकं यक्ष्यमाणमध्वगं सर्ववेदसम् । गुर्वर्थं पितृमात्रर्थं स्वाध्यायार्थ्युपतापिनौ ॥१॥ नवैतान्स्नातकान्विद्याद्ब्राह्मणान् धर्मभिक्षुकान् । निःस्वेभ्योदेयमेतेभ्योदानं विद्याविशेषतः ॥२॥ एतेभ्योहि द्विजाग्र्येभ्यो देयमन्नं सदक्षिणम् । इतरेभ्योबहिर्वेदि कृतान्नं देयमुच्यते ॥३॥ सर्वरत्नानि राजा तु यथार्हं प्रति पादयेत् । ब्राह्मणान्वेदविदुषो यज्ञार्थं चैव दक्षिणान् ॥ ४ ॥

સંતાનને માટે વિવાહના પ્રયોજનવાળો તથા જ્યોતિષ્ટોમાદિ યાગ કરવાવાળો તેમજ સન્માર્ગપર ચાલનાર તથા જેમાં સર્વસ્વ દક્ષિણામાં આપે તેવો યજ્ઞ કરનાર, ગુરૂ, પિતા અને માતાને માટે ધનની ઇચ્છા કરનાર, સ્વાધ્યાયના પ્રયોજનવાળો, અને રોગી, ૧ એ પ્રમાણે નવ ધર્મ ભિક્ષુક બ્રાહ્મણોને સ્નાતક જાણવા. અને તેઓ નિર્ધન હોય તો તેઓને વિદ્યાની વિશેષતાને અનુસાર દાન આપવું. ૨ એ દ્વિજશ્રેષ્ઠોને દક્ષિણા સાથે અન્નદાન આપવું. અને બીજાઓને વેદીના બહાર પરિપક્વ કરેલું અન્ન આપવું. ૩ રાજાએ વેદને જાણનાર બ્રાહ્મણોને યજ્ઞને માટે દક્ષિણા તથા સર્વ રત્નો આપવાં. ૪

कृतदारोऽपरान्दारान्भिक्षित्वायोऽधिगच्छति । रतिमात्रं फलं तस्य द्रव्यदातुस्तु सन्ततिः ॥५॥ धनानि तु यथाशक्ति विप्रेषु प्रतिपादयेत्। वेदवित्सु विविक्तेषु प्रेत्य स्वर्गं समश्नुते ॥६॥ यस्य त्रैवार्षिकं भक्तं पर्याप्तं भृत्यवृत्तये । अधिकं वापि विद्येत स सोमं पातुमर्हति ॥ ७ ॥ अतः स्वल्पीयसि द्रव्ये यः सोमं पिबति द्विजः । स पीतसोमपूर्वोऽपि न तस्याप्नोति तत्फलं ॥ ८ ॥

જે વિવાહિત પુરૂષ ભિક્ષા માંગીને બીજી સ્રિયો સાથે વિવાહ કરે છે તો તેને રતિ માત્ર ફલ થાય છે અને તેને જે સંતતિ થાય છે તે દાન આપનારની કહેવાય છે. ૫ વેદને જાણનાર તેમજ પુત્ર કલત્રાદિ આસક્તિ રહિત બ્રાહ્મણોને યથાશક્તિ ગાય, પૃથ્વિ, હિરણ્યાદિ ધન આપવું, જેથી પરલોકમાં સ્વર્ગ પ્રાપ્તિ થાય છે. ૬ જેની પાસે પોતાના કુટુંબના પોષણ માટે ત્રણ વર્ષ સુધી ચાલે તેટલું પર્યાપ્ત ધન હોય તેણે અથવા તેનાથી અધિક ધન હોય તેણે સોમયાગ કરવો યોગ્ય છે. ૭ એનાથી થોડાં દ્રવ્યમા જે દ્વિજ સોમયાગ કરે તેનો પ્રથમનો સોમયાગ પણ સંપન્ન થતો નથી. અર્થાત્ પ્રથમ જે નિત્ય સોમયાગ છે તેનું પણ ફળ મળતું નથી તો પછી બીજો કામ્ય સોમયાગ તો કયાથીજ સિદ્ધ થાય? ૮

शक्तः परजने दाता स्वजने दुःखजीविनि । मध्वापातोविषास्वादःस धर्मप्रतिरूपकः ॥९॥ भृत्यानामुपरोधेन यत्करोत्यौर्ध्वदेहिकम् । तद्भवत्यसुखोदर्कं जीवतश्च मृतस्य च ॥१०॥ यज्ञश्चेत्प्रतिरुद्धः स्यादेकेनाङ्गेन यज्वनः । ब्राह्मणस्य विशेषेण धार्मिके सति राजनि ॥११॥ योवैश्यः स्याद्बहुपशुर्हीनक्रतुरसोमपः । कुटुम्बात्तस्य तद् द्रव्य माहरेद्यज्ञसिद्धये ॥ १२ ॥

પોતાનાં કુટુંબીઓ ભૂખથી દુખી થતા હોય અને પરજનને દાન આપવામાં શક્તિમાન હોય તે મનુષ્ય મધના સ્વાદનો ત્યાગ કરી વિષનો સ્વાદ લેનાર ધર્મ વિરોધી જાણવો. ૯ અવસ્ય પોષણ કરવા યોગ્ય સ્રિ તથા પુત્ર આદિને કલેશ આપીને પણ જે ધર્મબુદ્ધિ વડે પરલોકમાં સુખ મેળવવાને માટે દાનાદિ ક્રિયાઓ કરે છે, તે જીવતાં છતા આ લોકમાં અને મરણ પામ્યા પછી પરલોકમાં દુઃખ ફળ ભોગવે છે. ૧૦ ધાર્મિક રાજા છતાં યજ્ઞ કરનાર ક્ષત્રિયનો તથા વિશેષે કરીને બ્રાહ્મણનો યજ્ઞ એક અંગ વડે રોકાયો હોય તો—૧૧. વૈસ્ય ઘણા પશુવાળો હોય, યજ્ઞ ન કરનાર હોય, સોમયજ્ઞ નહીં કરનાર હોય, તેના કુટુંબમાંથી યજ્ઞની સિદ્ધિને માટે તેટલું ઘટતું દ્રવ્ય લઇ લેવું. ૧૨

आ रेत्त्रीणिवाद्वे वा कामं शूद्रस्य वेश्मनः । न हि शूद्रस्य यज्ञेषु कश्चि त्स्ति परिग्रहः ॥१३॥ योऽनाहिताग्निः शतगु रयज्वा च सहस्रगुः ।

तयोरपि कुटुम्बाभ्यामाहरेदविचारयन् ॥१४॥ आदाननित्याच्चादातु-
राहरेदप्रयच्छतः । तथा यशोऽस्य प्रथते धर्मश्चैव प्रवर्धते ॥१५॥ तथैव
सप्तमे भक्ते भक्तानि षडनश्नता । अश्वस्तनविधानेन हर्तव्यं हीन-
कर्मणः ॥ १६ ॥

અથવા યજ્ઞના બે અથવા ત્રણ અંગ રહિત હોય તો શૂદ્રના ઘરથી પણ તેતે વસ્તુઓની પૂર્તિ માટે લાવવું. કારણું કે યજ્ઞોમાં શૂદ્રને કાંઇ પણ ખર્ચ હોતોજ નથી. ૧૩ જે પુરૂષ અગ્નિહોત્ર કરનારો ન હોય અને તેની પાસે સો ગાય જેટલું ધન હોય અથવા જે યજ્ઞ કરનાર ન હોય અને તેની પાસે એક હજાર ગાયો જેટલું ધન હોય તો તે બંનેના કુટુંબમાથી કાઇપણુ વિચાર કર્યા શિવાય યજ્ઞ સિદ્ધિને માટે ધન લઇ આવવું. ૧૪ જે મનુષ્ય દાનનો પ્રતિગ્રહ હંમેશાં કરતો હોય પરતુ દાન બીલકુલ ન કરતો હોય તો તેના ઘરમાથી યજ્ઞસિદ્ધિને માટે તે ધન ન આપે તોપણ લઈ આવવું; કારણુ કે તેમ કરવાથી યશ વધે છે અને ધર્મ વૃદ્ધિ પામે છે. ૧૫ જે બ્રાહ્મણુ ત્રણુ દિવસનો ભૂખ્યો હોય અર્થાત્ સાયં પ્રાતઃ મળીને ૭ વખતે ભોજન ન મળ્યુ હોય અને સાતમો વખત પ્રાપ્ત થાય એટલે કે ચોથે દિવસે પોતાના ભોજનને માટે હીનકર્મ મનુષ્યના ઘરમાંથી તેની આજ્ઞા મેળવ્યા શિવાય પણુ લેવું. પરંતુ તે એક દિવસના ભોજન પુરતુજ લેવું. બીજે દિવસે પણુ ચાલે તેટલું ન લેવું. ૧૬

खलात्क्षेत्रादगाराद्वा यतोवाप्युपलभ्यते । आख्यातव्यं तु तत्त-
स्मै पृच्छतेयदिपृच्छति ॥१७॥ ब्राह्मणस्वं न हर्तव्यं क्षत्रियेण कदाचन ।
दस्युनिष्क्रिययोस्तु स्वमजीवन्हर्तुमर्हति ॥ १८॥ योऽसाधुभ्योऽर्थमादाय
साधुभ्यः संप्रयच्छति । स कृत्वाप्लवमात्मानं संतारयति तावुभौ
॥१९॥ यद्धनं यज्ञशीलानां देवस्वं तद्विदुर्बुधाः । अयज्वनां तु यद्वि-
त्तमासुरस्वं तदुच्यते ॥ २० ॥

ખળાયોમાંથી, ક્ષેત્રમાંથી અથવા ઘરમાંથી અથવા જ્યાંથી હિનકર્મનું ધન પ્રાપ્ત થાય ત્યાંથી ઉપરોક્ત પ્રકારે ભૂખ્યા મનુષ્યે લેવુ. એવામાં જો ધનનો સ્વામિ તેને પુછે તો તેને સ્પષ્ટ કહી દેવું કે ૭ સમય થયાં ભૂખ્યો હતો માટે મેં આ ધાન્ય લીધું છે. ૧૭ એવી ક્ષુધાતુર અવસ્થામાં પણ ક્ષત્રિયે

બ્રાહ્મણનું દ્રવ્ય લેવું નહિં; જો ક્ષુધાવડે ક્ષત્રિય મરીજ જતો હોય તો ક્રિયાહીન મનુષ્ય અથવા ચોરનું ધન હરણ કરી લેવા યોગ્ય છે. ૧૮ જે મનુષ્ય અસાધુ પુરૂષો પાસેથી દ્રવ્ય લઇને સાધુ પુરૂષોને આપે છે તે પોતાના આત્માને હોડી (નાવ) બનાવીને બંનેને તારે છે. ૧૯ યજ્ઞ કર્માચરણ કરનારાઓનું જે ધન છે તેને વિદ્વાન પુરૂષો દેવધન કહે છે અને યજ્ઞ કર્મ ન કરનારાઓનું ધન છે તે અસુરનું દ્રવ્ય કહેવાય છે. ૨૦

न तस्मिन्धारयेद्दण्डं धार्मिकः पृथिवीपतिः । क्षत्रियस्य हि बालिश्याद्ब्राह्मणः सीदति क्षुधा ॥२१॥ तस्यभृत्यजनंज्ञात्वा स्वकुटुम्बान्महीपतिः । श्रुतशीलेचविज्ञाय वृत्तिंधर्म्यां प्रकल्पयेत् ॥२२॥ कल्पयित्वाऽस्यवृत्तिंच रक्षेदेनंसमन्ततः । राजाहिधर्मषड्भागं तस्मात्प्राप्नोति रक्षितात् ॥२३॥ न यज्ञार्थं धनं शूद्राद्विप्रोभिक्षेत कर्हिचित् । यजमानोहि भिक्षित्वा चण्डालः प्रेत्य जायते ॥२४॥

ધાર્મિક રાજાએ તેવા ત્રણ દિવસ ભૂખ્યા રહેલા અને ચોથે દિવસે ઉપરોક્ત પ્રકારે ધાન્ય મેળવી પોષણ કરનાર બ્રાહ્મણને દંડ નહિ કરવો. કારણકે રાજાની મૂર્ખતાથીજ બ્રાહ્મણ ક્ષુધાવડે દુઃખી થાય છે. ૨૧ રાજાએ તો તે બ્રાહ્મણના ઘરમાં જેટલાં પોષણ કરવા યોગ્ય હોય તેને તથા તેની વિદ્યા તથા સદાચારને જાણીને પોતાના ઘરમાંથી ધર્મ પ્રમાણે તે બ્રાહ્મણની જીવિકા બાંધી આપવી જોઇયે. ૨૨ એ પ્રમાણે તેની જીવિકાનો પ્રબંધ કરી આપીને તેનું સર્વ રીતે રક્ષણ કરવું. કારણકે તેનું રક્ષણ કરવાથી તેના ધર્મ કાર્યમાંથી છઠ્ઠો ભાગ રાજાને મળે છે. ૨૩ વિપ્રે કોઇ પણ વખતે યજ્ઞને માટે શૂદ્ર પાસેથી ધનની ભિક્ષા માંગવી નહિં, કેમકે શૂદ્ર પાસેથી ભીખ માંગીને યજ્ઞ કરનાર વિપ્ર મરણ પામ્યા પછી ચાંડાળયોનિમાં જન્મ લે છે. ૨૪

यज्ञार्थमर्थंभिक्षित्वा योनसर्वंप्रयच्छति । सयातिभासतांविप्रः काकतां वा शतं समाः ॥२५॥ देवस्वं ब्राह्मणस्वं वा लोभेनोपहिनस्ति यः । स पापात्मा परे लोके गृध्रोच्छिष्टेन जीवति ॥२६॥ इष्टिंवैश्वानरीं नित्यं निर्वपे [illegible] पशुसोमानां नि- [illegible]

॥२७॥ आपत्कल्पेन योधर्मं कुरुतेऽनापदि द्विजः । स नाप्नोति फलं तस्य परत्रेति विचारितम् ॥ २८ ॥

જે મનુષ્ય યજ્ઞને માટે દ્રવ્યની ભિક્ષા માગી લાવીને તે સર્વ યજ્ઞમાં ન વાપરે, તો તે મનુષ્ય સો વર્ષ સુધી ચીમોડીયાંની (ચામાં ચીઠીયાંની) યોનિ પામે છે, અથવા કાગડાની યોનિ પામે છે. ૨૫ જે મનુષ્ય દેવનું ધન એટલે કે યજ્ઞ કાર્ય માટે વાપરવાનું ધન તથા બ્રાહ્મણનુ લોભવડે ધન હરણ કરે છે, તે પાપાત્મા મનુષ્ય પરલોકમા એટલે બીજા જન્મમાં ગીધના ઉચ્છિષ્ટથી જીવનારો થાય છે. ૨૬ અબ્દ પર્યયમાં (વર્ષ સમાપ્તિ થાય અને બીજા વર્ષની પ્રવૃત્તિ થાય તે અબ્દ પર્યય કહેવાય છે.) એટલે કે ચૈત્ર શુકલાદિ વર્ષના આરંભમાં વિહિત સોમયાગો ન થઇ શકયા હોય તો તેના દોષની નિવૃત્તિને માટે સર્વદા શૂદ્રાદિ પાસે પૂર્વોક્ત ધન હરણવડે વૈશ્વાનરી ઇષ્ટિ કરવી. ૨૭ જે દ્વિજ આપત્કાલમાં કરવા યોગ્ય ધર્મને અનાપત્કાલમા કરે તો તે કર્મનું ફલ તેને પરલોકમા મળતુ નથી, એ નિશ્ચય છે. ૨૮

विश्वैश्च देवैः साध्यैश्च ब्राह्मणैश्च महर्षिभिः । आपत्सु मरणाद्भीतैर्विधेः प्रतिनिधिः कृतः ॥२९॥ प्रभुः प्रथमकल्पस्य योऽनुकल्पेन वर्तते। न साम्परायिकं तस्य दुर्मतेर्विद्यते फलम् ॥३०॥ न ब्राह्मणोवेदयेत किञ्चिद्राजनि धर्मवित् । स्ववीर्येणैव तान् शिष्यान्मानवानपकारिणः ॥३१॥ स्ववीर्याद्राजवीर्याच्च स्ववीर्यं बलवत्तरम् । तस्मात्स्वेनव वीर्येण निगृह्णीयादरीन्द्विजः ॥ ३२ ॥

સર્વ દેવો, સાધ્યો અને મહર્ષિયો તથા બ્રાહ્મણોએ આપત્કાલમાં મરણના ભયથી વિધિના પ્રતિનિધિરૂપ આપદ્ધર્મ નિયમિત કરેલો છે. ૨૯ જે મુખ્ય ધર્મકર્માનુષ્ઠાન કરવાને સમર્થ હોય છતાં આપત્કાલના પ્રતિનિધિરૂપ ધર્મવડે અનુષ્ઠાન કરે તે દુષ્ટ બુદ્ધિવાળા મનુષ્યને પારલૌકિક ફલ મળતું નથી. ૩૦ ધર્મને જાણનાર બ્રાહ્મણે પોતાનુ કાંઇ થોડું નુકસાન કોઇ કરે તો તે રાજાને કહેવું નહિ. કિંતુ પોતાનાંજ પરાક્રમવડે તે અપકાર કરનાર મનુષ્યોને શિક્ષા કરવી ૩૧ સ્વસામર્થ્ય તથા રાજસામર્થ્ય એ બેમાંથી પોતાનું સામર્થ્ય ઘણું બલવાળું જાણવું; માટે દ્વિજે પોતાના વીર્યવડેજ શત્રુ માટેનો નિગ્રહ કરવો. ૩૨

श्रुतीरथर्वाङ्गिरसीः कुर्यादित्यविचारयन् । वाक्शस्त्रं वै ब्राह्मणस्य तेन हन्यादरीन्द्विजः ॥३३॥ क्षत्रियोबाहुवीर्येण तरेदापदमात्मनः । धनेन वैश्यशूद्रौ तु जपहोमैर्द्विजोत्तमः ॥ ३४ ॥ विधाता शासिता वक्ता मैत्रोब्राह्मणउच्यते । तस्मै नाकुशलं ब्रूयान्न शुष्कां गिरमीरयेत् ॥३५॥ न वै कन्या न युवतिर्नाल्पविद्योन बालिशः । होता स्यादग्निहोत्रस्य नार्तोनासंस्कृतस्तथा ॥ ३६ ॥

દુષ્ટ પુરૂષોનાપર અભિચાર કરનારી અથર્વવેદની અંગિરા સંબંધી શ્રુતિનો પ્રયોગ જલદી કરવો; કારણકે અભિચારના ઉચ્ચારણ કરવારૂપ શસ્ત્રવાળો બ્રાહ્મણ હોવાથી બ્રાહ્મણની વાણી તેજ શસ્ત્ર છે અને તે શસ્ત્ર વડે બ્રાહ્મણે શત્રુઓનો નાશ કરવો. ૩૩ ક્ષત્રિયે પોતાના ઉપર આવેલી આપત્તિ પોતાના બાહુબળ વડે દૂર કરવી, વૈશ્ય અને શૂદ્રોએ ધન વડે આપત્તિ દૂર કરવી; તેમજ બ્રાહ્મણે જપ અને હોમ વડે આપત્તિ દૂર કરવી. ૩૪ વિહિત કર્મોનું અનુષ્ઠાન કરનાર, પુત્ર તથા શિષ્યાદિને શિક્ષા આપનાર, પ્રાયશ્ચિતાદિ ધર્મોનો વક્તા તથા સર્વ પ્રાણી માત્રના પર મિત્રતા રાખનાર બ્રાહ્મણ કહેવાય છે; તેને કાંઇ પણ અકુશલ ન કહેવું અને તેની સાથે શુષ્ક વાણી પણ ન બોલવી. ૩૫ કન્યા, યુવતી, થોડીવિદ્યાવાળો, મૂર્ખ, રોગી, અને સસ્કાર રહિત હોય તે અગ્નિહોત્રનો હોતા થઇ શકતો નથી અર્થાત્ તેવાને હોતા કરવો નહિ. ૩૬

नरके हि पतन्त्येते जुह्वतः स च यस्य तत्। तस्माद्वैतानकुशलो होता स्याद्वेदपारगः ॥ ३७ ॥ प्राजापत्यमदत्त्वाश्वमग्न्याधेयस्य दक्षिणाम् । अनाहिताग्निर्भवति ब्राह्मणोविभवे सति ॥३८॥ पुण्यान्यन्यानिकुर्वीतश्रद्दधानोजितेन्द्रियः । नत्वल्पदक्षिणैर्यज्ञैर्यजेतेह कथञ्चन ॥३९॥ इन्द्रियाणि यशः स्वर्गमायुः कीर्तिं प्रजाः पशून् । हन्त्यल्पदक्षिणोयज्ञस्तस्मान्नाल्पधनोयजेत् ॥ ४० ॥

તે કન્યા આદિ જો હોમ કરે તો નરકમાં પડે છે. અને જે યજમાનનો તે અગ્નિહોત્ર હોય તે યજમાન પણ નરકમાં પડે છે. તેટલા માટે શ્રૌત કર્મમાં પ્રવીણ સંપૂર્ણ વેદાધ્યયન કરેલાને હોતા બનાવવો. ૩૭ ધનની સંપત્તિ

છતાં પ્રજાપતિ દેવતવાળો અશ્વની તથા અગ્ન્યાધાનમાં દક્ષિણા જો બ્રાહ્મણ ન આપે તો તે બ્રાહ્મણ અગ્ન્યાધાન રહિત થઇ જાય છે. અર્થાત્ તેને આધાનનું ફલ મળતું નથી. ૩૮ જીતેન્દ્રિય શ્રદ્ધાવાળા પુરૂષે બીજાં પૂણ્ય કર્મો કરવાં, પરંતુ શાસ્ત્રોકત દક્ષિણાથી અલ્પ દક્ષિણાઓ વડે યજ્ઞ ન કરવો. ૩૯ થોડી દક્ષિણાવાળો યજ્ઞ ઇન્દ્રિયો, યશ, સ્વર્ગ, આયુ, કીર્તિ, પ્રજા, અને પશુઓનો નાશ કરે છે; તે માટે થોડા ધનવાળાએ યજ્ઞ ન કરવો. ૪૦

अग्निहोत्र्यपविध्याग्नीन् ब्राह्मणः कामकारतः । चान्द्रायणं चरेन्मासं वीरहत्यासमं हि तत् ॥४१॥ ये शूद्रादधिगम्यार्थमग्निहोत्रमुपासते । ऋत्विजस्ते हि शूद्राणां ब्रह्मवादिषु गर्हिताः ॥ ४२ ॥ तेषां सततमज्ञानां वृषलाग्न्युपसेविनाम् । पदा मस्तकमाक्रम्य दाता दुर्गाणि संतरेत् ॥ ४३ ॥अकुर्वन्विहितं कर्म निन्दितं च समाचरन् । प्रसक्तश्चेन्द्रियार्थेषु प्रायश्चित्तीयते नरः ॥ ४४ ॥

જે અગ્નિહોત્રી બ્રાહ્મણ પોતાની ઇચ્છાથી સાય પ્રાતઃ અગ્નિમાં હોમ ન કરે તો તેણે એક માસનુ ચાંદ્રાયણ વ્રત કરવું તો શુદ્ધ થાય છે, કારણકે તે હોમ ન કરનારને પુત્રહત્યા સમાન પાપ લાગે છે. ૪૧ જેઓ શૂદ્ર પાસેથી દ્રવ્ય લઇને અગ્નિ હોત્ર કરે છે તે વેદ વાદીઓમાં નિન્દિત કેહેવાય છે. કારણકે તે શૂદ્રોના બ્રાહ્મણો કેહેવાય છે. ૪૨ તે શૂદ્રો પાસેથી ધન લઇને હમેશા અગ્નિ હોત્રાદિ યજ્ઞ કરનારા અજ્ઞાની બ્રાહ્મણોના મસ્તક ઉપર પગ મુકીને તે દાતા શૂદ્રો પાપોને તરે છે. ૪૩ શાસ્ત્ર વિહિત કર્મ ન કરનાર તથા નિન્દિત કર્મ કરનાર તેમજ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત રેહેનાર મનુષ્ય પ્રાયશ્ચિત કરવા યોગ્ય થાય છે. ૪૪

अकामतःकृतेपापेप्रायश्चित्तंविदुर्बुधाः । कामकारकृतेऽप्याहुरेके श्रुतिनिदर्शनात् ॥ ४५ ॥ अकामतःकृतं पापं वेदाभ्यासेन शुध्यति । कामतस्तु कृत मोहात्प्रायश्चित्तैः पृथग्विधैः ॥ ४६ ॥ प्रायश्चित्तीयतां प्राप्य दैवात्पूर्वकृतेन वा । न संसर्गं व्रजेत्सद्भिः प्रायश्चित्तेऽकृते द्विजः ॥४७॥ इह दुश्चरितैः केचित्केचित्पूर्वकृतैस्तथा । प्राप्नुवन्ति दुरात्मानो नरा रूपविपर्ययम् ॥ ४८ ॥

વિદ્વાન પુરૂષો વગર ઇચ્છાએ કરેલાં પાપમાં પ્રાયશ્ચિત કહે છે; અને કેટલાએક વિદ્વાનો શ્રુતિના આધારે કહે છે કે ઇચ્છાપૂર્વક કરેલાં પાપમાં પણ પ્રાયશ્ચિત થાય છે. ૪૫ ઇચ્છા વિના કરેલા પાપની વેદાભ્યાસ વડે શુદ્ધિ થાય છે અને મોહવશ થઇ ઇચ્છાપૂર્વક કરેલાં પાપની શુદ્ધિ નાના પ્રકારનાં પ્રાયશ્ચિત્તો વડે થાય છે. ૪૬ દૈવ વશથી અથવા પૂર્વ જન્મના પાપથી પ્રાયશ્ચિત્ત કરવાને યોગ્ય થયેલા દ્વિજે પ્રાયશ્ચિત્ત કર્યા શિવાય અન્ય સત્પુરૂષો સાથે સંસર્ગ ન કરવો. (પ્રાયશ્ચિત્ત શબ્દનો અર્થ એવો છે કે **प्रायोनाम तप· प्रोक्तं चित्तं निश्चय उच्यते । तपो निश्चय संयुक्तं प्रायश्चित्त मिति स्मृतम्** ॥ પ્રાય એટલે તપ અને ચિત્ત એટલે નિશ્ચય કેહેવાય છે. તપ અને નિશ્ચય વડે યુક્ત તે પ્રાયશ્ચિત્ત કેહેવાય છે.) ૪૭ કોઇ એક આ જન્મના દુરાચરણ વડે તથા કેટલાએક પૂર્વ જન્મના દુરાચરણ વડે દુષ્ટાત્મા મનુષ્ય રૂપની વિપરીતતાને પ્રાપ્ત થાય છે. જેમકે ૪૮

सुवर्णचौरःकौनख्यं सुरापःश्यावदन्तताम् । ब्रह्महाक्षयरोगित्वं दौश्चर्म्यं गुरुतल्पगः ॥ ४९ ॥ पिशुनः पौतिनासिक्यं सूचकः पूतिवक्त्रताम् । धान्यचौरोऽङ्गहीनत्वमातिरेक्यं तु मिश्रकः ॥ ५० ॥ अन्नहर्तामयावित्वं मौक्यं वागपहारकः । वस्त्रापहारकः श्वैत्र्यं पङ्गुतामश्वहारकः ॥ ५१ ॥ एवं कर्मविशेषेण जायन्ते सद्विगर्हिताः । जडमूकान्धवधिरा विकृताकृतयस्तथा ॥ ५२ ॥

સુવર્ણની ચોરી કરનાર ખરાબ નખવાળો થાય છે, મદ્યપાન કરનાર કાળા દાંતવાળો થાય છે, બ્રહ્મહત્યા કરનાર ક્ષયરોગવાળો થાય છે. ગુરૂપત્ની સાથે ગમન કરનાર ખરાબ ત્વચાવાળો થાય છે. ૪૯ ચુગલી કરનાર દુર્ગંધવાળી નાસિકાવાળો થાય છે, અસત્ય નિન્દા કરનાર દુર્ગંધ મુખવાળો થાય છે, ધાન્યની ચોરી કરનાર અંગહીન થાય, અને ધાન્યમા અન્ય વસ્તુની મીલાવટ કરનાર અધિકાંગવાળો થાય છે. ૫૦ અન્નની ચોરી કરનાર મંદાગ્નિવાળો થાય છે, વાણીની ચોરી કરનાર મુંગો થાય છે, વસ્ત્રની ચોરી કરનાર શ્વેત કોઢવાળો અને ઘોડાની ચોરી કરનાર પાંગળો થાય છે. ૫૧ એ પ્રમાણે કર્મ વિશેષે કરીને સત્પુરૂષોમાં નિન્દિત જડ, મુંગો, આંધળો, બેહેરો અને વિકૃત આકૃતિવાળા પેદા થાય છે. ૫૨.

...नित्यं प्रायश्चित्तं विशुद्धये । निन्द्यैर्हि लक्षणैर्युक्ता जायन्तेऽनिष्कृतैनसः ॥ ५३ ॥ ब्रह्महत्या सुरापानं स्तेयं गुर्वङ्गनागमः । महान्ति पातकान्याहुः संसर्गश्चापि तैःसह ॥ ५४ ॥ अनृतंच समुत्कर्षे राजगामिचपैशुनम् । गुरोश्चालीकनिर्बन्धः समानिब्रह्महत्यया ॥५५ ॥ ब्रह्मोभज्झतावेदनिन्दा कौटसाक्ष्यं सुहृद्वधः । गर्हितानाद्ययोर्जग्धिः सुरापानसमा न ... ॥ ५६ ॥

પ્રાયશ્ચિત્ત નહિં કરનારાઓ નિન્દા કરવા યોગ્ય લક્ષણોવડે યુક્ત ઉત્પન્ન થાય છે; માટે પોતાની શુદ્ધિને માટે પ્રાયશ્ચિત્ત હંમેશાં કરવું. ૫૩ બ્રહ્મહત્યા, મદ્યપાન, ચોરી અને ગુરૂપત્નીની સાથે ગમન કરવું, એ મોટાં પાપો કેહેવાય છે, અને એવાં પાપ કરનારાઓ સાથે સંસર્ગ રાખનાર પણ તેના જેવો પાતકી કેહેવાય છે. ૫૪ પોતાની બડાઇ માટે અસત્ય ભાષણ કરવું, રાજાની પાસે જઇ ચાડી ચુગલી કરવી, ગુરૂની પાસે અસત્ય ભાષણ કરવુ, એટલાં પાપો બ્રહ્મહત્યા સમાન જાણવા ૫૫ વેદનો ત્યાગ કરનાર, વેદની નિંદા કરનાર, જુઠી સાક્ષી પુરનાર, મિત્રનો વધ કરનાર, લશણ આદિ તથા પુરીષાદિ અભક્ષ્ય વસ્તુ ભક્ષણ કરનાર, એ છ પાપો સુરાપાન સમાન જાણવાં ૫૬.

निक्षेपस्यापहरणं नराश्वरजतस्य च । भूमिवज्रमणीनां च रुक्मस्तेयसमं स्मृतम् ॥५७ ॥ रेतःसेकः स्वयोनीषु कुमारीष्वन्त्यजासु च । सख्युःपुत्रस्य चस्त्रीषु गुरुतल्पसमं विदुः ॥ ५८ ॥ गोवधोऽयाज्यसंयाज्यपारदार्यात्मविक्रयाः । गुरुमातृपितृत्यागः स्वाध्यायाग्न्योःसुतस्य च ॥ ५९ ॥ परिवित्तितानुजेऽनूढे परिवेदनमेव च । तयोर्दानंचकन्यायास्तयोरेवचयाजनम् ॥ ६० ॥

અનામત મુકેલી રકમ લઇ લેવી, મનુષ્ય, ઘોડા, ચાંદિ, ભૂમી, હીરા, મણિ એટલાનુ હરણ કરવું, તે સુવર્ણની ચોરી સમાન જાણવું ૫૭ પોતાની સહોદરા બેહેન, કુમારી, ચાંડાલી, મિત્ર અને પુત્રની સ્ત્રી, એટલા સાથે વ્યભિચાર કરનારને ગુરૂપત્નીની ગમન સમાન પાપ લાગે છે. ૫૮ ગાયનો વધ કરવો, નહિં યજ્ઞ કરાવવા યોગ્યને યજ્ઞ કરાવવો, પરસ્ત્રી ગમન કરવું,

આત્માને વેચવો, ગુરૂ, માતા, પિતા, સ્વાધ્યાય, શ્રૌતસ્માર્તઅગ્નિકાર્ય, (હોમ) અને પુત્રનો ત્યાગ કરવો. ૫૯ નાનાભાઇનો પ્રથમ વિવાહ કરે તો મોટો ભાઇ પરિવિત્તિ કહેવાય છે તથા નાનો ભાઇ પરિવેત્તા કહેવાય છે, તે બંનેને કન્યાદાન આપવું, અને તે બંનેને યજ્ઞ કરાવવો. ૬૦.

कन्याया दुषणंचैव वार्धुष्यंव्रतलोपनम् । तडागारामदाराणामपत्यस्य च विक्रयः ॥ ६१ ॥ व्रात्यता बान्धवत्यागो भृत्याध्यापनमेव च । भृताच्चाध्ययनादानमपण्यानां च विक्रयः ॥ ६२ ॥ सर्वाकरेष्वधीकारोमहायन्त्रप्रवर्तनम् । हिंसौषधीनांस्त्र्याजीवोऽभिचारोमूलकर्मच ॥ ६३ ॥ इन्धनार्थमशुष्काणां द्रुमाणामवपातनम् । आत्मार्थं च क्रियारम्भो निन्दितान्नादनं तथा ॥ ६४ ॥

કન્યાને દૂષિત કરવી, વૈશ્ય નહિં છતા બ્યાજ લેવું, વ્રત ભંગ કરવું, તળાવ, બગીચો, સ્ત્રી અને સંતાનનું વેચવું. ૬૧ યથોચિત કાલમાં ઉપનયન સંસ્કારનું ન થવું, બાંધવોનો ત્યાગ કરવો, નિયમિત પગાર લઇને ભણાવવુ, અને એવીજ રીતે પગાર આપીને ભણવુ, વેચવાને નહિ લાયક વસ્તુનું વેચવું ૬૨ સુવર્ણાદિ સપૂર્ણ ખાણો ઉપર અધિકાર મોટા યંત્રો ચલાવવા, ઔષધિયો કાપવી, સ્ત્રીઓથી આજીવિકા ચલાવવી, અભિચાર કરવો તથા વશીકરણ કરવું. ૬૩ ઇધનને માટે લીલાં વૃક્ષ કાપવાં, દેવયજ્ઞ તથા પિતૃયજ્ઞ તથા ભૂતયજ્ઞના ઉદ્દેશ વિના કેવળ પોતાનીજ તૃપ્તિ માટે પાકાદિ કામ કરવું, અને નિન્દિત અન્ન ભક્ષણ કરવું ૬૪

अनाहिताग्नितास्तेयमृणानामनपक्रिया । असच्छास्त्राधिगमनं कौशीलव्यस्यचक्रिया ॥ ६५ ॥ धान्यकुप्यपशुस्तेयं मद्यपस्त्रीनिषेवणम् । स्त्रीशूद्रविट्क्षत्रवधोनास्तिक्यं चोपपातकम् ॥ ६६ ॥ ब्राह्मणस्यरुजःकृत्याघ्रातिरघ्रेयमद्ययोः। जैह्म्यंचमैथुनंपुंसिजातिभ्रंशकरंस्मृतम् ॥ ६७॥ खराश्वोष्ट्रमृगेभानामजाविक वधस्तथा । संकरीकरणं ज्ञेयं मीनाहिमहिषस्य च ॥ ६८ ॥

અગ્નિહોત્ર ન કરવો. ચોરી કરવી, ઋણ ચુકાવવું નહિ; અસત્ શાસ્ત્રોનું ભણવું, નાચ, ગાયન, વાજીંત્ર વિગેરેનું સેવન, ૬૫ ધાન્ય કુપ્ય અને પશુઓની ચોરી કરવી, મદ્યપાન કરનાર સ્ત્રીનું સેવન કરવું. સ્ત્રી, શૂદ્ર, વૈ-

સ્ય, અને ક્ષત્રિયનો વધ કરવો, અને નાસ્તિકતા, એ સર્વ ઉપપાતક કેહેવાય છે. ૬૬ બ્રાહ્મણને લાકડી આદિ વડે દુઃખી કરવાની ક્રિયા કરવી, દુર્ગન્ધી પદાર્થ તથા મદ્યનું સુંઘવું, કુટિલતા કરવી, પુરૂષમાં મૈથુન કરવું, એટલાંને "જાતિ ભ્રંશકર" પાપ કહ્યાં છે. ૬૭. ગધેડું, અશ્વ, ઉંટ. મૃગ, હસ્તી, બકરાં, ઘેટાં, માછલાં, સર્પ, મહિષ, એટલાંમાં જેનો વધ કરે તો, તેને "સંકરીકરણ" પાપ કહેવાય છે. ૬૮.

निन्दितेभ्यो धनादानं वाणिज्यं शूद्रसेवनम् । अपात्रीकरणं ज्ञेयमसत्यस्य च भाषणम् ॥६९॥ कृमिकीटवयोहत्या मद्यानुगतभोजनम् । फलैधः कुसुमस्तेयमधैर्यं च मलावहम् ॥७०॥ एतान्येनांसि सर्वाणि यथोक्तानि पृथक्पृथक् । यैर्यैर्व्रतैरपोह्यन्ते तानिसम्यङ्निबोधत ॥७१॥ ब्रह्महाद्वादशसमाः कुटीं कृत्वावने वसेत् । भैक्षाश्यात्मविशुद्ध्यर्थं कृत्वा शवशिरोध्वजम् ॥ ७२ ॥

નિંદિત પુરૂષો પાસેથી ધનનો પ્રતિગ્રહ કરવો, વશ્ય ન હોવા છતાં વ્યાપાર કરવો, શૂદ્રની સેવા કરવી, અને અસત્ય ભાષણ કરવુ, એટલાંને "અપાત્રીકરણ" પાપ કેહેવાય છે. ૬૯ કૃમી, કીટ અને પક્ષિઓની હત્યા કરવી, મદ્યની સાથે ભોજન કરવુ, ફલ, લાકડાં તથા પુષ્પની ચોરી કરવી, અને અધીરતા રાખવી, એટલાંને "મલિનીકરણ" પાપ કેહેવાય છે. ૭૦ એ બ્રહ્મહત્યાદિ સર્વ પાપો જે જુદાં જુદાં કહ્યાં છે તે જે જે વ્રતોવડે નાશ પામે છે તે તે વ્રતો હુ તમને કહૂં છું તે તમે સાંભળો. ૭૧ બ્રહ્મહત્યા કરનાર પુરૂષે જંગલમા ઝુંપડી બનાવીને મસ્તકપર શબનું ચિન્હ કરીને પોતાની શુદ્ધિને માટે ભિક્ષા માંગીને ખાતાં બાર વર્ષ સુધી વનમાં રેહેવું. ૭૨

लक्ष्यंशस्त्रभृतांवास्याद्विदुषामिच्छयात्मनः । प्रास्येदात्मानमग्नौ वा समिद्धेत्रिरवाक्शिराः ॥७३॥ यजेत वाश्वमेधेन स्वर्जिता गोसवेनवा । अभिजिद्विश्वजिद्भ्यां वात्रिवृताग्निष्टुतापिवा ॥७४॥ जपन्वान्यतमं वेदं योजनानां शतं व्रजेत् । ब्रह्महत्यापनोदाय मितभुङ्नियतेन्द्रियः ॥७५॥ सर्वस्वं वेदविदुषे ब्राह्मणायोपपादयेत् । धनं वा जीवनायालं गृहं वा सपरिच्छदम् ॥ ७६ ॥

અથવા તો પોતાની ઇચ્છાથી શસ્ત્ર ધારણ કરનાર વિદ્વાન પુરૂષોનું પોતે નિશાન બનવું, અથવા તો ઉંધું મસ્તક કરીને બળતા અગ્નિમાં પોતે ત્રણ વાર પડવું. ૭૩ અથવા અશ્વમેધ યજ્ઞ કરવો, અથવાં તો સ્વર્જીત, ગોસવન, અભિજીત, વિશ્વજીત, ત્રિવૃત અથવા અગ્નિષ્ટુત ઇત્યાદિ યજ્ઞ વિશેષ કરવા. ૭૪ અથવા તો બ્રહ્મહત્યાના પાપને દૂર કરવા માટે ચાર વેદમાંથી કોઇ પણ એક વેદનો જપ કરતાં કરતાં સો યોજન એટલે ચારસો ગાઉ ગમન કરવું, અને પરિમિત ભોજન કરવુ તથા 'જીતેન્દ્રિય થઇને રહેવુ. ૭૫ અથવા પોતાની સર્વ પુંજી તેમજ જીવનને માટે જે દ્રવ્ય હોય તે તથા સરસામાન સહિતઘર કોઇ વેદ જાણુવાવાળા બ્રાહ્મણને આપી દેવું. ૭૬

हविष्यभुग्वाऽनुसरेत्प्रतिस्रोतः सरस्वतीम् । जपेद्वानियताहारस्त्रिर्वै वेदस्य संहिताम् ॥७७॥ कृतावपनोनिवसेद् ग्रामान्ते गोव्रजेऽपि वा । आश्रमे वृक्षमूले वा गोब्राह्मणहिते रतः ॥७८॥ ब्राह्मणार्थे गवार्थे वा सद्यः प्राणान्परित्यजेत् । मुच्यते ब्रह्महत्याया गोप्तागोर्ब्राह्मणस्य च ॥७९॥ त्रिवारंप्रतिरोद्धावा सर्वस्वमवजित्य वा। विप्रस्य तन्निमित्ते वा प्राणालाभे विमुच्यते ॥ ८० ॥

અથવા હવિષ્ય ભોજન કરતા સરસ્વતી નદીના પ્રવાહ તરફ ગમન કરવું અથવા નિયમ પૂર્વક આહાર કરી વેદની સંહિતાને ત્રણવાર ભણવી ૭૭ અથવા બાર વર્ષ સુધી શીરમુંડન કરાવી બ્રાહ્મણના હીતમા તથા ગાયના હિતમાં તત્પર રહી ગામની બહાર અથવા ગૌશાળામા અથવા શુદ્ધ દેશમાં અથવા વૃક્ષની નીચે નિવાસ કરવો. ૭૮ અથવા બ્રાહ્મણ તથા ગાયને માટે જો તેજ સમયે પ્રાણ આપે તો તે ગૌ બ્રાહ્મણની રક્ષા કરનાર મનુષ્ય બ્રહ્મહત્યાથી છુટી જાય છે. ૭૯ અથવા જો કોઈ ચોર બ્રાહ્મણનું સર્વસ્વ ચોરી લઇ જતો હોય તો તેને ત્રણવાર બચાવવું અથવા એવો પ્રયત્ન કરતાં પણ ધન બચાવી ન શકાય તો તે નિમિત્તે પ્રાણત્યાગ કરવાથી બ્રહ્મહત્યાના પાપથી છુટી જાય છે. ૮૦

एवं दृढव्रतो नित्यं ब्रह्मचारी समाहितः । समाप्ते द्वादशे वर्षे ब्रह्महत्यां व्यपोहति ॥८१॥ शिष्ट्वा वा भूमिदेवानां नरदेव समा-

नवै । स्वमनेऽवभृथस्नातो हयमेधे विमुच्यते ॥८२॥ धर्मस्य ब्राह्मणो मूलमग्रं राजन्य उच्यते । तस्मात्समागमे तेषामेनो विख्याप्य शुध्यति ॥८३॥ ब्राह्मणः संभवेनैव देवानामपि दैवतम् । प्रमाणं चैव लोकस्य ब्रह्मात्रैव हि कारणम् ॥ ८४ ॥

એ પ્રકારે દૃઢવ્રત કરતાં હમેશાં બ્રહ્મચર્યથી રહેનાર સ્વસ્થ ચીત્તથી બાર વર્ષ વીત્યા બાદ બ્રહ્મહત્યાથી છુટી જાય છે. ૮૧ અથવા અશ્વમેધ યજ્ઞમાં બ્રાહ્મણો અને રાજાના સમાગમમાં બ્રહ્મહત્યાના પાપને નીવેદન કરીને યજ્ઞના અંતમા અવભૃથ સ્નાન કરી પાપથી મુક્ત થાય છે. ૮૨ બ્રાહ્મણ ધર્મનુ મુખ છે અને રાજા અગ્ર ભાગ છે; એટલા માટે તેના સમાગમમા પાપ નિવેદન કરવાથી શુદ્ધ થાય છે. ૮૩ બ્રાહ્મણજન્મથીજ દેવતાઓનો. દેવતા અને લોકનું પ્રમાણ છે, તેમાં વેદજ કારણ છે. ૮૪

तेषां वेदविदो ब्रूयुस्त्रयोऽप्येनःसु निष्कृतिम् । सा तेषां पावनाय स्यात्पवित्रा विदुषां हि वाक् ॥८५॥ अतोऽन्यतममास्थाय विधिं विप्रः समाहितः । ब्रह्महत्याकृतं पापं व्यपोहत्यात्मवत्तया ॥ ८६ ॥ हत्वा गर्भमविज्ञातमेतदेव व्रतं चरेत् । राजन्यवैश्यौ चेजानावात्रेयीमेव च स्त्रियम् ॥ ८७ ॥ उक्त्वा चैवानृतं साक्ष्ये प्रतिरुध्य गुरुं तथा । अपहृत्य च निःक्षेपं कृत्वा च स्त्रीसुहृद्वधम् ॥ ८८ ॥

બ્રહ્મહત્યાદિ કરવાવાળાને વેદને જાણનાર ત્રણ વિદ્વાનો પણ પાપોનું જે પ્રાયશ્ચિત બતાવે તેજ તે પાપીઓની શુદ્ધીને માટે હોય છે, કેમકે વિદ્વાનોની વાણી પવિત્ર છે. ૮૫ સ્વસ્ત ચિત્તવાળો બ્રાહ્મણ એટલાંમાંથી કોઇ પણ એક વિધિ કરીને આત્મવાન હોવાથી બ્રહ્મહત્યા સરખાં કરેલા પાપને દુર કરે છે. ૮૬ અજાણતા ગર્ભનો નાશ કરીને અથવા યજ્ઞ કરતા ક્ષાત્રય તથા વૈશ્યનો વધ કરીને અને ગર્ભવતી સ્ત્રીનો વધ કરીને પણ એવીજ રીતે બ્રહ્મહત્યાનુ પ્રાયશ્ચિત કરવુ. ૮૭ સાક્ષિમા જુઠું બોલીને, ગુરૂ સાથે વિરોધ કરીને, અનામત મીલકત હજમ કરીને તથા સ્ત્રી અને મીત્રનો વધ કરીને પણ એજ પ્રાયશ્ચિત કરવાથી શુદ્ધ થાય છે. ૮૮

इयंविशुद्धिरुदिता प्रमाप्याऽकामतो द्विजम् । कामतो ब्राह्मणवधे निष्कृतिर्न विधीयते ॥ ८९ ॥ सुरां पीत्वा द्विजो मोहादग्निवर्णां सुरां पिबेत् । तया स काये निर्दग्धे मुच्यते किल्बिषात्ततः ॥ ९० ॥ गोमूत्रमग्निवर्णं वा पिबेदुदकमेव वा । पयो घृतं वामरणाद्गोशकृद्रसमेव वा ॥ ९१ ॥ कणान्वा भक्षयेदब्दं पिण्याकं वा सकृन्निशि । सुरापानापनुत्त्यर्थं बालवासा जटी ध्वजी ॥ ९२ ॥

આ શુદ્ધિ વગર ઇચ્છાથી કરેલા બ્રાહ્મણના વધની કહી છે અને ઇચ્છાથી બ્રાહ્મણનો વધ કરવામાં પ્રાયશ્ચિતજ કહ્યું નથી. ૮૯ દ્વિજ અજ્ઞાનથી મદ્ય પીને આગની સમાન ગરમ મદીરા પીએ અને તે મદીરાથી શરીર બળવાથી તે દ્વિજ તે પાપથી છુટે છે ૯૦ અથવા ગાયનું મૂત્ર અથવા પાણી અગ્નિના જેવું ગરમ કરીને પાન કરવું, અથવા મરણ પર્યંત દુધ, ઘીજ પીને રહેવું, અથવા છાણનો રસ પીવો. ૯૧ અથવા ચોખાની કણકી અથવા કુટેલા તલ દરરોજ રાતના એક સમયે એક વર્ષ સુધી ભોજન કરીને રહેવું. મદ્યપાનનું પાપ દુર કરવાને કામળનું કપડું પહેરવુ, મસ્તકપર વાળ રાખવા તથા મદ્યપાત્રનું ચીન્હ યુકત થઇને ફરવું. ૯૨

सुरा वै मलमन्नानां पाप्मा च मलमुच्यते । तस्माद्ब्राह्मणराजन्यौ वैश्यश्च न सुरां पिबेत् ॥ ९३ ॥ गौडी पैष्टी च माध्वी च विज्ञेया त्रिविधा सुरा । यथैवैका तथा सर्वा न पातव्या द्विजोत्तमैः ॥ ९४ ॥ यक्षरक्षःपिशाचान्नं मद्यं मांसं सुरासवम् । तद्ब्राह्मणेन नात्तव्यं देवानामश्नता हविः ॥ ९५ ॥ अमेध्ये वा पतेन्मत्तो वैदिकं वाप्युदाहरेत् । अकार्यमन्यत्कुर्याद्वा ब्राह्मणो मदमोहितः ॥ ९६ ॥

મદ્ય એ અન્નનો મળ છે અને મળને પાપ કહે છે, માટે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યે મદ્યપાન કરવું નહિ. ૯૩ ગોળ, લોટ તથા મહુડાં એ ત્રણ પ્રકારે મદ્ય બને છે એમ જાણવું, જેવી રીતે એક પ્રકારની ન પીવી તેમ બધીજ દ્વિજોત્તમોએ નજ પીવી જોઇએ કેમકે; ૯૪ યક્ષ, રાક્ષસ અને પિશાચનું અન્ન, મદ્ય, માંસ, સુરા અને આસવ છે, તો દેવતાઓનું હવિષ ખાવાવાળા બ્રાહ્મણે તે ભક્ષણ કરવાં નહિ જોઇએ. ૯૫ મદ્યપાન કરીને

ઉન્મત્ત થયેલો બ્રાહ્મણ અશુદ્ધ સ્થાનમાં પડશે અથવા વેદનો બકવાદ કરશે અથવા તો કોઈ નિષિદ્ધ અર્થ જરૂર કરશે. ૯૬

यस्यकायगतंब्रह्म मद्येनाप्लाव्यतेसकृत् । तस्यव्यपैतिब्राह्मण्यं शूद्रत्वं च स गच्छति ॥९७॥ एषा विचित्राभिहिता सुरापानस्य निष्कृतिः । अतऊर्ध्वं प्रवक्ष्यामि सुवर्णस्तेयनिष्कृतिम् ॥९८॥ सुवर्णस्तेयकृद्विप्रो राजानमभिगम्य तु । स्वकर्म ख्यापयन्ब्रूयात् मांभवाननुशास्त्विति ॥ ९९ ॥ गृहीत्वा मुसलं राजा सकृद्धन्यात्तु तं स्वयम् । वधेन शुध्यति स्तेनो ब्राह्मणस्तपसैव तु ॥ १०० ॥

જે બ્રાહ્મણના શરીરમાં રહેવાવાળું વેદજ્ઞાન એકવાર પણ મદ્યથી ડુબી જાય છે, તો તનું બ્રાહ્મણપણું નાશ પામે છે અને શુદ્રતાને પામે છે. ૯૭ એ પ્રમાણે સુરાપાનનું વિચિત્ર પ્રાયશ્ચિત કહ્યું. હવે સોનાની ચોરીનું પ્રાયશ્ચિત કહુછું. ૯૮ સોનાની ચોરી કરવાવાળા બ્રાહ્મણે રાજાની પાસે જઇને પોતે કરેલા કર્મને પ્રસિદ્ધ કરીને કહેવું કે મને આપ શિક્ષા કરો. ૯૯ રાજાએ મુસલ હાથમાં લઇને તે ચોરને એકવાર પોતે મારવું, મારવાથી બ્રાહ્મણ ચોર શુદ્ધ થાય છે અને તપ કરવાથી પણ શુદ્ધ થાય છે. ૧૦૦

तपसाऽपनुनुत्सुस्तु सुवर्णस्तेयजं मलम् । चीरवासा द्विजोऽरण्ये चरेद्ब्रह्महणोव्रतम् ॥१०१॥ एतैर्व्रतैरपोहेत पापं स्तेयकृतं द्विजः । गुरुस्त्रीगमनीयं तुव्रतैरेभिरपानुदेत् ॥ १०२ ॥ गुरुतल्प्यभिभाष्यैनस्तप्ते स्वप्यादयोमये । सूर्मीं ज्वलन्तीं स्वाश्लिष्येन्मृत्युना स विशुध्यति ॥१०३॥ स्वं वा शिश्नवृषणावुत्कृत्याधाय चाञ्जलौ । नैर्ऋतीं दिशमातिष्ठेदानिपातादजिह्मगः ॥ १०४

સુવર્ણની ચોરીના પાપને તપ વડે દૂર કરવાની ઇચ્છા કરવાવાળા દ્વિજે ચીરવસ્ત્ર ધારણ કરીને વનમાં બ્રહ્મહત્યાના પાપનાં નિવારણનું વ્રત કરવું. ૧૦૧ એ ઉપર બતાવેલાં વ્રતો વડે દ્વિજે ચોરીનું પાપ દૂર કરવુ; અને ચોથું મહાપાતક જે ગુરૂની સ્ત્રીની સાથે વ્યભિચાર કર્યો હોય તે; તેનું નિવારણ આગળ બતાવવામાં આવતાં વ્રતો વડે દૂર કરવું. ૧૦૨ ગુરૂપત્ની સાથે ગમન કરનાર પુરૂષે પોતાના પાપને પ્રસિદ્ધ કરીને લોઢાની

તપાવેલી શય્યામાં શયન કરવું; તથા લોઢાંની સ્ત્રી બનાવી તેને લાલચોળ થાય ત્યાં સુધી ગરમ કરી તેની સાથે આલિંગન કરવું, એટલે તેનાથી મૃત્યુ પામીને તે શુદ્ધ થાય છે. ૧૦૩ અથવા પોતેજ પોતાની ઉપસ્થ ઇંદ્રિ તથા વૃષણુ કાપીને તેને બે હાથની અંજલીમાં લઇને જ્યાં સુધી શરીર નાશ પામે ત્યાં સુધી વાંકો ચૂકો ન ચાલતાં સીધા નૈઋત દિશામાં ગમન કરવું. ૧૦૪

खट्वाङ्गी चीरवासा वा श्मश्रुलोविजने वने । प्राजापत्यं चरेत् कृच्छ्रमब्दमेकं ममाहितः ॥ १०५ ॥ चान्द्रायणं वा त्रीन्मासानभ्यस्ये न्नियतेन्द्रियः । हविष्येण यवाग्वा वा गुरुतल्पापनुत्तये ॥ १०६ ॥ एतैर्व्रतैरपोहेयुर्महापातकिनोमलम् । उपपातकिनस्त्वेवमेभिर्नाना विधैर्व्रतैः ॥ १०७ ॥ उपपातकसंयुक्तोगोघ्नोमासंयवान् पिबेत् । कृतवापोवसेद्गोष्ठे चर्मणा तेन संवृतः ॥ १०८ ॥

અથવા ખાટલાનું શરીર ઉપર ચિન્હ કરી, ચીરવસ્ત્ર ધારણુ કરી, કેશ, નખ, લોમ, શ્મશ્રૂધારણુ કરીને, યતિ થઇ નિર્જન વનમાં એક વર્ષ ભ્રમણુ કરતા સાવધાનતાથી પ્રાજાપત્ય વ્રતાચરણુ કરવું. ૧૦૫ અથવા જીતેન્દ્રિય રહિને ત્રણુ માસ પર્યન્ત હવિષ્યનું અથવા તો યવાગુનું ભોજન કરી ગુરૂપત્ની ગમન સબંધી પાપ દૂર કરવાને માટે ચાદ્રાયણુ વ્રત કરવું. ૧૦૬ એ વ્રતો કરીને મહાપાતકી મનુષ્યે પોતાનું પાપ દૂર કરવું, અને ઉપપાતકી મનુષ્યે આગળ બતાવેલાં નાના પ્રકારના વ્રતો વડે પાપ દૂર કરવા. ૧૦૭ ઉપપાતક વડે યુક્ત ગાયને મારવાવાળાએ એક માસ પર્યન્ત યવનું પાન કરવું, તથા મુંડન કરાવીને ગાયનું ચામડું ઓઢીને ગૌશાળામા રહેવું. ૧૦૮

चतुर्थकालमश्नीयादक्षारलवणं मितम् । गोमूत्रेणाचरेत्स्नानं द्वौमासौनियतेन्द्रियः ॥ १०९ ॥ दिवानुगच्छेद्गास्तास्तु तिष्ठन्नूर्ध्वं रजःपिबेत् । शुश्रूषित्वा नमस्कृत्य रात्रौ वीरासनं वसेत् ॥ ११० ॥ तिष्ठन्तीष्वनुतिष्ठेत्तु व्रजन्तीष्वप्यनुव्रजेत् । आसीनासु तथासीनोनियतोवीतमत्सरः ॥ १११ ॥ आतुरामभिशस्तां वा चौरव्याघ्रादिभिर्भयैः । पतितां पङ्कलग्नां वा सर्वोपायैर्विमोचयेत् ॥ ११२ ॥

અથવા ઇન્દ્રિયોને વશ કરી બે માસપર્યંત ગૌમૂત્રથી સ્નાન કરવું તથા ક્ષાર અને લવણ રહિત હવિષ્યાન્નનું દિવસના ચોથા ભાગમાં ફક્ત થોડું ભોજન કરવું. ૧૦૯ અને દિવસે તે ગાયોની પાછળ પાછળ જવું અને તેની ખરી વડે ઉડતી ધુળને ઉભા રહીને પાન કરવી, અને તે ગાયોની સેવા તથા સત્કાર કરીને રાત્રે વીરાસન થઇ પોહોરો ભરવો. ૧૧૦ અને આલસ્ય રહિત થઇ નિયમપૂર્વક દ્રઢતાથી બેઠેલી ગાયની પાછળ બેસવુ તથા ચાલતી ગાયની પાછળ ચાલવુ તેમજ ગાય ઉભી રહે તેની પાછળ ઉભા રેહેવુ ૧૧૧ વ્યાધિયુક્ત તથા ચોર અને વાઘ આદિના ભયમાં આવેલી તથા પડી ગયેલી અથવા કાદવ કીચડમા ફસેલી ગાયને હરેક ઉપાયે કરીને છોડાવવી ૧૧૨

उष्णेवर्षतिशीते वा मारुतेवातिवाभृशम् । नकुर्वीतात्मनस्त्राणं गोरकृत्वा तु शक्तितः ॥११३॥ आत्मनोयदि वान्येषां गृहे क्षेत्रेऽथवाखले । भक्षयन्तीं न कथयेत्पिबन्तं चैव वत्सकम् ॥११४॥ अनेन विधिनायस्तु गोघ्नोगामनुगच्छति । स गोहत्याकृतं पापं त्रिभिर्मासैर्व्यपोहति ॥११५॥ वृषभैकादशा गाश्च दद्यात्सुचरितव्रतः । अविद्यमाने सर्वस्वं वेदविद्भ्यो निवेदयेत् ॥ ११६ ॥

ઉનાળો, ચોમાસુ તથા શીતકાળમા તેમજ અધિક વાયુ ચાલતો હોય ત્યારે યથાશક્તિ ગાયનો બચાવ ન કરતા ગૌહત્યારા પાપીએ પોતાનો બચાવ ન કરવો. ૧૧૩ પોતાના અથવા પારકા ઘરમા, ખેતરમા અથવા ખરીમા ભક્ષણ કરતી ગાયને તેમજ દૂધ પીતાં તેનાં વાછરડાને પ્રસિદ્ધ ન કરવુ ૧૧૪ એ વિધાને કરીને ગૌહત્યા કરનાર ગાયની સેવા કરે છે તે ગૌહત્યાના પાપને ત્રણ માસમા દૂર કરે છે ૧૧૫ સારી રીતે પ્રાયશ્ચિત્ત વ્રત કરેલા મનુષ્યે એક બળદ, અને દશ ગાયનું દાન આપવુ; અને તટલુ ન હોય તો પોતાનુ સર્વસ્વધન વેદના જાણવાવાળા બ્રાહ્મણને આપવુ. ૧૧૬

एतदेव व्रतं कुर्युरुपपातकिनो द्विजाः । अवकीर्णिवर्जं शुद्ध्यर्थं चान्द्रायणमथापि वा ॥११७॥ अवकीर्णी तु काणेन गर्दभेन चतुष्पथे । पाकयज्ञविधानेन यजेत निर्ऋतिं निशि ॥११८॥ हुत्वाग्नौविधिवद्धोमानन्ततश्च समेत्यृचा । वातेन्द्रगुरुवह्नीनां जुहुयात्सर्पिषाहुतीः ॥११९॥

कामतो रेतसः सेकं व्रतस्थस्य द्विजन्मनः । अतिक्रामंव्रतस्याहुर्धर्मज्ञा ब्रह्मवादिनः ॥ १२० ॥

અવકીર્ણિ નામના ઉપપાતકને છોડીને બીજા ઉપપાતકવાળા દ્વિજોએ એજ વ્રત કરવું અથવા તો ચાન્દ્રાયણ વ્રત કરવું. ૧૧૭ અવકીર્ણિ નામના ઉપપાતક કરનાર દ્વિજે કાણા ગધેડા પર ચઢીને રાતના ચોરાઓમાં (ચતુષ્પથમા) જઇ પછી પાક યજ્ઞના વિધાનવડે નિર્ઋતિ દેવતા સંબંધી યજ્ઞ કરવો. જેમકે–૧૧૮ વિધિ પ્રમાણે અગ્નિમાં હોમ કરીને પછી "**संमासिञ्चन्तुमरुत:**" **अथर्व**૦ ૭।૩।૩૩।૧ એ ઋચાની સાથે મરુત્, ઇન્દ્ર, બૃહસ્પતિ, અને અગ્નિને ઘીની આહુતિ આપવી. ૧૧૯ બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરનાર દ્વિજે જો પોતાની ઇચ્છાપૂર્વક વીર્યસ્ખલન કર્યું હોય તો તેને વેદના જાણવાવાળા ધર્મજ્ઞ લોકો બ્રહ્મચર્ય ખંડિત થયુ, અર્થાત્ અવકીર્ણિ નામનું ઉપપાતક પ્રાપ્ત થયુ એમ કહે છે ૧૨૦

मारुतंपुरुहूतंच गुरुंपावकमेवच । चतुरोव्रतिनोऽभ्येति ब्राह्मं तेजोऽवकीर्णिनः ॥१२१॥ एतस्मिन्नेनसि प्राप्ते वसित्वा गर्दभाजिनम्। सप्तागारांश्चरेद्भैक्षं स्वकर्म परिकीर्तयन् ॥१२२॥ तेभ्योलब्धेन भैक्षेण वर्तयन्नेककालिकम् । उपस्पृशंस्त्रिषवणं त्वब्देन स विशुध्यति ॥१२३॥ जातिभ्रंशकरं कर्म कृत्वान्यतमामिच्छया । चरेत्सान्तपनं कृच्छ्रं प्राजापत्यमनिच्छया ॥ १२४ ॥

બ્રહ્મચર્યવ્રતધારી જે અવકીર્ણિ થાય તેનુ બ્રહ્મ સબંધિ તેજ મારુત, ઇન્દ્ર, ગુરૂ અને અગ્નિ એ ચારમા ચાલ્યુ જાય છે. ૧૨૧ તે અવકીર્ણિ પાતક પ્રાપ્ત થાય ત્યારે ગધેડાનું ચામડું ઓઢીને પોતાનુ કરેલુ અવકીર્ણિ પાપ પ્રસિદ્ધ કરતા સાત ઘેરે ભિક્ષા માંગવી ૧૨૨ તે સાત ઘરોમાથી પ્રાપ્ત થયેલાં ભિક્ષાન્નવડે એક કાલમા ભોજન કરીને નિર્વાહ કરતાં દરરોજ ત્રણ કાલ સ્નાન કર્યાથી તે પાપી એક વર્ષમાં શુદ્ધ થાય છે. ૧૨૩ ઇચ્છાપૂર્વક જાતિભ્રંશકર કર્મ કરીને આગળ કહેવાતું સાંતપન કૃચ્છ્ર, કરવુ અને વગર ઇચ્છાથી થયું હોય તો પ્રાજાપત્ય વ્રત કરવું. ૧૨૪

संकरापात्रकृत्यासु मासं शोधनमैन्दवम् । मलिनीकरणीयेषु तप्तः स्याद्यावकैस्त्र्यहम् ॥१२५॥ तुरीयोब्रह्महत्यायाः क्षत्रियस्य वधे स्मृतः॥

वैश्येऽष्टमांशोवृत्ते ये शूद्रे ज्ञेयस्तु षोडशः ॥१२६॥ अकामतस्तु राजन्यं विनिपात्य द्विजोत्तमः। वृषभैकसहस्रा गादद्यात्सुचरितव्रतः ॥१२७॥ त्र्यब्दं चरेद्वा नियतो जटीब्रह्महणोव्रतम् । वसन्दूरतरे ग्रामाद् वृक्षमूलनिकेतनः ॥१२८ ॥

પૂર્વોક્ત સંકરીકરણ અને અપાત્રીકરણ કર્મ કરવાથી શુદ્ધિને માટે એક માસપર્યંત ચાન્દ્રાયણ વ્રત કરવુ, અને મૂલિની કરણોમાં શુદ્ધિને માટે ત્રણ દિવસ ગરમ કરેલા યવાગુનું પાન કરવું. ૧૨૫ ક્ષત્રિયનો વધ કર્યો હોય તો બ્રહ્મહત્યાનો ચોથો ભાગ અર્થાત્ ત્રણ વર્ષ પ્રાયશ્ચિત્ત કરવું, વૈશ્યનો વધ કર્યો હોય તો આઠમો ભાગ એટલે દોઢ વર્ષ અને શૂદ્રના વધમા સોળમો ભાગ એટલે નવ માસ બ્રહ્મહત્યા સમાન પ્રાયશ્ચિત્ત કરવું ૧૨૬ કોઈ સારા આચરણવાળા દ્વિજે ત્તમે પોતાની ઇચ્છા શિવાય ક્ષત્રિયને મારીને સારી રીતે વ્રત કરીને એક બળદની સાથે એક હજાર ગાયનુ દાન કરવુ, તો તે પાપથી મુક્ત થાય છે. ૧૨૭ અથવા જટા ધારણ કરી ત્રણ વર્ષ સુધી દઢતાપૂર્વક બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત ગામથી ઘણે દૂર વૃક્ષના નીચે રહીને કરવુ. ૧૨૮

एतदेव चरेदब्दं प्रायश्चित्तं द्विजोत्तमः । प्रमाप्य वैश्यं वृत्तस्थं दद्याच्चैकशतं गवाम् ॥१२९॥ एतदेव व्रतं कृत्स्नं षण्मासाञ्छूद्रहा चरेत। वृषभैकादशावापि दद्याद्विप्राय गाः सिताः ॥१३०॥ मार्जारनकुलौहत्वा चाषंमण्डूकमेवच। श्वगोधोलुककाकांश्च शूद्रहत्याव्रतंचरेत् ॥१३१॥ पयः पिबेत्त्रिरात्रंवा योजनंवाऽध्वनोव्रजेत् । उपस्पृशेत्स्रवन्त्यां वा सूक्तं वाब्दैवतंजपेत् ॥ १३२ ॥

એજ પ્રમાણે સારા આચરણવાળા વૈશ્યને વગર ઇચ્છાથી મારીને બ્રાહ્મણે ઉપરોક્ત પ્રકારે વ્રત એક વર્ષ સુધી આચરવુ તથા એક સો ગાયોનુ દાન આપવુ. ૧૨૯ એજ પ્રમાણે વિના ઇચ્છાએ શૂદ્રને મારીને ઉપરોક્ત પ્રકારે સંપૂર્ણ વ્રત છ માસ સુધી બ્રાહ્મણે કરવું અને એકબળદ તથા દશ સફેદ ગાયનું દાન બ્રાહ્મણને આપવુ. ૧૩૦ માર્જાર, નોળીયો, ચાષપક્ષી, દેડકો, કુતરું, પાટલા ઘો, ઘુઅડ, કાગડો, એટલાંને મારીને પણ શૂદ્રની હત્યા સમાન પ્રાયશ્ચિત્ત કરવું. ૧૩૧ અથવા ત્રણ દિવસ દૂધ પાન કરીને રહેવું અથવા

ત્રણ દિવસ સુધી દરરોજ ચાર ચાર ગાઉ ચાલવું અથવા ત્રણ દિવસ સુધી નદીમાં સ્નાન કરવું અથવા ત્રણ દિવસ જલ દેવતાવાળા આપો૦ ઇત્યાદિ મંત્રવાળાં સૂક્તનો જપ કરવો. ૧૩૨

अभ्रिं [illegible] हत्वा द्विजोत्तमः । पलालभारकं षण्ढे सैसकं चैकमाषकम् ॥१३३॥ घृतकुम्भं वराहे तु तिलद्रोणं तु तित्तिरौ । शुके द्विहायनंवत्सं क्रौञ्चं हत्वा त्रिहायणम् ॥१३४॥ हत्वा हंसं बलाकां च बकं बर्हिणमेव च । वानरं श्येनभासौ च स्पर्शयेद् ब्राह्मणाय गाम् ॥१३५॥ वासोदद्याद्धयं हत्वा पञ्च नीलान्वृषान्गजम् । अजमेषावनड्वाहंखरं हत्वैकहायनम् ॥१३६॥

બ્રાહ્મણ જો સર્પને મારે તો લોઢાના એક ભાલાનું દાન કરવું, નપુંસકને મારે તો ધાન્યનો એક પલાલ ભાર તથા એક માષ સીસાનું દાન કરવું. ૧૩૩ સૂકર (ભુંડ) ને મારે તો એક ઘીના ભરેલા ઘડાનું દાન કરવું, અને તિત્તિર પક્ષીને મારે તો એક દ્રોણ તલનું દાન કરવું. અને પોપટને મારે તો બે વરસના વાછરડાનું દાન કરવું અને ક્રૌંચ પક્ષી મારે તો ત્રણ વર્ષના વાછરડાનું દાન કરવું ૧૩૪ હંસ, બલાકા, બગલાં, મોર, વાનર, શ્યેન, અને ભાસપક્ષી, એટલામાથી કોઇને મારે તો બ્રાહ્મણને એક ગૌનું દાન આપવાથી પાપ મુક્ત થાય છે. ૧૩૫ અશ્વને મારે તો એક વસ્ત્રનું દાન આપવું, હાથીને મારે તો પાચ નીલવૃષભનું દાન કરવું, બકરૂ અને ઘેટાને મારે તો એક બળદનુ દાન આપવુ અને ગધેડાને મારે તો એક વર્ષના વાછરડાનુ દાન આપ્યાથી પાપ મુક્ત થાય છે. ૧૩૬

क्रव्यादांस्तु मृगान्हत्वा धेनुंदद्यात्पयस्विनीम् । अक्रव्यादान्वत्सतरीमुष्ट्रं हत्वा तु कृष्णलम्॥१३७॥जीनकार्मुकबस्तावीन्पृथग्दद्याद्विशुद्धये । चतुर्णामपि वर्णानां नारीर्हत्वाऽनवस्थिताः ॥१३८॥ दानेन वधनिर्णेकं सर्पादीनामशक्नुवन् । एकैकशश्चरेत्कृच्छ्रंद्विजःपापापनुत्तये ॥ १३९ ॥ अस्थिमतां तु सत्वानां सहस्रस्य प्रमापणे । पूर्णे चानस्यनस्थ्नां तु शूद्रहत्याव्रतं चरेत् ॥ १४० ॥

કાચું માંસ ભક્ષણ કરનાર વાઘ આદિને મારીને દૂધવાળી એક ગાયનું દાન આપવુ, હરિણાદિને મારીને એક વાછરડીનું દાન આપવું અને

ટને મારીને એક કૃષ્ણલનું દાન કરવું. જેથી પાપ મુક્ત થવાય છે. ૧૩૭ ક્રમે કરીને ચારે વર્ણની બગડેલી—ભ્રષ્ટ થયેલી સ્ત્રીને અજાણતાં મારવાથી શુદ્ધિને માટે ચર્મપુટ, ધનુષ, છાગ અને બકરાંનું જુદું જુદું અનુક્રમે દાન કરવુ. ૧૩૮ સર્પાદિના વધના પ્રાયશ્ચિત માટે કહેલાં દાન કરવાને અસમર્થ હોય તો દ્વિજે તે પાપ દૂર કરવા માટે એક એક કૃચ્છ્ર વ્રતાચરણ કરવુ. ૧૩૯ હાડકાંવાળા હજાર ક્ષુદ્ર જીવોને મારી નાખ્યા હોય તો એક શુદ્ર વધ જેટલું પ્રાયશ્ચિત્ત કરવું; અને હાડકાં વગરના એક ગાડુ ભરીને જીવો માર્યા હોય તો તેનું પાપ દૂર કરવાને પણ શુદ્ર વધ જેટલુંજ પ્રાયશ્ચિત્ત કરવું ૧૪૦.

किञ्चिदेवतुविप्राय दद्यादस्थिमतांवधे । अनस्थ्नांचैवहिंसायां प्राणायामेनशुध्यति ॥१४१॥ फलदानांतुवृक्षाणां छेदनेजप्यमृक्शतम् । गुल्मवल्लीलतानां च पुष्पितानां च वीरुधाम् ॥ १४२ ॥ अन्नाद्यजानांसत्वानां रसजानांचसर्वशः । फलपुष्पोद्भवानांच घृतप्राशोविशोधनम् ॥ १४३ ॥ कृष्टजानामोषधीनां जातानांच स्वयं वने । वृथालम्भेऽनुगच्छेद्गां दिनमेकं पयोव्रतः ॥ १४४ ॥

હાડકાવાળા ક્ષુદ્ર જંતુને મારવાથી જે પાપ લાગે છે તે દૂર કરવા માટે પ્રત્યેકના વધમાં કાંઈક બ્રાહ્મણને દાન આપવું અને હાડકા વગરના જંતુને મારવાનાં પાપ દૂર કરવા માટે પ્રાણાયામ કરવાથી શુદ્ધિ થાય છે. ૧૪૧ ફળ આપનાર વૃક્ષોનું છેદન કરવામાં સો વખત ગાયત્રી ઋચાનો જપ કરવો. તથા ગુલ્મ, વેલી, લતા અને પુષ્પવાળાંને તથા કુષ્માંડાદિને કાપવામા પણ એજ પ્રાયશ્ચિત્ત કરવુ. ૧૪૨ અન્નાદિથી ઉત્પન્ન થયેલા, ગોળ આદિ રસોથી ઉત્પન્ન થયેલા, ફળ અથવા પુષ્પોથી ઉત્પન્ન થયેલાં પ્રાણીઓના વધમા ઘૃતપ્રાશન કરવું તેજ પાપની શુદ્ધિ છે ૧૪૩ ખેતીવડે ઉત્પન્ન થયેલાં તથા વનમાં પોતાની મેળે ઉત્પન્ન થયેલાં ધાન્ય તથા ઓષધીઓનું નિરર્થક છેદન કરવામા એક દિવસ ફક્ત દૂધનો આહાર કરી ગાયની પાછળ ફરવું જેથી શુદ્ધિ થાય છે. ૧૪૪

एतैर्व्रतैरपोह्यं स्यादेनोहिंसासमुद्भवम् । ज्ञानाज्ञानकृतं कृत्स्नं शृणुतानाद्यभक्षणे ॥ १४५ ॥ अज्ञानाद्वारुणीं पीत्वा संस्कारेणैव

शुद्ध्यति । मतिपूर्वमनिर्देश्यं प्राणान्तिकमिति स्थितिः ॥१४६॥ अपः-सुराभाजनस्था मद्यभाण्डस्थितास्तथा । पञ्चरात्रंपिबेत्पीत्वा शङ्खपुष्पी-श्रितं पयः ॥ १४७ ॥ स्पृष्ट्वा दत्वा च मदिरां विधिवत्प्रतिगृह्य च । शूद्रोच्छिष्टाश्च पीत्वापः कुशवारि पिबेत्त्र्यहम् ॥ १४८ ॥

એ પ્રકારે પ્રાયશ્ચિત્તો વડે હિંસાજન્ય પાપ કે જે જાણતા અથવા અજાણતા થયું હોય તેને દૂર કરવા જોઈએ હવે આગળ અભક્ષ્ય ભક્ષણનું પ્રાયશ્ચિત્ત કહું છું તે સાભળો. ૧૪૫ અજ્ઞાનથી વારૂણી મદિરા પાન કરવાથી પુન સંસ્કારે કરીનેજ શુદ્ધ થાય છે, પરંતુ બુદ્ધિપૂર્વક વારૂણી મદિરાનું પાન કરવાથી પ્રાણાન્તિક વ્રત અનિર્દેશ્ય છે, એમ શાસ્ત્ર મર્યાદા છે. ૧૪૬ મદ્ય રાખવાના પાત્રમાનુ પાણી તથા મદ્ય કરવાના પાત્રમાનુ પાણી પીને શંખ પુષ્પીને પાણીમા વાટીને તેનુ પાણી બનાવીને પાંચ દિવસ સુધી પીવું જેથી શુદ્ધ થાય છે. ૧૪૭ મદિરાનો સ્પર્શ કરીને અથવા આપીને અથવા ગ્રહણ કરીને તથા શૂદ્રનુ ઉચ્છિષ્ટ પાણી પીને ત્રણ દીવસ દર્ભનો ક્વાથ કરીને વિધિપૂર્વક પીવો ૧૪૮

ब्राह्मणस्तु सुरापस्य गन्धमाघ्राय सोमपः । प्राणानप्सु त्रिरायम्य घृतं प्राश्य विशुध्यति ॥ १४९ ॥ अज्ञानात्प्राश्यविण्मूत्रं सुरासंस्पृष्टमेव च । पुनः संस्कारमर्हन्ति त्रयोवर्णाद्विजातयः ॥ १५० ॥ वपनं मेखलादण्डौ भैक्षचर्या व्रतानि च । निवर्तन्ते द्विजातीनां पुनःसंस्कार-कर्मणि ॥ १५१ ॥ अभोज्यानां तु भुक्त्वान्नं स्त्रीशूद्रोच्छिष्टमेवच । जग्ध्वामांसमभक्ष्यंच सप्तरात्रंयवान्पिबेत् ॥ १५२ ॥

સોમપાન કરનાર બ્રાહ્મણે સુરાપાન કરનારનો ગંધ સુંઘ્યો હોય તો પાણીમા ત્રણ વાર પ્રાણાયામ કરીને ઘૃતપ્રાશન કરવાથી શુદ્ધ થાય છે ૧૪૯ અજાણતા મળમૂત્ર તથા મદ્યના સ્પર્શવાળી ચીજ ભક્ષણ કરવામા આવે તો ત્રણે દ્વિજવર્ણ પુનઃસંસ્કાર કરવા યોગ્ય છે. ૧૫૦ દ્વિજાતિયોને પુનઃસંસ્કાર કરવામા મુંડન, મેખલા ધારણ, દંડધારણ, ભિક્ષા અને વ્રત, એમાંનું કાંઈ ન કરવું. તે તેનું નિવૃત્ત થાય છે ૧૫૧ નહિ ભોજન કરવા યોગ્યનું ભોજન કરીને, સ્ત્રી તથા શૂદ્રના ઉચ્છિષ્ટનું ભોજન કરીને તથા

માંસ અને કાંઇ બીજું અભક્ષ્ય હોય તે ભક્ષણ કરે તો સાત દિવસ સુધી જવનો સાંથવો કરી તેનું પાન કરીને રેહેવું; એટલે શુદ્ધ થાય છે. ૧૫૨

शुक्तानिचकषायांश्च पीत्वामेध्यानपिद्विजः। तावद्भवत्यमयतो यावत्तन्न व्रजत्यधः ॥ १५३ ॥ विड्वराहखरोष्ट्राणां गोमायोः कपिकाकयोः। प्राश्य मूत्रपुरीषाणि द्विजश्चान्द्रायणंचरेत् ॥ १५४ ॥ "शुष्काणि भुक्त्वा मांसानि भौमानि कवकानि च। अज्ञातं चैव सूनास्थमेतदेव व्रतं चरेत्। १५५ ॥ क्रव्यादसूकरोष्ट्राणां कुक्कुटानांचभक्षणे। नरकाकखराणांच तप्तकृच्छ्रं विशोधनम् ॥ १५६ ॥"

જેમા સ્વાભાવિક મધુરાદિ રસ હોય અને ત કાલે કરીને તથા પાણી વિગેરેથી ખાટા થાય તેને શુક્ત કેહવાય છે તે, તથા બીબીતકાદિ કષાય એટલે કવાથો યદ્યપિ શુદ્ધ છે તો પણ તેનું પાન કરીને તે જ્યા સુધી ઉદરમા પચી ન જાય ત્યા સુધી ત પાન કરનાર પુરૂષને અશુદ્ધ સમજવો. ૧૫૩ ગામનો સૂકર, ખર, ઉંટ, શિયાળ, વાનર અને કાગડાના મલમૂત્રને જે દ્વિજાતિ ભક્ષણ કરે તો તે દ્વિજે ચાદ્રાયણ વ્રત કરી શુદ્ધ થવુ ૧૫૪ "સુકું માંસ, પૃથ્વિમાં ઉત્પન્ન થયેલ કાગડા છત્રા, અને અજાણતાં હિંસાના સ્થાનમાનુ માસ ભક્ષણ કરે તો પણ એજ ચાંદ્રાયણ વ્રત કરવાથી શુદ્ધિ થાય છે ૧૫૫ કાચું માસ ખાનાર પ્રાણી તથા સૂકર, ઉંટ, કુકડો, તથા મનુષ્ય, કાગડા, અને ગધેડાનુ માસ ભક્ષણ કર્યું હોય તો તપ્તકૃચ્છ્ર વ્રત કર્યાથી શુદ્ધિ થાય છે" (આ શ્લોક ૧૫૫ તથા ૧૫૬ પણ પ્રક્ષિપ્ત જણાય છે, કારણ કે માંસ ભક્ષણનો સર્વથા નિષેધ છે અને સામાન્ય માસ માત્રના ભક્ષણમાજ પ્રાયશ્ચિત્ત વિધાન છે તો પછી આ વિવેકની શી આવશ્યક્તા ?) ૧૫૬

" मासिकान्नतुयोऽश्नीयादसमावर्तकोद्विजः। त्रीण्यहान्युपवसेदेकाहंचोदकेवसेत् ॥ १५७ ॥ ब्रह्मचारीतुयोऽश्नीयान्मधुमांसंकथञ्चन। सकृत्वाप्राकृतंकृच्छ्रंव्रतशेषंसमापयेत् ॥ १५८ ॥" बिडालकाकाखूच्छिष्टं जग्ध्वाश्वनकुलस्यच। केशकीटावपन्नंच पिबेद् ब्रह्मसुवर्चलाम् ॥ १५९ ॥ अभोज्यमन्नं नात्तव्यमात्मनः शुद्धिमिच्छता। अज्ञानभुक्तंतूत्तार्यं शोध्यंवाऽप्याशुशोधनैः ॥ १६० ॥

" બ્રહ્મચારી દ્વિજ માસિક શ્રાદ્ધના અન્નનું ભોજન કરે તો તેણે ત્રણ દિવસ અપવાસ કરવો અને એક દિવસ પાણિમાં નિવાસ કર્યાથી શુદ્ધ થાય છે. ૧૫૭ જે બ્રહ્મચારી કોઇ પણ પ્રકારે મદ્ય અને માંસ ભક્ષણ કરી લે તો પ્રાકૃત કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરી બાકીના વ્રતની સમાપ્તિ કરવી " (આ શ્લોક ૧૫૭ તથા ૧૫૮ કોઇ મૃતક શ્રાદ્ધ તથા માંસ પ્રચારકે મેળવેલા સ્પષ્ટ જણાય છે કારણકે જ્યારે માસિક શ્રાદ્ધ કર્મજ વૈદિક નથી તો પછી પ્રાયશ્ચિત શાનું ? જો શ્રાદ્ધકર્મ વૈદિકજ હોય તો પછી તેમા ભોજન કરનાર બ્રહ્મચારીને પ્રાયશ્ચિત્તનું વિધાન શા માટે ? શુ વૈદિક કર્મમા ભોજન કરવાથી કદાપિ પાપ લાગે ખરૂં ? અને માસ તો સર્વને માટે અભક્ષ્ય છે તો પછી બ્રહ્મચારી માટે મદ્ય અને માસના સેવનમા પ્રાકૃત કૃચ્છ્ર માત્ર અલ્પ પ્રાયશ્ચિત્ત કેમ ? ઇત્યાદિ સંશય હોવાથી પ્રક્ષિપ્ત છે.) ૧૫૮બીલાડું, કાગડો, ઉંદર, કુતરૂં અને નોળીયાનુ ઉચ્છિષ્ટ તથા કેશ અને કીટથી યુક્ત અન્નનુ ભોજન કરીને બ્રહ્મસુવર્ચલા એટલે બ્રાહ્મીનો કાઢો પીવો એટલે શુદ્ધિ થાય છે ૧૫૯ પોતાની શુદ્ધિ ઇચ્છનાર મનુષ્યે ભોજન કરવાને અયોગ્ય વસ્તુનું ભોજન કરવું નહિ; અને અજાણતા તેવી વસ્તુનું ભોજન થઈ જાય તો ઉલટી કરીને કહાડી નાંખવું અથવા શુદ્ધ દ્રવ્યો વડે શુદ્ધિ કરી લેવી. ૧૬૦

एषोऽनाद्यादनस्योक्तो व्रतानां विविधोविधिः । स्तेयदोषापहर्तॄणां व्रतानां श्रूयतांविधिः ॥ १६१ ॥ धान्यान्नधनचौर्याणिकृत्वा कामाद् द्विजोत्तमः । स्वजातीयगृहादेव कृच्छ्राब्देनविशुद्ध्यति ॥१६२॥ मनुष्याणां तु हरणे स्त्रीणां क्षेत्रगृहस्य च । कूपवापीजलानां च शुद्धिश्चान्द्रायणंस्मृतम् ॥१६३॥ द्रव्याणामल्पसाराणां स्तेयं कृत्वाऽन्यवेश्मतः। चरेत्सान्तपनं कृच्छ्रं तन्निर्यात्यात्मशुद्धये ॥ १६४ ॥

અભક્ષ્ય ભક્ષણ કરવામાં જે પ્રાયશ્ચિત્તો છે તેના નાના પ્રકારના વિધાનો કહ્યા; હવે ચોરીના દોષો દૂર કરનારાં વ્રતોનો વિધિ કહું છું તે તમે સાંભળો. ૧૬૧ જે દ્વિજ ઇચ્છાપૂર્વક પોતાની જાતિવાળાના ઘરમાંથી ધાન્ય, અન્ન, અને ધનની ચોરી કરે તે એક વર્ષ કૃચ્છ્ર વ્રત કરવાથી શુદ્ધ થાય છે. ૧૬૨ પુરૂષો, સ્ત્રી, ક્ષેત્ર, ઘર, કુવો, વાવડી અને પાણીની ચોરી કરે તો ચાંદ્રાયણ વ્રત કરવાથી શુદ્ધ થાય છે. ૧૬૩ બીજાનાં ઘરમાંથી

તુચ્છ દ્રવ્યની ચોરી કરે તો તેની શુદ્ધિ માટે તે વસ્તુ જેની લીધી હોય તેને પાછી આપવી તથા કૃચ્છ્ર સાંતપન વ્રત કરવું, જેથી શુદ્ધ થાય છે. ૬૪

भक्ष्यभोज्यापहरणे यानशय्यासनस्य च । पुष्पमूलफलानां च पञ्चगव्यं विशोधनम् ॥१६५॥ तृणकाष्ठद्रुमाणां च शुष्कान्नस्य गुडस्य च। चैलचर्मामिषाणांच त्रिरात्रं स्यादभोजनम् ॥ १६६ ॥ मणिमुक्ताप्रवालानां ताम्रस्यरजतस्यच । अयःकांस्योपलानांचद्वादशाहं कणान्नता ॥ १६७ ॥ कार्पासकीटजीर्णानां द्विशफैकशफस्य च। पक्षिगन्धौषधीनां च रज्ज्वाश्चैव त्र्यहं पयः ॥ १६८ ॥

ભક્ષ્ય એટલે મોદકાદિ અને ભોજ્ય એટલે ક્ષીર આદિ પદાર્થોનું તથા સવારી, શય્યા, આસન, પુષ્પ, મૂલ, અને ફલનું હરણ કરવામાં પંચગવ્યનું પાન કરવુ તથા જે વસ્તુ જેની હરણ કરી હોય ત તેને પાછી આપવી. ૧૬૫ ઘાસ, લાકડા, વૃક્ષો, શુષ્ક અન્ન, ગોળ, કાપડ, ચામડું અને માસની ચોરી કરે તો ત્રણ રાત્રદિન ભોજન ન કરવું તેથી શુદ્ધ થાય છે. ૧૬૬ મણિ, મોતી, પ્રવાલ, તાંબુ, રૂપુ, લોઢું, કાંસું, અને પત્થરની ચીજો, એટલામાથી કાઇની પણ ચોરી કરે તો બાર દિવસ સુધી ચોખાના કણનું ભક્ષણ કરવું, (અને તે વસ્તુ જેની હોય તેને પાછી આપવી) ૧૬૭ કપાસ, રેશમ, ઉન, બે ખરીવાળા બલદ આદિ અને એક ખરીવાળા ઘોડા આદિ, પક્ષી, ચદનાદિ ગધ પદાર્થ, ઔષધ અને દોરડા દોરડીની ચોરી કરે તો (તે વસ્તુ જેની હોય તેની પાછી આપવી અને) ત્રણ દિવસ પાણી માત્ર પીને રહેવાથી શુદ્ધિ થાય છે. ૧૬૮

एतैर्व्रतैरपोहेत पापं स्तेयकृतं द्विजः । अगम्यागमनीयं तु व्रतैरेभिरपानुदेत् ॥ १६९॥ गुरुतल्पव्रतं कुर्याद्रेतः सिक्त्वा स्वयोनिषु । सख्युः पुत्रस्यचस्त्रीषु कुमारीष्वन्त्यजासु च ॥१७०॥ पैतृष्वसेयींभगिनीं स्वस्रीयां मातुरेव्च । मातुश्च भ्रातुस्तनयां गत्वा चान्द्रायणं चरेत् ॥१७१॥ एतास्तिस्रस्तु भार्यार्थे नोपयच्छेत्तु बुद्धिमान् । ज्ञातित्वेनानुपेयास्ताः पतति ह्युपयन्नधः ॥ १७२ ॥

દ્વિજે ચોરીનું પાપ એ ઉપરોક્ત વ્રતો વડે દૂર કરવું. હવે જે ગમન કરવાને અયોગ્ય સ્ત્રીઓ છે તેની સાથે ગમન કરવામાં જે પાપ લાગે છે, તે નીચે જણાવેલા વ્રતો વડે દૂર કરવા. ૧૬૯ પોતાની સગી બેહેન, મિત્રની સ્ત્રી તથા પુત્રની વધુ તથા કુમારી અને ચાંડાલીની સાથે ગમન કરે તો ગુરૂપત્નિ ગમનમા જે પ્રાયશ્ચિત્ત કર્યું છે, તે કરવાથી પાપ મુક્ત થાય છે. ૧૭૦ પિતાની બેહેનની પુત્રી, તથા માશીની પુત્રી તથા મામાની પુત્રી, એ ત્રણ બેહેનોની સાથે ગમન કરે તો ચાંદ્રાયણ વ્રત કરવાથી શુદ્ધ થાય છે ૧૭૧ એ ત્રણેને ભાર્યાને માટે બુદ્ધિમાન પુરૂષે ગ્રહણ ન કરવી. જ્ઞાતિ હોવાથી એટલે કે સબંધી હોવાથી તેઓ વિવાહ કરવાને અયોગ્ય છે. એ ત્રણમાથી કોઇની પણ સાથે વિવાહ કરવાથી નીચતાને પ્રાપ્ત થાય છે. ૧૭૨

अमानुषीषु पुरुष उदक्यायामयोनिषु । रेतः सिक्त्वा जले चैव कृच्छ्रं सान्तपनं चरेत् ॥१७३॥"मैथुनंतुसमासेव्य पुंसियोषितिवाद्विजः। गोयानेऽप्सुदिवाचैव सवासाः स्नानमाचरेत् ॥१७४॥" चण्डालान्त्यस्त्रियोगत्वा भुक्त्वा च प्रतिगृह्य च । पतत्यज्ञानतो विप्रो ज्ञानात्साम्यं तु गच्छति ॥१७५॥ विप्रदुष्टांस्त्रियं भर्ता निरुन्ध्यादेकवेश्मनि । यत्पुंसः परदारेषु तच्चैनां चारयेद्व्रतम् ॥ १७६ ॥

મનુષ્ય ભિન્ન યોનિયોમા, રજસ્વલા સ્ત્રીમાં, અને જલમાં વીર્ય સિંચન (સ્ખલિત) કરનાર પુરૂષે સાન્તપન કૃચ્છ્ર વ્રત કરવું; એટલે શુદ્ધ થાય છે ૧૭૩ "દ્વિજે પુરૂષમા અથવા સ્ત્રીમા મૈથુન કરીને, બળદની ગાડીમાં, પાણીમા તથા દિવસે મૈથુન કરીને સવસ્ત્ર સ્નાન કરવું." (આ ૧૭૪ મો શ્લોક બનાવટી છે. કારણ કે સામાન્ય વિહિત મૈથુન માત્રમાં પણ સ્નાન વિધાન તો છેજ પછી વળી આ સ્નાનને પ્રાયશ્ચિત્ત ઠરાવવું એ કેવળ અસબંધ પ્રલાપ કેહેવાય. વળી આવા સૃષ્ટિ નિયમ વિરૂદ્ધ વર્તનમાં ફક્ત આટલું અલ્પ સ્નાન માત્ર પ્રાયશ્ચિત્તને કાંઇ પ્રાયશ્ચિત્ત ગણાય ? નહિંજ. માટે પ્રક્ષિપ્ત છે.) ૧૭૪ અજાણતાં ચાંડાલની સ્ત્રી તથા કોઇ અન્ય નીચની સ્ત્રી સાથે ગમન કરવાથી તથા તેને ત્યાં ભોજન કરવાથી તથા તેનો પ્રતિગ્રહ લેવાથી વિપ્ર પતિત થાય છે. અને જાણી જોઇને ઉપરોક્ત કર્મ કરવાથી તે જાતિમા તે મળી જાય છે. ૧૭૫

અતિ દુષ્ટ સ્ત્રીને તેના સ્વામીએ એક ઘરમાં બંધ કરી રાખવી. અને પુરૂષને પારકી સ્ત્રી ગમનમા જે પ્રાયશ્ચિત્ત વ્રત કરાવવામા આવે છે તે તેની પાસે કરાવવું. ૧૭૬

सा चेत्पुनः प्रदुष्येत्तु सदृशेनोपयन्त्रिता । कृच्छ्रं चान्द्रायणं चैव तदस्याः पावनं स्मृतम् ॥१७७॥ यत्करोत्येकरात्रेण वृषलीसेवनाद् द्विजः । तद्भैक्षभुग्जपन्नित्यं त्रिभिर्वर्षैर्व्यपोहति ॥१७८॥ एषा पापकृतामुक्ता चतुर्णामपि निष्कृतिः । पतितैः संप्रयुक्ताना मिमाः शृणुत निष्कृतीः ॥१७९॥ संवत्सरेण पतति पतितेन सहाचरन् । याजनाध्यापनाद्यौनान्न तु यानासनाशनात् ॥ १८० ॥

યદિ કોઇ સજાતીય પુરૂષના વિચારથી ફરીથી તે સ્ત્રી બગડી જાય તો તેને પવિત્ર કરનાર કૃચ્છ્ર ચાંદ્રાયણ વ્રત કરવાનું કહ્યું છે ૧૭૭ જે દ્વિજ એક રાત્ર વેશ્યા ગમન તથા શૂદ્રા ગમનમા જેટલું પાપ કરે છે તો તે એક રાત્રનું પાપ ત્રણ વર્ષ સુધી હમેશા ભિક્ષા માંગીને ભોજન કરે તથા ગાયત્રીનો જપ કરવાથી દુર કરી શકે ૧૭૮ એ પ્રમાણે પાપ કરનાર ચારે વર્ણોનું પ્રાયશ્ચિત્ત કહ્યું. હવે તે પતિતોની સાથે સહવાસ (સંસર્ગ) કરનારનું પ્રાયશ્ચિત્ત નિચે પ્રમાણે સાભળો. ૧૭૯ એક વર્ષ સુધી પતિતોની સાથે યજ્ઞ કરાવવો, અધ્યયન કરાવવું અને યોનિ સબંધ કરવાથી પતિત થઇ જવાય છે, પરંતુ પાન, આસન અને ભોજનથી એક વર્ષે નહિં પણ તત્કાલ પતિત થઇ જવાય છે ૧૮૦

योयेन पतितेनैषां संसर्गं याति मानवः । स तस्यैव व्रतं कुर्यात्संसर्गविशुद्धये ॥१८१॥ पतितस्योदकं कार्यं सपिण्डैर्बान्धवैर्बहिः । निन्दितेऽहनिसायान्हे ज्ञात्यृत्विग्गुरुसन्निधौ ॥१८२॥ दासी घटमपां पूर्णं पर्यस्येत्प्रेतवत्पदा । अहोरात्रमुपासीरन्नाशौचं बान्धवैः सह ॥१८३॥ निवर्तेरंश्च तस्मात्तु संभाषणसहासने । दायाद्यस्य प्रदानं च यात्रा चैव हि लैाकिकी ॥ १८४ ॥

જે મનુષ્ય એ પાપ કરનારાઓમાથી જેની સાથે સંસર્ગમાં આવે અને પતિત થાય તો તે સંસર્ગની શુદ્ધિ માટે પણ તે પાતકીનાં જેટલુંજ

ત્રત કરવાથી શુદ્ધ થાય છે. ૧૮૧ સપિંડ બાંધવ લોકોએ પોતાનો કોઇ સંબંધિ પતિત હોય અને તે જીવતો હોય તો પણ ગામની બહાર જઇને નિન્દિત દિવસે સાયંકાલે ઋત્વિજ અને ગુરૂની સામે તેની ઉદક ક્રિયા કરવી. ૧૮૨ અને દાસીએ પાણીથી ભરેલા ઘડાને પ્રેતની પેઠે એટલે કે દક્ષિણાભિમુખ રહીને પગ વડે પાડવો, (સ્ફોટન કરવું.) અને બાંધવોની સાથે એક અહોરાત્ર આશૌચ રાખવુ ૧૮૩ અને તે પતિતની સાથે સભાષણ, સાથે બેસવું; દાનભાગ અને જાતિ પૈકી નિંમત્રણ વિગેરે સર્વ છોડી દેવું. ૧૮૪

ज्येष्ठता च निवर्तेत ज्येष्ठावाप्यं च यद्धनम् । ज्येष्ठांशंमाप्नुयाच्चास्य यवीयान्गुणतोऽधिकः ॥१८५॥ प्रायश्चित्ते तु चरिते पूर्णकुम्भ मपां नवम् । तेनैव सार्धं प्रास्येयुः स्नात्वा पुण्ये जलाशये ॥१८६॥ स त्वप्सु तं घटं प्रास्य प्रविश्य भवनं स्वकम् । सर्वाणि ज्ञातिकार्याणि यथापूर्वं समाचरेत् ॥१८७॥ एतमेवविधिं कुर्याद्योषित्सु पतितास्वपि। वस्त्रान्नपानं देयं तु वसेयुश्च गृहान्तिके ॥ १८८ ॥

મોટાપણું, અને જ્યેષ્ઠપણાના ઉદ્ધારનું ધન પણ તે પતિતનું છુટી જાય છે, તથા મોટાભાઇનો ભાગ છે તે જે નાનોભાઇ ગુણમા અધિક હોય તેને મળે. ૧૮૫ પરંતુ તે પતિત પ્રાયશ્ચિત્ત કરે તો તે પતિતની સાથે બાંધવ લોક પવિત્ર જલાશયમા સ્નાન કરીને તે પાણીથી ભરેલા નવા ઘડાને ફેંકી દેવો. ૧૮૬ પછી તે પ્રાયશ્ચિત્ત કરેલા મનુષ્યે જલમા તે ઘડો ફેંકી દઇને પોતાના ઘરમા પ્રવેશ કરીને જેમ પ્રથમ કરતો આવ્યો હોય તેમ સર્વ જ્ઞાતિ સબંધિ કાર્યો કરવાં. ૧૮૭ સ્ત્રીયો જે પતિત થઇ હોય તો પણ એજ પ્રકારે વિધિ કરવો. અને તેને વસ્ત્ર, અન્ન, પાન આપવું તથા તેને પોતાના ઘરની પસે બીજાં એકાત ઘરમાં રાખવી. ૧૮૮

एनस्विभिरनिर्णिक्तैर्नार्थं किञ्चित्सहाचरेत् । कृतनिर्णेजनांश्चैव न जुगुप्सेत कर्हिचित् ॥१८९॥ बालघ्नांश्च कृतघ्नांश्च विशुद्धानपि धर्मतः । शरणागतहन्तॄंश्च स्त्रीहन्तॄंश्च न संवसेत् ॥१९०॥ येषांद्विजानांसावित्री नानूच्येतयथाविधि । तांश्चारयित्वात्रीन् कृच्छ्रान्यथाविध्यु-

पनाययेत् ॥१९१॥ प्रायश्चित्तं चिकीर्षन्ति विकर्मस्थास्तु ये द्विजाः। ब्रह्मणाचपरित्यक्तास्तेष मप्यतदादिशेत् ॥ १९२ ॥

વગર પ્રાયશ્ચિત્ત કરેલા પાપકારીઓની સાથે કોઇ પણ પ્રકારનો વ્યવહાર તેમજ સમ્બંધ ન રાખવો. અને તેઓ જ્યારે પ્રાયશ્ચિત્ત કરે ત્યાર પછી તેની બીલકુલ નિન્દા ન કરતાં સર્વ વ્યવહાર પૂર્વની પેઠે ચાલુ કરવો. ૧૮૯ પરંતુ બાલકને મારનારાઓ તથા કરેલા ઉપકારને નાશ કરનારાઓ તેમજ શરણુ આવેલાને મારનારાઓ અને સ્ત્રીઓને નાશ કરનારાઓને સાથે તો તે પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થાય તો પણ ધર્મથી સાથે ન રહેવું ૧૯૦ જે દ્વિજાતિઓનો ઉક્તકાલમાં યથાશાસ્ત્ર ગાયત્રી ઉપદેશ તથા ઉપનયન સંસ્કાર ન થયો હોય તો તેની પાસે ત્રણ કૃચ્છ્ર પ્રાયચિત્ત કરાવીને યથાવિધિ ઉપનયન સસ્કાર કરવો. ૧૯૧ વિરૂદ્ધ કર્મ કરનાર અને વેદાધ્યયન વડે ત્યાગ થયેલા દ્વિજો જો પ્રાયશ્ચિત્ત કરવાની ઇચ્છા કરે તો તેઓને પણ ત્રણ કૃચ્છ્રનુ પ્રાયશ્ચિત્ત કરાવવું. ૧૯૨

यद्गर्हितेनार्जयन्ति कर्मणाब्राह्मणा धनम्। तस्योत्सर्गेण शुद्ध्यन्ति जपेनतपसैवच ॥१९३॥ जपित्वात्रीणिसावित्र्याः सहस्राणि समाहितः। मासं गोष्ठेपयःपीत्वा मुच्यतेऽसत्प्रतिग्रहात् ॥ १९४ ॥ उपवासकृशंतंतु गोत्रजात्पुनरागतम्। प्रणतंप्रतिपृच्छेयुःसाम्यं सौम्येच्छसीतिकिम् ॥ १९५ ॥ सत्यमुक्त्वातुविप्रेषु विकिरेद्यवसंगवाम्। गोभिः प्रवर्तिते तीर्थे कुर्युस्तस्य परिग्रहम् ॥ १९६ ॥

જે બ્રાહ્મણો નિન્દિત કર્મ વડે ધનોપાર્જન કરે છે તો તે તેવા ઉપાર્જનને છોડવાથી તથા જપતપ કરવાથી શુદ્ધ થાય છે. ૧૯૩ સાવધાન ચિત્તે ત્રણ હજાર ગાયત્રીનો જપ કરીને અને ગાયના ગોષ્ઠમા એક મહિના સુધી દૂધનો ફક્ત આહાર કરે તો ખરાબ દાન લેવાનાં પાપથી છુટી જાય છે. ૧૯૪ તે ઉપવાસથી દુર્બલ થયેલા અને ગોષ્ઠમાંથી આવતા તથા નમ્રતા પ્રાપ્ત થયેલા તેને બ્રાહ્મણોએ પુછવુ કે "હે સોમ્ય ! તુ અમારી બરાબર થવા ઇચ્છે છે ?" ૧૯૫ બ્રાહ્મણોની આગળ સત્ય કહીને ગાયોને ઘાસ નાંખવું. પછી ગાયો વડે પ્રવર્તિત તીર્થમા તેનો પરિગ્રહ બ્રાહ્મણોએ કરવો ૧૯૬.

व्रात्यानां याजनं कृत्वा परेषामन्त्यकर्म च। अभिचारमहीनं च त्रिभिःकृच्छ्रैर्व्यपोहति ॥ १९७ ॥ शरणागतं परित्यज्य वेदं विप्लाव्य च द्विजः। संवत्सरं यवाहारस्तत्पापमपसेधति ॥ १९८ ॥ श्वशृगालखरैर्दष्टो ग्राम्यैःक्रव्याद्भिरेव च। नराश्वोष्ट्रवराहैश्च प्राणायामेन शुध्यति ॥ १९९ ॥ षष्ठान्नकालता मासं संहिताजपएव वा। होमाश्च सकला नित्यमपाङ्क्त्यानां विशोधनम् ॥ २०० ॥

વ્રાત્યોને યજ્ઞ કરાવવાથી, ગુરૂઆદિથી અતિરિક્ત બીજાઓની અંત્યેષ્ટી કરવાથી, તથા અહીન નામનો યાગ વિશેષ કરવાથી તથા અભિચાર કરવાથી જે પાપ લાગે છે તે ત્રણ કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવાથી શુદ્ધ થાય છે ૧૯૭ જે દ્વિજને શરણાગતનો ત્યાગ કરીને તથા અધ્યયન નહિ કરાવવા યોગ્યને વેદનું અધ્યયન કરાવીને જે પાપ લાગે છે, તે દ્વિજ તે પાપ એક વર્ષ પર્યંત યવનો આહાર કરવાથી દૂર કરે છે ૧૯૮ કુતરૂ, શિયાળ, અથવા ગધેડું કરડયું હોય અથવા ગામમા રહેનાર, કાચું માંસ ભક્ષણ કરનાર બીલાડા આદિનો દંશ થયો હોય તથા મનુષ્ય, અશ્વ, ઉંટ અથવા સૂકર કરડયું હોય તો પ્રાણાયામે કરીને શુદ્ધ થાય છે. ૧૯૯ પંક્તિ રહિતાની વિશેષે કરીને શુદ્ધિ એવી રીતે થાય છે કે ત્રણ દિવસ ઉપવાસ કરીને એક માસ પર્યંત સાયંકાલે ભોજન કરવુ તથા વેદ સંહિતાનો નિત્ય પાઠ તથા સર્વ હોમો કરવા જેથી શુદ્ધિ થાય છે ૨૦૦

उष्ट्रयानं समारुह्य खरयानं तु कामतः। स्नात्वा तु विप्रोदिग्वासाः प्राणायामेन शुध्यति ॥ २०१ ॥ विनाद्भिरप्सु वाप्यार्तः शारीरं सन्निवेश्य च। सचैलोबहिराप्लुत्य गामालभ्य विशुध्यति ॥ २०२ ॥ वेदोदितानां नित्यानां कर्मणां समतिक्रमे। स्नातकव्रतलोपे च प्रायश्चित्तमभोजनम् ॥२०३॥ हुङ्कारं ब्राह्मणस्योक्त्वा त्वङ्कारं च गरीयसः। स्नात्वाऽनश्नन्नहःशेषमभिवाद्य प्रसादयेत् ॥ २०४ ॥

ઇચ્છાપૂર્વક બ્રાહ્મણ જો ઉંટની સવારી ઉપર અથવા ગધેડાંની સવારી ઉપર ચઢે તો તે નગ્ન થઈ સ્નાન કરીને પ્રાણાયામ કરવાથી શુદ્ધ થાય છે. ૨૦૧ વગર પાણીએ અથવા પાણીમા ચાહે રોગી હોય તો પણ

મલમૂત્રાદિ કરે તો તે બ્રાહ્મણ વસ્ત્રસહિત ગામની બહાર જઇ નદીમાં સ્નાન કરી અને પૃથ્વીનો સ્પર્શ કરવાથી શુદ્ધ થાય છે. ૨૦૨ વેદમાં કહેલાં નિત્ય, કર્મ જો છુટી જાય તો અને સ્નાતક બ્રહ્મચારીના વ્રતનો લોપ થાય તો ભોજન ન કરવું, એજ તેનું પ્રાયશ્ચિત્ત સમજવું. ૨૦૩ બ્રાહ્મણને "હુ" એવું કહીને અથવા તો "તું" એવું કહીને સ્નાન કરીને ભુખ્યા રહી આખો દિવસ તે બ્રાહ્મણને હાથ જોડી અભિવાદન કરી પ્રસન્ન કરવા. ૨૦૪

તાડયિત્વા તૃણેનાપિ કણ્ઠે વાબધ્ય વાસસા । વિવાદે વા વિનિર્જિત્ય પ્રણિપત્ય પ્રસાદયેત્ ॥ ૨૦૫ ॥" અવગૂર્યત્વબ્દશતં સહસ્રમભિહત્યચ ॥ જિઘાંસયાબ્રાહ્મણસ્ય નરકંપ્રતિપદ્યતે ॥૨૦૬॥ શોણિતંયાવતઃ પાંસુન્સંગૃહ્ણાતિ મહીતલે । તાવન્ત્યબ્દસહસ્રાણિ તત્કર્તા નરકે વસેત્ ॥૨૦૭॥" અવગૂર્ય ચરેત્કૃચ્છ્રમતિકૃચ્છ્રં નિપાતને । કૃચ્છ્રાતિકૃચ્છ્રૌ કુર્વીત વિપ્રસ્યોત્પાદ્ય શોણિતમ્ ॥ ૨૦૮ ॥

ઘાસ વડે પણ બ્રાહ્મણને મારીને, ગળામા વસ્ત્ર વડે બાંધીને અથવા વિવાદમા જીતીને તેને પ્રણિપ્રત્ય કરીને પ્રસન્ન કરવા ૨૦૫ ' બ્રાહ્મણને મારવાની ઇચ્છા પૂર્વક, દંડ ઉઠાવવા માત્રથી સો વર્ષ નરકમા પડે છે, અને જો દંડથી મારે, તો એક હજાર વર્ષ નકમાં પડે છે. ૨૦૬ મારેલા બ્રાહ્મણનું રૂધિર પૃથ્વીના જેટલા રજકણને ભિંજાવે છે તેટલા હજાર વરસ રૂધિર કઢાડનાર નરકમા રહે છે " (આ ૨૦૬ અને ૨૦૭ શ્લોક ત્યાજ્ય છે કારણકે આ પ્રાયશ્ચિત્તનું પ્રકરણ છે અને ૨૦૮ મા શ્લોકમા બ્રાહ્મણને મારવાનું પ્રાયશ્ચિત્ત જણાવ્યું છે એટલે આ શ્લોકો પુનરૂક્ત પણ છે.) ૨૦૭ બ્રાહ્મણને મારવા માટે દંડ ઉઠાવનારે કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવુ અને દંડથી મારનારે અતિ કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું અન મારવાથી જો લોહી નીકળે તો કૃચ્છ્ર અને અતિકૃચ્છ્ર બંને પ્રાયશ્ચિત્ત કરવા. ૨૦૮

અનુક્તનિષ્કૃતીનાં તુ પાપાનામપનુત્તયે । શક્તિં ચાવેક્ષ્ય પાપં ચ પ્રાયશ્ચિત્તં પ્રકલ્પયેત્ ॥૨૦૯॥ યૈરભ્યુપાયૈરેનાંસિ માનવોઽપકર્ષતિ । તાન્વોઽભ્યુપાયાન્વક્ષ્યામિ દેવર્ષિપિતૃસેવિતાન્ ॥૨૧૦॥ ત્ર્યહં પ્રાતસ્ત્ર્યહં સાયં ત્ર્યહમદ્યાદયાચિતમ્ । ત્ર્યહં પરંચ નાશ્નીયાત્પ્રાજાપત્યં ચરન્દ્વિજઃ

॥२११॥ गोमूत्रं गोमयं क्षीरं दधि सर्पिः कुशोदकम् । एकरात्रोपवासश्च कृच्छ्रं सान्तपनं स्मृतम् ॥ २१२ ॥

જે પાપોનાં પ્રાયશ્ચિત્ત કહ્યાં નથી તે પાપોને દૂર કરવા માટે શક્તિ અને પાપને જોઇને પ્રાયશ્ચિત્તની કલ્પના કરી લેવી. ૨૦૯ જે ઉપાયો વડે મનુષ્ય પાપોને દૂર કરી શકે છે તે દેવ, ઋષિ અને પિતરોના કરેલા ઉપાયો હું તમને કહું છું. ૨૧૦ પ્રજાપત્ય કૃચ્છ્રના આચરણ કરવાવાળા દ્વિજે ત્રણ દિવસ પ્રાતઃકાલે અને ત્રણ દિવસ સાયંકાલે અને ત્રણ દિવસ અયાચિત ભોજન કરવુ, અને ત્રણ દિવસ ઉપવાસ કરવો. એ બાર દિવસનું એક "પ્રાજાપત્ય" વ્રત કેહેવાય છે. ૨૧૧ ગોમૂત્ર, ગોમય, દૂધ, દહિં, ઘી અને દર્ભના પાણીનું એક દિવસ ભક્ષણ કરવુ અને પછી એક દિવસ રાત્રનો ઉપવાસ કરવો તે "સાન્તપન કૃચ્છ્ર" કેહેવાય છે ૨૧૨

एकैकं ग्रासमश्नीयात् त्र्यहाणित्रीणिपूर्ववत् । त्र्यहं चोपवसेदन्त्यमतिकृच्छ्रं चरन्द्विजः ॥२१३॥ तप्तकृच्छ्रं चरन्विप्रो जलक्षीर घृतानिलान् । प्रतित्र्यहंपिबेदुष्णान्सकृत्स्नायीसमाहितः ॥२१४॥ यतात्मनाऽप्रमत्तस्य द्वादशाहमभोजनम् । पराकोनामकृच्छ्रोयं सर्वपापापनोदनः ॥२१५॥ एकैकं ह्रासयेत्पिण्डं कृष्णे शुक्ले च वर्धयेत् । उपस्पृशंस्त्रिषवणमेतच्चान्द्रायणं स्मृतम् ॥ २१६ ॥

અતિકૃચ્છ્ર વ્રત આચરણ કરનાર દ્વિજે ત્રણ દિવસ સાયંકાલે, ત્રણ દિવસે પ્રાતઃકાલે, અને ત્રણ દિવસ અયાચિત એમ નવ દિવસ ફક્ત એક એક ગ્રાસભોજન કરવું અને છેવટે ત્રણ દિવસ ઉપવાસ કરવો. ૨૧૩ તપ્ત કૃચ્છ્રના આચરણ કરનાર દ્વિજે સ્વસ્થચિત્ત થઇ એકવાર સ્નાન કરવું અને ત્રણ દિવસ ગરમ પાણી પીવું, ત્રણ દિવસ ગરમ દૂધ પીવું અને એજ પ્રકારે ત્રણ દિવસ ગરમ ઘી પીવું અને ત્રણ દિવસ ગરમ વાયુનુ પાન કરવું. ૨૧૪ સ્વસ્થ અને સાવધાન ચિત્તવાળાને બાર દિવસ ભોજન ન કરવું. એજ "પરાક" નામનું કૃચ્છ્ર વ્રત સર્વ પાપને દૂર કરે છે. ૨૧૫ કૃષ્ણપક્ષમા એક એક ગ્રાસ ઘટાડવો અને શુકલ પક્ષમાં એક એક વધારવો અને ત્રણ કાલ દરરોજ સ્નાન કરવું તે "ચાંદ્રાયણ" વ્રત કેહેવાય છે ૨૧૬

एतमेवविधिंकृत्स्नमाचरेद्यवमध्यमे । शुक्लपक्षादिनियतश्चरंश्चान्द्रायणंव्रतम् ॥२१७॥ अष्टावष्टौसमश्नीयात्पिण्डान्मध्यन्दिने स्थिते । नियतात्मा हविष्याशी यतिचान्द्रायणंचरन् ॥२१८॥ चतुरः प्रातरश्नीयात्पिण्डान्विप्रः समाहितः । चतुरोऽस्तमितेसूर्ये शिशुचान्द्रायणं स्मृतम् ॥२१९॥ यथाकथञ्चित्पिण्डानां तिस्रोऽशीतीः समाहितः । मासेनाश्नन्हविष्यस्य चन्द्रस्यैतिसलोकताम् ॥ २२० ॥

એજ પ્રકારે ગ્રાસને વધારવા તથા ઘટાડવા અને ત્રણ કાલ સ્નાન કરવું તે "યવ મધ્યાખ્ય ચાંદ્રાયણ" ને શુક્લ પક્ષમાં આરભ કરીને જીતેન્દ્રિય થઈને કરવું. ૨૧૭ જીતેન્દ્રિય તથા હવિષ્યાન્નના ભોજન કરનારેયતિ ચાંદ્રાયણ વ્રતનું આચરણ કરતા દરરોજ મધ્યાન્હમા આઠ આઠ ગ્રાસ અન્નનું ભોજન કરવું. ૨૧૮ જે વિપ્ર સમાહિત ચિત્ત થઈ એક માસ સુધી ચાર ગ્રાસ પ્રાતકાલે ભોજન કરે અને ચાર ગ્રાસ સાયકાલે ભોજન કરે તે "શિશુચાંદ્રાયણ" વ્રત કેહેવાય છે. ૨૧૯ સ્વસ્થ થઈ જેમ બને તેમ એક માસમા હવિષ્યાન્નના ત્રણ એંશી એટલે બસોને ચાલીસ ગ્રાસ ભોજન કરનાર ચંદ્રની સમાન નિર્મલ લોક (દેહ) ને પામે છે ૨૨૦

एतद्रुद्रास्तथादित्या वसवश्चाचरन्व्रतम् । सर्वाकुशलमोक्षाय मरुतश्च महर्षिभिः ॥२२१॥ महाव्याहृतिभिर्होमः कर्त्तव्यः स्वयमन्वहम् । अहिंसा सत्यमक्रोधमार्जवं च समाचरेत् ॥ २२२ ॥ त्रिरह्निर्निशायां च सवासाजलमाविशेत् । स्त्रीशूद्रपतितांश्चैव नाभिभाषेतकर्हिचित् ॥२२३॥ स्थानासनाभ्यां विहरेदशक्तोऽधः शयीत वा । ब्रह्मचारी व्रती च स्याद् गुरुदेवद्विजार्चकः ॥२२४॥

એ ચાંદ્રાયણ વ્રત રૂદ્રો, આદિત્ય, વસુઓ તથા મરૂત્ એ સંજ્ઞાવાળા વિદ્વાનોએ મહર્ષિઓની સાથે સંપૂર્ણ પાપના નાશ માટે કર્યું હતું. ૨૨૧ વ્રત કરનારે હમેશા પોતે મહા વ્યાહૃતિયો વડે હોમ કરવો અને અહિંસા, સત્ય, અક્રોધ અને સરલતાનું આચરણ કરવું. ૨૨૨ દિવસે ત્રણવાર અને રાત્રે ત્રણવાર વસ્ત્ર સાથે ડુબકી મારીને સ્નાન કરવું, તથા સ્ત્રી, શૂદ્ર અને પતિતોની સાથે કોઈ પણ ભાષણ ન કરવું. ૨૨૩ સ્થાન અને આસન

ઉપરજ ઉઠવું, બેસવું અને અશકત હોય તો ભૂમિઉપર નીચે શયન કરવું. વ્રતી બ્રહ્મચર્ય ધારણ કરનાર તથા ગુરૂ, દેવ એટલે વિદ્વાન, અને દ્વિજને સન્માન આપતા રેહેવું ૨૨૪

सावित्रीं च जपेन्नित्यं पवित्राणि च शक्तितः । सर्वेष्वेव व्रतेष्वेवं प्रायश्चित्तार्थमादृतः ॥२२५॥ एतैर्द्विजातयः शोध्या व्रतैराविष्कृतैनसः । अनाविष्कृत पापांस्तु मन्त्रैर्होमैश्च शोधयेत् ॥२२६॥ ख्यापनेनानुतापेन तपसाऽध्ययनेन च । पापकृन्मुच्यतेपापात्तथा दानेन चापदि ॥२२७॥ यथायथानरोऽधर्मं स्वयंकृत्वाऽनु भाषते । तथा तथा त्वचे-वाहिस्तेनाधर्मेण मुच्यते ॥ २२८ ॥

યથા શકિત નિત્ય ગાયત્રી અને બીજા પવિત્ર મંત્રોનો જપ કરવો. એ પ્રમાણે દરેક પ્રાયશ્ચિત્તનાં સંપૂર્ણ વ્રતોમાં શ્રદ્ધાથી અનુષ્ઠાન કરવુ. ૨૨૫ લોક વિદિત પાપવાળા દ્વિજાતિયો એવાં પ્રસિદ્ધ વ્રતોવડે શુદ્ધ કરવા યોગ્ય છે અને અપ્રકાશિત પાપવાળાઓની મંત્રો તથા હોમ વડે શુદ્ધિ કરવી. ૨૨૬ પાપ કરનાર મનુષ્ય પાપને પ્રકાશિત કરવાથી, પશ્ચાત્તાપ કરવાથી તથા તપ અને અધ્યયન કરવાથી અને એટલામા પણ અસમર્થ હોય તો દાન કરવાથી પાપમાથી મુક્ત થાય છે. ૨૨૭ મનુષ્ય જેવા જેવા અધર્મ કરે અને તે પ્રત્યક્ષ પ્રકાશ કરે તો ત તે અધર્મથી જેમ સાપ કાંચળીથી છુટી જાય છે, તેમ તે છુટી જાય છે. ૨૨૮

यथा यथा मनस्तस्य दुष्कृतं कर्म गर्हति । तथा तथा शरीरं त-त्तेनाऽधर्मेण मुच्यते ॥२२९॥ कृत्वा पापं हि संतप्य तस्मात्पापात् प्रमुच्यते । नैवं कुर्यां पुनरिति निवृत्त्या पूयते तु सः ॥२३०॥ एवं संचिन्त्य मनसा प्रेत्य कर्मफलोदयम् । मनोवाङ्मूर्तिभिर्नित्यं शुभं कर्म समाचरेत् ॥ २३१ ॥ अज्ञानाद्यदि वा ज्ञानात्कृत्वा कर्म विगर्हितम् । तस्माद्विमुक्तिमान्विच्छन् द्वितीयं न समाचरेत् ॥ २३२ ॥

જેમ જેમ પાપ કરનારનું મન પાપ કર્મની નિન્દા કરે છે તેમ તેમ તેનું તે શરીર અધર્મથી મુક્ત થાય છે. ૨૨૯ પાપ કર્યા પછી તે પાપ સંબંધી સંતાપ કરવાથી તે પાપથી મુક્ત થાય છે; અને "ફરીથી આવું

પાપ કરીશ નહીં. ” એ પ્રકારે કહીને નિવૃત્ત થયાથી પવિત્ર થાય છે. ૨૩૦ એ પ્રમાણે મરણ પામ્યા પછી આ કર્મનું ફલ આવું મળશે એમ મન વડે વિચાર કરીને મન, વાણી અને શરીર વડે હમેશાં શુભ કર્મ આચરણ કરવું. ૨૩૧ અજાણતાં અથવા જાણી જોઇને કાંઇ નિન્દ્ય કર્મ થઇ ગયું હોય તો તેનાથી છુટવાની ઇચ્છા રાખનારે ફરીથી તેનું કર્મ બીજી વખતે ન કરવું. ૨૩૨

यस्मिन्कर्मण्यस्यकृते मनसः स्यादलाधवम् । तस्मिंस्तावत्तपः कुर्याद्यावत्तुष्टिकरंभवेत् ॥२३३॥ तपोमूलमिदंसर्वं दैवमानुषकं सुखम् । तपोमध्यं बुधैः प्रोक्तं तपोऽन्तं वेददर्शिभिः ॥२३४॥ ब्राह्मणस्यतपोज्ञानं तपः क्षत्रस्यरक्षणम् । वैश्यस्यतुतपोवार्ता तपः शूद्रस्य सेवनम् ॥२३५॥ ऋषयः संयतात्मानः फलमूलानिलाशनाः । तपसैव प्रपश्यन्ति त्रैलोक्यं सचराचरम् ॥ २३६ ॥

એ પાપ કરવાવાળાનાં મનથી જે કર્મમાં અનુષ્ઠાન કરવામાં લાઘવ ન હોય તેમાં તેટલુ પ્રાયશ્ચિત્ત કરવું કે જેથી તે પ્રાયશ્ચિત્તથી તેને સંતોષ પ્રાપ્ત થાય. ૨૩૩ આ સર્વ દેવ તથા મનુષ્યના સુખનું આદિ, મધ્ય અને અંત પણ વેદ જાણનાર વિદ્વાનોએ તપનેજ કહ્યું છે. ૨૩૪ વેદશાસ્ત્રનું જ્ઞાન સંપાદન કરવુ તે બ્રાહ્મણનું તપ, પ્રજાનું રક્ષણ કરવું તે ક્ષત્રીયનું તપ, વ્યાપાર કરવો તે વૈશ્યનું તપ અને ત્રણ વર્ણની સેવા કરવી તે શુદ્રનું તપ કહેવાય છે. ૨૩૫ ઇંદ્રિયોને જીતનાર તથા ફલ, કંદ, મૂલનું અને વાયુનું ભક્ષણ કરનાર ઋષિયો સંપૂર્ણ ચરાચર ત્રણે લોકને તપવડેજ જુવે છે. ૨૩૬.

औषधान्यगदोविद्या दैवी च विविधा स्थितिः । तपसैव प्रसिध्यन्ति तपस्तेषां हि साधनम् ॥२३७॥ यद्दुस्तरं यद्दुराप यद्दुर्गं यच्च दुष्करम् । सर्वं तु तपसा साध्यं तपोहि दुरतिक्रमम् ॥२३८॥ महापातकिनश्चैव शेषाश्चाकार्यकारिणः । तपसैव सुतप्तेन मुच्यन्ते किल्बिषात्ततः ॥२३९॥ “कीटाश्चाहिपतङ्गाश्च पशवश्च वयांसिच । स्थावराणिच भूतानि दिवं यान्तितपोबलात् ॥२४०॥”

ઔષધ, આરોગ્ય, વિદ્યા અને નાના પ્રકારની દેવસ્થિતિ તે સર્વ તપથીજ સિદ્ધ થાય છે; તપ છે તેજ સર્વ સિદ્ધિઓનું સાધન છે. ૨૩૭ જે દુસ્તર છે, જે દુઃખથી પ્રાપ્ત કરવા યોગ્ય હોય, જ્યાં દુઃખથી જઇ શકાય તેમ હોય, તે સર્વ તપવડે સાધ્ય કરવા યોગ્ય છે; કારણ કે તપ છે તે દુંખનું અતિક્રમ કરે છે. ૨૩૮ મહાપાતકી અને શેષઉપપાતકીઓ, ઉક્ત પ્રકારના તપના અનુષ્ઠાનવડેજ તે તે પાપથી છુટે છે. ૨૩૯ "કીટ, અશ્વ, પતંગ, સાપ, સર્વપશુઓ તથા પક્ષિઓ, તેમજ સર્વ સ્થાવરો લતાવૃક્ષ ઇત્યાદિ તપના પ્રભાવથી સ્વર્ગ પ્રાપ્ત કરે છે." (આ ૨૪૦ મો શ્લોક પ્રક્ષિપ્ત છે; કારણ કે જડપદાર્થ તથા કીટ પતંગાદિમાં તપનો અસંભવ છે.) ૨૪૦.

यत्किंचिदेनः कुर्वन्ति मनोवाङ्मूर्तिभिर्जनाः । तत्सर्वंनिर्दहन्त्याशु तपसैव तपोधनाः ॥२४१॥ तपसैवविशुद्धस्य ब्राह्मणस्य दिवौकसः। इज्याश्च प्रतिगृह्णन्ति कामान्संवर्धयन्ति च ॥२४२॥ प्रजापतिरिदंशास्त्रं तपसैवासृजत्प्रभुः । तथैववेदानृषयस्तपसाप्रतिपेदिरे ॥ २४३ ॥ इत्येतत्तपसोदेवा महाभाग्यं प्रचक्षते । सर्वस्यास्य प्रपश्यन्तस्तपसः पुण्यमुत्तमम् ॥२४४॥

મનુષ્યો મન, વાણી અને શરીરથી જે કાંઇ પાપ કરે છે તે સર્વને તપ કરનારા મનુષ્યો તપવડેજ બાળી મુકે છે. ૨૪૧ તપ વડેજ શુદ્ધ થયેલા બ્રાહ્મણના યજ્ઞમાં દેવતાઓ આહુતીઓ ગ્રહણ કરે છે અને તેની સર્વ મન કામનાઓ વૃદ્ધિ પામે છે. ૨૪૨ પ્રજાપતિયે આ શાસ્ત્ર તપવડે જ બનાવ્યું, અને ઋષિઓએ પણ તપવડેજ વેદોને પ્રાપ્ત કર્યા. ૨૪૩. એ પ્રકારે સર્વ તપના ઉત્તમ પુણ્યને જોનારા, દેવો—વિદ્વાનો તપનું સર્વ મહાત્મ્ય કહે છે. ૨૪૪.

वेदाभ्यासोऽन्वहं शक्त्या महायज्ञक्रिया क्षमा । नाशयन्त्याशु पापानि महापातकजान्यपि ॥२४५॥ यथैधस्तेजसावन्हिः प्राप्तंनिर्दहति क्षणात् । तथा ज्ञानाग्निना पापं सर्वं दहति वेदवित् ॥२४६॥ "इत्येतदनसामुक्तं प्रायश्चित्तंयथाविधि । अतऊर्ध्वंरहस्यानां प्रायश्चित्तंनिबो-

धत ॥२४७॥ सव्याहृतिप्रणवकाः प्राणायामास्तु षोडश । अपिभ्रूणहणंमासात्पुनन्त्यहरहःकृताः ॥ २४८ ॥"

પ્રતિદિન યથાશક્તિ વેદનું અધ્યયન, અને પંચમહાયજ્ઞોનું અનુષ્ઠાન કરવું તથા ક્ષમાગુણ રાખવો. તો મહાપાતકથી ઉત્પન્ન થયેલાં પાપોનો પણ શીઘ્ર નાશ થાય છે. ૨૪૫ જેમ અગ્નિ પોતાના તેજમાં પ્રાપ્ત થયેલાં ઇંધનને તત્કાળ નાશ કરે છે તેજ પ્રમાણે વેદ જાણનાર જ્ઞાનાગ્નિવડે સવ પાપને બાળે છે. ૨૪૬ "એ પ્રકારે સર્વ પાપોનું પ્રાયશ્ચિત્ત વિધાન યથાવિધિ કહ્યું; હવે ગુપ્ત પાપોનાં પ્રાયશ્ચિત્તનુ વિધાન કહું છું તે સાંભળો. ૨૪૭ વ્યાહૃતિ અને પ્રણવ સાથે દરરોજ સોળ પ્રાણાયામ એક માસ સુધી કરવામાં આવે તો ભ્રૂણ હત્યાવાળાને પણ પવિત્ર કરે છે. ૨૪૮."

"कौत्संजप्त्वापइत्येतद्वासिष्ठंचप्रतीत्यृचम् । माहित्रंशुद्धवत्यंश्च सुरापोऽपिविशुध्यति ॥२४९॥ सकृज्जप्त्वास्यवामीयं शिवसंकल्पमेवच। अपहृत्यसुवर्णंतु क्षणाद्भवतिनिर्मलः ॥ २५० ॥ हविष्यन्तीयमभ्यस्य नतमंहइतीतिच। जपित्वापौरुषंसूक्तं मुच्यतेगुरुतल्पगः॥२५१॥" एनसां स्थूलसूक्ष्माणां चिकीर्षन्नपनोदनम् । अवेत्यृचं जपेदब्दं यत्किंचेदमितीति वा ॥ २५२ ॥

કૌત્સઋષિ જે સૂક્ત દ્રષ્ટા છે તે "**अपनः शोशुचदघम्**" એ સૂક્ત તથા વસિષ્ઠ ઋષિ જેના દ્રષ્ટા છે એવું "**प्रतिस्तामभिरुषसंवसिष्ठाः**" એ ઋચા તથા માહિત્ર એટલે "**महित्रीणामवोस्तु**" ઇત્યાદિ ઋચા તથા "**एतोन्विन्द्रंस्तवामशुद्धं**" ઇત્યાદિ શુભવતી ઋચાઓનો જપ કરવાથી સુરાપાન કરનાર પણ શુદ્ધ થાય છે. ૨૪૯ સુવર્ણની ચોરી કરીને "**अस्यवामस्यपलितस्य**" એ સૂક્ત એક માસ પર્યન્ત દરરોજ એક વાર જપ કરે અને "**यज्जाग्रतोदूरम्**" એ સૂક્તનો જપ કરે તો તે નિર્મળ એટલે કે પાપરહિત થાય છે. ૨૫૦ "**हविष्यान्तमजरंस्वर्विदि**" એ ઓગણીસ ઋચા તથા "**नतमंहोनदुरितम्**" એ આઠ ઋચા "**इति वा इति मेमनः**" એ ઋચા તથા "**सहस्रशीर्षा०**" એ સોળ ઋચાનાં સૂક્તનો એક માસ પર્યંત દરરોજ અભ્યાસ કરવાથી ગુરૂપત્ની ગમનનાં પાપથી મુક્ત થાય છે." (શ્લોક ૨૪૭ થી ૨૫૧ સુધીના તો પ્રક્ષિપ્ત જણાય

છે. કારણુ કે પાપના પ્રકાશ કર્યા શિવાય પ્રાયશ્ચિત્ત થતું જ નથી તો પછી છુપાં પાપનું પ્રાયશ્ચિત્ત હોઇ શકતું નથી,તેમજ પાપને છુપાવવું તે પણુ એક પાપછે,વળી સુરાપાન, ગુરૂ સ્ત્રી ગમનાદિના પ્રાયશ્ચિત્ત વિધાન તો આગળ સવિસ્તર કહી ગયા પછી વળી આ અમુક ઋચાઓના સુલભ જપ માત્રથી મહાપાપોનું પાયશ્ચિત્ત કરવું અને તેથી પાપનું દૂર થવું તદ્દન અસંભનીયજ છે.)
૨૫૧ નાનાં તથા મોટા પાપોનું પ્રાયશ્ચિત્ત કરવાની ઇચ્છા રાખનાર મનુષ્યે " अवतेहळो वरुणनमोभि. " એ ઋચાનો તથા यत्किञ्चेदं वरुणदेव्येजने એ ઋચાનો એક વર્ષ સુધી દરરોજ જપ કરવો. ૨૫૨

प्रतिगृह्याप्रतिग्राह्यं भुक्त्वाचान्नंविगर्हितम् । जपंस्तरत्समन्दीयं पूयतेमानवस्त्र्यहात् ॥ २५३ ॥ सौमारौद्रं तु बह्वेना मासमभ्यस्य शुध्यति ।स्रवन्[illegible]र्यम्ण मिति च तृचम् ॥२५४॥ अब्दार्ध मिन्द्रमित्येतदेनस्वी सप्तकं जपेत् । अप्रशस्तंतु कृत्वाप्सु मासमासीत भैक्षभुक् ॥ २५५ ॥ मन्त्रैःशाकलहोमीयैरब्दं हुत्वाघृतं द्विजः । सुगुर्वप्यपहन्त्येनो जप्त्वा वा नमइत्यृचम् ॥ २५६ ॥

પ્રતિગ્રહ કરવાને અયોગ્યનો પ્રતિગ્રહ કરીને તથા નિન્દિત અન્ન ભોજન કરીને ' तरत्समन्दीधावाति " એ ઋચાનો ત્રણુ દિવસ જપ કરવાથી મનુષ્ય પવિત્ર થાય છે. ૨૫૩ " सोमारुद्राधारयेथामसूर्यम् " એ ચાર ઋચા તથા " अर्यमणं वरुणंमित्रं " એ ત્રણુ ઋચાને નદીમાં સ્નાન કરી એક માસ પર્યન્ત દરરોજ જપ કરવાથી બહુ પાપોવાળો મનુષ્ય શુદ્ધ થાય છે. ૨૫૪ પાપી મનુષ્ય છ માસ સુધી इन्द्रंमित्रं वरुणमग्निमूतये " ઇત્યાદિ સાત ઋચાઓનો જપ કરે. અને જે ન કરવાનું કર્મ તે પાણીમાં કર્યું હોય તો તેણે એક માસ સુધી ભિક્ષા માંગીને ભોજન કરવું. ૨૫૫ देवकृतस्यैनसो वयजनमसि " ઇત્યાદિ શાકલ હોમ સબંધી મંત્ર વડે એક વર્ષ પર્યન્ત હોમ કરે, અથવા " नमइन्द्रश्च " એ ઋચાને એક વર્ષ પર્યન્ત જપ કરવાથી દ્વિજાતિનું મહાપાતક પણુ નાશ થાય છે. ૨૫૬

महापातकसंयुक्तो ऽनुगच्छेद्गाःसमाहितः । अभ्यस्याब्दंपावमानीर्भैक्षाहारोविशुध्यति ॥ २५७ ॥ अरण्येवात्रिरभ्यस्य प्रयतो वेदसंहि-

ताम् । मुच्यतेपातकैःसर्वैःपराकैःशोधितस्त्रिभिः ॥ २५८ ॥ त्र्यहं तूपवसन्युक्तस्त्रिरह्नोऽभ्युपयन्नपः। मुच्यते पातकैःसर्वै स्त्रिर्जपित्वाऽघमर्षणम् ॥ २५९ ॥ यथाश्वमेधःक्रतुराट् सर्वपापापनोदनः। तथाऽघमर्षणं सूक्तं सर्वपापापनोदनम् ॥ २६० ॥

મહાપાતક વડે યુક્ત થયેલા મનુષ્યે જીતેન્દ્રિય થઇ એક વર્ષ પર્યન્ત ગાયને ચરાવે તથા " **यः पवमानीरध्येति** " ઇત્યાદિ પવમાન દેવતાવાળી ઋચાનો એક વર્ષ પર્યન્ત જપ કરે અને ભિક્ષાન્નનું ભોજન કરે, ત્યારે તે શુદ્ધ થાય છે. ૨૫૭ પૂર્વોક્ત ત્રણ પરાકો વડે શુદ્ધ થઇ અને બાહ્ય તથા આભ્યન્તર શુદ્ધ થઇ વનમાં વેદ સંહિતાનો પ્રયત્નપૂર્વક ત્રણ વખત અભ્યાસ=જપ કરવાથી સર્વ પાપથી મુક્ત થાય. ૨૫૮ નિયમિત થઇને ત્રણ અહોરાત્ર ઉપવાસ કરે, પ્રતિદિન ત્રણ કાલ સ્નાન કરે અને ત્રણ દિવસ સુધી જલમાં ઉભો રહીને " **ऋतंच सत्यंच** " એ અઘમર્ષણ મંત્રનો ત્રણ વખતજપ કરવાથી સર્વ પાપોથી મુક્ત થાય છે. ૨૫૯ જે પ્રમાણે અશ્વમેધ યજ્ઞ દરેક યજ્ઞોમા શ્રેષ્ઠ તેમજ સર્વ પાપોનો નાશ કરનાર છે, તેજ પ્રમાણે અઘમર્ષણ સૂક્ત સર્વ પાપોને નાશ કરનારૂં છે. ૨૬૦

हत्वालोकानपीमांस्त्रीनश्नन्नपियतस्ततः । ऋग्वेदंधारयन्विप्रोनैनः प्राप्नोति किञ्चन ॥ २६१ ॥ ऋक्संहितां त्रिरभ्यस्य यजुषां वा समाहितः । साम्नां वा सरहस्यानां सर्वपापैःप्रमुच्यते ॥ २६२ ॥ यथा महाह्रदं प्राप्य क्षिप्तं लोष्टं विनश्यति। तथा दुश्चरितं सर्वं वेदे त्रिवृति मज्जति ॥ २६३ ॥ ऋचोयजूंषि चान्यानि सामानि विविधानि च । एषज्ञेयस्त्रिवृद्वेदो योवेदैनं स वेदवित् ॥ २६४ ॥

" ત્રણ લોકની હત્યા કરીને અથવા જેનું તેનું જે તે ભક્ષણ કરીને પણ જે વિપ્ર ઋગ્વેદને ધારણ કરે છે—પાઠ કરે છે, તેને કોઇ પાપ લાગતુંજ નથી. " (આતો કોઇએ ઋગ્વેદની અત્યુક્તિ કરી હોય એમ દેખાય છે માટે વિચારણીય છે.) ૨૬૧ ઋક્સંહિતા, યજુઃસંહિતા અથવા સામસંહિતાનો બ્રાહ્મણોપનિષદાદિ સાથે સાવધાન ચિત્તથી જે ત્રણ આવૃત્તિ કરે તે સર્વ પાપોથી બચી જાય છે. ૨૬૨ જે પ્રમાણે પાણીના મોટા ધરામાં માટીનું ઢેકું નાંખ્યાથી પીગળી જઇ ઢેફાંનો નાશ થાય છે; તેજ પ્રમાણે

વેદની ત્રણ આવૃત્તિ કરવાથી સર્વ પાપ તેમા ડુબી જાય છે અર્થાત્ સર્વ પાપ નાશ પામે છે. ૨૬૩ ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ તથા દરેકના જુદા જુદા નાના પ્રકારના મંત્ર અને બ્રાહ્મણો સાથે એ ત્રિવૃદ્વેદ જાણવા યોગ્ય છે અને જે તેને જાણે છે તે વેદવિત્ કહેવાય છે. ૨૬૪

आद्यंयत्त्र्यक्षरं ब्रह्म त्रयोयस्मिन्प्रतिष्ठिताः । सगुह्योऽन्यस्त्रिवृद्वेदो यस्तं वेद स वेदवित् ॥ २६५ ॥

વેદના સારરૂપ, સર્વ વેદોનું આદિ અને અકાર, ઉકાર અને મકાર એ ત્રણ અક્ષરવાળું **ओ३म्** રૂપ જે બ્રહ્મ કે જેમાં ત્રણે વેદો રહેલા છે ત ત્રિવૃદ્વેદ અણુવાખ્ય ગુપ્ત રાખવા યોગ્ય છે. કારણકે વેદમંત્રથી પણ તે શ્રેષ્ઠ છે, તેમજ તેનું ધારણ તથા જપ કરવાથી મોક્ષનો પણ હેતુ છે; માટે જે તે ઓંકારરૂપ બ્રહ્મને સ્વરૂપથી અને અર્થથી જાણે છે તે વેદવિત્ કહેવાય છે. ૨૬૫

इति मानवे धर्मशास्त्रे एकादशोऽध्यायः ॥ ११ ॥

ઇતિમનુસ્મૃતિ ગુજરાતી સરલ ટીકાનો અગિઆરમો અધ્યાય સમાપ્ત...

ओ३म्.

अथ द्वादशोऽध्यायः

"चातुर्वर्ण्यस्यकृत्स्नोऽयमुक्तोधर्मस्त्वयानघ । कर्मणांफलनिर्वृत्तिं शंसनस्तत्त्वतः पराम् ॥१॥ सतानुवाचधर्मात्मा महर्षीन् मानवोभृगुः। अस्यसर्वस्यशृणुत कर्मयोगस्यनिर्णयम् ॥ २ ॥" शुभाशुभफलं कर्म मनोवाग्देहसंभवम् । कर्मजा गतयोनृणामुत्तमाऽधममध्यमाः ॥ ३ ॥ तस्येह त्रिविधस्यापि त्र्यधिष्ठानस्य देहिनः । दशलक्षणयुक्तस्य मनो-विद्यात्प्रवर्तकम् ॥ ४ ॥

"હે પાપરહિત મહર્ષે ? તમે આ ચાર વર્ણના સમગ્ર ધર્મ કહ્યો હવે કર્મોના ફલ નિર્વર્તિક જે પરમ ઉત્કૃષ્ટ છે તે આમને કહો ૧ તે ધર્માત્મા મનુજીના પુત્ર ભૃગુઋષિયે તે મહર્ષિયોને કહ્યું કે આ સર્વ કર્મયોગનો નિર્ણય તમને કહું છું સાંભળો ૨" (. આ બે શ્લોકોના સંપાદક કોઇ અન્ય છે એમ સ્પષ્ટ જણાય છે કારણકે એમાં કોઇ ત્રીજો પુરૂષ જાણે ભૃગુનો અને ઋષિયોનો સંવાદ લખતો હોય એમ જણાય છે.) મન, વાણી અને દેહથી શુભ અને અશુભફલ આપનારં કર્મ છે અને માણસોની ઉત્તમ, મધ્યમ અને અધમ ગતિયો પણ કર્મ વડે ઉત્પન્ન થાય છે. ૩ તે ત્રણ પ્રકારનાં ઉત્તમ, મધ્યમ અને અધમ શરીરને આશ્રિય ફલ આપનારાં ત્રણ પ્રકારના લક્ષણ યુકત કર્મનું પ્રવર્તક મન જાણવું. ૪

परद्रव्येष्वभिध्यानं मनसानिष्टचिन्तनम्। वितथाभिनिवेशश्च त्रिविधं कर्म मानसम् ॥ ५ ॥ पारुष्यमनृतं चैव पैशुन्यं चापि सर्वशः । असंबद्धप्रलापश्च वाङ्मयं स्याच्चतुर्विधम् ॥ ६ ॥ अदत्तानामुपादानं हिंसा चैवाविधानतः । परदारोपसेवा च शारीरं त्रिविधं स्मृतम् ॥ ७ ॥ मानसं मनसैवायमुपभुङ्क्ते शुभाशुभम् । वाचा वाचा कृतं कर्म कायेनैव च कायिकम् ॥ ८ ॥

પરદ્રવ્યમાં ધ્યાન લગાડવું, મનવડે અનિષ્ટ વિચાર કરવો, અને "પરલોક જેવું કાંઇ છેજ નહિં" એવો મિથ્યા અભિનિવેશ, એ ત્રણ પ્રકારનું માનસ કર્મ જાણવું. ૫ કઠોર તથા અસત્ય ભાષણ, સર્વ બાજુએ ચાડી ચૂગલી કરવી, સંબંધ વિનાનું બોલવું એ ચાર પ્રકારનું વાણીનું કર્મ જાણવું. ૬ અન્યાયે કરીને બીજાઓનું ધન લેવું, શાસ્ત્રવિધાન રહિત હિંસા, પરસ્ત્રી સાથે ગમન કરવુ, એ ત્રણ પ્રકારનું શરીરનું કર્મ જાણવું. ૭ મનવડે કરેલા કર્મનું શુભાશુભ ફલ મનવડેજ પુરૂષ ભોગવે છે; વાણી વડે કરેલાં કમનું ફલ વાણી વડે ભોગવે છે અને શરીર વડે કરેલાં શુભા શુભ કર્મનું ફલ શરીર વડે ભોગવે છે. ૮

शरीरजैः कर्मदोषैर्याति स्थावरतां नरः । वाचिकैःपक्षिमृगतां मानसैरन्त्यजातिताम् ॥ ९ ॥ वाग्दण्डोऽथमनोदण्डः कायदण्डस्तथैव च । यस्यैते निहिता बुद्धौ त्रिदण्डीति स उच्यते ॥ १० ॥ त्रिदण्डमेतन्निक्षिप्य सर्वभूतेषु मानवः । कामक्रोधौ तु संयम्य ततःसिद्धिं नियच्छति ॥ ११ ॥ योऽस्यात्मनःकारयिता तं क्षेत्रज्ञं प्रचक्षते । यःकरोति तु कर्माणि स भूतात्मोच्यते बुधैः ॥ १२ ॥

શરીરથી થયેલાં કર્મના દોષો વડે મનુષ્ય વૃક્ષાદિ સ્થાવર યોનિને પ્રાપ્ત થાય છે, વાણી વડે થયેલા દોષો વડે પક્ષિયો તથા મૃગઆદિની યોનિ પામે છે અને મન વડે કરેલા દોષથી ચાંડાલાદિ કુલમાં ઉત્પન્ન થાય છે. ૯ વાણીને અશુભ કર્મથી રોકવી તે વાણીનો દંડ, મનને અશુભ કર્મથી રોકવુ તે મનનો દંડ તથા શરીરને અશુભ કર્મમાથી રોકવું તે કાય દંડ કેહેવાય છે. જેની બુદ્ધિમાં આ ત્રણ દંડ રહેલા છે તે ત્રિદંડી કેહેવાય છે. ૧૦ એ સર્વ ભૂતોમાં રહેલા દોષો નિષિદ્ધ વાણીઆદિ ત્રણને દમન કરીને તથા તે દમન કરવા માટે કામ અને ક્રોધને રોકીને માણસ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. ૧૧ જે આશરીરાખ્ય આત્માને કર્મમાં પ્રવર્તાવનાર તે ક્ષેત્રજ્ઞ કેહેવાય છે, અને જે કર્મ કરે છે તેને વિદ્વાન મનુષ્યો ભૂતાત્મા કહે છે. ૧૨

जीवसंज्ञोऽन्तरात्माऽन्यः सहजः सर्वदेहिनाम् । येन वेदयते सर्वं सुखं दुःखं च जन्मसु ॥ १३ ॥ तावुभौ भूतसंपृक्तौ महान्क्षेत्रज्ञ एव

च । उच्चावचेषु भूतेषु स्थितं तं व्याप्य तिष्ठतः ॥१४॥ असंख्यामूर्त्तयस्तस्य निष्पतन्तिशरीरतः । उच्चावचानिभूतानि सततं चेष्टयन्ति याः ॥१५॥ पञ्चभ्यएव मात्राभ्यः प्रेत्य दुष्कृतिनां नृणाम् । शरीरं यातनार्थीयमन्यदुत्पद्यते ध्रुवम् ॥ १६ ॥

સર્વ દેહધારીઓની સાથે રહેનાર. બીજો જીવ સંજ્ઞાવાળો અંતરાત્મા છે, તેણે કરીને જન્મમા જે સુખ અને દુઃખ થાય છે તે જણાય છે. ૧૩ તે બંને એટલે અંત:કરણ અને ક્ષેત્રજ્ઞ જીવાત્મા કે જે પાંચ મહાભૂતો સાથે મળેલા છે તેમાં મોટા ક્ષેત્રજ્ઞ છે ઉંચ અને નીચ સર્વ ભૂતોમાં રહેલા તે પરમાત્મામા વ્યાપ્ય થઇને રહેલો છે, અર્થાત્ પરમાત્માને. આશ્રયે છે. ૧૪ તે પરમાત્માના શરીરરૂપી પંચ મહાભૂતથી અસંખ્ય શરીર ઉત્પન્ન થાય છે કે જે શરીરરૂપી મૂર્તિયો ઉંચનીચ સર્વ ભૂત માત્રને નિરંતર ચેષ્ટા કરાવે છે. ૧૫ દુષ્ટ કર્મ કરનારા મનુષ્યોનુ શરીર મરણ પામ્યા પછી પંચતન્માત્રાથી કરેલા કર્મનુ દુ ખ ભોગવવાને માટે નિશ્ચય બીજું શરીર ઉત્પન્ન થાય છે. ૧૬

तेनानुभूय ता यामीः शरीरेणेह यातनाः । तास्वेव भूतमात्रासु प्रलीयन्ते विभागशः ॥१७॥ सोऽनुभूयासुखोदर्कान्दोषान्विषय सङ्गजान् । व्यपेतकल्मषोऽभ्येति तावेवोभौ महाजसौ ॥१८॥ तौ धर्मं पश्यतस्तस्य पापं चातन्द्रितौ सह याभ्यां प्राप्नोति संपृक्तः प्रेत्येह च सुखासुखम् ॥१९॥ यद्याचरति धर्मं स प्रायशोऽधर्ममल्पशः । तैरेव चावृतोभूतैः स्वर्गे सुखमुपाश्नुते ॥ २० ॥

તે શરીર વડે તે પરમાત્માએ કર્માનુસાર આપેલું દુ:ખ ભોગવીને પછી તે પ્રાણી પાછો તેજ ભૂતમાત્રાઓના વિભાગમાં પાછો છુપાઈ જાય છે. ૧૭ વિષયોના સંગથી ઉત્પન્ન થયેલા દોષોના દુ ખોનો ભોગ ભોગવીને પાપ દૂર કરીને તે મહા પરાક્રમવાળા બંનેને પ્રાપ્ત થાય છે. ૧૮ આલસ્ય રહિત તે બન્ને તે જીવોનું પાપ અને ધર્મ બંને જુવે છે કે જેની સાથે જીવ મળીને આ લોક તથા પરલોકમાં સુખ તથા દુ:ખને પ્રાપ્ત થાય છે. ૧૯ જો ધર્મનું આચરણ ઘણું કરે અને સાથે થોડું પણ અધર્માચરણ કરે તો તે ઉત્તમ પંચમહાભૂતો વડે યુક્ત થઇ સ્વર્ગમાં સુખ ભોગવે છે. ૨૦

यदि तु मायशोऽधर्मं सेवते धर्ममल्पशः । तैर्भूतैः स परित्यक्तो यामीः प्राप्नोति यातनाः ॥२१॥ यामीस्ता यातनाः प्राप्य सजीवो वीत कल्मषः । तान्येव पञ्च भूतानि पुनरप्येति भागशः ॥ २२ ॥ एता दृष्ट्वास्य जीवस्य गतीः स्वेनैव चेतसा । धर्मतोऽधर्मतश्चैव धर्मे दध्यात्सदा मनः ॥२३॥ सत्वंरजस्तमश्चैव त्रीन्विद्यादात्मनो गुणान् । यैर्व्याप्येमान्स्थितोभावान्महान्सर्वानशेषतः ॥ २४ ॥

જો ઘણો અધર્મ કરે અને ધર્મ થોડો કરે તો તેવા ઉત્તમ પંચ મહાભૂતો વડે ત્યક્ત થઈ યમની (પરમાત્માની) યાતનાઓને ભોગવે છે. ૨૧ તે યમ સબંધિ દુખો ભોગવીને પાપરહિત થયેલો જીવાત્મા તેજ ઉત્તમ પંચ મહાભૂતોને ક્રમે કરીને પ્રાપ્ત થાય છે. ૨૨ એ પ્રમાણે ધર્મ અને અધર્મથી થતી જીવની ગતિને પોતાનાંજ મન વડે જોઇને ધર્મમાજ હંમેશાં મન લગાવવુ. ૨૩ સત્વ, રજ, અને તમ એ ત્રણ આત્મા (પ્રકૃતિ) ના ગુણ જાણવા, જે વડે વ્યાપ્ત થઇ તે મહાન આત્મા આ સ્થાવર જંગમરૂપ સર્વ પદાર્થોમાં નિશેષતા વડે વ્યાપ્ત થઇ રહ્યો છે. ૨૪

योयदैषां गुणोदेहे साकल्येनातिरिच्यते । स तदा तद्गुणप्रायं तं करोति शरीरिणम् ॥२५॥ सत्वं ज्ञानंतमोऽज्ञानं रागद्वेषौ रजः स्मृतम् । एतद्व्याप्तिमदेतेषां सर्वभूताश्रितं वपुः ॥२६॥ तत्र यत्प्रीतिसंयुक्तं किञ्चिदात्मनि लक्षयेत् । प्रशान्तमिव शुद्धाभं सत्त्वं तदुपधारयेत् ॥२७॥ यत्तु दुःखसमायुक्तमप्रीतिकरमात्मनः । तद्रजोऽप्रतिपं विद्यात्सततं हारि देहिनाम् ॥ २८ ॥

એ ગુણોમાથી જે ગુણ શરીરમાં જ્યારે સંપૂર્ણપણાથી અધિક હોય છે ત્યારે તે ગુણ તે પ્રાણીને તેના ગુણવાળો કરે છે. ૨૫ જ્ઞાન એ સત્વગુણનું, અજ્ઞાન એ તમોગુણનું તથા રાગ અને દ્વેષ એ રજોગુણનું લક્ષણ છે. સર્વ ભૂતોના આશ્રયવાળું પ્રાણીઓનું શરીર આ ત્રણ ગુણો વડે વ્યાપ્ત છે. ૨૬ તે ત્રણમાં જે પ્રીતિયુક્ત, શાંત, શુદ્ધ પ્રકાશ જેવું આત્મામાં જણાય તેને સત્વગુણ જાણવો. ૨૭ જે દુઃખયુકત, આત્માને અપ્રીતિ કરે અને હંમેશા શરીર ધારીઓને વિષયોની તરફ ખેંચી જનાર પ્રતિપક્ષ રૂપ જણાય તેને રજોગુણ જાણવો. ૨૮

यत्तु [illegible]मव्यक्तं विषयात्मकम् । अप्रतर्क्यमविज्ञेयं [illegible]धारयेत् ॥२९॥ त्रयाणामपि चैतेषां गुणानां यः फलोदयः। अग्र्योमध्यो[illegible]श्च तं प्रवक्ष्याम्यशेषतः ॥३०॥ वेदाभ्यासस्तपोज्ञानं शौचमिन्द्रियनिग्रहः । धर्मक्रियात्मचिन्ता च सात्त्विकं गुणलक्षणम् ॥३१॥ आरम्भरुचिताऽधैर्यमसत्कार्य परिग्रहः । विषयोपसेवा चाजस्रं राजसं गुणलक्षणम् ॥ ३२ ॥

તથા જે મોહ સંયુકત, અસ્પષ્ટ વિષયાત્મક, જેમાં તર્ક ન થઇ શકે તથા જે જાણી ન શકાય એવું જણાય તેને તમોગુણ જાણવો. ૨૯ એ ત્રણ ગુણોનો ઉત્તમ, મધ્યમ અને અધમ જે ફલોદય છે તે .સંપૂર્ણ હું આગળ કહું છું. ૩૦ વેદનો અભ્યાસ, તપ, જ્ઞાન, શૌચ, ઇન્દ્રિયોનો નિગ્રહ, ધર્મક્રિયા અને આત્માનુ ચિંતવન એ સત્વગુણના લક્ષણ છે. ૩૧ આરંભમાં પ્રીતિ થવી, ધૈર્ય ન રહેવુ, સ્વસત્કાર્યને ગ્રહણ કરવું, અને હંમેશાં વિષય ભોગ કરવો, એ રજો ગુણનુ લક્ષણ છે. ૩૨

लोभःस्वप्नोऽधृतिःक्रौर्यं नास्तिक्यं भिन्नवृत्तिता । याचिष्णुता प्रमादश्च तामसंगुणलक्षणम् ॥ ३३ ॥ त्रयाणामपि चैतेषां गुणानां त्रिषु तिष्ठताम् । इदं सामासिकंज्ञेयं क्रमशोगुणलक्षणम् ॥ ३४ ॥ यत्कर्म कृत्वा कुर्वंश्च करिष्यंश्चैवलज्जति । तज्ज्ञेयं विदुषा सर्वं तामसंगुणलक्षणम् ॥ ३५ ॥ येनास्मिन्कर्मणा लोके ख्यातिमिच्छति पुष्कलाम् । न च शोचत्यसंपत्तौ तद्विज्ञेयं तु राजसम् ॥ ३६ ॥

લોભ કરવો, સ્વપ્ન આવવાં, ધૈર્ય ન રહે, ક્રૂરતા હોય, નાસ્તિકપણું, ભેદવાળી વૃત્તિ હોય, યાચના કરવાનો સ્વભાવ હોય, અને પ્રમાદ હોય તે તમોગુણના લક્ષણ છે. ૩૩ ત્રણેમા રહેનારા એ ત્રણ ગુણોના ક્રમથી ગુણ અને લક્ષણ સંક્ષેપથી એવી રીતે જાણવા, કે–૩૪ જે કર્મ કરીને અથવા કરતા અથવા આગળ ઉપર કરવાનો વિચાર કરતા લજ્જાપ્રાપ્ત થાય છે, તે સર્વને વિદ્વાન્ મનુષ્યે તમના ગુણનું લક્ષણ જાણવું. ૩૫ જે કર્મવડે આ લોકમાં ઘણી પ્રસિદ્ધિની ઇચ્છા રાખે અને તે કર્મની અસિદ્ધિ થાય તેમા શોક ન કરે તેને રજોગુણનું લક્ષણ જાણવું. ૩૬

यत्सर्वेणेच्छति ज्ञातुंयन्नलज्जति चाचरन् । येन तुष्यति चात्माऽस्य तत्सत्त्वगुणलक्षणम् ॥ ३७ ॥ तमसोलक्षणंकामो रजस स्त्वर्थ उच्यते । सत्त्वस्य लक्षणं धर्मः श्रेष्ठमेषां यथोत्तरम् ॥ ३८ ॥ येन यस्तु गुणे नैषां संसारान्प्रतिपद्यते । तान्समासेन वक्ष्यामि सर्वस्यास्य यथाक्रमम् ॥ ३९ ॥ देवत्वं सात्त्विकायान्ति मनुष्यत्वंच राजसाः । तिर्यक्त्वं तामसानित्यमित्येषा त्रिविधा गतिः ॥ ४० ॥

જે સર્વ પાસેથી જાણવાની ઇચ્છા કરે, જે કાંઇ કર્મ કરે તેમાં લાજ આવે નહિં, અને જે વડે આત્માને સંતોષ થાય તે સત્વગુણનું લક્ષણ જાણવું. ૩૭ તેમનું મુખ્ય લક્ષણ કામ (વિષય), રજનું મુખ્ય લક્ષણ અર્થ (દ્રવ્ય) અને સત્વનું મુખ્ય લક્ષણ ધર્મ છે. એમાં ઉત્તરોત્તર શ્રેષ્ઠ જાણવાં. ૩૮ એ ગુણોમાંથી જે ગુણવડે જીવાત્માસંસારને પ્રાપ્ત થાય છે તે ગતિના સર્વ ગુણને સંક્ષેપથી કહું છું. ૩૯ સત્વગુણવાળા જીવો દેવપણાને, રજોગુણવાળા જીવો મનુષ્યપણાને અને તમોગુણવાળા જીવો તિર્યક્ યોનિને પ્રાપ્ત થાય છે. એ પ્રકારે ત્રણ પ્રકારની ગતિ છે. ૪૦

त्रिविधात्रिविधैषातु विज्ञेयागौणिकीगतिः । अधमा मध्यमाऽग्र्या च कर्मविद्याविशेषतः ॥ ४१ ॥ स्थावराः कृमिकीटाश्च मत्स्याःसर्पाः सकच्छपाः । पशवश्चमृगाश्चैव जघन्यातामसीगतिः ॥ ४२ ॥ हस्तिनश्च तुरङ्गाश्च शूद्राम्लेच्छाश्चगर्हिताः । सिंहाव्याघ्रावराहाश्चमध्यमा तामसी गतिः ॥ ४३ ॥ चारणाश्च सुपर्णाश्च पुरुषाश्चैव दाम्भिकाः । रक्षांसि च पिशाचाश्च तामसीषूत्तमा गतिः ॥ ४४ ॥

એમ ત્રણ ત્રણ પ્રકારની ગૌણ ગતિ જાણવી, તેમાં કર્મની તથા વિદ્યાની વિશેષતાએ કરીને અધમ, મધ્યમ અને ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે. ૪૧ સ્થાવર વૃક્ષાદિ, કૃમી, કીટ મત્સ્ય, સર્પ, કાચબા, પશુ અને મૃગો એ સર્વ નિંદિત અધમ તામસી ગતિ જાણવી. ૪૨ હાથી, ઘોડા શદ્ર, મ્લેચ્છ, સિંહ, વાઘ, વરાહ, એ નિંદિત મધ્યમ તામસી ગતિ જાણવી. ૪૩ ચારણ, (ખુશામતી કરનાર) પક્ષી, દાંભિક પુરૂષો, રાક્ષસો, પિશાચો, એને તામસી ઉત્તમ ગતિ જાણવી. ૪૪

झल्ला मल्ला नट श्चैव पुरुषाः शस्त्र-वृत्तयः । द्यूतपानप्रसक्त श्चजघन्य राजसी गतिः ॥ ४५ ॥ राजानः क्षत्रियाश्चैव राज्ञां चैव पुरोहिताः । वादयुद्धप्रधानाश्च मध्यमा राजसी गतिः ॥ ४६ ॥ गन्धर्वागुह्यकायक्षा विबुधाऽनुचराश्चये । तथैवाप्सरसः सर्वाराजसीषुत्तमा गतिः ॥४७॥ तापसायतयोविप्रा येचवैमानिका गणाः । नक्षत्राणि च दैत्याश्च प्रथमा सात्विकी गतिः ॥ ४८ ॥

ઝલ્લ, મલ્લ, નટ, શસ્ત્રવડે જીવિકા ચલાવનારા પુરૂષો, જુગારી અને મદ્યપાન કરનારા પુરૂષો, એ નિંદિત અધમ રાજસી ગતિ જાણવી; ૪૫ રાજાઓ, ક્ષત્રિયો, રાજાના પુરોહિતો, વાદ કરનારાઓ તથા યુદ્ધ કરનારા પુરૂષો, એ મધ્યમ રાજસી ગતિ જાણવી. ૪૬ ગંધર્વો, ગુહ્યકો, યક્ષ, દેવોના અનુચરો, અપ્સરાઓ, એ સર્વ ઉત્તમ રાજસી ગતિ જાણવી. ૪૭ તપ કરનારાઓ, યતિઓ, બ્રાહ્મણો, વિમાનોમાં બેસી ફરનારાઓ, તથા નક્ષત્રો, અને દૈત્યો એ અધમ સાત્વિક ગતિ જાણવી. ૪૮.

यज्वानऋषयोदेवा वेदा ज्योतींषि वत्सराः । पितरश्चैव साध्याश्च द्वितीयासात्त्विकीगतिः ॥ ४९ ॥ ब्रह्माविश्वसृजोधर्मो महानव्यक्तमेवच। उत्तमांसात्त्विकीमेतां गतिमाहुर्मनीषिणः ॥ ५० ॥ एषसर्वः समुद्दिष्टस्त्रिप्रकारस्य कर्मणः । त्रिविधस्त्रिविधःकृत्स्नःसंसारःसार्वभौतिकः ॥५१॥ इन्द्रियाणां प्रसङ्गेन धर्मस्याऽसेवनेनच । पापान्संयान्ति संसारानविद्वांसोनराधमाः ॥ ५२ ॥

યજ્ઞ કરનારાઓ, રૂષિ લોકો, દેવ, વેદ, તારા, સમયને જાણનારા, પિતરો, અને સાધ્યો, એ દ્વિતીય સાત્વિક ગતિ જાણવી. ૪૯ બ્રહ્મા, વિશ્વને ઉત્પન્ન કરનાર ધર્મ, મહત્તત્વ, અને અવ્યકત્ત (મૂળપ્રકૃતિ) એને વિદ્વાનો ઉત્તમ સાત્વિક ગતિ કહે છે. ૫૦ એ સર્વ ત્રણ ત્રણ પ્રકારના કર્મનો સાવભૌતિક ત્રણ ત્રણ પ્રકારનો સંસાર કહ્યો. ૫૧ ઇંદ્રિયોના પ્રસંગવડે તથા ધર્મનું સેવન ન કરવાથી અજ્ઞાની નરાધમો પાપસંસારને અર્થાત્ ખરાબ ગતિને પામે છે. ૫૨

यां यां योनिं तु जीवोऽयं येन येनेह कर्मणा । क्रमशोयाति लोकेऽस्मिंस्तत्तत्सर्वं निबोधत ॥ ५३ ॥ बहून्वर्षगणान्घोरान्नरका न्प्रा-

प्यतःक्षयात् । संसारान्म तेपद्यन्ते म[illegible]नस्त्विमान् ॥ ५४ ॥ श्वसूकरखरोष्ट्राणां गोजाविमृगपक्षिणाम् । चण्डालपुक्कसानांच ब्रह्महा योनिमृच्छति ॥ ५५ ॥ कृमिकीटपतङ्गानां विड्भुजां चैव पक्षिणाम् । हिंस्रानां चैव सत्त्वानां सुरापोब्राह्मणोव्रजेत् ॥ ५६ ॥

આ સંસારમા જે જે કર્મવડે જીવાત્મા જે જે યોનિયોને પ્રાપ્ત થાય છે, અને ક્રમે કરીને આ લોકમાં આવે છે તે સર્વ તમે જાણો. ૫૩ મહા પાપ (બ્રહ્મહત્યાદિ) કરનારા જીવો ઘણા વર્ષો સુધી ઘોર નરકને પ્રાપ્ત થઇને તે પાપકર્મના ક્ષયને માટે આ સંસારમા જન્મ ધારણ કરે છે. ૫૪ બ્રહ્મહત્યા કરનાર જીવાત્મા કુતરાં, ભુંડ, ગધેડા, ઉંટ, ગાયબળદ, મૃગ, પક્ષી ચંડાલ અને પુક્કસ, એઓની યોનિને પ્રાપ્ત થાય છે. ૫૫ મદ્યપાન કરનાર બ્રાહ્મણ, કૃમી, કીટ પતંગ, વિષ્ઠા ભક્ષણ કરનાર પક્ષિયો અને હિંસા કરનારાં પ્રાણિયોની યોનિને પ્રાપ્ત થાય છે ૫૬.

लूताहिसरटानांच तिरश्चांचाम्बुचारिणाम् । हिंस्राणांचपिशाचानां स्तेनोविप्रःसहस्रशः ॥ ५७ ॥ तृणगुल्मलतानां च क्रव्यादां दंष्ट्रिणामपि । क्रूरकर्मकृतां चैव शतशोगुरुतल्पगः ॥ ५८ ॥ हिंस्राभवन्ति क्रव्यादाः कृमयोऽभक्ष्यभक्षिणः । परस्परादिनः स्तेनाः प्रेत्यान्त्यस्त्रीनिषेविणः ॥ ५९ ॥ संयोगं पतितैर्गत्वा परस्यैव च योषितम् । अपहृत्य च विप्रस्वं भवति ब्रह्मराक्षसः ॥ ६० ॥

ચોરી કરનાર બ્રાહ્મણ કરોળીયા સર્પ, સરડો, પાણિમા રેહેનારાં જંતુઓ, તથા હિંસા કરનારા પિશાચોની યોનિને પ્રાપ્ત થાય છે. ૫૭ ગુરૂપત્ની સાથે ગમન કરનાર પુરૂષ ઘાસ, ગુચ્છ, લતા, કાચુ માંસ ખાનાર વ્યાઘ્રાદિ તથા ક્રૂર કર્મ કરનારાઓની યોનિને હજારો વખત પ્રાપ્ત થાય છે. ૫૮ ચંડાળની સ્ત્રી સાથે ગમન કરનાર પુરૂષ મરણ પામ્યા પછી પ્રાણિયોની હિંસા કરવાના સ્વભાવવાળા તથા કાચું માંસ ખાવાના સ્વભાવવાળા પ્રાણિયોની તેમજ અભક્ષ્યનુ ભક્ષણ કરનારા દુઃખીઓ તથા પરસ્પર ભક્ષણ કરનારા ચોરોની ગતિને પ્રાપ્ત થાય છે. ૫૯ પતિતોની સાથે રહેવાથી તથા પરસ્ત્રી સાથે ગમન કરવાથી તથા બ્રાહ્મણનું દ્રવ્ય હરણ કરવાથી બ્રહ્મરાક્ષસ થાય છે. ૬૦.

मणि काममवालपने हृत्वालोभनम नवः । विविधानिचरत्नानि जायते हेमक ृ्तु ॥ ६१ ॥ धान्यं हृत्वा भवत्याखुः कांस्यं हंस जलं प्लवः । मधु दंशःपयःकाको रसं श्वा नकुलाघृत ॥ ६२ ॥ मांसं गृध्रोवपां मद्गुस्तैलं तैलपकःखगः । चीरीवाकम्तु लवणंवलाका शकुनिर्दधि ॥ ६३ ॥ कौशेयं तित्तिरिर्हृत्वा क्षौमं हृत्वा तु दर्दुरः । कापस तान्तं क्रौञ्चो गोधा गां वाग्गुदागुड ॥ ६४ ॥

મણિ, મોતી, પરવાળાં અને નાના પ્રકારના બીજા રત્નો જે મનુષ્ય લોભવડે ચોરે છે તે હેમકાર નામની પક્ષી વિશેષ જાતિયોમાં જન્મ લે છે. ૬૧ ધાન્યને ચોરનાર ઉંદરનો, કાસાને ચોરનાર હંસની, જલને ચોરનાર દેડકાની, મધને ચોરના મચ્છરની, દૂધને ચોરનાર કાગડાની, રસને ચોરનાર કૂતરાની અને ઘી ચોરનાર નોળીયાની યોનિને પ્રાપ્ત થાય છે. ૬૨ માંસને ચોરનાર ગીધની, ચરબીને ચોરનાર જલકુકડીની, તેલને ચોરનાર તેલ પીનાર પક્ષીની, લવણને ચોરનાર ભમરાની અને દહિં ચોરનાર બગલાની યોનિને પ્રાપ્ત થાય છે. ૬૩ રેશમી વસ્ત્ર ચોરનાર તિત્તિરની, ઉનનું વસ્ત્ર ચોરનાર દેડકાની, સુતરનું વસ્ત્ર ચોરનાર સારસની, ગાયને ચોરનાર પાટલાઘોની અને ગોળ ચોરનાર વાગુદ નામના પક્ષી વિશેષની યોનિને પામે છે. ૬૪

छुच्छुन्दरिःशुभान्गन्धान्पत्रशाकं बर्हिणः । श्वावित्कृतान्नं विविधमकृतान्नं तु शल्यकः ॥ ६५ ॥ बकाभवति हृत्वाग्निं गृहकारीह्युपस्करम् । रक्तानि हृत्वा वासांसि जायते जावजीवकः ॥ ६६ ॥ वृको मृगेभं व्याघ्रोऽश्वं फलमूलं तु मर्कटः । स्त्रीमृक्षःस्तोककी वारि यानान्युष्ट्रः पशूनजः ॥ ६७ ॥ यद्वा तद्वा परद्रव्यमपहृत्य बलान्नरः । अवश्यं याति तिर्यक्त्वं जग्ध्वा चैवाहुतं हविः ॥ ६८ ॥

સારા સુગંધી પદાર્થો ચોરનાર છછુંદરની, શાકપાન ચોરનાર મોરની, નાના પ્રકારના સિદ્ધ અન્નને ચોરનાર ગીદડની અને નહિં સિદ્ધ થયેલાં અન્નને ચોરનાર શલ્યકની યોનિને પ્રાપ્ત થાય છે. ૬૫ અગ્નિનું હરણ કરનાર

બગલાની, ઘરનાં સુપડાં મસાલાદિ ચોરનાર ગૃહકારી માંકડીની, રાતાંવસ્ત્રો હરણ કરનાર ચકોરની યોનિને પ્રાપ્ત થાય છે ૬૬. મૃગ તથા હાથીને ચોરનાર વરૂની, ઘોડાને ચોરનાર વાઘની, ફલમૂલને ચોરનાર વાંનરની, સ્ત્રીને ચોરનાર રીંછની, પીવાનું પાણી ચોરનાર ચાતકની, વાહનો ચોરનાર ઉંટની અને પશુઓને ચોરનાર બકરાંની યોનિને પ્રાપ્ત થાય છે. ૬૭ જેવાં તેવાં પ્રકારનું દ્રવ્ય બલાત્કારથી જે પુરૂષ હરણ કરે, તો તેણે કરીને તથા હોમ કર્યા શિવાયનું હુત દ્રવ્ય ભક્ષણ કરે તો તેણે કરીને અવશ્ય તિર્યક્ યોનિને પ્રાપ્ત થાય છે ૬૮.

स्त्रियोप्येतेन कल्पेन हृत्वा दोषमवाप्नुयुः । एतेषामेव जन्तूनां भार्यात्वमुपयान्ति ताः ॥ ६९ ॥ स्वेभ्यःस्वेभ्यस्तु कर्मभ्यश्च्युतावर्णा ह्यनापदि । पापान्संसृत्य संसारा- न्प्रेष्यतां यान्ति शत्रुषु ॥७०॥ वान्ताश्युल्कामुखःप्रेतो विप्रोधर्मात्स्वकाच्च्युतः । अमेध्यकुणपाशी च क्षत्रियः कटपूतनः ॥ ७१ ॥ मैत्राक्षज्योतिकःप्रेतो वैश्योभवति पूयभुक् । चैलाशकश्च भवति शूद्रोधर्मात्स्वकाच्च्युतः ॥ ७२ ॥

સ્ત્રીયો પણ એ પ્રમાણે ચોરી કરવાથી સવ દોષોને પ્રાપ્ત થાય છે અને તેજ પાપથી તેવાજ જંતુઓની સ્ત્રી બનવું પડે છે. ૬૯ આપત્કાલ વિના પોતપોતાના કર્મથી ભ્રષ્ટ થયેલા ચારે વર્ણો નિંદિત યોનિયોને પ્રાપ્ત કરીને શત્રુઓમા દાસપણાને પ્રાપ્ત થાય છે. ૭૦ પોતાના ધર્મથી ભ્રષ્ટ થયેલો વિપ્ર મરણ પામ્યા પછી વમન કરેલું ભક્ષણ કરનાર જ્વાલામુખ થાય છે, તથા સ્વકર્મ ભ્રષ્ટ ક્ષત્રિય પવિત્ર શબનું તથા વિષ્ઠાનું ભક્ષણ કરનાર કટપૂતન નામની યોનિ વિશેષમાં ઉત્પન્ન થાય છે. ૭૧ સ્વકર્મ ભ્રષ્ટ વૈશ્ય મરણ પામ્યા પછી વરનું ભક્ષણ કરનાર મૈત્રાક્ષજ્યોતિ નામની યોનિ વિશેષમાં ઉત્પન્ન થાય છે તેમજ સ્વકર્મ ભ્રષ્ટ શુદ્ર કપડાંની જુ વિગેરે ભક્ષણ કરનાર ચૈલાશક નામની યોનિ વિશેષમાં ઉત્પન્ન થાય છે. ૭૨

यथा यथानिषेवन्ते विषयान्विषयात्मकाः । तथा तथाकुशलता तेषां तेषूपजायते ॥७३॥ तेऽभ्यासात्कर्मणा तेषां पापानामल्पबुद्धयः । संप्राप्नुवन्ति दुःखानि तासु तास्विह योनिषु ॥७४॥ तामिस्रादि

[illegible] नरके [illegible] । [illegible] संपत्रवनादीनि [illegible] ||७५|| विविधाश्चैव पीडाः काकोलूकैश्च भक्षणम् । करम्भवालुकाता [illegible] भीपाकांश्च दारुणान् ॥ ७६ ॥

વિષયાસકત પુરૂષો જેમ જેમ વિષયોનું સેવન કરે છે તેમ તેમ તેઓની કુશલતા તેમાં થાય છે. ૭૩ અલ્પ બુદ્ધિવાળા મનુષ્યો તે પાપ કર્મોના અભ્યાસથી તેતે યોનિયોમાં આ સંસારમા દુઃખો ભોગવે છે. ૭૪ તામિસ્રાદિ ઉગ્ર નરકોમાં દુ ખ ભોગવે છે તથા બંધનને છેદન કરનારાં અસિપત્ર વનોને ભોગવે છે ૭૫ નાના પ્રકારનાં દુ ખો પડે છે, કાગડાઓ તથા ઘુવડો વડે ભક્ષણ કરાય છે, તપેલી રેતીઓના તાપને તથા દારૂણ કુંભિપાકોનું દુ ખ ભોગવવું પડે છે. ૭૬

संभवांश्चवियोनीषु दुःखप्रायासु नित्यशः । शीतातपाभिघातांश्च विविधानि भयानि च ॥७७॥ असकृद्गर्भवासेषु वासं जन्म च दारुणम् । बन्धनानि च काष्ठानि परप्रेष्यत्वमेव च ॥७८॥ बन्धुप्रियवियोगांश्च संवासं चैव दुर्जनैः । द्रव्यार्जनं च नाशं च मित्रामित्रस्यचार्जनम् ॥७९॥ जरां चैवाप्रतीकारां व्याधिभिश्चोपपीडनम् । क्लेशांश्च विविधां स्तांस्तान्मृत्युमेव च दुर्जयम् ॥ ८० ॥

દુ ખપ્રાય એવી તિર્યક્ યોનિયોમા ઉત્પન્ન થાય છે. તથા શીત અને તાપની પીડા તેમજ નાના પ્રકારના ભયોને પ્રાપ્ત થાય છે. ૭૭ વારંવાર ગર્ભસ્થાનોમા વાસ તથા કઠણ જન્મ પ્રાપ્ત થાય છે તથા ઉત્પન્ન થયા પછી દુઃખકારી સાંકળોના બંધના અને બીજાના દાસ્યત્વનું દુઃખ ભોગવવુ પડે છે. ૭૮ બંધુ અને પ્રિય મનુષ્યોનો વિયોગ તથા દુર્જન માણસો જોડે નિવાસ, ધન કમાવવાનો પરિશ્રમ, ધનનો નાશ, કલેશ વડે મિત્રને મળવું તથા વિનાકારણ શત્રુઓનું ઉત્પન્ન થવું, એ સર્વ દુઃખો પ્રાપ્ત થાય છે ૭૯, નહી દૂર થઈ શકે એવી વૃદ્ધાવસ્થા, નાના પ્રકારના વ્યાધિયો વડે પીડા પામવી, નાના પ્રકારના ક્ષુધાતૃષા વિગેરે કલેશો તથા દુર્જય મૃત્યુ એટલાને પ્રાપ્ત થાય છે ૮૦

याद न तु भावेन [illegible] निषेवते । तादृशेन शरीरेण तत्फल[illegible]पाश्नुते ॥८१॥ एष सर्वःसमुद्दिष्टः कर्मणां च फलोदयः । नैश्रेयसकरं कर्म विप्रस्येदं निबोधत ॥८२॥ वेदाभ्यासस्तपोज्ञानमिन्द्रियाणां च संयमः । अहिंसा गुरुसेवा च निश्रेयसकरंपरम् ॥८३॥ सर्वेषामपि चैतेषां शुभानामिह कर्मणाम् । किंचच्छ्रेयस्करतरं कर्मोक्तं पुरुषं प्रति ॥ ८४ ॥

જેવા જેવા ભાવથી જે જે કર્મ મનુષ્ય કરે છે તેવા તેવાં શરીર વડે તે કર્મનું ફલ ભોગવે છે. ૮૧ એ પ્રમાણે કર્મોનો સર્વ ફલોદય તમને કહ્યો, હવે બ્રાહ્મણનું કલ્યાણ કરનારૂં કર્મ કહું છું તે સાંભળો. ૮૨ વેદનો અભ્યાસ, તપ, જ્ઞાન, ઇંદ્રિયોનો સંયમ, અહિંસા, ગુરૂની સેવા, એટલાં કર્મ પરમ કલ્યાણ કરનારાં જાણવા. ૮૩ એ સર્વ શુભ કર્મોમાં આ ઠેકાણે કાંઇક અધિક કલ્યાણ કરવાવાળું કર્મ પુરૂષને પ્રત્યે કહ્યું છે કે-૮૪

सर्वेषामपि चैतेषामात्मज्ञानं परंस्मृतम् । तद्ध्यग्र्यं सर्वविद्यानां प्राप्यते ह्यमृतं ततः ॥८५॥ षण्णामेषां तु सर्वेषां कर्मणां प्रेत्य चेह च । श्रेयस्करतरं ज्ञेयं सर्वदा कर्म वैदिकम् ॥ ८६ ॥ वैदिके कर्मयोगे तु सर्वाण्येतान्यशेषतः । अन्तर्भवन्ति क्रमश स्तस्मिंस्तस्मिन्क्रियाविधौ ॥८७॥ सुखाभ्युदयिकं चैव नैश्रेयसिकमेव च । प्रवृत्तं च निवृत्तं च द्विविधं कर्म वैदिकम् ॥ ८८ ॥

એ સર્વ કર્મોમાં આત્મજ્ઞાન રૂપ કર્મ ઘણુંજ શ્રેષ્ઠ છે, સર્વ વિદ્યાઓમાં પણ શ્રેષ્ઠ છે અને તે આત્મજ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. ૮૫ એ ઉપર જણાવેલાં સર્વ છ કર્મમાં અહિંયાં તથા પરલોકમાં વૈદિક કર્મ હંમેશાં અતિશય કલ્યાણ કરનારૂં છે. ૮૬ વૈદિક કર્મ યોગમાં તેને ક્રિયાના વિધિમાં ક્રમે કરીને તે સર્વ કર્મો અંતર્ગત થાયછે. ૮૭ ઉદય કરનાર તથા મોક્ષ આપનાર એવા બે પ્રકારનાં કર્મમાં એક પ્રવૃત્ત અને બીજું નિવૃત્ત એમ બે પ્રકારનું વૈદિક કર્મ જાણવું. ૮૮

इह चामुत्र वा काम्यं प्रवृत्तं कर्म कीर्त्यते । निष्कामं ज्ञानपूर्वं तु निवृत्तमुपदिश्यते ॥८९॥ प्रवृत्तं कर्म संसेव्य देवानामेति साम्यताम् । निवृत्तं सेवमानस्तु भूतान्यत्येति पञ्च वै ॥९०॥ सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चात्मनि । समं पश्यन्नात्मयाजी स्वाराज्यमधिगच्छति ॥९१॥ यथोक्तान्यपि कर्माणि परिहाय द्विजोत्तमः । आत्मज्ञाने शमे च स्याद्वेदाभ्यासे च यत्नवान् ॥ ९२ ॥

આ લોકમાં તથા પરલોકમાં સુખ ભોગવવા માટે ઇચ્છાથી જે કર્મ કરવામાં આવે તે પ્રવૃત્ત વૈદિક કર્મ કહેવાય છે અને નિષ્કામ તથા જ્ઞાન પૂર્વક જે કર્મ કરવામાં આવે તે નિવૃત્ત વૈદિક કર્મ કહેવાયં છે. ૮૯ પ્રવૃત્ત કર્મના સેવન વડે દેવોની તુલ્ય થવાય છે અને નિવૃત્ત કર્મને સેવન કરતા પંચ મહાભૂતને ઉલંઘન કરી મુક્ત દશા પ્રાપ્ત થાય છે. ૯૦ સર્વ ભૂત માત્રમા આત્માને અને આત્માને વિષે સર્વ ભૂત માત્રને સમાન જોનાર, આત્મ યજ્ઞ કરનાર પુરૂષ મોક્ષ પ્રાપ્ત કરે છે. ૯૧ બ્રાહ્મણે યથોક્ત કર્મોને પણ છોડીને આત્મ જ્ઞાનમા તથા ઇંદ્રિય નિગ્રહમાં અને વેદાભ્યાસમા પ્રયત્ન કરવો. ૯૨

एतद्धि जन्मसाफल्यं ब्राह्मणस्य विशेषतः । प्राप्यैतत्कृतकृत्योहि द्विजोभवति नान्यथा ॥९३॥ पितृदेवमनुष्याणां वेदश्चक्षुः सनातनम् । अशक्यं चाप्रमेयं च वेदशास्त्रमिति स्थितिः ॥ ९४ ॥ यावेदबाह्याः स्मृतयोयाश्चकाश्चकुदृष्टयः । सर्वास्तानिष्फलाः प्रेत्य तमोनिष्ठाहि ताः स्मृताः ॥९५॥ उत्पद्यन्तेच्यवन्तेच यान्यतोऽन्यानि कानिचित् । तान्यर्वाक्कालिकतया निष्फलान्यनृतानि च ॥ ९६ ॥

બ્રાહ્મણનું વિશેષે કરીને જન્મનું સાફલ્ય એજ છે, કેમકે આત્મજ્ઞાનને પામીને દ્વિજ કૃતકૃત્ય થાય છે; અન્યથા કૃતકૃત્ય થતો નથી. ૯૩ પિતૃ, દેવ અને મનુષ્યોનું વેદ છે તેજ સનાતનનેત્ર છે. એ વેદશાસ્ત્ર સાધારણને પ્રાપ્ત થવાને અશક્ય છે અને તે અપ્રમેય છે. એ પ્રમાણે સ્થિતિ છે. ૯૪ જે વેદ બાહ્યસ્મૃતિયો હોય તે તથાં જે કુદષ્ટિયો હોય તે સર્વ

નિષ્ફળ જાણવી; કેમકે તે અજ્ઞાનરૂપ અંધકારમાં લઇ જનારી છે. ૯૫ વેદથી અન્ય પ્રતિપાદન કરનારા જે ગ્રંથો છે તે ઉત્પન્ન થાય છે તથા નાશ પામે છે; અને તે અર્વાચીનકાલના હોવાથી નિષ્ફલ અને અસત્ય છે. ૯૬

चातुर्वर्ण्यंत्रयोलोकाश्चत्वा आश्रमाः पृथक् । भूतंभव्यंभ वेष्यंच सर्वं वेदात्प्रसिध्यति ॥ ९७ ॥ शब्दः स्पर्शश्च रूपं च रसोगन्धश्च पञ्चमः । वेदादेव प्रसूयन्ते प्रसूतिर्गुणकर्मतः ॥ ९८ ॥ बिभर्ति सर्वभूतानि वेदशास्त्रं सनातनम् । तस्मादेतत्परं मन्ये यज्जन्तोरस्य साधनम् ॥ ९९ ॥ सेनापत्यं च राज्यं च दण्डनेतृत्वमेव च । सर्वलोकाधिपत्यं च वेदशास्त्रविदर्हति ॥ १०० ॥

ચાર વર્ણ, ત્રણલોક, ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ સર્વ વેદથી પ્રસિદ્ધ થાય છે. ૯૭ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ, એ પાચ પણ વેદથીજ ઉત્પન્ન થાય છે યદ્યપિ સત્વાદિ ગુણ તથા ગતિથી ઉત્પન્ન થાય તથાપિ એ સર્વનું યથાર્થ જ્ઞાન વેદથી થાય છે માટે ઉત્પત્તિ કહી છે ૯૮ સનાતન વેદ શાસ્ત્ર સંપૂર્ણ ભૂતોને ધારણ કરે છે અને પોષણ કરે છે તેટલા માટે એ વેદ પ્રાણિયોનું પરમ સાધન માનું છુ. ૯૯ સેનાપત્ય, રાજ્ય, દંડનું નેતાપણું અને સર્વ લોકનું અધિપતિપણું, વેદ શાસ્ત્રને જાણનાર પુરૂષ પામવાને યોગ્ય છે. ૧૦૦

यथा जातबलोवन्हिर्दहत्यार्द्रानपि द्रुमान् । तथा दहति वेदज्ञः कर्मजं दोषमात्मनः ॥१०१॥ वेदशास्त्रार्थतत्त्वज्ञो यत्र तत्राश्रमे वसन् । इहैव लोके तिष्ठन्स ब्रह्मभूयाय कल्पते ॥१०२॥ अज्ञेभ्योग्रन्थिनःश्रेष्ठा ग्रन्थिभ्योधारिणोवराः । धारिभ्योज्ञानिनःश्रेष्ठा ज्ञानिभ्योऽव्यवसायिनः ॥१०३॥ तपोविद्या च विप्रस्य निःश्रेयसकरं परम् । तपसा कल्बिषं हन्ति विद्ययाऽमृतमश्नुते ॥ १०४ ॥

જેવી રીતે સળગીને બલવાન્ થયેલો અગ્નિ લીલાં વૃક્ષોને પણ બાળે છે, તેજ પ્રમાણે વેદ જાણનાર બ્રાહ્મણ પોતાના કર્મવડે ઉત્પન્ન થયેલા દોષોને

જાણે છે. ૧૦૧ વેદ શાસ્ત્રના અર્થના તત્ત્વને જાણનાર કોઇ પણ આશ્રમમાં રેહેતો હોય અને આ લોકમાં રહેતાં છતાં મોક્ષ પ્રાપ્ત કરે છે. ૧૦૨ છેક વેદના અજ્ઞાની કરતાં ગ્રંથમાં જોઇને વેદ ભણનારા પણ શ્રેષ્ઠ હોય છે, અને ગ્રંથ પાઠી કરતાં વેદને કંઠે ધારણ કરનારા એટલે મુખ પાઠ કરનારા શ્રેષ્ઠ છે અને મુખ પાઠી કરતાં વેદના અર્થનું જ્ઞાનવાળા શ્રેષ્ઠ છે, અને કેવળ અર્થ જ્ઞાનીઓ કરતાં તે પ્રમાણે આચરણ કરનાર શ્રેષ્ઠ છે. ૧૦૩ બ્રાહ્મણને તપ અને વિદ્યા એ પરમ કલ્યાણ કરનારાં છે. તપવડે પાપ નાશ પામે છે અને વિદ્યા (જ્ઞાન) વડે મોક્ષ પ્રાપ્ત કરે છે. ૧૦૪.

प्रत्यक्षं चानुमानं च शास्त्रं च विविधागमम् । त्रयं सुविदितंकार्यं धर्मशुद्धिमभीप्सता ॥ १०५ ॥ आर्षं धर्मोपदेशं च वेदशास्त्राऽविरोधिना । यस्तर्केणानुसंधत्ते स धर्मं वेद नेतरः ॥ १०६ ॥ "नैश्रेयसमिदंकर्म यथोदितमशेषतः । मानवस्यास्य शास्त्रस्य रहस्य मु पदिश्यते ॥१०७ ॥ " अनाम्नानेषु धर्मेषु कथं स्यादिति चेद्भवेत् । यं शिष्टा ब्राह्मणा ब्रूयुः स धर्मःस्याद् शङ्कितः ॥ १०८ ॥

ધર્મની શુદ્ધિ ઇચ્છનાર પુરૂષે પ્રત્યક્ષ, અનુમાન અને વિવિધ બોધ આપનારૂં શાસ્ત્ર, ત્રણેને સારી રીતે જાણવાં જોઇએ. ૧૦૫ ઋષિયોએ કહેલા ધર્મના ઉપદેશને વેદશાસ્ત્રથી અવિરોધી એવા તર્કોવડે જે સિદ્ધ કરે છે, તેને ધર્મ જાણવો, બીજો નહિં, ૧૦૬ આ સમગ્ર યથાશાસ્ત્ર કલ્યાણકારિ કર્મ કહ્યું. હવે આ માનવ શાસ્ત્રના રહસ્યનો ઉપદેશ કરાય છે. ૧૦૭ જે કાંઇ સામાન્ય ધર્મો વેદમાં જણાવ્યા ન હોય ત્યાં કેમ થાય? એમ જો હોય તો ત્યા જે ધર્મને શિષ્ટ પુરૂષો કહે તે ધર્મ શંકા રહિત જાણવો. ૧૦૮.

धर्मेणाधिगतोयैस्तु वेदःसपारिबृंहणः । तेशि[illegible] ब्राह्मणा[illegible]याः श्रुतिप्रत्यक्षहेतवः ॥ १०९ ॥ [illegible] वा परिषद्यं धर्मं परिकल्पयेत् । [illegible]वरा वाऽपि [illegible]स्था तं धर्मं न विचालयेत् ॥ ११० ॥ त्रैविद्योहेतुकस्तर्की नैरुक्तोधर्मपाठकः । [illegible]पूर्वे परिषत्स्य[illegible]

॥१११॥ ऋग्वेदविद्यजुर्विच्च सामवेदविदेव च। त्र्यवरा परिषज्ज्ञेया धर्मसंशयनिर्णये ॥ ११२ ॥

જેઓએ ધર્મ યુક્ત થઈ અંગો સાથે વેદનું જ્ઞાન મેળવ્યું હોય તે શ્રુતિને પ્રત્યક્ષ કરવામાં કારણભૂત શિષ્ટ બ્રાહ્મણો જાણવા. ૧૦૯ દશ શ્રેષ્ઠ વિદ્વાનો જે ધર્મને કહે તે અથવા સદાચારી ત્રણ બ્રાહ્મણ પણ જે ધર્મને કહે તે ધર્મને ચલાયમાન કરવો નહિ. ૧૧૦ ત્રણ વેદત્રયને જાણનારા, ચોથા ન્યાય શાસ્ત્રને જાણનાર, પાચમો તર્કને જાણનાર, છઠો નિરૂક્તને જાણનાર, સાતમો ધર્મ શાસ્ત્રને જાણનાર, તથા બ્રહ્મચારી, ગૃહસ્થાશ્રમી અને વાનપ્રસ્થાશ્રમી એ ત્રણ, એટલે એકંદર એ દશ વિદ્વાનોની સભા જાણવી. ૧.૧૧ અથવા ધર્મના સંશયનો નિર્ણય કરવા માટે ઋગ્વેદ, યજુર્વેદ, અને સામવેદ એ ત્રણ વેદને જાણનારા ત્રણની સભા જાણવી. ११२.

एकोऽपि वेदविद्धर्मं यंव्यवस्येद्द्विजोत्तमः। सविज्ञेयःपरोधर्मोनाज्ञानामुदितोऽयुतैः॥११३॥ अव्रतानाममन्त्राणां जातिमात्रोपजीविनाम्। सहस्रशःसमेतानां परिषत्त्वं न विद्यते ॥ ११४ ॥ यं वदन्ति तमोभूता मूर्खाधर्ममतद्विदः। तत्पापं शतधा भूत्वातद्वक्तृननुगच्छति ॥ ११५ ॥ एतद्वोऽभिहितं सर्वं निःश्रेयसकरंपरम्। अस्मादप्रच्युतो विप्रः प्राप्नोति परमां गतिम् ॥ ११६ ॥

વેદને જાણનાર એક બ્રાહ્મણ પણ જે ધર્મને કહે તે પરમ ધર્મ જાણવો પરંતુ દશહજાર અજ્ઞાનીઓ કહે તે ધર્મ ન સમજવો. ૧૧૩ વ્રતરહિત તથા મંત્ર રહિત અને જાતિ માત્ર ઉપર જીવનાર, એવા હજારો એકઠા થયા હોય પણ તેઓની પરિષદ્ નહિ જાણવી ૧૧૪ ધર્મ શાસ્ત્રને નહિ જાણનારા તમોગુણ પ્રધાન મૂર્ખો જે પ્રાયશ્ચિતધર્મને કહે છે તેનું સોગણું પાપ થઈને તે કેહેનારાઓને લાગે છે. ૧૧૫ પરમ કલ્યાણ કરનારૂં સર્વ શાસ્ત્ર તમને કહ્યું; એનાથી ભ્રષ્ટ નહિ થનાર વિપ્ર પરમ ગતિને પામે છે. ૧૧૬

एवं सभगवान्देवो लोकानां हितकाम्यया। धर्मस्य परमं गुह्यं ममेदं सर्वमुक्तवान् ॥ ११७ ॥ सर्वमात्मनि संपश्येत्सच्चासच्च समाहितः। सर्वं ह्यात्मनि संपश्यन्नाधर्मे कुरुते मनः ॥ ११८ ॥ आत्मै

देवताःसर्वाः सर्वमात्मन्यवस्थितम् । आत्माहिजनयत्येषां कर्मयोगं शरीरिणाम् ॥ ११९ ॥ खंसनिवेशयेत्खेषु चेष्टनस्पर्शनेऽनिलम् । पक्तिदृष्ट्योः परं तेजः स्नेहेऽपोगां च मूर्तिषु ॥ १२० ॥

એ પ્રમાણે તે ભગવાન્ મનુદેવે લોકના હિતની ઇચ્છા માટે ધર્મનું સર્વ પરમ રહસ્ય મને કહ્યું. ૧૧૭ સત્ અને અસત્ એ સર્વને સાવધાન ચિત્તવડે આત્મામા જોવું. અને એ પ્રમાણે આત્મામાં જોનાર પુરૂષ અધર્મમા મન લાવતો નથી. ૧૧૮ આત્મા છે તેજ સંપૂર્ણ દેવતા છે, સર્વ આત્મામાંજ અવસ્થિત છે. અને આ સર્વ શરીર ધારીઓના કર્મ યોગને આત્મા ઉત્પન્ન કરે છે. ૧૧૯ આકાશને આકાશમા નિવિષ્ટ કરવો,, જઠરાગ્નિ અને દૃષ્ટિમા નિવિષ્ટ કરવું, સ્નેહમાં જલ અને મૂર્તિઓ (શરીરો)મા પૃથ્વી નો સંનિવેશ કરવો ૧૨૦

मनसीन्दु दिशः श्रोत्रे क्रान्तेविष्णुं बलेहरम् । वाच्यग्निं मित्रमुत्सर्गे प्रजने च प्रजापतिम् ॥१२१॥ प्रशासितारं सर्वेषामणीयांसमणोरपि । रुक्माभं स्वप्नधीगम्यं विद्यात्तं पुरुषं परम् ॥१२२॥ एतमेके वदन्त्यग्निं मनुमन्ये प्रजापतिम् । इन्द्रमेके परे प्राणमपरे ब्रह्म शाश्वतम् ॥१२३॥ एष सर्वाणि भूतानि पञ्चभिर्व्याप्य मूर्तिभिः । जन्मवृद्धिक्षयैर्नित्यं संसारयति चक्रवत् ॥ १२४ ॥

ચંદ્રને મનમા, કાનમા દિશાઓનો. ગતિમા વિષ્નુનો, બલમાં હરનો, વાણીમાં અગ્નિનો, ગુદામા મિત્રનો અને લિંગમા પ્રજાપતિનો સંનિવેશ કરવો. (અર્થાત્ એવી રીતે દરેકનો નિગ્રહ કરીને ધ્યાન કરવું). ૧૨૧ સર્વનો નિયન્તા, અણુ કરતા પણ અણુ, સુવર્ણ જેવી કાન્તિવાળો અને સ્વપ્નવત્ બુદ્ધિગમ્યને પરમ પુરૂષ જાણવો જોઇયે. ૧૨૨ કટલાએક તે પરમાત્માને અગ્નિ કહે છે, કેટલા એક મનુ કહે છે, કેટલાએક પ્રજાપતિ કહે છે, કેટલાએક ઇંદ્ર કહે છે, કેટલાએક પ્રાણ, અને કોઇ શાશ્વત બ્રહ્મ કહે છે. ૧૨૩ એ આત્મા સર્વ પ્રાણિયોને પાચ મહા ભૂતોવડે વ્યાપ્ત કરાવીને હમેશા જન્મ, વૃદ્ધિ અને ક્ષયવડે કરીને ચક્રની પેઠે ગતિ કરાવે છે. ૧૨૪

एवं यः सर्वभूतेषु पश्यत्यात्मानमात्मना । स सर्वसमतामेत्य ब्रह्मा भ्येति परं पदम् ॥१२५॥ इत्येतन्मानवंशास्त्रं भृगुप्रोक्तंपठन्द्विजः । भवत्याचारवान्नित्यं यथेष्टांप्राप्नुयाद्गतिम् ॥ १२६ ॥

એ પ્રમાણે જે પુરૂષ આત્માવડે પરમાત્માને જુવે છે તે સર્વત્ર સમ દૃષ્ટિ થાય છે અને તે પરમપદ–બ્રહ્મને પામે છે. ૧૨૫ " આ પ્રમાણે ભૃગુએ કહેલું આ માનવ શાસ્ત્રને જે દ્વિજ ભણે છે તે હમેશાં સદાચારી થાય છે તથાતે યથેષ્ટ ગતિને પામે છે." [આ શ્લોકગ્રંથ સંપાદક તરફના છે એમ એના માહાત્મ્ય કથનથી સ્પષ્ટ જણાય છે.] ૧૨૬

इति मानवे धर्मशास्त्रे द्वादशोऽध्यायः ॥ १२ ॥

ઇતિ મનુસ્મૃતિ ગુજરાતી સરલ ટીકાનો બારમો અધ્યાય

સમાપ્ત.